સંપાદકીય

મુંબઈના ગ્રાહકો માટે ખાસ સગવડ

મુંબઈ શહેર અને પરાં વિસ્તારમા ઠીક ઠીક પ્રમાણમા હેન્ડ ડિલીવરી માટે સેવાભાવી ભાઈઓ સહકાર આપી રહ્યા છે. તેમ છતા, મુંબાઈ શહેરની વિશાળતા અને વિશિષ્ટતાને ધ્યાનમા લઈને, અમે એવી યોજના ઘડી છે કે, જે ગ્રાહકો માત્ર પોતાના જ ગ્રાહકોને આખા વર્ષ સુધી હાથોહાથ અંક આપી શકે તેમ હોય તેમને તેવી સગવડ આપી શકાશે. તેમના તમામ ગ્રાહકોને ન પહોચાડી શકાય તો, જેટલાને પહોચાડી શકાય તેટલા પૂરતી પણ એ વ્યવસ્થા થઈ શકશે. અલબત્ત વિશેષાક માટે તો મુંબાઈ શહેર અને પરા વિસ્તારના પોતાના ગ્રા.ને જે–તે એજન્ટે જ અંકો પહોંચાડવાના હોય છે. તે પછીના અંકો માટે આ યોજના અમલી બની શકશે. ઘેર બેઠાં પોસ્ટ પારસલ દ્વારા અંકો મળે એવું પણ ગોઠવી શકાશે મુંબાઈની બ્રાન્ચ ઓફિસેથી ડિલીવરી આપવાનુ પણ અનુકૂળ બનશે

'પુનિત પાથેય' અંગે સ્પષ્ટતા

જે ગ્રાહકો જે એજન્ટ દ્વારા ગ્રા. બન્યા હોય ત્યાથી જ, સામાન્યત, 'પુનિત પાથેય'ની પુસ્તિકા ભેટ મળે છે. આપને ન મળી હોય તો મેળવી લેશો. મ. ઓ દ્વારા લવાજમ ભરનાર ગ્રાહકે પોસ્ટેજના ૧૦ પૈસા મોકલવા જરૂરી છે

સૌરાષ્ટ્રવાસી ગ્રાહકોને

કોણ જાણે કેમ, પણ સૌરાષ્ટ્રવાસી સમાજમા હજી જોઈએ તેટલો આવકાર જ૦ક૦ને સાપડયો નથી. તેનુ એક મુખ્ય કારણ એ છે કે, જરૂરી સંખ્યામા સેવાભાવી એજન્ટોનો ત્યા અભાવ છે. તેથી, અમારી એવી ભાવના છે કે, સૌરાષ્ટ્રનુ એકેય મોટુ કેન્દ્ર પૂરતા એજન્ટ વિનાનુ ન હોવું જોઈએ. પ્રભુની પ્રેરણા થાય તો, પ્રભુના આ કાર્યમા આપ પણ જોડાઈ જશો.

દરેક ગ્રા. એક નવો ગ્રા. વધારે

રોજેરોજ વધતી જતી મોંઘવારીનો મુકાબલો સફળતાપૂર્વક કરી શકાય તે માટે, નવા ગ્રાહકો વધારવા અનિવાર્ય છે કેમકે, તેમ કરવાથી ઉત્પાદનખર્ચ ઘટાડી શકાય છે. માટે દરેક ગ્રાહકને ભારપૂર્વક ભલામણ કરીએ છીએ કે તમારા મિત્રો, સ્વજનો ને સંબંધીઓમાથી, વધુ ન બને તો, છેવટે એકાદ નવો ગ્રા તો અચૂક વધારી આપો જ આપો.

સંસ્થાના એજન્ટ બનો

હાલ આશરે ૫૦૦૦ પ્રતિનિધિઓ સંસ્થાને સ્વેચ્છાએ સેવા સમર્પે છે. આપના હૈયામા રામ વસે તો, આપ પણ રામના આ કાર્યમા ઉલટભેર જોડાઈ જાઓ અને સેવાભાવી પ્રતિનિધિ તરીકે સહકારનો હાથ લંબાવો. સારા વિચારોવાળા સમાજના ઘડતરમા યથાશક્તિ ફાળો આપવો (અલબત્ત તનમનથી જ, ધનની જરૂર નથી) એ પણ જીવનનો લ્હાવો છે.

આજીવન ગ્રાહક બનો

કેટલાક ગ્રાહકોના આગ્રહને માન આપીને આજીવન ગ્રાહક (લાઈફ મેમ્બર)ની યોજના છેલ્લા કેટલાક સમયથી અમલમા મૂકેલી છે તે મુજબ, ભારતમા રૂા ૧૨૫ અને વિદેશમા રૂા ૩૦૧ ભરીને સભ્ય બની શકાય છે આજીવન ગ્રાહકને વિશેષ લાભ એ થાય છે કે, કોઈ પણ કિંમતે ન મળતા સંત 'પુનિત'ના પુસ્તકો (નવધા ભક્તિ)ના પ્રગટ થનાર તમામ ભાગો ભેટ મળશે.

મ. ઓ ને બદલે બેંક દ્વારા એમ. ટી કરો

દેના બેંક, બેંક ઓફ ઇન્ડિયા, બેંક ઓફ બરોડા અને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની ભારતભરની તમામ શાખાઓમા, જનકલ્યાણ કાર્યાલયના ખાતામા, તેમની મણિનગર શાખાઓમા, વિના કમિશને રકમ સ્વીકારાય એવી ગોઠવણ થઈ ગયેલી છે માટે તમારા ગામમાં તે બેંક પૈકી ગમે તે એકની શાખા હોય તો તમે તેનો લાભ લઈ સંસ્થાને રકમ મોકલી શકો છો તેમ છતા, ઉપરોક્ત કોઈ પણ બેંકની કોઈ પણ શાખા કમીશન માગે તો અમને જાણ કરવાથી જરૂરી કાર્યવાહી કરી શકાશે. એમ. ટી કરનાર એજન્ટને વિનંતિ છે કે, સંસ્થાને ચોપડે

તમારું જે નામ ચાલતું હોય તે નામે જ કરવી અને એમ. ઓ. કર્યાની વિગતો અમને લખી મોકલવી. મ. ઓ.ના દર વધી ગયા હોવાથી, આ યોજનાનો અમલ કરવા ખાસ આગ્રહ છે.

રેલ્વે પારસલ સ્કીમ

રેલ્વે સ્ટેશનની સગવડવાળા જે ગામોમા એજંટો આવેલા છે તે ગામોના તથા આસપાસનાં ગામોના ગ્રાહકોને ગયા વર્ષથી રેલ્વે રસ્તે અંકો મોકલાય છે અને ગ્રાહકોને ઘેર બેઠા હાથોહાથ પહોચાડાય છે. આ કાર્યમા ગયે વર્ષે સહકાર આપેલો છે તે તમામ ભાઈઓ નવા વર્ષ માટે પણ પોતાનો સહકાર ચાલુ રાખે એવો આગ્રહ છે

પોસ્ટ પારસલ સ્કીમ

આ વર્ષે એક બીજી નવી માલિક યોજના એ ઘડી છે કે, રેલ્વે સ્ટેશનની સગવડવિહોણા ગામોના એજંટોને પોસ્ટ પારસલ દ્વારા, ઘેર બેઠા મળે એ રીતે, જે–તે ગામના યા રોજિંદા વ્યવહારવાળા આસપાસના ગામોના અંકો મોકલી આપવા ને તેઓ દ્વારા ગ્રા.ને હાથોહાથ અંક પહોચી જાય. જે ગામોમા સંસ્થાના એજંટ છે ત્યા તો આમા સહકાર મળશે જ, પરંતુ જે ગામોમા એજંટ ન હોય અને પાચ યા તેથી વધુ ગ્રા હોય તેવા ગામોના ઉત્સાહી ગ્રાહકોએ આ સેવાકાર્ય ઉપાડવું જોઈએ.

પુનિત સાહિત્યનો રસાસ્વાદ

જનતા જાણે છે કે, સંત્રલેખનથી જ સંત 'પુનિત'નુ ભજનસાહિત્ય મળી શકે છે. પરંતુ તેનો લાભ લેનારો વર્ગ મર્યાદિત હોવાથી, સિદ્ધાંત સાચવીને, વિશાળ જનતાને તેનો સ્વાદ ચખાડવાના શુભાશયથી પ્રેરાઈને, જ.કના ચાલુ વર્ષના તમામ ગ્રાહકોને 'પુનિત પાથેય' નામની લઘુ પુસ્તિકા ભેટ અપાય છે તે ઉપરાંત, સંત 'પુનિત'ના પદસાહિત્યની અન્ય વાનગીનો પણ લોકસમુદાયને લાભ મળે એ સદ્ભાવનાને કારણે આપના હાથમા છે એ આ વિશેષાકને પ્રત્યેક પાને, ઉપર–નીચે બંને સ્થળે, એમનાં જ કાવ્યોની કંડિકાઓ આપી છે આશા છે, જનતા તેને હૈયાના હેતથી વધાવી લેશે.

હેન્ડડિલીવરીનો સાથ ચાલુ રાખો

ગયે વર્ષે અમદાવાદ, મુંબાઈ, સુરત, વડોદરા, નડિયાદ, ભાવનગર, જામનગર વગેરે મોટા કેન્દ્રોમાં જે ઉત્સાહપૂર્વક સેવાભાવી સજ્જનોએ અંક વહેંચણીની જવાબદારી ઉપાડી લીધી હતી તે જ ભાવનાથી આ વર્ષે પણ કામગીરી ચાલુ રાખે એટલું જ નહિ, વધુ જવાબદારી સ્વીકારવાની તત્પરતા દાખવે.

હેન્ડડિલીવરીવાળાં કેન્દ્રોના ગ્રાહકોને

જે ગામો યા શહેરોમા હેન્ડડિલીવરી દ્વારા અંકો વહેચાય છે એવાં કેન્દ્રોના ગ્રાહકોને ગ્રા. નં. આપવાની પ્રથા બંધ કરી છે, કેમકે, હવે તેની જરૂર જણાતી નથી. તેવી જ રીતે, પોસ્ટ પારસલ દ્વારા રવાના થનાર કેન્દ્રોના ગ્રાના ગ્રા. નં. પણ નહિ અપાય જે લોકોને માત્ર ટપાલ દ્વારા જ અંકો મળશે તે લોકોના રેપર ઉપર જ ગ્રા. નં. લખાશે વ્યવહારની દૃષ્ટિએ આ ક્રાન્તિકારી સુધારો અમલમા મૂક્યો છે જો કે, આમ કરવાથી ગ્રા.ને કંઈ જ અગવડ નહિ પડે હેન્ડડિલીવરીવાળા કેન્દ્રોના ગ્રાહકોને અંકો ન મળતા હોય,ભૂલથી મોડા મળતા હોય, સારી હાલતમા ન મળતા હોય, બીજે સ્થળે અપાઈ જતા હોય યા બે મહિનાના ભેગા મળતા હોય એવી જે કંઈ તકલીફ પડતી હોય એ અંગે અમારુ ધ્યાન દોરવાથી લાગતાવળગતાને ઘટતી સૂચનાઓ અપાઈ જશે વધારામા ગ્રા ને વિનંતિ છે કે, સેવાભાવે હેન્ડડિલીવરી કરનાર સજ્જનોને તમે પણ અંકવહેંચણીમા બનતો સાથ આપશો. તમારા લત્તામા, મર્યાદિત પ્રમાણમા, તમે પણ ઉપ-

માર્ચનો અંક બંધ રહેશે

વિશેષાકની રવાનગીમા એટલો બધો સમય ખર્ચાઈ જાય છે કે, માર્ચનો અંક સમયસર રવાના કરવાનું લગભગ અશક્ય બની જાય છે આ અનુભૂત હકીકતને અનુલક્ષીને એવુ નક્કી કર્યું છે કે, માર્ચનો અંક બંધ રહેશે તેને બદલે, માર્ચ અને એપ્રિલનો સંયુક્ત અંક એપ્રિલ માસની ૨૦મી તારીખે, બમણા કદમા, પ્રગટ કરાશે. આ મહત્ત્વની હકીકતની નોંધ લેવા સૌકોઈને વિનંતિ છે.

'જનકલ્યાણ'ની નવરચના

સામાન્યતઃ એવી સર્વાનુમતિ પ્રવર્તે છે કે, જ૦ક૦માં પિરસાતું સાહિત્ય પ્રેરક ને રુચિકર હોય છે. આ અભિપ્રાય સાચો હોવા છતાં, અમને લાગે છે કે, હજી તેમા ઠીક ઠીક સુધારાવધારાને અવકાશ રહેલો છે. આ પત્રને વધુ આકર્ષક ને પ્રેરણાવંતું બનાવવા માટે અમે નવા વર્ષે કેટલાક મહત્ત્વના ફેરફારો કરવાનુ ઉચિત માન્યું છે. વળી, આ પત્રને વધુ સુઘડ ને સુરુચિપૂર્ણ બનાવવા અંગેની સક્રિય વિચારણા પણ ચાલી રહી છે. આ સંસ્થાના વિકાસમા સવિશેષ રસ ધરાવનાર દરેક ગ્રાહક, વાચક કે ચાહકને અમારું જાહેર આમંત્રણ છે કે, આ પત્ર વધુ સારી લોકસેવા કરવા શકિતમાન બને તેવાં અનેકવિધ લોકહિતકારી, અનુભવપૂર્ણ, અભ્યાસયુક્ત સૂચનો જરૂર લખી મોકલે. આર્થિક રીતે શકચ હશે ને જ૦ક૦ના ધ્યેયને અનુરૂપ હશે તો તેનો અમલ કરવા અમે ઉત્સુક છીએ. ગ્રા૦ સંખ્યા વધારવાનું લક્ષ્યાંક પ્રભુકૃપાથી હાંસલ થઈ ચૂકયુ છે. હવે પત્રની ગુણવત્તા વધારવા ઉત્સુક છીએ.

હાલ જ૦ક૦મા જે સાહિત્યસામગ્રી પીરસાય છે તે અંગે આપના મુકત અભિપ્રાયને પણ અમે આવકારીએ છીએ. જ૦ક૦માં શી શી ખૂબીઓ દૃષ્ટિગોચર થાય છે તેમા અમને ઝાઝો રસ નથી, પરંતુ તેમા શી શી ખામીઓ રહેલી છે એ સમજીને તેને દૂર કરવામા અમને વધુ રસ છે. જ. ક.ને વધુ નયનરમ્ય ને હૃદયગમ્ય જોવા ઇચ્છનાર દરેક સજ્જનોને આ સત્કાર્યમાં સાથીદાર બનવા અપીલ છે.

યોગી થઈ શકો છો એ ન ભૂલશો. સમયની અનુકૂળતા હોય તેમણે એવું પણ વિચારવુ જોઈએ કે, આ ભાઈઓ સંસ્થાને જે સેવા સમર્પે છે તેમ હું પણ કેમ ન આપી શકુ ? યાદ રાખશો કે, તનની સેવા ધનની સેવા કરતાં ચઢિયાતી છે આ કામમાં ગાંઠનો એકેય પૈસો તમારે ગુમાવવો નહિ પડે અને લોકસેવાનો લાખેણો લ્હાવો મળશે

વિશેષાંક મોડો મળે તો ધીરજ ધરજો

વિશેષાંક પાકા પૂંઠાનો હોવાથી, દરરોજ મર્યાદિત સંખ્યામા જ તેનુ બાઈન્ડીંગ કરી શકાય છે. તેથી, સ્વાભાવિક રીતે જ, દરેકને એક સાથે રવાના ન કરી શકાય મુંબાઈ, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, નડિયાદ, ભાવનગર, જામનગર, આણંદ, નવસારી વગેરે મોટા કેન્દ્રોને પહેલા મોકલાશે તે પછી, અનુક્રમે, ૧૦૦૦ થી ઓછા ગ્રા વાળા કેન્દ્રોને રવાના કરાશે. ટ્રાન્સપોર્ટ દ્વારા મોટા કેન્દ્રોને, રેલ્વે દ્વારા મધ્યમ કેન્દ્રોને તથા પોસ્ટ પાર્સલ દ્વારા લઘુ કેન્દ્રોને રવાના થશે. ગ્રાહકને બારોબાર પોસ્ટ કરવામા વધુ વિલંબ થવા સંભવ છે.

અર્થસહાય યોજનામા ભાગ લેનાર સજ્જનોને

સંસ્થાને ખર્ચમા સહાયરૂપ થવાની શુભેચ્છાથી જે ભાઈઓ ૧૯૭૦ના વર્ષમા, જે માસથી શરૂ કરે ત માસથી ૧૨ અંક સુધી, નાના કેન્દ્રોમા ૫૦ થી વધુ અને મોટા કેન્દ્રોમા ૧૨૫ થી વધુ ગ્રાહકોને અંક પહોંચાડશે તેમને ડોંગરેજીનુ મોટુ ભાગવત અથવા સંત 'પુનિત' રચિત 'નવધાભકિત' પુસ્તકોના ભાગ ૧ થી ૫ નો આખો સેટ ભેટ મળશે. ગયે વર્ષે જેમને ભાગવત મળી ગયું હશે તેમને આ વર્ષે, કદરના પ્રતીકરૂપે, 'નવધાભકિત'નો સેટ મળશે.

જૂના એજંટ મનદુઃખ ન અનુભવે

હેન્ડડિલિવરી સ્કીમના અનિવાર્ય પરિણામરૂપે, અંકવહેંચણીની સાથોસાથ લવાજમ વસૂલ લેવાની કામગીરી પણ તેઓ ઉમંગભેર બજાવે છે. આનુ એક પરિણામ એ આવ્યું છે કે જૂના એજંટો દ્વારા નોંધાયેલા જૂના ગ્રાહકો પૈકી કેટલાક આ વર્ષે હેન્ડડિલિવરી આપનાર એજંટ દ્વારા ગ્રા૦ બનશે. આ સંજોગોમા, જૂના એજંટોએ માઠુ ન લગાડવું જોઈએ બધી જ નદીઓ આખરે જેમ સાગરમાં ઠલવાય છે તમ, બધા જ ગ્રા. અંતે તો સંસ્થામા જ સમાવાના છે ધંધાદારી હેતુમા આર્થિક નુકસાન થાય તો મનદુઃખ થાય એ સમજી શકાય, પરંતુ સેવાલાવી કામગીરીમા તો ઊલટુ નવા આવનારાઓને ઉત્તેજન આપવું જોઈએ સંસ્થાનો સંદેશો વધુમા વધુ લોકો સુધી પહોંચાડવામા જે જે સહકાર આપે તેમને આવકારવા જોઈએ

'સ્નેહનો સોદો' ભૂલશો નહિ

જે કેન્દ્રોમા હાલ હેન્ડ ડિલીવરી દ્વારા અંકો વહેંચાડાતા નથી તેવા કેન્દ્રોના એજંટોએ યા ગ્રાહકોએ વધુ રસ લઈને તેમા સાથ આપવો જોઈએ.

બોધલાચી બાટી

'હાલો, બાપ ! હાલો. મેહુલિયો તો મન મેલીને આખી રાત વરસ્યો છે '

મહારાષ્ટ્રના ધામણગાવના એકેએક ખેડૂત હળ જોડીને વહેલી સવારે બળદોના ઘૂઘરા રણઝણાવતા નીકળી પડ્યા હતા મેઘરાજાની મહેર થતા આખુ ગામ આનદવિભોર થઈ ગયુ હતુ ઘેર ઘેર કસારના આધણ મુકાયા હતા. બળદોને સૂડલો સૂડલો ગોળ, ગવારને ગોતુ ખવડાવી, કપાળમા કુમકુમનો ચાલ્લો કરી, સૌ ખેતર બાજુ જઈ રહ્યા હતા માટીની મહેકથી વાતાવરણ મઘમઘી રહ્યુ હતું.

સૌની સાથે મનકોજી પણ ખેતરે જઈ રહ્યા હતા. યુવાન પુત્ર યામાજી બળદોને દોડાવતો આગળ ને આગળ જઈ રહ્યો હતો.

'બેટા યામાજી....ઓ યામાજી...' મનકોજીએ સાદ દીધો

'શું છે પિતાજી !' યામાજીએ રાશ ખેચીને બળદોને ઊભા રાખ્યા.

'તુ ખેતરમા જઈને હળ જોડ. હુ ચદોબાની ડેલીએ આટો દઈને આવુ છુ.'

'અત્યારે ત્યા શુ કામ છે ? બપોરે જજો ને !'



"પુનિત"

'બેટા ! ચદોબાની સ્થિતિ તો તુ જાણે છે ને ! બળદ વિના એની ખેતી રઝળી રહી છે આપણી બળદની બીજી જોડ છે એ એને આપીને હુ આવુ છુ '

'ભલે,' એમ કહીને યામાજીએ તો ખેતર ભણી બળદોને દોડાવ્યા

'વિઠ્ઠલ...વિઠ્ઠલ' કરતા મનકોજી ભગત ચદોબાની ડેલીએ આવ્યા.

ચદોબાને નિરાશ વદને બેઠેલો જોતા જ ભગતે કહ્યું· 'ચંદોબા ! જય વિઠ્ઠલ'

'જય વિઠ્ઠલ. ભગત ! જય વિઠ્ઠલ'

'ચંદોબા ! મેહુલિયાએ તો રાને ભારે મહેર કરી તમે નિરાશ થઈને કેમ બેઠા છો ? ખેતર ખેડવુ નથી ?' ભગતે માચી પર બેસતા બેસતા પૂછ્યુ

'ભગત ! ખેતર તો ખેડવુ છે, પણ....'

'અરે ચદોબા ! તમે તો એવા ને એવા જ રહ્યા. અનેક વાર કહ્યુ છે કે એવુ કાઈ હોય તો ઘેર આટો ખાઈ જવો. બળદ વિના બેસી રહ્યા છો તો ઊઠતા વેત આવવુ હતુ ને ! હુ ત્યા તમારી રાહ જોતો હતો. જાવ, ઘેર આગણામા જ બળદ બાધ્યા છે ખેતર ખેડીને વાવણી કરી દો. અવસરે વાવશો નહિ તો લણશો શુ ?

ચદોબા મનકોજી ભગતના ભાવસભર શબ્દો સાભળીને ગદ્ગદ થઈ ગયા. આંખમાં સ્નેહાશ્રુ ઊભરાઈ આવ્યા.

ચદોબા બળદ લેવા ભગતના ઘર બાજુ વળ્યા. અને મનકોજી ખેતરે ઊપડયા.

ચદોબાના પગ ભગતના ઘર બાજુ ચાલી રહ્યા છે અને મન ભગત બાજુ વળી રહ્યુ છે. 'આવા ય દિલના દરિયાવ ભગત છે ખરા. આજે અન્ય ખેડૂતોને પોતાના ખેતરનો જ વિચાર આવે છે, જ્યારે ભગતને અન્યનો વિચાર

'જનકલ્યાણ'ની નવરચના

સામાન્યત: એવી સર્વાનુમતિ પ્રવર્તે છે કે, જ૦ક૦માં પિરસાતું સાહિત્ય પ્રેરક ને રુચિકર હોય છે. આ અભિપ્રાય સાચો હોવા છતા, અમને લાગે છે કે, હજી તેમા ઠીક ઠીક સુધારાવધારાને અવકાશ રહેલો છે. આ પત્રને વધુ આકર્ષક ને પ્રેરણાવંતું બનાવવા માટે અમે નવા વર્ષે કેટલાક મહત્ત્વના ફેરફારો કરવાનું ઉચિત માન્યું છે. વળી, આ પત્રને વધુ સુઘડ ને સુરુચિપૂર્ણ બનાવવા અંગેની સક્રિય વિચારણા પણ ચાલી રહી છે. આ સંસ્થાના વિકાસમા સવિશેષ રસ ધરાવનાર દરેક ગ્રાહક, વાચક કે ચાહકને અમારું જાહેર આમંત્રણ છે કે, આ પત્ર વધુ સારી લોકસેવા કરવા શકિતમાન બને તેવાં અનેકવિધ લોકહિતકારી, અનુભવપૂર્ણ, અભ્યાસયુક્ત સૂચનો જરૂર લખી મોકલે. આર્થિક રીતે શકય હશે ને જ૦ક૦ના ધ્યેયને અનુરૂપ હશે તો તેનો અમલ કરવા અમે ઉત્સુક છીએ. ગ્રા૦ સંખ્યા વધારવાનું લક્ષ્યાંક પ્રભુકૃપાથી હાંસલ થઈ ચૂકયુ છે. હવે પત્રની ગુણવત્તા વધારવા ઉત્સુક છીએ.

હાલ જ૦ક૦મા જે સાહિત્યસામગ્રી પીરસાય છે તે અંગે આપના મુકત અભિપ્રાયને પણ અમે આવકારીએ છીએ જ૦ક૦માં શી શી ખૂબીઓ દૃષ્ટિગોચર થાય છે તેમા અમને ઝાઝો રસ નથી, પરંતુ તેમાં શી શી ખામીઓ રહેલી છે એ સમજીને તને દૂર કરવામા અમને વધુ રસ છે. જ. ક.ને વધુ નયનરમ્ય ને હૃદયગમ્ય જોવા ઇચ્છનાર દરેક સજ્જનોને આ સત્કાર્યમાં સાથીદાર બનવા અપીલ છે.

યોગી થઈ શકો છો એ ન ભૂલશો સમયની અનુકૂળતા હોય તેમણે એવુ પણ વિચારવુ જોઈએ કે, આ ભાઈઓ સંસ્થાને જે સેવા સમર્પે છે તેમ હું પણ કેમ ન આપી શકુ ? યાદ રાખશો કે, તનની સેવા ધનની સેવા કરતા ચઢિયાતી છે આ કામમાં ગાઠનો એકેય પાસો તમારે ગુમાવવો નહિ પડે અને લોકસેવાનો લાખેણો લ્હાવો મળશે

વિશેષાંક મોડો મળે તો ધીરજ ધરજો

વિશેષાંક પાકા પૂઠાનો હોવાથી, દરરોજ મર્યાદિત સંખ્યામાં જ તેનુ બાઈન્ડીંગ કરી શકાય છે. તેથી, સ્વાભાવિક રીતે જ, દરેકને એક સાથે રવાના ન કરી શકાય મુંબાઈ, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, નડિયાદ, ભાવનગર, જામનગર, આણંદ, નવસારી વગેરે મોટા કેન્દ્રોને પહેલા મોકલાશે તે પછી, અનુક્રમે, ૧૦૦૦ થી ઓછા ગ્રા વાળા કેન્દ્રોને રવાના કરાશે. ટ્રાન્સપોર્ટ દ્વારા મોટા કન્દ્રોને, રેલ્વે દ્વારા મધ્યમ કેન્દ્રોને તથા પોસ્ટ પારસલ દ્વારા લઘુ કેન્દ્રોને રવાના થશે. ગ્રાહકને બારોબાર પોસ્ટ કરવામા વધુ વિલંબ થવા સંભવ છે.

અંકવહેંચણીમાં ભાગ લેનાર સજ્જનોને

સંસ્થાને ખર્ચમા સહાયરૂપ થવાની શુભેચ્છાથી જે ભાઈઓ ૧૯૭૦ના વર્ષમા, જે માસથી શરૂ કરે તે માસથી ૧૨ અંક સુધી, નાના કેન્દ્રોમા ૫૦ થી વધુ અને મોટા કેન્દ્રોમા ૧૨૫ થી વધુ ગ્રાહકોને અંક પહોચાડશે તેમને ડોંગરેજીનુ મોટુ ભાગવત અથવા સંત 'પુનિત' રચિત 'નવધાભકિત' પુસ્તકોના ભાગ ૧ થી ૫ નો આખો સેટ ભેટ મળશે. ગયે વર્ષે જેમને ભાગવત મળી ગયુ હશે તેમને આ વર્ષે, કદરના પ્રતીકરૂપે, 'નવધાભકિત'નો સેટ મળશે.

જૂના એજંટ મનદુ:ખ ન અનુભવે

હેન્ડડિલિવરી સ્કીમના અનિવાર્ય પરિણામરૂપે, અંકવહેંચણીની સાથોસાથ લવાજમ વસૂલ લેવાની કામગીરી પણ તેઓ ઉમંગભેર બજાવે છે. આનુ એક પરિણામ એ આવ્યું છે કે જૂના એજંટો દ્વારા નોધાયેલા જૂના ગ્રાહકો પૈકી કેટલાક આ વર્ષે હેન્ડડિલિવરી આપનાર એજંટ દ્વારા ગ્રા૦ બનશે. આ સંજોગોમા, જૂના એજંટોએ માઠુ ન લગાડવું જોઈએ બધી જ નદીઓ આખરે જેમ સાગરમા ઠલવાય છે તમ, બધા જ ગ્રા. અંતે તો સંસ્થામા જ સમાવાના છે ધંધાદારી હેતુમા આર્થિક નુકસાન થાય તો મનદુ:ખ થાય એ સમજી શકાય, પરંતુ સેવાભાવી કામગીરીમા તો ઊલટુ નવા આવનારાઓને ઉત્તેજન આપવું જોઈએ સંસ્થાનો સંદેશો વધુમા વધુ લોકો સુધી પહોચાડવામા જે જે સહકાર આપે તેમને આવકારવા જોઈએ

'સ્નેહનો સોદો' ભૂલશો નહિ

જે કેન્દ્રોમા હાલ હેન્ડ ડિલીવરી દ્વારા અંકો વહેંચાડાતા નથી તેવા કેન્દ્રોના એજંટોએ ગ્રા ગ્રાહકોએ વધુ રસ લઈ ને તેમા સાથ આપવો જોઈએ.

બોધલાચી બાટી

‘હાલો, બાપ ! હાલો. મેહુલિયે તો મન મેલીને આખી રાત વરસ્યો છે ’

મહારાષ્ટ્રના ધામણગાવના એકેએક ખેડૂત હળ જોડીને વહેલી સવારે બળદોના ઘૂઘરા રણઝણાવતા નીકળી પડ્યા હતા. મેઘરાજાની મહેર થતા આખુ ગામ આનંદવિભોર થઈ ગયુ હતુ ઘેર ઘેર કંસારના આંધણ મુકાયા હતા. બળદોને સૂડલે સૂડલો ગોળ, ગવારને ગોતુ ખવડાવી, કપાળમા કુમકુમનો ચાંલ્લો કરી, સૌ ખેતર બાજુ જઈ રહ્યા હતા માટીની મહેકથી વાતાવરણ મઘમઘી રહ્યુ હતુ.

સૌની સાથે મનકોજી પણ ખેતરે જઈ રહ્યા હતા યુવાન પુત્ર યામાજી બળદોને દોડાવતો આગળ ને આગળ જઈ રહ્યો હતો.

‘બેટા યામાજી....ઓ યામાજી..’ મનકોજીએ સાદ દીધો

‘શુ છે પિતાજી !’ યામાજીએ રાશ ખેચીને બળદોને ઊભા રાખ્યા.

‘તુ ખેતરમા જઈને હળ જોડ હુ ચંદોબાની ડેલીએ આટો દઈને આવુ છુ. ’

‘અત્યારે ત્યા શુ કામ છે ? બપોરે જજો ને !’

‘બેટા ! ચંદોબાની સ્થિતિ તો તુ જાણે છે ને ! બળદ વિના એની ખેતી રઝળી રહી છે આપણી બળદની બીજી જોડ છે એ એને આપીને હુ આવુ છુ ’

‘ભલે,’ એમ કહીને યામાજીએ તો ખેતર ભણી બળદોને દોડાવ્યા



‘વિઠ્ઠલ...વિઠ્ઠલ’ કરતા મનકોજી ભગત ચંદોબાની ડેલીએ આવ્યા

ચંદોબાને નિરાશ વદને બેઠેલો જોતા જ ભગતે કહ્યું·

‘ચંદોબા ! જય વિઠ્ઠલ.’

‘જય વિઠ્ઠલ.. ભગત ! જય વિઠ્ઠલ ’

‘ચંદોબા ! મેહુલિયાએ તો રાતે ભારે મહેર કરી તમે નિરાશ થઈને કેમ બેઠા છો ? ખેતર ખેડવુ નથી ? ’ ભગતે માચી પર બેસતા બેસતા પૂછ્યુ

‘ભગત ! ખેતર તો ખેડવુ છે, પણ....’

‘અરે ચંદોબા ! તમે તો એવા ને એવા જ રહ્યા. અનેક વાર કહ્યુ છે કે એવુ કાઈ હોય તો ઘેર આટો ખાઈ જવો. બળદ વિના બેસી રહ્યા છો તો ઊઠતા વેત આવવુ હતુ ને ! હુ ત્યા તમારી રાહ જોતો હતો. જાવ, ઘેર આગણામા જ બળદ બાધ્યા છે ખેતર ખેડીને વાવણી કરી દો. અવસરે વાવશો નહિ તો લણશો શુ ?

ચંદોબા મનકોજી ભગતના ભાવસભર શબ્દો સાભળીને ગદ્ગદ થઈ ગયા. આખમાં સ્નેહાશ્રુ ઊભરાઈ આવ્યા.

ચંદોબા બળદ લેવા ભગતના ઘર બાજુ વળ્યા. અને મનકોજી ખેતરે ઊપડયા.

ચંદોબાના પગ ભગતના ઘર બાજુ ચાલી રહ્યા છે અને મન ભગત બાજુ વળી રહ્યુ છે . ‘ આવા ય દિલના હરિભાવ ભગત છે ખરા. આજે અન્ય ખેડૂતોને પોતાના ખેતરનો જ વિચાર આવે છે, જ્યારે ભગતને અન્યનો વિચાર

આવે છે ગામનો કયો ખેડૂત સાધનના અભાવે ખેતર ખેડ્યા વિના બેઠો હશે ? કોની પાસે બળદ નથી, કોની પાસે હળ નથી, કોની પાસે કંઈ ચીજ નથી કોની પાસે બીજ નથી, એની ભગતને ચિંતા વળી ભગતે તો સૌને કહી રાખ્યું છે, કે 'જરૂર પડે ત્યારે મારે ત્યાં દોડ્યા આવજો. જે જે મારું છે એ બધું જ તમારું છે. તમે સુખી તો હું સુખી, તમે દુ:ખી તો હું દુ:ખી.'

(હરિના નામનો હો, એક જ આધાર છે)
દુ:ખી પર-દુ:ખમાં હો, હરિ-ભગત છે,
સુખી પર-સુખમાં હો, હરિ-ભગત છે.
સારાયે જગને માને કુટુંબી,
રાખી લે હૂંફમાં હો, હરિ-ભગત છે. (૨)
'મારું' મિટાવી 'હરિનું' બનાવે,
સમજણ છે ટૂંકમાં હો, હરિ-ભગત છે.. (૩)
આઠે પહોર એને રટણ છે રામનું,
રટણ છે ઊંઘમાં હો, હરિ-ભગત છે. (૪)
'પુનિત' વિરલા જગમાં વસે છે,
માડીની કૂખમાં હો, હરિ-ભગત છે (૫)

ચંદોબા તો ભગતને ઘેરથી બળદની જોડ લઈ ખેતરે ઊપડ્યા અને ખેતર ખેડવા માંડ્યું.

મનકોજી ખેતરે તો ગયા, પણ મન હતું ચંદોબામાં 'ચંદોબા બળદો લઈ આવ્યા હશે કે નહિ ?'

કલાક-બે-કલાક થયા. મામાજી તો ખેતર ખેડવામાં મશગૂલ બની ગયો હતો નાની દીકરી ભાગીરથી બોવલીમાંથી ગાયો માટે ઘાસના પૂળા બાંધી રહી હતી ભગતનું ધ્યાન ભાગીરથી પર પડતાં પૂછ્યું. બેટા ભાગીરથી! ચંદોબા ઘેર આવ્યા'તા ?'

'હા એ તો બળદો લઈને ખેતર બાજુ ઊપડ્યા છે'

હવે ભગતને હાશ થઈ

આખા ધામણગાવમાં મનકોજી ભગતનું ઘર આગળ પડતું હતું નાનું કુટુંબ હતું સહુ સંતોષી હતા જાતે પટેલ હતા ઘેર સારી એવી ખેતી હતી દીકરો યામાજી ખેતીનું મોટા ભાગનું કામ સંભાળતો હતો દીકરી પણ ખેતીના કામમાં સહભાગી બનતી.

પ્રભુની કૃપાથી ઘરની સ્થિતિ પણ સારી હતી. જાડી ખેતી હોવાથી ઘરમાં અન્નના ભંડાર ભર્યા હતા પૈસો પણ પૂરતા પ્રમાણમાં હતો ઘેર સાન તો ગાયો દૂઝતી હતી.

ભગતને માટે સંતોષની વાત તો એ હતી કે ઘરમાં બધા જ સંસ્કારી હતા. અને તેથી જ ભગત આડોશી પાડોશીને મદદરૂપ થઈ પડ્યા ઘરમાં ધન-ધાન્યના ઢગલા હતા, છતાંય ધનનું સહેજ પણ ગુમાન નહોતું.

શરૂઆતમાં મેઘરાજાએ એવી મહેર કરી કે આખી સીમ હરી ઊઠી. નાના નાના છોડવાથી ખેતરો લહેરાવા લાગ્યા. ધીમે ધીમે વરસાદ ખેંચાવા લાગ્યો સૌની મીટ આકાશ ભણી મંડાઈ.

અઠવાડિયું. દશ દિવસ અને પંદર દિવસમાં તો કુમળા છોડ લહેરાવા લાગ્યા. ચારે તરફથી વરસાદની બૂમો પડવા લાગી હાથમાં આવેલો કોળિયો ઝૂંટવાઈ જવાની સૌને ધાસ્તી લાગી

સૌ ખેડૂતો આકાશ ભણી મીટ માંડીને બેઠા હતા કોક કોક વેળાએ તો વાદળો પણ ઘેરાતા હતા. દિવસે નહિ તો રાતે વરસાદ પડશે, એમ સૌ મન મનાવતા હતા રાત પડતાં જ વાદળાઓ વીખરાઈ જતાં અને ટગમગ ટગમગ તારલાઓ ચમકવા લાગતા.

મનકોજી બોધલાજી હાથમાં માળા લઈને ગામને ચોરે બેઠા હતા ગામના અન્ય ખેડૂતો ચિંતાતુર મને આસપાસ બેઠા હતા વિધવા નારીના કોરાધાકોર લલાટ સમા આભને જોઈ સૌ લાખ લાખ મણના નિસાસા નાખતા હતા. મનકોજી ભગત તો ભગવાનની આ લીલાને નિર્લેપભાવે જોતા નામજપ કરી રહ્યા હતા.

'ભગત! આ શું થવા બેઠું છે ?'

'એ તો વિઠ્ઠલ જાણે એ જે કરતો હશે તે સારું જ કરતો હશે'

'અરે! સૌને ભૂખે મરવાનો વારો આવ્યો તોય તમને એમ લાગે છે, કે એ જે કરતો હશે તે સારું કરતો હશે! આ તો કેમ માનવામાં આવે ?'

'ભાઈ! ગમે તેટલા તોય આપણે પામર જીવ. આપણી દૃષ્ટિની મર્યાદા છે ઈશ્વરની દૃષ્ટિ અમર્યાદ છે નાનો છોકરો કોઈ અજુગતું કામ કરીને આવ્યો હોય ત્યારે આપણે તમાચો ખેંચી કાઢીએ છીએ લાકો મારવા પાછળનો આશય એને સુધારવાનો હોય છે, એ હકીકત બાળકને સમજાતી નથી. એમ આ દુકાળ જેવા કુદરતી કોપ આપણી

અંતરની આંખો ઉઘાડવા માટે આવતા હોય છે આપણે સૌએ એટલો વિશ્વાસ રાખવો જોઈએ, કે જે થાય છે અને થઈ રહ્યુ છે એ કાંઈ સારા માટે થતુ હશે !

(પરમકૃપાળુ દીનદયાળુ !....મૂરત નટનાગરની આજે.)

થાય અને જે થઈ રહ્યું છે (૨)
એનું શુભ પરિણામ, બંધુ !
કોઈએ એમા નહિ સમજ્યું છે (૨)
ધરવી હૈયે હામ—બંધુ !
અવળુ જે માનવને દીસે, સંતાયું શુભ એને વિષે,
પડદા હટે તમામ—બંધુ ! એનુ શુભ પરિણામ....

ચારે તરફ દુષ્કાળના ઓળા દેખાય છે. આપણા સૌના હૈયા ફફડી રહ્યા છે. પણ ભવિષ્યમા આનાથી શો લાભ થવાનો હશે, એની મને અને તમને શી ખબર પડે ?

એક વખત ભગવાન એક ભક્તની સાથે સંસારની સફરે નીકળ્યા નીકળતા પહેલા ભકતની સાથે શરત કરી કે હુ જે કાંઈ કરુ એમા તારે ડહાપણ કરવુ નહિ કાર્ય પતી ગયા પછી એનો ખુલાસો કરીશ

ભક્ત અને ભગવાન તો એક નાવમા બેસીને મુસાફરીએ નીકળ્યા. રસ્તામા ભગવાને અદૃશ્ય રીતે વહાણની નીચે બાકોરુ પાડવા માડ્યુ.

ભક્તનુ હૃદય કકળી ઊઠ્યુ. 'પ્રભુ....પ્રભુ ! આ શુ કરો છો ! હમણા વહાણમા બેઠેલા બધા જ મુસાફરો જળમા ડૂબી જશે'.

ભગવાને ઇશારાથી ભક્તને ચૂપ કર્યો. વહાણ ડૂબ્યુ. બે-પાચ ડૂબીને મરી ગયા. મોટા ભાગના લોકો તરીને પાસેના કિનારે પહોચી ગયા

ભક્ત અને ભગવાન એકલા પડ્યા ત્યારે ભક્તને પૂછ્યુ. 'પ્રભુ ! આવી નિર્દયતા આપને છાજે ?'

'વત્સ ! તારી દૃષ્ટિ ટૂકી છે. તને શુ સમજાવુ ? મે કોઈને માર્યા નથી, સૌને ઉગાર્યા છે. અહી પાસે જ એક ક્રૂર લૂટારો રહે છે અહીથી આવતા-જતા વહાણને ઘેરી, સૌને મારી, બધુ જ દ્રવ્ય લૂટી લે છે આથી સૌને ઉગારવા મે વહાણ નીચે બાકોરુ પાડ્યુ બે-પાચ માર્યા ગયા, પણ મોટા ભાગના ઊગરી ગયા કંઈક શુભ કરવા માટે જ હુ અવળુ કરતો હોઉ છુ વચમા કાળનો અભેદ્ય પરદો પડેલો હોવાથી તને સાચી વસ્તુ સમજાતી નથી'

'આપણને સૌને દુઃખ દેખાય છે એનું કારણ એ છે કે—
માનવ વર્તમાનને જોતો, ત્રણેય કાળને હરિ જોતો;
નામ, ધામ ને ઠામ—બંધુ ! એનું શુભ પરિણામ.
સુખ-દુઃખ જે જીવનમાં આવે,
એનાથી તો ઘડતર થાવે;
જીવન છે સંગ્રામ—બંધુ....એનું શુભ પરિણામ૦

જીવનનું સાચુ ઘડતર દુઃખથી થાય છે દુઃખ નથી તો જીવનનુ ઘડતર નથી. વરસાદને આપણે સુખ ગણીએ છીએ. માથુ ફાડી નાખે એવા તાપને આપણે દુઃખ ગણીએ છીએ પરંતુ ખેતરને હારયાળા બનાવવા માટે જેમ વરસાદની જરૂર છે, તેમ તાપની પણ જરૂર છે. એકલો વરસાદ પડ પડ કરે તોય પાક નાશ પામે એકલો તાપ પડ્યા કરે તોય નાશ પામે. વરસાદ અને તાપ બન્ને હોય તો જ જીવન સુંદર બને. જૂના ઘરોના છાપરાના નળિયાનું નિરીક્ષણ કરજો એક ઊંધુ હશે ને બીજુ સીધુ હશે એકલુ ઊંધુ ય ન ચાલે ને એકલુ સીધુ ય ન નભે બને ઊંધા કે સીધાં હોય તોય નકામા એક ઊંધુ ને બીજુ સીધુ હોય તો જ વરસાદનું પાણી ઘરમા ન પ્રવેશે. બે-પાચ વરસ સુધી સુકાળ પડ્યા હોય તો એક વરસ દુષ્કાળ પણ પડે. સૌ આરામ ઇચ્છે છે એમ ધરતી પણ આરામ ઇચ્છે છે. આવા દુષ્કાળના સમયમા ધરતીને પૂરતો આરામ મળે છે. થોડો સમય આરામ કર્યા પછી માનવ કામ કરવા મંડે તો કેવુ સુંદર કામ થાય છે ! તમને સૌને અનુભવ તો છે જ દુષ્કાળના વરસ પછી સુકાળનું વરસ આવે છે ત્યારે અન્નના ઢગલે-ઢગલા પાકે છે કે નહિ ? એમ માનીને મન મનાવો કે આ વરસે ધરતી આરામ પર ઊતરી છે ધરતીમૈયા આવતી સાલ બમણું આપશે !

'અને....આપણે લાખ ચિંતા કરીશુ તો શું દુષ્કાળ સુકાળમા ફેરવાઈ જશે ? ઈશ્વરની લીલાને નિર્લેપભાવે જોવામા જ જીવનનો આનંદ છે.'

'પુનિત' પ્રભુને સોપી દેવું, એ ઇચ્છાને વહેણે વહેવું;
મળશે દિલ આરામ બંધુ ! એનુ શુભ પરિણામ....

મનકોજીની જ્ઞાનભરી વાત કોકને રુચી, કોકને ન પણ રુચી સૌ દુષ્કાળની વાતો કરતા કરતા વીખરાઈ ગયા. ભગત પણ 'વિઠ્ઠલ વિઠ્ઠલ'નુ સ્મરણ કરતા ઘરને પંથે પડ્યા.

બીજા પંદર દિવસમા તો દુષ્કાળ વધુ ઘેરો બન્યો,

લીલા લીલા છોડવાથી લહેરાતા ખેતરો સૂકા ભઠ્ઠ જેવા થઈ ગયા. નદી અને તળાવમાં પાણી સુકાયા. કૂવાના પાણી ઊંડા ગયા.

ગામમા પૈસેટકે પહોચતા માણસોને તો કોઈ વાતની ચિંતા ન હતી. એમના અન્નના કોઠારો ફાટ ફાટ થતા હતા સામાન્ય ખેડૂતોની કોઠીમા ચાર – છ મહિના ચાલે એટલો દાણોપાણી હતા પણ મરો હતો ગરીબ માનવીઓનો. ખેતરોમા મજૂરીએ જનારા મેકડો ગરીબો અન્ન માટે ટળવળવા લાગ્યા ખેતી સુકાતા મજૂરોને પણ કોણ રાખે ?

એક દિવસ મનકોજી ગામમાથી નીકળ્યા. ગરીબોની દુર્દશા જોઈને એમનુ અંતર કકળી ઊઠ્યુ ગરીબોના નાના નાના ગભરુ બાળકો ટુકડા રોટલા માટે ઘેર ઘેર ભટકતા હતા કોક એમને હડધૂત કરતા હતા. કોક દેખવું નહિ ને દાઝવુ નહિ એમ કરી ઘરના કમાડ બંધ કરી અંદર બેસી રહેતા હતા કેટલાક ગરીબો પેટની આગ બુઝાવવા માટે ઘરવખરી વેચી રહ્યા હતા દાવ આવ્યો છે કે આવશે એમ સમજીને કેટલાક સ્વાર્થી વેપારીઓ હાટડી પર જારના થેલા ભરીને બેઠા હતા એક બાજુ વાસણ અને બીજી બાજુ જાર.

ભગતથી આ દૃશ્ય જોવાયુ નહિ ઉતાવળે પગલે ઘેર આવ્યા મનમા દુકાળિયાનુ દુ ખ હતુ ખાવા બેઠા, પણ ગળે કોળિયો ન ઊતર્યો મામાતાઈએ ખૂબ ખૂબ આગ્રહ કર્યો પણ ભગત તો ભર્યું ભાણુ છોડીને ઊભા થઈ ગયા.

ભગત તો માળા લઈને ઓસરીમા આવીને જપ કરવા બેઠા પણ જપમા જગયે ચિત્ત ચોટતુ નથી. પળે પળે દુકાળિયાઓ નજર સમક્ષ તરવરે છે.

રસોડાનું કામ પતાવીને મામાતાઈ પતિદેવ પાસે આવીને બેઠી પતિદેવની ઉદાસ મુખમુદ્રા જોતા પૂછ્યુ · 'નાથ ! આજે તો પૂરું જમ્યા પણ નહિ ! શરીરે કાંઈ ઠીક નથી કે શુ ?'

'દેવી ! ગળે અન્નનો કોળિયો પણ શી રીતે ઊતરે ? આ ગામમા આપણે નાનેથી મોટા થયા ! જેમ એક ઘરમાં એક કુટુમ્બના ગણાય છે, એમ ગામમા રહેનારા સર્વે આપણા કુટુમ્બી ગણાય ઘરમા એક જણો લહેરથી જમે અને બીજો ભૂખ્યો સૂઈ રહે એ જેમ ન બને, એમ આજની દુકાળની પરિસ્થિતિમા અનેક લોકોને પાશેર અન્ન પણ મળતું નથી. એમનું દુઃખ મારાથી જોયુ જોવાતું નથી. એ ભૂખના દુ ખથી તરફડતા હોય અને હું નિરાંતે જમુ ! તમે જોઈ શકો છો, કે એક ટુકડા રોટલા માટે અનેક માનવીઓ ઘેર ઘેર રઝળે છે.'

(સાચુ ઔષધ સંસાર (૨) વહાલા ! તારો વિયોગ .. (૨)

સાભળો સલૂણી નાર (૨) દેશમાં દુકાળ છે,
રઝળે છે નર ને નાર (૨) દેશમા દુકાળ છે (૧)
અન્ન વિનાના તલસે છે માનવી,
તલસે છે ગભરુ બાળ (૨) દેશમા દુકાળ છે .. (૨)

'નાથ ! આપની વાત મને પણ સમજાય છે, પણ આપની ઇચ્છા શી છે ?' મામાતાઈએ પ્રશ્ન કર્યો

'દેવી, ! મને તો એકેએક ભૂખ્યા દરિદ્રી જીવમા વહાલા વિઠ્ઠલના દર્શન થાય છે દરિદ્રનારાયણના રૂપે આપણા આગણે આવી આવીને આપણી પાસેથી પૂજા માગે છે.'

ભિક્ષુકરૂપે આવે પ્રભુજી,
માગે છે અન્ન કેરા દાન (૨) દેશમા દુકાળ છે.

મનકોજીએ પણ મામાતાઈના હૃદયના ભાવ વાચવા આખમા આખ પરોવી. જમીપરવારીને યામજી પણ પિતાજીની પાસે આવીને બેસી ગયો હતો. દીકરી ભાગીરથી એઠા વાસણ માજી રહી હતી.

'નાથ ! એમા મને શુ પૂછો છો ? પ્રભુ પ્રેરણા કરે તેમ વિના સકોચે તેનો ઉપયોગ કરી શકો છો કારણ કે—

દોલત તમારી તે તમારી નહિ, પ્રભુની છે,
વહીવટ તમે કરતા છતા સત્તા પ્રભુની છે,
એ છે જગતનો શેઠિયો, પેઢી પ્રભુની છે,
તિજોરી સોંપી છે તમને, છતા ચાવી પ્રભુની છે.

'દેવી ! આપની વાત સાચી છે મારી મિલકત હોય તો હુ એનો મનગમી ઉપયોગ કરી શકુ છુ. પણ એક ખેતીનો ધંધો એવો છે કે જેમા ઘરની દરેક વ્યક્તિનો હિસ્સો રહેલો છે જેટલો મારો હક્ક છે એટલો જ આપનો છે. એટલો જ યામાજીનો અને એટલો જ દીકરી ભાગીરથીનો છે '

'નાથ, આપ આજ્ઞા કરો. પતિની આજ્ઞાને માથા પર ચડાવવી એ પ્રત્યેક ભારતીય નારીની ફરજ છે.'

(ચેતે તો ચેતાવું તને રે...મુખડાની માયા લાગી રે...)
માથા પર ચઢાવી લેવી રે, પતિની આજ્ઞા,
પ્રભુની એ આજ્ઞા જેવી રે, પતિની આજ્ઞા....માથા..
પ્રભુના સમાન પતિ, નારીની ત્યા સદ્ગતિ,
અનુસરતી સાચી સતી રે, પતિની આજ્ઞા માથા...
રાખે દિલમાં દીનતાને, પતિની આધીનતાને,
શોભાવે છે શીલતાને રે, પતિની આજ્ઞા....માથા..
પતિ પગલે પગ દેવો, પડતો બોલ ઝીલી લેવો,
મીઠો મેવો ગણી લેવો રે, પતિની આજ્ઞા. માથા.
'પુનિત' પતિવ્રત-ધર્મ, સમજી લેવો એનો મર્મ,
ઊંચામા ઊંચું છે કર્મ રે, પતિની આજ્ઞા. માથા....

અને આજે આવો પ્રસગ ઊભો થયો હોય, અને આપણા 'હોમ ગવર્નમેન્ટ'ને પૂછવામા આવે કે, 'સાભળો છો ? દેશમા દુષ્કાળ પડ્યો છે આપણી મિલકતનો અમુક ભાગ દુષ્કાળપીડિતો માટે વાપરીશું ?'

ઘરવાળા શો જવાબ આપશે એ તમને કહું ? સાભળી લો જવાબ. 'પહેલા આ છોકરા-છૈયાને મહાજનમા મૂકી આવો !' અનુકૂળ સ્વભાવની પત્ની મળવી એ પણ પૂર્વના પુણ્યનુ પરિણામ હોય છે.

મામાતાઈની અનુમતિ મળતા જ ભગતને હૈયે હરખની હેલી ચડી ઉદાસ મુખ મલકાઈ ઊઠ્યું. હવે દીકરાની અનુમતિ લેવા માટે યામાજીને પૂછ્યુ 'બેટા યામાજી! તારી શી ઇચ્છા છે ? આજે આપણે આગણે સેવાનો અવસર આવીને ઊભો છે દીનદુ ખીઓની સેવા કરવામા જ સાચી માનવતા છે સમયે સમયે ભક્તિના પ્રકાર બદલાય છે. શાતિના સમયમા વિઠ્ઠલનાથના ગુણગાન ગાવા, પૂજનઅર્ચન કરવા એ ભક્તિ લેખાય છે, તો આજે દીન-દુ ખીઓ ની સેવા કરવી, એ ચડિયાતી ભક્તિ છે'

(ભજી લે રગીલા રણછોડ .. ચડતી-પડતીના ચમકાર..)
મીઠી માનવતાની લ્હાણુ, જગની સેવા કરવામા,
સાચી ભક્તિના એ ધાણ, જગની સેવા કરવામા.૧
પર-દુ:ખ દેખી હયું દ્રવે, સેવા-સમરાગણમા ઊભે,
સોપી દેવા જીવન-પ્રાણ, જગની સેવા કરવામા ૨
ભૂખ્યા જનને ભોજન દેવા, મૂગા આશીર્વાદો લેવા;
દેવા દીન બનીને દાન, જગની સેવા કરવામા.૩
પ્રાણી સૌમા હરિ વિરાજે, સેવા કરવી એને કાજે,
સેવા સ્વીકારશે ભગવાન, જગની સેવા કરવામા.૪
'પુનિત' કહે છે બે કર જોડી, વહારે ધાજો દોડી દોડી;
થાશે પોતાનું કલ્યાણ, જગની સેવા કરવામાં.૫

પિતાજીની વાત સાભળતા જ યામાજી હસી પડ્યા. આગણામા વાસણ માજી રહેલી બહેન ભાગીરથીને કહ્યુ. 'બહેન ! જોને પિતાજી આપની અનુમતિ માગે છે ! આપણા તન-મન ઉપર પણ માતા-પિતાનો પૂર્ણ અધિકાર છે પછી ધનની વાત શી કરવાની હોય !' પછી પિતા તરફ ફરીને કહ્યુ. 'પિતાજી ! આપની ઇચ્છા જનસેવા માટે ધનને વાપરવાની હોય તો અમારાથી ના પડાય જ કેમ ? અને ધનનો કપાક દુર્વ્યય થતો હોય તો કંઈક કહેવા જેવુ પણ રહે, પણ આ તો જનસેવાર્થે વપરાય છે, પછી અનુમતિનો સવાલ જ કયા રહે છે ? આપ રાજી જેમા, અમે રાજી એમાં.'

વદે જે શબ્દ મા-બાપો, અમારે વેદની વાણી,
તમારા સ્નેહના અશ્રુ અમારે તીર્થનાં પાણી,
તમારી જે કઈ ઇચ્છા, અમારી એ જ ઇચ્છા છે,
ધરીએ શિર ઉપર આજ્ઞા, અમારી એ પ્રતિજ્ઞા છે.

'બેટા ! મારી મરજી છે સાથે સાથે તમારા સૌની મરજી છે, તો 'શુભસ્ય શીઘ્રમ્' એ ન્યાયે, આવતી કાલથી જ દરિદ્રનારાયણની સેવા આરભીએ. આખા દુષ્કાળને પહોચી વળવા જેટલી આપણામા શક્તિ કયા છે ? પણ જેટલુ નાલા એટલુ પુણ્ય. આવતી કાલે આપણે આગણે ભૂખ્યોદુ:ખ્યો જે કોઈ આવે તેને પ્રેમથી ભોજન કરાવવુ ભૂખ્યાને અન્ન આપવુ તરસ્યાને પાણી આપવુ. પશુઓને ચારો નીરવો, રોગીઓને દવા આપવી અને આશ્રયવિહીનોને આશ્રય આપવો આવતી કાલથી આપણી પ્રભુની પૂજા આ હશે.'

પિતાની ઇચ્છાને સૌએ પ્રેમથી વધાવી લીધી

મામાતાઈએ પૂછ્યુ : 'નાથ, દરિદ્રનારાયણની સેવા માટે કયા કયા સાધનની જરૂર પડશે, એ તો કહો. અત્યારથી એની તૈયારી કરવા માડીએ'

'દેવી ! એમ કરો, આપણી જારની ખાણ ઉઘાડો એમાથી મણ-બે-મણ જાર લઈને ભરડી નાખો કાલે સવારે એને બાફીને એનુ ભરડકુ બનાવો. આગણે જે કોઈ આવે એને પ્રેમથી જમાડો.'

ભગતની ઇચ્છાને માન આપીને ચામાજીએ જારની ખાણ ઉઘાડી. એ મણ જાર કાઢીને મા – દીકરી ભરડવા બેઠા. મામાતાઈ ઘંટી ખેંચે છે તો ભાગીરથી મૂઠીએ મૂઠીએ જાર ઓરે છે હાથે સેવાનું કામ થાય છે, મુખે પ્રભુનું નામ લેવાય છે

(દુનિયા વાસ તણો સાથે....મદનો મોટો છે પરિવાર ..)

હાથે–પગે ચાલે કામ, મુખે શ્રીવિઠ્ઠલનુ નામ,
કર્તવ્યનો પથ જ એવો, મળે નહિ આરામ,
એક મ્યાનમા બે તલવારો (૨) ભક્તો ભીડે હામ....
શરીર શરીરનું કામ કરે છે, દિલે દિલારામ,
ચર્મચક્ષુ તો દુનિયા જુએ (૨) અંતર્ચક્ષુ રામ....
અટપટો છે પ્રયોગ આ તો, મોટો છે સંગ્રામ,
વિરલા એમા જીતી શકે છે (૨) નહિ ખાવાનું કામ ...
'પુનિત' પ્રભુના હાથો માહી સોંપે છે લગામ,
જેમ નચાવે નાચવુ એને (૨) આનંદ આઠો જામ....

જાર ભરડાઈ ને તૈયાર થઈ. ઘરમાથી જૂની મોટી ડેગ કાઢી ચામાજી ખેતરમાથી લાકડાનો ભારો લઈ આવ્યો

સવાર પડતા જ મામાતાઈ અને ભાગીરથીએ જારનુ ભઈડકુ રાંધીને તૈયાર કર્યું. ભગતે ગામમા સાદ દેવડાવ્યો. પેટની આગ ઠારવા અનેક ભૂખ્યા જનો ભગતને આંગણે દોડી આવ્યા ભગતે સૌને પ્રેમથી એક પંગતે બેસાડ્યા. સૌના પાત્રમા એક એક કડછી ભઈડકુ આપવા માડ્યુ. એક એક કોળિયામા સૌને નવજીવન મળવા લાગ્યુ

પછી તો, ભક્ત દંપતીનો આ નિત્યક્રમ બની ગયો. રોજ ને રોજ વધુ ને વધુ લોકો ભગતને આંગણે ઊભરાવા લાગ્યા. સહેજ પણ અકળાયા કે કંટાળ્યા વિના ભગત સૌને પેટ પૂરતુ અન્ન આપે છે

એક દિવસ ધાર્યા કરતા વધુ લોકો ઊમટ્યા. ખાવાનુ મળશે કે નહિ, એ ચિંતામા કેટલાક દુકાળિયાઓ વિનય અને વિવેક મૂકીને રાંધેલા ધાનને લૂટવા લાગ્યા છતાય ભગતના મુખ પર જરાય વિકૃતિ ન આવી એ તો હસતા હસતા આ બધુ જોઈ જ રહ્યા. અને સૌને કહેવા લાગ્યા

(જવા દો જીવનના કિનારે....નાના બાળક બનવામા. .)

લૂટો, લૂટો બધુ, કંઈ અમારુ નથી.
પ્રભુ કેરુ હતું તે પ્રભુચરણે,
મે તો સોંપી દીધુ, કંઈ અમારુ નથી

વિવેકહીન દુકાળિયાઓને જોઈને ચામાજીનુ યુવાન લોહી ઊકળી ઊઠ્યુ. એકદમ તે બોલી ઊઠ્યો: 'અરે! તમને કાંઈ ભાનબાન છે કે નહિ ?'

'દીકરા! આમ આકરો કેમ થાય છે! બિચારા ભૂખ્યા છે. ભૂખ્યો માણસ વિવેકને નેવે મૂકી દે છે આપણે તો શાંતિથી સૌની સેવા કરવાની છે. સેવાધર્મ અતિ ગહન છે. એમા મૃદુ વચન, નમ્રતા અને આધીનતા ખૂબ જરૂરી છે'

(મુખડાની માયા લાગી રે .. મારુ તારે ખોળે મૂક્યુ રે)

ગહન ગણાતો જગમા રે, સેવાનો ધર્મ,
પ્રસરતો એ રગરગમા રે, સેવાનો ધર્મ.. (૧)
આધીનતા છે એમા પહેલી, સ્વાર્થને દેવાનો ઠેલી,
જંગને લેવાનો ખેલી રે, સેવાનો ધર્મ... (૨)
પડ્યા બોલને ઝીલી લેવા, સામા ઉત્તર નવ દેવા,
મીઠામા મીઠા છે મેવા રે, સેવાનો ધર્મ.. (૩)
પગ મૂકવા પગલે પગલે, નમ્ર બનવુ ડગલે ડગલે,
નક્કી દેશે ઢગલે ઢગલે રે, સેવાનો ધર્મ ...(૪)
'પુનિત' સંસારે બનતા, નમે એને સારી જનતા;
ભરે છે જીવનમા સમતા રે, સેવાનો ધર્મ (૫)

દિનપ્રતિદિન બોધરાજે સેવાનું ક્ષેત્ર વિસ્તારવા માડ્યું. શરૂશરૂમા તો આંગણે આવનારાઓને જ ભોજન આપવાનો પ્રબંધ કરેલો પરંતુ શાંતિથી વિચાર કરતા એમ થયુ કે ગામમા એવી કેટલીય ખાનદાન વ્યક્તિઓ છે, કે જેઓ કોઈને કાંઈ કહી શકતી નથી, તેમ ભૂખનું દુઃખ સહી શકતી નથી કોઈની પાસે જઈને લાંબો હાથ કરવો મૃત્યુ સમાન લાગે છે ભગતે આવી વ્યક્તિઓનો વિચાર કરીને સૌને યથાશક્તિ ગુપ્ત સહાય પણ પહોંચાડવા માડી તે ઉપરાંત લૂલા, લંગડા, અપંગ, વૃદ્ધને ભોજન આપી આવતા.

સવારથી તે સાંજ સુધી બસ આ એક જ કામ જ્યાંત્યાંથી શોધીને ભૂખ્યાને અન્ન દેવું. જેના હૃદયમા સાચો પ્રેમ હોય છે એ કદી થાકતો નથી કે કંટાળતો નથી દીકરા માટે મા કેટકેટલુ વેઠે છે, કેટકેટલી કાયા ઘસે છે. રાત-દિવસના ઉજાગરા કરે છે ભૂખી રહે છે છતાય માતાને કદી કંટાળો આવે છે ખરો ? કારણ કે એના હૃદયમા બાળક પ્રત્યેનો સાચો પ્રેમ રહેલો છે એમ જેના હૃદયમા જગત-પ્રેમ ઊછળી રહ્યા હોય તેને થાક ય ન લાગે અને કંટાળો

પણ ન આવે એને તો પ્રત્યેક કાર્યમા આનંદ આવે.

(નાથ ! જેવો નિભાવ્યો, નિભાવી લેજે !)

જગત–પ્રેમ જેના હૃદયમા વસે છે,
સદા લોક કલ્યાણ કાજે ધસે છે... જગત .. (૧)
કરી સત્ય–આગ્રહ બધાને બચાવે,
ધરી પ્રેમ–દોરી એ સહુને નચાવે,
મુકુટ વિણ રાજા બનીને ફરે છે .. જગત....(૨)
વિના શસ્ત્ર સંગ્રામ માહી ઝુકાવે,
જગતના જે કષ્ટો પોતે તે ઉઠાવે,
છતાં એક ડગલુ ન પાછું ખસે છે... જગત . (૩)
કદી કર્મપથે જો મૃત્યુ જ આવે,
કરી સુખ હસતું એ મૃત્યુ વધાવે,
ભરી લોકસેવા તો નસે નસે છે . જગત.. (૪)
અમર ગીત એના જગત નિત્ય ગાતું,
ખરું એ જ જીવન તો 'પુનિત' થાતું,
ધરી નિજ કાયા પરાર્થે ધસે છે . જગત.. (૫)

મહિનો, બે મહિના અને ત્રણ મહિનામા તો જારની બધી જ ખાણોના તાળમા દેખાઈ ગયા, છતા ય ભગત જરામ અકળાયા નહિ

યામાજીએ કહ્યુ : ' બાપુ ! જારની બધી જ ખાણોના તળિયા દેખાઈ ગયા હવે શુ કરશુ ?'

ભગત પણ ઘડીભર વિચારમા પડી ગયા વિચાર કરીને કહ્યુ : ' બેટા ! જાર ખલાસ થઈ તો શુ થઈ ગયુ ઘરમા મૂડી તો છે ને ! મોઘા ભાવની જુવાર ખરીદી ખરીદીને લોકોને ખવડાવો પૈસા ખર્ચતા ય ગરીબોના પ્રાણ બચતા હોય તો એનાથી બીજુ રૂડુ શુ છે ?'

ભગતે બજારમા મોઘા ભાવની જુવાર ખરીદી ખરીદીને લોકોને ખવડાવવા મંડ્યુ

સંતો અને ભક્તોને સંગ્રહ કરવા કરતા સમર્પણમાં વધુ આનંદ આવે છે

(જાગજે, જાગજે જીવડા ! જાગજે રે)

સંતનો આનંદ પર–ઉપકારમા રે,
રાતદિન એમા જ છે ઓતપ્રોત (૨) . સંતનો.. .૧
ઉદાર દિલના એ દરિયાવ છે રે,
આંખથી વહે અમીના ધોધ (૨) .. સંતનો....૨
કોઈનુ દુઃખ ન દેખાય આંખથી રે,
માથે વહોરી લે જગનો વિરોધ (૨)... સંતનો....૩
' પુનિત ' પ્રભુચરણની પ્રીતડી રે,
આઠે પહોરે જલી રહી જ્યોત (૨) ...સંતનો....૪

ભગતના અન્નના કોઠારો ખાલી થયા, ઘરની તમામ મૂડી એમા સફાચટ થઈ ગઈ, ઘરનુ તમામ રાચરચીલુ વેચાઈ ગયુ. જ્યારે એમની પાસે કંઈ ન રહ્યુ ત્યારે સૌને પ્રેમપૂર્વક કહ્યુ : ' ભાઈઓ ! હવે કૃપા કરો આપની સેવા કરવાની તો ઘણી હોશ છે, પણ પાસે કોઈ સાધન નથી રહ્યુ. હવે હું લાચાર છુ '

' ભગત ! અમે આપની સ્થિતિ સારી રીતે જાણીએ છીએ. આ અતિ વિકટ સમયમા આટલા દિવસો સુધી અમને ટકાવી રાખ્યા એ પણ ઘણુ છે અમારી ક્ષમા માગવાની હોય નહિ અમને મરતાને જિવાડીને આપે આપનુ જીવન કૃતાર્થ કર્યુ છે ! આપે કરેલા ઉપકારનો બદલો અમે કઈ રીતે વાળીશુ ?'

(જેણે હરિગુણ ગાયા . તન-મનના તાપ બુઝાવે)

મરતાને જેણે જિવાડચા, જીવન સફળ બનાવ્યા,
હૈયેથી ધોધ દયાનો રે વહેતો,
દયાના જળથી નવાડચા, જીવન સફળ બનાવ્યા....૧
આંખેથી ચાલે અમૃત કેરી ધારા,
અમૃત મીઠાં પીવાડચા, જીવન સફળ બનાવ્યાં....૨
વચનો મુખે જાણે પુષ્પ–સુગંધી,
પુષ્પની માળે વધાવ્યા, જીવન સફળ બનાવ્યા....૩
'પુનિત' એ મૃત્યુભૂમિના છે દેવો,
કીર્તિના કિલ્લા ચણાવ્યા, જીવન સફળ બનાવ્યાં....૪

દુષ્કાળપીડિતોની સેવા કરવાની હોશ તો ખૂબ હતી, પણ પૈસાના અભાવે સેવા થઈ શકી નહી . ઘર વેચવા કાઢ્યુ તો કોઈ ઘર રાખવા તૈયાર નહોતુ કોઈ ખેતર રાખવા તૈયાર નહોતું, તેથી ભગત લાચાર બની ગયા

સૌને પ્રેમથી વિદાય કરીને ભગત ઘરમા આવ્યા રાચરચીલા વિનાનુ આખુ ઘર ખાવા ધાતું હતું. સૂનમૂન સ્થિતિમા એક બાજુ મામાતાઈ બેઠી હતી તેની ગોદમા ભાગીરથી બેઠી હતી એક બાજુ યામાજી પણ નીચું ઘાલીને બેઠો હતો

'વિઠ્ઠલ ...વિઠ્ઠલ .' કરતા ભગત પણ ભોય પર બેઠા.

' નાથ, આજ સુધી તો આપણુ જીવનગાડુ ગબડ્યુ .

પણ હવે શું ?'

'દેવી ! આપના કહેવાનો મર્મ ન સમજાયો.'

'હવેથી મારે ઘરનુ ગાડુ કેવી રીતે ચલાવવુ ? ઘરમા અન્નનો દાણો નથી. હવે કરવુ શુ ?'

'દેવી ! ઘરમા કોઈ સાધનસામગ્રી નથી એ વાત સાચી, પણ હજુ આપણા હાથ-પગ ને હૈયા તો સાબૂત છે ને ! ગામમાં મજૂરી કરીશુ એ નહિ મળે તો જગતમાથી સૂકા સૂકા લાકડા કાપી લાવીને ગામમા વેચીશુ એમાથી જે કાંઈ મળશે એમાથી ઉદરનિર્વાહ કરીશુ'

'નાથ ! આપ મજૂરીનું કાર્ય કરશો ?' મામાતાઈ આશ્ચર્યથી ભગત સામુ જોઈ રહી.

'હા, કેમ એમા કાંઈ શરમ છે ? ચોરી કે છિનાળુ કરવામા શરમ મહેનતમજૂરી કરવામા વળી શરમ શાની ? જે મહેનત કરીને પોતાનો રોટલો રળે છે એના ઉપર પ્રભુ સદાય પ્રસન્ન રહે છે !

'બેટા મામાજી ! પેલી કુહાડી લઈને મારી સાથે ચાલ. જગલમાથી ભારી લાવીને બજારમા વેચીએ રોટલો રળવા માટે કાંઈ કરવુ તો પડશે જ ને !'

મામાજી વાડામાથી કુહાડી લઈ આવ્યો બોધરાજે દોરડુ ગળા પર વીંટાળ્યુ. બાપદીકરો બને લાકડા કાપવા માટે જગલ ભણી ઊપડયા

(પ્રભુના નામનો પટ્ટો, તિલક તુલસીની માળા છે)
કુહાડી હાથમા ધારી, ભગત જંગલ સિધાવે છે,
હૃદયમા રામને રાખી, મુખેથી ગુણ ગાવે છે (૧)
ગણે જગલ મહી મગલ, ભરી જ્યા ત્યાગખુમારી,
કરીને કાષ્ટની ભારી, મૂકીને શિર લાવે છે.. (૨)
ફરે છે ગામની શેરી, કરે વેચાણ ભારીના,
મળેલામા મઝા માણે, દિવસ સુખમા વિતાવે છે.(૩)

ગઈ કાલનો શેઠ આજે લાકડાની ભારી વેચવા માટે ગેરીએ શેરીએ સાદ દેતો ફરે છે 'ભારી લેશો કોઈ ?'

સવારથી તે સાજ સુધી ગામમા રખડે છે ત્યારે માડ એક ભારી વેચાય છે. એ દિવસોના બજારભાવ પ્રમાણે એક ભારીના ત્રણ પૈસા ઊપજે છે. છતાય ભગતના મુખ પર જરાય દુ ખ નથી,

કોક વાર મામાજી સાથે જાય છે, તો કોક વાર મામા તાઈ હોય છે એક દિવસ બોધરાજ અને મામાતાઈ ભારી વેચવા માટે ગામની શેરીએ શેરીએ ઘૂમતા હતા

એક ગામવાસીએ બીજાના કાન કરડયા : 'જોયુ ને ! આ દાનેશ્વરીનો દીકરો. લોકોએ 'વાહ....વાહ' કરી અને એણે બધુ જ લૂંટાવી દીધુ. હાથે કરીને પગ ઉપર કુહાડો માર્યો તે આજે નૈતરુ ફૂટવાનો વારો આવ્યો બેઠા બેઠા સાત સાત પેઢી ખાય છતાય ખૂટે નહિ એટલુ ધન ભર્યું હતુ, છતા આજે રસ્તાનો રખડતો ભિખારી થઈ ગયો.'

ભગતને કાને આ શબ્દો પડયા પણ એમને જરાય દુ ખ ન થયુ પણ મામાતાઈથી આ સહન ન થયુ એટલે થોડે દૂર જઈને સ્વામીનાથને કહ્યું 'નાથ ! સાભળ્યુ ને !'

'દેવી ! લોકો તો બોલ્યા કરે એમના બોલવા તરફ લક્ષ ન આપવુ. આપણે જે કર્યું છે એ આપણી ફરજ સમજીને કર્યું છે. હવે એનુ દુ ખ ન હોવું જોઈએ. સાચા અને ખોટા દરેકની ટીકા કરવી એ તો સંસારીઓનો સ્વભાવ છે.'

(વહાલા ! તારો વિયોગ (૨) દિલડાનું દર્દ છે.)
સંસારીઓનો સ્વભાવ (૨) ટીકા કરનાર છે,
ખોળી રહ્યા એ દાવ (૨) ટીકા કરનાર છે....(૧)
કરવું નહિ જરીએ ને કહેવાનુ સામટુ,
વાતનો લાવે ઉઠાવ (૨) ટીકા કરનાર છે. (૨)
કાગડા જેવી એ રાખે છે દષ્ટિ,
છિદ્રો શોધ્યાનો ભાવ (૨) ટીકા કરનાર છે.. (૩)
ઊંધું-છતું એ તો ભરડી જ નાખે,
માને જીવનનો લ્હાવ (૨) ટીકા કરનાર છે. (૪)
'પુનિત' પ્રભુ પણ પહોચે ન એને,
જગમા નથી બચાવ (૨) ટીકા કરનાર છે.. (૫)

મામાતાઈને સમજાવીને ભગત થોડુક ચાલ્યા હશે ત્યા તો બીજો એક હિતેશ્રી ભેટી ગયો બ્યગમા કહ્યુ : 'ભગત ! તમે તો વગર પૈસાનો ખરો વેપાર શોધી કાઢ્યો ! હવે કેમ ચાલે છે ?'

'ભાઈ ! અમારે તો લીલાલહેર છે. મજૂરી કરીએ છીએ અને રોટલો કૂટી કાઢીએ છીએ હવે તો બસ ભગવાન ભરોસે ચાલ્યા કરે છે'

(સહુ નામ હરિનું ઘૂટી લો....કાલિગડો રાગ)
ભગવાન ભરોસે ચાલે છે,
એને સોપ્યું, હાથ જ ઝાલે છે....(૧)

આજનો દહાડો ગણું દિવાળી,
કાલની વાત તો કાલે છે....(૨)
સગાં–સબંધી સાથ નિભાવું,
'શું થશે ?' નહિ ખ્યાલે છે....(૩)
હરિભજન ને ગુણલાં ગાતાં,
મનડું એમા મ્હાલે છે... (૪)

'અરે, ભગત ! હું તમને આ બધુ નથી પૂછતો.'

'ત્યારે શુ પૂછો છો ?' ભગતે અજાણ્યા બનીને પૂછ્યું

'તમે લોકોને બધુ લૂટાવી માર્યું અને હવે આ મજૂરી કરવાનો વારો આવ્યો, એ દિલમા સાલે છે કે નહિ ?'

'ના, ભાઈ, મને તો આનદ આવ્યો. હા, મનમા એક વાત સાલે છે ખરી '

'શી વાત સાલે છે ?' એણે આતુરતાથી પૂછ્યું.

'આજ સુધી ભગવાન વિઠ્ઠલનો ભેટો ન થયો એ.'

'પુનિત' પ્રભુજી હજી ન મળિયા,
એટલુ મનમાં સાલે છે.. ભગવાન.. (૫)

'ભગત ! તમે તો ખરા છો દોમદોમ સાહ્યબીમા તમે જીવેલા અને આજે આ પરિસ્થિતિમા સુકાઈ ગયા છતા ય મનમા જરાય રજ નહિ તમારી જીવનગાડી ગબડે છે કેવી રીતે ?'

'ભાઈ ! અમારી જીવનગાડી ભગવાનને ભરોસે ગબડ્યા કરે છે.'

(રામજીના રાખ્યા જગતમા રહીએ . ચેતી જાને)

ગબડે ગાડી ગોવિંદના ગાનમા,
તનડું ટકે ત્રિકમના તાનમા
હાં રે મન-ધાર્યું કદી ના થાય છે રે લોલ,
હાં રે હરિ-હાથે વેચી મેં જાત જો . ગબડે . ૧
હાં રે કદી ઊઘુ તો ઊંઘ લઉ સામટી રે લોલ,
હા રે કદી જાગું રાતોની રાત જો .. ગબડે... ૨
હાં રે નથી ખાવાપીવાનુ કાંઈ ભાન છે રે લોલ,
હા રે એવી અનોખી મારી વાત જો . ગબડે..૩
હા રે નથી રહ્યો જગતના કામનો રે લોલ,
હા રે 'પુનિત' ભળ્યો ભગતની નાત જો . ગબડે..૪

બપોરથી તે સાંજ સુધી રખડ્યા ત્યારે છેક સાંજે ભારો વેચાયો મોદીની દુકાનેથી અનાજ ખરીદતા ખરીદતા મામાતાઈને વિચાર આવ્યો 'નાથ ! આવતી કાલે તો અગિયારસ છે વહેલી પરોઢે તો પઢરપુર જવા નીકળી જશો. પાસે પૈસા તો છે નહિ. આપ જશો કેવી રીતે ? ત્યા જઈને બ્રાહ્મણને ભોજન કેવી રીતે કરાવશો ?'

'ગાડી, આવતી કાલની ચિતા અત્યારથી શુ ? વરસોથી જે નિયમ પાળતો આવ્યો છુ એ શુ આ પરિસ્થિતિમા હું મૂકી દઈશ ? પાસે પૈસા નથી એટલે શુ થયુ ? ત્યા પણ અહીની જેમ સૂકા લાકડા ભેગા કરીને ભારી બનાવી વેચીશ. એમાથી જે કાંઈ મળશે એમાથી પ્રભુની પૂજા કરીશ બ્રાહ્મણોને યથાશક્તિ ભોજન કરાવીશ'

ભોજનસામગ્રી લઈ ભક્તદપતી ઘેર આવ્યા પેટને ભાડુ ચૂકવીને સૌએ ભેગા થઈને વિઠ્ઠલના નામની ધૂન મચાવી. પ્રભુસ્મરણ કરતા કરતા ચારે જણ નિદ્રાધીન થઈ ગયા

વહેલી પરોઢે ભક્તદપતી જાગ્યા બન્નેએ સાથે બેસીને ભગવાનનું ભજન કરવા માડ્યુ.

પત્નીની સાથે યાત્રાએ ગયા હશો, સિનેમા જોવા ગયા હશો, ફરવા ગયા હશો, પણ ઘરવાળાની સાથે બેસીને કદી ભજન નહિ કર્યું હોય ! આય જીવનનો એક લહાવો છે ઘણાને સાથે બેસીને ભજન કરવામા શરમ આવે છે. શરમ આવતી હોય તો ઘરના બારીબારણા બધ કરીને બધ બારણે ભેગા ભજન કરો. એકલા ભજન કરીએ એના કરતા બેકલા ભજન કરવામા ઓર આનદ આવે છે. એક હાથે તાલી ન પડે, બે હાથે રગ જામે.

(સૌથી સમરથ રાધાવરનો આશરો ..)

દપતી ભેગા ભજન જ્યાં કરતાં હશે,
પહોચે પ્રભુને એનો પહેલો સાદ જો....(૧)

એક જણ સાદ પાડે અને બે જણ સાદ પાડે એમા કેટલો બધો ફરક પડી જાય છે ! બોડાણાની સાથે ગગાબાઈ ભજન કરતા હતા, એટલે તો ભગવાનને દ્વારકા છોડીને ડાકોર આવવુ પડ્યુ

એકલડા હાથે તો તાળી ના પડે,
રગત આવે, મળતા બન્ને હાથ જો....દંપતી.૨
એકલડી પાખે તો પક્ષી ના ઊડે,
બે પાખેથી ઊડશે ભલીભાત જો.. દપતી.૩
'પુનિત' એવા દપતી જગમા કોઈ છે,
સઘળામા એ ગણવાના અપવાદ જો... દપતી ૪

બોધરાજ તો નિત્યકર્મ પતાવીને 'વિઠ્ઠલ.... વિઠ્ઠલ'નું નામ રમતા પંઢરપુરને પંથે પડ્યા

('રણછોડ' 'રણછોડ' ગાઈએ (૨) ને ડાકોર જઈએ)
'વિઠ્ઠલ'..'વિઠ્ઠલ' ગાઈએ (૨) ને પંઢરપુર જઈએ,
ઘરનો ખૂણો એ તો સાસરિયું કહીએ,
પિયરિયામાં જઈએ (૨) ને પંઢરપુર જઈએ....૧
ઘરમાં પુરાયા એ તો જેલ જ કહીએ,
છૂટા થઈને ફરીએ (૨) ને પંઢરપુર જઈએ. ૨
રોજ રોજ નાહીએ પણ ગંદા ખાબોચિયે,
ચંદ્રભાગામાં નાહીએ (૨) ને પંઢરપુર જઈએ....૩
'પુનિત' કહે છે બધા સાથીડા થઈએ,
વિઠ્ઠલ–ચરણે રહીએ (૨) ને પંઢરપુર જઈએ. ૪

ડગલું માંડે છે અને ભગતના હૈયામાં ભાવની ભરતી ચઢે છે અનેક વરસોથી ભગત પંઢરપુર જતા હતા આજે કોઈ ઓર ભાવમાં જતા હતા પહેલાં અમીર બનીને જતા હતા, આજે દીન બનીને જાય છે અમીરને આવકારવા કરતાં ભગવાન દીનને વધુ આવકારે છે, કારણ કે પ્રભુ દીનબંધુ છે, દીનાનાથ છે, ગરીબનિવાજ છે

(સૌથી સમર્થ શંકરનો આશરો.)
દીનબંધુ! બિરદ તું તારું પાળજે,
દીન બનીને શિર ઝૂકાવું નાથ જો. (૧)
ચરણોમાં સર્વસ્વ મારું સોંપિયું,
જીવનદોરી સોંપી તારે હાથ જો....(૨)
જગનો યાત્રિક યાત્રામાં ચાલી રહ્યો,
પગલે પગલે રહેજે મારી સાથ જો... (૩)
'પુનિત'ની આશાને વ્હાલા! પૂરજે,
આજથી સાધ્યો તારો મેં સંગાથ જો ...(૪)

'વિઠ્ઠલ વિઠ્ઠલ વિઠ્ઠલ'નું રટણ કરતા કરતા ભગત છેક પંઢરપુરમાં આવ્યા દેશાવરથી આવતો દીકરો બાપનું ઘર જોઈને ઝડપથી દોડતો પેસી જાય એમ બોધરાજ ભગવાન વિઠ્ઠલનાથના મંદિરમાં પેસી ગયા વિઠ્ઠલનાથને જોતા જ ભગતના હૃદયબંધ છૂટી ગયા. આંખમાંથી અશ્રુ સરવા લાગ્યા ગદ્‌ગદ થઈ ગયો પ્રભુચરણમાં માથું મૂકીને ભગતે આત્મનિવેદન કરવા માંડ્યું.

(દિલરૂપી આ (૨) રથને માગ, કૃષ્ણ પ્રભુ! તમે હાંકો.)
હું દીન માનવ (૨) સાધનહીન છું,
આવ્યો છું તમ શરણે,
અધમ તણા ઉદ્ધારક સ્વામી(૨)રાખી લ્યોને ચરણે.
ના જાણું હું (૨) રીતિ–નીતિ, વિવેક પણ ના જાણું,
બે હાથે મસ્તક ઝુકાવું (૨) એટલું હું તો જાણું.
સ્તુતિ કરું છું (૨) મૂક બનીને, આંસુડાં સમજાવે,
વેદ-ધ્વનિ નીકળે રડવામાં (૨) સ્વીકારી લ્યો ભાવે.
અંતર વ્યાપી(૨)બહુ વ્યાકુળતા, તાલાવેલી તનમાં,
'પુનિત' મૂર્તિ શ્યામસુંદરની (૨)
ઝંખું નિશદિન મનમાં.

એ દિવસે અગિયારસ હોવાથી ભગતને ઉપવાસ હતો. આખો દિવસ મંદિરમાં જ ગાળ્યો. આખી રાત જાગરણ કરીને કીર્તન કર્યું.

દ્વાદશીના રોજ આત્મનિવેદન કરીને ભગત ચંદ્રભાગાને કાંઠે આવ્યા. પાસેના જંગલમાં જઈ, સૂકાં લાકડાંની એક ભારી ભેગી કરી. પંઢરપુરના બજારમાં વેચતાં એના ત્રણ પૈસા ઊપજ્યા. એ ત્રણ પૈસામાંથી એક પૈસો પ્રભુને ચરણે ધર્યો એક પૈસો બ્રાહ્મણને દાનમાં દીધો અને બાકી વધેલા એક પૈસાનો લોટ ખરીદ્યો.

લોટની પોટલી લઈને બોધરાજ ચંદ્રભાગાને કાંઠે ઊભા રહ્યા જ્યારે પાસે પૈસા હતા અને ગાંઠે ગરથ હતું ત્યારે તીર્થના બ્રાહ્મણો એમનો કેડો છોડતા ન હતા. આજે કોઈ બ્રાહ્મણ ભગત પાસે ફરકતો નથી બીજા યજમાનો પાસે મનગમતાં માલપાણી મળતાં હોય ત્યાં ગરીબ ભગતનો લોટ કોણ સ્વીકારે?'

ભગત આજીજી કરીને બ્રાહ્મણને કહે છે 'ભૂદેવ! મારી ગરીબની આટલી ભેટ તો સ્વીકારો'

ભગતનો લોટ લેવા કોઈ બ્રાહ્મણ ફરક્યો નહી. બપોર થયું. સવારના ભગત ઊભા છે, પણ કોઈ કહેતાં કોઈ આવતું નથી આજે ભગતનો વરસોનો નિયમ તૂટતો હતો. ભગતની આશા ડગમગવા લાગી : 'અરે રે! આજે મારો વરસનો નિયમ તૂટશે કે શું? આજે શું વર્ષોનું વ્રત અધૂરું રહેશે? આજે શું કોઈ બ્રાહ્મણને ભોજન નહી કરાવી શકું?

ભગતની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં કોઈ બ્રાહ્મણને જુએ છે અને ભગત પોટલી લઈને સામે દોડે છે પગમાં આળોટીને આજીજી ગુજારે છે. 'ભૂદેવ! મારા પર આટલો અનુગ્રહ કરો મારી ગરીબની ભેટ સ્વીકારી

એની બાટી બનાવીને જમો.'

'હં....બાટી ખાવાની! બાટીમા ખાવાનુ ઘી કયા છે? અડદની દાળ કયા છે? અરે ભાઈ! લચપચતા લાડુ મળતા હોય ત્યા તમારી લૂખીસૂકી બાટી શુ કામ જમીએ!' મો મચકોડીને ઘો બ્રાહ્મણ આગળ વધી ગયો

મનકોજીના હાથમા લોટની પોટલી એમ ને એમ રહી ગઈ. ભગત ખૂબ નિરાશ થઈ ગયા હવે તો મોટે સાદે કહેવા માડ્યું :

(રાગ ગઝલનો)

ગરીબનો લોટ કોણ લેશે, ગરીબનો લોટ કોણ લેશે?
નથી મુજ પાસમા કોડી, રહુ હું હાથ બે જોડી,
ખરેખર દીવાનો કહેશે, ગરીબનો લોટ કોણ લેશે?
નથી મે દાન કઈ દીઠુ, મળે નહિ સાથમા મીઠુ,
ભિખારી હુ જ છું વેશે, ગરીબનો લોટ કોણ લેશે?

તેમનો આર્તનાદ યાત્રીઓના ઘોઘાટમા ક્યાય ગાયબ થઈ ગયો જગત આખુ ભલે ભૂલે, પણ જગત્પતા ભગવાન કેમ ભૂલે? ભકતનો આર્તનાદ ભકતવત્સલ ભગવાનને કાને અથડાયો

બપોરની વેળાએ ભગવાન રાજભોગ જમવા બેઠા હતા. લક્ષ્મીજી ભાતભાતનાં ભોજન પીરસી રહ્યા હતા. કોળિયો લઈ ને જ્યા મુખમા મૂકવા જાય છે ત્યા ભકતનો વાયરલેસ સદેશો સાપડ્યો હાથનો કોળિયો હાથમા જ રહી ગયો.

(ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સહેજે)

હજારો ગાઉને છેટે હૃદયના ભાવ દોડે છે,
ખરી એ સ્નેહની શક્તિ, અદીઠા તાર જોડે છે
વિના સ ધાણ એ સાધે, નહિ દોરી છતાં બાધે,
પુકારે જિગરને સાદે, પતાળો સાત ફોડે છે.
મળે નહિ કોઈયે સાધન, નહિ જાવા તણું વાહન,
થતુ જ્યા પ્રેમ–આવાહન, હવાના અશ્વ દોડે છે.
નહિ દેખાય આખેથી, ઊડે અદૃશ્ય પાખેથી,
'પુનિત' એ પ્રેમ–નાકેથી, અબોલા બોલ દોડે છે.

લક્ષ્મીજીએ નવાઈ પામી પૂછ્યુ 'કેમ નાથ! શા વિચારમા પડ્યા છો?'

'દેવી! મારો ભકત ભૂખ્યો હોય ત્યા સુધી મારે ગળે કોળિયો કેવી રીતે ઊતરે? તમે થોડી વાર બેસો. હુ મારા ભકતને જમાડીને સત્વરે આવુ છુ'

અન્નનો કોળિયો થાળમા મૂકીને પ્રભુ વિઠ્ઠલનાથ મૂઠીઓ વાળીને આખો મીચીને દોડ્યા

ભકતને માટે પ્રભુએ અજબ જેવો વેશ લીધો. ભકતની ટેક સાચવવા માટે પ્રભુએ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લીધુ હાથમા લાકડી છે. થર થર થર થર કાયા ધ્રૂજે છે. માથાના શુષ્ક વાળ હવામા ઊડી રહ્યા છે મેલાઘેલા વસ્ત્રો પહેર્યા છે. ધીમે ધીમે ડગ ભરતા ચ દ્રભાગાને તીરે આવ્યા.

(મારો શામળિયો શિરતાજ(૨) શિર પર ગાજતો રહે છે.)
દોડી આવ્યો વિઠ્ઠલનાથ (૨) બ્રાહ્મણ રૂપ લીધું છે,
બ્રાહ્મણ રૂપ લીધુ છે કે ઘરડુ રૂપ લીધુ છે...દોડી.૧
પેટે લાગી લ્હાય મુજને, ખાવાનું કોઈ આપજો,
સુણજો ગરીબ કેરો સાદ (૨) ભૂખે દુઃખ દીધુ છે ...૨

ભકતને કાને વૃદ્ધ બ્રાહ્મણનો સાદ પડયો જોયુ તો એક વૃદ્ધ બ્રાહ્મણ અન્નની ભીખ માગી રહેલા દોડના ભગત તેની પાસે પહોચી ગયા અને આનદના આવેશમા પૂછ્યું,

'મહારાજ! ભોજન કરવુ છે?'

'હા, ભાઈ, ભોજન કરાવો તો જરૂર કરવુ છે. કકડીને ભૂખ લાગી છે. બે દિવસનો ભૂખ્યો છુ.'

'મારી પાસે તૈયાર ભોજન નથી, માત્ર લોટ જ છે'

'તો તો ઘણુ સરસ. હુ સ્વય પાકી બ્રાહ્મણ છુ. મને થોડા અડૈયા ભેગા કરી આપો. ખાખરાના પાનના બે-ચાર પતરાળા તૈયાર કરી આપો. કોઈની પાસેથી અગ્નિ માગીને હુ જાતે જ બાટી તૈયાર કરી લઈશ'

'પણ મહારાજ! મારી પાસે તો માત્ર લોટ જ છે, ઘી પણ નથી અને મીઠુ પણ નથી પછીથી તમે સાકર, ઘી, ગોળ, શાકભાજી કઈ પણ માગશો તો નહિ મળે, કારણ કે, મારી પાસે આ વિના બીજુ કાઈ જ નથી'

'ભાઈ! મારે તો માત્ર લોટનું જ કામ છે જેને ક્ષુધા શાત કરવી હોય તેને બીજા કશાયની જરૂર નથી ઘી, ગોળ મીઠુ, મરચુ એ બધુ તો જીભના ચટાકા ગટે છે'

'ત્યારે લ્યો મહારાજ, તમારા જેવા તો ભગવાને નહિ'

ભગતે બ્રાહ્મણના હાથમા લોટની પોટલી મૂકી દીધી. પછી આસપાસથી સૂકા અડૈયા ભેગા કરી આપ્યાં વડના પાનના બે-ચાર પતરાળા બનાવી આપ્યા. ચદ્રભાગામાં સ્નાન કરીને બ્રાહ્મણે બાટી માટે લોટ બાંધ્યો.

મનકોજીએ કોક યાજ્ઞિક પાસેથી અગ્નિ માગી આણ્યો.

લોટની કણકના લાડવા જેવડા મોટા મોટા લૂઆ બનાવીને તૈયાર કર્યા. અડાયા છાણા વ્યવસ્થિત ગોઠવીને સળગાવ્યા અને તેના ઉપર બાટી શેકવા માટે મૂકી

બેચાર અડૈયા ભીના આવ્યા હશે તે અગ્નિ એકદમ બુઝાઈ ગયો બ્રાહ્મણે ફૂક મારી મારીને અગ્નિને ચેતવવા પ્રયાસ કરવા માંડયો

પેલી બાજુ ગોલોકધામમા લક્ષ્મીજી પ્રભુની વાટ જોઈ ને બેસી રહેલા પા કલાક, અડધો કલાક અને કલાક થયો છતા ય પ્રભુ ન આવ્યા એટલે ચિંતા થઈ અરે ! 'હમણાં આવુ છુ ' કહીને ગયા તે ગયા પાછા રોકાયા જ નહિ !'

ધ્યાનમા જોયુ તો પ્રભુ ચંદ્રભાગાને તીરે બાટી બનાવે લક્ષ્મીજી પણ વૃદ્ધ બ્રાહ્મણીનુ રૂપ લઈ ને ત્યા આવ્યા.

આખા જગતની ઈશ્વરી, લક્ષ્મી માત ત્યા આવ્યાં,
કરે છે નાથ ભઠિયારુ, આંખે આસુ ઉભરાયા,
નહોતી ખબર, સ્વામી ! આવા સ્વાર્થી થાશો,
કર્યું જે દાન યજમાને, પ્રભુ ! શું એકલા ખાશો ?

પ્રભુએ આમ જોયુ તો લક્ષ્મીજી ઊભેલા તરત જ હાથ ખંખેરતા ખંખેરતા ઊભા થઈ ગયા 'ઓહો ....હો ... દેવી ! તમે તો ખરા ટાકડે આવી ગયા અત્યારે તમારી જ જરૂર હતી. બેસી જાવ. તમારુ કામ સંભાળી લો જેનુ કામ જે કરે.'

હવે મનકોજી ખરેખર મૂઝાયા. માત્ર એક જ વ્યક્તિને માડ માડ થઈ રહે એટલો લોટ છે ને અહીં, દુકાળમા અધિક માસની જેમ, બે આવી ચડયા

તે મનમા ને મનમા મૂઝાતા બેસી રહ્યા

થોડીવારમા તો બાટી તૈયાર થઈ ગઈ. પતરાળા ઉપર બાટીનો ઢગલો કર્યો લક્ષ્મીજીએ બે પતરાળા ઉપર બાટી પીરસી ત્યા પ્રભુએ ટકોર કરી 'દેવી ! બે ભાગ કેમ કરો છો ? ત્રણ કરો અત્યારે આપણે ગૃહસ્થાશ્રમી છીએ યજમાન ભૂખ્યા બેઠા હોય ત્યારે આપણાથી એકલા એકલા કેમ જમાય ?'

'અરે ! ભૂદેવ, આપ બન્ને પ્રેમથી જમો. એક જણ જમી રહે તેટલો લોટ હતો. એમા ત્રણ ક્યાથી જમશે ?'

'ભાઈ, એ તો બધુય થઈ રહેશે તમે અહીં થી ભૂખ્યા જાવ એ અમારાથી કેમ ખમાય ! વળી, તમારે તો ગઈ કાલનો અપવાસ હશે ને !'

'ભૂદેવ ! એની કોઈ ચિંતા નહિ અહીં થી સીધા ઘેર જ જવુ છે ઘેર જઈ ને નિરાતે જમીશ '

લક્ષ્મીજીએ ત્રણ પાતળ તૈયાર કરી. બ્રાહ્મણે ભકતને જમવા આગ્રહ કર્યો. ભગતે કહ્યુ : 'મહારાજ ! પહેલા આપ બન્ને જમી લો. પાછળથી જે કાંઈ વધશે તે પ્રસાદ તરીકે આરોગીશ.'

'ભલે,' એમ કહીને વિઠ્ઠલનાથ અને લક્ષ્મીજી આનંદથી જમવા લાગ્યા આજની બાટીના અમૃતથી વિશેષ સ્વાદ હતો લૂખી બાટી પાસે બત્રીસ જાતના પકવાનો પાછા પડતા હતા બાટીના એકએક કોળીયામા અનેરી તૃપ્તિ જણાતી હતી. બોધલાજીની બાટી આરોગતા આરોગતા પ્રભુને શબરીના એઠા બોર યાદ આવ્યા, વિદુરની ભાજીના ઓડકાર યાદ આવ્યા, કરમાનો ખીચડો અને સુદામાના તાંદુલ યાદ આવ્યા.

ભગવાન તૃપ્ત થઈ ગયા પાણી લઈ ને જ્યા હાથ ધોવા જાય છે ત્યા મનકોજીએ કહ્યું 'મહારાજ, મારા માટે શુ કામ બાકી રાખો છો ? બાટી જમી લ્યો આપ બે દિવસના ભૂખ્યા છો '

'હવે નહિ, બસ, તૃપ્ત થઈ ગયો ' એમ કહીને પ્રભુએ હાથ ધોઈ નાખ્યા. લક્ષ્મીજીએ પણ હાથ ધોતા કહ્યુ 'ભાઈ, હવે તમે જમી લો આપ જમી લો પછી અમે જઈએ '

મનકોજીને તો આજે અનેરો આનંદ થયો ચંદ્રભાગામા હાથપગ ધોઈ તે જમવા બેઠા બાટીનો કોળિયો હાથમા લેતા વિચાર આવ્યો. 'વિઠ્ઠલનાથ કેટલા બધા કૃપાળુ છે ! આજે મારુ વ્રત પૂરુ કર્યું !'

હૃદયમા આનંદનો ઊભરો આવતા ક્ષણ વાર માટે આખ મીચાઈ ગઈ આ તકનો લાભ લઈ ને પ્રભુ અને લક્ષ્મીજી અંતર્ધાન થઈ ગયા આખ ખોલીને જુએ છે તો ન મળે બ્રાહ્મણ અને ન મળે બ્રાહ્મણી આસપાસ નજર કરી તોપણ દેખાયા નહિ દોડીને ચાર તરફ ફરી વળ્યા, પણ બ્રાહ્મણ દંપતીનો ક્યાય પત્તો ન લાગ્યો.

ભગત દ્વિધામા પડી ગયા 'અરે, આ શુ ? હુ કોઈ સ્વપ્ન તો જોતો નથી ને ના, સ્વપ્ન નથી નજર સમક્ષ બાટીનો ઢગલો પડ્યો છે '

મનકોજીને હવે ખરેખર ખ્યાલ આવ્યો : 'જરૂર, ટેક સાચવવા માટે બ્રાહ્મણનુ રૂપ લઈ ને ખુદ વિઠ્ઠલનાથ પોતે

જ આવ્યા હતા. આથી એ તો ભાવવિભોર બની ગયા. હાથમા લીધેલો કોળિયો હાથમા ને હાથમા રહી ગયો. કંઈ બોલવા માગે છે, પણ મુખેથી બોલાતું નથી. ઘડીભર માટે જડની જેમ ત્યા ને ત્યા બેસી રહ્યા.

(રટે–રટોને રાધેશ્યામ, 'છેલ્લો ફેરો છો')

હરિ દેખીને હૈયે શું થાય, હૈયું શું બોલે ?
હૈયું સમજે ને હૈયે સમાય, હૈયું શુ બોલે ?....(૧)
વાણી બિચારી ગળામા છુપાઈ જતી,
જીભ જાણે મોઢામા દેખાતી નથી,
મુખ પ્રેમના તારે સિવાય, હૈયું શું બોલે ?...(૨)
'દેહ છે કે નહિ ?' એનું ભાન જતું,
હરિરૂપે સૌંદર્ય તો સમાઈ જતું;
પગ ખીલાની માફક ખોડાય, હૈયું શું બોલે ?....(૩)
'પુનિત' ઘડી પણ પોતાને ધન્ય માને,
દેહ–ઇન્દ્રિયો નીરખે છે છાનેમાને,
આંસુ સત્કાર કરવાને થાય, હૈયું શુ બોલે....(૪)

ભર્યા ભાણા ઉપર ભાવવશ મનકોજીને બેઠેલા જોઈને આસપાસના યાત્રિકો ભેગા થઈ ગયા. 'શુ છે....શુ છે ?' એમ એકબીજાને પૂછવા લાગ્યા.

'જુઓને, આ કોઈ માત્રિક હાથમા કોળિયો લઈને બેઠો છે. આખમાંથી આસુ સર્યે જાય છે. હોઠ પણ ફડફડ થયા કરે છે'

અનેક યાત્રિકોમાથી એકે મનકોજીને ઓળખી કાઢ્યા: 'અરે ! ન ઓળખ્યા ? આ તો ધામણગાવના મનકોજી છે. દેશમા દુષ્કાળ પડયા તે સર્વસ્વ ગરીબોને લૂટાવી દીધુ'

ભીડને ચીરીને તે યાત્રિક બોધલાજી પાસે આવ્યો. ઢંઢોળીને કહ્યુ. 'મનકોજી ! અહી કેમ સૂનમૂન બેઠા છો ? હાથમા કોળિયો રાખ્યો છે ! જમવુ હોય તો જમી લો.'

હવે મનકોજી ભાવસમાધિમાથી જાગ્યા. 'ભાઈ, શુ જમુ ! વિઠ્ઠલો મને હાથતાળી આપીને નાસી ગયો.'

'આવુ ગાડુ ગાડુ શુ બકો છો ? કાંઈ સરખી વાત તો કરો.'

'ભાઈ, આજે તો ખરુ થયુ મારી વરસોની ટેક સાચવવા ભગવાન બ્રાહ્મણ વેશે મારી પાસે આવ્યા. મારો ગરીબનો લોટ સ્વીકારી બાટી બનાવી જમ્યા. હું પ્રસાદ લેવા બેઠો એક ક્ષણ માટે આખ બંધ કરી. ત્યા ન મળે ભગવાન કે ન મળે લક્ષ્મીજી આ રહી એમની પ્રસાદી !'

લોકોને થયું કે હવે મનકોજીનું ચસક્યું લાગે છે, નહીંતર આવુ ગાડુંઘેલુ બકે ખરા ?

લોકો તો ભગતના ગાડપણ પર હસતાં હસતા વીખરાઈ ગયા

મનકોજીએ પાતળમા કોળિયો પાછો મૂકી દીધો ભાવવિવશ બનીને વિઠ્ઠલનાથને ખોળવા લાગ્યા. એમનુ રોમરોમ પોકારી રહ્યુ.

(મારુ રણ તમે છોડાવો રે, રણછોડ ! રાયા)

ક્યાં જઈ તુજને મળવું રે, પ્રાણ–પિયારા !
આ ઊભા ઊભા બળવુ રે, પ્રાણ–પિયારા....(૧)
શુ શું મારે કરવુ ને શું શું કરી નાખુ ?
હું ગાડુ-ઘેલુ ભાખુ રે, પ્રાણ પિયારા !...(૨)
સૌ પંખીડા રિસાણા, ના દેતા એની પાંખો,
મુજ પાવન કરવી આખો રે, પ્રાણ–પિયારા !..(૩)
હજી શું મારા પાપો, કઈ રહી ગયા અધૂરા,
આશાના કરતા ચૂરા રે, પ્રાણ પિયારા !...(૪)
શોધી શોધી થાક્યા, પણ હાથ ન આવે,
શું 'પુનિત'ને અકળાવે રે, પ્રાણ–પિયારા !...(૫)

પ્રતિ પળે વ્યાકુળતા વધવા લાગી. આખરે પંઢરીનાથના મંદિરમાં આવી ચરણમા આળોટી પડયા. પ્રભુના ચરણોને આસુથી પખાળી નાખ્યા અને પૂછ્યું : 'પ્રભુ ! સાચું કહો. મારી બાટી આપ જમી ગયા ? આપની સાથે કોણ હતું ? લક્ષ્મીજી વિના બીજું કોઈ હોય નહિ.'

ભક્તનુ હૃદય ફાટફાટ થતું હતુ મુખમાથી પ્રેમવર્ષાની ઝડીઓ વરસતી હતી. પંઢરીનાથ ઊભા ઊભા મરક મરક હસતા હતા

'પ્રભુ ! એનુ કારણ તો કહો ઘી વગરની મારી લૂખી બાટીમા એવો કેવો સ્વાદ હતો કે આપે ધનિકોના પકવાન છોડીને મારી બાટી આરોગી ? પ્રભુ ! મારી બાટી આરોગીને ખરેખર મને રંકને ન્યાલ કરી નાખ્યો'

મનકોજીના કાને પ્રભુનો મંજુલ સ્વર પડયો. 'ભગત હજી મ ન સમજ્યા ? હુ સદાય પ્રેમને વશ છુ આપ જ કહો ને દુર્યોધનનાં મેવા–મીઠાઈ ત્યાગીને હુ વિદુરની ભાજી આરોગવા કેમ ગયો હતો ? ઋષિકુમારોનાં આગણા છોડીને શબરીને આગણે કેમ દોડ્યો હતો ! મંદિરનો

રાજભોગ છોડીને કરમાબાઈનો ખીચડો ખાવા કેમ દોડયો દોડયો જતો હતો ? ભકત હૃદયનો પ્રેમ જોઈને હું દોડયો દોડયો જાઉં છું પછી રાત જોતો નથી કે નથી જોતો દિવસ.

(મુખડાની માયા લાગી રે, મોહન ! પ્યારા)

હું તો અડધી રાતે દોડું રે, ભકતોને કાજે,
માયા-બંધન જાતે તોડું રે, ભકતોને કાજે.. (૧)
બોલાવે યા ના બોલાવે, મારી ફરજ આડે આવે.
હૈયું હેલે ચડી જાવે રે, ભકતોને કાજે . (૨)
લ્હાવો મારે જાતે લેવો, તેડી છાતી દાબી દેવો.
વાત્સલ્ય–ઉછાળો એવો રે, ભકતોને કાજે .. (૩)
મેલોઘેલો તોયે 'મારો', ભકત મને અતિ પ્યારો.
આપું અંગુલિ સહારો રે, ભકતોને કાજે (૪)
નજરથી અળગો ન કરતો; એની પાછળ પાછળ ફરતો.
'પુનિત' નયણે પ્રેમ ઝરતો રે, ભકતોને કાજે....(૫)

'ભગત ! હું સદાય પ્રેમને વશ છું પ્રેમ દેખું ત્યાં દોડયો દોડયો જાઉં છું '

મનકોજીની આંખોમાથી ધન્યતાના આંસુ બની સરવા લાગી.

'પ્રભુ ! આપના પ્રત્યે કોને પ્રેમ ન હોય ? સર્વ કોઈ આપને પ્રેમથી આમંત્રે છે '

'ભગત ! મારા ઉપર તો સર્વકોઈ પ્રેમ ઢોળે છે, પણ જે મારાં સ્વરૂપોની સાથે પ્રેમ કરે છે એને હું ચાહું છું. તમારે ખાત્રી કરવી હોય તો સાંજે બ્રાહ્મણોની વાડીમાં આવજો એક નગરશેઠ બ્રાહ્મણોની ચોરાશી જમાડે છે. હું પણ ત્યાં જમવા આવવાનો છું. ત્યાં જે થાય તે જોયા કરજો. પછી આપણને ખ્યાલ આવી જશે !'

મનકોજી તો પ્રભુના કહેવા પ્રમાણે બ્રાહ્મણોની વાડીના દ્વારે જઈને ઊભા અનેક આમંત્રિત બ્રાહ્મણો ભોજનની ચિઠ્ઠી બતાવી બતાવી વાડીમાં પ્રવેશ કરતા હતા એવામાં એક દીનહીન વૃદ્ધ બ્રાહ્મણ વાડીના દ્વારે આવીને ઊભો. શેઠને કરગરવા લાગ્યો 'શેઠજી ! બબ્બે દિવસનો ભૂખ્યો છું, કૃપા કરીને ભોજન કરાવો '

'તને ચિઠ્ઠી મળી છે ?' શેઠે રૂઆબથી પૂછ્યું.

'ના, શેઠ, ચિઠ્ઠી તો નથી મળી '

'ત્યારે અહીંથી ભાગ ! અહીં રખડતા ભિખારીઓને ભોજન આપવામાં નથી આવતું '

'શેઠ, પ્રભુ તમારું ભલું કરશે. મને કૃપા કરીને અંદર જવા દો.'

'અરે ! એક વાર તો કહ્યું, મારું ખાધા વિના અહીંથી જાય છે કે નહિ ?' એમ કહીને શેઠે એક હડસેલો મારીને બ્રાહ્મણને દૂર ગબડાવી દીધો.

માન–અપમાનને ગળી જઈને બ્રાહ્મણ ફરીથી ઊભો થયો હવે તો કોઈને પૂછ્યાગાછ્યા વિના અંદર પંગતમાં જઈને જ જમાવી દીધું.

હવે શેઠનો મિજાજ ગયો. ત્રાડ પાડીને નોકરોને બોલાવ્યા અને પેલા ગરીબ બ્રાહ્મણને ઉપાડીને બહાર ફેંકાવી દીધો

મનકોજીનું હૃદય કરુણાથી ભરાઈ ગયું એક ગરીબ બ્રાહ્મણની આવી અવહેલના ! દોડીને એકદમ ત્યાં પહોંચ્યા. વૃદ્ધ બ્રાહ્મણને ઊભા કરતા પૂછ્યું . 'ભૂદેવ ! બહુ વાગ્યું ?'

બ્રાહ્મણે કહ્યું · ' ભગત ! મને તો કાંઈ વાગ્યું નથી. આ તો તમારી શંકાનું સમાધાન કરવા ખેલ રચ્યો હતો. સૌને 'વાહ વાહ'ની પડી છે. મારી તો ભક્ત વિના કોઈનેય પડી નથી. એટલે જ હું ભક્તની પાસે દોડયો દોડયો જાઉં છું ' આટલું કહીને પ્રભુ અન્તર્ધાન થઈ ગયા.

'અરે ! આ તો વિઠ્ઠલનાથ ! બીજી વખત હાથતાળી આપીને છટકી ગયા !'

ભગત તો ત્યાંથી સીધા ઘેર જવા નીકળ્યા. ડગલું માંડે અને વિઠ્ઠલનાથની યાદ આવતી હતી 'વિઠ્ઠલ.... વિઠ્ઠલ' કરતા શરીર રોમાંચિત થતું હતું. આંખમાંથી અશ્રુ સરતા હતા. એકાદશી અને દ્વાદશીના એમ બે ઉપવાસ થવાથી શરીરમાં પણ કાંઈક અશક્તિ આવી ગઈ હતી પગ લથડિયા ખાતા હતા.

(સૌથી સમરથ રાઘાવરનો આશરો ..)

ડગલે ડગલે વહાલા ! તું તો સાંભરે,
કેમ કરીને નીરખું તારું મુખ જો .... (૧)
આંખ છતાં અંધાપો મારે આવિયો,
આંખે વળગ્યું માયા કેરું ભૂત જો ... (૨)
વિયોગ દુઃખો શબ્દે સમજાવાય ના,
તું જાણે ને હું જાણું એ દુઃખ જો . (૩)
'પુનિત' મરશે અંતે દર્શન કારણે,
દયા કરીને દર્શાવો તમ રૂપ જો ... (૪)

ડગલે ડગલે હરિનું સ્મરણ કરતાં કરતા ભગત માર્ગ

કાપી રહ્યા હતા ભગત ભૂખ્યો હોય ત્યા સુધી પ્રભુને ચેન કેમ પડે ? દીકરો ભૂખ્યો હોય ત્યા સુધી બાપાને ભોજન શીદ ભાવે ! પ્રભુને એમ થયુ કે ભગતને મારે ગમે તેમ કરીને જમાડવા જોઈએ. કર્તા—અકર્તા—અન્યથાકર્તા એવા સર્વેશ્વર શ્રીહરિએ નિમિષ માત્રમા માર્ગમા એક સુંદર વાડી તૈયાર કરી નાખી. પ્રભુ બન્યા પટેલ અને લક્ષ્મીજી બન્યા પટલાણી. ભગવાન કોશ હાકતા હાકતા દુહા લલકારવા લાગ્યા:

(કાઠિયાવાડી દુહાનો રાગ)

મનડેથી મનડું મળે, ને કરીએ મનની વાત,
જગમાં મારો જન મળે, તો હૈયું ના રહે હાથ.
બંસીવાળો રાધેશ્યામ .. બંસીવાળો રાધેશ્યામ...

એ જ વખતે પટલાણીના વેશમા લક્ષ્મીજી ભાત લઈને વાડીમા પ્રવેશ્યા. પટલાણીએ પણ સામેથી જવાબ આપ્યો

હૈયું રાખો હાથમા, કાં તો કંઈ ફટકી જશે,
હું તો લાવી ભાત, કાને જાશે કોળિયો.
પંઢરપુરમાં વિઠ્ઠલનાથ . પંઢરપુરમા વિઠ્ઠલનાથ....

પટેલ અને પટલાણી આમ મીઠો વિનોદ કરી રહ્યા હતા અને ભગત ત્યાથી નીકળ્યા. લીલીછમ વાડીને જોતા જ તે વિચારમા પડ્યા : 'અરે ! અહીં આ વાડી ક્યાથી ? અનેક વરસોથી હુ આ રસ્તે થઈને નીકળુ છુ. કોઈ દિવસ આ વાડી તો જોઈ નહિ ! વાડી પણ કેવી સુંદર છે !'

ભગતને થયુ, બે દિવસનો ભૂખ્યો છુ. વળી મન પણ વ્યગ્ર છે. એટલે કદાચ રસ્તો ભૂલ્યો હોઉ. લાવને ત્યારે સુંદર મઝાની વાડી છે તો બે ઘડી આરામ કરુ.

ખોધલાજી ધીમે પગલે વાડીમા પ્રવેશ્યા. ભગતને જોતા જ પટેલે આવકાર આપ્યો : 'ભગતજી, જય.... વિઠ્ઠલ.'

'જય વિઠ્ઠલ...બાપલા....જય વિઠ્ઠલ.'

ત્યા તો પટલાણીએ વળી પાછો દુહો લલકાર્યો

ભગતડા ભીરૂ બને ને, દોડી પકડે પાય,
આંખે આંસુડાં વહે, શરણે લો પોકાર
ડાકોરવાળો રણછોડરાય....ડાકોરવાળો રણછોડરાય.

પટેલે તરત જ સામો ઉત્તર આપ્યો

ભગત તો ભડવીર છે, ભવની ભાવટ ભાંગતા,
વીર તણા એ વીર, વામાં પણ વાતુ કરે.
સીતારામ, જય સીતારામ...સીતારામ, જય સીતારામ,

પ્રભુભક્ત દંપતી જોઈને ખોધલાજીને તો ખૂબ આનંદ થયો માથાની પાઘડી ઉતારી કોશનું પાણી પીવા જ્યા ખોબો વાળ્યો ત્યાં પટેલે પૂછ્યું : 'ભગત, કા રે'વા ?'

'બાપ, ધામણગામ રે'વા.'

'ત્યારે તો મનકોજી ભગતને તો ઓળખતા હશો.'

'બાપ, હું જ છુ એ મનકો.'

'ત્યારે તો ભગત, જય વિઠ્ઠલ, જય વિઠ્ઠલ.' એમ કહી બળદોને ઊભા રાખી, પટેલ ભગતને ભેટી પડ્યા. 'ભગત, આપે તો અમારી વાડી પાવન કરી. ખરા તડકે આવી ગયા ભાતવાળી ભાત પણ લાવી છે. આપ થાકેલા પણ જણાવ છો. આજે તો બસ ભાત ખાઈને જ જાવ.'

પટેલનો પ્રેમ જોતા જ ભગતને હાર સ્વીકારવી પડી. લક્ષ્મીજીએ ભાત પીરસ્યુ અલકમલકની વાતો કરતા ભગત ને પટેલ પ્રેમથી જમ્યા લક્ષ્મીજીએ બંનેને પ્રેમથી જમાડ્યા.

'ભગત, વડને છાયે કલાક–બે–કલાક આરામ કરીને જજો. હવે કાંઈ ઉતાવળ તો છે નહિ'

સત્સંગની વાતો કરતા કરતા ભગતની આંખ મળી ગઈ. કલાક-દોઢ-કલાક આરામ કરીને પટેલની રજા લઈને ભગત ઘેર જવા નીકળ્યા.

વાડીની બહાર નીકળ્યા થોડુ ચાલ્યા-ન-ચાલ્યા ત્યા અને પાછુ વાળીને જ્યા જુએ છે તો ન મળે વાડી, ન મળે પટેલ, કે ન મળે પટલાણી.

'ઓત્તારીની વિઠ્ઠલો તો મને ત્રણ ત્રણ વાર હાથતાળી આપીને છટક્યો.' ભગત તરત ત્યાથી પાછા વળ્યા. વાડીના સ્થાને આવીને બોલ્યા : 'વિઠ્ઠલા, તુ ભગવાન છે તો હુ પટેલ છુ હું પકડ્યું પૂંછડુ નહિ છોડુ તુ મને છેતરીને આખરે જઈ જઈને ક્યા જઈશ ?'

(સંતોના શરણા અમીના ઝરણા, મહદા બેઠા કરશે રે)

છેતરીને ક્યા જાશો છોગાળા, છેતરીને ક્યા જાશો રે.
ઘટઘટમાં છે વાસો છોગાળા, છેતરીને ક્યા જાશો રે !
મન-મંદિરીએ કેદ કર્યા છે, પ્રેમની દોરે બાંધ્યો રે,
સ્નેહ તણી તો સાંકળ ચઢાવી, ભક્તિના તાળા વાસ્યા રે
હવે હું જોઉ તું મરદ કેવો, કેવો તુ જાતો નાસી રે.
ભક્ત રઝળતો મૂક્યો વિસારી, દુનિયા કરશે હાંસી રે.
બધી બાજુથી બંધાઈ ગયો છે,હવે ન છૂટવા આરો રે
'પુનિત'ને આજ ઘણાય દહાડે,આવ્યો લડવા વારો રે

ભગતના ભાવ પાસે ભગવાનને આખરે હાર સ્વીકાર-વી પડી. ત્યા ને ત્યા જ પ્રગટ થઈને પ્રત્યક્ષ દર્શન દીધાઃ

મોર મુકુટ શિર પર ધર્યાં, મુખ મોરલી ઘનઘોર;
વૃંદાવનની કુંજમા, જય જય જુગલકિશોર,
સીયાવર રામચંદ્રકી જય.

ભગવાન વિઠ્ઠલનાથના સાક્ષાત્ દર્શન કરીને ભગત કૃતાર્થ થઈ ગયા ત્યાથી ઘેર આવ્યા પણ કોઈ અનેરી દુનિયામા વિહરવા લાગ્યા. પ્રભુના દર્શન પામ્યા પછી તો એમને ઘટઘટમા વ્હાલમની મૂર્તિ દેખાવા લાગી

ભગતને સંસારથી સાવ અલિપ્ત રહેતા જોઈને માયા-તાઈએ પૂછ્યુ 'નાથ, હમણાના આપ મૌન કેમ છો ? કોકવાર કોક પક્ષીને એકીટશે બસ જોયા જ કરો છો, તો કોક વાર આકાશમા જોઈને આનંદ પામો છો.'

'દેવી ! મને તો આગળપાછળ, ઉપરનીચે, બધે જ વહાલા વિઠ્ઠલના જ દર્શન થાય છે'

(હરિના ગુણલા ગાતી જા તું..રામ કહો, ભાઈ ! રામ કહો)

આગળ વિઠ્ઠલ, પાછળ વિઠ્ઠલ(૨) વિઠ્ઠલ હો, વિઠ્ઠલ હો !
ઉપર વિઠ્ઠલ, નીચે વિઠ્ઠલ (૨) વિઠ્ઠલ હો, વિઠ્ઠલ હો,
વિઠ્ઠલ વિણ નહિ ઠામ છે ઠાલુ,
નજરે પડતો જ્યાં જ્યા ચાલુ;
સર્વત્ર હુ વિઠ્ઠલ ભાળુ... વિઠ્ઠલ હો.
જડ-ચેતન ને સ્થળમા જળમાં,
પશુ-પંખીના સઘળા દળમા,
પાણી-પવન ને વળી વાદળમા વિઠ્ઠલ હો.
સૂર્ય- ચંદ્ર ને તારાગણમા
રેતીના સૌ કોરા રણમા
પૃથ્વીના સૌ કણેકણમા વિઠ્ઠલ હો.
ઘરમા, વનમા, મુજ અંતરમા,
પહાડ ને પર્વત, ગિર-કંદરમા
'પુનિત' આંખે સચરાચરમાં, વિઠ્ઠલ હો.

મોટા ભાગનું કામ માયામાઈ સંભાળતા હતા પ્રભુની કૃપા-થી બીજુ વરસ સારું પાક્યુ આખુ ખેતર પાકથી લચી ગયુ. જુવાર પાકીને તૈયાર થઈ ગઈ. માયાતાઈએ કહ્યુ . 'નાથ, આખો દિવસ ઘેર બેસી રહો છો એના કરતા ખેતરે બેસીને પંખીઓને ટાળો બેઠા બેઠાં ભગવદ્-સ્મરણ થશે અને ખેતર પણ સચવાશે.'

બોધલાજી તો ખેતરે ઊપડયા. માચડા ઉપર બેઠા, પણ પંખીઓને ઉડાડવાની વાત નહિ નાનક જેવો ઘાટ થયો :

રામ કા પંખી, રામ કા ખેત,ખા લો પંખી,ભરભરપેટ.

માયાતાઈથી આ સહન ન થયુ. પતિને વધુ તો શુ કહે ? એટલુ જ કહ્યુ · 'નાથ, પંખીઓને ઉડાડતા હો તો !'

'દેવી ! બિચારા પંખીઓ ખાઈખાઈને કેટલુ ખાશે ?'

'નાથ, આ પંખીઓને જરાય ઉડાડશો નહિ તો થોડા દિવસોમાં આખું ખેતર સાફ થઈ જશે. ડૂંડામા દાણા જ નહિ રહે તો પછી આપણે ખાઈશુ શું ?'

ભગત હસી પડયા ને કહ્યુ : 'દેવી ! મને લાગે છે કે બધાનું ભરણપોષણ કરવાની જવાબદારી તમારે માથે આવી લાગે છે. જે પ્રભુએ એક કણમાથી હજાર કણ ઉત્પન્ન કર્યા એ શુ આપણુ ભરણપોષણ નહિ કરે !'

(માગુ , માગુ , માગું પ્રભુ ! એટલુ ...)

જન્મ આપ્યો, ભૂખ્યા નહિ રાખશે,
એક ભરોસો હૈયામા રાખ, એને માથે નાખ, ભૂખ્યા૦
જળચર, સ્થળચર, વનચર જે પ્રાણી,
નાનામોટા સૌ જીવ ને જંત, કર્યાં છે પ્રબંધ ભૂખ્યા૦
ભૂખ્યા ઉઠાડે, પણ ના સુવાડશે,
ચિંતા કરતો એ દહાડો ને રાત વિશ્વંભરનાથ, ભૂખ્યા૦
ચૌદ લોકનો સ્વામી છે શમળો,
'પુનિત' ચરણે ચોટાડી દે મન, ખાવા દેશે અન્ન.ભૂ૦

ભગતનો ભોળો સ્વભાવ જોઈને માયાતાઈએ પંઢરીનાથના સોગંદ દઈને કહ્યુ કે હવે કોઈને જુવારનું એક ડૂંડુ આપશો તો પંઢરીનાથના સમ છે છતાય ભગતે જુવારથી લહેરાતુ આખુ ખેતર સાધુઓને સપ્રેમ સુપરત કરી દીધુ . મનકોજીનું આખુ ખેતર સાફ થઈ ગયુ.

ભક્તો કોઈનું સ્વપ્નામા પણ બગાડતા નથી છતાય કોણ જાણે કેમ,ભક્તોનો દ્વેષ કરનારો એક વર્ગ રહે છે જ. દ્વેષ કરવાનું બીજુ કોઈ જ કારણ ન હતું, પણ દુકાળના વખતમા ભગતે જે અજોડ ઉદારતા દાખવી હતી એનાથી કેટલાક ગામલોકોની કમાવાની તક હાથમાથી સરી ગઈ હતી આનાથી ભક્તની કીર્તિ જામી હતી

(ચરિત્રો પ્રભુ તણા રે....રામ જેને રાખે રે....)

ભક્તોની જે કીર્તિ રે, દ્વેષીને ખૂંચે શૂળ સમી,
વાહ વાહ એની થાતાં રે, દુનિયા તો નવ શકે ખમી૦

સાખીઃ સત્કર્મ કાંઈ કરે જ નહિ, કરનારા પર દ્વેષ,
'હું બગડયો, સૌ બગડજો,'—કહેતો હરહંમેશ;
છિદ્રો ખોળી કાઢવા રે, બેઠા છે એ તો ટમટમી૦
સાખીઃ ઇજારો ડહાપણ તણો, રાખે એને ઘેર,
એનું ધાર્યું ના થતાં, કરશે સહુથી વેર;
કોઈનું ભલું દેખતાં રે, હૈયામાં ઊઠે સમસમી૦
સાખીઃ દુર્જનને નહિ શિંગડાં, દિલ બગડે દુર્જન,
અંતર કાળાં મેશ છે, કાળા એનાં મન,
'પુનિત' હરિભક્તિ રે, એને તો કો'દિ નવ ગમી૦

ગામના દુર્જનો કાખલી કૂટવા લાગ્યા. સૌ દુર્જનોએ ભેગા થઈને એવો વિચાર કર્યો કે, આ ભગતડો મોટો દાનેશ્વરીનો દીકરો થઈ ગયો છે, તો આણુ સાલ એને સમજણ પાડીએ જુવાર તો સારી પાકી હતી. પણ ભગતડાએ સાધુઓને ખવડાવી દીધી. હવે જમીનનું મહેસૂલ ભરશે ક્યાથી ? પાસે ફૂટી કોડી તો છે નહિ ભગત કોઈની પાસે બ્યાજવા માગવા આવે તોય કોઈએ આપવા નહિ.'

સમય થતા મહેસૂલની ઉઘરાણી થવા લાગી. બધે એક જ વાક્ય સાભળવા મળ્યું કે, 'મનકોજી મહેસૂલ ભરશે તે પછી અમે ભરીશું.'

તલાટીએ ભગત ઉપર કડક થઈને દબાણ કર્યું. તેમણે નમ્ર બનીને ઘરની સ્થિતિ જણાવી, પણ તલાટીએ એક જ વાત કરી : 'ભગત ! વરસ સારુ પાક્યુ છે. પછી તમે મહેસૂલ ન ભરો એ કેવુ ? તમે મહેસૂલ ભરો પછી જ બીજા ભરવાનું કહે છે. તમને બે–ચાર દિવસની મહેતલ આપુ છુ. ગમે ત્યાથી બંદોબસ્ત કરી લાવો, નહિતર મારે તમારા ઘર ઉપર જપ્તી લાવવી પડશે '

ભગત ગામમા બેચાર જણાને ત્યા જઈ આવ્યા, પણ કોઈએ પાચ પૈસા પણ ન પરખાવ્યા. તે નિરાશ થઈને ઘર બાજુ આવી રહ્યા હતા.

મહેસૂલ ભરવાનો છેલ્લો દિવસ હતો. તલાટી જપ્તીની તૈયારી કરતો હતો ત્યા વિઠયો મહાર આવ્યો અને કહ્યુ : 'તલાટી ! મને ભગતે મોકલ્યો છે. આ એમનું મહેસૂલ લો અને મને પાકી પહોચ આપો.'

તલાટીએ જપ્તી પાછી ખેંચી મહેસૂલ લઈને વિઠયા મહારને પહોચ આપી.

ખાલી હાથે ભગત ગામમા આવ્યા પૈસાનો જોગ થયો ન હોવાથી ભગત સીધા તલાટાની કચેરીએ આવ્યા અને કહ્યુ : 'તલાટી' સાબ, હું મહેસૂલ ભરી શકુ તેમ નથી. આપ ખુશીથી જપ્તી કરી શકો છો.'

'અરે ભગત ! તમે ભાગબાગ પીધી છે કે શું ? તમારો વિઠયો મહાર તો તમારા વતી મહેસૂલ ભરી ગયો. મે તેને પહોચ પણ આપી છે.'

'શુ કહ્યુ ? વિઠયો મહાર મારા વતી મહેસૂલ ભરી ગયો ? એ વિઠયો મહાર તો ચાર દિવસથી ખાટલે પડયો છે. એ ક્યાથી આપવા આવ્યો ?'

'કેમ ભાઈ, ભગત વતી વિઠયો મહાર મહેસૂલ ભરી ગયો. કે નહિ?'

કચેરીમા બેઠેલા ગામવાસીઓએ હામા હા ભણી.

મનકોજીની આખમાથી આભારના આસુ વહેવા લાગ્યા : 'નાથ ! મારે માટે તુ વિઠયો મહાર બન્યો ? ખરેખર, તુ અમારી બધી જ ચિંતા રાખે છે '

ત્યા તો મામાજી દોડતો દોડતો આવ્યો : 'બાપુ .. બાપુ, આપણું આખુંય ખેતર જુવારના પાકથી લચી રહ્યું છે ! જઈને જરા નજર તો કરી જુઓ.'

મનકોજી ખેતરે આવ્યા. જોયુ તો આખું ખેતર જુવારના પાકથી લચી રહેલુ. ભગતે મામાતાઈ સામે અર્થસૂચક દૃષ્ટિ નાખી. 'દેવી ! પંખીઓને કે સાધુઓને ખવડાવ્યાથી પાક કાંઈ ઓછો ઊતર્યો હોય તો જરા જોઈ લો !'

મામાતાઈ શરમની મારી નીચુ જોઈ ગઈ.

ભગત માચડે બેઠા અને હૃદયના ભાવથી ભજન લલકારવા માડ્યું

(જેને સહાયક શ્રી ગોપાળ [૨] ઊની આંચ ના'વે છે.)
મારા જીવન કેરી નાવ (૨) તારે હાથ સોંપી છે.
ચાહે માર કે ચાહે બચાવ (૨) તારે હાથ સોંપી છે.
ભવસાગરની ભૂલવણીમા ભૂલી પડી છે નાવડી,
એને ઠેકાણે તું લાવ (૨) તારે હાથ સોંપી છે. (૧)
એક જ છિદ્ર પડે નાવમા તોયે ડૂબી જાય છે.
અહીં તો ઘણા રહ્યા છે દ્વાર (૨) તારે હાથ સોંપી છે.
માયાજળથી દરિયો ભરિયો, મમતાના તોફાન છે,
'પુનિત' નાવલડી તું તાર (૨) તારે હાથ સોંપી છે ...૩

આજે પણ પંઢરીનાથના રાજભોગમા 'બાધા પટેલની બાટી' ધરાવવામા આવે છે. ◘


એક વખત એવો તો ભયંકર વંટોળિયો આવ્યો કે એક ગામમા અરધા ઝાડ પડી ગયા. બાજુના શહેરમાથી મહેમાનગતીએ આવેલા ભાઈને એ ન સમજાયુ કે અરધાં ઝાડ બચી ગયા શી રીતે એક ભોળા ખેડૂતે એમને સમજાવ્યુ : 'બધી બાબતનું કારણ હોય છે. જે ઝાડનાં મૂળિયા ઊંડા હતા તે બચી ગયાં. બાકીના ઊખડી ગયા.'

જે જીવનવૃક્ષના મૂળ ઊંડા ગયેલાં હોય તે જ જગતના તોફાની વાયરાઓ સામે ટકી શકે છે. આ મૂળિયા ઊંડા શી રીતે નાખવા એ ભાગ્યે જ કોઈને સમજાય છે. એટલે મોટા ભાગના માણસો આ વિષે ઉત્સાહ હોવા છતા અટવાયા કરે છે.

કિનારેથી નાવડીના દોરડા છોડ્યા વગર આખો મી ચીને આખી રાત હલેસા મારનાર ચોબાજીની જેમ મોટા ભાગની વ્યક્તિઓ આંધળો પુરુષાર્થ કરે છે ને એજે જ જતો જોવા મળે છે. પછી એમની જીવનનૌકા જયાથી ઊપડી ત્યાની ત્યા જ ફર્યા કરે એમા આશ્ચર્ય શું ? એમ ઘાણીનો બળદ ક્યા ઓછુ ચાલે છે ? પણ એમા યોજના ક્યા હોય છે ! ને જે કોઈ યોજના હોય એ ખોટી હોય છે.

એટલે જીવનઘડતરમા સહુથી મહત્ત્વનું સ્થાન છે આયોજનનું. જંગલનાં ઝાડ આયોજન વગર પણ વધે છે તો ખરા જ. પણ બાગના વ્યવસ્થિત ગોઠવાયેલા ને ઉછરેલા નાના છોડની તુલનામાં એ શોભા ન્હી શકે ખરા ? એમાં ઘટા નહીં, સ્થાન અને વિકાસનું મહત્ત્વ છે એ રખે ભુલાય.

લેખક : ફાધર હેમિલ્ટન



અનુ૦ પ્રકાશ ગજ્જર

લોકવાર્તામા આવતો અડવો સાસરે જઈને અનેક મૂર્ખાઈઓ કરીને પાછો આવ્યો, એટલે લોકોએ એની ખૂબ મશ્કરી કરી આ ટીલાને ભૂસવા માટે એણે ફરી એક વાર પ્રવાસે જવાની તૈયારીઓ કરી. આ વખતની એની તૈયારીઓ હતી તો મોટા પાયા ઉપર. એટલે એ મોટા ઉપાડે નીકળ્યો ત્યારે ગામલોકોએ એને પૂછ્યુ : 'આ વખત કઈ દિશામા ?'

'એ તો નક્કી નથી,' કહીને અડવો 'હૂ...' દઈને હસી પડ્યો અને ચાલતો થયો ! એ મહાપુરૂષ ક્યા પહોચ્યો હશે એનું મને આજેય આશ્ચર્ય થાય છે.

તો આયોજિત જીવનઘડતરનો સહુથી પહેલો ને સહુથી વધારે મહત્ત્વનો મુદ્દો તે જીવનનું આયોજન, પ્લાન. સામાન્ય રીતે કહી શકાય કે પંદર વરસ સુધી શિક્ષણ, પાત્રીસ વરસ સુધીમા વ્યવસાયમાં સ્થિરતા, પિસ્તાલીસ વરસ સુધીમા યોગ્ય બદલો, પચાવન વરસ સુધીમા એના લાભ, પાંસઠ વરસ સુધીમાં શાંતિ અને અશાંતિનો શંભુમેળો અને પછીનાં વર્ષો – જો મળે તો – આ જીવનયાત્રાના અંત અને મહાયાત્રાની તૈયારી — જીવનના કૈંક આવા ભાગ પાડી શકાય.

જોકે જીવન એ કાંઈ જડ ઘટનાઓનો યાંત્રિક સરવાળો નથી કે બધુ આમ જ થાય. તોપણ એમ કહી શકાય, 'પુત્ર પારણામા ને વહુ બારણામાં' એ કહેવતની જેમ

પાંત્રીસની આસપાસમા ઊપસેલો જિંદગીનો ઘાટ આપણને જરૂર કહી આપે કે ભાવિના શિલ્પને આપણે કેવી રીતે ઘડી રાખ્યુ છે.

જે ખરા જીવનઘડવૈયા હોય એ તો ઘણી નાની વયે નક્કી કરી દેતા હોય છે કે ભવિષ્યમાં શું કરવુ છે. જોકે કોઈ પણ વયે જીવનનું નવેસરથી આયોજન કરી શકાય છે, જો એટલી અગન ને લગન હોય તો !

જીવનમંદિરનુ વ્યવસ્થિત આયોજન કરનાર બરાબર જાણે છે, કે કેટલાયે વર્ષે હુ ક્યાં હોઈશ એના બધા આયોજન સંપૂર્ણ સાચાં ન પણ પડે તો પણ દરિયામા ગમે તેમ અફળાતા માણસ કરતાં એની સ્થિતિ ઘણી જ સારી હોય છે. કારણ કે એને ખ્યાલ હોય છે, કે પોતે ક્યારે ક્યા બંદરે નાગરવા માગે છે.

ભાવિ જીવનનું આયોજન કરવા બેસીએ ત્યારે બે વાતો ધ્યાનમા રાખવી જરૂરી છે : એક તો દૂરનુ લક્ષ્ય, અને બીજુ તત્કાળ લક્ષ્ય એક સપ્તાહમા, માસમા, વરસમા, પાચ વરસમા ને સમસ્ત જીવનમા આપણે શુ કરવા માગીએ છીએ એનો નકશો આપણા મનમા હોવો જોઈએ. એમા સ્પષ્ટતા માટે આટલા રંગો પૂરી શકાય. હુ શું શું જાણવા માગુ છુ ? હુ શુ કરવા માગુ છુ ? મારે [illegible] છે મારે શુ કમાવુ છે ? મારે શાના ઉપર સ્વામિત્વ મેળવવુ છે ?

વ્યક્તિત્વના આગવા વિકાસ વગર આ શક્ય ન બને. આગવી વિશેષતાઓ વગરના સામાન્ય માણસોનો આ દુનિયામા તોટો જ નથી. આપણને રોજ ઘણા માણસ મળતા હોય છે. એમાના મોટા ભાગનાને આપણે ભૂલી જઈએ છીએ. જ્યારે અમુક જણ ખાસ યાદ રહી જાય છે કારણ કે એમના વ્યક્તિત્વે આપણા ઉપર કોઈક નોંધપાત્ર મુદ્રા અંકિત કરી હોય છે. જ્યારે મોટા ભાગનાની પાસે આવી કોઈ જ વિશેષતા ન હોવાથી, માનવજાતના સિંધુમા એક નગણ્ય અને તુચ્છ બિંદુ બનીને એ ગમે તેમ અથડાયા કરતા હોય છે.

તમે જાણો છો, કે એવા માણસો કશો જ પ્રભાવ પાડી શકતા નથી, જ્યારે બીજા થોડાક પ્રભાવશાળી વ્યક્તિત્વના સ્વામી હોય છે. મોહક વ્યક્તિત્વ એટલે બનાવટી વ્યક્તિત્વ નહી જ. આ એક આગવો વિષય હોઈ, 'વ્યક્તિત્વ ઘડવુ જોઈએ' એટલી જ વાત કરીને આપણે એનાં થોડા પાસા આગળ તપાસીએ.

જીવનઘડતર અને વ્યક્તિત્વ-વિકાસનો એક ખૂબ જ મહત્ત્વનો મુદ્દો તે આપણી સર્જનશીલતા. આપણને સહુને શિલ્પકામ, કલાકારીગરી, સંગીત, નૃત્ય કે સાહિત્યસર્જન ફાવે એ શક્ય નથી, ને જરૂરી પણ નથી. પણ જે ક્ષેત્રમાં કામ કરતા [illegible] એના કલ્પ [illegible] દોડાવીને કોઈ ને કોઈ બાબતમાં કાઈક નવી પદ્ધતિ રીત, યોજના કે સાધન શોધવામા મનનો ઉપયોગ [illegible] શીખવુ જોઈએ. એનાથી આત્મસંતોષ મળે છે, અસ્મિતા પોષાય છે અને સર્જનશક્તિ ખીલી ઊઠે છે.

ટૂંકમા આપણી અંદર જે શકિતઓ સુષુપ્તાવસ્થામાં પડી છે એમને જગાડીને ઉપયોગમા લેતાં આવડવુ જોઈએ. એક વાત બરાબર યાદ રાખવા જેવી છે, કે મૂળભૂત રીતે જગતમા કોઈ જ વ્યક્તિને વધારે કે ઓછી શક્તિઓ આપવામા આવી નથી. વાતાવરણને લીધે, કોઈની પ્રેરણાથી કે પોતાની મહેનતથી માણસ એ શકિતઓને કેટલે અંશે જગાડીને ઉપયોગમા લે છે એ જ વધારે મહત્ત્વનું છે.

પોતાની અંદર રહેલા નેતૃત્વના ગુણોને વિકસાવવા એ પણ જીવનઘડતરનો એક ભાગ છે, એ જરા મુશ્કેલીથી મનમા ઊતરે એવી વાત છે. વિચાર, સંકલ્પ, આયોજન, નિષ્ઠા, ધીરજ, ઉત્સાહ, દૃઢતા, સ્વસ્થતા એ બધા નેતૃત્વના ગુણ ગણાય છે નેતા બનવા માટે નહી તો જીવનઘડતર કરવા માટે પણ આ ગુણો કેળવીએ તો વાંધો શો ? અને ભલે લોકોને ન દોરીએ, પણ પોતાની જાતને તો દોરવાની જ છે ને ! વળી ઘેટા જેવા બનીને, આંખ મીંચીને કોઈના દોર્યા દોરાઈએ એના કરતા એકલપથી સિંહ બનીને પોતાનો રસ્તો જાતે જ શુ કામ ન કરી લઈએ ? ભલે લોકનેતા ન બનીએ, પણ જીવનનું નેતૃત્વ જરૂર હાથમાં લઈ શકીએ.

જીવનઘડતરમા બીજી એક વધારે મહત્ત્વની બાબત છે તે પોતાના વિચારો, કલ્પનાઓ અને ભાવનાઓને વ્યક્ત કરવાની શકિતનો વિકાસ ટાંકી બરાબર ભરાયેલી હોય, પણ ચકલીઓ ના હોય તો ? કૂવાના પાણી બહુ મીઠા હોય પણ એમને બહાર કાઢવાની સગવડ ન હોય તો ? અભિવ્યક્તિની શક્તિ એ માટે કેળવવાની હોય છે, કે બીજી

શકિતઓને માર્ગ મળે ને એ પણ સાથેસાથે વિકાસ પામે.

આપણી વાતને યોગ્ય રીતે રજૂ કરતા આવડે, શબ્દોની પસંદગી ઉચિત હોય, સરળતાથી સાદા વંાકય નીકળતા હોય, બોલતી વખતે આયાસ ન લાગે, લખવાની બાબતમા પણ એ જ સરળતાનો અનુભવ થતો હોય–આ કળા જેને વરી હોય એ નસીબદાર જ ગણાય પણ પ્રયત્ન કરીને આ કળા સાધ્ય પણ થઈ શકે છે ને એ રીતે તમે પણ નસીબદાર બની શકો છો, એ વાત યાદ રાખવા જેવી છે.

આ બધાની સાથે પૃથક્કરણની શકિત સંકળાયેલી છે, એ રખે ભુલાય નોધવા જેવુ એ છે, કે આ શકિતને પણ ખીલવી શકાય છે. આ જગતમા પ્રત્યેક ઘટના પાછળ કારણો હોય છે ને પ્રત્યેક કારણના પરિણામ હોય છે. વિશ્વની તમામ બાબતો કાર્યકારણના સબધથી જોડાયેલી હોય છે ઊ ડુ પૃથક્કરણ કરવા લાગીએ ત્યારે આપણને એ સમજાય છે.

આમેય જાણ્યે–અજાણ્યે આપણે પૃથક્કરણ તો કરતા જ હોઈએ છીએ પણ એમા ઘણી વાર ગૂ ચવાઈ જવાય છે. એટલે મોટે ભાગે આપણું ગઈ કાલનું પૃથક્કરણ પસ્તાવો બની રહેતુ હોય છે ને આવતી કાલનું પૃથક્કરણ ચિંતાનુ રૂપ ધારણ કરી લે છે. ને એ દરમ્યાન આપણે તો સતત માનતા હોઈએ છીએ કે આ પૃથક્કરણ જ છે! સાચુ પૃથક્કરણ આપણી સામે જે તે પ્રશ્નને પોતાના યોગ્ય સ્વરૂપમા રજૂ કરે છે, એના નાનામોટા ટુકડા કરી આપે છે ને એ રીતે ઉકેલ લાવવાનુ સરળ બની જાય છે.

આટલુ બધુ કેળવનારો માણસ પણ જો પોતાનો સાચો જીવનવ્યવસાય નક્કી ન કરી શકે તો જીવનઘડતર માટેનો એનો બધો જ પુરુષાર્થ પાણીમા ગયો કહેવાય. બલ્કે જેણે પોતાનો જીવનવ્યવસાય શોધ્યો નથી એણે જીવનઘડતર કર્યું છે એમ કહેવાય જ નહી આપણે કયા વ્યવસાયમા છીએ અથવા જવા માગીએ છીએ એના ઉપર તો જીવનનો મોટો આધાર છે. કારણ કે સમય અને શકિતની દૃષ્ટિથી પણ જીવનનો મોટો ભાગ એ રોકી લે છે.

બધા જ શેઠ થાય તો નોકરી કોણ કરશે? બધા જ ઓર્ડર આપશે તો એ અનુસરશે કોણ? બધા જ પોલીસ ઇન્સ્પેક્ટર થઈ જશે તો પોલીસ કોણ રહેશે? બધા જ મહાન બની જાય તો મહાન કોણ ગણાશે?

દોઢસો રૂપિયાનો પગાર લાવનાર અસંતુષ્ટ કારકુને એક વાત વિચારી રાખવા જેવી છે, કે વર્ષે છત્રીસ હજારના પગારવાળી મેનેજરની જગા એને આજે આપવામા આવે તો એ તૈયાર છે? ‘એ લાયક છે?’ – એવો જલદ પ્રશ્ન પણ હુ ઉમેરું!

એ મેનેજર ન જ થઈ શકે એમ મારે કહેવું નથી; પણ એ માટે એણે જાતને કેળવવી જોઈએ, ઘડવી જોઈએ તૈયાર થવુ જોઈએ. કૈંક આપ્યા વગર અહીં કઈ જ નહીં મળે, એવો સનાતન નિયમ છે.

ને છેલ્લે તોય સહેજ પણ ઊતરતો નહીં એવો મુદ્દો આવે છે પોતાના વિકાસની સતત માપણીનો અંધારી રાતના અધારામા નાવને હલેસા મારતા પેલા નાવિક જેવી આપણી સ્થિતિ ન જ થવી જોઈએ; કે જેને ખબર જ નહોતી કે પોતે અત્યારે ક્યા હતો! આપણો પુરુષાર્થ સફળ થાય છે કે કેમ, જીવનના આયોજન અને નકશા પ્રમાણે આપણે ચાલી રહ્યા છીએ કે કેમ, આપણી દિશા અને ગતિ બરાબર છે કે નહીં.

આ ઉપરાત કેળવણી, તાલીમ, નિવાસ, વાતાવરણ, મિત્રો, વધારાના રસ, પ્રવાસો – ને આવી એક હજાર ને એક બાબતો વિષે આયોજન કરી શકાય. પણ મૂળ વાત આટલી છે: મને જીવનઘડતરમા ખરેખર રુચિ છે? મારા જીવનનું આયોજન કરવા હું તત્પર છુ? મારા વ્યકિતત્વના વિકાસ માટે મે શુ વિચાર્યું છે? સર્જન, પૃથક્કરણ અને અભિવ્યકિતની શકિતઓના વિકાસ માટે મારે શુ શું કરવું જોઈએ? નેતૃત્વના કયા ગુણ મારે વિકસાવવાના છે? વ્યવસાયનું કયુ ક્ષેત્ર હું પસદ કરીશ? મારા વિકાસને માપવા માટેના કયા કયા માપદડ મે નક્કી કર્યા છે?– આ કસોટીના પથ્થર ઉપર જાતને ચકાસી જોઈએ અને જીવનઘડતરનું વ્યવસ્થિત આયોજન આરભીએ.

આ આખી વાતની ટૂકી ફોર્મ્યુલા આટલી.
મારા જીવનનું લક્ષ્ય શુ છે?
એ સિદ્ધ કરવા માટે મારુ આયોજન કેવું છે?
એમા અવરોધો કયા કયા આવે તેમ છે?
એ ઓળગવા મે શી જોગવાઈ રાખી છે?

પૂરી સ ' પ્રશ્નોના જવાબ વિચારો અને તમારા મનઝખ્યા કામમા આગળ ધપો! ◻

"માણસ અંધકાર છે, જાનવર પ્રકાશ છે.' શહેરના વિશાળ ચોકમા વેચાણ માટે ઊભેલા એક બેહાલ ગુલામે ઉપરના શબ્દો ઉચ્ચાર્યા.

'રે ! માણસ થઈને માણસજાતને ગાળ દે છે !' ગુલામ બજારના નિયંતાએ આવીને ચાર ચાબુક વીંઝ્યા. અને એ કોડીના ગુલામની ખબર લઈ નાખી !

માનવતાનું ઝવેરાત

આખી બજાર ભરીને ગુલામોની લંગાર ખડી હતી. ગુલામોને હાથે-પગે સાંકળોથી બાંધ્યા હતા. ગુલામડીઓને માત્ર પગમાં જ જંજીરો હતી. સહુના ગળામા ગુલામપાટી લટકાવેલી હતી, જેમાં ગુલામનો આંક નોંધવામા આવ્યો હતો.

માણસજાત મૂળથી વેપારી નહોતી. કુદરતમાં બધું સભર હતું. જેને જે ખપે તે લે. જે એકને ખપે તે બીજાને ન ખપે. આ બે નીતિસૂત્રો સર્વત્ર પ્રચલિત હતા. શાસ્ત્રો એ વખતે રચાયાં નહોતાં.

માણસજાતે વિકાસનો પંથ ખેડ્યો. એ વેપાર કરતાં શીખી. એણે બધી વાતનો વેપાર કરવા માંડ્યો. એમાં માણસનો, માણસનાં બાળનો ને માણસજાતનો પણ વેપાર આરંભ્યો. જગતની તમામ બાબતો વેપારની રીતથી-નફાની દૃષ્ટિથી જોવા માંડી !

આ એક મહાનગરનુ પ્રતિષ્ઠિત બજાર હતું, જ્યાં ગુલામોનો વેપાર છડેચોક ચાલતો. કૂતરાં, બિલાડાં ને ઘોડાની જેમ માણસ વેચાતો અને ખરીદાતો !



'જયભિખ્ખુ'

બજારમાં સવારથી સારી ઘરાગી હતી. કેટલીય રૂપાળી ને સશક્ત ગુલામડીઓ જોતજોતામા વેચાઈ ગઈ. દેખાવડા દાસોની પણ સારી ઘરાગી નીકળી હતી. એ પણ સારા દામે ખપી ગયા. આજ બધો માલ વેચી નાખવાનો હતો, પણ પેલો બટકબોલો ગુલામ સાંજ થઈ, રાત પડી તોય ન વેચાયો !

કોણ લે એને ? એક તો એની વાણી વૈખરી, બીજો એનો કદરૂપો ચહેરો, ત્રીજો એનો ખંધો દેહ ! રંગ તો કલાડાની મેશ જેવો ! માલિક માગ્યા દામે આ ગુલામને ખપાવી દેવા તયાર હતો, પણ કોઈ ખરીદકિંમત પૂછવા આવે તો ને ! સામે પગલે એ કોઈ ગૃહસ્થને સગના ભાવે મરી જેવો આ સોદો કરવા કહેતો તો પેલો બોલતો : 'ભાઈ ! તારા ઘરની ઘો મારા ઘરમા ઘાલવી છે શું ? ઘરવાળી આવા કદરૂપા ગુલામને જોઈને પાછલી ગલીમાં થઈને સીધી પિયર ભેગી થઈ જાય !'

બટકબોલો ગુલામ લાખ લાખ યત્ને ન વેચાયો. એને આખી રાત ઢોરની કોઢમા નાખી રાખ્યો. પણ ગુલામ તો વાથી વાતો કરે એવો હતો એણે પડ્યા પડ્યા કોઢમા બાંધેલી ગાય સાથે વાતો કરી. વાછરડું ધાવવા તોફાન કરતું હતું, પણ ગળાનો ગાળિયો કઠણ હતો. જોર કરવા જતા કોમળ વાછરડાને મોઢે ફીણ આવી જતા. ગુલામે જાણે વાછરડાને સમજાવ્યું : 'ભાઈ ! આ તો માણસજાત ! તારું દૂધ તો લઈ લેશે, પણ તારા રક્ત ને માંસની જ્યા-

ફેત ન ઉડાવે તો સારું વત્સ ! સમજી લે કે માણસ અંધકાર છે, જાનવર પ્રકાશ છે !'

વહેલી સવારે ગાયને દોહવા ગુલામડી આવી. એણે અનાજની ઘૂઘરી ગાયને ખાવા આપી. પણ ન જાણે કેમ ! ગાયને આ ગુલામ સાથે એક રાતમા માયા બંધાઈ ગઈ હતી. એણે શી ગડાથી ઘૂઘરીનો ટોપલો ભૂખ્યા ગુલામને ખાવા હડસેલી દીધો.

'વાહ, મારી ગામાતા !' ગુલામે પગે ઘસડાતા પાસે જઈને ગાયને બકી ભરી ! એ ગુલામને અથવા ગુલામમાત્રને વતન નહોતું, માસોમ નહોતી, સગા-વહાલા તો હોય જ કયાંથી ? બાપની તો પિછાન નહોતી, માની યાદ સુદ્ધા ક્યાંથી હોય ! કોઈ રાતે કેટલાક હથિયારધારી માણસો વરુની જેમ તૂટી પડતા રે, વરુની સાથે આ માણસોને કેમ સરખા-વાય ? વરુ તો પેટ માટે હુમલો કરે છે. આ તો બધા પેટ ભરેલા માણસો હતા ! તેઓ સહુ ગુલા-મોને કૂબામાથી ઉપાડતા. જંજીરે બાધતા. કોરડાથી મારતા. પછી તો ન જાણે શુંનુ શું વીતતું !

ગુલામોની આ લગારને સાકળોથી બાધીને વેચવા માટે એક ગામથી બીજે ગામ લઈ જવાતી. મારગમા કોરડા વીઝાતા ને ચામડા ઉતરડાતા. ગુલામોનો આહાર પણ 'માર' થઈ ગયો હતો ! માર ખાધા વગર સોરી ન વળે !

આ બટકબોલો ગુલામ રસ્તે ચાલતાં વા સાથે વાતો કરતો. એવું એવું કઈ બોલતો કે દુઃખી ગુલામો હસી પડતા. મારગમા ગધેડા મળતા એને માણસ કરતા એ ડાહ્યા કહેતો. ખેલ કરતાં રીંછ કે વાનર મળતા. એને એ પરમાર્થી જીવો તરીકે ઓળખા-વતો. વનના વાઘ–સિંહ પણ માણસજાત કરતાં નિખાલસ છે, એમ સિદ્ધ કરતો. વાઘ પેટ માટે શિકાર કરે છે, પેટ પર પંડો નથી બાધતો માણસ ખાય છે થોડુ, સંઘરે છે વધુ. એના સંગ્રહને ધરતી પણ ઓછી પડશે !

આ ગુલામને ઉંદર, સાપ કે નોળિયા સજ્જન-શિરોમણિઓ લાગતા. આ ગુલામને કથાઓ બહુ આવડતી એનાં બધા દશ્ય અંગો કદરૂપા હતા, અદશ્ય અંગ જિહ્વા ખૂબ રૂપાળી ને મીઠી હતી. એ સુંદર વાર્તાઓ ને મોટે ભાગે પ્રાણીઓની કથા-ઓ કહેતો. એની કથાનો નાયક કોઈ પોપટ, તો કથાની નાયિકા કોઈ છછૂંદર રહેતી !

ગુલામની કથા કહેવાની કલા એની આગવી મૂડી હતી. પણ બીજી પણ એક મૂડી એની પાસે હતી, અને તે એક ખિસકોલી હતી. હારૂનના આખા ખજાનાના બદલામા એ ખિસકોલી આપવા તૈયાર નહોતો. આ ખજાનાની હિફાજત એને હારૂન બાદ-શાહ કરતા વધુ કરવી પડતી. કારણ કે માલિકો એ ગરીબ જાનવરને જુએ તો ભૂંજીને ખાઈ જવા તૈયાર થઈ જાય !

ખિસકોલી આ બટકબોલા ગુલામ પર ખૂબ પ્યાર રાખતી. આખી માનવજાત એને પોતાની શત્રુ ભાસતી, ત્યારે આ જાનવર એને પ્યારું લાગતું. આ ખિસકોલી ગુલામને ભારે લાડ લડાવતી. કોઈ વાર ક્યાકથી અખરોટ લઈ આવતી, કોઈ વાર તળેલી પૂરી ઉપાડી લાવતી. આવા સરસ સ્વાદ તો આ ગુલામે જીવનમા કદી કર્યા નહોતા. એ ખિસકોલી જરદાલુ કે અખરોટ ચોરી લાવી, ગુલામ સામે બેસતી અને ફોલીને એને હેતથી ખવડાવતી

ગુલામ કહેતો 'સંસારના માણસો વાત કરે છે કે માનુ સુખ સ્વર્ગમા પણ નથી, બહેનનો પ્રેમ પૃથ્વી પર ક્યાય નથી, ને પત્નીનુ સુખ તો અજબ છે. મારા માટે આ ખિસકોલી મા, બહેન કે બધું જ છે !'

શું માણસનો સુખ–દુઃખ આસ્વાદવાનો સ્વ-ભાવ ! આ વખતે ગુલામ પોતાની તમામ વિપદા-ઓ વીસરી જતો એની દુનિયા જાનવરોની હતી; ગધેડા, રીંછ શિયાળ કે બળદની હતી ! માછલાં એની સાથે વાત કરતા બગલા એને પોકારતા. ચામાચીડિયા ને રણના હોલાઓ ગુલામને બોલા-વતા ! નોધારા એ ગુલામનુ એ રીતે વિશ્વ ભરેલુ હતું ! પણ જાનવરનો મિત્ર બની, અક્કલનો બૂઠો નહોતો બન્યો એ કહેતો કે 'અક્કલ તો આદમીના સંગ-મા બુઠ્ઠી થઈ જાય, કારણ કે માણસને સ્વાર્થ સિવાય

કંઈ સૂઝતું નથી ! સ્વાર્થી જેવું મૂર્ખ કોઈ નથી.' ગુલામની અક્કલની તારીફ થતી. એક ગામથી બીજે ગામ ગુલામો કૂચ કરતા ત્યારે મોટા મોટા ભારવાળા ટોપલા ઊંચકવા પડતા. એક વાર સહુએ હલકા ટોપલા પસંદ કર્યા. આ ગુલામે ભારે વજનનો ટોપલો માથે લીધો.

'બેવકૂફ !' કોરડો મારીને ચાલવાની સંજ્ઞા કરતાં માલિકે કહ્યું : 'હાથે કરીને કેટલું વજન લીધું !' પણ થોડી વારમાં માલિકને ગુલામની બુદ્ધિમત્તાની ખાતરી થઈ ગઈ. એ ટોપલો રોટલાનો હતો. રસ્તો ચઢાવવાળો ને ખાડાખડિયાવાળો હતો. યાત્રિકો તરત ભૂખ્યા થઈ ગયા, ને રોટલા લઈને ખાતા ખાતા ચાલવા લાગ્યા. વળી બીજા ગુલામો ખાડા-ટેકરાવાળા રસ્તામા ખસી પડી હાડકાં ભાંગતા ત્યારે સૌની જરૂરતવાળો મહત્ત્વનો ટોપલો આ ગુલામને માથે હોવાથી, બધા એને બાવડે ઝાલીને ચલાવતા ને જાળવતા. થોડી વારમા રોટલાનો ટોપલો ખાલી થઈ ગયો. ગુલામ તો નિરાંતવો હળવા ભારે હાલવા લાગ્યો.

માલિક એના પર ખુશ થઈ ગયો. અને નવા નગરમાં જ્યારે ત્રણ ગુલામો જ વેચવાના બાકી રહ્યા ત્યારે એણે પ્રશસ્તિ કરતા કહ્યું : 'આ ગુલામ તનનો ગુલામ છે, પણ મનનો રાજા છે. એ બુદ્ધિશાળી છે. એ સારી કથાઓ પણ કહે છે.'

આ વખતે એક ગ્રીક ફિલસૂફ ઝેંથસ ત્યાથી નીકળ્યો. ત્રણે ગુલામો સસ્તા મળી જતા હોવાથી તેમ જ એક ગાયક, એક વક્તા ને એક કથાકાર હોવાથી ખરીદવાનો તેણે મનસૂબો કર્યો.

એણે એકને પૂછ્યું : 'તું શું કામ કરીશ ?'

'જે કહેશો તે.'

બીજાએ પણ એ જ જવાબ દીધો.

બે જણાએ જવાબ દીધો એટલે ત્રીજો પેલો બટકબોલો બોલ્યો, 'આ બે કામ કરશે, તો મારે કંઈ કરવાનું નહિ રહે. હું કથાઓ કહીશ.'

'પ્રામાણિક તો રહેશો ને ?'

'અવશ્ય. ખરીદશો તોય પ્રામાણિક રહીશું ને નહિ ખરીદો તોય પ્રામાણિક રહીશું. ધર્મગુરુઓ કહે છે કે પૂર્વજન્મની અમારી અપ્રામાણિકતાનું આ ફળ છે.'

'તમે તક મળતાં જંગલમાં નાસી તો નહિ જાઓ ને ?' ગ્રીક ફિલસૂફે તાવણી કરી.

'કોઈ પણ જીવ અંધકાર કરતાં પ્રકાશમાં જવું પસંદ કરે, સાહેબ ! માણસ અંધકાર છે, જાનવર પ્રકાશ છે. વળી આપ અમને શા માટે પૂછો છો ? કોઈ પિંજરના પંખીને જઈને પૂછો ને ! એ આનો તરત જવાબ આપશે.'

ફિલસૂફે ત્રણે જણાને ખરીદી લીધા. એ આખે રસ્તે વાતો કરતો ઘેર આવ્યો, પણ દરવાજામાં જ એની રૂપાળી પત્નીએ એને રોકતા કહ્યું : 'આવા કદરૂપા, બધા ગુલામને સસ્તામાં ઘરમાં સંઘરી, સમાજમાં તમે મને હલકી પાડી છે. આ રહ્યું તમારું ઘર !'

ફિલસૂફે પત્નીને ટાઢી પાડતાં કહ્યુ : 'તું એક વાર આ લોકોને સાંભળ તો...'

પણ સ્ત્રી એટલી ધીરજ ધરી ન શકી. એ પોતાને પિયર ચાલી ગઈ. ગુલામને માથે ઘરનો અને એમાંય રસોડાનો ભાર આવ્યો. એણે તે સંભાળી લીધો. જોતજોતામા પોતાની વાર્તાકલાથી ને પાકશાસ્ત્રની કલાથી બધાને વશ કરી લીધા. ખાણું લેતા લેતાં ગુલામની કથાની મજા આસ્વાદવી એ તે જમાનાનો એક શોખ થઈ પડચો.

જાનવરોને નાયક બનાવી ગુલામ ભાતભાતની વાતો કહેતો. એમા વ્યંગ રહેતો, શિખામણ રહેતી, તિરસ્કાર રહેતો, આનંદ વ્યક્ત થતો. આ મિજલસોમા છૂટથી મદિરાપાન થતું. ગુલામને એ ગમતું નહિ ! ધીરે ધીરે એણે પોતાનો અણગમો પ્રગટ કરવા માંડચો. અને છૂટી થયેલી એની જીભ એક વાર હદથી આગળ વધી ગઈ. એ બોલી રહી : 'આ મદિરાપાન ! જેઓ પોતાને સમાજમા શાણા લેખાવે છે તેઓનુ મદિરાપાન ! રે, પહેલે ઘૂંટડે તેઓને ગધેડાથી બદતર, બીજે ઘૂંટડે ગાડા ને ત્રીજે ઘૂંટડે હડકાયા થતા હું જોઉં છું.'

ગુલામની આ ટીકા પર બધા છંછેડાઈ ગયા, જાણે મધપૂડા પર પથરો પડ્યો. ગુલામનો ફિલસૂફ સ્વામી ઊઠ્યો. ગુલામને લાત મારીને ગટરમાં નાખી દીધો, ને કહ્યું : 'તારા માલિકને પણ ગાળ !'

'અત્યારે મારો માલિક મરી ગયો છે. કેફ ઊતરી ગયા પછી જીવતો થશે.'

'તું ગધેડો છે !'

'માણસ ખરેખર પોતાને ગધેડો કહેવડાવે તો તેને માટે એ વિશેષણ અલંકારરૂપ છે !'

ફિલસૂફ માલિકે ગુલામને છૂટો કર્યો. પણ આ બનાવ પછી એની આબરૂ વધી.

એ વખતે નગર પર શત્રુઓ ચઢી આવ્યાનો સંદેશ આવ્યો. યુદ્ધની કોઈની તૈયારી નહોતી. યુદ્ધ કોઈને ખપતું નહોતું સહુએ કહ્યુ 'શત્રુ પાસે શાતિદૂત મોકલો '

શાતિદૂત તરીકે આ ગુલામ પસંદ થયો.

પેલો ગુલામ શત્રુના ભવ્ય પાટનગરમા ગયો. આજ દિવસ સુધી એણે સુવર્ણના પ્યાલા ને મખમલ-મશરૂની જાજમો જોઈ નહોતી, એવા પ્યાલામા શરબતો પીધા નહોતા, એવી તળાઈઓ પર સૂતો નહોતો. રત્નજડિત મયૂરાસન સામે જઈને ગુલામ ઊભો રહ્યો.

શત્રુરાજાએ પોકાર કરીને કહ્યુ 'રે ! આવા કદરૂપા માણસને કરાળ કાળ જેવા મારાં લશ્કરો થભાવવા મોકલ્યો છે ? રે દૂત ! બોલ, તારે શુ કહેવું છે ?'

ગુલામ શાતિથી સામે બેઠો ને બાળકને વાર્તા કહેતો હોય તેમ બોલ્યો 'મહારાજ ! એક શિકારી હતો. શિકારે નીકળ્યો. વનમા એક બુલબુલ રહેતું હતું બુલબુલ ગાતું, નાચતું ને વગડો ગજાવતું !'

'ઓહ ! આ તો દૂત નહિ–કથાકાર છે ! સુંદર વાર્તા !' શત્રુરાજા ખુશ થતો બોલ્યો.

ગુલામે વાત આગળ ચલાવી 'શિકારીએ બુલબુલ પકડ્યુ. બુલબુલ બોલ્યુ ' 'રે મહાન શિકારી ! મેં કોઈને હણ્યું નથી મને શા માટે હણે છે ? હું તો સુદર ગીત ગાઉં છુ.'

શિકારી કહે, 'તારા ગીતને હું શું કરુ ? એ કંઈ ખવાય છે ?'

બુલબુલ કહે, 'દરેક ચીજની સફળતા ખાવામાં– વિનાશમા નથી એનાથી પણ કોઈ સુંદર ઊંચી વસ્તુ છે. તું કહે તો ગાઉં ?'

શિકારી કહે, 'મને તો 'ગા' કરતાં 'ખા' ગમે. વારુ ! ગા જોઈ ! '

બુલબુલે ગીત છેડ્યુ. શું સુદર ગીત ! આખું વન પ્રફુલ્લી ઊઠ્યુ . ફૂલ ખીલી ઊઠ્યાં. શિકારી નાચી ઊઠ્યો.

એણે કહ્યું : 'રે પ્યારા બુલબુલ ! તું ગાતું રહે, હુ સાભળતો રહું. ઓહ ! મારા સતાપિયા જીવનમા સ્વર્ગના આનંદનો અનુભવ થઈ રહ્યો છે. હિંસા નહિ, મને પ્રેમ જોઈએ છે.'

વાત સાભળી રાજા ખુશ થયો, એણે કહ્યું : 'ગુલામ ! આ કથા દ્વારા તું શું કહેવા ચાહે છે ?'

'મહારાજ ! જય અને પરાજય કરતાં મૈત્રી મહાન વસ્તુ છે હું શાતિદૂત છું, શાતિ માગું છુ.'

શત્રુરાજાએ શાતિ કબૂલ કરી ગુલામને ઘણા દહાડા પોતાના મહેલમા મહેમાન તરીકે રોકચો, એની પાસે જાતજાતની વાતો સાભળી ને આખરે ભાવભરી વિદાય આપી.

ગુલામ પોતાના નગરમા આવ્યો. લોકોએ હર્ષથી વધાવી લીધો એની પ્રતિમા નગરચોકમા મૂકી, જ્યા ગુલામ એક દહાડો વેચાણની ચીજ થઈને ઊભો હતો.

એની કથા કહેવાની મીઠી રીતરસમથી ગુલામ પંકાઈ ગયો, એને બધેથી માનપાન મળવા લાગ્યાં, પણ એનો પ્રાણીપ્રેમ એવો ને એવો રહ્યો પ્રાણીના પ્રેમ પાસે માણસના પ્રેમને તે તુચ્છ લેખતો. એ હમેશા કહ્યા કરતો 'માણસ અધકાર છે– સ્વાર્થનો. જાનવર પ્રકાશ છે–પરમાર્થનો.'

એક વાર બેબિલોન જેવા વિશ્વનગરમાથી એને બાદશાહનુ તેડું આવ્યુ ! એ શાહી દરબારમા ગયો. એણે લોકડીની, નોળિયાની, ઘોડાની, સર્પની વાતો કહી બધાને ખુશ કરી દીધા. બાદશાહે તેને સિંહા-

સન પાસે સ્થાન આપ્યું !

એક ગુલામની આટલી ઇજ્જત ! દરબારના ધર્મગુરુઓને આ વાત ખટકી. પોતાના ચરણની રજ લેવાને પણ જે લાયક નથી, એનું આ સન્માન !

એ પણ રોજ તેઓના પર પ્રહાર કરવા લાગ્યો. એક દહાડો એણે એક વાર્તાના અંતમા કહ્યું : 'આ ધર્મગુરુઓ ઉકરડા જેવા છે. જો વધે છે, તો દુર્ગંધ વધે છે ! જો ઘટે છે, તો ખાડા પડે છે.'

ભયંકર ખળભળાટ વ્યાપી ગયો ધર્મગુરુઓએ તખ્તને જગાડયું ! એને માનવદ્રોહી ઠરાવ્યો ને આખરે એને દેહાતદંડની સજા થઈ !

એક દિવસ એક ઊંચી ભેખડ પર એને ઊભો કરવામા આવ્યો. ને એ વખતે એ બીજી મૂંઝવણમાં હતો એના ખિસ્સામા કંઈ સળવળતું હતું. એને એ કહેતો હતો : 'મારી મા ! મારી બેન ! હવે તું જા ! માણસજાત જેવી નગુરી જાત બીજી કોઈ નથી. સત્યથી એણે રૂસણાં લીધા છે. જૂઠ ને અંધકારવાળી આ જાતની પાસેથી જલદી જંગલમાં ચાલી જા ! પ્રકાશમા ભળી જા !'

ખિસ્સામાં એક ખિસકોલી હતી. એ એનું કહ્યું માનતી નહોતી. આખરે સિપાઈઓ આવ્યા. તેઓએ તેને પૂછયું : 'તારે કંઈ કહેવું છે ?'

'ના, મેં ઘણું કહ્યું છે, ફક્ત આ ખિસકોલીને મારી પાસેથી દૂર લઈ જાઓ.'

સિપાઈઓએ ખિસકોલીને ખિસ્સામાંથી ઉપાડી લીધી ને એને ધક્કો માર્યો, નીચે આવેલી મૃત્યુખીણમા !

સૂરજ આથમ્યો. એ મૃત્યુ પામ્યો. એ વખતે કેટલાક લોકો ત્યાં ગયા. તેઓએ જોયું કે એના છૂંદાયેલા દેહની પાસે એક ખિસકોલી બેઠી હતી, મરેલા પુત્રની પાસે મા બેસે તેમ !

આ મહાન ગુલામ–ઋષિની એના મૃત્યુ પછી સો વરસે ગ્રીસની સાત ઋષિ-પ્રતિમાઓની પાસે આઠમી પ્રતિમા મુકાઈ. એ મર્યો પણ એની વાતોમા હજી અમર છે ! એનું પુણ્યવંતુ નામ છે ઇસપ. ઇસપની નીતિકથાઓ માનવતાનુ ઝવેરાત છે.

પુનિત પ્રકાશન મંદિરનાં પ્રેરક પ્રકાશનો

(૧)	અધ્યાત્મ માર્ગદર્શન–૧	તત્ત્વજ્ઞાન	૧–૨૦	૨૦
(૨)	" " –૨	"	૧–૨૦	૨૦
(૩)	" " –૩	"	૧–૨૦	૨૦
(૪)	" " –૪	"	૧–૨૦	૨૦
(૫)	ઇતિહાસનાં અજવાળા	ઇતિહાસકથા	૧–૨૦	૨૦
(૬)	ઉત્તરની યાત્રા–૧	યાત્રાપ્રવાસ	૧–૨૫	૨૦
(૭)	" –૨	"	૧–૨૫	૨૦
(૮)	કલ્યાણકુંજ–૧	પ્રેરક નિબંધો	૧–૦૦	૨૦
(૯)	" –૨	"	૧–૨૦	૨૦
(૧૦)	કામણગારો કાનુડો–૧થી૪	કૃષ્ણચરિત્ર	૪–૯૦	૮૦
(૧૪)	જીવનનું ભાતું	પ્રેરક પ્રસંગો	૦–૭૫	૧૫
(૧૫)	દાક્ષિણના તીર્થો	યાત્રાપ્રવાસ	૨–૦૦	૩૦
(૧૬)	પદ્મપરાગ	ચિંતનકણિકા	૧–૨૦	૨૦
(૧૭)	પુનિત પ્રસાદી(સચિત્ર)	પ્રસંગો	૧–૨૦	૨૦
(૧૮)	પુનિત પ્રસાદી (૧થી૪)	પ્રસંગો-સુવાક્યો	૦–૬૦	૨૦
(૨૨)	પ્રકાશની કેડી	પ્રવચનસંગ્રહ	૧–૨૦	૨૦
(૨૩)	પ્રભુના પ્યારા ૧–૨	ભક્તચરિત્રો	૨–૪૦	૪૦
(૨૫)	પ્રીતમના પ્રેમીઓ	"	૧–૨૫	૨૦
(૨૬)	પ્રેરણાની પરબ	પ્રેરક પ્રસંગો	૧–૦૦	૨૦
(૨૭)	બાપુની બલિહારી ૧	ગાંધીગુણગાથા	૧–૨૫	૨૦
(૨૮)	ભક્તિધામ વૃંદાવન	યાત્રાપ્રવાસ	૧–૨૫	૨૦
(૨૯)	મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન ૧-૨	મનોવિજ્ઞાન	૨–૫૦	૪૦
(૩૧)	રામના રસિયા	ભક્તચરિત્ર	૧–૨૫	૨૦
(૩૨)	રોગ અને આરોગ્ય ૧–૨	આરોગ્ય	૨–૪૫	૨૦
(૩૪)	વડલાનો વિસામો	આધ્યાત્મિક દૃષ્ટાંતો	૧–૦૦	૨૦
(૩૫)	હરિના લાડીલા	ભક્તચરિત્રો	૧–૫૦	૩૦
			૩૮-૪૦	૬-૩૫

ઉપરનો આખો સેટ એકસામટો ખરીદનારને, કોઈ પણ કિંમતે નહિ મળતા સંત 'પુનિત'ના પુસ્તકો 'નવધા ભક્તિ' ભાગ ૧થી૪ ભેટ મળશે, અર્થાત્ કુલ ૩૯ પુસ્તકોનો સેટ મળશે.

દુનિયાની દરેક ભાષામા તેનાં ભાષાંતરો થયેલાં છે. ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં તે જન્મ્યો હતો. ફ્રિજિયા નામનો દેશ તેની માતૃભૂમિ હતી. ભલભલાને ઈર્ષ્યા આવે એવી વ્યાપક કીર્તિને એ વર્યો છે.

આદિ ગુરુ



સી જી. વાલેસ

જીવનઘડતરની પહેલી શાળા ઘર છે. તેનો પહેલો પદાર્થપાઠ માબાપનુ વર્તન હોય છે. ઘરનુ શિક્ષણ. કુટુંબનો વારસો. માબાપના સસ્કારો. તેઓ શુ કહે છે એ જોવાનુ ખરું, પણ તેઓ શુ કરે છે એ વિશેષ જોવાનુ છે. આખ વાટે કેળવણી. પ્રત્યક્ષ અભ્યાસક્રમ. સતત ચાલતી જીવનશાળા.

એક વિદ્યાર્થીની વાત. છોકરો ખરાબ નહિ, પણ આદર્શ પણ નહિ. લહેરી, આળસુ, તોફાની. કામ કરી શકે એનો પા ભાગ પણ ન કરે. બુદ્ધિ સારી એટલે પરીક્ષામા સલામત. પણ હજુ જીવનની ગંભીરતા એ સમજ્યો નહોતો. હજુ શક્તિ પ્રમાણે કામ કરતા એ શીખ્યો નહોતો.

એના બાપને ચિંતા રહ્યા કરતી. છોકરો હજુ છોકરો જ છે એમ મન મનાવીને ધીરજ રાખતા, પણ છોકરો હવે આટલો નાનો તો નથી, હવે સમજુ થાય તો સારુ, અને હવે ન થાય તો ક્યારે થશે એ વિચાર કરીને એ ચિંતાતુર રહેતા. પોતે હતા પણ ગરીબ. રેલવેમા એંજિનડ્રાઈવરનુ કામ કરતા. એટલે જીવનની જવાબદારી એ બરાબર સમજતા, અને હવે પોતાનો દીકરો સમજે એ માટે પ્રયત્ન કરતા. ઘેર એને બહુ કહેતા, બહુ સમજાવતા. ગરીઓનો ધર્મ, કર્તવ્યનો અમલ, કામની પવિત્રતા. અને છોકરો બધુ સાભળતો, ખુશીથી સાભળતો, 'જરૂર' કહીને ને 'હા' પાડીને સાભળતો. ને તરત બધુ ભૂલી જતો ને પોતાની લહેરમા ને તોફાનમા ને છોકરવાદમા પાછો જતો. કોણ જાણે કેમ, પણ શાણપણની ઉંમર આવી ચૂકયા છતા શાણપણ તો એનામા હજી આવ્યું ન હતું

ને એમાં એ કારમો દિવસ આવ્યો. બાપને રેલગાડીમાં અકસ્માત થયો. પોતે એંજિન ચલાવતા હતા. મેલગાડીનું એંજિન એટલે ભારે જવાબદારી. રાતનો સમય હતો. ટ્રેનમા સેંકડો ઉતારુઓ સૂઈ જઈને ઊંઘતા હતા. એમની સલામતી એંજિનડ્રાઈવરના હાથમા હતી. ને તે ધ્યાનથી, સમય સાચવીને ને સિગ્નલ જોઈને ગાડી ચલાવતો હતો. વેરાન પ્રદેશનું મેદાન હતું ગાડી પૂર વેગે આગળ વધતી હતી. બીજા સ્ટેશનને આવતા હજુ વાર હતી.

પણ એકદમ એંજિનવાળાએ સામેથી એક પ્રકાશ જોયો. અનુભવી આખે એ તરત પારખી કાઢયો સામે આવનાર ગાડીના એંજિનનો એ પ્રકાશ નજીક આવતો હતો. ને પાટા તો એક જ હતા. એટલે અથડામણની પળ જ ગણવાની હતી. ક્ષણમાં એને વિચાર થયો 'મારી ભૂલ તો નથી થતી ને?'

ના. એ સમયસર નીકળ્યો હતો. પણ સામેના સ્ટેશનના સ્ટેશન-માસ્ટરની બેદરકારીથી એક માલગાડી ત્યાથી છૂટી હતી. હવે સામે આવતી હતી. પણ હવે વિચાર કરવાનો પણ સમય નહોતો. અકસ્માત તો થશે, પણ એ બને તેટલો હળવો બનાવવો એ એક જ વિચાર એંજિનડ્રાઇવરના મનમા હતો. સાપ્રથમ તો એંજિનમા પોતાની સાથે બે માણસો કામ કરતા હતા એમને બહાર કૂદી પડવાનુ કહ્યુ. એંજિનમા રહેવામા જીવનુ જોખમ હતું, માટે સાથીદારોનુ જીવન બચાવવાની પોતાની ફરજ સમજીને હુકમ કર્યો, અને એ રીતે એ બચ્યા પણ ખરા. પોતે ધારત તો બહાર પણ કૂદી પડીને પોતાનો જાન બચાવી શકયો હોત. અકસ્માત તો એની ભૂલથી થતો નહોતો માટે પોતાનો જાન બચાવવાનો એને પૂરો અધિકાર હતો. પણ પેલા સેંકડો ઉતારુઓની સલામતી એના હાથમા હતી. અકસ્માત તો થશે, પણ છેલ્લે સુધી જો તે એંજિનમાં રહીને બ્રેક મારી

મારીને ગાડીનો વેગ ઓછો કરી શકે તો આંચકો ઓછો લાગશે અને લોકોને ઓછું વાગશે.

ભારે આંચકો લાગ્યો. ઉતારુઓ ફાળ સાથે જાગ્યા. બહાર પડયા. દોડયા. મેલગાડીનું એંજિન તો ધક્કાના જોરથી પાટા ઉપરથી ગબડી પડયું હતું.

લોકો ત્યાં ભેગા થયા. એ જિનના ભંગારની વચ્ચેથી એંજિન ડ્રાઈવરનું શરીર દેખાયું. બહાર ખેંચવા ગયા, પણ ફાવ્યા નહિ, કારણ કે એના બંને પગ ભંગારની ભીંસમાં સપડાયા હતા, લગભગ કપાયા હતા. બહુ લોહી વહી ગયું હતું. પણ તે હજુ ભાનમાં હતો. લોકોને જોઈને એણે પૂછયુ : 'શું બધા ઉતારુઓ સલામત છે ?'– 'હા,' 'બસ, ત્યારે મારે ઘેર બધાને મારી છેલ્લી સલામ કહેજો.' એટલું કહીને એ શાંત પડયા, અને એને કોઈ ઇસ્પિતાલ-માં ખસેડી શકે તે પહેલાં એનો પ્રાણ ઊડી ગયો.

પછી એને ઘેર એની એ છેલ્લી સલામ પહોંચી. એ કારમા સમાચાર પહોંચ્યા. એ બલિદાનનો યશ પહોંચ્યો. એના એ લહેરી તોફાની દીકરાએ એ બધું સાંભળ્યું, જાણ્યું. એના બાપનુ મોત. અને એવું મોત -કર્તવ્યનિષ્ઠાથી, વફાદારીથી, બહાદુરીથી આદર્શ મોત. પ્રેરણાત્મક બલિદાન. અને એ એના બાપનું જે એને પ્રેમથી એવી શિખામણ આપતા. પણ હવે એ આપવા હાજર નથી એ બાપનુ. એ છોકરાના મન ઉપર ઊંડી છાપ પડી. એ શિખામણ હવે એને સમજાઈ. જીવનની ગંભીરતા, જવાબદારી, પવિત્ર-તા– બધું હવે એને સમજાયું. સમજાયું જ નહિ, એના વર્તનમાં પણ દેખાવા લાગ્યું. તેનો સ્વભાવ આનંદી ને પ્રસન્ન તો રહ્યો, પણ સાથે સાથે તે બરાબર કામે લાગ્યો. પોતાની પૂરી શકિત પ્રમાણે કામ કરવા લાગ્યો. અભ્યાસમાં ને પરીક્ષામાં આગળ આવવા લાગ્યો, અને ખરેખર, એના બાપનું સ્વપ્ન હતું એવો આદર્શ દીકરો એ બન્યો.

એ વિદ્યાર્થીનું પરિવર્તન જોઈને મારો એ વિચાર મનમાં દૃઢ થતો. ઘર એ જીવનશાળા. વાત્સ-લ્ય એ શિક્ષણનું આદર્શ માધ્યમ. પિતા એ આદિ ગુરુ. ▣

એક જાણીતા સરકસનો બોન્ઝો નામનો હાથી પોતાના સાલસ સ્વભાવથી અને આકર્ષક પ્રયોગોથી નાનાં બાળકોમા બહુ પ્રિય થઈ પડયો હતો. મોટા તંબૂની વચમાં તે નૃત્ય કરતો, સૂઈ જઈને મરણ પામવાનો ઢોંગ કરતો. સૂંઢથી અમેરિકન વાવટો લઈ બેન્ડવાળા સાથે માર્ચ કરતો.

પછી અચાનક તેનામાં પરિવર્તન આવી ગયું. તેણે ખેલ કરવાની સાફ ના પાડી. એટલું જ નહિ, પણ એક અઠવાડિયામા ત્રણ વખત ઉસ્તાદને મારી નાખવાનો પણ યત્ન કર્યો. જે હાથી પહેલાં નાનાં બાળકોને જોઈ, તેમની સાથે પ્રેમથી વર્તતો એ જ હાથી છોકરાંને જોતાં મોટી ગર્જના કરીને પગ પછાડતો. જાણે કે જો એનાથી બને તો એ તમામ છોકરાને પગ નીચે કચરી નાખે ! કોઈ પણ પ્રકારે એ શાંત થયો નહિ. એને પરિણામે એ સરકસના માલિકે એને મારી નાખવાનો નિશ્ચય કર્યો.

તે જમાનામાં પશુ–પક્ષી પ્રત્યે ઘાતકીપણું ગુજારનાર સામે પગલાં લેનારી મંડળીઓ ન હતી. આથી પથ્થરહૃદયી મેનેજરે એ હાથીને પ્રેક્ષકોની નજર સમક્ષ જ એને મારી નાખવાનો કાર્યક્રમ યોજ્યો. આ તમાશો જોવા માટે ટિકિટો પણ રાખી.

શનિવારે સવારે આ તમાશો જોવા, મુખ્ય તંબૂ-માં લોકોની ઠઠ ભરાઈ ગઈ. પાંજરાની આસપાસ બંદૂકોનો થોકડો પડયો હતો અને તેના વાપરનાર એક ખૂણામા ઊભા હતા. પાંજરામાં બોન્ઝો ગોળ ગોળ ફર્યા કરતો હતો થોડી થોડી વારે જાણે કે એ પોતાના અંતકાળની વાત સમજી ગયો હોય તેમ ભયંકર ગર્જના કરતો હતો.

પાંજરાની પાસે રિંગમાસ્ટર ભપકાભર્યાં વસ્ત્રો સાથે છેલ્લો હુકમ આપવા તૈયાર હતો. હુકમ આપ-વાની વેળા થઈ કે તરત એક ઠીંગણા માણસે રિંગ-માસ્ટરનો હાથ પકડયો. એણે જાડા કાચના ચશ્મા પહેર્યાં હતા ને મોટી ભરાવદાર મૂછો હતી.

'તમારે સાચે જ આ હાથીને મારી નાખવો છે ?'

'એનો બીજો ઉપાય નથી,' રિંગમાસ્ટર બોલ્યો.

'હાથી વીફરી ગયો છે અને હવે કોઈ પણ હિસાબે એ પાછો સારો થાય એમ નથી '


'મને એના પાંજરામાં બે મિનિટ જવા દો અને તમને તમારી ભૂલ સમજાશે.'

મેનેજર આ માણસને આશ્ચર્યથી જોઈ રહ્યો. ઘડીભર એને એ માણસના કહેવા પ્રમાણે કરવા દેવાની ઇચ્છા પણ થઈ, પણ પછી તરત એને વિચાર આવ્યો કે એ માણસને અ દર જવા દેવો એટલે અલ્પ સમયમા જ એને મોતને સ્વાધીન કરવાનો

' તમે બે-ત્રણ મિનિટમા માસનો લોચો થઈ જશો.' મેનેજરે કહ્યુ.

'મને એમ લાગ્યું જ હતુ કે તમે આમ કહેશો.' પેલા અજાણ્યા માણસે મરકતા કહ્યુ. ' તથી તો હુ સાથે કાયદેસરનુ ખત તયાર કરીને લાવ્યો છુ, જેથી તમને કોઈ નુકસાન પહોચાડી શકે નહિ. બધુ જોખમ મારુ જ છે '

સ્નેહનો જાદુ



ફુલ્ટન અર્સલર

સં. ધનસુખલાલ મહેતા

મેનેજરે પેલું કાગળિયું લીધું અને પછી ઑડિયન્સને આ વાતની જાણ કરી સે કડો માણસ આ સાભળી દિગ થઈ ગયા અને પોતાનામાથી જ એક માણસ આ ગાડાતૂર હાથીને મનાવવા પોતાનો જાન આપવા તૈયાર થયો છે, એ જાણી આશ્ચર્ય પામ્યા.

તરત પેલા અજાણ્યા માણસે પોતાની ટોપી અને ડગલો કાઢીને મેનેજરને આપ્યા ચશ્મા કાઢીને પોતાના જાકીટના ખીસામા નાખ્યાં અને પછી મેનેજરને કહ્યું ' હવે બારણુ ખોલો. '

બારણુ ઉઘડવાનો અવાજ થયો એવો જ હાથી બોન્ઝો ગોળ ફેરા મારતો અટકી ગયો ને પોતાની લાલવર્ણી આખોથી ઉઘડતું બારણુ જોઈ રહ્યો. બારણાનો આગળો ખસેડવામા આવ્યો એટલે આ ગજરાજના પ્રચ ડ શરીરમા કંપ જેવું થઈ આવ્યુ બારણામા જેવો પેલો અજાણ્યો દાખલ થયો તેવો જ એનો આગળિયો બ ધ કરી દેવામાં આવ્યો. બોન્ઝોએ ધરતી ધ્રુજાવતી ત્રાડ નાખી.પણ કોઈ પણ પ્રકારના હથિયાર વગરનો આ અજાણ્યો માણસ પોતે ઊભો હતો ત્યાં જ ઊભો રહ્યો

ધીમે ધીમે તે અજાણ્યો કાઈક બોલવા લાગ્યો. થોડાક શબ્દો સાંભળતાં જ હાથી શાત ચિત્તે વધુ સાભળવા ઉત્સુક બન્યો. આખું ઑડિયન્સ પેલા અજાણ્યાને બોલતા સાભળતુ હતું. પણ તે શુ બોલતો હતો તે સમજાયું નહિ. માત્ર બોન્ઝો તે ભાષા સમજતો હોય તેમ લાગ્યું

પ્રચ ડ શરીરમા હવે ક પ નહોતો, પણ આખું શરીર જાણે જડ થઈ ગયુ હોય તેમ લાગ્યુ. પેલો માણસ કડક પણ માયાળુ રીતે બોલતો જ ગયો ને આખરે હાથીએ એક નાની સરખી બાળક જેવી અને દયામણી ચીસ નાખી હાથીનુ માથુ આમથી તેમ હાલવા લાગ્યું. ને માયાભર્યા શબ્દોથી જિતાઈ ગયો.

હવે પેલો માણસ હાથીની પાસે સરક્યો. તેણે પોતાના હાથે સૂંઢ પસવારી. અને પછી તે સૂંઢને પકડીને પોતે પણ હાથીની સાથે પાંજરામા ધીમે ધીમે ગોળ ગોળ આંટા મારવા માંડયો. વાહવાહ'થી ત બૂ ગાજી ઊઠયો.

' બોન્ઝોને ખાસ કશું નહોતું,' પેલો અજાણ્યાએ મેનેજરને કહ્યુ : 'એને એનો દેશ, એનુ વતન યાદ આવ્યું હતું, જેમ આપણને પણ ઘણી વાર યાદ આવી જાય છે તેમ આ હાથી હિદુસ્તાનનો છે. એટલે મેં એની સાથે હિન્દુસ્તાનીમા વાત કરી અને તેને તે સમજાઈ ગઈ' આટલુ કહી એ વિદાય થયો

હાથમાં પેલુ કાગળિયું હતું તેની નીચે સહી વાંચતા મેનેજર સડક થઈ ગયો.


સહી હતી વર્ષો સુધી હિન્દુસ્તાનમા રહેનાર અને આલમ મશહૂર લેખક રૅડયાર્ડ કિપલિંગની.

મોંબદલો

સારગ બારોટ

તાલુકા આખામા અવ્વલકારકુન મ ગળભાઈની સુવાસ ફેલાયેલી હતી, અને સુવાસ કેમ ન ફેલાય ? જીવન એમનું હતું ય ઊઘડતા ફૂલ જેવું : સ્વચ્છ અને સુદર, સુવાસિત અને સોહામણ. કદી કોઈનો પાઈ પૈસો લેવો નહિ, કદી કોઈના ઉપર અમલદારી રોફ પાડવો નહિ, કદી કોઈના તરફ તોછડાઈ બતાવવી ન હ. ટૂંકા પગારમા પૂરુ ન થતા ગરીબ ખેડૂતોને કનડીને લાચ–રુશ્વત લેવાને બદલે એમણે જીવનની જરૂરિયાતો જ ઓછી કરી નાખી હતી

તાલુકા આસપાસના પચીસેક ગામોમા એમની વાહવાહ હતી આ ગામોમાના દરેક ખેડૂતને મ ગળભાઈ માટે ઊ ડો આદર હતો. એ આદરનું વારવાર પ્રદર્શન પણ થતુ. સરકાર માબાપે બક્ષેલા દરજ્જાને અને લોકપ્રિયતાને આછોપાતળો સ બ ધ હશે કે કેમ એ તો કોણ જાણે, પણ મુનસફ, ફોજદાર અને વહીવટદાર આ ત્રણેયની લોકપ્રિયતાના સરવાળા કરતા મ ગળભાઈની લોકપ્રિયતા વિશેષ ઘેરી હતી લોકોની એમના તરફ ખૂબ ચાહના હતી.



ચ હના હતી અને એવી અદ્ભુત ચાહના હતી કે ચાર ચાર વાર છોડેલા એમની બદલીના હુકમો લોક-આગ્રહને વશ થઈને મુલ્કી ખાતાને પાછા ખેચવા પડયા હતા સરકાર મ ગળભાઈને બદલવા માગતી હતી પણ લોકો એમને બદલવા દેતા નહિ મ ગળભાઈ પણ બદલાવાની ઝાઝી ઇચ્છા કરતા નહી.

પણ કયારેક તો માનવી બદલાય છે, કદાચ એમાં માનવીના પોતાના કરતા એના સ જોગો અને પરિસ્થિતિ વધુ જવાબદાર હોતા હશે, પણ હકીકત છે કે કયારેક તો માનવી બદલાય છે અથવા એને બદલાવુ પડે છે. કોઈ એક અદશ્ય બળના ખેચાણ આગળ માનવીને કયારેક નમતું તોળ્યા વિના ચાલતુ નથી.

સળગતા સ્ટવ પર મૂકેલી તપેલીમાં ભરેલા પાણીની સ્થિર સપાટીમા જેમ ગરમીનો સ ચાર થતા હલચલ એક જબરજસ્ત આદોલનમા પરિણમે, તેમ એક વિચારની ગરમી અડના મ ગળભાઈના માનસ-સરોવરના કાચન જેવા નીરમાં હમણાનો જરા ખળભળાટ મચી રહ્યો હતો ઊકળતા પાણીને શાત પાડવા તો સળગતો સ્ટવ બુઝાવી નાખીએ એટલે ઉકળાટ ઓછો થઈને શમી જાય, પણ મ ગળભાઈના મનમા જાગેલા વિચારની ગરમીને ચાવી મરડીને સળગતા સ્ટવની જેમ બ ધ કરી શકાય તેમ ન હતુ.

વાત જાણે એમ હતી કે મ ગળભાઈના પત્ની શાતાબહેનના જાવરા શરીરમા પાચમી સુવાવડ પછી ક્ષયરોગે પ્રવેશ મેળવ્યો હતો. પહેલાં તો મ ગળભાઈને કે શાતાબહેનને આ જીવલેણ દુશ્મનના અસ્તિત્વની જાણ જ ન થઈ. જીવલેણ દુશ્મનો હ મેશા બહુ ચુપચાપ પોતાનું સ્થાન જમાવી લેતા હોય છે

શાતાબહેન પહેલાં સુસ્ત રહેવા લાગ્યાં, પછી જરા ખાસીની અને હાડકચરિયા તાવની શિકાયત કરવા લાગ્યાં અને છેવટે બધાનું ધ્યાન ખેંચાય એવી રીતે ઓગળવા માડયા ત્યારે સ્નેહીઓએ સૂચન કર્યું કે 'મ ગળભાઈ, તમે તો ભગવાનના ઘરના માનવી છો ભલા માણસ, શાતાબહેનનુ શરીર પિ જાઈ રહ્યુ છે કોઈ દ ક્તરને દેખાડો.'

બીજાની વાતો ધ્યાનથી સાંભળવાની આદતવાળા મંગળભાઈએ ઘરની વાત પર ઝાઝું લક્ષ રાખેલું નહીં. સ્નેહીઓના સૂચનો સ્વીકારી તુરત જ શાંતાબહેનને તેઓ ગામના જાણીતા દાકતર પાસે લઈ ગયા. દુશ્મન ઘર કરી ગયો હતો એટલે દાકતરે મંગળભાઈને અમદાવાદ જઈ સર્જનને બતાવવાનું સૂચવ્યું. મંગળભાઈ પત્નીને લઈને ધડકતા હૈયે અમદાવાદ પહોંચ્યા.

પાંચ દિવસ અને પંચાશી રૂપિયાની વપરાશ પછી મંગળભાઈને જાણવા મળ્યું કે શાંતાબહેનને નક્કી જ ક્ષયરોગ છે. ડૉક્ટરે દવાઓ લખી આપી અને કહ્યું કે 'ચારેક મહિના કોઈ હવા ખાવાના સ્થળે, બની શકે તો મીરજ લઈ જવાથી કદાચ તબિયતમાં થોડો ફેર પડે.'

મંગળભાઈને થોડો ફેર પાલવે તેમ ન હતું. પિસ્તાળીસની ઉંમરે એ પાંચ સંતાનોના પિતા હતા. ઘરભંગ થાય તો મધદરિયે હોડી ડૂબ્યા જેવી ગત થાય એવી એમની પરિસ્થિતિ હતી. ગમેતેમ કરી પત્નીને બચાવ્યા વિના છૂટકો ન હતો. મહિના પછી શરૂ થનારી ગરમીની રજાઓના સંધાનમાં બેત્રણ માસની રજા મેળવી, છોકરાઓને મોસાળ મોકલી, પત્નીને લઈ મીરજ જવાનો મનસૂબો ઘડી નાખ્યો. મીરજમાં મડદાં બેઠાં થાય છે એવું એમણે સાંભળ્યું હતું.

પણ બચતના આંકડા સાનુકૂળ ન હતા. ઓછામાં ઓછો ખર્ચ કરે તોપણ આખી બચત ઉપરાંત પાંચસો-સાતસો બીજા જોઈએ એવી હાલત હતી. અને ઓછા ખર્ચે જીવલેણ દર્દના ઉપાયો કરવામાં નરી મૂર્ખતા હતી, એ પણ મંગળભાઈ જાણતા હતા.

મંગળભાઈને જીવનમાં મૂંઝવણો ઘણી વાર થઈ હતી. કાયદાની આંટીઘૂંટીમાં માત્ર અજ્ઞાનને કારણે ફસાઈ પડેલા માનવીની સચ્ચાઈ જાણ્યા પછી કાયદાને તોડ્યા વિના પેલા ફસાયેલા માનવીને શી રીતે ઉગારી લેવો? તગાવીના પૈસાનો હપ્તો ભરવા જેવી કોઈ ગરીબ ખેડૂતની હાલત જ ન રહી હોય તો એને બેપાંચ મહિનાનો મુદતવધારો કેમ કરી આપવો, બૂરી હાલતને કારણે એકાદ વર્ષ વેરો નહીં ભરી શકનાર ખેડૂતને કાયદાની કરડી નજરમાંથી શી રીતે બચાવી લેવો વગેરે કેટલીય મૂંઝવણો એમણે અનુભવી હતી. થોડાક વિચાર પછી દરેક મૂંઝવણનો કોઈ ને કોઈ ઉપાય એમને જડી જતો હતો. પણ આજે એમના જીવનમાં આવી પડેલી મૂંઝવણથી તેઓ સાવ અપરિચિત હતા. બેંકમાં ખાતું ખોલવા જેટલી બચત તો કદી એમની પાસે એકઠી થઈ જ ન હતી. મહિને પાંચ-પંદર બચતા તે વર્ષે એકાદ મોટો ખર્ચ આવી પડતાં વપરાઈ જતા. છતાં કદી એમને કોઈના આગળ હાથ લાંબો કરવો પડ્યો ન હતો. ઈશ્વરે અત્યાર લગી તો એમની આબરૂ સાચવી હતી, પણ હવે... હવે શું કરવું એ સૂઝતું ન હતું.

મૂંઝવણના બીજ આ નાનીશી મુસીબતમાંથી પાંગર્યાં હતાં, છતાં આબરૂ એમની સચવાતી આવી હતી. આ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ સચવાઈ રહે એવી એક શક્યતા મંગળભાઈને હમણાં થોડા દિવસથી દેખાઈ રહી હતી. પણ જે દિવસથી એમને આ શક્યતાનાં દર્શન થયાં હતાં એ દિવસથી વેદના વિશેષ વધી હતી. 'શક્યતાને સ્વીકારું કે ઠોકરે મારું' એવી દ્વિધાભરી લાગણી મંગળભાઈ અનુભવી રહ્યા હતા.

વાત આમ હતી. ગામ અડાણિયાના ઓછવ પટેલે દીકરીઓના હાથ પીળા કરવા એમનું વીસ વીઘાનું કુવેતર ગામ ગંદાદરાના ગંગુ શેઠને હમણાં જ વેચ્યું હતું. પાડાની કાંધ જેવી એ જમીનના નાખી દેતા વીઘે બારસો-પંદરસો ઊપજે તેમ હતું. પણ ઓછવ પટેલની આંગળી ચીપટમાં આવી હતી અને જમીનની નજીકમાં આવેલાં બે ગામો અડાણિયું અને ગંદાદરું અકર્મી માનવીઓનાં વતન લેખાતાં. બેઉ ગામ વચ્ચે એક જ સત્કર્મી શાહુકાર હતો અને એ ગંગુ શેઠ. એમના ચાર દીકરા મુંબઈ અને અમદાવાદમાં કેવાતું કે મબલખ વેપાર ખેડતા. ગંગુ શેઠ વતનમાં રહી પેઢીઓથી ચાલ્યો આવતો ધીરધારનો ધંધો અને પાંચ ગામમાં પુછાતી હાટડી ચલાવતા. ઓછવ પટેલની એક શેઢે આવેલી કુવેતરવાળી વીસ વીઘા જમીન ખરીદી શકે એવા ગંગુ શેઠ એક જ માનવી હતા. ઓછવ પટેલે દીકરીઓના ત્રણ વરસથી મુલતવી રખાયેલા લગ્નથી અકળાઈને છેવટે ગંગુ શેઠ આગળ પાઘડી નાખી અને શેઠે એ પાઘડીના છેડે પંદર હજાર બાંધી આપી, વીસ વીઘા જમીન ખરીદી લીધી. જમીન વેચાઈ ગઈ, પણ મોં વદલો હજી થયો ન હતો.

મંગળભાઈ માટે આ એક તક હતી અને સોનેરી તક હતી. સોનેરી એટલા માટે કે ઓચ્છવ પટેલની વીસ વીઘાની જમીનમા માપણીના થોડાક લોચા હતા. ધૂળ અને ઢેફાના ઢગલા રચી ખેતરની હદ બાંધતા બાણુ ચોમાસામા બેચાર ફૂટ ખસેડી નાખવા સહેલા હોય છે. પાણીની માયાના કારણે આ ફેરફાર જલદી કળી પણ શકાતો નથી. ઓચ્છવ પટેલની જમીનની દક્ષિણે સરકારી પડતર જમીન હતી. આ જમીનમા ઓચ્છવ પટેલની સરહદનાં બાણુ દર પાંચ-પદર વર્ષે ફૂટ-બે-ફૂટ જગ્મા દબાવતા આગળ વધે જતા હતા. પડતર જમીનને પોતાની કરવાનો આ કીમિયો ઓચ્છવ પટેલના દાદાના વખતથી ચાલ્યો આવતો હતો અને એ જ કારણસર સરકારને ચોપડે સાડા સત્તર વીઘાનું એ કુવેતર આજે વીસ વીઘાનું બની ગયુ હતુ જ્યારે જ્યારે સરકારી માપણીનો પ્રસગ ઊભો થતો હતો અને આ 'લોચા' તરફ માપણી કામદારનું ધ્યાન દોરાતું, ત્યારે એ ધ્યાનને બીજી દિશાએ દોરવા ઓચ્છવ પટેલ અને એમના પૂર્વજો માપણી કામદારનું ખિસ્સુ જરા ગરમ કરી દેતા ટૂંકા પગારના સરકારી નોકરો રાજ-વહાલા થવાની છોકરમત કરતા અચકાય છે. એમને રાજ-વહાલા થવા કરતા ગામ-વહાલા થવામા જ વધુ ફાયદો મળે છે.

પરિસ્થિતિ આવી હતી. ગગુશેઠ અને ઓચ્છવ પટેલ મોબદલાની અરજી દાખલ કરાવી ગમા હતા. ત્યાર પછી એત્રણ ગાઉની મજલ કાપીને ચારપાચ આંટા પણ ખાઈ ગમા હતા, છતા મગળભાઈએ હજી મોબદલો કરાવી આપ્યો ન હતો. રોજ હસતું રહેતુ એમનું મો જ્યારે જ્યારે ગગુશેઠ અને ઓચ્છવ પટેલ એમની કચેરીમા આવતા, ત્યારે બદલાઈ જતું બેઉ જણા શિરસ્તા મુજબની રુશ્વત આપવા ખુશી હતા પણ મગળભાઈ રુશ્વત લેતા ન હતા. એટલે એ બાબતની વાત કરતા બેઉ અચકાતા હતા લાચ પણ લે અને કામ પણ ન કરી આપે એવા અમલદારને શી રીતે સમજાવવો એ ઓચ્છવ પટેલને કે ગગુ શેઠને સમજાતું ન હતું. ત્રણ-ચાર વારના ફેરાફેરા પછી મગળભાઈના પેટમા શાનો દુખાવો છે એ જાણી લેવાનું ગગુ શેઠે નક્કી કરી નાખ્યુ – જો કે એમને ય મગળભાઈ લાચ ખાવા માટે પોતાને સતાવી રહ્યા છે, એ વાત ગળે ઊતરતી ન હતી.

મગળભાઈના મનમા ચગડોળ ફરતા હતા મોબદલાનું તો જાણે ઠીક, પણ અઢી વીઘા સરકારી જમીન ખેતરમાં ભળી ગઈ છે એ જાણ્યા પછી હજાર-પદરસો પડાવી શકાય તેમ હતુ આવો મોકો જિદગીમા બીજી વાર મળવાનો ન હતો અને ખરે ટાકણે, જ્યારે જરૂર હતી ત્યારે જ આવા સજોગો સરજાવા એટલે ઈશ્વરે શાતાની તાબમત સુધરે એ માટે જ આ નવી આવકની શક્યતાનો સકેત ઊભો કર્યો હશે, એવો એક અવાજ પણ મગળભાઈને હૈયાના ઊડાણમાથી આવતો લાગ્યો. આમ હોવા છતા આ બાબતમાં હજી એ છેવટનો નિર્ણય લઈ શકતા ન હતા. મલક પર મુલ્કી ખાતાની સ્થાપના થઈ ત્યારથી તે આજ લગી મોબદલા વખતે અવલકારકુનને રાજી કરવાનો રિવાજ ચાલ્યો આવે છે એ મગળભાઈ જાણતા હતા આ રિવાજ નિયમ બનીને બધે ચ નભી રહ્યો છે, એ પણ ઉઘાડી વાત હતી નિયમને ક્યારેક અપવાદ હોય છે તેમ માત્ર મગળભાઈની અવલકારકુનીમા જ આ નિયમ અપવાદ બની રહ્યો હતો. મગળભાઈનું મન મુસીબત વેઠી રહ્યુ હતુ કે અત્યાર લગી અળગો રાખેલો નિયમ અપનાવવો કે એમણે રચેલ અપવાદને અખંડિત રાખવો.

મરણના મુખમા ધસડાતી જતી પત્ની, પાછળ અસહાય બની જનારા બાળકો, મીરજાની મડદા બેઠા કરનારી ભૂગિના સ્વપ્ના અને દરિયે ડૂબતી હોડીની ભય કરતાથી મનને ઠીકઠીક પરિચિત કરી મગળભાઈએ નિર્ણય લીધો કે અપવાદની અખડિતના ભાગી નાખવી અને સર્વવ્યાપી નિયમને અપનાવી લેવો

'આવો, આવો, ઓચ્છવ પટેલ તમે ભાઈ, ત્રણચાર વાર ધક્કા ખાઈ ગયા પણ તમારી અરજી ક્યાંક અવળા હાથે મુકાઈ ગઈ હોય તેમ જડતી જ નથી. સાળું, કાઈ મેળ જ પડતો નથી.' મગળદાસે પચમી વાર એમની કચેરીમા આવેલા ઓચ્છવ પટેલ અને ગગુ શેઠને આવકારતા કહ્યુ.

'હોય સાહેબ, એ તો હજારો કાગળિયામા ક્યાક અટવાઈ જાય પણ સાહેબ, ભાઈસાબ! આજ તો એ જ્યા હોય ત્યાથી ખોળી કાઢો તો ઠીક બાપલા' ઓચ્છવ પટેલે કહ્યું : 'ટાટિયાના તોરણ થઈ ગયા અમારાં તો!' ગગુ શેઠ વગર બોલે જ ઓચ્છવ પટેલના શબ્દેશબ્દને સાથ આપતા હોય એવી મુખમુદ્રા કરી ઊભા હતા.

'તે એમા હુ શુ કરુ ભાઈ ?' મંગળભાઈએ જવાબ વાળ્યો 'મારો કોઈ વાક છે ? આ જુઓ, હજાર લફરા છે, માથા પર. સાલુ, એકલા હવે કેટલુ કામ થઈ શકે ?' મંગળભાઈ કામના કાગળોની થપ્પીઓ બતાવી રહ્યા હતા. ગગુશેઠ અને ઓધવ પટેલ, 'હોય હોય, સાહેબ ! કામ તો હોય જ ને,' એવા ભાવથી ગરદન હકારમા નમાવતા

ઓધવ પટેલે કહ્યુ : 'કામ તો હોય જ ને સાહેબ. આખા તાલુકાની જમીનોનો બોજ તમારા માથા પર છે એ કાંય અમે નથી જાણતા ? અમારે કણબીભાઈને તો સાહેબ પાચપદર ગાઉની ખેપ એટલે જાણે રમત વાત. પણ આ ગગુશેઠ બિચારા જીવ...'

'તે ગગુશેઠે તો હવે આવા કામો માટે કારભારી રાખવો જોઈએ એમને તો ભાઈ, કચનના મેહુલા વરસે છે પછી આ જ જાળ શા માટે જોઈએ ?' મંગળભાઈએ ગગુશેઠ તરફ જોઈ હસતા કહ્યુ.

અને ગગુ શેઠે પણ હસતા જ જવાબ વાળ્યો 'કારભારીઓથી કાંઈ શાહુકારીના ભાર ખેચાય, મંગળભાઈ સાહેબ ! એ તો જેવુ કામ તે જ કરે બેચાર પેટની વાત મારે તમને કહેવી હોય કે તમારે મને કહેવી હોય તો કારભારી મારફત કાંઈ થોડી જ વાત થાય ? અને ખરુ કહુ મંગળભાઈ સાહેબ, એ જમાનો તો હવે જતો રહ્યો, કે જ્યારે માનવીના નામ પર કામ થતા તા. હવે તો સાહેબ, એ આખની શરમ પણ ઘણી વાર નથી પડતી. તમ જેવા કોક લાખેણા હોય તો વળી આખની ય શરમ ગણે, નહિતર આજના કારકુનડા માબાપ, કાંઈ વાત કે'વા જેવી જ નથી. અને છતા ય સાહેબ, પથારો મારો લગાર મોટો છે, એટલે એકએ માનવી તો ટાપાટૈયા માટે રાખવા જ પડે છે પણ મોબદલામા તો જાત હાજર કર્યા વિના થોડુ ચાલે ?'

આદતને કારણે મંગળભાઈ વાતચીતની શરૂઆતમા રાખેલુ ગાભીર્ય નિભાવી શક્યા નહિ અને રોજની જેમ મળતાવડા બની વાતો કરવા લાગી ગયા આ બાબત તરફ એમનુ ધ્યાન ખેચાયુ એટલે તુરત જ એમણે મો પરનો ભાવ બદલ્યો, ગાભીર્ય ધારણ કર્યું અને બોલ્યા. 'ઠીક છે, ઠીક છે, ગગુશેઠ ! હુ તમારી અરજી જોઈ રાખીશ. હજી કદાચ મારા ટેબલ પર આવી જ નહી હોય તલાટી પાસે તપાસ કરો.' પોતાનાથી જ ડાબા હાથે મુકાઈ હશે ક્યાક એવો ઓડકાર કર્યા પછી મંગળભાઈએ અમલદારી નાખી.

'સાહેબ, તલાટી પાસેથી તો ...' ઓધવ પટેલે મંગળભાઈના કાન નજીક મો લાવતા ધીમેથી કહ્યુ 'રૂપિયા એકાવન ભરીને નમાલ પર કપાતની ય મંજૂરી આપી છે'

'એમ !' કહી મંગળદાસ ગર્વસૂચક રીતે ચૂપ રહ્યા.

'તમને ય રાજી કરીશુ, સાહેબ,' ગગુશેઠે વાત માંડી.

'રાજી તો કરશો જ ને શેઠ. મંગળભાઈએ કહ્યું : 'સરકારી જમીનના અઢી વીઘા કાંઈ મફતમા થોડા જ મળી જવાના છે ! મને કે સરકારને કોઈને તો રાજી કર્યે જ છૂટકો છે.'

ઓધવ પટેલના ચહેરા પર કાળો ઓછાયો ફરી ગયો. અઢી વીઘા જમીન તો એમણે પોતે જ એમના જીવન દરમ્યાન 'ચોરી' હતી. બાકીના બે વીઘા માટે એમના વડવાઓ જવાબદાર હતા, પણ જવાબ તો આજે એમને જ આપવાનો હતો. એ કશુ બોલી શક્યા નહિ. ખૂબ હોશથી ખરીદેલી જમીનમા સરકારી લફરુ ચોટેલુ જાણી ગગુ શેઠ પણ ગૂચવાયા

બેઉને ચૂપ જોઈ મંગળભાઈ આગળ બોલ્યા : 'મે ઓધવ પટેલ, જૂના નકશા કઢાવીને જોયા, બીજી પણ જે તપાસ કરવી ઘટે તે કરી અને છેવટે તમારી જમીનની ફરી માપણી કરી, પછી જ મોબદલાની અરજીનો નિકાલ કરવો એવુ નક્કી કર્યું છે. હમણા હાંડામા જરૂરી કાગળિયા કરી માપણી કરવાની તજવીજ કરીશ. ઝાઝા હાંડા ન બગડે એવુ કરીશુ. ગગુશેઠ '–ભાઈ, બીજુ તો હુ શુ કરી શકુ ?' છેલ્લા વાક્યમા બનાવટી ભલમનસાઈનો સૂર હતો. એ સૂરે પટેલના કાનના પડદા ચીરી નાખ્યા

મંગળભાઈ સાહેબ. ગરીબ માણસ ઠાર મરી જઈશ બાપલા.... વાતને દટાયેલી જ રહેવા દો બીજો જે વિધિ કરવાના હશે એ કરીશુ' પટેલે કહ્યુ

'હ ...' કહી મંગળભાઈ ચૂપ રહ્યા

'ભાઈ, કાયદાની રીતે મારે બધુ ચોખ્ખુચણક જોઈએ. આપણે તો જાણે ઠીક, પણ પાછી છોકરાઓને કોરટના પગથિયા ચડવા પડે એના કરતા વાતને પહેલાથી જ વાળી નાખવી સારી' ગગુ શેઠ બોલ્યા, 'આપણે મંગળભાઈ સાહેબ, તમને રાજી કરીશું જમીન તો આ કણબીએ મારા

ગળામા ભરાવી દીધી જ છે. હવે ફરી માપણીની તરખટ ઊભી કરીને તો તમે મને દડો છો, સાહેબ. ગુનો કર્યો ઓછવ પટેલે અને ભોગવવુ પડશે મારે !'

'એ તો કાયદેસર જે થતુ હશે તે થશે અને જેને ભોગવવાનું આવશે એણે ભોગવુ પડશે.'

'મગળભાઈ, આમ નામક્કર જાઓ એ કેમ ચાલે ! વાતને દાટવાની જ ગોઠવણ કરો. તમે કો' એમ કરીએ.'

'તો હમણા જાઓ શહેરમા, હટાણુ–બટાણુ કરવુ હોય તો કરીને સાંજે આવો મારે ઘેર બધી વાત પતાવી નાખીશુ અહી કચેરીમા તો હજાર માણસો આવે અને જાય, નિરાતે વાત નહિ થઈ શકે'

'ભલે, એમ રાખીએ સાહેબ'

એ સાજે કચેરીના કામમા મગળભાઈ રોજ કરતા જરા વહેલા પરવાર્યા ઘેર જતા રસ્તામા આવતી પાનવાળાની એક દુકાને પાન ખાવાનો એમનો રોજનો નિયમ હતો મોમા પાન મૂકતા એમની નજર સામે જ ગોઠવેલા અરીસા પર પડી. એમા પોતાનું પ્રતિબિબ દેખાયુ. મગળભાઈ જાણે ચમકી ગયા. એ કાચમા દેખાતો એમનો ચહેરો આજે જાણે જુદો દેખાયો એ જ ચહેરો હતો, એ જ ચામડી હતી. એ જ ટોપી હતી, છતા મગળભાઈને મુખમુદ્રા વિચિત્ર રીતે બદલાઈ ગયેલી લાગી એકાએક થયેલો આ 'મોબદલો' મગળભાઈને વિવશ કરી ગયો, પણ તુરત જ એમને ભાન થયુ કે પોતે એક ખોટી ભ્રમણાનો ભોગ બન્યા છે એમણે ધીમેથી ગાલ પર હાથ ફેરવ્યો અને પોતાની મૂર્ખતા પર સ્મિત કરતા આયના આગળથી ખસી ગયા ઘેર જતા રસ્તામા એમને લાગતુ હતુ કે એમનુ કાઈક ખોવાયુ છે. શું ખોવાયુ છે એ એમને સમજાતુ ન હતુ

મગળભાઈ ઘેર પહોચ્યા ત્યારે શાતાબહેનની તબિયત થોડીક વધુ બગડી હતી બપોર પછી ખાસીવધી હતી અને ગળફામા લોહી પડતુ હતુ લોહી તો બેચાર દિવસે ગળફામા એકવાર દેખાતુ, પણ આજ ગળફા અને લોહી બ નેનુ પ્રમાણ વધી ગયેલુ હતુ અમદાવાદના મોટા ડૉક્ટરની સૂચના મુજબ આવુ થાય ત્યારે શુ કરવુ અને કઈ દવાના પ્રમાણમા કેટલો વધારો–ઘટાડો કરવો, એ મગળભાઈએ એક કાગળમા લખી નાખ્યુ હતુ. ડૉકટરના એ સૂચનાપત્ર પ્રમાણે મગળભાઈએ દવાઓ આપી. અરધાએક કલાકમા ઉધરસ જરા ઓછી થઈ અને મગળભાઈને હાશ વળી.

સાંજે ગગુશેઠ અને ઓછવ પટેલ નક્કી થયા પ્રમાણે મંગળભાઈને ઘેર આવ્યા. હટાણુ તો એમને ખાસ કશું કરવાનુ ન હતુ, પણ પેઉ વચ્ચે મગળભાઈને આપવાની રકમ બાબતમા આ સમય દરમ્યાન ચોક્કસ પ્રકારની સમજૂતી થઈ હતી. થોડીક આડીઅવળી વાતો પછી ગગુશેઠે મુદ્દાની વાતના શ્રીગણેશ કરતા પાચસો રૂપિયા આપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો.

'અઢી વીઘા જમીનના પાચસો !' જમીન જાણે પોતાની હોય અને વેચવા બેઠા હોય તેમ મગળભાઈએ કહ્યુ. એમના અવાજમા ગુસ્સાનો રણકાર હતો.

'સાહેબ, સાતસો આપશુ, બસ ! હવે નકામા આકળા થશો નહિ.' પટેલે કહ્યુ

'જાવ, જાવ, ભલા માણસ ! આ તો તમને સાગ માણસ સમજી મેં હા ભણી, નહિતર આટલા વર્ષની નોકરીમા કદી એક પાઈ પણ લીધી હોય મે, એવુ જાણ્યુ છે તમે ?'

'સાહેબ, એટલે જ અમે ડરીએ છીએ' ગગુશેઠે કહ્યુ.

'લો જુઓ, નાખી દેતા એ અઢી વીઘા જમીનના પદરસોના ભાવે ગણીએ તો પોણાચાર હજાર થાય, મને અડધા તો આપો !'

'અડધા !' ઓછવ પટેલે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'બે હજાર.' ગગુ શેઠે હિસાબીપણુ આદરી આકડો ઉચ્ચાર્યો.

'સાહેબ, હુ ગરીબ, બચરવાળ માનવી, મરી જાઉં બાપલા !' પટેલ બોલ્યા.

'ઠીક, તો હવે મે જે કહેવુ હતુ તે કહી દીધુ છે. તમે બેઉ જણ સમજીને આકડો નક્કી કરો એટલે વાતનો નિવેડો આવે. હુ આવુ, જરા ચાની ગોઠવણ કરી આવુ,' કહી મગળભાઈ ઊઠ્યા અને બેઉ જણને 'અદર સમજવા' માટે એકલા મૂકી, મેડી પરથી નીચે ઊતર્યા

એ પાછા આવ્યા ત્યારે વાત અગિયારસોએ નક્કી થઈ હતી. મગળદાસે ગગુશેઠ અને ઓછવ પટેલના 'માનને ખાતર' આકડો મંજૂર રાખ્યો. નક્કી એવુ થયુ કે ત્રણચાર

દિવસમા પૈસાની વ્યવસ્થા કરી બેઉ જણાએ રકમ પહોં-ચાડીને મોબદલો કરાવી જવો

એ રાત્રે શાતાબહેનની તબિયત વધુ બગડી, બીજા દિવસે દવાઓ આપવા છતા લોહી પડતુ બધ ગયુ નહિ. રજા પર ઊતરી પત્નીને તુરત જ અમદાવાદ લઈ જવાનો વિચાર મગળભાઈ ને આવ્યો. પણ પોતાની ગેરહાજરીનો દુરુપયોગ કરી,એમની અવેજમા કામ કરનાર માણસ સો–બસો ખિસ્સામા મૂકી મોબદલો કરાવી આપે તો હાથમા આવેલી રકમ સરકી જાય તેમ હતુ.

બીજા દિવસે શાતાબહેનને લોહીની ઊલટી થઈ અને પછી તબિયત લથડવા માડી. ત્રીજા દિવસે સવારે પણ હાલતમા સુધારો થયો નહિ સવારે કચેરીનો સમય થતા મગળભાઈ ગયા. પત્નીની હાલત નાજુક હતી પણ એ દિવસે મોડામા મોડા ગગુ શેઠ અને ઓઘડ પટેલ આવી જશે એવુ નક્કી થયુ હતુ પૈસા મળી જાય તો એ જ દિવસે પત્નીને લઈ મીરજ ઊપડી જવા અંગેનો વિચાર હતો.

ઊઘડતી કચેરીએ ગગુશેઠ અને ઓઘડ પટેલ આવ્યા. પૈસા ગણી આપ્યા અને મગળભાઈએ તૈયાર રાખેલા કાગળિયા પર જરૂરી સહીસિક્કા થઈ ગયા તુરત જ મગ-ળભાઈ ઘર ભણી ઊપડયા 'શાતા હવે બચી ગઈ. આજે, પાચની ગાડીમા જ ઊપડી જઈએ ' મગળભાઈ મનમા આ વિચારનુ રટણ કરતા ઘેર પહોચ્યા.

ઘેર પહોચ્યા પછી બરાબર એક કલાકે શાતાબહેને દેહ છોડયો કડડભૂસ કરતી કોઈ ઇમારત તૂટી પડે તેમ મગ-ળભાઈનુ દિલ તૂટી ગયુ. સો–સોની અગિયાર નોટો એમની સામે આખમીંચામણા કરી રહી. બહુ જ મુશ્કેલીપૂર્વક મગજ પરના કાબૂને સાચવતા એમણે પત્નીનો અતિમ સસ્કાર કર્યો સ્મશાનેથી પાછા ફરતા રાત પડી ગઈ હતી.

ઘેર આવી એ અગાસી પર ચડી ગયા. ત્યા પડેલા મુજના ખાટલામા એમની થાકેલી – હારેલી કાયાને લાબી કરી નજર આસમાન પર પડી હીરાની કણી જેવા તીક્ષ્ણ પ્રકાશથી ચમકતા તારા ભાલાની અણી બનીને મગળ-ભાઈના અતરને વીધવા માડયા પછી જાણે એક સાથે બધા હસી ઊઠયા મગળભાઈએ કાને હાથ દઈ આખ મીચી પછી એ મિડાયેલી આખોમાથી આસુની ધાર વહી છાતીની ધમણ જોરજોરથી ફૂકાવા માડી પશ્ચાત્તાપની જ્વાળાના ભડકા મગળભાઈના રોમેરોમને દઝાડવા માડયા મધ્યરાત્રિ વીતતા એ તાપ અસહ્ય થઈ પડયો. તે ઊઠયા એક નજર તારાભર્યા આસમાન પર ફેરવી ધ્રૂજતો હાથ આસુ ટપકતી આખ પર ફેરવ્યો અને એ અગાસી પરથી નીચે ઊતરી ગયા.

રાત્રિના બે વાગવાને સુમારે ગામ અડાળિયાની સીમ વીધીને એક આકાર ઉગમણી બાજુથી ગામમાં પેઠો આકારના આગમનથી જાગી ઊઠેલ કૂતરાઓ ગામમાથા ગજાવી મૂકયુ લાકડીના ઠપકારાથી જતનુ રક્ષણ કરતો પેલો આકાર ઓઘડ પટેલની ડેલીએ પહોંચ્યો અને સાકળ ખખડાવી.

' કુણ એ ?' અવાજ ઓઘડ પટેલનો હતો. પ્રત્યુત્ત-રમા ફરી સાકળ ખખડી. ' આવુ છુ, કુણ હશે એ ? ' ઓઘડ પટેલે ફરી પૂછયુ. ત્રીજીવાર જવાબમા સાકળ ખખડી પટેલ ઊઠયા ફાનસ હાથમા લઈ ડેલીએ હાથમા ફાનસ લઈ ઝાપો ખોલ્યો. એમની નજર સામે મગળભાઈ ઊભા હતા.

' સાહેબ ! બાપલા ! આ ટાણે....'

' લ્યો પટેલ,' મગળભાઈએ પટેલને બોલતા અટકાવી ગજવામા હાથ નાખી, અગિયારસો રૂપિયાની નોટો એમના મો આગળ ધરી · ' લ્યો પટેલ, લઈ લો તમારા રૂપિયા '

'કેમ બાપલા ! મગળભાઈ સાહેબ, ઓછા પડયા ?'

' ના પટેલ, ઓછા નથી પડયા, પણ હવે એની જરૂ-રત રહી નથી જિંદગીમા કયારેય નહિ કરેલો એવો આ કામો જેના માટે કર્યો હતો એ તો પ્રભુના ધામમા સિધાવી ગઈ એમ કરો, આ પૈસા હવે ગામની જર્જરિત થયેલી નિશાળના જીર્ણોદ્ધારમા વાપરજો '

આટલુ કહી પટેલને આશ્ચર્યમા આળોટતા મૂકી મગ-ળભાઈ પાછા વળી ગયા. ચારેક દિવસ પહેલા પાનવાળાના કાચમા બદલાયેલુ જણાયેલુ એમનુ મો અત્યારે વગર આયનાએ એનુ મૂળ સ્વરૂપ ધારણ કરતુ હોય એવુ મગ-ળભાઈને ઘર તરફ ડગલા ભરતા લાગી ગયુ હતુ.



હૈયું હાથ ન રહ્યું !

ચુનીલાલ વ શાહ

ખલાલ માસ્તર છેવટે લાંબી માંદગી ભોગવીને ચાલી નીકળ્યા. જો તબિયત સારી રહી હોત તો હજી બીજાં દસ વર્ષ નોકરી કરી શક્યા હોત. પત્ની સંતોકબાઈ તો તેમનાથીય વયમાં નાના હતા. માસ્તર માંદગીની પથારીમા હતા ત્યારે પત્નીને પોતાના સોગંદ દઈને વારંવાર કહેતા : 'તું મારા મૃત્યુ પાછળ રડીશ નહિ. જો તું રડીશ તો અસદ્ગતિ થશે.'



માસ્તરનુ મડદુ ઘરમાંથી કાઢવામાં આવ્યું ત્યારે સંતોકબાઈની આંખોમાથી આંસુ વહેવા લાગ્યાં પણ સ્વર કાઢીને રડવાનુ ટાળી રાખ્યું. બીજાં બૈરાઓને પણ કહી દીધુ : 'કોઈ રડશો નહિ. બનવાનુ હતું તે બની ગયુ મારો ને એમનો લેણદેણનો સંબંધ હતો તે હવે પૂરો થયો.'

બીજા બૈરાઓએ સંતોકબાઈનુ કહેવું માન્યુ, પણ તેમની પુત્રીએ અને નણંદે તો ગળુ મોકળુ મૂકીને રડવા જ માંડ્યું.

કોઈ કે કહ્યુ : 'ગમે તેમ કહો, પણ લોહીની સગાઈથી આવે વખતે છાના રહી શકાય નહિ. બાપ મરે ત્યારે દીકરીનું અને ભાઈ મરે ત્યારે બહેનનુ હૈયું હાથ કેમ રહે ? તેમનુ રડવું તો ખાળ્યું ખળાય જ નહિ !'

સુખલાલ માસ્તરે જિંદગીભર હાઈસ્કૂલમા નોકરી કરી હતી, ટ્યુશનો કર્યાં હતા, પરીક્ષાનાં પેપરો તપાસીને પૈસા મેળવ્યા હતા અને કરકસર કરીને ઠીકઠીક બચત કરી હતી. તેમને સંતાનમાં માત્ર એક પુત્રી હતી તેને પરણાવી હતી. માંદગી દરમ્યાન માસ્તર રોજ પત્નીને આશ્વાસન આપતા અને પોતાની પાછળ તે સુખી–સંતોષી જીવન ગાળે એવું આગ્રહપૂર્વક સમજાવતા : 'જો, રહેવા માટે આપણુ પોતાનું ઘર છે. એક દુકાન છે તેનુ મહિને ચાલીસ રૂપિયા ભાડું આવે છે. બે હજાર રૂપિયા બેંકમા છે. આઠ હજારનાં સેવિંગ્સ સર્ટિફિકેટો છે. પાંચેક હજાર પ્રોવિડંટ ફંડના આવશે. પછી તને કયી તાણ પડવાની છે કે તારે કોઈ પ્રકારનું દુઃખ વેઠવું પડે ! તારે જરાયે મૂંઝાવું નહિ. તું તારે સુખેથી રહેજે. મેં જિંદગીમા જેવી કરકસર કરી છે તેવી તું નહિ કરે તોય તારે ચાલશે. દીકરી તેને ઘેર મજા કરે છે, એટલે કોઈ મોટું ખર્ચ માથે આવવાનુ નથી, સમજાયુ ને ? તારે મારા મૃત્યુ પછી મનમા લગારે દુઃખ લગાડવું નહિ કે રડવું નહિ.'

શ્મશાનેથી પુરુષો ઘેર પાછા ફર્યાં ત્યારે પડોશના બારા ઓરડામા સંતોકબાઈને ઘેરીને શાંત બેઠાં હતા, પણ સુશીલા તો, 'ઓ મારા બાપુજી રે !' એવો પોકાર કરતી બાના હૈયા પર માથુ ઢાળી બેઠી હતી માસ્તરની બહેન જમના પણ ઘૂમટામા મોં ઢાંકીને રાગ તાણી રડતી હતી.

બૈરા બેઉને સમજાવતા, શાંત રહેવા આગ્રહ કરતા, વીનવતા, ઠપકોય દતા, પણ તે શાંત થતા નહિ થોડી વાર વિરામ લઈ ને ફરીથી રડવા લાગતા.

ડાઘુઓ આવીને આગણામા હારબંધ બેઠા. માસ્તરના બનેવી છગનલાલ કોઠારી, તેમના જમાઈ રાઘવજી સઘવી, ન્યાતના શેઠ હઠીસિગ પારેખ, ઉપરાત ન્યાતીલાઓ, પડોશીઓ તથા સબધીઓ વગેરેથી આગણુ ભરાઈ ગયુ બીજાઓને રજા આપીને તુરત છગનલાલ કોઠારી તથા પાછળ રાઘવજી સઘવી ઓસરીમા આવી પાથરેલી જાજમ પર બેઠા.

તે વખતે સુશીલામા પિતાનુ અને જમનામા ભાઈનુ સ્મરણ પુન. વેગથી ધસી આવ્યુ અને બેઉ ઘર ગજાવવા લાગ્યા. રુદનના માપ ઉપરથી મૃત માનવી પરના હેતનુ માપ નીકળે છે એવી એ બેઉની સમજ હશે કે શું તે સમજાતું નહોતું, પરતુ વિશેષ અનુભવ પરથી કોઈ કોઈને લાગતું હતુ કે બેઉ હેતનુ ઊંચુ માપ અકાવવાની હરીફાઈ ચાલી રહી હોવી જોઈએ !

પરિણામે બિચારા સતોકબાઈને પોતાના દુઃખનું રુદન દબાવવા ઉપરાત પુત્રી તથા નણદના રુદન છોડાવવા સામેથી સમજાવવાં પડતા હતા ! તે પુત્રીને કહેતા. ‘ સુશીલા ! છાની રહે બેટા ! જોને, હુયે જાણે રણવગડામા એકલી બની ગઈ છુ, છતા રોવુ દાબીને બેઠી છું. સમજું છુ કે રોવાથી કાઈ મરનાર પાછા આવવાના નથી, અને તેમના આત્માને ઊલટુ કષ્ટ થવાનુ છે તો પછી રડવુ શા ખપનુ ?’ એ જ રીતે નણદને પણ રડવાનુ મૂકી દેવા સતોકબાઈ સમજાવતા અને શાતિ ધારણ કરવા કહેતા.

☆

પતિના અવસાનથી બીજે દિવસે સંતોકબાઈને ઘરમા એવી શૂન્યતા ભાસવા લાગી કે જે સહી શકાતી નહોતી ભલે પોતા પાસે ધન હતુ, ઘર હતુ, આવક હતી, ખાવાનો ટોટો નહોતો, પરતુ પોતાથી જીવનની એકલતા કેવી રીતે વેઠાશે એવું જ્યારે તેમને સાભરતું, ત્યારે એ દુખ તેમને રડવાની પ્રેરણા કરતું પ્રકટ સ્વર કાઢીને ન રડતા પ્રચ્છન્ન રડીને પણ હૈયાનો ભાર ઓછો કરવાને તે આતુર થઈ જતા પણ બૈરાં પાથરણે આવવા લાગ્યા કે પુત્રી અને નણદે પોતાના રોણા શરૂ કરી દીધા તેમને શાત રાખવાના ઉદ્યમમા બિચારા સંતોકબાઈને રડવાનો અવકાશ મળી શકતો નહોતો.

સંતોકબાઈ હવે ઘરમા એકલાં થઈ ગયા. અંતરના સગાથી કાઈ તેમને ટેકો આપવા જેવો સ્વજનધર્મ બજાવ્યા વિના સંસારમા ચાલે ?

અતરના સગા રહ્યાં બે : એક તો સુશીલા અને બીજી જમના. પોતાની જાત ઘસીને, સાચું સગપણ બતાવીને અને સમાજમા ઊજળુ મો રાખીને બની શકે તે બધુય કરવા સુશીલાનો પતિ જેવો આતુર હતો તેથી જરાયે ઓછો આતુર જમનાનો પતિ નહોતો કોઠારીનો દસ વરસનો દીકરો ચંદુ પણ વારે વારે સતોકબાઈ પાસે આવીને કહેતો, ‘મામી, મારાથી બને એવું કાઈ કામકાજ હોય તો મને જરૂર ચીંધજો, હો !’

મોરના ઈંડાને ચીતરવા પડતા નથી, તેમ વાણિયાના દીકરાને વડીલો વિનયી વર્તન શીખવવાનો યત્ન ન કરે તોપણ દેખાદેખીથી તેને તે આવડી જતું હોય છે !

તેરમુ—ચાદમું પતિ ગયુ. સજ્જા પુરાઈ ગઈ. ગોરના આટાફેરાનુ દાપું ચુકવાઈ ગયું ઓસરીમા બેઠેલા પુરુષવર્ગમાથી રાઘવજી સઘવીએ કહ્યુ : ‘ આજે સાજે હુ ઘેર જઈશ થોડા દિવસ એ ભલે રહે એની બા પાસે ’

ઓરડામાથી સુશીલા બોલી · ‘ હા, મારે તો રહેવુ પડશે. મારાથી બાને રેઢા કેમ મુકાય ? ભૂંડે શરીર નગળું. તેમા આવુ દુખ પડયું. શું કરીએ, ઘરમા કોઈ માણસ તો જોઈએ ને ! હું તો કહુ છુ, બા, તમે મારે ઘેર ચાલો ત્યા તમારા મનને આરામ મળશે ...’

સતોકબાઈ વચ્ચે બોલ્યા : ‘મારે હવે આરામને શુ કરવો છે, અને જીવીનેય શુ કરવું છે ! જ્યા તેમનો દેહ પડયો ત્યા મારો દેહ પડે એ જ મારે મન બધું છે. મારે ક્યાય જવુ નથી ’

અત્યાર સુધી સંતોકબાઈની ભાવિ અગેની ઇચ્છાનો ખ્યાલ કોઈને આવી શકતો નહોતો, બાપ્પાખા એવો સવાલ તો કોણ પૂછી શકે ? આ રીતે

જણાઈ આવ્યું કે તેમને ઘર છોડીને બીજે ક્યાંય જવું નથી. એટલે સુશીલા અને રાઘવજી સંઘવી વિચારમાં પડી ગયા.

તેમના ચહેરા ઊતરી ગયા, તે જોઈને છગનલાલ કોઠારી સલાહ આપવાને તૈયાર થયા : 'જુઓ, સંતોકબાઈ! અમે રહ્યાં ગામમા ને ગામમાં અને નજીકના સગાં, એટલે આ બાબતમા મારે ને માસ્તરને તેમની માંદગી દરમ્યાન સારી પેઠે વાતો થયેલી. તેમને મૂળથી જ મારા પર વિશ્વાસ કોઈ પણ ગૂંચવણવાળુ કામ હોય તો મને પૂછે અને હું તેમને કહું તે સવાવીસ એક દરે તેમની ઇચ્છા એવી હતી કે, પોતાની પાછળ સંતોકબાઈ આ ઘેર જ રહે અને ઘર સદા ઉઘાડુ રહે તેવી વ્યવસ્થા કરવી'

માતાને પોતાને ત્યાં લઈ જવાની વાત ઊડી ગઈ અને તે ઘર છોડવા ઇચ્છતી નથી એ નક્કી થયું, તે જોઈને સુશીલાએ વાતને ફેરવી તોળવા માડી : 'મારે મન તો બાને ગમે તે સત્તર આના. અહીં જ રહેવું હોય તો હુ ખુશીથી રોકાઈશ. અને સાભળો છો ?' ઓસરીમા ડોકાઈને તે બોલી : 'તમેય રજા લંબાવવા કચેરીમા અરજી લખી મોકલજો. અહીં રોકાયા વિના છૂટકો નથી. કોનું શું કરવુ અને કોને શું કહેવું તેની કાઈ મને સમજ પડે નહિ. તમારી જરૂર પડવાની'

'એમ હોય તો હુ કયા ના કહુ છું ? રહીશ અને વધુ રજા મંગાવીશ, પણ હુ છુ તેમ આ કોઠારી શેઠ પણ કયા ઓછા કાબેલ છે!'

'એમ છટકી જશો તે નહિ ચાલે, જમાઈરાજ!' કોઠારી શેઠ બોલ્યા . 'મારા કરતાં તમે વધુ નજીકના લેખાઓ તે તો સમજો છો ને! તો પછી તમારાથી ખસી કેમ જવાય ?'

'આ ખસી જવાની વાત નથી, કોઠારી શેઠ! પણ ગામને મોએ કાંઈ ગળણું છે! હુ વધુ રજા લઈને રોકાઉં એટલે લોકો કંઈ કંઈ વાતો ઉડાવવાના! કોઈ કહેશે કે સાસુ કોઈને દત્તક ન લે તે માટે જમાઈ થાણું નાખીને પડયો છે! લોકો અજબ પ્રકૃતિના હોય છે અને તેમાં ય આપણી ન્યાત એટલે ન પૂછો વાત! હુ તો એને ય અહીં રહેવા દેવા રાજી નહિ. પણ શું કરું ? માજીને કાંઈ એકલા રખાય ?'

પતિ ક્યાક આડા ફંટાઈ ન જાય તે માટે સુશીલા વેળાસર બોલી ઊઠી : 'લોકો ભલે ગમે તેમ બોલે લોહીનો નાતો કંઈ છોડાવાનો હતો.

'આપણે સગવડથી કોઈની સેવા કરીએ એને લોકો સ્વાર્થ સમજે એ એમના મનનો મેલ સમજવો. આપણે તેમની પરવા કરવાની ન હોય. મારે ઘેર પ્રભુનો પરતાપ છે. કશી વાતની ખોટ નથી. હુ તો સાફસાફ કહુ છું, કે મારી બા છે તો મારે મન બધુંય છે .. મને કોઈ બાબતનો લોભ નથી હુ ખરું કહુ છું, હો ફુઆ!'

'હુ સમજું છુ, સુશીલા!' તુરત કોઠારી બોલ્યા 'એવા લોભી–લાલચુ માણસમા અને મારા–તમારા જેવામા બહુ અંતર હોય છે. માસ્તર મને એ બાબત કોઈ વાર પૂછતા, પણ હું તો સીધો માણસ, એટલે કહી દેતો કે તેમા હું કાંઈ સમજુ–બમજું નહિ. મારા છોકરા છે તે તમારા છે. પછી તમારે મારી પૂછયાવાટ જોવાની ના હોય!'

કોઠારીની વાતનો મર્મ સમજતા સુશીલાની આંખો ચગી ગઈ રાઘવજી સંઘવીના કાનની ટીશીઓ લાલ થઈ આવી. સંતોકબાઈ મૂગા મૂગા સાંભળ્યા કરતા હતા.

કોઠારી જરા માથું નમાવીને ધીરેથી બોલ્યા : 'સાભળો, મારી વાત લોભની કે સ્વાર્થની નથી. હુ તો જે બન્યું છે તે કહુ છુ માસ્તરની ઇચ્છા એવી હતી કે પોતાની પાછળ પોતાના ઘરનું બારણું કાયમ ખુલ્લુ રહે તે માટે મારો બીજો છોકરો ? દત્તક આપવો, અને મે કહેલુ કે તમારે મારી પૂછયાવાટ જોવાની હોય જ નહિ.'

'ખોટી વાત! મારા બાપુજી એવું કહે જ નહિ ને!' સુશીલા બોલી ઊઠી . 'જુઓ, ફુઆ! તમે ગમે તેમ કહો, પણ મારા બાપુજીની આખ મીચાઈ તેને આગલે દહાડે હુ તેમને દવા પાતી હતી ત્યારે તેમણે મારું કાંડું પકડીને પલંગની ઈસ પર બેસાડીને કહ્યુ હતું કે, મારી પાછળ મારું જે કાંઈ છે તે બધું

માથાનો મળ્યો !

ઇરાનનો રાજા ફ્રેડરિક બીજો. હળવા વિનોદ માટે તેને સારી પ્રસિદ્ધિ મળી હતી.

જોન મે ડલ નામે એક પ્રસિદ્ધ ગવૈયો આવ્યો. અદ્ભુત સંગીતથી સમસ્ત દરબારીઓને પ્રસન્ન પ્રસન્ન કરી મૂક્યા સૌને એમ થયું કે, આને શો ય પુરસ્કાર મળશે

ફ્રેડરિકે એક કાગળ પર લખ્યું : 'જોન મે ડલ એક ગધેડો છે.'

ફ્રેડરિકે જોનને તે કાગળ વાંચવા આપ્યો.

જોન મનમાં તે વાંચી ગયો અને તે કાગળ ફ્રેડરિકને આપતાં કહ્યું : 'નામદાર, વાત સાચી છે પણ નીચે સહી તો કરો'

ફ્રેડરિકે નીચે સહી કરી

જોને તે પત્ર ખિસ્સામાં મૂક્યો, ત્યારે કો'ક દરબારીએ કહ્યું: 'જોન, વાંચો તો ખરા.'

જોને મોટેથી વાંચ્યું : 'જોન મે ડલ એક ગધેડો છે ફ્રેડરિક બીજો' ◻

તારું જ છે'

ગધવજીએ પત્નીને ઉદ્દેશી કહ્યું 'પણ હું સમજતો નથી કે એમાં જીભાજોડી કરવાની શી જરૂર ? માસ્તરે મૃત્યુ પહેલાં કોને શું કહ્યું હતું તેનો કોઈ સાક્ષી જ નથી ! હવે માનો કે તમારી વાત સાચી છે, પણ હું કહું છું કે તને તો લોભ-લાલચ છે નહિ. પછી માથાફોડ શાને કરવાની ?'

'હા, મને લગારે લોભ નથી એ ખરું છે' પતિની વાતને ટેકો આપતાં સુશીલા બોલી 'બા પોતાની ઇચ્છાથી દત્તક લેશે તો હું તેને ખરેખરો મારો ભાઈ માનીશ. હું મારી જાતના સોગંદ લઈને કહું છું કે, બાપુજીની મિલકતમાંથી એક તણખલાનીય મેં આશા રાખી નથી, અને બા પાસેથીય મને કશું જોઈતું નથી. પણ ફુઆ ! તમારી બાજીને ફાવવા દેવાની નથી, એટલું સમજી રાખજો ! મારા બાપના બનેવી છો અને ગામમાં રહો છો, તે ભલે, પણ માસ્તરની ઇચ્છાને નામે તમે આડું લાકડું ઘુસાડશો તે નહિ ચાલે !'

કોઠારીએ જરાયે ઊકળી ગયા વિના કહ્યું . 'મેં પહેલેથી જ કહ્યું'તું ને કે હું છું તે મારા સ્વાર્થની દૃષ્ટિએ કહેતો નથી, તો પણ તું મારા પર સ્વાર્થનો આરોપ મૂકે છે, તો ભલે મૂક ને ! પણ હું મારે મોએ કોયલા ચાવવાનો નથી '

'પણ અમે તો પહેલેથી જ સ્વાર્થ છોડીને વાત કરી છે ને તે સૌ કોઈ જાણે છે.'

છગનલાલ કોઠારીના હૈયામાં હવે રોષનો ઊભરો ચડ્યો તેમણે બોલવા માડ્યું . 'હવે ભલી થઈને બાંધી મૂઠી ઉઘાડ મા, બહેન ! હું કહીશ તો તને વસમું લાગશે પણ બધાય જાણે છે કે, બાપ હવે બચવાનો નથી એવું જોઈને જ તેં આટલી પડાવ નાખ્યો છે ! સાદગી તો લાંબી ચાલી હતી. તો વચ્ચે કેમ ચાર દિવસ ટોકાઈ નહોતી, કહે ને ! શું તું અમને ભોટ સમજે છે ? તને કે મંગવીને કશી આશા નથી ને લોભ નથી તેનો અર્થ હું સમજું છું, હોં ! માને જેમ તેમ સમજાવીને પોતાને ઘેર લઈ જવી છે ત્યાં તેને રાજી રાખીને તેનો દત્તક લેવાનો વિચાર માંડી વગાવવો છે, એ બધું કારસ્થાન મારી સમજ બહાર નથી ! પણ મારે શું ક્યાં કશુંય જોઈએ છે ? તું છે, તારી મા છે તમે બધા ગમે તેમ કરો ! આ તો નણદોઈ મૂઓ છું અને ગામમાં રહું છું તો આવું છું, પણ હવેથી ઓટલે ચડવું હરામ છે ! પછી તો તમને નિરાંત થશે ને ?'

એમ બોલતા જ કોઠારીએ ઊભા થઈ ખેસ ખ ખેર્યો, અને પાઘડી માથે મૂકી, કે તુરત સંતોક ખાઈ ગળગળે સાદે બોલ્યા · 'એમ શિદને કરો છો શેઠ ! અરે સુશીલા ! તમે બધાએ આ માંડ્યું છે શું ?' અને સંતોકબાઈ ખરેખર રડવા લાગ્યા !

પચીસ વરસ સુધી જે પતિની સાથે રહી સંસાર ચલાવ્યો, તે ચાલ્યો ગયો ત્યારે તે રુદનને દાબી રાખી શક્યા હતા, પરંતુ જ્યારે તેમણે જોયું કે એવા દુઃખના વખતમાં પોતાને કેવળ સ્વાર્થપ્રપંચી સગાઓ ઘેરી વળ્યા છે ત્યારે તેમને પતિની ખોટ ખરેખરી સાલી અને હૈયું હાથ રહ્યું નહિ ! ◻

ગેબી લાકડી


શંકરપ્રસાદ મારી સાથે વાત કરતા હતા ત્યાં ઓચિંતા અટકી ગયા. એમનું મોં પડી ગયું. મારી દિશામા ડોક લબાવીને જોઈ રહ્યા. મને આશ્ચર્ય થયું: 'શંકરભાઈ! શું છે ?'

પણ જવાબમાં શંકરભાઈ મારી બાજુમાં ઢળી ગયા. શંકરભાઈ જેવા અડીખમને ગભરાયેલા જોઈ હુ બેબાકળો બનીને ઊભો થઈ ગયો. પીઠ ફેરવીને જોયું તો કોઈ ગાંડો બગલમા ગોદડાનો ગાભો દબાવી લઘરવઘર હાલતમા અમારાથી થોડા કદમ દૂર ઊભો હતો એણે મુઠ્ઠીમા રેતી ભરી હતી અને એ રેતી અમારા ઉપર ફેંકવાની ચેષ્ટા કરતો હતો.

'એ.. ખબરદાર!' મેં તેને પડકાર્યો.

ગાડાએ અટ્ટહાસ્ય કર્યું એ અટ્ટહાસ્ય એવુ વિચિત્ર હતું, કે હુ થડકી ગયો. મે સાંભળ્યું હતું કે ગાંડા માણસોમા અમાનુષી તાકાત હોય છે. એ વીફરે છે ત્યારે ભલભલાને ભારે પડે છે. આ ગાડાને જોઈ મારી છાતીમા પણ ભય પેઠો. એ હુમલો કરે તો યે રોકવાની મારી તાકાત નહોતી હુ વનમા તો પ્રવેશી ચૂક્યો હતો વળી છેલ્લા વિશ્વયુદ્ધ પછી મોઘારતે એના એક એકથી ચઢિયાતા દાત ભી સી મને સાવ બોખુ બનાવી મૂક્યા હતા

'હાંકી કાઢો એ ગાડાને!' પાછળ બેઠી રહીને શંકરભાઈએ હાકલ મારી



શંકરભાઈની હાકલે તો ગાંડો વીફર્યો. એ નજીક આવવા લાગ્યો. શંકરભાઈ પાસે પડેલી લાકડી મેં ઉપાડી લીધી અને ગાંડાને રોકવા મેં લાકડી બરાબર પકડી. પણ તે નજીક આવીને અટકી ગયો. હાથમાંની રેતી ફેંકી દીધી અને ખડખડાટ હસતો જાણે કે છે જ નહિ એમ એના ગાભાને બગલમાં જોરથી દબાવતો એ ચાલ્યો ગયો. ક્યાય દૂર સુધી ગયો ત્યારે મેં નિરાતનો શ્વાસ લીધો. તાલુકા સ્કૂલને ખૂણેથી હવે અમારા બીજા મિત્રો પણ આવતા હતા. એટલે મારે કે શંકરભાઈને વિશેષ ચિંતાનું કારણ નહોતુ. હુ સ્વસ્થતાથી શંકરભાઈની પડખે જઈને બેસી ગયો એ તો મોં ભારે કરી બેઠા હતા

'ગંડા લોકોનો ભરોસો નહિ એ ઘડીમા તોફાન કરી મૂકે'

શંકરભાઈ એકે શબ્દ બોલ્યા નહિ. એ જમીનને તાકી રહ્યા હતા. મને શંકા થઈ. બીકથી એ અવાક્ તો નહિ બની ગયા હોય ને? પણ એ શંકા પળમાત્ર ટકી શંકરભાઈનો નરવો અને સ્પષ્ટ અવાજ સંભળાયો 'મહાદેવ!'

અને આવનાર મિત્રો 'મહાદેવ' કહી ચંદ્રાકારે ગોઠવાઈ ગયા હવે મને બીક લાગી. શંકરભાઈ ઉપર ગાંડાના ઉશ્કેરાટની કોઈ અસર થઈ નહોતી. હું જ પોચો એટલે ગભરાઈ ગયો હતો. શંકરભાઈ આ વાત મંડળીમા ચર્ચશે તો મારી શરમનો પાર રહેશે નહિ આ મંડળીથી બીવાનુ કારણ હતુ અહીં

અલકમલકની વાતો થતી, જાતજાતની ચર્ચાઓ થતી પણ મ ડળી સોળે કળાએ તો ત્યારે ખીલતી જ્યારે તેમના હાથમા કોઈની નબળી કડી આવતી. એ વખતે કોઈ ને ખ્યાલ રહેતો નહિ કે નબળાઈ, એક યા બીજા સ્વરૂપે, સૌમા ભરી છે એક ગાડાથી હુ ડરી ગયો અને લાકડી ઉપાડી હુ ગાડાને ડારતો હતો ત્યારે મારા પગ ધ્રૂજી રહ્યા હતા એ વાત શ કરભાઈ આ મ ડળીમા કહેશે તો મારી ખેર નહોતી બધા મને વ્યગથી, મશ્કરીથી પી ખી નાખે એમાં કોઈ શક નહોતો. પણ શ કરભાઈ ગાડા વિષે કે મારા ગભરાટ વિષે એકેય શબ્દ બોલ્યા નહિ. મને આશ્ચર્ય થયું કે શ કરભાઈ જેવા ટીખળી જણ કેમ કરી માન જાળવી શક્યા ! પણ વિચારતા મને લાગ્યુ કે ઈશ્વરે મારી દયા ખાધી અને મને માનભ ગ થવાની સ્થિતિમાથી બચાવી લીધો.

શ કરભાઈ સરકારી પેન્શનર હતા વર્ષો સુધી તેમણે જુદા જુદા સ્થળે નોકરી કરી હતી. નિવૃત્તિ લીધા પછી જ તેઓ પોતાના આ ગામમાં આન દથી દિવસો વિતાવતા હતા. પેન્શન પણ સારુ મળતુ હતુ જીવનમા કૈક નવાજૂની જોઈ હતી એટલે એમની પાસે વાતોનો ખ નો હતો. વળી જીભનો ઉપયોગ ક્યા અને કેવી રીતે કરવો એ સારી રીતે જાણતા હોવાથી, એ અહી ટૂ ક સમયમા અમારી મ ડળીને પ્રિય થઈ પડયા હતા. શ કરભાઈ ન હોય તો મ ડળી જામે નહિ, વાત ચગે નહિ અને આવનારાઓનો થાક ઊતરે નહિ તેમની વાત સાભળ્યા પછી અમને પણ ખાતરી થઈ હતી કે આવો માણસ જ એના સાહેબોને હથેલીમા રમાડી શકે.

તે દિવસે અમે વીખરાયા ત્યારે શ કરભાઈએ થોડા કદમ મારી સાથે ચાલી કહ્યુ . 'તમારુ અને મારુ ઘર બહુ દૂર નથી સાજે ફરવા નીકળો ત્યારે બૂમ મારો તો આપણે સાથે નીકળીએ '

'સારુ ' મે એમનુ સૂચન સ્વીકાર્યું.

'તો એનો અમલ કાલથી જ કરજોને ! પણ તમે નહિ આવો તો હુ રાહ જોતો રહીશ.'

'એવું તો નહિ બને !' ખાતરી આપી, હુ એમનાથી છૂટો પડયો.

આ યોજના પાછળ શ કરભાઈને બીજુ કોઈ કારણ હોય એવી શ કા મને અસ્થાને લાગી. ઘેરથી એકલા ચાલ્યા આવવા કરતા કોઈ સાથીદાર સાથે હોય તો વાતો થાય અને રસ્તો ખૂટે

નક્કી કર્યા પ્રમાણે શ કરભાઈને હું રોજ બોલાવતો અને શ કરભાઈ મારા આવવાની રાહ જોઈને જ બેઠા હોય તેમ તુરત બહાર આવતા કોઈવાર મારાથી જવાયું ન હોય તે દિવસે મ ડળીમા શ કરભાઈની ગેરહાજરી બધાનુ ધ્યાન ખેચતી. બીજે દિવસે કોઈ પૂછતુ તો શ કરભાઈ ગ ભીર થઈને કહેતા . 'ચ દુભાઈએ વચન પાળ્યું નહિ. હુ રાહ જોતો રહ્યો '

એ સાભળી મને ક્ષોભ થતો. શરમ પણ થતી. અનેક તર્કવિતર્ક થતા. પણ એ અ ગે હુ શ કરભાઈને કાઈ પૂછી શકતો નહિ.

અગાઉ તોપ ફૂટતી તે જગ્યાએ એક વાર ફરી પેલા પાગલનો અમને ભેટો થઈ ગયો. આ વખતે જ મારી ભ્રમણા ભાગી. તે ગાડો શ કરભાઈને જોઈ ઉશ્કેરાઈ ગયો હતો સામાન્ય રીતે ગાડાઓ તેમની દુનિયામા મસ્ત હોય છે. કોણ તેની પાસેથી પસાર થઈ ગયું, કોણે શુ પૂછ્યુ , શી વાતચીત થઈ, એ કશાની ગાડાને તમા હોતી નથી પણ આ ગાડો તો બાજને જોઈને હોલુ ફફડાટ કરી મૂકે તેમ શ કરભાઈને જોઈ હોહા કરી મૂકતો. શંકરભાઈ મારી પડખે સ્વસ્થતાથી ચાલતા હતા તે માત્ર બબડયા . 'ગાડાઓ વિચિત્ર હોય છે. તે દિવસે તમારી સામે તો આજે મારા તરફ વળી ઉશ્કેરાટ બતાવે છે આપણે દરકાર કરવી જોઈએ નહિ.'

દરકાર ન કરવાનુ કહેનારના અ તરમા ઘમસાણ મચી રહ્યુ છે એ મારી આખ જોઈ શકતી હતી હું ઝડપથી પગ ઉપાડવા લાગ્યો અને શ કરભાઈ પણ એટલી જ ઝડપથી મારી સાથે રહ્યા. માનવમાત્ર પ્રત્યે સમભાવ વ્યક્ત કરનાર તરીકે શ કરભાઈની છાપ હતી, એટલે એમનાથી આ ગાડાનુ ભાવિ જોઈ શકાતુ નહિ હોય એમ મે મન મનાવ્યુ. એ એકલા

આ તરફ આવતા હોય અને આ ગાડો તોફાન કરે તો એમને વિશેષ દુઃખ થાય. આ જ કારણ મને સાથે રાખવાનુ હશે એમ મેં માન્યું.

તે દિવસે મંડળીમા પણ ગાંડાની જ વાત નીકળી. શંકરભાઈના ચહેરા ઉપર કંટાળો ઊપસી આવ્યો. જે વસ્તુથી આપણે દૂર ભાગીએ છીએ એ જ આપણો પીછો કરે છે એ માન્યતા ખોટી નથી

'હમણા એક ગાડો આપણા ગામમા આવ્યો છે.' રસિકભાઈએ વાત ઉપાડી.

'પણ આ અનોખો છે.'

અમે હસ્યા. રસિકભાઈની બધી વાતો અનોખી જ હોય એ અભિપ્રાય મંડળીનો ક્યારથી બંધાઈ ગયો હતો. અનોખી વાત સાભળવા અમે કાન જાગ્રત કર્યા.

'એ શાળાની પ્રદક્ષિણા ફર્યા કરે છે. છોકરાઓને ભણતા જોઈ આનદથી નાચી ઊઠે છે.'

'કોઈને કનડતો તો નથીને ?' કોઈએ શંકા કરી.

'જરા ય નહિ, પણ...'

'પણ ?'

'પણ વિદ્યાર્થીઓને ઘેર જતા જોઈ અને સાંજે શાળાને બધ થતી જોઈ પોકેપોકે રડી પડે છે.'

'વિચિત્ર !'

'ગાડા એટલે જ વિચિત્ર !'

'કોઈ ઊંડી અતૃપ્તિનુ પારણામ હશે.'

'ઈશ્વર જાણે ! શાળાના વખત દરમિયાન એનો ચહેરો ખુશખુશાલ હોય છે. માત્ર સાજે એનુ હયુ ભાગી પડે છે.'

શંકરભાઈ આંગળી વતી ધૂળમા લીટી કરતા હતા તે ધીમેથી બોલ્યા : 'આપણે કોઈ સારી વાતો કરીએ. ગાડાની વાતો આપણને કયાક ગાંડા બનાવી દેશે '

'એ ખરુ !' રસિકભાઈએ કહ્યુ . 'પણ ગાડાના આ પ્રકારના વર્તન પાછળનુ રહસ્ય ચર્ચવા મે વાત મૂકી છે '

'રસિકલાલ ! મનુષ્ય પોતે જ એક રહસ્ય છે એ રહસ્ય ઉકેલવા આદિકાળથી પ્રયાસો થયા છે, છતા એનો અંત આવ્યો નથી. ગાંડાની વાત પડતી મૂકો અને કહો, આજે તમે શું વાચ્યું ?'

'ગાધીજી વાચતો હતો.' પોતાની મૂળ વાતને પડતી મૂકતાં રસિકલાલને દુઃખ થયું. પણ પોતે હજી વાતચીતમા કેન્દ્રસ્થાને છે એ ખ્યાલે સતોષ થયો.

'ગાધીઘેલા બની જતા નહિ !' કોઈએ મજાક કરી.

'એ અહોભાગ્ય ક્યાથી ?' રસિકલાલે ગરવા થઈ કહ્યું.

નવનીતભાઈ અત્યાર સુધી અકળાતા હતા તે બોલ્યા 'ગાંડા અને ગાધીજી જેવી ગંભીર વાતો ઉપર આપણે કયા સરી પડયા. અત્યારના રાજકારણના શા સમાચાર છે એ કહોને !'

આ મંડળીના સભ્યો સામાન્ય મનોદશાના માનવીઓ છે એવી રસિકભાઈની માન્યતા હતી એ આજે દૃઢ થઈ. તેની વાત અધવચ્ચેથી તોડી નાખવામા આવી છે એ તે સમજ્યા અને કડવો ઘૂંટડો ગળી ગયા.



રોજ રગ જમાવતી આ મંડળીના માતબર સભ્ય શકરભાઈ ઉપર એક દિવસ આફતનો પહાડ તૂટી પડયો. હળવી અને અર્થહીન ચર્ચામા મસ્ત રહેતા સૌ સભ્યોના હૃદયને એક જબ્બર આચકો લાગ્યો. શકરભાઈનો એકનો એક દીકરો, જે હમણા જ એલ એલ. બી.મા પ્રથમ વર્ગમા આવ્યો હતો અને વિલાયત જવાની તૈયારીમા હતો, એ મુબઈ પૂના વચ્ચે થયેલા મોટર અકસ્માતમા મૃત્યુ પામ્યો. મડળી બરાબર જામી હતી ત્યારે શકરભાઈને કોઈ 'અગત્યનું' કામ છે,' કહી બોલાવી ગયું સમાચાર મળતા અમે બધા શકરભાઈને ઘેર દોડયા. ઘરને ખૂણે જાણે જીવતું ખડેર હોય તેમ શંકરભાઈ બેઠા હતા. અમે દિલાસો આપવા લાગ્યા ત્યારે એમની આખ એકે મટકું મારતી નહોતી. તેમની જીભ ઉપર એકે શબ્દ ચડતો નહોતો. ચહેરાની રેખાઓ સ્થિર થઈ ગઈ હતી ચેતનમાત્ર એમનામાં જાણે થીજી ગયું હતું. અમે ગભરાયા. નજીક જઈ તેમને હલબલાવ્યા, ઊંચે સાદે બૂમ પાડી 'શંકરભાઈ!'

બહુ ઊંડાણમાથી અવાજ આવ્યો · 'હું !'

'ઈશ્વરેચ્છા ! પ્રભુને યાદ કરો !'

ભાંગેલી છાતીમાંથી 'ઘરઘર' અવાજ આવ્યો. અને પાછળ રુદનનું પૂર આવ્યું. અંદરના ખંડમાં, સમાચાર સાંભળી, ગાંડા જેવા બનેલાં શંકરભાઈના પત્ની ભીંત સાથે માથું પછાડવા લાગ્યાં ત્યારે અમારી છાતી પણ મજબૂત રહી નહિ. માનવ દીકરા માટે ઝંખે છે, દીકરો મળ્યા પછી એની આશાના મિનારા ઠેઠ વ્યોમ સુધી લંબાય છે, દીકરાની હૂંફે વૃદ્ધાવસ્થા વસમી નહિ લાગે એ આશ્વાસન નવજીવન આપે છે. શંકરભાઈની સ્થિતિ અમારાથી સહી જતી નહોતી. બીજા ભાઈઓ આખરે ગયા, પણ હું મોડે સુધી રોકાયો.



બીજે દિવસે પણ શંકરભાઈની એ જ સ્થિતિ હતી. આનંદી અને મસ્તીખોર શંકરભાઈ ભૂતકાળના માનવી લાગતા હતા. તૂટેલી ઇમારતના ભંગારને જેમ એનો માલિક જોઈ રહે તેમ શંકરભાઈ એમના અંતરમાં જોઈ રહેતા. મારી હાજરી એમને સાંત્વન આપતી નહોતી. મેં એક યુક્તિ અજમાવી. ધાર્મિક ગ્રંથના પાના, એ સાંભળે તે રીતે હું વાંચવા લાગ્યો. એ તેઓ સાંભળતા. બીજી કોઈ વાત કરતો તો એ કંટાળતા. શંકરભાઈને સંસારની વાતોમાં રસ રહ્યો નહોતો. માત્ર ધાર્મિક વાચન એકધ્યાનથી એ સાંભળતા.

એક દિવસ હું વાંચવામાં તલ્લીન હતો ત્યારે શંકરભાઈએ પૂછ્યું : 'તમને પેલો ગાંડો મળે છે ?'

'હા, પણ કોઈ વાર !'

'હજી એ શાળાએ જાય છે ? શાળાને બંધ થતી અને વિદ્યાર્થીઓને ઘેર જતા જોઈ એ રડી પડે છે ?'

'હા.'

બન્ને હાથ મોઢા ઉપર ઢાંકી, શંકરભાઈએ ડૂસકું મૂક્યું. હું એક તેમની નજીક સર્યો ને તેમને ખભે હાથ મૂકી કહ્યું : 'શાન્તિ રાખો, શંકરભાઈ ! શાન્તિ રાખો' અને પછી ઉમેર્યું : 'ગાંડાની વાત કેમ યાદ આવી ?'

'હું એને ઓળખું છું.'

પુત્રના અવસાનથી જેના શોકને સીમા નથી એ પિતાના હૃદયમાં, પુત્રના વિચાર સિવાય, આ ગાંડાનો ખ્યાલ કેમ આવ્યો એ આશ્ચર્ય હું અનુભવી રહ્યો. પાણીનો પ્યાલો લાવી મેં તેમને આપ્યો ત્યારે એ શૂન્ય આંખે કોઈ દૃશ્ય જોઈ રહ્યા હતા. એ દૃશ્ય ગજબની અસર કરતું હોય તેમ એ માનસિક સંવેદન અનુભવતા હતા અને ખેંચાતી નસોને શાન્ત કરવા તેમણે થોડું પાણી પીધું ત્યારે મને એમનો ચહેરો દુઃખ અને વિષાદની પ્રતિકૃતિ જેવો લાગ્યો.

'એના માબાપની સ્થિતિ બહુ ગરીબ. બાપ કારખાનામાં મજૂરી કરતો અને મા, પતિ અને પુત્ર ઉપર અખૂટ પ્રેમ વર્ષાવી, ગરીબીની ગ્લાનિ કોઈને કળાવા દેતી નહી. ત્યારે એ ગાંડો નહોતો. માબાપની છાયામાં અભ્યાસ કરતો તેજસ્વી વિદ્યાર્થી હતો. શિક્ષકો તેના વિષે કહેતા : 'આ છોકરો શાળાનું નહિ, ગામનું નહિ, પણ સારાયે પ્રાંતનું નામ ઊજળું કરશે.' છોકરા વિષે આવી વાતો સાંભળી માબાપ એની રાંક અવસ્થા ભૂલી જતા.'

હું એકચિત્તે શંકરભાઈને સાંભળતો હતો.

'છોકરો મેટ્રિકમાં પહોંચ્યો ત્યારે એના ઘરની સ્થિતિ એવી તંગ હતી કે રોટલો હોય તો શાક ન હોય, શાક હોય તો તેમાં તેલ ન મળે અને તેલ હોય તો ઘરમાં બળતણ ખૂટી પડે.'

'બિચારો !' હું બોલી ઊઠ્યો.

શંકરભાઈએ ગળું સાફ કરવા ખોંખારો ખાધો અને બોલ્યા : 'પણ જમવામાં ચાર ચીજ વગર ચાલે નહિ એવા ગૃહસ્થના છોકરાઓનું આ અધભૂખ્યા છોકરાએ ગુમાન ઉતાર્યું. પરિણામના દિવસે શાળાના આચાર્ય, બટનને બદલે દોરા બાંધેલા એ છોકરાને ભેટી પડ્યા હતા. છોકરો શાળામાં પ્રથમ આવ્યો હતો એટલું જ નહિ, પ્રાન્તભરના વિદ્યાર્થીઓમાં પણ પહેલો આવ્યો હતો !'

'આ ગાંડો ?'

'હા, આ ગાંડો. શાળાના આચાર્યે એની પીઠ થાબડી આશિષ આપી હતી : 'કોલેજમાં જઈ આથી પણ વિશેષ ફત્તેહ મેળવો.'

'પણ એ તેજસ્વી વિદ્યાર્થીના માર્ગમાં એક

નાલાયક, દુષ્ટ, હરામખોર, સ્વાર્થી માણસે આ તરાપ મૂકયો. તેણે તેની જિન્દગી ધૂળધાણી કરી નાખી.'

'એ કોણ?' હું બોલી ઊઠયો.

'તમે સાંભળો. વચ્ચે વિક્ષેપ કરો નહિ!' શંકરભાઈ નારાજ થઈ બોલ્યા. એમના અંતરમાં સંઘરાયેલી વાત સરવાણી બનીને સરતી હતી. હૈયું ઊઘડતું હતું. એ વિક્ષેપ સહન કરી શકે નહિ. હું પણ અમારી મંડળીનો સભ્ય હતો ને! કુતૂહલ રોકી શકયો નહિ. પૂછયા વગર રહેવાયું નહિ.

'એ દુષ્ટ સરકારી હોદ્દા ઉપર હતો. એ જાણતો હતો કે આ છોકરો એ શહેરમાં પહેલી શિષ્યવૃત્તિનો હકદાર હતો. સરકારી ધોરણ પ્રમાણે શિષ્યવૃત્તિ એને મળવાની હતી. પણ એમ થાય તો તેના પુત્રનું શું? તેનો ભાણેજ પણ પાસ થયો હતો. આ છોકરો ખસી જાય તો જ એ શિષ્યવૃત્તિ—પહેલી અને બીજી—તેના પુત્ર અને ભાણેજને મળે. તેણે રમત માંડી. છોકરાને બોલાવ્યો.

'હવે શું ધાર્યું છે?' તેણે પૂછયું.

'કૉલેજમાં જઈશ.'

'કૉલેજના ખર્ચને પહોંચી શકાશે?'

'સ્કૉલરશિપ મળશે તેમાંથી પૂરું કરીશ.'

'પચીસ રૂપિયામાં?'

'હા' છોકરાએ હિંમતથી કહ્યું.

'એ મદદ પૂરી ન કહેવાય!'

'હું જાણું છું. પણ ગરીબી અને સાદાઈનો મને અનુભવ છે.'

તેણે જાળ પાથરી: 'કૉલેજનો અભ્યાસ પૂરો કરી નોકરી કરવી છે ને? હું હમણાં નોકરી આપું.'

સાપે ડંશ માર્યો હોય તેમ છોકરો ધ્રૂજી ઊઠયો. એનાં સ્વપ્નાં કંપી ઊઠયાં.

'રૂપિયા ચાળીસ શરૂઆતમાં! અને ખાતાની એક પરીક્ષા પસાર કરશો એટલે ઉપલા ગ્રેડમાં.'

'આ પ્રલોભન જેવુંતેવું નહોતું એ વખતે, જ્યારે બાજરો સવા રૂપિયે મણ મળતો. છોકરો કશો જવાબ આપ્યા સિવાય ચાલ્યો ગયો. બીજી વાર ચકાસી જોયો તો જવાબ મળ્યો કે તેની ઇચ્છા તો અભ્યાસ ચાલુ રાખવાની છે.

'દુષ્ટે છોકરાના બાપને બોલાવ્યો અને પારાવાર હેત ઊભરાઈ જતું હોય તેમ કહ્યું: 'અમારા ખાતામાં એક જગ્યા ખાલી છે. મોટા સાહેબની ઇચ્છા છે કે આ સાલ જે છોકરો સારા નંબરે પાસ થયો હોય તેની ત્યાં નિમણૂક કરવી. મેં તમારા છોકરાને પસંદ કર્યો છે. શી ઇચ્છા છે?'

'છોકરો તો ભણવા માગે છે.'

'ભણવા?' દુષ્ટ ખડખડાટ હસ્યો. એ એની મુત્સદ્દીગીરી માટે જાણીતો હતો. છોકરાનો બાપ સમજ્યો નહિ કે મુત્સદ્દીનું હાસ્ય એ ઝેરનું બીજું સ્વરૂપ છે. મુત્સદ્દી હસે છે ત્યારે ઝેર પાથરે છે, પણ એના ઝેરની ગંધ બહુ મીઠી હોય છે. છોકરાનો બાપ આ મીઠા ઝેરથી ભોળવાયો. એ લાગણીવશ બની ગયો, છતાં કહ્યું: 'સાહેબ! કૉલેજમાં જવાની એને બહુ હોંશ છે.'

'ભણીને આખરે નોકરી જ કરવી હોય તો હાલ મળતી નોકરી શી ખોટી? ચાર વર્ષમાં તો એ ખાતાની પરીક્ષા પસાર કરશે અને જશે ઇન્સ્પેક્ટરના ગ્રેડમાં.'

'અત્યારે શો પગાર મળે?'

'નગદ રૂા. ૪૦.'

'દસ આના રોજમાં આખા કુટુંબનું પોષણ કરતો બાપ આ લાલચ રોકી શકયો નહિ. એ ઠગી ગયો. છોકરાના કાલાવાલા, ધમપછાડા નિષ્ફળ ગયા. તેણે બાપાનું દબાણ કબૂલ કર્યું અને ઉચ્ચ અભ્યાસનાં સ્વપ્નાં આંખમાંથી આંસુ વાટે વહાવતો એ કચેરીએ જવા લાગ્યો.

'એ દુષ્ટના પુત્ર અને ભાણેજનો માર્ગ ખુલ્લો થયો. તેઓને સ્કૉલરશિપ મળી અને પ્રાન્તભરમાં નામ રોશન કરે એવો આશાસ્પદ વિદ્યાર્થી સરકારી દફતરમાં જીવનનાં જોતર ખેંચવા લાગ્યો.'

'બિચારો!' હું કકળી ઊઠયો

'પણ છોકરાના દિલમાં ક્યાંય શાન્તિ નહોતી. એને કામમાં રસ પડતો નહોતો. ઑફિસમાં ગોઠતું નહોતું. બાંધ્યા જેવો એ ઑફિસે જતો અને શેર

લોહી બાળીને ઘેર આવતો. પંખીનો તરફડાટ જોઈ શિકારીને જે આનંદ થાય તે આનંદ મુત્સદ્દી માણતો હતો '

'ગાંડા થવાનુ આ કારણ ?' મેં પૂછ્યુ.

'શરૂઆત તો ખરી' શંકરભાઈએ કહ્યુ 'ગામમા વાત પ્રસરી હતી. અલબત્ત, શાળાના આચાર્યે ફેલાવી હતી કે એક અમલદારે પોતાના કુટુંબીઓને શિષ્યવૃત્તિ અપાવવા એક તેજસ્વી વિદ્યાર્થીને હણી નાખ્યો છે આ વાત એ દુષ્ટને કાને પણ આવી હતી. એનો સ્વાર્થ સરી ગયો હતો. હવે તેને આ છોકરાના કામથી અસંતોષ જણાયો ઊલટી વાતના મુખ્ય પાત્રને ગામમા રાખવામા પણ જોખમ જણાયુ તેથી દૂરના ગામમા તેની બદલી કરી. છોકરે ત્યા સંસાર માંડયો ઉતાવળમા તેના બાપે જે કન્યા શોધી તે ઉછાછળી નીકળી. એ યુવાનના અંતરની આગ ઠારે એવી શીતળતા એ કન્યામા નહોતી બંને વચ્ચે ઘર્ષણ થયુ પત્ની ભાગી ગઈ. માબાપ દીકરાનો વલવલાટ જોઈ શકયા નહિ તેઓ મરી પરવાર્યા ડગલે ને પગલે, આ સંસારમા, અંગત સ્વાર્થની આંધી જોઈ, કહે છે કે, આ યુવાનનુ ખસી ગયુ નોકરી છૂટી ગઈ અને હવે એ આ હાલતમા રખડે છે

'તમે શું કહ્યુ હતુ, ચંદુભાઈ ! વિદ્યાર્થીઓને જોઈ ગાંડો રડી પડે છે ? શાળાને બંધ થતી જોઈ રડી પડે છે ? ખરુ ને ?'

મે દુ ખપૂર્વક હા કહી

શંકરભાઈ એક પળ થોભ્યા અને મારા તરફ એકીટશે જોઈ ઉમેર્યું 'ઊછળતા, કૂદતા, ગેલ કરતા વિદ્યાર્થીઓના જીવનમા વિધિએ કઈ જાતના લેખ લખ્યા હશે ? ગાંડો આ વિચારે પણ રડતો હશે.'

'હરિની લીલા અકળ છે' મેં કહ્યુ

'એ અકળ તો છે જ માત્ર માનવી એ લીલાનો પાર પામતો નથી એ દુષ્ટ અમલદારનો એકનો એક દીકરો, જેની ખાતર તેણે જાળ પાથરી હતી તેને હરિએ ઉપાડી લીધો.'

'ઉપાડી લીધો ?' હુ હેબતાઈ ગયો.

'હા, એની મેલી રમતનુ ફળ ચાખે તે પહેલા એનો દીકરો મુંબઈ–પૂના વચ્ચેના મોટર અકસ્માતમાં ભોગ બન્યો.' શંકરભાઈએ દઢતાથી કહ્યું. પણ એની આખમાથી પાણીની ધાર વછૂટી હતી.

'શંકરભાઈ, શું કહો છો !'

'તે દિવસે ગાંડાએ મારા ઉપર રેતી ફેંકવાનો પ્રયાસ કર્યો હતો ને ? તેણે રેતી ફેંકી હોત તો એ વખતે મારા ગુસ્સાનો પાર રહેત નહિ. પણ હવે મારા ઉપર થૂંકે તો જ મને શાન્તિ વળે, ચંદુભાઈ ! ગાંડા પાસે જશું ? મારે એની માફી માગવી છે.'

શંકરભાઈ દયાને પાત્ર હતા. મેં તેને આરામ કરવા કહ્યુ, પણ એથી તે પોકેપોકે રડી પડ્યા. એમના પત્ની હવે મંદિરેથી આવ્યા હતા એમની સંભાળમા શંકરભાઈને મૂકી હું ચાલી નીકળ્યો. શંકરભાઈ જેવો સજ્જન લાગતો માણસ આવો દુષ્ટ છે એ હકીકત કહેવા હુ જ્યા અમારી મંડળી જામતી હતી ત્યા જવા ઊપડયો. ઊજળા કપડા અને ખાનદાનીના ઓઠા નીચે રહેતા માણસો કેટલા ગાંડા સર્જતા હશે એ ચર્ચાનો પૂરો અવકાશ મારે રસિકભાઈને આપવો હતો અને હળવી વાતોના રસિયા નવનીતભાઈને આ હળવી પણ કરુણ વાત ધરાર સંભળાવવી હતી મે ઝડપથી પગ ઉપાડ્યા.

હુ ધસમસતો આગળ વધી રહ્યો હતો ત્યારે મારી જમણી બાજુ સમુદ્ર ઘૂઘવતો હતો. એના મોજા કાંઠે અથડાઈ પાછા વળી જતા હતા ધારે તો ઘડીમા પૃથ્વીનો પ્રલય કરી નાખે એવી તાકાત સમુદ્રમા હતી પણ દંડની લાકડી હરિની પાસે સલામત છે એમ માનીને એની મર્યાદા જરાય ઓળંગતો નહોતો આ જોઈ મારા પગ ધીમા પડી ગયા. બીજી જ ક્ષણે પશ્ચાત્તાપથી નરમ બનેલા શંકરભાઈનો ચહેરો યાદ આવ્યો શંકરભાઈના શબ્દો કાને અથડાયા 'ગાંડો મારા ઉપર થૂંકે તો જ મને શાંતિ મળે મારે એની માફી માગવી છે'

મારા પગ વિરુદ્ધ દિશામા વળી ગયા. પશ્ચાત્તાપથી પવિત્ર થયેલી એ કથા મિત્રોને કહી, એને ચૂંથવાની ધૃષ્ટતા હું કરી શકયો નહિ ◻

અનોખી ભેટ

સતીશચંદ્ર પ્ર દેસાઈ

યુસુંલા સ્વિટ્ઝર્લૅન્ડની એક વિદ્યાર્થિની હતી. એને અંગ્રેજી ભાષા ઉપર કાબૂ મેળવવો હતો, એટલે એ અમેરિકા આવીને રહી હતી.

પણ એ એટલી પૈસાદાર નહોતી કે અમેરિકા જેવા ખર્ચાળ દેશમાં રહી શકે અને ભણી શકે. એટલે એણે ત્યાં એક કુટુંબમાં રહેવાની ગોઠવણ કરી હતી. એ રાંધવા–પીરસવામા મદદ કરે અને એના બદલામાં એ કુટુંબમાં રહે અને ખાય–પીએ.

યુસુંલાને એ કુટુંબ ફાવી ગયું હતું અને કુટુંબને એ ગમી ગઈ હતી, એટલે યુસુંલાના દિવસો આનંદમાં જતા હતા. અલબત્ત, કેટલીક વાર એને પોતાનું ઘર સાભરી આવતું હતું. ક્યાં સ્વિટ્ઝર્લૅન્ડનું ભવ્ય કુદરતી સૌંદર્ય અને ક્યા ન્યૂયોર્કની રાક્ષસી ઇમારતો ! આ વિચાર આવતા કેટલીક વાર એની આંખમાં પાણી આવી જતા, થોડી વાર માટે જ.



એટલામા નાતાલ આવી. આપણે ત્યાં હિંદુસ્તાનમા તો લગ્નપ્રસંગે કે એવે અસાધારણ પ્રસંગે આપણે ભેટ આપીએ છીએ, પણ અમેરિકામાં નાતાલના દિવસોમા કુટુંબીઓ પણ એકબીજાને ભેટ આપતા હોય છે. એટલે દુકાનોમાં ભેટ આપવા લાયક પુષ્કળ વસ્તુઓ વેચાતી હોય છે.

જંગી દુકાનોમાં અનેક આકર્ષક વસ્તુઓ સજાવીને ગોઠવાય છે. લોકો છૂટથી એ વેચાતી લઈ, સંબંધીઓને ભેટ આપે છે. આવા વાતાવરણમાં પોતે જે કુટુંબમા રહેતી હતી તે કુટુંબને નાતાલની શી ભેટ આપવી એ વિચારમાં યુસુંલા પડી.

જે કુટુંબમાં એ રહેતી હતી તે સારી સ્થિતિનું હતું. એના ખરની મોંઘી ભેટ લેવી એ યુસુંલાને પોષાય એમ નહોતું.

યુસુંલાના મનમાં આ કોયડો ઘોળાયા કરતો હતો તેવામાં એની મુશ્કેલી વધે એવી ઘટના બની. નાતાલ પાસે આવવા લાગી એટલે એ કુટુંબ પર પરગામથી ભેટ આવવા લાગી, અને એ ભેટની યાદી કરવાનુ ને પહોંચ લખવાનું કામ યુસુંલાને સોંપાયું !

કેવી સરસ ને કિંમતી ભેટો ! એક એકથી ચડિયાતી ! યુસુંલા યાદી બનાવતી જાય અને મનમાં વિચારતી જાય કે 'જે કુટુંબ પાસે આટલું બધું છે એને હું શું આપવાની છું ! ભર્યામાં કેટલુ હું ભરી શકું ? અને, એમની સાથે રહ્યા છતા ન આપું તો ચાલે પણ કેમ ?' આમ એની મૂંઝવણ વધી ગઈ.

ઊંડો વિચાર કરતી હતી તેવામાં એને પોતાના જ અંતરનો અવાજ સંભળાયો : 'તું બહુ ગરીબ છે એ વાત સાચી. જે કુટુંબ સાથે તું રહે છે તે સારા પ્રમાણમાં ઘણું ધનવાન છે. અમેરિકાના ઘણાખરા લોકોની સ્થિતિ તારા કરતાં સારી છે. પણ અમેરિકામાં પણ ઘણાં માણસો એવાં છે, કે જે તારા કરતાં પણ ગરીબ છે. જો તું આ હકીકત ધ્યાનમાં રાખશે તો તારો કોયડો સરળતાથી ઊકલી જશે.'

ભેટ આપવાના આગલા દિવસે યુસુંલા એક દુકાનમાં ગઈ. એણે એક નાની સરખી ભેટ પસંદ કરી, એનું પેકેટ તૈયાર કરાવ્યું.

તેણે નક્કી કર્યું હતું, કે ન્યુયોર્કના ગરીબ લત્તામાં જેને એની બહુ જરૂર હોય એવાને એ ભેટ આપવી. પણ એવા એ ગરીબ લોકો ક્યા હોય એની એને ખબર નહોતી. દુકાનના ચોકીદારને તેણે ગરીબ લત્તાઓ વિષે પૂછ્યું ત્યારે તેણે કેટલાક લત્તાનાં નામ આપ્યાં. પણ ત્યા કેવી રીતે જવું તે ચુર્સુલાને ખબર નહોતી.

રસ્તામા તેણે એક-બે જણને ગરીબોના લત્તા વિષે પૂછ્યુ. પણ આવો પ્રશ્ન એમને અપમાનકારક લાગતો હોય એવો ભાવ એમણે દર્શાવ્યો અને એને કશી મદદ કરી નહિ.

એટલામા 'મુક્તિ ફોજ' (સેલ્વેશન આર્મી)નો એક પાદરી રસ્તાના ઓછી અવરજવરવાળા ભાગમા ઊભો રહીને લોકોને ઉપદેશ આપતો એણે જોયો. બસ! આ મને સાચો માર્ગ બતાવશે.'

ચુર્સુલાનુ હૈયું આનંદ ને ઉત્સાહથી ભરાઈ ગયુ. ચુર્સુલા એ પાદરી પાસે દોડી ગઈ અને એણે બધી વાત પાદરીને સમજાવી.

પાદરી ગરીબોમાં જ કામ કરતો હતો. એટલે એ તો બધા ગરીબ લત્તાઓથી પરિચિત હતો.

'પણ ભેટમા છે શું?' પાદરીએ પૂછ્યું.

'બાળક માટેનુ એક ફ્રોક. એની જરૂર હોય એવા કોઈને તમે ઓળખો છો?'

'હા, ઘણાય. હું એક એવા માણસને ઓળખું છું કે જે બહુ ગરીબ છે. જે કંઈ આપો તે એને ઉપયોગી થશે.'

'ત્યારે મને એની પાસે લઈ જશો?' અધીરાઈથી ચુર્સુલાએ પૂછ્યુ.

'મારાથી અહી ચાથી છ વાગ્યા સુધી તો ખસી શકાય એમ છે જ નહિ તે વખતે મારો મદદનીશ અહી આવી પહોંચશે. પછી મારે અહી યા જ કામ છે, એટલે જો તમે છ વાગ્યા સુધી રાહ જોવા તૈયાર હો અને ત્યાર પછી જવા–આવવાની ટેક્સી કરવા તૈયાર હો તો હું તમારી સાથે આવી શકું.' પાદરીએ પોતાની શરતો રજૂ કરી.

રાહ જોવાને તો ચુર્સુલા તૈયાર હતી, પણ ટેક્સી એને મોંઘી પડે એમ હતી. તોપણ પોતાની અભિલાષા પાર પાડવા તેણે આ શરતો સ્વીકારી.

છ વાગ્યા મદદનીશ આવ્યો. ચુર્સુલાએ ટેક્સી કરી અને એ બંને ગરીબ લત્તા તરફ જવા લાગ્યાં. રસ્તામાં ચુર્સુલાએ પોતાની હકીકત કહી. પોતે કોની સાથે રહે છે અને એ કુટુંબમા કેવી કેવી ભેટો આવે છે એ બધાનું એણે વર્ણન કર્યું. પોતે ખાસ કોઈ ગરીબને શોધીને ભેટ આપવાના નિર્બંધ પર કેવી રીતે આવી એ બધી હકીકત તેણે પાદરીને સમજાવી. ટેક્સી ડ્રાઈવર પણ આ બધુ ખૂબ રસપૂર્વક સાભળતો હતો.

ગરીબ લત્તામા ટેક્સી આવી પહોચી. ટેક્સીને રાહ જોવાનુ કહ્યું ત્યારે ડ્રાઈવરે કહ્યું કે, 'તમને ફાવે એટલો સમય લેજો. કશી ચિંતા કરશો નહિ.'

પાદરીએ એક મકાન બતાવીને કહ્યું કે, 'જે માણસની હું વાત કરતો હતો તે ત્રીજે માળ રહે છે. તમે સાથે આવશોને?'

ચુર્સુલાએ નમ્રતાપૂર્વક કહ્યું 'હું સાથે આવું તો એ મારો ઉપકાર માને. આ ભેટ મારા તરફથી નથી. કોના તરફથી છે એમ પૂછે તો કહેજો કે જેમને કશી વાતની મણા નથી એમના તરફથી ભેટ છે.'

પાદરી ગરીબ માણસને ભેટ આપી આવ્યો. પછી બંને એ જ ટેક્સીમા અસલ સ્થળે આવી પહોંચ્યા ટેક્સીવાળાને ભાડુ આપવાને માટે ચુર્સુલા પોતાની પર્સમા હાથ ફંફોસતી હતી તેવામા ડ્રાઈવરે કહ્યુ 'મે તમારી બધી વાત સાભળી છે. મારે ભાડું નહિ જોઈએ.'

પોતાનુ કામ સરસ રીતે પાર પડ્યુ, અને જેને ખૂબ જરૂર હતી એવા કોઈની જરૂરિયાત સંતોષાઈ તેથી ચુર્સુલાને ખૂબ સંતોષ ને હરખ થયો. ★

બીજે દિવસ ભેટ આપવાનો દિવસ હતો. સવારે વહેલા ઊઠીને એણે નાસ્તા માટે ટેબલ ગોઠવ્યું. આજે એનુ હૈયું ઊછળતું હતું.

કુટુંબના માણસો એક-પછી-એક ઊઠતા ગયા અને નાસ્તો લેવા ટેબલ પર આવતા ગયા. સાથે

સાથે પોતાની ભેટ પણ લાવતાં ગયાં. તેઓએ ચુસુંલાને પણ ભેટ આપી. તેઓ એમ ધારતાં હતાં કે ચુસુંલા એમને કંઈક નજીવી પણ ભેટ આપશે. પણ તેને બદલે ચુસુંલાએ આગલા દિવસના પ્રસંગનુ વર્ણન કર્યું. બધાએ ખૂબ રસપૂર્વક સાંભળ્યું. એ બધા સમજી ગયાં કે કુટુંબને આપવાની ભેટ એ એક ગરીબ કુટુંબને આપી આવી હતી. તેથી, જે કુટુંબ સાથે એ રહેતી હતી તેની તરફથી જ એ ભેટ જાણે અપાઈ હોય એવું એનું વર્તન હતું. પાદરીને પણ એણે કહ્યું હતું કે 'આ ભેટ મારા તરફથી નથી, પણ જેમને કશી વાતની મણા નથી એવા કોઈકની તરફથી આ ભેટ છે.'


વાત સાંભળીને બધાને ચુસુંલા માટે માન થયું અને તેઓએ એની પ્રશંસા કરી. ભેટ તો ઘણા આપે છે, પણ ચુસુંલાની ભેટ તો પ્રેમની ભેટ હતી અને તેથી અમૂલ્ય હતી!

જેમને ત્યા ભેટના ઢગલા થાય છે એવા પૈસાદારને ત્યાં ભેટ મોકલવાને બદલે જેને એની બહુ જરૂર છે એવા ગરીબ લોકોને એ ભેટ મોકલી હોય તો કેટલુ બધુ કલ્યાણ થાય!

કલાપીએ સાચું જ કહ્યું છે કે :

'દુખીના દુખની વાતો સુખી ના સમજી શકે,
સુખી જો સમજે પૂરુ, દુ:ખ ના વિશ્વમા ટકે.'

જે કુટુંબમા ચુસુંલા રહી હતી તે મહાન અમેરિકન લેખક નોર્મન વિન્સેન્ટ પીલનું કુટુંબ હતું. એટલે આ હકીકતની સત્યતા વિષે તો શંકા રહે જ શેની?




અવંતી નગરી. ક્ષિપ્રા નદીનો કિનારો. ત્યાં એક રૂપાળો વડલો. એ વડલા નીચે એક સાધુજી ઊતર્યા છે. ઘણા લોકો જાય છે અને સાધુજીની વાતો સાભળે છે.

નગરમા એક શેઠ રહે. શેઠને એક દીકરો. તેનું નામ અનુપચંદ

એક દિવસની વાત છે. અનુપ ફરવા નીકળ્યો. નગર બહાર નીકળી ગયો. વડ તળે સાધુને તેણે જોયા. દસવીસ માણસો પણ બેઠેલા. ત્યા જઈને અનુપ બેઠો. બધા માણસો કઈ પ્રશ્ન પૂછતા. સાધુજી તેને ઉત્તર આપતા. પૂછી પૂછીને ચાલ્યા ગયા અનુપ બેસી રહ્યો.

સાધુજીએ પૂછ્યુ. 'ભાઈ, તારે કઈ પૂછવુ છે?'

અનુપે પૂછ્યુ 'મારે માનનીય અને સુખી માણસ બનવું છે.'

સાધુજીએ આમતેમ જોયું. લાકડાનો એક કકડો પડયો હતો. તે લઈને અનુપને આપ્યો. અને કહ્યુ : 'જા, આ કકડો ચોકમા દાટજે.'

અનુપ કકડો લઈ ગયો નગરમાં ગયો અને ચોકમા દાટી દીધો લોકો આવ્યા અને ગયા. લાકડાના કકડાને ઠોકર મારીને ફેંકી દીધો.

અનુપ પાછો સાધુ પાસે ગયો અને વાત કહી કે, 'લોકોએ ઠોકરે ચડાવીને કકડાને ફેંકી દીધો.'

સાધુજીએ લાકડાનો એક મોટો કકડો આપીને કહ્યું કે 'આને ઊભો દાટી દેજે.'

અનુપ ગયો, ચોકમા તે કકડો દાટ્યો. લોકો આવ્યા ને ગયા કોઈએ લાકડાના કકડાને ઉઠાવીને દૂર ફેંકી દીધો

વળી અનુપે જઈને સાધુજીને તે વાત કરી. સાધુજીએ મોટું એક લાકડું આપ્યું અને કહ્યું કે : 'આ લાકડું ચોકમા ખોડી દેજે.'

અનુપ તે લાકડુ લઈ ગયો. ચોકમાં ખોડી દીધું. તે જોઈને લોકો કહેવા માંડ્યા કે, 'આ કોઈ મૂરખો લાગે છે.' કોઈ કહે કે, 'આ ગાંડો હશે' એક માણસે હચમચાવી તે લાકડું કાઢી લીધું. અને ઉઠાવી ગયો.

મોટા માટે નાનું

જીવરામ જોશી

અનુપે આ વાત સાધુજીને કહી. હવે સાધુજીએ કહ્યું કે, 'લાતીમાથી મોભ જેવુ મોટુ અને જાડું લાકડું લાવીને ચોકમા ખોડી દે.'

અનુપ લાતીમાથી જાડો મોભ લઈ આવ્યો. મજૂરો પાસે ઊંડો ખાડો કરાવીને લાકડાનો મોભ તેમા ખોડી દીધો.

લોકો એકઠા થઈને જોવા લાગ્યા. કોઈ કહે છે કે, 'આ નવી જાતનો ખેલ થવાનો હશે. કોઈ કહે છે, કે ખેલબેલ નથી અહી ધજા ખોડવાની હશે. કોઈ કહે છે, કોઈ ઠગારો બનાવટ કરતો હશે. તે વિના આવો નકામો થાંભલો શા માટે ઊભો કરે!'

આમ ઘણી વાતો ચાલી. અનુપે જઈને સાધુજીને કહ્યુ. સાધુજીએ કહ્યુ 'હવે ચોકમાં સુંદર ચબૂતરો બનાવ. તેની ઉપર સુંદર એક સ્તંભ ખડો કરી દે. તેની ટોચ પર એક સુંદર મોર જડાવી દે.'

અનુપે સફેદ આરસના પથ્થરનો ચબૂતરો ચણાવ્યો. તે જોઈને લોકો કહેવા માડ્યા કે, 'કોઈ દયાળુ દાતા સુંદર ચબૂતરો બંધાવે છે.'

તે ચબૂતરા વચ્ચે સરસ થંભ ખડો કરી દીધો. તેની ટોચ પર રૂપાળો મોર જડાવી દીધો. નગરના લોકો જોવા માટે એકઠા થવા માડ્યા. ચબૂતરો જોઈને કહે છે કે, 'વાહ વાહ! આનું નામ ઉદારતા કહેવાય. કેવો સુંદર ચબૂતરો બંધાવ્યો છે! અને રૂપાળો થાંભલો ખડો કીધો છે! વળી એમાય રૂપાળો મોર જડ્યો છે. વાહ, વાહ!'

આમ જે જુએ તે વખાણ કરે છે અનુપે આ વાત સાધુજીને કહી

સાધુજી બોલ્યા 'જો ભાઈ! તારે માન, પ્રેમ અને આનંદ મેળવવા હોય અને સુખેથી જીવવું હોય તો રૂપાળા થંભ જેવો થા. લાકડાના કકડા જેવો બનીશ તો ફેંકાઈ જઈશ. મોભ જેવો થઈશ તોય લોકો તને મૂરખો ગણશે. પણ એ જ જગ્યાએ રૂપાળો થંભ બનીને ખડો થઈશ તો બધા તારી 'વાહ વાહ' બોલશે. ઊંચો થંભ બનાવવા તારે બે જાડા લાકડાં લેવા પડ્યાં. તેમ સુખી અને માનવંતા થવા માટે એના થાંભલા માટે બે મોટા ટુકડા તારે લેવા પડશે. એનુ નામ વિદ્યા અને ધન છે. વિદ્યા વિના ધન નકામું છે ને ધન વિનાની વિદ્યા નકામી છે. બંને પૂરેપૂરા મેળવી લે તો એ થાંભલો પાકો થાય વિદ્યા અને ધન કાચા હશે તો પોલો લાકડાનો કકડો લોકોએ ધૂળમા દાટી દીધો તેમ તારીય કશી કિંમત થશે નહિ. પણ વિદ્યા પાકી હશે, ધન પૂરેપૂરું હશે તો બધા તારા વખાણ કરશે પણ તેને માથે સુંદર મોર નહિ હોય તો થાંભલો બાડો લાગશે. માથા વિનાના ધડ જેવો દેખાશે મોર તે ઉદારતા છે. ધન હોય, વિદ્યા હોય, પણ ઉદારતા ન હોય તો સ્વાર્થી અને મલાઈદાનજી જેવા માખણિયા માણસો નમતા આવશે ને છેતરી ખાશે. સારા લોકો પ્રેમથી નમશે નહિ. પણ ઉદારતા હશે તો બધા 'વાહ વાહ' બોલશે. પણ બીજી વાત યાદ રાખજે કે થાભલો ઊભો કરવા માટે ધૂળમા ખાડો ખોદવો પડે છે, તેમ ધન માટે નાનામા નાનુ કામ કરતા લજાવું નહિ'

સેવામૂર્તિ ડો. સિગ્રેવ


વસંતલાલ પરમાર

બર્માના ઈશાન ભાગમાં શ્વેલી નદીની દૂર સુધી પથરાએલી હરિયાળી ખીણના એક ડુંગરને માથે લાકડાં અને પથ્થરના થોડાક છૂટાંછવાયાં મકાનો ઊભાં છે. એક બીમાર બુઢ્ઢા આદમીની એ જીવતી યાદગીરી છે.

પ્લેગ, મેલેરિયા અને મરડાના રોગોએ એક વેળાના ખડતલ શરીરને જર્જરિત બનાવી દીધું છે. છેલ્લાં ચાલીસ વર્ષોથી યુદ્ધકાળ અને શાંતિકાળમાં રોગીઓની લગાતાર સેવા કરતાં કરતાં આ વૃદ્ધ ડૉકટરની શક્તિ હવે જવા માંડી છે. નામ છે ડૉ. સિગ્રેવ.

ડૉ. સિગ્રેવને બર્મા પ્રત્યે જે અનુરાગ છે તે તો એમની પેઢી-દર-પેઢીએ ઊતરી આવેલો વારસો છે.

એમના દાદા સને ૧૮૩૫માં બર્મા આવેલા. સને ૧૮૯૭મા રંગુનમાં સિગ્રેવ ગોર્ડનનો જન્મ થયો. પાડોશીનાં બાળકો સાથે ધિંગામસ્તી કરતાં કરતા બર્માની કારેન ભાષા એ પહેલાં શીખ્યા. અને અંગ્રેજી પછી



પાંચ વર્ષની ઉંમરે એક મિશનરી ડૉકટરની ઓળખાણ થતા ડૉકટર થવાનો નાદ લાગ્યો. યુવાન વયે અમેરિકા જઈને ડૉકટરીનું ઉચ્ચ શિક્ષણ મેળવ્યું. ત્યાં થોડો અનુભવ પ્રાપ્ત કરી પત્ની સાથે પાછા બર્મા આવ્યા.

એ દિવસોમા નામખાબ બર્માનું એક નાનું સરખું ગામ હતું. ત્યાંની ઇસ્પિતાલ એટલે જ ગલી લાકડાનું એક નાનુ સરખુ ખોરડુ. દવાના થોડા બાટલા સિવાય બીજાં કોઈ સાધન ન હતાં. આખા વરસમાં માંડ અઠ્ઠાવીસ દર્દીઓ આવતા.

ડૉકટરે આવતાં વેંત જોયું કે કોઈ દર્દીઓ ત્યાં આવતા નથી. એથી એમણે દર્દીને ઘેર જઈ તપાસવાનુ શરૂ કર્યું. આ માટે એમણે ત્યાંની શાન ભાષા શીખી લીધી. અને પછી એક ખચ્ચર પર દવાઓનો થેલો લાદી ઘરેઘર અને આજુબાજુના ગામે ફરવા માંડ્યું. ગામમાં જઈ તેઓ સાદ પડાવતા કે, 'વગર ફીએ ઇલાજ કરનાર ડૉકટર આવ્યો છે, માટે જેને રોગ થયો હોય એ દવા માટે આવે.'

લોકોને એમનામાં વિશ્વાસ પડવા લાગ્યો. પછી તો એમની કીર્તિ ચોતરફ પ્રસરવા લાગી. થોડાક સફળ ઓપરેશન કરતાં ખ્યાતિ વધી

એક દિવસ એમની પાસે એક સ્ત્રી આવી. એ સંતાનઝંખનાથી વ્યાકુળ બનેલી હતી. ડૉકટરે તપાસ કરી. એના ગર્ભાશયમા રસોળી હતી. ડૉકટરે ઓપરેશનથી રસોળી દૂર કરી. પછી થોડા દિવસોમાં એને આધાન રહ્યું. સુખરૂપ બાળકનો પણ પ્રસવ થયો. આ સમાચારે જાદુઈ કામ કર્યું. ડૉકટરની સુવાસ દૂરદૂરના ખૂણા સુધી ફેલાઈ ગઈ

એ દિવસોમાં બર્મામાં ગણ્યાગાંઠ્યા ડૉકટરો હતા. સાધન–સગવડ મળે નહિ. તાલીમની કશી વ્યવસ્થા નહિ. ડૉકટરે જોયું કે, તાલીમ પામેલી નર્સની જરૂર દેશભરની સમગ્ર ઇસ્પિતાલોને છે. આથી એમણે નર્સોને તાલીમ આપી તૈયાર કરવાનુ

નક્કી કર્યું.

બર્માના એ વિસ્તારમાં કેટલીયે જાતિના લોકો વસે છે. દરેક જાતિને પોતપોતાની જુદી બોલી છે પણ બધા લોકો બર્મી ભાષા તો સાધારણ જાણે છે.

ડૉક્ટરે પહેલા એક શાન અને કાચીન જાતિની છોકરીને નર્સની તાલીમ આપવાનુ શરૂ કર્યું. શાન છોકરીને તે શાન ભાષામા શીખવતા. ને તે છોકરી બર્મી ભાષામાં કાચીન છોકરીને કહેતી આમ કરતા ચાર કાચીન છોકરીઓ તૈયાર થઈ

ડૉ સિગ્રેવ પોતે બર્મી ભાષા શીખ્યા અને પછી તે દ્વારા તેમણે શીખવવાનુ શરૂ કર્યું.

ડૉ. સિગ્રેવ હંમેશા બે મુદ્દાઓ પર ખાસ ભાર મૂકતા · એક તો એ કે નર્સોએ દરદીઓ પ્રત્યે નરમ અને સહિષ્ણુ બનવું જોઈએ અને બીજું ગંદામાં ગંદુ કામ કરવા પણ એણે તૈયાર રહેવુ જોઈએ. કોઈ નર્સને રોગીનુ બેડપાન ઉઠાવવામાં હીણપત લાગતી તો ડૉક્ટર પોતે એ કામ કરી નાખતા જાતિગત ભેદભાવોનું એમને કશું મૂલ્ય નહોતું.

ડૉક્ટરના સેવાભાવ તથા માયાળુ વ્યવહારને કારણે દવાખાનાના ખાલી ખાટલા રોગીઓથી ભરાઈ ગયા એમણે સાઈડકારવાળી એક જૂની મોટર સાયકલ ખરીદી અને દૂરના જે ગામોના રોગી નામખામ સુધી આવી શકે એમ ન હતા એમને જોવા જવાનુ શરૂ કર્યું

આ અરસામા બર્મી સરકારે તમામ બાળકોની તંદુરસ્તીની તપાસ શરૂ કરી ડૉક્ટરને એ માટે બાળક દીઠ ૫ દર પેની આપવામા આવતી. ડૉક્ટર સિગ્રેવ પોતાની રજાઓનો સઘળો સમય આ કામ-મા ગાળ્યો. અને એમાંથી જે ફી મળી તેમાથી એક ફોર્ડ મોટર ખરીદી આ પછી તેઓ દૂરના ગામોમાં પણ જવા લાગ્યા. રસ્તા એવા ખરાબ હતા કે, ઘણી-વાર તો તે પગે ચાલીને દસ-બાર માઈલ દૂર દર્દી પાસે પહોંચી જતા.

પાચ વર્ષ આમ કઠોર પરિશ્રમના વીત્યા. એક દિવસ અચાનક શુભ સમાચાર મળ્યા. અમેરિકાની એક ધાર્મિક સંસ્થાએ આ દવાખાનાના વિકાસ માટે વીસ હજાર ડોલર આપ્યા. આ પૈસામાથી એમણે તરત જ એક ખટારો ખરીદો. અને સ્થાનિક માણસો રોકીને નદીકાઠેથી પથ્થર લાવવાનુ શરૂ કર્યું. સમય મળે ત્યારે એમનું કુટુંબ અને નર્સો પણ ટોપલા ઉપાડવાના કામમા જોડાતા

ધીમે ધીમે એ નાનકડી ઇસ્પિતાલ વિસ્તરવા લાગી નજીકના વિસ્તારમા એની શાખાઓ શરૂ થઈ. સને ૧૯૩૭માં ડૉક્ટર અમેરિકા ગયા. પાછા આવ્યા ત્યારે પુષ્કળ ધન, એક્સ રે મશીન અને શસ્ત્રક્રિયાનો ઘણો બધો સામાન સાથે લઈ આવ્યા.

આ દરમિયાન બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. જાપાની સૈન્યે અચાનક બર્મા પર આક્રમણ કર્યું. અને ત્યાંના અસાવધ સૈન્યને હરાવ્યું. ડૉક્ટરે એમનાં બીમાર પત્ની અને બંને બાળકોને અમેરિકા મોકલી આપ્યા. પણ પોતે તો ઘાયલોની સેવા કરવા બર્મામા જ રહ્યા. ભારે બોમ્બવર્ષા અને મશીન-ગનોના હુમલાની વચ્ચે પણ એમણે અને એમની પરિચારિકાઓએ લડાઈના મેદાનમાં કામચલાઉ ઇસ્પિતાલ ચલાવી અને બીમાર અને જખમી સૈનિકોની સેવા કરી.

યુદ્ધ બંધ થયા પછી ડૉ સિગ્રેવ નામખામ પાછા ફર્યા ત્યારે એમના થાકેલા દેહ પર રોગ, અપૂરતો ખોરાક અને અથાગ શ્રમના નિશાન અંકાયા હતા.

નામખામની ઇસ્પિતાલ બોમ્બમારાથી ખેદાન-મેદાન બની ગઈ હતી કોઈની પણ હામને હણી નાખે એવુ એ દૃશ્ય હતું. પણ ડૉક્ટરે પરિચારિકાઓ અને લોકોની મદદથી ઇસ્પિતાલનુ પુનઃ નિર્માણ શરૂ કર્યું. અમેરિકા જઈ પૈસા લઈ આવ્યા.

હવે પહેલા કરતા પણ વધુ દર્દીઓ ઇસ્પિતાલ-મા આવવા લાગ્યા. પણ જેમના સાથે કીર્તિનો મુગટ હોય છે, એમનો માર્ગ ઘણુ ખરું કાટાથી છવાએલો હોય છે

કારેન લોકોએ બર્મા સરકાર વિરુદ્ધ બ.બ.વો કરી નામખામ વિસ્તાર કબજે કરી લીધો. પણ બર્મા સરકારે બંડખોર આગેવાન કારેન નેતાઓને ઝડપી

લીધા. સ્થાનિક કારેન નેતાને હદપાર કરવામાં આવ્યો. એની સાથે ડૉક્ટરની એક મુખ્ય સહાયિકા કારેન નર્સ પણ ચાલી ગઈ.

આ બનાવથી એવી અફવા ફેલાઈ કે, ડૉક્ટર પણ આ કાવત્રામાં સામેલ છે. રાજદ્રોહના અપરાધ હેઠળ ડૉક્ટરને પકડી જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા. છ મહિના જેલમાં વિતાવ્યા. એ પછી બર્માની સુપ્રિમ કોર્ટે એમને નિર્દોષ જાહેર કર્યા. પણ એમની ગેરહાજરીમાં નામખામની ઇસ્પિતાલ લોકોએ લૂંટી લીધી.

જેલમ થી છૂટી ડૉક્ટર નામખામ પહોંચ્યા. હરખઘેલા ટોળાંઓએ એમને ઘેરી લીધાં. સૌએ એકી અવાજે હર્ષનાદ કર્યો : 'જુઓ, જુઓ, અમારા વૃદ્ધ ડૉક્ટર પાછા આવ્યા છે !' આ સૌના સહકારથી અને અમેરિકન મિત્રોએ મોકલેલી સહાયથી ડૉક્ટરે ઇસ્પિતાલનું કામકાજ પાછું વ્યવસ્થિત કર્યું.

ડૉક્ટરની અપૂર્વ નિષ્ઠા, લગન અને સેવાભક્તિને પરિણામે આજે આ ઇસ્પિતાલના છ મકાનોમાં અઢીસોથી ત્રણસો રોગીઓ માટે પ્રબંધ છે. દર વર્ષે અહીં રહીને પાંચ હજાર રોગી અને બહારના દશ હજાર રોગી સારવાર લે છે. ૧૯૨૩થી અત્યાર સુધીમાં લગભગ સાતસો તરુણીઓએ પરિચારિકાની તાલીમ મેળવી છે.

સંકટોનો સામનો કરી કરી, પરિસ્થિતિના પ્રહારો ઝીલી ઝીલી, ડૉ. સિગ્રેવની છાતી બેસી ગઈ છે. કમર ઝૂકી ગઈ છે. પણ હજુયે સવારના સાડા પાંચથી તે રાતના દસ વાગ્યા સુધી કામ કરે છે. અત્યાર સુધીમાં એમણે પચાસ હજાર ઑપરેશનો કર્યાં છે.

ડૉક્ટરનો પ્રયત્ન એ છે કે, તેમના મૃત્યુ પછી પણ આ ઇસ્પિતાલ આ જ રીતે ચાલુ રહે. એ કહે છે : 'સ્વસ્થ પ્રણાલી આ ઇસ્પિતાલમાં વિકસી છે, તેને આધારે આ સંસ્થા સદૈવ ચાલુ રહે એ જ મારી એકમાત્ર કામના છે. મેં ધન–દોલત કે એશઆરામની કદી ઝંખના કરી નથી. અહીં કામ કરતાં કરતાં જ મારી યાત્રાનો પૂર્ણવિરામ આવે એમાં જ મારા જીવનની સાર્થકતા છે.'


મારું નામ વિન્સેન્ટ શીન. વતન મારું અમેરિકા. સ્વભાવે હું જુવાન છું, ધંધે હું પત્રકાર છું. અખબારી દુનિયામાં મારા કામ અને નામ જાણીતાં બનેલ છે. થોડો સાહસિક પણ ખરો. મારી એક ચોપડીમાં મહાત્મા ગાંધીજીના મરણ વિષેનો ખાસ ઉલ્લેખ આવે છે. ભારતને સ્વતંત્રતા મળી તે અરસાની હું વાત કરવા માગું છું. ૧૯૪૮ની સાલની જાન્યુઆરી મહિનાની ૩૦મી તારીખ વિષે મારે થોડુંક કહેવાનું છે.

એ દિવસોમાં હિંદુ અને મુસલમાન વચ્ચે મનમેળ નહોતા. બંને કોમોનાં દિલ ઊંચાં બન્યાં હતાં. હિંદુસ્તાન દેશના બે ભાગલા પાડવામાં આવ્યા હતા. ભારત અને પાકિસ્તાન એનાં નવાં નામ. જ્યાં ત્યાં રમખાણો ફાટી નીકળ્યાં હતાં. એવું એક રમખાણ બંગાળા પ્રદેશમાં પણ ઊપસી આવેલું. વસ્તીના મુખ્ય બે ભાગ વચ્ચે કડવાશ વરતાઈ, વેર–ઝેર નીપજ્યા ને વધી ગયાં. એવું એક મશહૂર બની ગયેલું સ્થળ એ નોઆખલીની ભૂમિ.

પત્રકારે વિવિધ રીતે ઘણું બધું જાણવું, વાંચવું લખવું, વિચારવું અને વાકેફ રહેવું પડતું હોય છે. હું પણ દુનિયાભરના બનાવો જોઈ જતો ને યથાયોગ્ય આલેખી દેતો. મારો સ્વભાવ સદાચાર અને સત્ય માટે સહન કરનારો હતો. અને એટલે હું લાગણીપ્રધાન બની રહેતો. અખબારોની દુનિયામાં મહત્ત્વનું કામકાજ કરનારનું નસીબ, સામાન્યતઃ, એવું જ હોય છે. એણે ખૂબ પરસેવો પાડવાનો હોય છે. એણે દરરોજ ઘણું બધું ભટકવાનું રહેતું હોય છે. એના જીવનમાં કેટલીક વખત સગવડ–સાધનનું ઠેકાણું પણ નથી હોતું. એણે પોતાને ભોગે સામી વ્યક્તિના સમય અને સંજોગોને સાચવવા પડતા હોય છે. પત્રકારી જીવન અનેક વેળા સ્વસ્થ રહેવા સૂચવે છે, તેમ આંચકા સાથે અજંપો પણ આપી જાય છે.

અને નોઆખલીના રમખાણે ગજબ આચર્યો. બંને કોમના લોકોના જાનમાલની સલામતી દેખા-

તી નહોતી. જનતાનો વિશ્વાસ ક્યાંક પગ કરી ગયો હતો. ગાંધીજીનું દિલ વ્યથા પામ્યું. તેમણે વિચાર્યું, આ કોમી ભડકાને શાંત કરવો જ રહ્યો. રોજ અશાંતિ–અજંપો–આતશ વચ્ચે જીવવામાં મઝા નહિ. હિંદુ અને મુસ્લિમ એખલાસથી રહે તો જ આઝાદીનો અર્થ જળવાય; નહિ તો એવી ઉપરછલ્લી સ્વતંત્રતાનું મૂલ્ય શું ?

બસ, ગાંધીજીએ તો પોતાની વિધવિધ પ્રવૃત્તિ તાત્કાલિક સંકેલી લીધી. બધું કામકાજ છોડી દઈ બંગાળ પહોંચી પણ ગયા. બીજે આઝાદીના રંગરાગના જલસા ઊજવાતા હતા, ત્યારે ગાંધીજી પોતે તો આગ વચ્ચે શેકાવાને જઈ પહોંચ્યા હતા ! એ મુલકમાં શાંતિ સ્થાપવા સારુ તેમણે શાંતિ–પદયાત્રા પણ આરંભી દીધી.

અને તમે માનશો ? એનું કારણ શું હશે એ તો આજે પણ બરાબર સમજાતું નથી, પણ મને એ જ દિવસોમાં અજંપો થયો. એક રાતે, કોણ જાણે કેમ, પણ મને ગાંધીજીના મૃત્યુ સંબંધે તેમનું ખૂન થવા અંગે ભયંકર સ્વપ્નું આવ્યું. અમેરિકામાં બેઠા, હો ! હું પોત પથારીમાં બેઠો થઈ ગયો. અધીંપધીં ઊંઘમાં બબડી ઊઠ્યો : 'ના, હું ગાંધીજીને નહિ મરવા દઉં.'

પણ, દૂર અમેરિકાની ભૂમિ પર, મારા ઘરમાં હું સૂતો હતો ત્યાં સવારે જાગી ઊઠ્યો. મારા દિલમાં કશોક કડાકો થયેલો. મારે શું કરવું જોઈએ એ વિષે હું વાત વાગોળી રહ્યો. મારા મનમાં તે પળોમાં એક વિચાર ઝબકી ગયો, એથી મારું ચિત્તતંત્ર હચમચી ઊઠેલું. અને મેં નિર્ણય લીધો. નિશ્ચય કરી, નાખ્યો કે, 'મહાત્મા ગાંધીજીની જિંદગી પર જરૂર કોઈક ખતરો છે. હા, કોઈક અજ્ઞાત વ્યક્તિ તેમને મારી નાખવા તેમની આજુબાજુ ફર્યા કરે છે. ગાંધીજીના જીવનને કોઈ પણ રીતે બચાવી લેવું જ જોઈએ.

અને પછી તો મારા મનનો અજંપો વધતો જ રહ્યો, અસહ્ય બની ગયો. અને મને સૂવાનીયે નિરાંત રહી નહિ. હું પથારીમાં પડ્યો પડ્યો મોટેથી બોલી ઊઠતો : 'ના, ના, હું ગાંધીજીને એમ મરવા નહિ દઉં. મારે એમને બચાવવા હિંદુસ્તાન જલદી જવું પડશે જ.' અને મને ભારત જલદી પહોંચી જવાની તાલાવેલી લાગી.

તા. ૩૦–૧–૪૮ની

સવાર અને સાંજ



ડાહ્યાભાઈ મ. જોશી
'જ્ઞાનભિક્ષુ'

એવી ધૂનમા ને ધૂનમાં હું અહીંતહીં ફરી રહ્યો. મારા અનેક મિત્રોને મળ્યો ને મેં તેમને પણ મારા ભયાનક સ્વપ્ન વિષે વાકેફ કર્યા. મેં તેમને કહેલું પણ ખરું : 'ના, ભાઈ ! ના, ગાંધીજીને એમ મરવા ન જ દેવાય. દુનિયાના એ એક મોટા માણસ – પુરુષોત્તમ છે. વિશ્વકલ્યાણ માટે તેમની વિધવિધ પ્રવૃત્તિ ચાલે છે. સ્વાર્થ તેમનાથી અળગો રહેલો છે, એમની સેવા વિશિષ્ટ બની રહે છે ને જગત સામે બોધપાઠ ધરે છે. તેમનો જાન કોઈ પણ પ્રકારે જરૂર બચાવી લેવો જ જોઈએ. એ માટે મારે ઉતાવળથી ભારત પહોંચી જવું જોઈએ. એમા જો હું મોડો પડીશ, તો તો થઈ રહ્યું ! તો તો, કદાચ કોઈક તેમને જરૂર હણી નાખશે....'

મારા સ્વપ્નની વાત સાંભળી મારી માફક જ મારા કેટલાક પરિચિતો ને દોસ્તો વિચારમા પડી ગયા. પણ બધાયે એવું બધું કાંઈ ઓછું જ માની લે ? કેટલાકે મને ઘેલો ને શેખચલ્લી ગણ્યો. કેટલાકે તો મને મોઢામોઢ કહ્યું ને સંભળાવી પણ દીધેલું કે

'શીન, તું પત્રકાર ભલે રહ્યો, પણ તારું ભેજું તો નથી ખસી ગયું ને !' એમ ઘણા મિત્રોએ મારી એ વાત પ્રત્યે ખાસ લક્ષ ન આપ્યું.

પણ હું મારા નિર્ણયમા મક્કમ હતો. મે વિચાર્યું : 'ફિકર નહિ, મિત્રો પૈસા ન આપે તો કંઈ વાધો નહિ, પણ બીજાઓનેયે તે વિષે કશુંક કહી તો જોઉં....' અને મેં બીજાને તે વિષે વિગતવાર કહી કાલાવાલા ને આજીજી યે કરી જોયાં. એમા મારો અંગત સ્વાર્થ નહોતો, ભલાઈનું ને માનવતાનું એ એક કામ હતું, તેથી તેઓ સામાન્ય રીતે મારી વૃત્તિ સમજી શકયા. મેં કેટલાક પાસેથી ઉછીની રકમ મેળવી, મારી સગવડે પરત કરવાની શરતે. જ્યાથી ત્યાંથી થોડીક 'ભીખ' પણ મેળવી, જે પાછી વાળવાની નહોતી ! મેં એને માટેની જરૂર પૂરતી રકમ એકઠી કરી લીધી.

પણ સમય તો ઝડપે વહ્યો જતો હતો, એટલે હવે વધુ મોડું કરવું નહિ અને, સાચે જ, તારીખ ૨૯ મી જાન્યુઆરીના રોજ હું ન્યૂયોર્કથી ભારત આવવા ઊપડયો પણ ખરો.

ગાંધીજી એ દિવસોમાં દિલ્હી હતા. દિલ્હી એટલે ભારત દેશનુ પાટનગર એમનો મુકામ ત્યારે 'બિરલા–હાઉસ'માં હતો. રોજ સાંજે તેઓ લોકોને સમૂહપ્રાર્થના કરાવવા જઈ પહોંચતા અને એવી પ્રાર્થનાસભાઓમાં ગાધીજી દિલને હળવું કરતા, અંતરની વ્યથા ઠાલવતા. પણ ગાધીજીની વાત તો શ્રોતાઓના દિલ સુધી પહોંચતી નહોતી લાગતી. તેમની વાણી જરૂર સાંભળતા હતા, પણ આચરણમા મૂકતાં નહોતા. તેમને પોતાના માલ–મિલકત પ્યારા હતાં, જીવ વધુ વહાલો હતા એટલે તેઓ મહાત્માજીને સાંભળતાં જરૂર, પણ કરતા કશું નહિ.

પણ જેને કશુંક કરવું હતું, કરવા જેવું લાગતું હતું તેવો હુ તો ઠેઠ ન્યૂયોર્કથી ભારત સુધીના ખેપે આવી પહોંચ્યો હતો ને ! પણ, રે કમનસીબ ! માત્ર અમેરિકામાં નહિ, પણ ભારતમા સુદ્ધાંએ મારી પાછળ પડયુ હતું !

ચાર ચાર દિવસો પસાર થયા છતા ગાંધીજીની મુલાકાત જ મળી નહિ ! ગાંધીજીના અંતેવાસીઓને ગળે મારી વાત ઊતરતી નહોતી. મારી વાત ક્ષુલ્લક લાગતી હશે, એટલે એક પરદેશી જુવાનમાં ઝાઝો વિશ્વાસ મૂકવાની તેમને ઇચ્છા નહોતી થતી ! હવે શું કરવું ? હુ ખરેખર મૂંઝાઈ-અકળાઈ રહ્યો !

પણ કોઈક રીતે ગાધીજીને પોતાને એ વાતની, મારા ન્યૂયોર્કથી ભારત સુધી આવી પહોંચ્યાની અને હું તેમને મળવા માગું છું, છતા બ ને વચ્ચે મુલાકાત ગોઠવાતી નથી તે સંબંધે જાણ થઈ હતી. તેમને એવી ખબર પણ પડી ગઈ, કે મને તેમના અંતેવાસીઓ મળવા દેતા નથી. પણ ગાંધીજી તો વાણિયા, ચતુર, બહુ દયાળુ અને સમજદાર વ્યક્તિ હતા. તેમણે વિચાર્યું : 'ઠેઠ અમેરિકાથી અહીં ભારત સુધી દોડી આવનાર ભાવુક વ્યક્તિને પોતે મળવું જ જોઈએ.' પણ તેમની પાસે સમય થોડો હતો, કામકાજ ઝાઝું હતું. મુલાકાતીઓ ઘણા હતા.

મને કોઈ કે સૂચવેલુ : 'શીન સાહેબ, ગાંધીજીને તમારે મળવું છે ને ! તેઓ રોજ વહેલી સવારે ફરવા જાય છે. એ દરમ્યાન રસ્તા વચ્ચે કોઈક સવારે જ એમને મળો તો કેમ ?'

મને એ વિષે કશો વાંધો નહોતો. મારો મૂળ હેતુ તો ગાંધીજીને ગમે તેમ જલદી મળવાનો હતો.

એકાદ સવારે ફરતો ફરતો હુ ગાધીજીની મુલાકાત પામ્યો. ૧૯૪૮ના જાન્યુઆરી માસની તારીખ ૩૦મીની એ સવાર. તે દિવસે શુક્રવાર હતો. ચાર અંતેવાસીઓ સાથે ગાંધીજી પોતાના નિયમ મુજબ ફરવા નીકળ્યા હતા. હું પણ એમના માર્ગમા વચ્ચે જ તેમની સાથે ફરવામા જોડાઈ ગયો.

ગાધીજીએ મને ઓળખ્યો. અમેરિકાના મુલાકાત માગતા પત્રકાર તરીકે પિછાણ્યો. તેમણે મારી માગણી મંજૂર રાખી.

'બોલો, ભાઈ, તમારે શું કહેવાનુ છે ?'

'બાપુ, હું એક પત્રકાર છું. આપને મારે એકલાએ જ એક બહુ જરૂરી ખાનગી વાત કરવાની છે.'

'પણ પત્રકારભાઈ, મારે દુનિયામા કશું યે ખાનગી નથી, ખાનગી રાખવાનું પણ નથી, કેમકે

મારું આખું યે જીવન જાહેર છે.'

'જી, એ પ્રગટ જીવન અંગે જ હું આપને થોડુંક કહેવા ગાલ્યો આવું છું.'

'ભલે, કહી નાખો ત્યારે.'

'બાપુ, આપની જિંદગી ભારે જોખમ તળે છે. આપ એ જાણો છો ખરા ? મારું અંતર એવી આગાહી આપે છે, કે આજનો દિવસ આપને માટે મહાભયંકર છે. એ સાચે જ ખતરનાક છે, ખૂબ જ જાળવવા જેવો છે.'

'અરે, ભાઈ! બસ આટલું જ કહેવું હતું મને તમારે ? અને એટલા ખાતર તમે ઠેઠ અમેરિકાથી અહીં સુધી દોડી આવ્યા ?'

'હા, બાપુ. તમારે મન ભલે ન હોય, પણ તમારી જિંદગી અમારે મન મહામૂલી છે જ. એ અમને જનતાજનાર્દનને દોરે છે, ઉદ્ધારે છે.'

'ના, ભાઈ, એવું કશું બોલવાની જરૂર નથી. મારું જીવન તો બહુ નાચીજ છે. રામને આશરે એ વહ્યું જાય છે. અને રામ જેવો મારે માથે સમર્થ રખેવાળ છે પછી ખતરો વળી કેવો ?'

'ના, બાપુ. એમ બોલીને તમે મારી વાતને ટાળી દો નહિ મારું અંતર જણાવે છે કે, આપને માટે આજનો દિવસ ખરેખર વિષમ છે. આજે કાંઈક અનિષ્ટ અવશ્ય બનશે.'

'ઠીક છે, બનવા કાળે બધુ ય બને માનો કે તમે કહો છો તેમ કશુંક આજે જ બનશે. તો એ ટાળવામા તમે શું કરી શકશો ? એ આપણા હાથની વાત ઓછી જ છે !'

'પણ, બાપુ, એ જ સવાલ છે ને ! બની શકે તો, મારે એવું કશુંક ભયંકર નથી બનવા દેવું.'

'જાઓ, ભાઈ, જાઓ પરમાત્માનું નામ લો. એવી બધી યે વાત ઈશ્વરને આધીન હોય છે અને આપણે એની ઇચ્છા પ્રમાણે જીવીએ છીએ. જગત માત્ર એ ઈશ્વરને તાબે છે, તેની વૃત્તિ પ્રમાણે ચાલે છે, માટે તમે એવી ફિકર ન કરો. આ એક ભારતી ભાવના છે—અને આટલું કહેવા માટે તમને રામેય ખાસ ન્યૂયોર્કથી અહીં સુધી મોકલ્યા, ખરું ને ? એમાંય કશોક સંકેત જરૂર હોય છે જ. એને આપણે સમજવો રહ્યો....ભાઈ મારા ! તમારી કાળજી હું સમજી શકું છું. એ મહાદયાળુ ઈશ્વર જ અહીં બેઠા મારું રક્ષણ કરે છે ને કરશે—એની ઇચ્છા હશે તો ને ત્યાં સુધી... એની મરજી હશે તેમ બધું બનશે. એની મરજી વિના બનતું નથી, એક પાંદડું યે હાલતું કે કરતું નથી.. .અમે ભારતવાસીઓ તો ઈશ્વરવાદી છીએ.'

બસ, વાત પૂરી થઈ મારે વધુ વાત કરવાની રહી નહિ. ગાંધીજીની ઈશ્વર પ્રત્યેની અચળ શ્રદ્ધા નિહાળીને હું ખરેખર સ્તબ્ધ બન્યો ચુપ થઈ ગયો. ખરેખર, ગાંધીજી સામાન્ય જનો કરતાં કોઈક જુદી જ માટી વડે ઘડાયેલા માનવી હોવાનું મને લાગ્યું.

અને સાંજે ચાર વાગ્યા. ઘડિયાળ અને સમય તો આગળ ને આગળ લંબાયે જતા હતાં. રોજના નિયમ પ્રમાણે ગાંધીજી પ્રાર્થનાસભામા આવ્યા. હું એ સભામા હાજર હતો, એક ખૂણામાં દૂર લપાઈને બેઠો હતો. મારા મનનો વસવસો હજી પૂરો શાંત થયો નહોતો. હું પળે પળે ગભરાઈ ઊઠતો હતો. મને આજે ક્યાય ચેન પડતું નહોતું.

ત્યા તો દશે દિશાઓ જાણે ડોલી ઊઠી. ધરતી જાણે ધ્રૂજી ઊઠી !... ગોળી વછૂટી, તેનો અવાજ મને યે સ્પષ્ટ સંભળાયો 'ધડ . ધડાધડ... અને ...અને અને....'હે રામ !'—આટલુ છેવટનુ વચન બોલીને ગાંધીજી ધરણી પર ઢળી પડયા. ચોગમ દોડાદોડી થઈ રહી પણ ખૂની નાથુરામ ગોડસેને નાસી જવું નહોતું આથી તે પોતે જ નીડરપણે સ્વસ્થ ઊભો રહ્યો અને પકડાયો. દુનિયાભરમા હાહાકાર મચી ગયો.

હા, મારી હાજરીમા જ આ બધું બનેલું, છતા હું તો ગોળીના પહેલા ધડાકે જ બેભાન બની ગયો.

હું ભાનમાં આવ્યો. મારી આંખ ઊઘડી. મારા હોઠ કશુંક ફફડયા. અને આવા કશાક શબ્દો મારા મોંમાથી એકાએક ઓચિંતા સરી પડયા : 'ગજબ થઈ ગયો ! હું ગાંધીજીને—પ્યારા બાપુને બચાવી શક્યો નહિ. મારુ આગમન નિષ્ફળ નીવડયું ! આખરે ઈશ્વરની ઇચ્છા જ કામયાબ નીવડી !'

પિતાને પીઠબળ



રતુભાઈ શેઠ

કચ્છ માંડવીનો સમુદ્રકાંઠો ઘૂઘવતો હતો. એ વખતમાં કચ્છનું વહાણવટું ખૂબ જ વખણાતું કચ્છના વહાણવટીઓ એટલે પાકા સાગરખેડુ સાગરના એકએક રસ્તાના પૂરેપૂરા જાણકાર. આકાશના તારા જોઈ વહાણની દિશા કહી દે એવા અનુભવી. એને દરિયાની દોટમાં કોઈ ન આંબે. અને કચ્છી વહાણ પણ કેવું ! ખાસ સાગના લાકડાને ઘસી ઘસીને લીસું કરી એમાંથી કોરી કાઢેલું તેલ પાઈ પાઈને એ પાટિયાંની વચ્ચેની જગ્યામાં રૂ ભરી જાતમહેનતથી તૈયાર કરેલું એ વહાણમાં વળી કોઈ કલાકાર સુથાર આગળ મોર કે હંસ બનાવી એને શણગારે.

કચ્છનું એવું વહાણવટું અને એવો જ એનો વહાણવટી એનું નામ હતું વિક્રમશી જાતનો એ વાઘેર, પણ નાનપણથી જ દરિયાના પાણીમાં ડૂબેલો. જાણે ખારા સમુદ્રનું માછલું જ જોઈ લો ૫ દરેક વર્ષનો હશે ત્યારથી જ નરોત્તમ માવજીની પેઢીએ નોકરીએ લાગી ગયેલો.

નરોત્તમ માવજીની પેઢી એ જમાનામાં ખૂબ જ જાણીતી. એમની હૂંડીઓ દેશદેશાવરમાં સ્વીકારાય એમના વહાણો સાત સમુદ્રમાં ફરે એક બંદરેથી બીજે બંદરે માલની હેરફેર કરે અને અઢળક ધન કમાઈ દેશ ભેગું કરે.

વિક્રમશીએ એમના વહાણ ઉપર એક મામૂલી ખારવા તરીકે શરૂઆત કરેલી. વહાણ ઉપર તો સૌને સખત કામ કરવાની કસોટીમાંથી પસાર થવું પડે વહાણની સાફસફાઈથી માંડી નાખુદા જે કંઈ કામ બતાવે એ કરવું પડે ...લાદ એ ચતા હાથમાં છાલા પણ પડી જાય અને વળી પાછું કડક શિસ્તપાલન ! શિસ્તપાલનમાં જરા પણ ભૂલ થાય તો સખત શિક્ષા ખમવી પડે.

વિક્રમશી એ બધામાંથી પસાર થયેલો. અને મામૂલી ખારવામાંથી શેઠના વહાણનો એ નાખુદા બનેલો. એણે કેટલીય સફરો ખેડી હતી સુરભાયાથી ચીનની શરતમાં પોતાના વહાણ ઉપર સોનાનો મોર પણ ચઢાવેલો.

શેઠ નરોત્તમ માવજીનો એ જૂનામાં જૂનો નાખુદા. આજ એ પચાસની ઉંમરે પહોંચેલો, છતાં એક જુવાનને શરમાવે એવી તાકાત એના કાંડામાં હતી. એનો ઉત્સાહ અદમ્ય હતો.

શેઠને પણ એના ઉપર સારું હેત. 'લખાસર' નામનું શેઠનું વહાણ વિક્રમશીને જ સોંપેલું એ વહાણને લઈ વિક્રમશી સાત સમુદ્રની સફર ખેડી આવેલો.

વિક્રમશીની નામના એક અચ્છા સાગરખેડુ તરીકેની હતી. એની જવાંમર્દી બંદરે બંદરે ગવાતી હતી સફર દરમ્યાન કેટલાય ડૂબતા જીવોને બચાવ્યા હતા. કેટલાંય તોફાનો વટાવ્યા હતા અને તોફાનોમાં સપડાયેલા કેટલાય વહાણોની વહારે એ દોડ્યો હતો. લખાસરે અનેક મુસીબતો અને સંકટોનો સામનો કર્યો હતો.

એક પિતા પોતાના પુત્રની માવજત કરે એમ વિક્રમશી લખાસરની માવજત કરતો હતો વર્ષોથી લખાસરમાં સફર કરતા વિક્રમશીને એ વહાણ સાથે માયા બંધાઈ ગઈ હતી.

આખરનો સમય થતા બધા વહાણો ધીરે ધીરે બંદર ઉપર એકઠા થતા હતા ચોમાસાના ચાર મહિના વહાણની સફર બંધ રહે એ વખતે બંદર ઉપર સૌકોઈ પોતાના વહાણ ઊભા રાખે. એનું સમારકામ કરાવે. રંગનો ચોપાડ કરે અને ફરી સફર કરવા માટે વહાણને તૈયાર કરે.

લખાસર પણ પોતાની ખેડ પૂરી કરી, માંડવી બંદરે આવીને ઊભું રહ્યું માલ ખાલી કરવાની સૂચના આપી,

શેઠને મળવા, વિક્રમશી પેઢી ઉપર ગયો.

શેઠે પૂછ્યું : 'કેમ નાખુદા, સફર કેવી થઈ ?'

'શેઠ, અમે તો સાગરના બેટા. સાગરમા મહાલવાનું હોય એટલે આનંદ જ હોય.'

'કંઈ તોફાન-બોફાન તો નહોતું નડ્યું ને ?'

'તોફાન ?' વિક્રમશીએ પૂછ્યું. 'અરે શેઠ ! તોફાનમા જ આનંદ છે ને ! દરિયો છે. ક્યારેક ચમત્કાર બતાવે.'

'લખાસરને કંઈ વાંધો તો નથી આવ્યો ને ?'

'ના રે, ના શેઠ. એ તો હેમખેમ છે.'

'તો પછી બીજી ખેપ કરશો ને ?'

વિક્રમશી જરા વિચારમા પડ્યો. હજી હમણા તો એ ખેપ કરીને આવ્યો છે. બીજી ખેપ કરવા માટે હજુ ચાર મહિનાની વાર છે, છતા શેઠે એમ કેમ પૂછ્યું ?

'શું વિચારમા પડ્યો વિક્રમશી ?'

વિક્રમશીએ શેઠની સામે જોયું અને પછી કહ્યું: 'શેઠ, લખાસર એમ ને એમ તો બીજી ખેપ નહીં કરે. તમે તો જાણો છો, કે લખાસરને બંધાયાને આજ કેટલા વર્ષ થઈ ગયા. દર વર્ષે આપણે સમારીએ તો છીએ, પણ આ વખતે લખાસરને બરાબર તૈયાર કરવું પડશે.'

'સારું, જોઈશું,' કહીને શેઠે વાતને ટાળી. વિક્રમશી પોતાના ઘેર ગયો. શેઠની વાત એને ન સમજાણી. દર વખતે એને આવતો જોઈ શેઠને જે આનંદ થતો હતો એ આનંદ આ વખતે શેઠના મોં ઉપર ન દેખાયો. એનો આવકાર પણ સાવ ઠંડો હતો.

આઠેક દિવસ થયા પછી વિક્રમશી પાછો શેઠને મળવા ગયો. આડીઅવળી વાત કરી શેઠે ફરી પૂછ્યું: 'વિક્રમશી, લખાસરને સમું કરતા કેટલો ખર્ચ થાય ?'

વિક્રમશીએ કહ્યું, 'શેઠ, લખાસરને તો મારે એવું બનાવવું છે કે જાણે અરબી ઘોડો. ચાબુક મારે અને પહેલો નીકળી જાય. આ વખતે થોડાક સમારકામથી નહીં ચાલે.'

'તોપણ અંદાજે કેટલો ખર્ચ થાય ?'

'શેઠ, એકેક હજાર કોરી તો સહેજે ખર્ચ થાય.'

'શું વાત કરો છો ?'

'હા, શેઠ. એટલું ખર્ચ તો કરવું જ પડશે.'

ગણતરીબાજ શેઠને વાત ગળે ન ઊતરી. મનમા હતું કે વહાણ જૂનું થયું છે. જોરદાર પવનનો સામનો કરી શકે તેમ નથી રહ્યું. એટલે એ નકામું છે. વિક્રમશીએ પણ ઘણા વર્ષ નોકરી કરી. એ પણ હવે વૃદ્ધ થયો છે. પહેલાના જેટલું કામ નથી કરી શકતો. જૂનો માણસ છે, એટલે પગાર પણ વધારે આપવો પડે છે. લખાસર અને વિક્રમશી પાછળ ખર્ચ કરવો હવે નકામો છે. તેમણે ધીરેથી કહ્યું : 'વિક્રમશી, આપણે હવે લખાસર પાછળ કંઈ ખર્ચ નથી કરવો.'

'એ કેમ બને શેઠ ? તો પછી લખાસર સફર કેમ કરે ?'

'એને હવે સફર નથી કરાવવી. મારો વિચાર છે, કે લખાસર ભંગાર થઈ ગયું છે. એવા ભંગાર ઉપર કંઈ પણ ખર્ચ કરવો એ મૂર્ખાઈ છે.'

'તો પછી ?'

'મારો વિચાર લખાસરને વેચી નાખવાનો છે.'

'એ શું કહો છો શેઠ ? લખાસર તો મારો પ્રાણ છે.'

'એ સાચું હશે વિક્રમશી. પણ તમારે ય હવે આરામની જરૂર છે. તમે ય ઘણા વર્ષ સુધી ખેપ કરી. હવે નિરાંતની જિંદગી ગાળો.'

'અરે શેઠ, હજુ તો હું બીજાં દસ વર્ષ ખેડું એમ છું. મને કોણ વૃદ્ધ કહે ! અને દરિયાના જીવ જમીન ઉપર આરામ કરે ? હું તમને લખાસર નહીં વેચવા દઉં.'

શેઠને ગુસ્સો આવ્યો. તેમણે ગુસ્સો દાબતા કહ્યું : 'વિક્રમશી, તમે જાણો છો ને કે લખાસર આ વખતે બંદરમા સૌથી છેલ્લું આવ્યું. બીજા બધાના વહાણો બે દિવસ અગાઉ આવી ગયાં અને તમે બે દિવસ મોડા આવ્યા. એ જ બતાવે છે કે હવે લખાસર લાંબી સફરના કામનું નથી.'

'પણ શેઠ...'

'પણ ને બણ. તમે બે દિવસ મોડા આવો તો મને કેટલું નુકસાન થાય એ ખબર છે ને ? બીજાનો માલ વેચાઈ રહેવા આવ્યો હોય અને આપણો માલ આવ્યો જ ન હોય તો કેટલી ખોટ જાય ?'

'શેઠ, એ બધી ગણતરી મને ન આવડે. હું તો એટલું જાણું કે લખાસર હજુ તમે માનો છો એવું નથી હો !'

'વિક્રમશી, લખાસરનો માલિક હું છું. મારે શું કરવું-ન-કરવું એનો મને ખ્યાલ છે. લખાસર હવે ઘરડું થયું છે અને વિક્રમશી, તમને પણ હવે ઉંમર જણાય છે.'

શેઠના સામે વિક્રમશી જોઈ રહ્યો.

શેઠે બોલવાનું ચાલુ રાખ્યુ : 'મે મુનીમને કહી રાખ્યું છે. તમારો હિસાબ પણ એણે તૈયાર રાખ્યો હશે.'

વિક્રમશીનું મો પડી ગયુ. શેઠ લખાસરની સાથે સાથે એને પણ રજા આપતા હતા.

'મુનીમજી, વિક્રમશીનો હિસાબ કેટલો થાય છે ?'

'શેઠ, ગયા વર્ષનું લેણુ બાદ કરતા આપણે તેને ચાર હજાર કોરી આપવાની રહે છે.'

'સારુ, એને ગણી આપો.'

મુનીમે વિક્રમશીનો હિસાબ કરી, એને ચાર હજાર કોરી ગણી આપી. અને શેઠ એના કામમા જાણે મશગૂલ હોય એમ કામમા પડી ગયા. વિક્રમશીએ બે-ત્રણ વાર શેઠ સામે જોયુ પણ શેઠને એની સામુ પણ જોવાની ફુરસદ જ ક્યા હતી !

જતા જતાં વિક્રમશીએ ફરી શેઠને પૂછ્યુ :

'તો શેઠ, હવે ન આવુ ને ?'

'ના.' શેઠે સામે જોયા વગર જોરથી કહ્યુ'

વિક્રમશીને પગમા જાણે જ જીંગ પડી ગઇ હોય એમ લાગ્યુ જે આનંદ અને ઉત્સાહથી એ સફર કરીને આવ્યો હતો એના ઉપર જાણે ઠંડુ પાણી રેડાઈ ગયુ આટલા વર્ષોથી નિમકહલાલીથી કરેલી નોકરીનો આવો અંત આવશે એની કલ્પના પણ એણે નહોતી કરી.

ધીરે ધીરે નત મસ્તકે એ ઘર તરફ વળ્યો. ઘરે પત્ની અને સોળ વર્ષનો પુત્ર વેલો રાહ જોતા હતા. પિતાને આવતા જોઈ પુત્રના હૈયામા આનંદ સમાતો નહોતો.

પણ આ શુ ? વિક્રમશી આમ કેમ આવે છે ?

વિક્રમશી આવીને ઘરની બહાર ઓટલે બેસી રહ્યો એના મનમા કોઈ આનંદ દેખાતો નહોતો પત્નીએ નજીક આવીને પૂછ્યુ . 'કેમ, શુ થયુ ?'

'કંઈ નહી.'

'તો પછી આમ સૂનમૂન કેમ થઈ ગયા છો ?'

'કંઈ જ નથી'

'તો બોલતા કેમ નથી ?'

'તું હમણા આઘી જા'

પત્ની વિચારમા પડી કે એકાએક આ શુ થયુ ? વેલો નજીક આવ્યો . 'બાપુજી, તબિયત તો સારી છે ને ?'

વિક્રમશીએ વેલા સામે જોયુ એની આખમા વાત્સલ્ય આવ્યુ. તેણે કહ્યુ : 'બેટા, તબિયત તો સારી છે'

'તો બાપુજી, અમારી કંઈ ભૂલ થઈ છે ?'

'ના રે બેટા'

ગમે તેમ હોય, પણ તમારા દિલમા કંઈ ન સમજાય એવુ દુખ છે. સફરમા કંઈ થયુ હતુ ?'

'ના રે બેટા.'

'તો શું થયુ બાપુજી ? હુ તમારો પુત્ર. મને નાહ કહો તો કોને કહેશો ?'

'બેટા, કોઈને કોઈ દુઃખ થોડુ જ આપી દેવાય છે ?'

'હળવુ તો થાય, બાપુજી.'

'તો સાંભળ બેટા ! અને લક્ષ્મી, તુ પણ સાભળ શેઠે મને કહ્યુ કે હું ઘરડો થયો છુ. હવે હુ નકામો થયો છું. મારે હવે ઘેર બેસવાનુ છે.'

'શું કહો છો ?'

'હા બેટા, હવે મારે આરામ કરવાનો. શેઠ તો લખાસરને પણ વેચી નાખવાના છે. અરે રે ! મે લખાસરને તો તારા કરતા પણ અધિક પ્રેમ કર્યો છે. શેઠ એને ભંગારમા વેચી નાખશે. ભંગારવાળો એના એકેએક અંગ છૂટા કરશે. એનો કૂવાથંભ વહેરી નાખશે. એનું સુકાન તોડી નાખશે. એનું પઠાણુ, એની તિરછ અરે ! એના એકેએક ભાગ ઓ તોડીફોડીને એના ટુકડા કરી નાખશે. અને હું બેઠો બેઠો એ જોયા કરીશ.' બોલતા બોલતા વિક્રમશીના આખે પાણી ભરાયા.

'શેઠ, એકાએક એમ કેમ વિચાર કર્યો ?' લક્ષ્મીએ પૂછ્યુ.

શેઠ રહ્યા પૈસાનો જીવ. એનાથી લખાસરને સમુ કરાવવા કોરી ન ખરચાય. એ પામર માણસ વહાણ અને નાખુદાની પ્રીત શુ જાણે બેટા ? આ વખતે લખાસર જરા મોડુ આવ્યુ. માત્ર બે જ દિવસ મોડુ તો કહે કે મારે મન તમેય નકામા અને લખાસર પણ નકામુ'

પત્નીએ સાભળીને નિશ્વાસ મૂક્યો. તે દિવસે ઉમંગથી ઘરમા ચૂરેલા લાપસીના આઘણુ એમ ને એમ રહી ગયા. વિક્રમશીના મોઢા ઉપરથી નૂર ઊડી ગયુ હતું. જુવાનજોધ જેવો લાગતો વિક્રમશી હવે ખરેખર ઘરડો લાગતો હતો પ્રાણ વગરનું ખોળિયુ હોય એવો બની ગયો હતો

સવાર થાય અને બંદરના કાંઠે જઈને ઊભો રહે વારવાર લખાસર સામે જુએ. બીજા વહાણો ઉપર સુથાર,

લુહાર અને રંગારો પોતાનો કસબ અજમાવતા હતા ત્યારે લખાસર એકલુઅટૂલું જાણે મરવાને વાકે ઊભું હોય એમ સ્વજનથી વિખૂટા પડેલા સ્નેહી જેવું ઊભું હતું. બીજા નાખુદાઓ અને માલમ પોતપોતાના વહાણમા ચીવટથી કામકાજ કરાવતા હતા ત્યારે વિક્રમશી મોઢું વકાસીને ઊભો હતો. સાજ પડચે એક મોટો નિસાસો નાખી એ ઘરે પાછો ફરતો હતો. ખાવાપીવામાથી રસ ઊડી ગયો હતો બોલતો પણ ખપ પૂરતું જ. જાણે ચાવી દીધેલ રમકડું બોલે તેમ

એક દિવસ લક્ષ્મીએ વેલાને બોલાવીને કહ્યું : 'બેટા વેલા, જો આમ ને આમ થશે તો ક્યાક તારા બાપુજી માંદા ન પડી જાય.'

'બા, મને પણ એમ જ થાય છે ક્યારેક કાઠે ઊભા ઊભા એકલા બોલતા સાભળું છુ : ' લખાસર, તું ય હવે ઘરડું થયુ અને હુ પણ હવે વૃદ્ધ થયો ભાઈ, દરિયાનુ છેલ્લુ પાણી જોઈ લે. હવે તું ય નહી ને વિક્રમશી પણ નહી; તારુ ય નામ ભુલાઈ જશે અને વિક્રમશીનું પણ ભુલાઈ જશે આટઆટલા વહાણો અને માણસો આપણે બચાવ્યા એની કંઈ કદર નહી. અને આ તે આ હાલત લખાસર ! શુ માબાપ ઘરડા થાય એટલે છોકરાવ એને કાઢી મૂકે ?' આમ ક્યારેક એકલા એકલા બોલી જોરથી હસે છે, મા.'

'બેટા, શુ કરશુ ?'

'મા, હુ એ જ વિચાર કરુ છુ. હવે તો હુ ય જુવાન થયો છુ મે પણ દરિયો ડહોળ્યો છે. મા, હવે હુ પણ કોઈ વહાણ ઉપર ખારવો થઈ જઈશ બાપુએ મને બધી જ વિદ્યા શીખવી છે શેઠને જઈને કહીશ કે મારા બાપુને બદલે મને નોકરીએ રાખો. હુ જુવાન છુ '

'એ વાત સાચી છે બેટા ! પણ તેથી તારા બાપુના જીવને થોડી શાતિ મળે ?'

'કેમ નહી બા ?'

'એ તો દરિયાના જીવ દરિયાના મોજા એમને ઊછળી ઊછળીને બોલાવે એનાથી જમીન ઉપર દિવસો કેમ પસાર થાય ? દરિયો ગાજે અને એમને હૈયે અજંપો જાગે '

'ઈશ્વર ઉપર ભરોસો રાખ, મા. એ રસ્તો સુઝાડશે.'

તે દિવસે જમવાનો વખત થયો પણ વેલો દેખાયો નહી લક્ષ્મી એની રાહ જોઈ જોઈને થાકી પણ વેલો તો શેઠ નરોત્તમ માવજીની પેઢી ઉપર બેઠો હતો. શેઠ પોતાના કામમાથી ક્યારે નવરા થાય એની રાહ જોતો હતો શેઠ એક–પછી–એક કામ કરતા હતા. વિક્રમશીની જગ્યાએ નવા રાખેલા નાખુદાને જાતજાતની સૂચનાઓ આપતા હતા.

છેક સાજ થવા આવી ત્યારે શેઠ કંઈક નવરા થયેલા દેખાયા તેમની નજર બાજુ ઉપર બેઠેલા વેલા ઉપર પડી પૂછ્યુ : 'કેમ, છોકરા ! ક્યારનો અહીં બેઠો છે ?'

'શેઠ, મારે તમારું કામ છે.'

'બોલ, શુ કામ છે ! નોકરી જોઈએ છે ?'

'ના, શેઠ તમારુ પેલુ જૂનું વહાણ છે ને લખાસર !'

'તે શુ છે એનું ?

'એ તમારે વેચવુ છે ને ?'

'હા કેમ, તારે લેવુ છે ?' શેઠે મશ્કરીમા પૂછ્યુ

'હા, શેઠ. મારો વિચાર છે ' વેલાએ બેધડક કહ્યુ

શેઠ ખડખડાટ હસી બોલ્યા, 'કેટલી કોરી આપીશ ?'

વેલાએ પૂછ્યુ : 'શેઠ, એની કેટલી કોરી ગણાય ?'

'મારે આઠ હજાર કોરી લેવી છે. છે હિંમત, બોલ ?'

'શેઠ, એમ તો હુ પણ વાઘેરનો બચ્ચો છુ. વહાણ એ મારુ ઘર છે, પણ કઈક વાજબી કહો તો વિચાર કરુ.'

'તો તુ કેટલી કોરી આપીશ ?'

'શેઠ મારી પાસે તો ચાર હજાર કોરી છે '

'જા, ભાઈ ! જા.' શેઠે કહ્યુ . ' તુ વહાણ ખરીદી રહ્યો કોઈ નાવડી ખરીદ કરી લે '

વેલો વિચારમા પડયો આઠ હજાર કોરી ક્યાથી કાઢવી ? બાપાનો હિસાબ હમણા જ આવ્યો હતો પણ એ તો ચાર હજાર કોરી હતી પોતાનું ખોરડુ વેચે તો માડ હજારેક કોરી આવે બાકીની ક્યાથી લાવવી ? છતાય તેણે હિંમતથી શેઠને કહ્યુ ' શેઠ, કાલ સાજ સુધી તમે રાહ જોજો, ત્યા સુધી કોઈને વેચશો નહી.'

શેઠ વેલાને જતો જોઈ રહ્યા મનમા થયુ, છોકરો છે પાણીવાળો, પણ આવા ભગાર વહાણને એ શુ કરશે ?

વેલો ઘેર આવ્યો. વિક્રમશી તો રોજના ક્રમ પ્રમાણે માથે હાથ દઈ લખાસર સામે જોતો દરિયાકાઠે બેઠો હતો.

વેલાએ લક્ષ્મીને કહ્યુ ' મા, પેલી ચાર હજાર કોરી ક્યા છે ?'

'મારી પાસે છે, બેટા.'

'અને બા, આ ખોરડું વેચીએ તો કેટલી કોરી આવે?'

'આવે હજાર-પદરસો, પણ આમ કેમ પૂછે છે ?'

વેલાને જવાબ દેવાની ફુરસદ નહોતી એ કોઈ ગણતરીમા પડ્યો હતો તેણે કહ્યું · 'મા, મને પેલી ચાર હજાર કોરી આપને.'

'કેમ, શુ કામ છે ?'

'કામ છે. પછી કહીશ.'

'લક્ષ્મીએ છોકરાના હાથમાં કોરી આપી અમને કહ્યુ બેટા, તારા બાપુની આ છેલ્લી કમાણી છે. હવે તો એ સફર કરી શકવાના નથી માટે સભાળજે.'

'ભલે, મા' એમ કહી વેલો ત્યાથી ગયો. પાછો શેઠ પાસે આવ્યો અને કહ્યુ : 'લો શેઠ, આ ચાર હજાર કોરી લઈ આવ્યો છુ.'

'પણ એટલાથી શુ થાય ? બાકીના પૈસાનું શુ ?'

વેલાએ કહ્યુ . 'શેઠ, મારા ઉપર વિશ્વાસ રાખો. લખાસરમા ભાડુ ભરી તમને ધીરે ધીરે ભરી દઈશ'

'ભાઈ, વેપાર અને વ્યવહારમા લાગણી ન ચાલે. બાકીની વ્યવસ્થા કરીને આવ એટલે લખાસરનું વેચાણખત કરી આપુ.'

'શેઠ, આનાથી વધારે તો મારી પાસે કંઈ નથી.'

'કઈ વાધો નહી. મે તને ક્યા કહ્યુ છે કે તુ લખાસર ખરીદવા આવ.'

'શેઠ, એક કામ કરો જો હુ બે વરસમાં બાકીના પૈસા ન ભરુ તો ગુલામીખત લખી આપુ હુ ખારવાનો બચ્ચો છુ. દરિયાદેવનો ખેલાડી, વચનનો પાકો. લખાસરના ભ ડામાથી તમને પૈસા ભરી દઈશ અને પૈસા પૂરા ન થાય તો હુ જિ દગીભર તમારી ગુલામી કરીશ તમારા વહાણ ઉપર ખારવો બનીને રહીશ. મારુ આટલુ વચન રાખો.'

'અલા, પણ તને એવા ભ ગાર જેવા વહાણમા એટલો બધો શુ મોહ છે ?'

'શેઠ, હુ વેલો, વિક્રમશીનો દીકરો મારા બાપુનો પ્રાણ એ લખાસરમા છે. એના વિના એ જીવી શકે તેમ નથી. મારા જેવો જુવાનજોધ દીકરો બેઠો હોય અને બાપા આમ કમોતે મરે !'

'ઓહ ! એમ વાત છે તુ વિક્રમશીનો પોતરો છે ! ઠીક, જા. તારુ ગુલામીખત સ્વીકાર્યું.' એમ કહી શેઠે ચાર હજાર કોરી ગણીને ઈસ્કોતરામા મૂકી.

વેલા માટે ગુલામીખત તૈયાર કર્યું. ગુલામીખત લખતાં લખતાં ય શેઠની નજર વેલાના સુદૃઢ શરીર તરફ હતી. મનમા ગણતરીના ઘોડા દોડતા હતા. આ છોકરો કઈ બાકીના પૈસા ભરી શકશે નહી અને બે વર્ષમા ન ભરે તો આવો ઊગતો જુવ ન જિંદગીભર વગર પગારે મળે. અને એ પણ એના બાપ જેવો કાબેલ હોય તો પછી પોતાને વહાણોની શી ફિકર ?

શેઠે લખાણખત આપતા કહ્યુ . 'વેલા, બાકીની કોરી આમા લખી છે. મને બે વર્ષમા એ નહીં ભરે તો તારે કાયમી ગુલામી કરવી પડશે.'

'બાપના બોલથી'

'તો આ લે લખાસરનું વેચાણખત અને આ ગુલામીખત ઉપર અંગૂઠો માર'

વેલાએ અંગૂઠો માર્યો અને શેઠનો વારવાર આભાર માનતો વેલો લખાસરનું વેચાણખત બગલમા મારતો ઘેર આવ્યો. એનો આનદ મા'તો નહોતો. ઘરમા દાખલ થતા જ પૂછ્યુ 'બા, બા બાપા ક્યા ?'

'કેમ બેટા, આટલો બધો ખુશ છે ?'

'પણ બાપા ક્યા છે ?'

આ સામે જો, એ જ આવે છે એમના તો જાણે પગ જ ભાગી ગયા છે.'

વિક્રમશી ઘરમા દાખલ થયો કે તરત જ વેલાએ કહ્યુ .

'બાપુ, ખુશખબર'

'શુ છે બેટા ?'

'આ લો' એમ કહી વેલાએ વેચાણખતનો કાગળ બાપુના હાથમા મૂક્યો

'શુ છે આ ? મને કઈ વાચતા થોડું જ આવડે છે.'

'એ વેચાણખત છે બાપા.'

'શેનું ?'

'લખાસરનું.'

'હે ! શુ લખાસર વેચાઈ ગયુ ! અરે રે, પ્રભુ ! હવે તો કાલથી હુ એને જોઈ પણ નહી શકુ.'

'બાપુ, શેઠે લખાસરને વેચી નાખ્યુ.' વેલાએ કહ્યું.

'બેટા, લખાસર નથી વેચાયુ. મારો પ્રાણ વેચાયો છે. ઓહ ! પ્રભુ'

'પણ બાપુ, એ આપણે વેચાતુ લીધુ છે.'

'શુ વાત કરશ ?' વિક્રમશી અને લક્ષ્મી બ ને ચમકયા

'હા, બાપુ.'

'અરે બેટા ! મારો જીવ જાય છે અને તને મશ્કરી સૂઝે છે !'

'ના, બાપુ ! હુ મશ્કરી નથી કરતો. જુઓ, આ એનુ જ વેચાણખત છે.'

'પણ તે કેવી રીતે ખરીદ કર્યું ?'

વેલાનુ મોઢુ પડી ગયુ. તપાવેલા તાવડા ઉપર જેમ પાણીનુ ટીપુ પડે અને ઝડપથી ઊડી જાય તેમ એના મોઢા ઉપરથી હાસ્ય ઊડી ગયુ.

'કેમ ચૂપ થઈ ગયો બેટા ? એટલા બધા પૈસા કયાથી કાઢયા ?'

વેલો હજી ચૂપ જ રહ્યો એના મનમા ગડમથલ ચાલતી હતી

'ચૂપ કેમ છે બેટા ?' બોલતો કેમ નથી ?'

વેલાએ બધી વાત કરી. પોતાના ગુલામીખતની વાત પણ ધીરેથી કરી.

'અરે રે ! બેટા, તે શું કર્યું !' વિક્રમશીએ કહ્યુ 'બહુ ભૂડુ કર્યું તેં બેટા. હજુ તો તુ ઊગતો જુવાન છે ગુલામીખત એટલે શુ તને ખબર છે ! અને તે પણ જિ દગીભરની ગુલામી ના, બેટા ! ના તુ જા, આપણે લખાસર નથી જોઈતુ બાકીની ચાર હજાર કોરી કોણ જાણે ક્યારે પૂરી થાય !'

'બાપુ, હવે એમા કઈ નથી કરવુ. તમે, હુ અને બા જો મડી પડશુ તો એક જ ખેપમા ચાર હજાર કોરી કાઢી લઈશુ દરિયાના તમે ભોમિયા અને લખાસર જેવુ વહાણ. પછી શુ જોઈએ ? લંકાથી તેજાનો લઈ આવીશુ બસરાથી મગ ભરીશુ. અને સુરભાયાથી ચીની લઈ આવશુ. આઠ મહિનામા તો આઠ ખેપ ખેડીશુ બાપુ, તમે ઊઠો લખાસરને સાબદુ કરો.'

અને પછી તો મડદામા જેમ પ્રાણ ફૂકાય અને મડદુ બેઠુ થાય એમ વિક્રમશીમા કોઈ નવો જ પ્રાણ પુરાયો. જુવાનને શરમાવે એવી અદાથી એ કામે લાગી ગયા એણે ખોરડુ વેચ્યું. લક્ષ્મીએ ઘરેણા વેચ્યા અને રોકડ કરી લખાસરને તૈયાર કરવામા ખરચવા શરૂ કર્યા થોડા દિવસમા થનગનતા ઘોડા જેમ લખાસર બીજા વહાણોની હરોળમા ઊભુ રહ્યુ.

બીજા વહાણો નાળિયેરી પૂનમ પછી ખેપ શરૂ કરવાના હતા, પણ લખાસર વીસ દિવસ અગાઉ જવા તૈયાર થઈને ઊભુ હતું. વિક્રમશી લખાસરને લઈને ખેપે જાય છે એમ ખબર પડતા જ લોકો પોતાનો માલ લખાસરમા ભરવા લાગ્યા એમને વિક્રમશીના વહાણવટા ઉપર વિશ્વાસ હતો. લખાસરની દોટ ઉપર વિશ્વાસ હતો જોતજોતામા એના વહાણમા માલ ભરાઈ ગયો.

બીજા નાખુદાઓ અને માલમે વિક્રમશીને સમજાવ્યો, 'ભલા માણસ, હજી આખર પૂરી થઈ નથી. પૂનમ સુધી દરિયો તોફાની હોય છે એ તુ જાણે છે, માટે આવુ ગાડુ સાહસ રહેવા દે.'

પણ વિક્રમશીમા કોઈ નવો જ ઉત્સાહ ભરાયો હતો.

બધાની અજાયબી વચ્ચે વિક્રમશી અને વેલો લખાસરને દોડાવી ગયા.

પદરેક દિવસ માડ થયા હશે. પૂનમને હજુ પાચ દિવસ બાકી હતા. બીજા વહાણોમા માલ ભરાઈ રહ્યો હતો ત્યા સૌએ લખાસરને પાછુ આવતુ જોયુ. લખાસરે બદર ઉપર લગર નાખ્યુ અને વિક્રમશીને વિટળાઈ વળ્યા.

'કેમ વિક્રમશી, તોફાન નડ્યુ ?'

'ના, ભાઈ.'

'તો શુ લખાસર ખેપ કરે તેમ નથી લાગતુ ?'

'ખેપ કરીને આવ્યો. જુઓ, લકાથી તેજાનો લઈ ને આવ્યો છુ.'


કોઈને વાત માન્યામા આવે એવી નહોતી પણ તેજાનાની ગુણીઓ જોઈ વિક્રમશીની વાતને માન્યા વિના છૂટકો નહોતો. ભલભલા મોઢામા આગળા નાખી ગયા

વિક્રમશીએ જોતજોતામા બે ખેપ પૂરી કરી અને શેઠની બાકીની કોરી ભરી દીધી એ દિવસ વેલા અને લક્ષ્મીના આનદનો પાર નહોતો. વિક્રમશીની છાતી ગજ ગજ ઊછળતી હતી ત્યારે ફરી લાપસીના આધણ મુકાયા.

પછી તો વર્ષો સુધી લખાસરે ખેપ કરી. કેટલીયે વાર એ હોડમા પહેલુ આવ્યુ. કોઈ અજેય યોદ્ધાની જેમ દરિયા પર એનો ધ્વજ ફરકાવતુ જ રહ્યુ



મંદિરનું નિર્માણ



વ્રજલાલ એમ. પંડ્યા

સમગ્ર સોમપુરને મન સુદર્શન એક વિચિત્ર વ્યક્તિ હતો. એક દિવસ આરતીટાણે રામજીમંદિરે પહોંચ્યો હોય, તો બીજે દિવસે એ જ સમયે સ્મશાનમાં બેઠેલો નજરે ચડે ગામને પાદરે છોકરાંની રમતો જોવા બેસી જાય તો સમયનું ભાન રહે નહિ ગામના શિવાલયમાં બાવા–સાધુ આવ્યા છે એવી ખબર પડે તો દોડીને ત્યાં પહોંચે

બે ભાઈ વચ્ચે ઘરખેડ અને મકાન, ભાગ પાડ્યા વિના મૂકી માબાપ મરણ પામ્યા હતા મોટા ભાઈ સાથે રહેતા સુદર્શનને ભાઈ–ભાભી ત્રાસ આપતા

'ભાઈભાભીની વધારે પડતી કનડગતને લીધે બિચારાનું થોડું ચસકી ગયું છે,' એમ લોકો કહેતા પણ શિવાલયમાં આવેલા કોઈ સાધુને, 'મહારાજ, મને જીવતર નકામું લાગે છે આ સંસારમાં દુઃખનો પાર નથી સગાંસંબંધી સ્વાર્થી છે. મને ભગવાનનો માર્ગ બતાવશો ?' એવું શાંત ચિત્તે પૂછતા સુદર્શનને સાંભળતા ત્યારે લોકોને પોતાનો આ અભિપ્રાય બદલવો પડતો.

અને છતાંયે કેટલીક બાબતોમાં સુદર્શનને સૌ વખાણતા પણ ખરા. સુદર્શનના ચહેરા ઉપર ભોળપ નીતરતી. એની આંખમાં પાપ ન હતું દુનિયાની એને લવલેશ પણ ઊંધે રસ્તે દોરી શકી ન હતી

શુભ્રા નદીનો એકાંત કિનારો સુદર્શનનું પ્રિય સ્થળ હતું. દિવસનો ઘણો ભાગ એ ત્યાં વિતાવતો. આનું કારણ હતું, મધુર કલકલથી હરિયાળી બનેલી તીરસ્થ ભૂમિ ઉપર આરંભાયેલ એક ભવ્ય મંદિરનું નિર્માણ સોમપુરના વતની અને મુંબઈમાં મોટો વેપાર કરતા એક ભાવિક શ્રીમંતે આ મંદિરના નિર્માણખર્ચની બધી જવાબદારી સહર્ષ ઉપાડી હતી સોમપુરના રામજીમંદિરના વિદ્વાન પૂજારી તીર્થપ્રસાદ આ નવા મંદિરના મુખ્ય પુરોહિતપદે નિયુક્ત થવાના હતા.

સુદર્શન નદીકાંઠે આવતો અને દૂરના એક પીપળા નીચે બેસી બંધાતા મંદિરને જોયા કરતો. ઘણી વાર ઘેર જમવા પણ ન જતો શાસ્ત્રી તીર્થપ્રસાદ તેને માટે પ્રસાદ મોકલતા.

ધર્મ એટલે ઉન્નત જીવનને પામવાની વિધિ એવું દર્શાવતી હોય એમ મંદિરની ઊંચાઈ વધ્યે જતી હતી, જ્યાં પથ્થર અને ટાંકણાનું મિલન થતું હતું ત્યાંથી ફૂટીને મંજુલના હવાના હૈયાને ભરી દેતી હતી ઈંટના ઢગલાઓ ઉપર પથરાતા સૂર્યકિરણો અબીલગુલાલમય બની જતા હતા શુભ્રાના શીતલ નિનાદમાં નાહીને આવતો પવન વૃક્ષઘટાઓમાંથી ગીત ગાતો ગાતો બહાર આવતો ને સ્થપતિઓ તેમજ શ્રમજીવીઓના વસ્ત્રોને ફરફરાવી આગળ સરકી જતો ત્યારે સામેથી આવતા શુકન્દો પાંખોની મુલાયમતાથી એનું સ્વાગત કરતા અને આતિથ્ય કર્યાનો આનંદ કલરવમાં વહેતો મૂકતા.

સુદર્શન આ બધું નિહાળી, સાંભળી, આનંદિત થઈ જતો પણ બીજી જ ક્ષણે એ વિચારોમાં ગરકાવ થઈ જતો 'માનવી મંદિરો શા માટે બંધાવતો હોય છે ? આટઆટલા મંદિરો છતાં આટલાં બધાં વેરઝેર, અશાંતિ અને દુઃખ કેમ છે ?' સુદર્શનને કશો ઉત્તર મળતો નહિ એના ચહેરા ઉપર વિષાદ છવાઈ જતો.

એક સવારે સૂર્યકિરણો આક્રમક બનવા માંડ્યાં ત્યાં સુધી સુદર્શન એકાન્ત કિનારાની ભેખડો ઉપર બેસી રહ્યો ઘણો સમય નદીના ખળખળ વહેણ ઉપર રચાતા તેજપટને નિહાળ્યા કર્યો થોડી વારે એ ઊઠ્યો અને બંધાઈ રહેલા મંદિર ભણી ચાલવા માંડ્યું નદીતીરની લીલમ ઘટાઓનાં કલગાન ક્ષણેક્ષણને ભીંજવતા હતા મંદિરની એક બાજુનો સ્લેબ ભરાતો હતો એનો અવાજ વાતાવરણને કોલાહલમય બનાવતો હતો

સુદર્શન મંદિરની નજીક આવ્યો અને એક મોટો અવાજ થયો સ્લેબનો મોટો હિસ્સો એકાએક તૂટી પડ્યો. બરાબર એ જ વખતે સુદર્શન ત્યાંથી પસાર થતો. તૂટતા સ્લેબના ભંગારે ક્ષણમાત્રમાં સુદર્શનને અદૃશ્ય કરી મૂક્યો અને જમીન ઉપર મોટો ઢગ ખડકી દીધો

કડિયા, મજૂરો અને શિલ્પીઓ સૌમાં હાહાકાર મચી ગયો કોઈને કલ્પના પણ ન હોય એવી ભયંકર દુર્ઘટના બની ગઈ હતી સ્લેબ ઉપર કામ કરતા કેટલાક કડિયા અને મજૂરો પણ નીચે ફેંકાયા હતા. પણ કોઈ સ્લેબ નીચે આવી ગયું ન હતું તેમને થોડીવધતી ઈજાઓ જ થઈ હતી. મંદિર જોવા આવેલા શાસ્ત્રી તીર્થપ્રસાદ પણ ત્યાં દોડી આવ્યા સૌનાં મોં કાળાંમેશ બની ગયાં. ભગવાનના મંદિરના નિર્માણના ઉત્સાહની જગ્યાએ શોકનો સૂનકાર વ્યાપી ગયો દરમ્યાન સ્લેબનો ભંગાર ઝડપી હટાવાઈ રહ્યો હતો આ બધું જોઈ રહેલા કોઈને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો, કે મંદિરનું નિર્માણ એક જીવનનો ભોગ લેશે ભગવાનની પ્રતિષ્ઠા પહેલાં જ વસંતના મધુમય સમીરણમાં ડોલતું માનવપુષ્પ ખરી પડશે એવું ઉલેચાતા ભંગારને જોઈ રહેલા કોઈએ ધાર્યું ન હતું

સ્લેબનો ભંગાર હટાવાઈ ગયો અને ધડકતે હૈયે બધાએ ત્યાં આંખો માંડી પણ સૌના શ્વાસ અધ્ધર થઈ ગયા ભંગાર હેઠળ સુદર્શન હતો જ નહિ! અને મજૂરોની નજર થોડે દૂર ગઈ ત્યાં હજુ થોડી રેતી અને સીમેન્ટના નાના ટુકડાઓ પથરાયા હતા એ દૂર કરતાં જ સુદર્શનનું મુખ દેખાયું! એ સંપૂર્ણ હોશમાં હતો અને સાજોસારો હતો 'પરમાત્માની બલિહારી તો જુઓ!' સૌના મોંમાંથી એક જ ઉદ્‌ગાર સરી પડ્યો ત્યાં કૂદકો મારીને સુદર્શન ઉપર આવ્યો.

બન્યું એમ હતું કે સુદર્શન જ્યાંથી પસાર થતો હતો ત્યાં રેતીનો ઢગલો કરેલો હતો સુદર્શન જેવો ઢગલા ઉપર ચડ્યો તેવો જ સ્લેબ તૂટ્યો તૂટી પડતો સ્લેબ સુદર્શનની ખોપરી ફોડી નાખે એ પહેલાં જ રેતીએ એને પાસેના એક ઊંડા ખાડામાં ધકેલ્યો સ્લેબના ભંગારનો પોણો ભાગ રેતીના ઢગલાની એ બાજુએ ખડકાયો, જે ખાડાથી ઠીક ઠીક દૂર હતી બાકીનો ભંગાર રેતી ઉપર અને થોડો ખાડા ઉપર પથરાયો પરિણામે સુદર્શનને આંચ પણ ન આવી વિશેષ નવાઈ તો એ હતી કે ખાડામાં એક લાંબું પહોળું દર હતું, જેનું મોં થોડે દૂર જમીન ઉપર નીકળતું હતું ત્યાંથી તાજી હવા સુદર્શનને મળતી રહી!

સૌના શ્વાસ હેઠા બેઠા પ્રભુની કરુણાના ગુણગાન કરતા બધા સુદર્શનને ઘેરી વળી ધન્યવાદ આપવા લાગ્યા સુદર્શનનાં ભાઈ-ભાભી પણ દોડી આવ્યાં સુદર્શનના દેહ ઉપરની ધૂળ ભાઈ ખંખેરવા લાગ્યો શાસ્ત્રી તીર્થપ્રસાદ તો સુદર્શનને ભેટી પડ્યા. 'સુદર્શન, સુદર્શન, તને પ્રભુએ બચાવ્યો ભગવાનનું મંદિર કોઈનો ભોગ લે ખરું?'

શાસ્ત્રીનો હરખ સમાતો ન હતો

પણ સુદર્શન તો ચૂપ હતો એની આંખો મટકું પણ મારતી ન હતી નવું જીવન પામ્યાના આનંદને બદલે એના ચહેરા પર ગાંભીર્ય કેમ હતું? જોનારાઓને થયું કે સુદર્શન ક્યાંક પાગલ ન થઈ જાય

'સુદર્શન, તું બોલતો કેમ નથી?' તેના ભાઈએ વિહ્વળ થઈ પૂછ્યું

'ભાઈ, મૃત્યુ આવ્યું ને હું બચી ગયો, નહિ?'

'હા, હા, ઘણા આનંદની વાત છે, સુદર્શન' શાસ્ત્રીજી બોલી ઊઠ્યા.

'સાચું, સાચું' સુદર્શન આટલું જ બોલ્યો પણ મટકું ય ન મારતી એની આંખો એકદમ ચમકી ઊઠી અને એનો ચહેરો પ્રકાશથી ઊભરાઈ ગયો

હર્ષ અને ખુશી ઉપજે એવી વાતો કરી શાસ્ત્રી મંદિર તરફ ગયા અને કડિયા, મજૂરો ભાતું છોડવા લાગ્યા સુદર્શન શિલ્પીઓએ ઘડેલી મૂર્તિઓ પાસે જઈ બેઠો ભાઈ-ભાભીએ ઘેર આવવા એને બહુ સમજાવ્યો પણ સુદર્શને નમ્રતાપૂર્વક ના પાડી થોડી વારે એનો ભાઈ ભોજન લઈ આવ્યો એ તેણે મૂંગા મૂંગા જમી લીધું ભાઈ પણ બોલ્યા વિના ચાલતો થયો

જમીને થોડો આરામ કરી શિલ્પીઓ કામે ચડ્યા તોપણ સુદર્શન ત્યાં જ બેસી રહ્યો. પથ્થર, ટાંકણું અને શિલ્પીના હાથ તરફ સુદર્શન સ્થિર નજરે જોઈ રહ્યો સાંજ પડવા આવી, પણ સુદર્શન ઊઠ્યો નહિ

આજે પણ એનો ભાઈ સુદર્શનને મૂંગા મૂંગા જમાડી ગયો ઘેર આવવાનો આગ્રહ પણ કર્યો પણ સુદર્શને, 'માફ કરો, મને અહીં ફાવશે,' એવો જવાબ આપ્યો

'શ્લેષ્મમાથી મોત પડ્યુ અને મને અડ્યા વિના ચાલ્યુ ગયુ ! ખાડામા ધકેલાઈ ગયો ન હોત તો મરી જ જાત ને ! અને મરી ગયો હોત તો કયા સ તોષ સાથે મારી આખ મીચાત ? મે એવુ શું કર્યું હતુ જે મૃત્યુ આગળ પણ સાર્થક રહે ? એવુ કઈ મે મેળવ્યુ હતુ, જેને મોત મારી ન શકે ? આ શિલ્પીઓ મૂર્તિઓ ઘડે છે. ભગવાનની પ્રતિમા પણ તેઓ ઘડશે મારુ જીવનઘડતર મે કર્યું છે ખરુ ? અહી ભગવાનના મ દિરનુ નિર્માણ થઈ રહ્યુ છે તેમા ભગવાનની પ્રાણપ્રતિષ્ઠા પણ થશે પણ મારુ નિર્માણ ? મારુ નિર્માણ....?' શિલ્પી પાસે બેઠેલા સુદર્શનને રહી રહીને આ જ વિચારો આવતા હતા મોડી રાતે વૃક્ષ નીચે તેની આખો મળી-ન ગઈ ત્યા સુધી એણે તેના ચિત્તત ત્રનો કબજો છોડયો નહિ

સવાર પડ્યુ ભાઈ દૂધનો લોટો લઈ આવ્યો પણ સુદર્શન વૃક્ષ હેઠળ ન હતો 'નદીએ નાહીને હમણા આવશે' એમ વિચારી એ રાહ જોતો બેઠો. પણ તે દેખાયો નહિ ભાઈ શુભ્રાને કાઠે આટો મારી આવ્યો, પણ સુદર્શનના વાવડ મળ્યા નહિ એ મ દિર તરફ જતો હતો ત્યા જ શાસ્ત્રી તીર્થપ્રસાદ, 'સુદર્શન ક્યા છે ?' એમ પૂછતા સામા મળ્યા ભાઈ નો જવાબ સાભળી શાસ્ત્રીએ માણસો દોડાવ્યા માણસો બધે ઘૂમી વળ્યા નદીની ઊ ડી ભેખડોમા સુદર્શન ધ્યાનમા બેસતો ત્યા પણ જઈ આવ્યા પણ ક્યાય પત્ત લાગ્યો નહિ

'અરે રે ! મારો સુદર્શન ચાલ્યો ગયો !' કહી ભાઈ એ આખો સજળ કરી અને ભીતરથી, 'બલા ટળી ! તેને ભાગ આપવો મટયો,' વિચારી ખુશ થયો

'ચિ તા ન કરો કોઈ બાવા-સાધુ સાથે આજુબાજુ ગયો હશે, એટલે સાજે પાછો આવી જશે ' આશ્વાસન આપી તીર્થપ્રસાદ બાધકામ જોવા ગયા.

મ દિરનુ નિર્માણ આગળ વધ્યુ પૂર્વાકાશમાથી ફૂટતી તેજધારાઓએ નાચતી હરિયાળીમા, ર ગીન કલરવોની ઊડતી ટોળીઓમા અને જીવનના ઘૂટડા ભરતી સુવાસોમા એકરસ થવાનુ ચાલુ રાખ્યુ પણ સુદર્શન આવ્યો નહિ

વિશાળ મ દિર છેલ્લો ઓપ પામી ચૂક્યુ મ દિરમા ઠેર ઠેર બેસાડેલી નયનરમ્ય કલાકૃતિઓમા શિલ્પીઓનો કસબ ચળકી ચળકીને તેમના યશને વેરવા લાગ્યો મ દિરનુ ઉત્તુ ગ શિખર આકાશને ચૂમવા માડ્યુ. શિખર પરના સુવર્ણકળશ સૂર્યનારાયણનુ સ્વાગત કરી, ધન્યતા અનુભવી રહ્યા

ભગવાનનો પ્રતિષ્ઠામહોત્સવ ધામધૂમથી ઊજવાયો સે કડો ગરીબો ભોજન પામી તૃપ્ત થયા. મ દિર બ ધાવનાર શેઠે મ દિરમા સદાવ્રત ખોલ્યુ. રોજ ધૂનકીર્તન થવા લાગ્યા મ દિરના મુખ્ય પુરોહિત વેદાતમાર્ત ડ શાસ્ત્રી તીર્થપ્રસાદજીની ભગવતકથા સાભળવા લોકો ઊમટવા લાગ્યા પાચ વર્ષમા તો સોમપુર તીર્થસ્થળ સમુ બની ગયુ.

ભદ્રાના જળ સાજની સોનલ ઝાયને ઝીલી રહ્યા હતા મ દિરના વિશાળ પ્રવચનખ ડમા શાસ્ત્રી તીર્થપ્રસાદજી ભાવવાહી શૈલીમા જ્ઞાનકથા કરી રહ્યા હતા શ્રોતાઓ એકાગ્રતાપૂર્વક કથાશ્રવણમા લીન હતા ત્યા તો એકાએક ચોકના મુખ્ય દરવાજા સામે આખોને આજતી એક મોટર-કાર આવીને ઊભી રહી તેમાથી બે ધનવાન ગૃહસ્થો ઊતર્યા એક ગૃહસ્થ કારનુ દ્વાર પકડી ઊભા રહ્યા અને અંદરથી એક તેજસ્વી યુવાન ઊતર્યો

ત્રણેય આગ તુકો દર્શન કરી પ્રવચનખ ડભણી વળ્યા અને શાસ્ત્રીજીની આખો ચોકી ઊઠી કેટલાક શ્રોતાઓની નજરો પણ ત્રિપુટી ભણી મ ડાઈ ગઈ.

ધોતી અને ઝભ્ભામા દેદીપ્યમાન લાગના યુવાનની વિશાલ, નિર્મલ આખો પ્રકાશની છોળો ઉડાડતી હતી આભાથી ઝળહળતુ તેનુ મુખ જોનારાઓની દૃષ્ટિના પરમ વિશ્રામ સમુ હતુ લાબા કેશ પડછ દ સ્ક ધપ્રદેશ ઉપ ારે પથરાતા હતા ચરણોની શાતિભરી દૃઢના આત્મપ્ર ગણામા વિભૂતિની સાખ પૂરતી હતી અન ત ઉપર મ ડાયેલી અને સુધ-ઊ ડાણ માપ્યુ મપાય એમ ન હતુ. એના ાટીને આવતી નજરો એને જોઈ રહી દરમ્યાન ત્રણે જણ પણ આ શુ ? શ્રોતાઓ પાછળ સ્થાન લઈ લીધા ,રતી કેમ હતી ?

શાસ્ત્રી તીર્થપ્રસાદ એક વાક્ય અહી ઠરી ગઈ હતી કે અટકી જતા 'આ સુદર્શન જ હે જગલો કળી શક્યો નહિ. ચહેરા ઉપર આટલુ તેજ ન હો' મથ્યો હાથમાનો છરો તેણે વાક્યો વચ્ચેના વિરામકાળને

કથા સમાપ્ત થઈ હતુ ત્યા આવી જગલાથી થંભી વળ્યા શાસ્ત્રી પણ ત્યાના પ્રકાશનો આન દ જગલાને સ્પર્શી યુવાન સાથેના એક ધ્યાનમા હતો આત્મતેજથી ઝળહળતા

ભાગ સુદર્શનજી ઠેર ઠેર શાતિપૂર્વક, કશાયે પ્રચાર વિના મુકામ કરે છે અને સાચા જિજ્ઞાસુને પોતાની આધ્યાત્મિક અનુભૂતિથી ભરેલી વાણી દ્વારા પરમ જીવનનો રાહ ચીંધે છે. આ ભવ્ય મંદિરના દર્શને આવવાની અમારા બંનેની ખૂબ ઇચ્છા હતી સાથે સુદર્શનજી પણ આવ્યા '

' ધન્ય ભાગ્ય અમારા ! પણ આપે એમનો પરિચય મને આપવાનો ન હોય સુદર્શનજી મારા જૂના મિત્ર છે.' શાસ્ત્રીએ કહ્યુ

' શાસ્ત્રીજીનો સ્નેહ પામી ધન્ય થવાના ઘણા પ્રસંગો મને સાંપડ્યા છે ' સુદર્શને કહ્યુ બંનેને નવાઈ લાગી

પછી જે થોડી વાતો થઈ, એ પરથી શાસ્ત્રીને લાગ્યું કે સાધનાના પાચ વર્ષોએ સુદર્શનનું આમૂલ પરિવર્તન કરી નાખ્યુ છે ' પ્રભાવશાળી સુદર્શન મને વિઘ્નરૂપ તો નહિ થાય ને ?' એવો વિચાર એને ઝડપથી આવ્યો અને એ થોડા ઉદ્વિગ્ન થયા પણ તરત જ સચેત થયા અને આગ્રહ કરી ત્રણેને રોક્યા મંદિર બતાવ્યુ મંદિરના અતિથિગૃહમા જ એમના નિવાસનો પ્રબંધ કર્યો. સુદર્શનના જોડીદારોએ શોફરને સવારે આવવાનુ કહી રવાના કર્યો.

થોડી વારે સુદર્શનના ભાઈભાભી મળવા આવ્યા. સુદર્શને ઊભા થઈ બન્નેને પ્રણામ કર્યા 'સુદર્શન વિદ્વાન તો થયો છે, પણ પૈસા કમાઈને લાવ્યો લાગતો નથી.' એમ વિચારી ભાઈએ વધુ રસ લીધો નહિ ' ક્યાક ભાગ તો નહિ માગે ને ? ' એ બીક પણ લાગી કેટલી ક્ષુદ્રતા ! ધનવાન મિત્રોએ સુદર્શનની ઇચ્છા પ્રમાણે સુંદર કુટિર તૈયાર કરાવી આપી અવકાશે બંને જણા તેનું સાન્નિધ્ય પામવા આવતા રહ્યા

ફૂલોને સુગંધનો પ્રચાર કરવો પડતો નથી પ્રાચીના દ્વારેથી તેજનાહ્યા કિરણો 'આ લેશો ?' એવુ પૂછ્યા વિના જ છૂટે હાથે સોનુ વેરવા લાગે છે સુદર્શનની કુટિર જિજ્ઞાસુઓથી ઊભરાવા લાગી સુદર્શન લગભગ ધ્યાનમા રહેતો. જરૂર પૂરતુ જ બોલતો. પણ જિજ્ઞાસુઓને પ્રેમ અને શાતિથી ઉત્તરો આપતો.

'જીવનનો સદુપયોગ ક્યો, મહારાજ ?' એકે પૂછ્યું.

થોડી વાર મૌન રહી સુદર્શન બોલ્યા. 'જીવનને પામ્યા પહેલા જીવનના ઉપયોગનો સવાલ જ ઊભો થતો નથી જેને આપણે જીવન માનીએ છીએ એ શુ જીવન છે ? વાસનાઓના જીવનને જીવન ન કહેવાય જીવન એટલે જીવંતતા જીવન એટલે જેનુ મૃત્યુ નથી તે પણ આપણે તો દેહને જ સર્વસ્વ માનીએ છીએ અને દેહ તો મરણાધીન છે. દેહ અને મનથી પર થવાની સાધનામાં જે સતત મચ્યો રહે છે એ જ જીવનઉપાસક છે એનામા પ્રેમ અને સદ્‌ગુણનો આવિર્ભાવ થાય છે લોકોનુ કલ્યાણ તે કરી શકે છે. મિત્ર, પરમ જીવનને પામવાની સાધનામા લાગી જાવ. આ સાધનાનુ એક મહત્ત્વનુ પગથિયુ છે મૃત્યુનુ સમ્યક્ સ્મરણ પ્રત્યેક કાર્ય કરતા પહેલાં વિચાર કરો કે મૃત્યુ આગળ એ કાર્યની કેટલી સાર્થકતા છે ? પ્રત્યેક ક્ષણે પોતાની જાતને પૂછો કે હુ કઈ એવુ મેળવી રહ્યો છુ, એવી શક્તિ ઉત્પન્ન કરી રહ્યો છુ, જેને મૃત્યુ કાઈ ન કરી શકે ? તમારામા આથી અભૂતપૂર્વ જાગૃતિ આવશે એ સાધનામા તમે ઝડપથી આગળ વધશો. ' સુદર્શનની આંખો તેજથી ઊભરાઈ જતી સાંભળનાર ઉન્નત જીવનને પામવાની સતત ઝંખના લઈને ઊઠતો

એક વાર કેટલાક વિદ્યાર્થીઓએ પૂછ્યુ.

'જીવનઘડતર કેવી રીતે કરવુ ?'

સુદર્શનનો શાત પ્રત્યુત્તર હતો. 'મિત્રો, જીવનઘડતર એટલે ભગવાનના મંદિરનું નિર્માણ પોતાના હૃદયને મંદિર સમુ બનાવવુ, જેમા ઘટઘટવાસી પરમાત્મા પૂર્ણ ગૌરવ સાથે પ્રગટે સામાન્ય અર્થમા ચારિત્ર્યવિકાસને જીવનઘડતર કહેવામાં આવે છે એથી વ્યક્તિ સદાચાર કેળવે છે. એનુ મન પ્રસન્ન રહે છે. પ્રભુના આનંદની આ ઝલક છે. પણ એ પૂરતુ નથી પૂર્ણ ખીલેલા પુષ્પની જેમ ચારિત્ર્ય એની પૂર્ણતાને ત્યારે પામે છે, જ્યારે વ્યક્તિ પરમાત્મામા પ્રતિષ્ઠિત થાય આ માટે તમારા પ્રત્યેક કાર્ય અને વિચારમા સાવધાન રહો, જાગૃત રહો મંદિર બંધાતુ હોય ત્યારે ઊંચે ચડી કામ કરનાર કડિયો જો ગાફેલ રહે તો મોત એનો કોળિયો કરી જાય તો જીવનના મંદિરના નિર્માણમાં કેટલુ સાવધાન રહેવુ પડે એનો વિચાર કરો. એ યાદ રાખો કે જીવનના ઘડતરમાં તમે જ શિલ્પી, તમે જ ટાંકણુ અને તમે જ પથ્થર છો એટલે પણ વધુ જાગૃતિની જરૂર છે. નિયમિત ધ્યાનમા બેસો સંસારના રંગે બહુ નહિ રંગાયેલુ તમારુ ચિત્ત આત્મામા જલદી સ્થિર થશે જેમને

ધ્યાન માટે ઇચ્છા હોય તે નિયમિત મારી પાસે આવે.'

અને વિદ્યાથીઓની આંખો આનંદથી છલકાઈ જતી. સુદર્શનને વંદન કરી, નવું જોમ અને તીવ્ર અભીપ્સા પામી તેઓ વિદાય લેતા.

એક ભિખારી ફરતો ફરતો કુટિર પાસે આવી ચડ્યો આંગણામાં શાંત વદને બેઠેલા સુદર્શન આગળ હાથ લાંબો કર્યો શ્રીમંત મિત્રો દ્વારા સુદર્શને તેને થોડા પૈસા અને વસ્ત્રો અપાવ્યા અને પછી કહ્યું. 'મિત્ર, જરા ઊભો રહે. આ મળ્યું એને સર્વસ્વ ન માની લેતો. એ તો દેહની જરૂરિયાત છે માત્ર. તું જ ભિખારી નથી આખું જગત ભિખારી છે જેઓ ઇચ્છાઓના દાસ છે તેઓ સમ્રાટ હોય તોપણ ભિખારી છે યશ, પદ ને ધન માટે જેમની માગનો અંત આવતો નથી એ મોટા ભિખારી છે મંદિરનું સદાવ્રત પણ તારા દેહનો ગુજારો કરી શકે તારા સાચા સ્વરૂપને ઓળખ, જ્યાં સર્વ ઇચ્છાઓ શમી જાય છે એ ઓળખ તને સમ્રાટોનો સમ્રાટ બનાવશે' ત્યારે ભિખારીના ચહેરા ઉપર પણ ગરિમા પ્રગટી ઊઠી અને એ ચાલવા માંડ્યો ત્યારે એના પગની દીનતા ખંખેરાઈ ગઈ હતી

આમ સુદર્શન પાસે જે કોઈ આવતું તે આનંદ, શાંતિ અને પ્રેરણા પામતું અને જીવનને સાર્થક કરવાનો નિર્ણય કરી વિદાય લેતું પણ આ પ્રસન્નતા અને દિવ્યતાથી વંચિત પણ એક વ્યક્તિ હતી એ હતા શાસ્ત્રી તીર્થપ્રસાદ. સુદર્શન આગળ ઊભરાતા લોકસમૂહને જોઇ ઈર્ષ્યા એમને કોરવા માંડતી.

એમની કથામાં લોકોની સંખ્યા ઘટવા લાગી પોતાની શંકાનું સમાધાન કરવા શાસ્ત્રી પાસે આવનારા ઓછા થવા લાગ્યા સુદર્શન પ્રત્યે શાસ્ત્રી રોષથી બળી ઊઠ્યા લોકો તેમની પાસે આવી સુદર્શનની અનુભૂતિથી સિંચાયેલી વાણીની પ્રશંસા કરતા ત્યારે શાસ્ત્રી ઉપર ઉપરથી સારું લગાડતા પણ એમનું અંતર ક્રોધની ભઠ્ઠી બની જતું.

'શાસ્ત્રીજી સુંદર કથા કરે છે, પણ સુદર્શનજીના અનુભવના ઊંડાણ આગળ એ બધું ફીકુ ફસ લાગે છે' એક વાર બે જણાને આવી વાત કરતા છાની રીતે સાંભળ્યા પછી શાસ્ત્રીની ઊંઘ ઊડી ગઈ તેમાં પણ લોકોના આ પ્રસ્તાવે તો હદ કરી નાખી એમ શાસ્ત્રીને લાગ્યું 'શાસ્ત્રીજી, અમે તો સુદર્શનજીને બહુ સમજાવ્યા પણ તેઓ તૈયાર થતા નથી. હવે આપ એમને કાંઈક સમજાવો, જેથી તેઓ મંદિરના પ્રવચનખંડમાં રોજ સવારે જિજ્ઞાસુઓને જ્ઞાનલાભ આપે.'

આ સાંભળીને લોકોને 'દુષ્ટો, ચાલ્યા જાવ' એવું મોટેથી કહેવા, શાસ્ત્રીને મન થઈ આવ્યું. પણ મહાપ્રયત્ને એમણે જીભને વારી પોતાની પ્રતિષ્ઠા, પ્રભાવ અને યશ ઉપર સુદર્શન પાણી ફેરવી રહ્યો હતો એમ શાસ્ત્રીને લાગ્યું સુદર્શનને દૂર કરવા એ તળેઉપર થવા લાગ્યા. 'સુદર્શનને બદનામ કરાવું જેથી એ ચાલતી પકડે' એવો વિચાર શાસ્ત્રીને પ્રથમ આવ્યો પણ એક સાધુપુરુષ તરીકેની તેની વિખ્યાતિ જોતા એ શક્ય ન લાગ્યું

અને શાસ્ત્રીની ભીતર સૂતેલો દાનવ જાગી ઊઠ્યો. પંથકના મશહૂર ડાકુ જગલાને તેણે સાધ્યો. એક હજાર રૂપિયા રોકડા ધર્યા વાત સાંભળી જગલો પણ કંપી ગયો શાસ્ત્રી રકમ વધારતા ગયા પાંચ હજારે જગલો માન્યો. હજાર પહેલેથી આપ્યા. 'કામ પતાવી લાશને ભદ્રાના જળમાં પધરાવી દેજે'

રાતના અંધકારમાં આવું બોલતા શાસ્ત્રી જગલા જેવાને પણ ભયંકર ભાસ્યા સુદર્શન પાસે એના ધનિક ચાહકો આજે નથી રહેવાના એની શાસ્ત્રીએ ખબર મેળવી લીધી હતી

અવકાશમાંથી જ્યારે અંધકાર વરસતો હતો ત્યારે ધરતી પણ ન સાંભળી શકે એવા પગલે કુટિરના આંગણામાં જગલાએ પ્રવેશ કર્યો આંગણાની ધરતી સુગંધ અને સુઘડતાને સોડમાં લઈને સૂતી હતી ફૂલછોડોને ભેટીને આવતી એક ગંધ-લહરીએ જગલાનું સ્વાગત કર્યું પણ આ શું? હવા આટલી મધુરશીતલ અને અમૃતઝરતી કેમ હતી? તારાઓના મૌનમાંથી ઝરીને શાંતિ અહીં ઠરી ગઈ હતી કે શું? પોતાનામાં થતું પરિવર્તન જગલો કળી શક્યો નહિ. બધું ખુન્નસ એકઠું કરવા એ મથ્યો હાથમાંનો છરો તેણે જોરથી પકડ્યો

કુટિરનું દ્વાર ખુલ્લું હતું. ત્યાં આવી જગલાથી થંભી જવાયું ઘીના દીવાના પ્રકાશનો આનંદ જગલાને સ્પર્શી ગયો સુદર્શન ધ્યાનમાં હતો આત્મતેજથી ઝળહળતા

એમના વદન ઉપર નાચીને દીવાની જ્યોતિ કૃતકૃત્યતા અનુભવતી હતી પ્રકાશપુંજ સમુ ભવ્ય લલાટ, શાન્તિની કળીઓ સમા પોપચા અને કાંતિભરી પ્રસન્નતામઢ્યુ મુખ. જગલાની હિંસા ઓગળવા માડી એના ભીતરનો પશુ પલટાવા લાગ્યો

કુટિરમા હવા નહિ, શાંતિ વહેતી હતી દીપકમાથી પ્રકાશ નહિ, પ્રેમ પ્રસરતો હતો. જ્યા સ્થળ-કાળ શૂન્ય બની જાય છે મા સુદર્શન વિહરતા હતા

જગલાને થયુ કે પોતાનુ બધુ ખુન્નસ વહી જાય એ પહેલા તેણે કામ પતાવી લેવુ જોઈએ પાચ હજારની કોથળીના સ્મરણે એના આવેશને મ કોર્યો નસીમા લોહી જોસથી વહેવા માડ્યુ. જમણો હાથ ટટાર થયો આવેશના ધક્કામા આગળીએ છરાને મજબૂતીથી પકડ્યો સુદર્શનની છાતીને જગલાની આખોએ નોંધી એનો હાથ છરીને ફેંકવા પાછળ વીંઝાયો

એ જ ક્ષણે સુદર્શને નેત્રો ખોલ્યા દીપક વધુ પ્રજ્વલિત બન્યો કુટિરની શાન્તિ વધુ ઘેરી બની કુટિરની દિવ્ય ગધ પાછળ ગાડાતુર થઈ નદીકિનારાના અને આગણાના ફૂલછોડોમાથી સુવાસોના પૂર ઊમટ્યા

જગલાનો વીંઝાયેલો હાથ ત્યા જ થભી ગયો સુદર્શનના નેત્રો સામે એ તાકી જ રહ્યો એ આખો હતી કે નર્યો પ્રકાશ ? ત્યા એકલી શાતિની છાલકો જ ઊડતી હતી શુ ? એ નેત્રો હતા કે પ્રેમનો અમૃતોદધિ ? જગલાના હાથમાથી છરો પડી ગયો કદી ન અનુભવેલા આનદના સગીતમા એ તરબોળ થઈ ગયો.

'મિત્ર, આવ, આવ.' કહી સુદર્શન ઊઠ્યો સ્થિર પગલે જગલા પાસે આવ્યો ખભે હાથ મૂક્યો અને શાત સ્વરે કહ્યુ 'ગાડા, તે એક ભૂલ કરી એક ક્ષણનો પણ વિલબ કર્યા વિના દોડી આવી, આખ મીચી, તારે છરો ભોકવો જોઈતો હતો આ શાત વાતાવરણમા તુ થભ્યો એ જ તારી ભૂલ'

'કુટિરના દ્વારે જ મારાથી થભી જવાયુ, દેવ'

'કઈ હરકત નહિ પણ પાગલ, તને ખબર નથી કે સુદર્શનની અદર એવુ કઈ છે જેને મૃત્યુ નથી પણ તુ આ દેહને મારવા આવ્યો હતો તો લે આ છરો. હું તારી સામે છાતી ધરું છું.' સુદર્શને નીચા નમી છરો ઉપાડી જગલાને આપ્યો અને પૂર્વવત શાન્તિથી ખુલ્લી છાતી ધરી ઊભો રહ્યો જગલાએ છરો એક બાજુએ ફેંક્યો અને સુદર્શનના ચરણોમા ઢગલો થઈ ગયો 'માફ કરો, દેવ. મને માફ કરો' સુદર્શને જગલાને પ્રેમથી ઊભો કર્યો અને છાતીસરસો ચાંપ્યો. સજળ નેત્રે પોતાના આવવાનુ કારણ જગલાએ જણાવ્યુ સુદર્શને શાન્તિથી તે સાંભળ્યુ. તેમના ચહેરાની એક પણ રેખા બદલાઈ નહિ

પગલાનો અવાજ સાંભળતા જ પથારીમા પડખા બદલતા શાસ્ત્રી ઊઠ્યા. ધીમે પગલે આવી દરવાજો ખોલ્યો. પણ જગલાએ, 'લ્યો આ હજાર રૂપિયા.' કહી નોટોની થોકડી ધરી, અને બધી વાત કરી ત્યારે નવાઈનો પાર ન રહ્યો.

ત્યા જ બ નેના આશ્ચર્ય વચ્ચે સુદર્શન આવી ઊભો રહ્યો. શાંત પ્રેમાળ સ્વરે કહ્યુ 'શાસ્ત્રીજી, મારે કારણે તમે અશાન્ત બન્યા એની વેદનાએ મને પીડ્યો છે. હુ થોડા સમય માટે જ અહી રહેવાનો હતો આ નદીનો કિનારો ગમ્યો અને રોકાઈ ગયો આજકાલમા અહીથી નીકળવાનો હતો સૌ પોતાના જીવનમંદિરનુ નિર્માણ કરે એ માટે મારો પ્રેમ મને એક સ્થળે ન જ રહેવા દે, શાસ્ત્રીજી' સુદર્શને શાસ્ત્રી સામે હાથ જોડ્યા અને તારોડિયાના ઝાંખા પ્રકાશમા એમના શાંત કદમ આગળ વધ્યા

જગલો ચૂપ હતો શાસ્ત્રીનુ અતર પોકારતુ હતુ : 'સુદર્શનજી, રોકાઈ જાવ, રોકાઈ જાવ'

આકાશ હજાર આંખે સ્મિત વેરતુ હતુ અને સુદર્શનનો પ્રેમ એમને જનકલ્યાણને માર્ગે દોરી જતો હતો.



(જુસ્તાન ને ભારતનુ નામ જેમણે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રોશન કર્યું છે એવા મહાન જાદુગર કે લાલ ૧૯૬૯ના આરભમા જાપાન ગયેલા તા ૧૨-૧૧-૬૯ થી ૧૮-૧૧-૬૯ સુધી ભરૂચમા ફરી વાર એમણે પોતાના પ્રયોગો કર્યા ત્યારે ૧૪-૧૧-૬૯ ને રોજ એ જૂના મિત્રને આમ ત્રેલા એમની સાથેની વાતચીત દરમિયાન જાપાની પ્રજાની અભૂતપૂર્વ ને અદ્દભુત કહી શકાય એવી નીતિમત્તાના પ્રસંગો અત્રે રજૂ કર્યા છે)

મોગરાની ખુશબો



'પ્રશાંત'

જાપાનની હોટલોને આપણા જેવા બારણા નથી હોતા, પણ સરકતાં (અ. સ્લાઈડિંગ) દ્વાર હોય છે, એને તાળા મરાતા નથી. ગ્રાહકે સરકતુ દ્વાર વાસીને જ બહાર ચાલ્યા જવાનુ. ભૂલે-ચૂકે ખંડમા, ગમે તેવી કિંમતી ચીજ-વસ્તુ પણ પડી હોય તો કામ કરનાર બાઈ હોટલના મેનેજરને આપી આવે. રૂમની ચીજોને વ્યવસ્થિત કરે, સાફસૂફ કરે. હોટલમા કે લોજોમાં ભારતમાં અતિ પ્રચલિત અને અન્ય દેશોમાથી આયાત થયેલ 'ટીપ' પ્રથા નહી પ્રામાણિકતા ને સત્યાચરણ જાપાનીઓનો મુદ્રાલેખ

આખું યે જાપાન જોવા આવેલ એક અમેરિકન ટુરિસ્ટ ટોકિયોની આલીશાન હોટલમાં ઊતર્યો. બીજે જ દિવસે એ અમેરિકનની હીરાની વીંટી ગુમ થઈ ગઈ. એણે વારંવાર પોતાનો સામાન ફફોળી જોયો. પોતે જે ખંડમા ઊતર્યો હતા એનીયે કરી સંપૂર્ણ તલાશ. પણ આ[illegible] એ રત્નમુદ્રિકા ક્યાય દેખાઈ નહીં. હજી સવાર સુધી તો હતી. પુનઃ પુનઃ સ્મૃતિદીપ સળગાવીને માનસસૃષ્ટિમા જોયા ; 'હા, પોતે બહાર ગયા બાદ કેવળ નોકરાણી જ ખંડમા પ્રવેશેલી · ' બસ, બસ, એના વિના એનો ચોર કોણ હોય બીજો ?'

મેનેજર પાસે જઈને અમેરિકને ફરિયાદ કરતાં ઉત્તર મળ્યો. 'સાહેબ, જાપાનમા કોઈ જૂઠું બોલતું નથી. બીજાની વસ્તુને કોઈ અડકતું નથી. નોકરાણીને વીંટી મળી હોત તો, એણે તુરત જ મને પહોંચાડી દીધી હોત '

'માફ કરજો, પણ મને એના પર પાકો સંશય છે ખંડમા બીજુ કોઈ આવ્યુ-ગયું નથી માનવીની મતિ ક્યારે એકાએક બગડે તે કોણ કહી શકે ? તેમા પણ નોકરની જાત.'

અમેરિકનના અતિ આગ્રહને વશ થઈ મેનેજરે તપાસ કરવાની ખાત્રી ઉચ્ચારી.

સાંજે નોકરાણી પુન. આવી ત્યારે મેનેજરે બીતા બીતા જણાવ્યુ 'બેન, છું કે તુ સંપૂર્ણ પ્રામાણિક છે જાપાનના અદનામા અદના નાગરિકની નીતિમત્તા આદર્શ છે પણ આ તો તારે કાને વાત નાખુ છુ. પેલા અમેરિકન ટુરિસ્ટ આવ્યા છે, એની હીરાની વીંટી ખોવાઈ ગઈ છે. જાણે-અજાણે પણ તારા જોવામા એ આવી હોય તો ..' આગળ શુ બોલવુ તેની સમજણ ન પડતાં ઉમેર્યુ : 'ધ્યાન રાખજે'

નોકરાણીનુ દિલ ભાગી ગયું. એને કંઈ ચેન પડે નહી. વાર વાર વિચારશૂળ ભોંકાતું રહ્યુ 'અરે રે, આટલા વર્ષોથી હુ કામ કરું છું અને માલિકે મને આટલા વેણ કહેવાની પણ ધૃષ્ટતા કરી! મારામા વિશ્વાસ ન આવ્યો, તે અમેરિકનના શબ્દોને એમણે વધુ વજન આપ્યુ? હુ શુ કહુ? શું કરું? અમેરિકને મારા દ્વારા એક જાપાની નાગરિક દ્વારા .... મહાન રાષ્ટ્ર જાપાનની ઇજ્જત પર હાથ નાખ્યો!'

તીવ્ર મનોમંથન! કારમી વ્યથા!! ગમગીની ને હતાશા!!! કલાકોના ઘોર ને તુમુલ માનસિક યુદ્ધ બાદ, ઊર્મિઓના ઘમસાણોને અંતે, એણે ટોકિયોની પોલિસને ઉદ્દેશીને પત્ર લખ્યો: 'જાપાની-ને મન રાષ્ટ્રની ઇજ્જત એ પ્રાણ કરતા પણ મોંઘેરી ચીજ છે એનું દૃષ્ટાંત પૂરુ પાડવા હુ આપઘાત કરુ છુ. મારી હોટલમાથી અમેરિકન મુસાફરની હીરાની ગુમ થયેલ વીંટી અંગે અત્યારની ઘડી સુધી હુ કંઈ જ જાણતી નથી પણ મારા માલિકે પરોક્ષ રીતે જે શબ્દો કહ્યા એથી મને ખૂબ લાગી આવ્યું છે. અમેરિકને એના પોતાના દેશની રીતરસમ પ્રમાણે વર્તન કર્યું હશે, ને મારા પર વહેમાયો હશે પણ હું સાવ નિર્દોષ છું. મારા દેશની પ્રણાલિકા પ્રમાણે મારે એ આળનો ઉત્તર આપવો જોઈએ. આપઘાત કરીને રાષ્ટ્રની શાન દર્શાવ્યા વિના બીજો કોઈ માર્ગ મને દેખાતો નથી ભગવાન બુદ્ધ એ અમેરિકન ટુરિસ્ટનું ભલુ કરો!'

અને નોકરાણીએ સાચેસાચ આત્મહત્યા કરી

વીંટી પ્રકરણનુ આવુ આઘાતજનક પરિણામ આવશે એવું અમેરિકન ટુરિસ્ટે કદાપિ કલ્પેલુ નહી. આ સમાચારથી એ અત્યંત ખિન્ન થયો હોટલના મૅનેજર સમક્ષ અફસોસ વ્યક્ત કરતા કહ્યુ 'મે તો સ્વાભાવિક પ્રક્રિયારૂપે જ આપને વાત કરેલી મારા એ શબ્દો આટલા બધા કાતિલ અને દુ:ખદાયક નીવડશે એમ મે માન્યુ નહોતું મને ખૂબ પસ્તાવો થાય છે'

એ બાદ બહાર જવા માટે પોતાના ખંડમા આવીને પરમ દિવસે સવારે પહેરેલ સૂટ પરિધાન કરવા જતા એણે જોયું કે, કોઈ દિવસ કોટના ઉપરના ગજવામા કોઈપણ વસ્તુ ન મૂકનાર પોતે, કંઈક બેધ્યાનપણામા, હીરાની વીંટી ત્યા મૂકી હતી ને એ અકબંધ હતી! આથી એને રોમેરોમ પશ્ચાત્તાપના ભડકા ઊઠ્યા. વિના લેવાદેવા પોતે એક ગરીબ, પ્રામાણિક, રાષ્ટ્રપ્રેમી જાપાની નારીના કરુણ મોતનું કારણ બન્યો. એની શરમ, લજ્જા, એટલી બધી હાડોહાડ વ્યાપી ગઈ કે જાપાન જોવા માટે મહિનાઓ સુધી રહેવાની ખ્વાઈશથી આવેલ એ અમેરિકન વળતા જ વિમાનમા અમેરિકા ચાલ્યો ગયો!

જાપાનના જાહેર-નાગરિક મૂલ્યોનાં ઉચ્ચોચ્ચ ધોરણોની પરીક્ષા કરવાને ઇરાદે જાદુગર કે લાલ પોતે જે હોટલમા ઊતર્યા હતા, ત્યાથી બરાબર દેખાય એ પ્રમાણે અતિ સુંદર કોતરકામવાળુ ચામડાનુ પાકીટ —અંદર જાપાની 'યેન' મૂકીને —બાજુના માર્ગ પર મૂકી આવ્યા સેંકડો-હજારો માનવીઓ એ જાહેર રસ્તા પરથી પસાર થઈ ચૂકયા. બધા નીચા વળી વળીને જુએ. પણ એક અપવાદ વિના કોઈએ એનો સ્પર્શ સરખોય કર્યો નહિ. ને જે ભાઈએ હાથ અડકાડેલો એણે એ પાકીટ માર્ગની વચ્ચે પડયું હતું, ત્યાથી ઊંચકીને બાજુ પર એક ખૂણા આગળ રાખી દીધુ હતુ! છેવટે કંટાળીને છેક મોડી સાંજે પાકીટ પાછુ લઈ લીધુ એમાંથી એક પણ યેનની તફડંચી થઈ નહોતી!

અને ભારતમા આવુ પાકીટ જાહેર માર્ગ પર પડયુ હોય તો? કે લાલ ને એમના સાથીદારો જે હોટલમા ઊતર્યા હતા ત્યાથી નીકળતા પહેલા પથારીની નીચે ચાલીસ હજાર રૂપિયા મૂકેલા, તે લેવાના રહી ગયા! દોઢસો માઈલની મોટર-મુસાફરી કરીને બીજે સ્થળે, બીજી હોટલમા આવ્યા ત્યારે કે. લાલને ઓચિંતું સ્મરણ થયુ 'અરે, પુષ્પા! પેલા ચાલીસ હજાર રૂપિયા?' પત્નીને એમણે પૂછ્યુ.

'એ તો તમને આપેલા તમે જ ક્યાંક મૂકી દીધા હશે' ત્યારે કે લાલને સ્મરણ જાગ્યુ કે રૂપિયા તો આગલી હોટલમા શય્યા નીચે મૂકીને આવ્યા

હતા !

'ચાલો, જાપાનની નીતિમત્તા વિશે ખૂબ સાંભળ્યું છે. એનો જાતઅનુભવ થશે. ને નસીબમાં મળવાના હશે તો મળશે પણ આપણે તો 'શો' ચાલુ જ રાખવાનો.'

ને સાંજનો શો ચાલુ રાખવામાં આવ્યો. જે સ્થળે ઊતર્યા હતા એના મૅનેજરને વાત કરતાં, ત્યાંથી સસ્મિત ઉત્તર મળ્યો : 'ચિંતા કરો નહિ. હમણાં જ ત્યાંથી ફોન આવ્યો હતો. અને હોટલના માલિક, એક માણસને લઈને મોટરમાં થોડા કલાકોમા આવી પહોંચશે !'

આપણે ત્યાં તો આવી કોઈ પણ રકમ હોય તો, સામેથી ઇનામ આપવામાં આવે છે. ને આ રીતે ગાઠનુ ગોપીચંદન કરીને આપનાર વ્યકિત-ઓનો કેટકેટલો અનહદ આભાર માનીએ !

પરંતુ પેલા હોટલમાલિકે શું કહ્યું જાણો છો ? કે. લાલે આભારની લાગણી દર્શાવતા એણે ઉત્તર દીધો : 'સાહેબ, માફી તો અમારે માગવાની રહે છે. આપ ખંડ ખાલી કરીને ગયા. પછી તરત જ અમારે એક ચેક અપ, કરી લેવી જોઈતી હતી એમ ન કર્યું એને પરિણામે આપને ચોવીસ ચોવીસ કલાક પર્યંત જે માનસિક ચિંતા થઈ એનુ મૂલ્ય ચેનમા કેવી રીતે આંકી શકીએ ! માટે કૃપા કરીને આપ આપના રૂપિયા બરાબર આનાપાઈ સહિત ગણીને, એ બરાબર છે એમ જણાવો એટલે અમને પરમ સંતોષ થાય !'

જે જાપાનમા સમયની ખૂબ કિંમત અંકાય છે, ખેંચ રહે છે, જેમને મન જીવનની મિનિટો ને સેકંડો અત્યંત રાષ્ટ્ર-રત રહેવા માટે ખૂબ મહત્ત્વની છે એવા હોટલના માલિક આટલા કલાકો બગાડીને દોઢસો માઈલ સુધીનું ગાઠનુ પેટ્રોલ બાળીને રૂપિયા પહેચતા કરવા આવે આવું ભારતના નાગરિક જીવનમા, કોણ જાણે ક્યારે બનશે !

★

કે લાલના જાપાનના કાર્યક્રમો અગાઉથી ખરીદાઈ જતા જાપાનની એક મહાન સંસ્થાના મૅનેજિંગ ડાયરેક્ટરે પણ પોતાની કંપની માટે એમનો 'શો' વેચાતો રાખી લીધેલો એ મૅનેજિંગ ડિરેક્ટરે સ્વયં સ્ટેજ પર ઇલેક્ટ્રીક ઝાડુ કાઢ્યું, જાદુગરનો સરસામાનેય ઊંચકવા લાગ્યો. એ પોતે મૅનેજિંગ ડાયરેક્ટર છે, એની ખબર તો કે. લાલને 'શો' પૂર્વેના ભાષણના કાર્યક્રમ સમયે, દસબાર નામાંકિતોની સાથે પોતાની પાસે એ બેઠા ત્યારે જ પડી અને ભાષણનો એ કાર્યક્રમ જાણે પ્રેક્ષકો પૂતળા હોય, એટલી એકાગ્રતાથી, એક જ સ્થિતિ-માં રહીને શ્રવણ કર્યો. ન બાજુમા જોવાનું, ન કાઈ વાતીચીત, ન બાળકોનો ઘોઘાટ.

જાપાનમા એક વણલખી કથા અત્યંત પ્રચલિત છે. એક વાર જાપાનમા વિશ્વભરના માનવીઓ નિજ નિજ રાષ્ટ્રની વિશિષ્ટતા દર્શાવવા એકત્રિત થયા કોઈએ જાદુ રજૂ કર્યા, કોઈએ હેરતભર્યા પ્રયોગો, કોઈએ વૈજ્ઞાનિક સિદ્ધિએ દેખાડી પ્રેક્ષકોને ખૂબ પ્રસન્ન કર્યા.

જાપાનનો વારો આવતા, સામેની દીવાલમા છરા જડવામા આવ્યા. ને સામેથી દોડતાં દોડતા, હસતા હસતાં વારાફરતી ધસારાબંધ આવેલ બંને જુવાનોએ પોતાના દેહ પર છરા ભોંકાવા દઈને સાચેસાચ મૃત્યુ પામ્યા. પોતાના રાષ્ટ્ર માટે સર્વોત્તમ અનન્ય, અપૂર્વ ને અન્ય કોઈ દેશ જેની કલ્પનાયે ન કરી શકે એ દર્શાવવા માટેનુ આ જીવતું બલિદાન કેવું પ્રેરક હતું ! ★

જાપાનીઓ પોતાના રાજાને દેવ થકીયે અદકા માને છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન નાગાશાકી ને હીરોશિમા પર અણુબોંબ ઝિંકાયા બાદ, રાજાએ વિચાર્યું કે સુલેહ કરવી એ રાષ્ટ્રના હિતમા છે.આથી વિમાનમાથી એણે પત્રિકાઓ આખા વિસ્તાર પર ફેંકાવી. જાપાની સૈનિકો, સર સેનાપતિઓ, વડા, એડમીરલો માઈલો દૂર જ્યાં જ્યા હતા ત્યા એમણે આ આજ્ઞા વાંચી અને લગીરે પ્રતિકાર કર્યા વિના, એ અંગેનો હરફ સરખોયે ઉચ્ચાર્યા વિના રાજાની આજ્ઞા શિરોધાર્ય માની, હાથિયાર હેઠા મૂકી દઈ, શ્વેત ઝંડી ફરકાવી. કેવું હશે એ પ્રજાનું

આજ્ઞાંકિતપણું ને કેવી અણમોલ એ શિસ્ત ! દેશ માટે કંઈ પણ કરવાનું હોય તો, અન્યત્ર તો લોકો બીજાને આગળ કરે, ત્યારે જાપાનીઓ, પોતે સૌથી પ્રથમ બલિદાન આપવા માટે 'હોસાતુંસી' કરતા હોય છે !

જાપાન જતી વખતે, બે અંગત મિત્રોના ખાસ ખાસ આગ્રહથી, કે. લાલે એમને પોતાની એકવીસ જણની ટુકડીમાં સમાવિષ્ટ કર્યા અને અમે કુલ્લે ત્રેવીસ જણ કાર્યક્રમો રજૂ કરીશું એમ કરારમાં જણાવ્યું. જાપાનમાં બે મહિના બાદ આ ભાઈઓએ કે. લાલને જણાવ્યું 'અમારે હવે તમારી સાથે રહેવું નથી. ભારત પાછા જઈએ છીએ.'

સમજાવટ છતાં યે દોસ્તો માન્યા નહીં. ને જાપાનમાં જ રંગરાગ કરવા લાગી ગયેલા.

પાછા ફરવાનું થતાં, જે કંપનીએ કરાર કરેલા એણે પાછલા ત્રણ મહિનામાં ત્રેવીસને બદલે એકવીસ જણ હતા, તેથી કાયદેસર રીતે એના ફાળે પડતા રૂપિયા કાપીને આપ્યા. કરાર મુજબ કે. લાલના હાથ બંધાયેલા હતા ! પંચોતેર હજાર રૂપિયાની રકમ આમ કપાઈ જતી હોવાથી, ભારતીય એલચીને કે. લાલ મળ્યા ને કાંઈ બાંધછોડ કરી, છેવટે ૩૫૦૦૦ રૂપિયા ય અપાવવાની વિનંતિ કરી. પરંતુ કશું ઊગી શક્યું નહીં ને પંચોતેર હજારનો કાપ સ્વીકારીને, હવે આપણે કંઈ લેવડદેવડ રહેતી નથી, એ પ્રકારના સામસામા કરાર થયા ને કે. લાલ ભારત આવ્યા.

ત્યાર પછી કંઈક પેલા કરાર કરનાર સંસ્થાપકોને લાગ્યું હશે, 'ગમે તેટલા માણસો હતા, પણ આપણને તો ઉત્તમોત્તમ કાર્યક્રમ મળ્યો જ છે ને ! થોડા કાપીને પણ મોકલવા જોઈએ.'

એટલે કે. લાલ ભરૂચમાં હતા ત્યારે પત્ર આવ્યો કે, 'ડિસેમ્બરમાં તમારી રકમમાંથી પિસ્તાલીસ હજાર રૂપિયા પાછા મોકલીએ છીએ. હુંડિયામણની દૃષ્ટિથી રૂપિયા, રૂપિયા લેખે તો કદાચ નહીં આપી શકાય, પણ એની અવેજીમાં એટલો જાપાની માલ મંગાવવાનો રહેશે.' ■

આજ દિન લગી તો માત્ર લોકોના મોઢે જ વાતો સાંભળી હતી, પણ એ દિવસે દિનકરભાઈએ જાતે જ—પોતાની સગી આંખે વસંતને એ છોકરી સાથે જોયા ! છોકરી નહિ—એને યુવતી કહેવી જોઈએ. વસંત સાથે શોભે એવી રૂપાળીય હતી. પર નાતની હતી એ ખરું — પણ દિનકરભાઈ નાતજાતના ચોગઠામાં પુરાઈ રહે એટલા જડ પણ નહોતા. એટલે વત્સલા જોડે વસંતનું સગપણ થાય એના વિરોધી નહોતા. પણ એમને ચૂંક ખીજી વાતની હતી. પોતાના સગા દીકરા વસંત માટે જ એમને માન ન હતું. પાડપડોશી, સગાવહાલાં અને આખા એ મહોલ્લામાં વસંતની મયરાવટી મેલી હતી. કૉલેજનો અભ્યાસ અધવચ્ચે છોડી, એના ખગળ મિત્રો જોડે એ ભટકવા માંડ્યો હતો. કોઈ કહેતું કે એના ધંધા મવાલી જેવા છે દાણચોરીની પ્રવૃત્તિમાં જોડાયો છે. બધી અફવાઓ સાચી હોય તો દિનકરભાઈ વત્સલા જોડે એનું સગપણ કરવા કદાપિ તૈયાર ન થાય !

ગમે તેમ, પારકી છોકરીની જિંદગી બરબાદ થાય એમ તો એ ન જ ઇચ્છે. એમની નજર સામે એવા બેત્રણ દાખલા હતા જેમાં નિર્દોષ બિચારી છોકરીઓ રઝળી પડી હતી ! જીવતર એમના ધૂળ થઈ ગયા હતા. ધંધાધાપા વગરના ને જેમની ચાલચલગત સારી નહોતી એવા યુવાનોનો સંસાર ઝેર ન થઈ જાય તો બીજું થાય શું ?

એટલે, વત્સલા અને વસંત બાબતમાં પણ એ મક્કમ હતા. એમના પત્ની રમીલાબેને એક વખત અછડતી વાત કરી હતી. પોતે વત્સલાને જોઈ હોવાનું યે જણાવ્યું હતું, પણ એ વિષે દિનકરભાઈ સ્પષ્ટ હતા. 'ના, સામેથી કન્યાનો બાપ માગું લઈ આવે તોયે હું ના પાડવાનો ! મારા પુત્રના લક્ષણ હું જાણું છું. એવા ભટકેલ સાથે કોઈ બિચારી ફૂલ જેવી છોકરીનું જીવન જોડી મારે મશ નથી ખાટી જવો !'

'પણ વસંત સાવ એવો નથી !' રમીલાબેન પુત્રનો પક્ષ ખેંચી વકીલાત કરવા લાગ્યા. 'ધૂંસરીએ જોડાય તો આપમેળે ઠેકાણે આવી જશે. સંસાર ગળે વળગશે પછી એને ચિંતા નહિ થાય ?'

'ચિંતા તો અત્યારથી જ થવી જોઈએ. બાવીસ વરસનો થયો વસંત ! એટલી ઉમરના જુવાનિયા તો ઘરનો

ને ધ ધાનો બધો ભાર ઉપાડી લે છે !'

'એ ય ઉપાડશે. હજી નાદાન કહેવાય '

'નાદાન કઈ બાબતમા છે ? સારુ સારુ ખાવા જોઈએ જોઈતુસીયતુ પહેરવા જોઈએ કડકાબાલૂસ હોય ભાઈ, પણ વટનો કટકો થઈ ફરે અને કોઈકની અ જાઈ ગયેલી રૂપાળી છોકરી સાથે પ્રેમ કરે ! —આ બધા શુ ખાનદાનીના લક્ષણો છે ?'

થોડીક વાર ખામોશ રહી રમીલાએને જવાબ આપ્યો 'તો પછી જે થાય તે જોયા કરો બાકી, હવે ઉમરલાયક થયેલા દીકરા જોડે હુ કે તમે જીભાજોડી કરીએ તે ઠીક નહિ'

નારા હતા. 'એ-ત્રણ મહિનાથી વસ ત કોલેજમા આવતો જ નથી, કાકા !'

'તો પછી એ જાય છે કયા ? તુ કઈ જાણે છે, ચ દ્રકાન્ત ?'

ચન્દ્રકાન્તે પોતાની સ્થિતિનો વિચાર કરી જવાબ આપ્યો 'મારુ નામ ન દેતા કાકા, પણ વસ તને રોહિત કોઠારી અને મવાલી જેવા પેલા ગીધુ શાહ જોડે મારુ બને છે એવા ત્રણચાર જણની ટોળી છે ને કોલેજને બદલે કયાયના કયાય રખડયા કરે છે !'

'હ . ' દિનકરભાઈ ઊ ડા વિચારમા પડી ગયા.

એવી જ કોઈ ક્ષણ



વિઠ્ઠલ પંડ્યા

'તો શુ એને આપણે મનસ્વી થવા દેવો છે ?'

'હુ એમ નથી કહેતી, પણ વધારે કહેશુ ને, તો તે દહાડે ભૂખ્યો ને ભૂખ્યો આખી રાત બહાર રહ્યો હતો એવું થાય !'

દિનકરભાઈ આટલી વાત પછી ચૂપ થઈ ગયા હતા

એકનો એક પુત્ર એને શુ કહેવુ ? જરાક વધુપડતા લાડમા ઊછરેલો. આથી જતે દહાડે જિદ્દી અને તર ગી અને ધીમે ધીમે તોરી થતો ગયો પછી ઓછામા પૂરુ, એને મિત્રો ય એવા જ મળ્યા સ ગ તેવો ર ગ ! અભ્યાસ માટે ચિત્ત નહિ એટલુ ફિલ્મો ને ફિલ્મના નટનટીઓ પ્રત્યે ! છાનેછપને સ્કૂલ પછી કોલેજમાથી ગાપચી મારી પિકચરો જોવા જાય. દિનકરભાઈના એક મિત્રે ધ્યાન દોર્યું ત્યારે પતિપત્ની તો આભા જ બની ગયા. તો પછી વસ ત મોજ શોખ માટે એટલા પૈસા લાવે છે કયાથી ?

એનો એક કોલેજિયન મિત્ર વચમા ભેટી ગયો દિનકરભાઈએ એને વિશ્વાસમા લઈ વસ ત બાબતમા બધુ પૂછ્યુ. તો એણે જે સમાચાર આપ્યા એય વધુ ચોકાવ-

બોલ્યા, 'એક દિવસ મારે કોલેજમા જઈ આની તપાસ કરવી પડશે !'

પર તુ કોલેજમા જઈ તપાસ કરી આવે એ પહેલા કોલેજ તરફથી, વાલી તરીકે એમના પર નોટિસ આવી- 'વસ તે ઇન્ટરની બીજી ટર્મફી હજી નથી ભરી, અઠવાડિયા-મા એ નહિ ભરાય તો એને 'ડીસમીસ' કરવામા આવશે'

એ વાચ્યા પછી પતિ-પત્નીનો વસ ત બાબતનો ઘણોખરો ભ્રમ ભાગી ગયો. ઘેરથી ટર્મ ફી લઈ જઈને વસ તે મોજશોખમા ઉડાવી દીધી હતી !

એ દિવસે દિનકરભાઈ મિજાજ કાબૂમા ન રાખી શકયા નોટિસનુ ફરફરિયુ વસ ત સામે ધરી એનો જવાબ માગ્યો. પર તુ એનામા જવાબ દેવા જેટલી હિ મત ન રહી એના મુખ પર મ્લાન છાયા ફરી વળી કઈ જ એ બોલી શકયો નહિ દિનકરભાઈએ પાધરીક એના લમણે થપ્પડ ચોડી દીધી 'રાસ્કલ ! ઘર બહાર નીકળી જા !' ક્રોધથી ધૂ આપૂ આ થતા એ બરાડયા, 'મારે તારા જેવા કપૂતનુ કામ નથી! ભલે મારુ નખ્ખોદ જાય ! ચાલ્યો જા અબઘડી !'

રમીલાબેને વચ્ચે પડી એમને વાર્યા, પણ એમની કોઈ કારી ન ફાવી ધક્કો મારીને વસંતને એમણે ઘર બહાર કાઢી મૂક્યો એ આખી રાત પતિપત્નીએ મહાકષ્ટે વિતાવી ★

બીજે દિવસ ઊગ્યો ને આથમી ગયો. ત્રીજે દહાડો, ચોથો દહાડો—પણ વસંત ઘેર ન જ આવ્યો દિનકરભાઈ ચૂપ હતા ગમગીન હતા. પણ એકનો એક પુત્ર ઘર છોડી ચાલ્યા ગયાની વ્યથા રમીલાબેનને અકળાવી રહી હતી વાત વાતમા એ રડી ઊઠતાં હતા. 'ગમે ત્યાથી શોધીને મારા વસંતને તમે લઈ આવો—' બસ આ એક જ રટણ એમની જીભ પર હતુ

ઓછામા પૂરુ, સગાવહાલા ને પાડોસીઓ પણ દિનકરભાઈને ઘેરી વળ્યા 'હશે, છોકરુ છે એક વખત તો માફ કરી દો પહેલી ભૂલ તો ઈશ્વર પણ માફ કરે છે જાઓ, છોકરાને શોધી કાઢો !'

દિનકરભાઈ પલળી ગયા પિતૃહૃદય વધુ કઠણ ન થઈ શક્યુ પરંતુ એને શોધવો ક્યા ? આ ત્રણચાર દિવસમા તો એ ક્યાયનો ક્યા નીકળી ગયો હશે તો યે એમણે શોધ આદરી. વસંતના નિકટના મિત્રોને મળ્યા એમની દ્વારા પેલા નવા મિત્રો—રોહિત મોદારી અને ગીધુ શાહનો સંપર્ક સાધ્યો પરંતુ એ ગઠિયાઓ કાંઈ ઓછા ઊતરે એમ નહોતા ! પહેલા તો નામકર ગયા છૂટી જ પડ્યા 'ના, દિનુકાકા ! અમને વસંતની કંઈ જ ખબર નથી !'

'કંઈક તો જાણતા હશો ' દિનકરભાઈએ માયાથી કહ્યુ, 'તમે એના અંગત મિત્રો છો એટલે તમને જણાવ્યા વિના એ ક્યાય જાય જ નહિ !'

પરંતુ એ લોકો વસંત બાબતની માહિતી આપવા તૈયાર નહોતા આથી દિનકરભાઈને સખત થવુ પડ્યુ 'તમે બધુ જાણો છો છતા છુપાવો છો તો આ માટે મારે ન છૂટકે પોલીસમા ફરિયાદ કરવી પડશે ! તમે લોકોએ જ વસંતને ક્યાક ગોંધી રાખ્યો છે !'

છેવટે રોહિત ઢીલો પડ્યો દિનકરભાઈને વસંત રહેતો હતો ત્યા લઈ જવા એ તૈયાર થયો પરંતુ જ્યારે એ બન્ને એ સ્થળે પહોચ્યા ત્યારે વસંત ત્યાથી નીકળી ચૂક્યો હતો એક જણે રોહિતને ખબર આપ્યા કે થોડીક વાર પહેલા જ ગીધુ આવીને એને ક્યાક લઈ ગયો !

દિનકરભાઈ મૂઝાઈ ગયા ગીધુ વસંતને ક્યાક બહારગામ તો નહિ ધકેલી દે ! બરાબર ખેપાની છોકરો છે ! હવે એ માટે ક્યા દોડાદોડ કરવી ! મનના અજિયાર વાગી ચૂક્યા હતા. હજી દિનકરભાઈ જમ્યા યે નહોતા ઘેર પત્ની રડારોળ કરતી હશે ખાલી હાથે પાછા જઈને ય શું કરવુ ? હવે પોલીસની મદદ માગ્યા વિના છૂટકો નહોતો

પણ રોહિતે એમ કરતા એમને રોક્યા. 'તમારા એક-બે મિત્રોને જોડે લઈ લ્યા, કાકા ! આપણે હજી એક અડ્ડામા તપાસ કરવી પડશે ગીધુ ત્યા જુગાર રમવા અવારનવાર જાય છે '

ટેલી કરી દિનકરભાઈએ પોતાના બે અડીખમ મિત્રોને ઊંઘમાંથી ઉઠાડી જોડે લીધા પેલા જુગારના છૂપા અડ્ડા પર પહોચી ઊભા રહી ગયા ગીધુ અને વસંત ત્યા જ ઝડપાઈ ગયા ! ધમાલધાંધલ કરવાની કશી જરૂર ન પડી વસંત સીધેસીધો આગળ થયો

ચાર દિવસ બાદ દિનકરભાઈએ પુત્ર પાછો તો મેળવ્યો, પણ એ ઘડીથી પિતાપુત્ર વચ્ચે એક દીવાલ ઊભી થઈ ગઈ લાગણી અને સંબંધ આડે દીવાલો ગોઠવાઈ ગઈ એ દિવસ પછી ન તો પિતા મન મૂકીને પુત્ર સાથે બોલ્યા, ન કદી પુત્ર ઊંચુ વેણ કાઢ્યુ. બેઉ જણ વચ્ચે, એક જ ઘરમા રહેવા છતા, મોટો અંતરાય ઊભો થઈ ગયો રમીલાબેન આ વિષે અજાણ તો નહોતા જ, પણ દિલને જે ઠોકર વાગી હતી એની વેદના નિવારવાનો કોઈ જ રસ્તો સુઝતો નહતો પુત્રને તો પણ હવે એ પોતે જોર દઈને કંઈ કહી શકે એમ નહોતા કંઈ કહેવા જાય ને ફરી પાછો ઘરમા કોઈ વંટોળ જાગે તો ?

દિનકરભાઈએ કોલેજની ટર્મ-ફી તો ભરી દીધી, પરંતુ મહિના દિવસમા જ એમને ખબર પડી ગઈ કે વસંતે કોલેજ જવુ છોડી દીધુ છે ! આ હકીકત જાણ્યા પછી દુઃખ તો થયુ જ, પરંતુ એ ગમ ખાઈ ગયા ઠપકાનો એક શબ્દ પણ વસંતને ન કહ્યો ઉમરલાયક છોકરો હાથે કરીને એનું પોતાનુ હિત બગાડવા બેઠો છે, એને શુ કહે ?

દિવસો વીતતા ગયા. વસંત મનસ્વીપણે એના મિત્રોના વૃંદમા રખડતો ગયો એ દરમ્યાન વત્સલા જોડેનો એનો સંબંધ બહુ આત્મીય બનતો ગયો વત્સલાને ઘેર પણ બેત્રણ વાર એ જઈ આવ્યો. એના માબાપને ઊંચો, રૂપાળો વસંત ગમી ગયો હતો દિનકરભાઈ ખાધેપીધે

સુખી હના છોકરીનું ત્યાં નક્કી થાય તો એમને કંઈ વાંધો નહોતો. પરંતુ દિનકરભાઈને કાને આ વાત કોણ નાખે?

દિનકરભાઈના સિદ્ધાંતવાદી સ્વભાવથી સહુ પરિચિત હતા. પોતાના એ નિર્ણયમાં એ અડગ પણ એવા હતા. એટલે વસંત બાબતની વાત કરવાની કોઈનામાં હિંમત નહોતી જો કે ઊડતી વાતો એમણે સાંભળી હતી ખરી. એ છોકરી જોડે વસંત હરેફરે છે એમ જાણતા હતા પણ એમણે નિશ્ચય કરી લીધો હતો કે આ બાબતમાં પોતે બિલકુલ માથું નથી મારવું!

એ દિવસે તો વસંત–વત્સલાને એમણે નજરોનજર જોઈ લીધાં વત્સલાને જોઈ એમની આંખ પણ ઠરી. પરંતુ વસંતના ચારિત્ર્યનો વિચાર કરતાં એમણે મનમાં ઉદ્ભવતા બધાય વિચારો દબાવી દીધા ઘેર આવી વસંત–વત્સલાને સાથે જોયાની વાત રમીલાબેનને પણ ન કરી. ના, છોકરી ભલે સારી હોય, પણ પોતાના પુત્ર જોડે એનું વેવિશાળ કરી એ બિચારીનો ભવ નથી બગાડવો!

એક રાતે દુકાનેથી ઘેર આવ્યા, તો એમને જમાડતી વખતે રમીલાબેને હળવેકથી વાત કાઢી. 'વસંત જોડે સાંજે વત્સલા આપણે ઘેર આવી હતી!'

દિનકરભાઈ કંઈ ન બોલ્યા ચૂપચાપ ખાતા રહ્યા.

'છોકરી મજાની, હસમુખી ને શીળા સ્વભાવની છે.' રમીલાબેન હાવકે મોઢે કહેવા લાગ્યાં 'મને તો 'બા,... બા' કહેતાં એની જીભ પણ નહોતી થાકતી!'

'મને શાક દે!'

'એના બા મણિબેનને તો હું ઓળખું છું' દિનકરભાઈની થાળીમાં શાક મૂકતાં રમીલાબેને કહેવાનું ચાલુ રાખ્યું' પેલી રસિલાના માસી થાય. બાપડા એ મ સ્વભાવના મીઠા છે.'

'હા, દુનિયામાં સૌ સ્વભાવનું મીઠું ને શાંત છે.' દિનકરભાઈએ છેવટે કહ્યું, 'માત્ર એકલો હું જ કડવો અને તેજ છું!'

'હું એવું ક્યાં કહું છું? પણ તમે જરા ઠંડે કલેજે વિચાર કરો....એ લોકોએ કહેવરાવ્યું છે કે.'

'બસ રમુ, તારે મને શાંતિથી જમવા દેવો છે કે નહિ?' દિનકરભાઈ અકળાઈ ઊઠ્યા.

બિચારા રમીલાબેન! પતિ સમક્ષ આજે માંડીને વાત કરવી હતી વત્સલા સંબંધે વાત પાકી થાય એવા સંજોગો હતા ને પતિ જો માની જાય તો સગપણ માટે વત્સલાના માબાપને હા પાડી દેવા વિચાર હતો પણ દિનકરભાઈએ એમની બોલતી જ બંધ કરી નાખી!

વળી પાછા થોડા દિવસ એમ ને એમ વીતી ગયા એ દરમ્યાન એક બીજો નાનો પ્રસંગ બની ગયો એક સાંજે ઓચિંતાની વત્સલા રસ્તામાં દિનકરભાઈને ભેટી ગઈ. તરત એને એમણે ઓળખી લીધી વત્સલા પણ એમને જોઈ ખમચાઈ એની નમણી આંખમાં લજ્જા ઊમટી આવી. આંખો ઝુકાવી એણે નમસ્તે કર્યા ને તરત ચાલવા લાગી દિનકરભાઈને શું સૂઝ્યું તે એમણે ધીમી બૂમ મારી વત્સલાને ઊભી રાખી. 'જરા સાંભળ, દીકરી! મારે તારી જોડે બે વાતો કરવી છે'

વત્સલા અટકીને, શરમાઈને એક બાજુ ઊભી રહી

'વસંતની બાનો તારે માટે સારો અભિપ્રાય છે—' દિનકરભાઈ કહેવા લાગ્યા, 'અને મને ય કાંઈ તારી પ્રત્યે દુશ્મનાવટ નથી. પણ...વસંત કેવો છે એ તું જાણે છે?'

વત્સલાનું મુખ વધુ રક્તિમ થઈ ગયું. હોઠ ચાવતી, સાડીનો છેડો આમળતી, શિર ઝુકાવી ચૂપચાપ એ ઊભી

'સોનાની જાળને પાણીમાં નાખવાનો ગુનો હું નથી કરવા માગતો, વસુ!' વ્યથિત સ્વરે દિનકરભાઈ કહેવા લાગ્યા, 'મારો પુત્ર રખડેલ અને બેજવાબદાર હોય તો મારે તારી આંખ ઉઘાડવી જોઈએ. એવા પુત્રો માતાપિતાને ભારરૂપ હોય છે એટલે દીકરી, એના સુધરવાની મને આશા ન હોય તો હું એવા સાથે તારો સંબંધ થાય એ ન જ ઇચ્છું'

વત્સલાના નમેલા, રૂપાળા મુખ પરની મૂંઝવણ પારખી પાછા એ બોલી ઊઠ્યા: 'મારા પુત્ર બાબતની ફરિયાદ તારી આગળ મારે ન જ કરવી જોઈએ, પણ દીકરી! હું તમને કોઈને અંધારામાં રાખવા નથી માગતો. કારણ, આમાં તારી જિંદગીનો સવાલ છે. એટલે કોઈ પણ પગલું ભરતાં પહેલાં તારે ને તારા માબાપે ફરી વાર વિચાર કરવો જોઈએ બસ, જા. આથી વિશેષ મારે કંઈ નથી કહેવું.'

વત્સલા હોઠ ભીડી, લાગણીઓ કચડી ચાલી ગઈ. દિનકરભાઈ ઘેર આવ્યા, પણ એ રાતે એમની ઊંઘ હરામ થઈ ગઈ. વસંતના ખરાબ ચારિત્ર્યની વાત કહી પોતે વત્સલાને દુભવી એમ લાગ્યા કર્યું. ઘેર જઈ, એકાંત શોધી એ બિચારી રડી યે હશે. એને વસંત માટે લાગણી હશે એ સાચું, પણ વાસ્તવિકતા એણે સમજી લેવી જોઈએ.

ચાર-પાંચ દિવસ લગી આ જ વાત એમના મનમાં ઘોળાયા કરી. વસંતને જોતાં ને વત્સલાની નિર્દોષ મુખાકૃતિ એમની આંખો સામે આવી જતી. આજકાલ વસંત પણ ગંભીર થઈ ગયેલો એમને લાગતો હતો. કદાચ વત્સલાએ પોતાની વાત રજેરજ એને કરી હોવી જોઈએ. પણ શું થાય? આ બાબતમાં તો પોતે નિરુપાય છે!

એક રાતે, જમ્યા પછી, પતિપત્ની વાતે વળ્યાં. વાત વાતમાં રમીલાબેને કહ્યું: 'તમે જરા શાંતિ રાખો તો મારે એક વાત કહેવી છે. વસંત આજે મારી આગળ રડી પડ્યો'તો!'

'શા માટે?'

ખોંખારો ખાઈ, હિંમત એકઠી કરી, રમીલાબેને કહી જ દીધું છેવટે. 'તમે બધું જાણો તો છો જ! વત્સલા સંબંધે આપણે હા પાડવા રાજી ન હોઈએ તો એના માબાપ બીજે ક્યાંક વાત પાકી કરવા ઇચ્છા રાખે છે.'

દિનકરભાઈ મૌન રહ્યા. હકાર સુદ્ધાં ન ભર્યો!

'ઉંમરલાયક છોકરીના માબાપની ચિંતા આપણે સમજી શકીએ છીએ. પણ આમાં તો પ્રશ્ન આપણા વસંતનો પણ છે. એટલે કહું છું કે બીજું કંઈ નહિ તો એની લાગણીનો ખ્યાલ કરી તમે તૈયાર થાઓ તો....' રમીલાબેને વાક્ય જાણીબૂઝીને અધૂરું છોડ્યું.

'જો રમુ!' ગંભીર ને દુઃખી સ્વરે દિનકરભાઈએ જવાબ આપ્યો. 'વસંત આપણો પુત્ર છે એ વાત સાચી. એની લાગણીઓ પર હું કરવત ફેરવવા નથી ઇચ્છતો. પણ એણે મને જે આઘાત આપ્યો છે એની કળ મને હજી વળી નથી! પરણીને સંસારી થતાં પહેલાં એ માટેની ગૃહસ્થ તરીકે જીવવા માટેની એણે લાયકાત કેળવવી જોઈએ. જ્યાં સુધી એવી જવાબદારી લેવાની તૈયારી વસંત ન બતાવે, ત્યાં સુધી હું એને માટે કશું જ કરવા ખુશી નથી!'

રમીલાબેન ચૂપ થઈ ગયાં.

'વશિષ્ઠ અને વિશ્વામિત્રનું દૃષ્ટાંત તારા ખ્યાલમાં હશે.' દિનકરભાઈ પાછા ગંભીરપણે કહેવા લાગ્યા, 'વિશ્વામિત્ર એમની રાજસી વૃત્તિ છોડે એમ નહોતા ત્યાં સુધી વશિષ્ઠ મુની એમને 'દેવર્ષિ' કહેવા તૈયાર નહોતા. એટલે વસંત પણ જ્યાં સુધી એની નબળાઈઓ છોડવા તૈયાર ન થાય ને આમ રખડતો જ રહે, તો હું જિંદગી લગી એને માટે ...'


બોલતા બોલતા દિનકરભાઈ ચોંકી ગયા. શબ્દો એ પૂરા કરી શક્યા નહિ. ઓચિંતો વસંત આવીને એમની આગળ ઊભો રહ્યો. એની આંખો ભીની હતી ને મુખ પર અપાર વેદના લીંપાઈ ગઈ હતી. તો શું ત્યારનો એ ચૂપચાપ બધું સાંભળતો હશે?

દિનકરભાઈ એની સામે જોઈ રહ્યા. એવો જ વસંત નીચે ઝૂકી એમને પગે પડ્યો. ગદ્‌ગદ સ્વરે બોલ્યો એ ખરો, 'બાપુજી! તમારી ક્ષમા માગવાને યોગ્ય પણ હું નથી રહ્યો. પણ... હવેથી મારો અભ્યાસ ચાલુ રાખીશ ને તમે ઇચ્છો છો એવો માનવી બનવા પ્રયત્ન કરીશ—પણ થોડી રાહ જોજો! હા ..વરસ-બે-વરસ રાહ જોજો!' કહેતો એ રડી યે પડ્યો.

દિનકરભાઈ સ્વસ્થ રહી શક્યા નહિ. રૂદનથી ભરેલા સ્વરે, પુત્રના વાંસા પર હાથ પસવારતા, એ બોલી ઊઠ્યા: 'બસ ભાઈ! હું યે આવી જ કોઈ ક્ષણની રાહ જોતો હતો. હવે તારે કશી ફિકર કરવાની જરૂર નથી. હું કોઈ જ બાજી બગડવા નહિ દઉં! ઊઠ, ઊભો થા, બેટા!'

એ દિવસે, પિતા-પુત્ર વચ્ચેની અભાવની દીવાલ સાવ તૂટી ગઈ!





વિચારોની સભાને વિખેરી, તત્ત્વચિંતક મહાશય શયનની તૈયારી કરતા હતા બરાબર એ જ સમયે એમના મનોભાવના દ્વાર પર ટકોરા પડ્યા ને તત્ત્વચિંતક આશ્ચર્ય પૂછી બેઠા 'કોનુ આગમન થયુ અત્યારે ?'

'એ તો હુ મંથરા.' એક મૃદુ અવાજ આવ્યો.

'કોણ મંથરા ! પેલુ રામાયણનુ વગોવાયેલુ પાત્ર તો નહી !' તત્ત્વચિંતકે પૂછ્યુ

'હા, મહાશય ! હુ એ જ દુર્ભાગી મંથરા, જે આજ સુધી વગોવાતી રહી છે.'

'તો પેલી પાપી કૈકેયી ક્યા ગઈ ?'

'રાજમાતા કૈકેયીને પાપી કહી અન્યાય ન કરો તો સારુ. એ તો મહાપ્રતાપી દેવી હતા એમનો તો મોક્ષ થઈ ગયો. માત્ર મોક્ષ માટે હુ આપની પાસે આવી છુ હજારો વર્ષ પછી એક ભ્રમભર્યા ભેદનો પર્દો ખોલવા આવી છુ' મંથરાએ સાડીના છેડાને સરખો કરતા વાતની શરૂઆત કરી

મંથરા



ભાનુપ્રસાદ 'કાંપર'

'તારી વાણીમા કંઈક ઊંડો મર્મ સમાયો હોય એમ લાગે છે વિગતથી વાત કર તો મને સાભળવી ગમશે.'

'મારે તો માત્ર રાજમાતા કૈકેયી માટે પ્રસરેલી સમજફેરનુ નિવારણ કરવુ છે.' ને મંથરાએ ગભીર બની તત્ત્વચિંતક સામે જોયુ.

'કૈકેયીના કાન ભભેરીને તે રામને વનવાસ અપાવ્યો હતો એ બાબતમા જ કહેવુ છે ને...' તત્ત્વચિંતકે કલ્પનાનો દોર વહેતો કર્યો

'મે રાજમાતાના કાન ભભેર્યા હતા એમ માનવા કરતા; મે એમને સંસારના કલ્યાણ અંગે પ્રાર્થના કરી હતી એમ માનવુ ઉચિત અને ન્યાયી લેખાશે' મંથરાએ બચાવ કર્યો

'તુ તારો બચાવ કરવા તો નથી આવીને ?' તત્ત્વચિંતકે વ્યંગાત્મક ટોણો માર્યો

'ઉતાવળો અભિપ્રાય ન આપો, મહાશય ! ધીરે ધીરે આપ બધુ જ આપમેળે સમજી શકશો. માત્ર એક સાધારણ પ્રશ્નનો જવાબ આપો શિવનુ ધનુષ્ય કોણે તોડ્યુ હતુ એ આપ જાણો છો ?'

'હુ શુ બધાય જાણે છે કે શિવનુ ધનુષ્ય રામે તોડ્યુ હતુ'

'આપ બરાબર કહો છો પણ રાવણ જેવા શક્તિશાળી મહારથી વડે જે ધનુષ્ય ઊપડ્યુ પણ નહોતુ, ને રામે જેને રમકડાની માફક રમાડીને તોડી નાખ્યુ, એ રામમા કેટલુ સામર્થ્ય છે અને રામના સામર્થ્યનો ક્યા સદ્વ્યય કરવો એ ત્યારે કોઈ ને સૂઝ્યુ હતુ ?' મંથરા મુખ્ય મુદ્દા પર આવતી જણાઈ

'રામની શક્તિનો સદ્વ્યય કરવાનુ કોઈ ને નહિ સૂઝ્યુ હોય એમ તો શી રીતે કહી શકાય !' તત્ત્વચિંતક ગુંચવાતા જણાયા

'રામના સમયમા અસુરોનો ત્રાસ કેવો હતો એ તો

આપ જાણતા જ હશો ' મંથરાએ સરળ પ્રશ્ન કર્યો

' રામાયણમાં આ બાબતનો સ્પષ્ટ નિર્દેશ છે કે, અસુરો ઋષિઓને પજવતા, એમના ધર્મકાર્યોમાં વિઘ્નો નાખતા યજ્ઞોને અપવિત્ર કરતા '

' આ અસુરોના ત્રાસને નિવારવા કોઈએ કશું કર્યું હોવાનું આપના ધ્યાનમાં છે ?' મંથરાએ તીર ફેંક્યું.

' કેમ નહીં ! રામે રાવણ જેવાને રણમાં રોળ્યો એ કોણ નથી જાણતું !'

'પણ આમ ક્યારે બન્યું એ આપ જાણો છો ?'

'સીતાનું હરણ થયું ત્યારે.' પ્રશ્નનું મહત્ત્વ જ ન હોય એ રીતે તત્ત્વચિંતકે ઉત્તર વાળ્યો

' હવે હું પૂછીશ કે સીતાનું હરણ કેમ થયું ? તો તમે કહેશો કે સીતાજી સાથે વનવાસ ગયાં તેથી પરંતુ હું જ્યારે એમ પૂછીશ કે રામને વનવાસ કેમ ભોગવવો પડ્યો, તો આપ મને અને રાજમાતા કૈકેયીને દોષિત ગણશો કેમ ખરું ને... !' મંથરાએ પ્રશ્નોના ઉત્તર પોતે જ આપ્યા

'એ તો નિર્વિવાદ નક્કર હકીકત છે' તત્ત્વચિંતકે કહ્યું

' પણ કોઈનું એ તરફ લક્ષ ગયું છે ખરું કે રામ વનવાસ ન જાત અને આસુરી તત્ત્વોનું નિવારણ ન કરત તો રામ મર્યાદાપુરુષોત્તમ ભગવાન કહેવાત ખરા ?' મંથરાએ અટપટો પ્રશ્ન કર્યો

આ પ્રશ્નથી તત્ત્વચિંતક ગુંચવાયા ઉકેલ શોધવા પ્રયત્ન કરતા હતા, એટલામાં મંથરાએ વાતનો દોર સાધતા કહ્યું. 'શિવનું ધનુષ્ય તોડ્યું ત્યારે રામની શક્તિને હું સારી પેઠે પારખી શકી હતી મને એ જ વખતે એમ થયું કે અત્યાચારી અસુરોના ત્રાસમાંથી સંસારને મુક્ત કરી શકે એવું કોઈ હોય તો તે રામ જ છે '

' તું અદ્‌ભુત પ્રકાશ પાથરી રહી છે, મંથરા !'

'પરંતુ હું તો માત્ર સાધારણ દાસી જ ને.... એટલે હું મારા મનની વાત પ્રગટ કરું તોય એને મહત્ત્વ કોણ આપે ? વર્ષો સુધી આ વાત મેં મારા હૃદયમાં જ સંઘરી રાખી, સમય આવે ત્યારે સંજોગ જોઈને વ્યક્ત કરવા વિચાર્યું: આખરે એ સમય આવ્યો ' આટલું કહી મંથરા અટકી

પણ તત્ત્વચિંતક કલ્પના સતેજ કરી વચ્ચે જ બોલી ઊઠ્યા: ' રામના રાજ્યાભિષેકનો જ સમય ને.. !'

' હા, બરાબર એ જ સમય જો કે હું દાસી હોવા છતાં રાજમાતા કૈકેયીનો મારા પર અનહદ સ્નેહ હતો એ મારા પ્રત્યે મમતા ધરાવતાં કેટલીક વાર મારી પાસે કોઈ ગુંચવણભર્યા પ્રશ્નનો ઉકેલ પણ માગતાં મને થયું કે મારા મનમાં સંઘરી રાખેલ રહસ્યને પ્રગટ કરવાનો આ યોગ્ય અવસર છે રાજમાતાને મેં રામમાં રહેલી શક્તિ અંગે સંકેત કર્યો. ને રામની શક્તિ ઉપકારક નીવડે એવો માર્ગ શોધવા કહ્યું.'

' કૈકેયીને કાંઈ માર્ગ સૂઝયો ખરો ?'

' ના ! એમણે તો મારું જ માર્ગદર્શન માગ્યું '

' વાહ ! રાજમાતા કૈકેયી પણ તારું માર્ગદર્શન માગે એ તો અદ્‌ભુત કહેવાય ! ' તત્ત્વચિંતકે આશ્ચર્ય વ્યક્ત કરી ઉમેર્યું . 'તેં શું કહ્યું એમને ?'

' અગાઉ મહારાજા દશરથે રાજમાતા કૈકેયીને વચન આપેલાં એની યાદ દેવડાવી ને એ વચનનું પાલન કરવા મહારાજાને વીનવવા માટે કહ્યું રાજમાતાને મારું સૂચન ગમ્યું તો ખરું પણ તેમણે મને પૂછ્યું. ' આ વચનોનું પાલન કઈ રીતે કરાવવું એ તો કહે '

એમના આ પ્રશ્નનો ઉત્તર તો મેં શોધી જ રાખ્યો હતો પરંતુ વ્યક્ત કરતાં મેં ભારે વિમાસણ અનુભવી,'

તે વાતનો તંતુ સાધતાં તત્ત્વચિંતકે કહી નાખ્યું '

' તારે રામને વનવાસ આપવા માટે જ કહેવું હતું ને....!'

' હા, એમ જ પરંતુ આવાં વેણ કાઢતાં મારી જીભ ઊપડતી નહોતી, હૈયું હામ ખોઈ બેઠું હતું, આંખે અશ્રુધારા આવતાં હતાં, શરીર કંપતું હતું તોય ... ' મંથરાથી આગળ ન બોલી શકાયું

' મંથરા, સ્વસ્થ થા ! તારા કુમળા હૃદયને હું સમજી શકું છું સત્ય પણ જો કડવું હોય તો એને વ્યક્ત કરતાં ક્ષોભ થાય એ સ્વાભાવિક છે ' તત્ત્વચિંતકે સહાનુભૂતિના શબ્દ ઉચ્ચાર્યા.

' છતાં જગતના કલ્યાણ માટે એ સાહસ કર્યા વગર છૂટકો નહોતો ભાવના કરતાં કર્તવ્યનું સ્થાન ઊંચું છે, એ આદેશને આવકારી મેં હૈયાને કઠણ કર્યું. પ્રથમ તો મેં રાજમાતા કૈકેયી સમક્ષ સ્પષ્ટતા કરી કે હું જે માર્ગ બતાવીશ તે જગતના કલ્યાણનો જ માર્ગ હશે પણ મારા સૂચનનો સ્વીકાર કરવા હૃદયને વજ્ર જેવું બનાવવું પડશે મેં આમ કહ્યું ત્યારે રાજમાતાની ઉત્સુકતા અને જિજ્ઞાસા

વધી. ને એમણે મને સત્વર સ્પષ્ટતા કરવા આજ્ઞા કરી. ત્યારે મે રામને બદલે ભરતનો રાજ્યાભિષેક થાય એવુ વચન માગવા રાજમાતાને નમ્ર સૂચન કર્યુ.’ આમ કહેતા કહેતા મથરા ગભીર બની ગઈ

‘તાગ આ સૂચનથી કૈકેયીને આશ્ચર્ય તો થયુ જ હશે ?’

‘માત્ર આશ્ચર્ય જ નહી, પરતુ રોષમા ને રોષમા એમણે મને તિરસ્કારતા કહ્યુ ‘ ‘નીચ, નફ્ફટ, અધમ ! તને આવુ બોલતા શરમ નથી આવતી !’

‘એમને રોષ આવે એ સ્વાભાવિક છે, કેમકે મહારાજાના વચનનુ પાલન કરાવવા આવો આગ્રહ રાખવામા આવે તો સસારમા એમની કેટલી નિદા થાય ! સમાજ પોતાને તિરસ્કારે આવા વિચારથી એ સમસમી ઊઠે એમા નવાઈ નથી’ તત્ત્વચિતકે સાર તારવ્યો

‘પણ મે રાજમાતાને મારી વાત શાતિથી સાભળવા અને એ પર વિચાર કરવા આજીજી કરી ત્યારે એ જરા શાત થયા ને મને પૂછ્યુ. ‘પછી રામનું શું ?’

એમના આ પ્રશ્નનો ઉત્તર તો મારી પાસે હતો જ. એટલે હૃદય પર પથ્થર મૂકીને મે કહી નાખ્યુ કે, ‘તપસ્વીઓની સેવા માટે રામને અયોધ્યા બહાર મોકલો.’

મારી આ વાતથી રાજમાતા સિંહણની જેમ ગર્જ્યા, ‘પગરખાને પગને બદલે માથા પર સ્થાન આપ્યુ એનું જ આ પરિણામ છે. મથરા ! તુ દાસી હોવા છતા મે તને સખીની જેમ સાચવી મે કાચને હીરો માન્યો, એ મારી જ ભૂલને પરિણામે તુ મારી સાથે આવી અનાધિકાર ચેષ્ટા કરી રહી છે !’

રાજમાતાની વાણીમાથી અગારા ઝરતા હતા મને દઝાડતા હતા તોય મારે ફરજનુ પાલન કરવુ હતુ. મે રાજમાતાના પગમા પડી ફરી વીનવ્યા, સમજાવ્યા ને મારી વાત વિગતથી સાભળ્યા પછી ‘જો એ અયોગ્ય કે અણછાજતી હોય તો મને દેહાતદડની સજા આપવા જણાવ્યુ’ મથરા એકી શ્વાસે બોલી ગઈ.

‘તારી સજા ભોગવવાની તૈયારીથી રાજમાતા પીગળ્યા હશે !’ તત્ત્વચિતકે પૂછ્યુ.

‘જો કે એ રોષમા તો હતા જ તોય મે એમની સમક્ષ હૈયુ ઠાલવવા માડ્યુ મે એમને કહ્યુ. ‘રામ માટે મને અનહદ આદર અને પૂજ્યભાવ છે. એ રાજ્યનો વહીવટ પોતાના હાથમા લે એનો અપૂર્વ આનદ પણ છે છતા એ રાજ્યનો વહીવટ હાથમા લેશે તો એ રાજ્યકારભારમા ઓતપ્રોત રહેશે રામ ન્યાયી અને નિરુપદ્રવી હોવાને કારણે રાજકારણની સીમાનુ ઉલ્લઘન નહી કરે પોતાના રાજ્યની પ્રજાના કલ્યાણ પૂરતુ જ પોતાનુ ધ્યાન કેન્દ્રિત કરશે. પરતુ વનમા વસતા સાત્ત્વિક અને તપસ્વી પુણ્યાત્માઓને પીડતા અસુરોને પડકારવા નહી પ્રેરાય આથી જો રામ મર્યાદિત સમય માટે વનમા વાસ કરશે તો આ અસુરોને પડકારી શકશે, પરાસ્ત કરી શકશે.’

‘રાજમાતા મને ધ્યાનપૂર્વક સાભળતા રહ્યા ને એમનો રોષ ઓસરતો રહ્યો એમણે વચમા જ મને પ્રશ્ન કર્યો, ‘રામને અસુરો સાથે ટકરાવાનુ કોઈ કારણ મળશે ત્યારે જ રામ અસુરોને પડકારશે ને.’

રાજમાતાનો આ પ્રશ્ન ખૂબ જ સૂચક હતો મે ઉત્તર આપતા જણાવ્યુ. ‘કારણ સ્પષ્ટ છે, કે સીતાના સ્વયવર વખતે રાવણ જેવા શક્તિશાળી અને સત્તાધારી અસુરને મહાત કરી રામે વિજય મેળવ્યો હતો એ અપમાનને રાવણ કોઈ કાળે ભૂલી શકે એમ નથી. કેમકે રાવણ ઘમડી પણ છે અને અભિમાની પણ છે. એટલે લાગ જોઈને રામ પર આક્રમણ કર્યા વગર એ નહિ જ રહે અને રામ એને પરાસ્ત કર્યા વગર પણ નહી રહે આમ અસુરોના આગેવાન રાવણનો પરાજય પ્રત્યેક અસુરની આસુરી શક્તિનો હ્રાસ કરશે, ને સમસ્ત સસારમાથી અસુરોના ઉપદ્રવનુ નિવારણ થશે’

‘તારી વાત કૈકેયીના ગળે ઊતરી તો હશે જ પણ રામનો હક ડુબાડીને ભરતને રાજગાદી અપાવવાથી કૈકેયીને સમાજ તિરસ્કારે એનુ શુ !’ તત્ત્વચિતકે વચમા જ શકા વ્યક્ત કરી.

‘રાજમાતાએ પણ આ પ્રશ્ન મને કર્યો હતો ત્યારે મે એમને કહ્યુ હતુ કે જે કઈ કરવાનુ છે તે સમાજના કલ્યાણ માટે જ કરવાનુ છે. અગત સ્વાર્થ સમાયેલો હોય એવુ કઈ કરવામા લોકનિદાથી ડરવાનો અવકાશ ખરો, પરતુ સમાજને સત્યની ઝાખી થશે ત્યારે સ્તુતિ કરશે’

મથરાને વચ્ચે જ અટકાવી તત્ત્વચિતકે મહત્ત્વનો પ્રશ્ન કર્યો, ‘ભરત તો કૈકેયીનો જ પુત્ર હતો ને.... એને રાજગાદી આપવામા કૈકેયીના અગત સ્વાર્થનો હેતુ નથી એમ

શી રીતે કહી શકાય !'

'આપની આ શંકા સાવ સાચી છે. આવી શંકા રાજમાતાએ પણ વ્યક્ત કરી હતી. અને એનો ખુલાસો મેં કર્યો ત્યારે એ ચકિત થયા એટલું જ નહીં, પરંતુ પરિણામ પણ તત્કાલ જોઈ શક્યા.' આમ કહેતા કહેતા મંથરાના વદન પર સંતોષનું કિરણ વર્તાયું.

'તે એવો તે કેવો ચમત્કાર સર્જ્યો કે કૈકેયી પણ ચકિત થઈ ગયા ?'

'મેં રાજમાતાનું એ પરત્વે ધ્યાન દોર્યું કે ભરતના રોમેરોમમાં રામ પ્રત્યેની અલૌકિક ભ્રાતૃભક્તિ ધબકે છે. ભરત રામના હકને ડુબાડી રાજગાદીનો સ્વીકાર કરશે જ નહિ અને પરિણામ પણ સ્પષ્ટ હતું. ભરતે રાજગાદીનો સ્વીકાર ન કર્યો, રામને બદલે ભરતે રાજ્યનો વહીવટ સંભાળ્યો, પરંતુ રાજગાદી પર તો રામની પાદુકાનો જ રાજ્યાભિષેક કર્યો. આમ ભરતે ભ્રાતૃભક્તિનું વિરલ ઉદાહરણ પૂરું પાડ્યું.'

'વાહ ! મંથરા, વાહ ! તારી આર્ષ દૃષ્ટિને ધન્યવાદ છે ..!'

'ધન્યવાદની અધિકારી હું નહીં, પરંતુ રાજમાતા કૈકેયી છે, કેમકે લોકનિંદાથી ડરીને એમણે મહારાજા દશરથ પાસે વચનપાલન ન કરાવ્યું હોત તો આજે પણ અસુરોના અત્યાચારથી સંસાર પીડાતો હોત. લોકનિંદાથી ડર્યા વગર રાજમાતાએ લોકકલ્યાણ માટે કપરી ફરજ અદા કરી, સંસારને ઉગાર્યો છે. સૂર્ય પોતે સળગે છે, પણ જગતને પ્રકાશ આપે છે, એવી જ રીતે રાજમાતાએ લોકનિંદા વહોરી સંસારનું કલ્યાણ કર્યું છે, તેથી ધન્યવાદ તો પરોપકારી રાજમાતા કૈકેયીને ઘટે.'

'અંધારે અટવાતા સંસારમાં તેં દિવ્ય પ્રકાશ પાથર્યો છે. તારી વાણીમાંથી તથ્ય તારવ્યા પછી મને રામાયણનો એક પ્રસંગ યાદ આવે છે, કે મર્યાદા પુરુષોત્તમ ભગવાન ગણાતા શ્રીરામે ધોબી જેવા એક સામાન્ય માનવીની ટકોરથી પરમ પૂજનીય અને પવિત્ર સતી સીતાનો ત્યાગ કર્યો હતો, જ્યારે રાજમાતા કૈકેયીએ તો સમસ્ત સંસારના તિરસ્કાર કે નિંદાને ગણકાર્યા વગર, ભાવના કરતાં કર્તવ્યને ઉચ્ચ સ્થાન આપી સંસારના કલ્યાણનો જ વિચાર કર્યો, અને કર્તવ્યનું પાલન કર્યું. આવા કર્તવ્યપરાયણ રાજમાતા કૈકેયીનું સ્થાન રામ કરતાં ઊતરતું છે કે ચઢિયાતું એ ચોક્કસ કરવું અઘરું છે. એવી જ રીતે રાજમાતા કૈકેયીને સૂઝ અને માર્ગદર્શન આપનાર મંથરાનું સ્થાન કેટલું ચઢિયાતું છે એ તો સમસ્ત સંસાર જ નક્કી કરે.'

'કૃપા કરીને મારા સ્થાનની વાત ન કરો. હું તો આજે પણ દાસી છું. દાસીનું સ્થાન ક્યાં હોય એ સૌ કોઈ જાણે છે. ઉચ્ચ સ્થાનના અધિકારી તો અસુરોના ત્રાસમાંથી સંસારને ઉગારનાર શ્રીરામ અને લોકનિંદાથી ડર્યા વગર સંસારના કલ્યાણ માટે વગોવણી વહોરનાર રાજમાતા કૈકેયી જ છે.' મંથરાએ અહોભાવ વ્યક્ત કર્યો.

'મંથરા ! તારી વિનમ્રતા આદર ઉપજાવે એવી છે. રાજમાતા કૈકેયી માટે પ્રવર્તતી સમજફેરનું સમાધાન કરી તેં સંસારને નવી જ દૃષ્ટિ આપી છે. આમ છતાં તેં શરૂઆતમાં કરેલ એક નિર્દેશ અંગે સ્પષ્ટતા કરીશ તો મને પૂર્ણ સંતોષ થશે.'

'કયા નિર્દેશની વાત કરી રહ્યા છો ?'

'તેં શરૂઆતમાં કહ્યું હતું કે 'રાજમાતા કૈકેયીનો મોક્ષ થઈ ગયો, ને હું મારા મોક્ષ માટે આપની પાસે આવી છું,' મારે તારી આ ગર્ભિત વાણીનું રહસ્ય જાણવું છે.'

'આ રહસ્યનો ઉકેલ સાવ સરળ છે. લોકનિંદાએ રાજમાતા કૈકેયીને ખૂબ વ્યાકુળ કરી દીધા હતા. પણ મેં એમને વચન આપ્યું હતું કે એમના માટે પ્રવર્તતી સમજફેર અને નિંદાને હું સ્તુતિમાં ફેરવાવીશ. મારા આ શબ્દોથી રાજમાતાને સંપૂર્ણ સંતોષ થયો. એમના દુઃખનો ભાર હળવો થયો ને તેઓ મોક્ષના અધિકારી બન્યા. પરંતુ જ્યાં સુધી એમને આપેલ વચનનું હું પાલન ન કરું ત્યાં સુધી મને તો મોક્ષ મળે જ કેમ !' મંથરાએ સૂચક પ્રશ્ન કર્યો.

'— અને એ વચનનું પાલન કરવા તું મારી પાસે આવી એમ જ ને...!' તત્ત્વચિંતક મંથરાનો સંકેત સમજ્યા.

'હા. એમ જ આટલા વર્ષ પછી રાજમાતાના અંતરની વેદના આપની સમક્ષ ઠાલવી, મેં વચનપાલનનો સંતોષ અનુભવ્યો. પરિણામે મારા મોક્ષના દ્વાર પણ ઊઘડી ગયા.' આટલું કહી મંથરાએ બે હાથ જોડી વિદાય લીધી.

મંથરાને આદરપૂર્વક વિદાય આપવાની તત્ત્વચિંતક ચેષ્ટા કરે તે પહેલાં, જે રીતે મંથરા તત્ત્વચિંતકના મનોભવનમાં એકાએક અણચિંતવી આવી હતી, એવી જ રીતે એકાએક એ ચાલી ગઈ.




જોહર

કે. દા. બાની

'ઓર્ડર, ઓર્ડર' –લાકડાની હથોડીનો અવાજ સંભળાયો. 'બાઈ, તમારે કંઈ કહેવું છે ? સાક્ષી-પુરાવા બધા પતી ગયાં છે. હવે તેની છણાવટ થશે. તે પહેલા તમારે કહેવું હોય તો કહો. ત્યારબાદ કોર્ટ ફેંસલો આપશે.' ચશ્માંના કાચ લૂછતા ન્યાયમૂર્તિ બોલ્યા. કોર્ટમાં નીરવ શાંતિ પ્રસરી. સૌની નજર આરોપીના પીંજરા તરફ ગઈ.

મેં પણ કપાળ પરનો પરસેવો લૂછ્યો. મારી આંખો આપોઆપ પીંજરા તરફ વળી. થોડા દિવસથી મારા મન ઉપર મોટો બોજો રહેતો હતો. કેટલી યે રાત વિચાર કરીને, કાયદાના મોટા મોટા થોથાં ઉથલાવીને, મે તનતોડ મહેનત કરી હતી. સરયૂનુ વકીલાતનામું મે લીધું હતુ. સરયૂ હવે શુ કહેશે અને કેવી રીતે કહેશે તેના પર કોર્ટના ફેસલાનો આધાર હતો તે જીવનમરણને આરે ઊભી હતી. કોર્ટમાં ગણગણાટ શરૂ થયો, ને પછી સરયૂનું હીબકું સંભળાયું. પણ આ કેમ બન્યુ ? આ કેસ લગભગ દોઢેક માસ ચાલ્યો તે દરમ્યાન તેના ચહેરા પર ઉદાસીનતાની એક પણ રેખા દેખાઈ નહોતી તેની ચકોર આંખોમા મક્કમતા દેખાતી હતી સામાવાળાના સાક્ષીઓની જુબાની વખતે તેની આંખોમાંથી જાણે અંગારા ખરતા હતા ! ઊલટતપાસ વખતે પણ તીખાતમતમતા જવાબો આપેલા ! અને અત્યારે તેના મ્હોંમાથી હીબકું કેમ સંભળાયું ?



સરયૂએ ધીમે અવાજે બોલવાનું શરૂ કર્યું. 'ન્યાયદેવતા સમક્ષ મારે કહેવા જેવું હવે શુ બાકી રહ્યુ છે ? બધું પતી ગયું છે. પણ મને એક છેલ્લી વખત બોલી લેવા દો ! મારી કરુણ કથની દોઢ માસમા સૌએ જાણી લીધી છે ! મારે ફરી એક વાર એ કથની કહેવી છે હું મારા બચાવ માટે આમ નથી કરતી. મારે કોઈ પાસે દયાની ભીખ નથી માગવી. મારે તો માત્ર સ્ત્રી-જાતિના સૌંદર્યનું લીલામ કરનારા નરાધમનાં કરતૂકો ઉઘાડા પાડવા છે !

સરયૂના અવાજમા હવે જોમ આવ્યું. 'સાત વર્ષ પહેલાની વાત છે. મારા પતિને ક્ષય થયો હતો. મારા દિયર અવારનવાર જોવા આવતા. પણ થોડા વખતમા મને ને મારા રવીન્દ્રને છોડીને પતિ પરલોક સિધાવ્યા. મારા દિયરની સ્વચ્છંદી વર્તણૂકને લીધે હું ઘર છોડીને મારા દૂરના પિતરાઈ ભાઈ વિશ્વનાથને ત્યા જવા નીકળી. પણ મારે કમનસીબે તે ત્યા નહોતો. હું મારા ભાઈને મળવા ગઈ, પણ મારો ભાઈ ત્યા રહેતો જ નહોતો.

હું થોડી વાર મૂંઝવણમા પડી. પણ એ મકાનમા રહેતા કિશોરભાઈએ મને આશ્રય આપ્યો. તેમની પત્ની બીમાર હતી. તને એ સ્થિતિમા છોડી

જવું મને ગમ્યું નહિ. કિશોરભાઈ રોજ કહેતા 'વિશ્વનાથ અમુક શહેરમાં રહે છે. મેં કાગળ લખ્યો છે. જવાબ તો આવશે જ. અરે, કદાચ પોતે પણ આવી પહોચશે.' હું દરરોજ રાહ જોયા કરતી. પણ પત્ર ન આવ્યો.

કિશોરભાઈની ગરીબડી પત્નીએ પોતાનાં બાળકો મને સોપ્યા હતા. મારા રવીન્દ્રની માફક તેમની પણ હુ સંભાળ લેતી. તેનાં છોકરાંઓ શરીરે નબળા હતા. ધીરે ધીરે બધા છોકરાં તંદુરસ્ત બની ગયાં. એ જોઈને એ બાઈ એક દિવસ ગળગળા અવાજે બોલી : 'બહેન, ગયા જન્મે મેં કેવા પાપ કર્યાં હશે, કે જેનાં ફળ અત્યારે ભોગવવા પડે છે!' એમ કહેતા તેની આખમાંથી અશ્રુધારા વહેવા લાગી.

કિશોરભાઈ પણ મારા તરફ મમતા રાખતા. મને તો એ વિશ્વનાથ જેવા જ લાગતા. પણ તેમની નજરમા એક વિચિત્ર પ્રકારનો વિકાર હતો. મારે હાથે થયેલ અપરાધ પહેલા પાંચ-છ દિવસની વાત છે. મારુ માથું દુખતું હતું એટલે હુ સૂતી હતી. કિશોરભાઈ બામની શીશી લઈને આવ્યા હું ચમકી. તમનો હાથ મારા માથા પર ફરવા લાગ્યો. એવામા તમની પત્નીએ બૂમ મારી. તે બબડતા બબડતા જતા રહ્યા અને મેં આખી રાત તરફડિયાં મારીને વિતાવી.

ત્યારથી હું બહુ જ સાવચેતી રાખતી હતી. ક્યારે શુ થશે તે કહેવું મુશ્કેલ હતું. મને થતું કે પૃથ્વી માર્ગ આપે તો સમાઈ જાઉ ! અગર તો કૂવે પડું ! કિશોરભાઈનું ખરું સ્વરૂપ સમજાઈ ગયું હતું. દિવસે દિવસે એમની દૃષ્ટિ વક્ર બનતી જતી હતી.

એકાદ-બે વખત મેં આત્મહત્યા કરવાનો પણ પ્રયત્ન કર્યો. પણ કુદરત મારા ગળામા રવીન્દ્રનુ બંધન બાધ્યું હતુ. મને થયું કે ઈશ્વર આમાથી કંઈક રસ્તો કાઢશે. આ આશામા જ હું દિવસો પસાર કરતી હતી.

એક વાર કિશોરભાઈને સમજાવી જોવાનો મેં વિચાર કર્યો. પણ તેમના પર પાશવી શક્તિએ કાબૂ જમાવ્યો હોવાથી તઓ પાછાં પગલા માંડી શકે તેમ નહોતું. તેમની પત્ની માલતી લાચાર બનીને બધુ જોયા કરતી.

એક દિવસ રાત્રે સૌ ઊંઘી ગયાં હતાં. એવામાં વહેલી સવારે કંઈક ખખડાટ થવાથી હું જાગી ગઈ. ફાનસની વાટ જરાક ઊંચી કરી, અને જોઉં છું તો સામે કિશોરભાઈ ! તમની આંખમાનો વિકાર સ્પષ્ટ હતો. મેં બૂમ પાડવાનો પ્રયત્ન કર્યો, પણ મ્હોંમાથી શબ્દ જ નીકળે નહિ તેણે ખંધું હાસ્ય કરીને કહ્યું, 'બૂમ પાડવી હોય તો પાડ ! કંઈ થવાનું નથી. માલતીને તો મેં ક્યારની ઘેનની ગોળી આપી ઉંઘાડી દીધી છે. ચાર દિવસથી હું જોઉ છું કે તું મને ટગાવ્યા કરે છે !'

મારા રોમેરોમ ખડાં થઈ ગયાં. હું પાછી ફરીને લથડિયું ખાઈને પડી. પણ એ જ વખતે મારા હાથમા એક લોઢાની છીણી આવી ગઈ ને પછી ...'

હું શુદ્ધિમાં આવી ત્યારે સામે કિશોરભાઈ લોહીલોહાણ બનીને પડયા હતા. મારા હાથમાં લોહીથી ખરડાયેલી છીણી હતી. કિશોરભાઈનો ચહેરો છિન્નવિચ્છિન્ન થઈ ગયો હતો હું બધું સમજી ગઈ, અને મેં મોટી ચીસ પાડી. ત્યાર પછી શું થયું તેની મને કંઈ ખબર નથી.

પાછળથી મને ખબર પડી કે આ બનાવના આઘાતથી કિશોરભાઈની પત્ની તત્કાળ મરણ પામી. ત્યાર પછીની બધી બિના તમે જાણો છો કિશોરભાઈનાં બાળકોને મેં અનાથ બનાવ્યાં તેના વધ બદલ મને જરા પણ પશ્ચાત્તાપ નથી થતો, પણ તેના બાળકોને અનાથ બનાવ્યાના પાપમાથી હુ ક્યારે છૂટીશ !'

સરયૂએ પાણી માગ્યું. બે કોગળા પાણી પીને ફરીથી બોલવા માડયુ : 'આજ સુધી પુરુષો સ્ત્રીજાતને કેવળ ઉપભોગની વસ્તુ ગણુતા આવ્યા છે. જ્યાં જુઓ ત્યા 'મુખમેં રામ ઔર બગલમેં છૂરી' જેવો ઘાટ છે આ પરિસ્થિતિ કાયમ કેમ નિભાવી શકાય ? સ્ત્રીઓની આબરૂ એ કંઈ બજારની ચીજ કે રમકડું છે ? મારા સૌન્દર્યની નાનપણથી જ સૌ તારીફ કરતા. મને પણ તનું અભિમાન હતું. પણ

એ જ ગૌરવ લેવા જેવું સૌન્દર્ય આજે મારા માટે રૂપ બની ગયું. સ્ત્રીએ સુંદર બનવું એ કંઈ ગુનો છે!

અગાઉના વખતમાં રજપૂત સ્ત્રીઓ જૌહર કરતી હતી ને? મારો પણ આ જૌહર છે! દુનિયા આખી મારા તરફ ખૂની તરીકે આંગળી ચીંધશે, પણ આવા નરાધમોએ જે સ્ત્રીઓની આબરૂ લૂંટી હશે, એ સ્ત્રીઓ મારા માટે બે આંસુડાં સારશે! મારે આજે કોઈની લાચારી નથી કરવી. મારા દીકરાને કોઈ સહીસલામત સ્થળે રહેવાની ગોઠવણ થાય એ જ મારી ઇચ્છા છે. કેટલાક લોકો તને ખૂની માનો પુત્ર ગણીને ધિક્કારશે. પણ ધ્યાનમાં રાખજે, કે સ્વત્વના રક્ષણ માટે ઝંખનારી એક સ્વાભિમાની માતાને ધાવીને મોટો થએલો એ છોકરો છે!'

સરયૂએ થોડી વાર બોલવું બંધ કરીને ઊંચું જોયું. પીંજરામા સ્ટૂલ પર તે બેઠી હતી. વાતાવરણ એકદમ શાંત અને ગંભીર બન્યું હતું!

ન્યાયમૂર્તિએ કહ્યું, 'જ્યુરીના સભ્યો! તમે આરોપીનું નિવેદન સાંભળ્યું છે. બધા પુરાવા તમારી સમક્ષ પડેલા છે. સરયૂએ કરેલા ખૂનના આ કેસનો હવે તમારે ચુકાદો આપવાનો છે. સંપૂર્ણ વિચાર કરીને એ ચુકાદો આપશો એવી મારી ખાત્રી છે. આજે કોર્ટનો સમય પૂરો થયો છે. આવતી કાલે તમે ચુકાદો આપશો.'

કોર્ટ ઊઠતાં જ બધે કલબલાટ અને ધમાલ શરૂ થઈ. હાજર રહેલા નામાંકિત અને ઊગતા વકીલો કાયદાની કસોટીએ કેસની મૂલવણી કરવા લાગ્યા. બીજા અજ્ઞાન લોકો ફાવે તેમ અટકળ કરવા માંડયા.

મેં સરયૂ તરફ જોયું. હવે તેના ચહેરા પર નિશ્ચળ ભાવ દેખાતો હતો. તેના મનમાં કંઈક ઊથલપાથલ મચી રહી હતી. વેદના ઘોળાતી હતી. એ આખી રાત મે વિચારમંથનમા વિતાવી.

બીજે દિવસે કોર્ટમાં ચિક્કાર ગિરદી હતી. તે દિવસે ફેંસલો આવવાનો હતો. બરાબર સાડા બાર વાગે જ્યુરીના સભ્યો ચર્ચા કરવા અંદર ગયા. સામે જ એક ઘડિયાળ ટાંગ્યું હતું. તના લોલકની માફક મારું મન પણ ચલવિચલ થયા કરતું હતું.

સરયૂની ધીરજ પણ હવે ખૂટતી હતી. ત વિકળ બનીને આમતેમ જોતી. મારા તરફ જોવા માટે તેની નજર વળતાં જ હું નીચું જોઈ જતો! જાણે હું જ ગુનેગાર ન હોઉં!

જ્યુરીના સભ્યો દોઢ વાગે બહાર આવ્યા.

કોર્ટે પૂછ્યુ, 'ફેંસલો તૈયાર છે?'

'હા!'

'સર્વાનુમતિથી? કે બહુમતિથી?'

'બહુમતિથી!'

હવે લોકોની આતુરતા પરાકાષ્ઠાએ પહોંચી. મોટેથી પૂછવાનું મન થયું કે મારે સવાલજવાબ નથી જોઈતા. ચુકાદો સાભળવો છે! પણ એમ કહી શકાય તેમ નહોતુ.

'પ્રમાણ?'

'ફક્ત એક વિરુદ્ધ...'

'ફેંસલો શો? આરોપી દોષિત કે નિર્દોષ?'

હવે જવાબ સાંભળવા સૌના શ્વાસ રૂંધાઈ ગયા.

'આરોપીને હાથે મૃત્યુ થયું તે વખતની પરિસ્થિતિ જોતાં તેને સ્વસ રક્ષણ માટે કરેલો હલ્લો ગણવો જોઈએ. આથી આરોપી નિર્દોષ છે.'

ફેસલો સાભળીને હું તો હર્ષઘેલો બની ગયો. કોર્ટે જ્યુરીનો ફેંસલો માન્ય રાખ્યો. મેં અત્યંત હર્ષાવેશમાં સરયૂ તરફ જોયું. કારણ તેની આંખોમાં વિલક્ષણ ચમક હતી! બીજી જ ક્ષણે મે મોટેથી બૂમ પાડી, 'સરુ!' તેણે પણ 'મારા વીરા!' કહીને પોતાનાં હર્ષાશ્રુ લૂછયાં.

હા—હું તેનો ભાઈ જ હતો! ગામડામાં વકીલાત ન ચાલવાથી શહેરમાં આવેલો, શહેરમાં વકીલાત સારી ચાલવાથી ખૂબ નાણાવાળો થવાથી ઉન્મત્ત બનીને બહેનની પૂછપરછ પણ ન કરનારો, વર્તમાનપત્રોમા સરયૂની ધરપકડના સમાચાર વાંચીને પશ્ચાત્તાપરૂપી અગ્નિમાં દગ્ધ બનેલો અને સરયૂનો વકીલ, જેની પાસે સરયૂ આશ્રય માટે ગઈ હતી, પણ તે ન મળવાથી આ રામાયણ સરજાઈ હતી, તે હું—વિશ્વનાથ! ★

સહાનુભૂતિના સંદેશા



માર્ગરેટ હીલીસ
અનુ : શશીકાંત નીલકંઠ

સને ૧૯૪૧મા જાપાને ચીન પર આક્રમણ કર્યું તે સમયની આ વાત છે.

મિશનનો પગી લંગડાતો લંગડાતો રસોડાના બારણા આગળ આવ્યો ને કહ્યુ, 'શેન્કુઈ શહેરનુ રક્ષણ કરનાર સેનાપતિ આવ્યા છે.'

હુ તો ગભરાઈ ગઈ. પણ સેનાપતિ ઉતાવળા ઉતાવળા રસોડામાં આવ્યા ને જણાવ્યું. 'દુશ્મનો [જાપાનીઓ] હોનાન પરગણા પર ધસી રહ્યા છે. આ શહેર છોડી દેવાનો હુકમ મળ્યો છે. માટે તમે અહીંથી બીજા કોઈ ગામડામા જલદી ચાલ્યા જાવ.'

જાતે આવીને ખબર આપવા માટે મે સેનાપતિનો આભાર માન્યો ને તેમને નમસ્કાર કર્યો. સેનાપતિ ગયા કે તરત જ જાન્યુઆરીનો ઠંડા હીમભર્યો પવનનો સપાટો શરૂ થયો. મારી માર્ગરિટે રડવા માંડયુ. અને અમારી ભયંકર સ્થિતિનું મને ભાન થયુ.

માર્ગારેટ બે માસની હતી અને જોની એક વર્ષનો હતો. ગઈ કાલે જ મારા પતિ ૧૧૪ માઈલ દૂર આવેલા ગામમાં કોઈ દરદીને તપાસવા રિક્ષામાં ગયા હતા. મે ભીંત પર ટાંગેલા કેલેન્ડર પર નજર કરી. ૧૫મી જાન્યુઆરી હતી. ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયા પહેલા તો તે નહિ આવી શકે તેમના વગર હું શું કરીશ ! જ્યારે ભય આવી પડે છે ત્યારે ઈશ્વર કેવી અજબ રીતે મદદ કરે છે ! કેવી નજીવી વસ્તુઓ મારફત પણ સંદેશા મોકલે છે તેનો મને ખ્યાલ જ ન હતો.

બપોરના શહેરનુ રક્ષણ કરનાર લશ્કર શહેર છોડી ચાલ્યું ગયું ઘણા કુટુંબોએ સામાન બાંધી નાસવા માંડયું. દેવળના પાદરીઓ મારી પાસે આવ્યા ને તેમની સાથે શહેર છોડી જવા વિનંતિ કરી કહ્યું. 'મિસ્ટોર હીલીસ પાછા આવશે ત્યાં સુધી અમે તમારી સંભાળ રાખીશુ.'

મેં તેમની ચિંતાતુર આંખો સામે જોયું. ગામડાના ઘરો વિષે મને વિચાર આવ્યા. મને અને મારા પતિને ગામડિયા લોકો માટે પ્રેમ હતો. પણ એમનાં ઘર પશ્ચિમના બાળકો માટે મૃત્યુધામ સમાં હતાં. મિશનના ચોગાનમા પશ્ચિમના બાળકોની ઘણી કબરો હતી. પાદરીઓને માઠું લગાડયા સિવાય આ તેમને કેવી રીતે સમજાવી શકુ ! તેમનાં ઘર ગરમી વગરનાં ઠંડાં, માટી-લીંપણના, હવા ઉજાસ વગરનાં ને જીવજંતુથી ભરેલાં ગંદાં હોય છે. આવાં ઘરમા થોડાક વખત પર જ એક છ મહિનાનું અમેરિકન બાળક મરડાથી મરી ગયુ હતું પણ આ બધું મારા ચીના મિત્રોને કેવી રીતે કહી શકુ ! મેં એમનો આભાર માન્યો, નમસ્કાર કર્યા ને કહ્યું, 'હું મારા પતિની રાહ અહીં જોઈશ ને મિશનની

દેખરેખ રાખીશ'

રાતના ભયથી ધ્રૂજતી હું પથારીમા સૂતી એટલામાં જોનીએ ટાઢથી ઠૂઠવાઈને રડવા માડયું. તેને મેં મારી પથારીમાં લીધો ને જાગતી પડી રહી

પવન જોરથી ફૂંકાતો હતો ને બારીબારણાં ખખડાવતો હતા. મેં પ્રાર્થના કરી કે, જોની એના પિતાને જોવા જીવતા રહે. સવારના હું વહેલી ઊઠી રસોડામાં ગઈ ને છોકરાંઓ માટે ગરમ પાણી તૈયાર કર્યું. હમેશની ટેવ મુજબ રસોડામાં ટાગેલા કેલેન્ડરનું પાનુ ફાડયુ ને તારીખ નીચેનુ લખાણ વાંચ્યું–

'જ્યારે મને ભય લાગે ત્યારે તારા પર ભરોસો રાખીશ.'

મને બીક તો લાગતી જ હતી. મેં ઈશ્વર પર ભરોસો રાખ્યો ઈશ્વર સિવાય મારે કોઈ આધાર ન હતો પણ કેલેન્ડરમાંના વાક્યથી મને હિંમત આવી ને આખો દિવસ પસાર કર્યો.

શહેર જલદી ખાલી થઈ જતું હતું. બીજા કેટલાક મિત્રો મને તેમની સાથે તેડી જવા આવ્યા. પણ મને કેલેન્ડરનું વાક્ય યાદ આવ્યું :

'હુ તારા પર ભરોસો રાખીશ.'

બીજે દિવસે સવારના શહેર લગભગ વસતિ વગરનું થઈ ગયુ. પગી ભયથી ધ્રૂજતા મારી પાસે આવ્યો ને કહ્યું : 'મારે પણ હવે જવુ પડશે. તમે પણ મારી સાથે પાસેના ગામડામા ચાલો.'

'શુ કરુ ! હું જાઉં ! ચોકિયાત વગર હું શું કરીશ ? વસતિવિહોણા ગામમા ચોરલુંટારા દોડી આવશે. પણ ગામડાનાં ઘરોમાં મારા બાળકોનો જીવ જોખમમા પડે એની મને દહેશત હતી. મેં ચોકિયાતને ના કહી તેથી તણે ઘણી જ દિલગીરીથી મારી રજા લીધી

સવારે કેલેન્ડરનું પાનું ફાડવું ભૂલી ગઈ હતી. તેથી બપોરના તે ફાડયુ ને વાંચ્યું—'જેઓ તને ઓળખે છે, તેઓ તારા ઉપર ભરોસો રાખે છે, કારણ કે હે પ્રભુ ! આવા માણસોને તેં કોઈ દિવસ ત્યજી દીધાં નથી.'

બપોરના ભોજન વખતે આવા ભયંકર દિવસોમાં આવી હિંમત આપવા માટે પ્રાર્થના કરી ઈશ્વરનો આભાર માન્યો.

હવે ખાવાનું કયાંથી લઈ આવું તેની ચિંતા થઈ. શહેરની તમામ દુકાનો બંધ હતી. આજુબાજુના ગામડામાથી ખાદ્યસામગ્રી કે બીજો માલ આવતો બંધ થયો હતો. બાળકોના દૂધ માટે મારી પાસે બકરીઓ હતી. પણ દોહનાર ગામ છોડી ચાલ્યો ગયો હતો. આવતી કાલે મારે બકરીઓને દોહવી પડશે. મને દોહતા આવડતું નથી. તે રાતના હુ સૂતી, પણ ઊંઘ ન આવી. બાળકોના દૂધ માટે મને ફિકર થઈ. શું કરવું તે સૂઝતું નહોતું પણ એટલુ તો નક્કી જ કર્યું કે ઈશ્વર પર ભરોસો રાખી અહીં જ રહેવુ. જરાક ઊંઘ આવી ત્યાં તો દૂરથી બંધૂકો ફૂટવાના અવાજ સાંભળી હું જાગી ઊઠી.

બકરીઓની પાસે જતાં પહેલા મેં ચોખાની રાબડી બનાવી પીધી. ગઈ કાલની તારીખનું પાનુ ફાડયું ને વાચ્યું, —'હું તારુ અને તારાં બાળકોનુ ભરણપોષણ કરીશ.'

પ્રસંગને અનુસરતાં કેલેન્ડરનાં લખાણો વાચતાં ઘણી નવાઈ લાગી. જિજ્ઞાસાથી મેં કેલેન્ડરનું પૂઠું ફેરવ્યું. કેલેન્ડર ઇંગ્લંડમા છપાયુ હતું અને તે પણ એક વર્ષ પહેલા. પણ સર્વજ્ઞ પ્રભુએ જ જાણે આ વર્ષે ચીનમા આ પ્રસંગે, મારે માટે જ બાઈબલનાં લખાણો ગોઠવ્યા હોય એમ મને લાગ્યું.

હુ હજી રાબડી પીતી હતી. ત્યાં તો એક સ્ત્રી રસોડામા આવી. તેના હાથમા ગરમ દૂધની માટલી હતી. તેણે પૂછયું, 'હુ અહીં રહું અને તમને મદદ કરું ? જુઓ, તમારી બકરીઓ મેં દોહી છે.'

શ્રીમતી લી વર્ષોથી અમારા પાડોશી હતાં. પણ તે સવારે તો મે તમના તરફ જોયા જ કર્યું. જાણે સ્વર્ગમાથી હમણા જ દેવદૂત આવીને ઊભા ન હોય ! તેમણે કહ્યુ : 'મારા કોઈ કુટુંબીજનો જીવતા નથી. મિશને મારા પર કરેલા ઉપકારનો બદલો વાળવા આવી છું.'

બપોર પછી બારણા પર કોઈએ જોરથી ટકોરા માર્યા. અમારાં હૈયાં ધડકવા લાગ્યા. હિંમતવાન

શ્રીમતી લી બારણું ઉઘાડવા ગયાં અને ખુશ થતાં ટકોરા મારનારને અંદર લઈ આવતાં આનંદથી બોલ્યા. 'ઈંડાં અને બ્રેડ...!'

કાળો ઝભ્ભો પહેરેલી એક સુકલકડી ગામડિયણ આવી અને 'સુખી રહો–સુખી રહો,' બોલી ઈંડા અને બ્રેડ એમને આપ્યા. તોપના ધડાકા વચ્ચે પણ તેને મિશન યાદ આવ્યું. તેથી ભૂખ્યા મિશન-વાસીઓ માટે તે ખાવાનું લાવી હતી.

કેલેન્ડરમાંના લખાણ મુજબ અમને ભરણ-પોષણ મળ્યુ. ત રાત્રે મારું હૃદય ખૂબ જ આશા-પૂર્ણ થયુ તોપના ધડાકા સંભળાતા હતા તે વખતે મે પ્રાર્થના કરી : 'પ્રભુ, આ શહેરનું અને આ લોકોનુ રક્ષણ કરો.'

બીજે દિવસે વહેલી સવારે હું દોડતી રસોડામાં ગઈ. અને તારીખનું પાનુ ફાડયુ અને વાચ્યું —

'જ્યારે હુ પ્રાર્થના કરીશ ત્યારે મારા દુશ્મનો પાછા ફરશે એની મને ખાત્રી છે; કારણ કે, ઈશ્વર મારો છે.'

પણ આ તો માની જ ન શકાય એવું બન્યું. કેલેન્ડર પરના છાપેલા બાઈબલના અવતરણો સાચ, જ પડે એમ માની ન શકાય, કારણ કે આ છાપ-નારા માટીના માનવી હતા. સર્વજ્ઞ ન હતા. તેમણે તો તેમને પસંદ પડતા જ અવતરણો છાપ્યાં હતા.

તોપના ધડાકા પાસે આવતા સંભળાયા ત્યારે મેં અને શ્રીમતી લીએ દુશ્મનના હુમલા માટે તૈયા-રી કરવા માંડી. રાતના શહેરની બન્ને બાજુએથી તોપના ધડાકા સંભળાયા. અમે પહેરેલે કપડે જ પથારીમાં પડયા, જેથી જાપાની હુમલાખોરોને તરત જ મળી શકીએ.

સવારના પહોરમાં હું વહેલી ઊઠી અને શેરીમાં આવતા જાપાની લશ્કરનો અવાજ સાભળવા માટે એકધ્યાન થઈ પણ બધે જ શાન્તિ હતી. નહિ લશ્કરના પગલાનો અવાજ કે નહિ બંદૂકનો અવાજ કે નહિ તોપના ધડાકા સંભળાયા. સંભળાયો ફક્ત પારણામાં સૂતેલા જોનીનો રડવાનો અવાજ.

ગભરાટથી અને ધડકતા હૃદયે મે શ્રીમતી લીને ઉઠાડી અમે બન્ને એક એક બાળકને તેડી દરવાજે ગયાં. શ્રીમતી લી આગળ થયા ને ઘણી જ સાવ-ચેતીથી દરવાજા બહાર ડોકું કાઢયું ને બોલ્યાં: 'રસ્તામાં કોઈ નથી, આપણે બહાર નીકળીશું ?'

અમે દરવાજા બહાર રસ્તા પર આવ્યાં ત્યારે માણસો દેખાવા લાગ્યાં. જાપાની લશ્કરના માણસો ન હતા. પણ શહેર છોડી ગયેલા લોકો પાછા ફરતા હતા. શું ચીનાઓ જીત્યા ?

જાણે અમારા પ્રશ્નના ઉત્તરમા પેલા સેનાપતિ અમને સામા મળયા. અમને જોઈને ઘણા ખુશી થયા. અમને અભિનંદન આપ્યા અને કહ્યુ. 'મને તમારી ફિકર થયા કરતી હતી' પછી જણાવ્યું: 'જાપા-નીઓ હાર્યા નથી, પણ પાછા ફર્યા છે. દુશ્મનો કેમ પાછા ફર્યા તે સમજાતું નથી. પણ અહીંથી તો ગયા છે'

હુ પાછી રસોડામાં ગઈ. ભીંત પર ટાંગેલા કેલેન્ડર પર નજર કરી. જો કે આ તો ફક્ત કેલેન્ડર જ હતું. દૂર દેશના માણસોએ કેલેન્ડરની તારીખ-ના પાનાં ગોઠવ્યા હતા. પાનાઓ પર બાઈબલનાં અવતરણો છાપ્યાં તે સમયે ચીનનો તેમને ખ્યાલ પણ ન હતો. તેમજ ભવિષ્યમા ચીન પર જાપાન હુમલો કરશે તેનો તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય. પણ મારે માટે તો એ કેલેન્ડરનુ મહત્ત્વ વધારે છે એ કેલેન્ડર મારફતે જ ઈશ્વરે સહાનુભૂતિના સંદેશા મોકલી મને હિંમત આપી અને શ્રદ્ધા રાખ-વાનું કહ્યું 卐



એ કોનો પ્રતાપ ?

માગશર મહિનાની એક સાંજે પોરબંદર શહેરના ગરીબ વસ્તીના મહોલ્લામા એક નાનકડી ડેલી પાસે એક ઘોડેસવાર આવીને ઊભો રહ્યો ને ડેલીના બારણાંની સાંકળ ખખડાવી.

થોડી વારે પચીસ વર્ષના એક યુવકે બારણા ખોલ્યા ને લાગલો જ બોલી ઊઠ્યો 'પધારો, પધારો, ગોર મહારાજ. આજ તો ઘણા દિવસે દર્શન દીધા'


સારસ્વત ગોર ભવાનીશંકર તે યુવક તરફ એકીટશે જોઈ રહ્યા બે વર્ષ ઉપર આવેલા ત્યારે આ યુવક ધનવાનોના લત્તામાં રહેતો હતો. તેનું શરીર હૃષ્ટપુષ્ટ અને ચહેરા ઉપર ગર્ભશ્રીમંતની શાલીનતાનું તેજ ઝળકતું હતું. આજે એમાનું કશુંય નહોતું. ચહેરો સાવ નિસ્તેજ, આંખો ચિંતાથી ઊંડી ઊતરી ગયેલી, દેહલતા સુકાઈને સુકલકડી બની ગઈ હતી ગોર મહારાજ પ્રથમ તો ઓળખી જ ન શક્યા. પણ ધારી ધારીને જોયા પછી ઓળખી શક્યા

'અરે, હું તો તારા જૂના ઘેર ગયો હતો એ રાજમહેલ જેવું ઘર છોડી અહીં શા માટે રહેવા આવ્યો તું ? ત્યાં પૂછપરછ કરતા કોઈએ આ તારુ ઠેકાણું આપ્યુ ને હું અહીં આવ્યો. કેમ, બધાય કુશળ છો ને ? બા, બાપુ ક્યાં છે ? તું આવો સુકાઈ કેમ ગયો ! કાંઈ માંદો થયો હતો કે શું ? આ તારી દાઢી આટલી બધી કેમ વધી ગઈ છે ? તારા ચહેરા ઉપર તેજ કેમ દેખાતું નથી ?' ગોર મહારાજે તો પ્રશ્નોની એકસામટી ઝડી જ વરસાવી દીધી.

'બધુ કહું છું ગોર બાપા, ઘરમા પધારો ને જરા નિરાંત કરીને બેસો.'

ગોર મહારાજ ફળિયામાંથી ઘરમા આવ્યા. બે વર્ષ પહેલાં જોયેલી રિદ્ધિ – સિદ્ધિ – સમૃદ્ધિ કાંઈ જોવામાં ન આવ્યુ. ઘરમા કોઈ માણસ હોય એવુ પણ ન લાગ્યુ કેશવજીએ આસન બિછાવી દીધુ . ગોર મહારાજ બેઠા ને પાસે રાખેલ પાણીના લોટામાથી થોડુ પાણી પીધુ

'આ શું ? ઘરમા કેમ કોઈ દેખાતું નથી ? બા–બાપુજી ક્યા છે ? મારા વહુ– મા ક્યા છે ? ઘર આમ કેમ સાવ ઉજ્જડ જેવું, શ્રીહીન દેખાય છે ?'



ટોપણ દયાળજી ઘેલાણી

કેશવજી પોરબંદરના પ્રખ્યાત વહાણવટી શેઠ લાલજી ઠક્કરનો પુત્ર હતો ખાનદાન કુટુંબ પેઢી-દર પેઢીથી વહાણવટીનો ધંધો બસરાથી ખજૂર, કોચીનથી શ્રીફળ, સીંદરી, કારવારથી ઇમારતી લાકડું વગેરેનો ધીકતો વેપાર હતો શરાફીનો ધંધો પણ સારો ચાલતો હતો પેઢીની ખ્યાતિ ચોતરફ સારી થયેલી ને ધંધાની જમાવટ પણ સારી હતી એકાએક ભાગ્યે પલટો લીધો લાલજી શેઠ ને તેમના પત્ની ટૂંકી બીમારીમા એક-પછી-એક થોડા વખતમા દેવલોક પામ્યા વેપારમા ભારે ખોટ આવી પડી કેશવજીની પત્ની પણ દેવલોક પામી. વેપારધંધો પડી ભાગ્યો કેશવજી માથે આભ તૂટી પડ્યુ ઘરના ઘર વેચાઈ ગયા કેશવજી શેરીનો ભિખારી બની ગયો બીજા કોઈ સગા નહોતા તેના પિતાના એક જૂના મિત્રને દયા આવતા મહામુશ્કેલીએ આ ગરીબ વસતિમા નાનુસરખુ ઘર તેને રહેવા માટે ભાડેથી મેળવી આપ્યું.

વખત પલટાતા બધુ ય પલટાઈ ગયુ જે લોકો કેશવ-

જીને દિવસમા છ વાર સલામ કરવા આવતા તેઓ હવે એ સામે મળે તો મોઢુ મરડી બીજી તરફ જોઈ ચાલ્યા જતા છેવટે એણે મજૂરી કરવા માડી કોઈ કોઈ શેઠ–શાહુકારને ત્યા જઈ ખાટલાના વાણ ભરી દેતો ને સાજ સુધીમા ચાર–આઠ આના જે મળે તેમાથી મહામુસીબતે પોતાનુ ગુજરાન ચલાવવા લાગ્યો. ખાટલા દીઠ એને ચાર આના મજૂરી મળતી

કેશવજીએ ચૂલો સળગાવી, શાક વઘારી, રોટલો ટીપી, ગોર મહારાજને જમવા બેસાડયા આજ પોતે ગોરની સરખી આગતા–સ્વાગતા કરી શકતો નથી એવુ મનમા લાગી આવતા તેની આખોમા ઝળઝળિયા ભરાઈ આવ્યા.

ગોર જમવા માડતા કેશવજીએ પોતાની બધી વીતક ટૂકમા કહી દીધી તે વખતે અવરજવરના સાધનો આજના જેવા નહોતા ગોર મહારાજ રાવલ ગામમા રહેતા અને ઘોડે ચડી, ગામતરુ કરી, યજમાનવટુ કરતા. ચાર પૈસાની દક્ષિણા માટે દસ ગાઉ દૂર જવુ હોય તો જતા. કેશવજીના એ કપાળ–ગોર થાય

તેઓ બોલ્યા : 'બેલા, હજુ તો તુ જવાન છો બીજી વાર લગ્ન કરી ઘરસસાર માડ પ્રભુ બધી વાતે સારુ કરશે '

' મને હવે કોણ કન્યા આપે ગોર બાપા ? વખત હતો ત્યારે એક ઉપર બીજી આપવા દીકરીવાળાઓ પડા-પડી કરતા હતા હવે કોઈ મારી સામુ ય જોતા નથી આ દુનિયા નાણાની સગી છે બાપા રોજની રોજ મજૂરી કરી લાવી બે વખત હાથે રોટલા ટીપી ખાઈ, દિવસો ગુજારુ છુ, પ્રભુએ જે દિવસો આપ્યા તે રાજી થઈને માથે ચડા-વવા બીજું શુ ''

ગોરને મનમાં ખૂબ લાગી આવ્યુ ઊભા થઈ એમણે જવાનનો જમણો હાથ પકડી લીધો. જમણી હથેળી પોતાની આખો સમક્ષ ધરી, એમા અકાયેલી તેજસ્વી ભાગ્યરેખા વાચી લઈ મક્કમતાપૂર્વક તેમણે કહ્યુ કે : ' હુ બીજી વાર તારે ઘેર આવીશ ત્યારે મારા વહુમાના હાથના ઘડેલા રોટલા ખાઈને જ જઈશ આ મારી પ્રતિજ્ઞા છે જોજે તુ મારુ બ્રહ્મ–તેજ !''

કેશવજીએ ઘણુ ય સમજાવ્યા કે ' મહારાજ, હવે આમ જ રહેવા દો ' પણ ગોર એકના બે ન થયા.

બાજુના ગામડામાથી હમણા જ એક યજમાન લોહાણાને ઘેર થઈને આવેલા તે યજમાનને ત્યા સોળ વર્ષની એક કુવારી કન્યા હતી. યજમાને કહેલુ કે, 'મહારાજ, આના માટે કોઈ લાયક મુરતિયો હોય તો ધ્યાનમા રાખજો '

ગોરને આ વાત યાદ આવી. જમી– પરવારી, થોડી વિશ્રાતિ લઈ, ગોર તો પાછા પેલે ગામડે ગયા ત્યા જઈ પેલા દીકરીના બાપ યજમાનને કહ્યુ કે, ' પોરબદરમા મારો એક યજમાન છે. પચીસ વર્ષનો જવાન છે વહાણવટી છે બીજવર છે. આગલી પત્નીથી કોઈ સતાન નથી (વહાણવટાનો અર્થ દરિયામા ચલાવનાર વહાણોનો માલિક એવો થાય. પણ આ તો ખાટલાના વાણ ભરનાર મજૂર હતો. ગોરે સમજી–વિચારીને દ્વિ–અર્થી બાપા વાપરી) ગોરે ઉમેર્યુ . 'ખાનદાન ઘર છે. હમણા જ ઘરભંગ થયો છે હાલત હાલ જરા નબળી છે ખરી પણ એ તો ભાગ્યુ તોય ભરૂચ. જૂનુ ખાનદાન–શીલવત ઘર છે. તારી દીકરી સુખી થશે. મુરતિયાને નજીકનુ કોઈ સગુ નથી દાગીના–કપડા લગન વખતે જ સાથે લાવશે.'

પચાસ વર્ષ પહેલાનો જમાનો યજમાનો ગોરની વાણીને ઈશ્વરની વાણી સમજતા પેલા યજમાને તે જ વખતે સવારૂપિયો તથા કકુનો સાથિયો પૂરીને શ્રીફળ આપ્યુ : 'મહારાજ, તમારા વચને આ કન્યા દીધી અમારે દાગીના–કપડાને શુ કરવા છે દીકરી એને ઘેર જઈને ભલે પહેરે જાઓ, ચાદલો કરાવી લાવો ને તુરતમા જ લગ્નનો દિવસ નક્કી કરો '

માગશર વદી પાચમનો દિવસ લગ્ન માટે નિર્ધારવામા આવ્યો, ને ગોરે પોરબદર જઈ, કેશવજી પાસે શ્રીફળ તથા સવારૂપિયો હાજર કર્યા.

કેશવજી તો બિચારો હેબતાઈ જ ગયો . ' મહારાજ, મારી પાસે વાલની વીટી લેવા જેટલુ ધન નથી રોજનુ રોજ કમાઈ રોજનુ રોજ ખાઉ છુ, હુ કપડા-દાગીના કયાથી કરુ ? તમે મને મુશ્કેલીમા મૂકી દીધો '

' એ બધુ મારા પર છોડી દે તુ તારા બેચાર મિત્રોને લઈને તૈયાર થઈ જા, બસ '

એ ચાર મિત્રો સાથે વરરાજા રોઝીવાડા ગામ ચાલ્યા.

ગોરે વરરાજા કેશવજીને કહી રાખેલ કે ત્યા પહોચ્યા પછી તને પોખતી વખતે દાગીના અને કપડા છાબમા

મૂકવાનુ કહે ત્યારે તારે મને બોલાવવો ને દાગીના-કપડા કાઢી આપવા કહેવુ હુ એ પ્રસ ગ સ ભાળી લઈશ.'

ગોર બાપાએ તો બજારમા જઈ એક નવી ટ્ર ક ખરીદી, તેમાં પથ્થરો ભર્યા ને ખાસ્સુ મજાનુ નવુ તાળુ લગાવી દીધુ.

વરરાજા જાન અને ગોર બાપા સાથે રોઝીવાડા મુકામે પહોચ્યા સામૈયા થયા ને વર તોરણે આવતા કન્યાપક્ષના ગોરે વરરાજાને ચાદલો કરી, છાબ આગળ ધરી, તેમા કપડા-દાગીના મૂકવા જણાવ્યુ.

વરરાજાએ તરત જ પોતાના ગોરબાપાને હવાલો સોપ્યો. ગોર આગળ આવ્યા ને ગજવા ફ ફોળતા ફ ફોળતા બરાડી ઊઠયા : 'કયા ગયો સા ... અરજણિયો ગાડાવાળો ! એ હૈયાફૂટાને ટોકી ટોકીને કહેલ કે ટ્ર કની ચાવી મને આપી દેજે કયા ગયો એ ? કયા મુવો ?'

ગાડાવાળો આગળ આવ્યો ને કહ્યુ . 'ગોરબાપા, ચાવી તો ઘેર ભુલાઈ ગઈ છે.'

ગોરબાપા અરજણિયાને ગાળો ભાડતા બરાડવા લાગ્યા . 'હવે અહી લગનટાણે સારે મુહૂર્તે શુ હુ તાળુ તોડુ ને અપશુકન કરુ ?' એમ કહી બીજાઓની સહાનુભૂતિ મેળવવા ચોતરફ આખો ફેરવી જોવા લાગ્યા

હા-હોકારો સાભળતા કન્યાના પિતા ઘરમાથી બહાર આવ્યા બધી વિગત સાભળી બોલી ઊઠયા . 'અપશુકન ન કરશો ગોર બાપા, અમારે એ લૂગડા-દાગીનાને શુ કરવા છે એ તો દીકરીના જ છે ને ! અમે તો તમારા ગોર બાપાના વચને, સૂરજની સાખે, ક કુને ચાદલે ને તુલસીને પાદડે સાચે જ કન્યા આપી છે તાળુ તોડવાની કાઈ જરૂર નથી અપશુકન કરવાની જરૂર નથી. ચાલો, હસ્તમેળાપ અને લગ્નનું કામ પતાવો '

લગ્ન નિર્વિઘ્ને પતી ગયા.

જાન વળાવી કન્યાપક્ષ ઘેર પાછો ફર્યો વર-વહુ પોરબ દર પહોચ્યા સાથે ગોરબાપા ભવાનીશ કર તો હતા જ ઘરમા આવી વર-વહુ પાસે કુળદેવીની પૂજા કરાવી. પછી વહુને એકાતમા લઈ જઈ ગોરબાપા એના પગમા પડયા ને ગળગળે સાદે બોલ્યા . 'મા, તને પગે લાગવા જોગ હુ નથી, છતા લાગુ છુ માડી ! મે તારો ભયકર અપરાધ કર્યો છે મે તને જાણી જોઈને ગરીબીમા હડસેલી દીધી છે વરરાજાનો આમા કાઈ વાક નથી એ ખાનદાન જરૂર છે, પણ હાલ એની દશા માઠી બેઠી છે પણ મે એની ભાવિરેખા બરાબર ઉકેલી છે તારી પ્રેરણાથી એ ફરી પાછો ગયો વખત પાછો લાવશે તુ મારી દીકરી છો. ખાનદાન કુટુ બની છો હવે તારી ને મારી લાજ તારા હાથમા છે.... જીવનના મારા સત્કૃત્યોનુ ફળ હુ તને આપુ છુ. દીકરી, તુ સાસરા-માવતર બ ને કુળની લાજ રાખજે. બધુ ય હવે તારા હાથમા છે મારા સાચા દિલના આશીર્વાદ છે, કે તુ સુખી થઈશ. તારે પનોતે પગલે આ ઘરની દશા ફરશે ને તારે ઘેર રિદ્ધ-સિદ્ધ આવીને હાજર થશે. ધીરજ રાખજે. તને જાણીબૂજીને ખાડામા નાખી છે હવે મારી લાજ તારા હાથમા છે હુ તારા બાપને કોઈ રીતે મોઢુ દેખાડી શકુ તેમ નથી. તુ હમણા કોઈને કહેતી નહી.'

કન્યા ઘરમા નજર ફેરવતા બધુય સમજી ગઈ, તે સમજુ ને ધૈર્યશીલ હતી ખાનદાન માબાપની દીકરી ! તરત જ માબાપ ઉપર એક નાની ચબરખી લખી, ગોર બાપના હાથમા સોપી કહ્યુ કે, 'તમે જ આ મારા મા-બાપને પહોચાડજો.'

ચબરખીમા માતાપિતાને ઉદ્દેશીને લખ્યુ હતુ : 'મારી કોઈ વાતે ફિકરચિ તા કરશો નહી હુ ખૂબ મજામા છુ તમારા જમાઈ એકલા છે,એટલે ખાધેપીધે મુઝાઈ રહે તેથી તમે હાલમા મને સતાણુ વાળવા આવશો નહી એમના ધ ધાની આ મોસમ છે મારી ફિકર ન કરશો હોળી પછી હુ તમને લખુ ત્યારે જ તેડવા આવજો હુ તમને ન લખુ ત્યા સુધી મને તેડવા આવતા નહી તમારા જમાઈનો સ્વભાવ ખૂબ જ ભલો છે. મારી ચિ તા ના કરતા.'

મા-બાપનું મન રાજી થયું ગોરબાપાને પગે લાગ્યા 'બાપજી, આ બધી તમારી કૃપા અમારી દીકરી ઠેકાણે પડી.'

આ તરફ કેશવજી બિચારો મહા વિમાસણમા મુકાઈ ગયો ખાટલાના વા'ણ ભરી સાજના ચાર-આઠ આના મળે તેમા પૂરુ કેમ કરવુ ?

બીજે દિવસે નાતીલા કોઈ એક શેઠ-શાહુકારને ત્યા વા'ણ ભરવા ગયો કેશવજી ફરીવાર પરણ્યો હતો એ વાત શેઠે સાભળી હતી મશ્કરીમા કેશવજીને પૂછ્યુ 'એલા, આ

વંશનું અભિમાન

ઇંગ્લેન્ડના રાજાનો પ્રિન્સ ચાર્લ્સ, સેનાપતિ જયોર્જથી હાર પામી, સ્કોટલેન્ડની પર્વતમાળામાં પ્રવેશી, છુપાયો હતો. જયોર્જે એના માથા માટે ચાર લાખનુ ઇનામ જાહેર કર્યું.

તની શોધ આટે પર્વતમાળા વટાવતાં એક કપ્તાને સાક્ષીથી ચાલ્યા આવતાં એક બાળકને પૂછયું : 'તે ચાર્લ્સને જતાં જોયા છે ?'

બાળકે કહ્યુ : 'જોયા છે. પણ હુ બતાવીશ નહીં.'

કપ્તાને તલવાર ખેંચી કહ્યું : 'તો મૃત્યુને ભેટવા તૈયાર થા.'

બાળકે કહ્યું : હું પણ ક્રુસનવંશનો બાળક છું. સંકટમા સપડાયેલાને શત્રુના હાથમાં સોપવા કરતા મૃત્યુને પ્યારુ ગણીશ.'

બાળકની વીરતા અને દ્રઢતા નિહાળી કપ્તાન ઘણો પ્રભાવિત થયો. તેણે તલવાર મ્યાન કરી, એક ચાંદીનો ક્રોસ ભેટ આપ્યો. આ ક્રોસને તના વંશજો આજે પણ જાળવી રહ્યા છે.

—ધૈર્યચન્દ્ર ર. બુદ્ધ

ચાર–આઠ આનાની રોજીમા બે માણસનું પૂરૂ ક્યાથી કરીશ ? પરણી તો લાવ્યો પારકાની દીકરી, પણ એનું પેટ ભરવાનુ શુ ?'

'પ્રભુ મોટા છે શેઠ, એ બધાયને ભૂખ્યા ઉઠાડે છે કોઈને ભૂખ્યા સુવાડતો નથી એનુ નામ જ વિશ્વભર છે. એ મને જરૂર સહાય કરશે.'

શેઠના મનમા પ્રભુ વસ્યા. શેઠને દયા આવી 'જો કેશુ, તારા બાપ સાથે મારે ખૂબ સારી દોસ્તી હતી મે બસરાથી ખજૂરનુ વહાણ મારા હિસાબે મંગાવ્યુ છે ત્રણ–ચાર દિવસ પહેલા એ વહાણ આવી જવુ જોઈતુ હતુ પણ ઇરાની અખાતમા કાંઈ તોફાન છે તેથી હજુ કાંઠે પહોચ્યુ નથી તારે નસીબે એ વહાણને પ્રભુ જો હેમ-ખેમ કાંઠે પહોચાડે તો હુ તને એ વહાણના માલના વેપારના નફામાથી ચાર આના ભાગ આપીશ, જા.'

ખરેખર, કેશવજીનું ભાગ્ય ફરવાનું હતુ, વહુના પનોતાં પગલા કે ગોરમહારાજનો આશીર્વાદ કે એ બધુય ભેગુ પણ વહાણ બીજે દિવસે સવારે પોરબંદરને કાંઠે હેમખેમ લાગર્યું. ખજૂરના ભાવો અછતને અગે ખૂબ ચડી ગયા હતા. શેઠને સારો એવો નફો થયો ને શેઠે પોતાનું વચન અક્ષરેઅક્ષર પાળ્યુ ને કેશવજીના ભાગના નફાના રૂા ૧૨૦૦) રોકડા ગણી આપ્યા. ને કહ્યુ કે, 'તારુ નસીબ સારુ ખરુ ! ચાર દિવસ વહેલુ વહાણ આવ્યુ હોત તો આટલો નફો ન મળત, મને દોઢા ભાવ મળ્યા ને તને ૧૨૦૦) આપવા છતાય મને આખા વહાણનો નફો હમેશ મળતો તેના કરતા વધુ મળ્યો છે. તારા ભાગના ભગવાને આપી દીધા છે. તારુ નસીબ સારુ લાગે છે.'

પછી તો બીજા ચાર વહાણોમા શેઠે કેશવજીનો ચાર ચાર આના નફો રાખ્યો તેમા પણ સારો નફો થયો ને કેશવજીના હાથમા પાચસાત હજારની મૂડી આવી પડી.

પછી તો એણે પોતાની શરાફીની પેઢી પાછી ખોલી દીધી ને નસીબ સારા હતા તેથી એક–બે વરસમા પાછો 'તરતો' બની ગયો. પોતાનુ વેચાઈ ગયેલુ જૂનુ ઘર પાછુ વેચાતુ લઈ લીધુ ને પ્રભુકૃપાથી સુખી થયો

હવે વહુએ માબાપને પત્ર લખ્યો 'એક રસોઈયો રાખી લીધો છે બધુ સમજાવી દીધુ છે ઘરમા બધુ ય થાળે પડ્યુ છે 'એમની' તબિયત પણ સારી છે માને કહે છે કે થોડા દિવસ માવતરે આંટો દઈ આવ. હમણા મોસમ ઠંડી છે પછી મોસમ ખૂલતા ત્યા આવવાનો મોકો નહી મળે. માટે મને તેડવા આવજો'

ગોરબાપાને બોલાવી, આગ્રહથી પાચ–સાત દિવસ ઘેર રાખ્યા ને ગોરબાપાને પગે લાગી બન્ને કહેવા લાગ્યા, 'ગોરબાપા, આ તમારા બ્રહ્મતેજનો પ્રતાપ !'

'ના, મારી મા, એ તારા સતીત્વના–તારા પુન્યના પ્રતાપ, માડી ! અખંડ સૌભાગ્યવતી થાજે મા ! મારા તને અતરના આશીર્વાદ છે. રામ, લક્ષ્મણ, યુધિષ્ઠિરની માતા થજે તે મારી લાજ રાખી છે'

મા–બાપ આવ્યા જમાઈનો વેપાર, ધંધાની સાખ ને ઘરની જાહોજલાલી તથા કન્યાનું સુખ જોઈ એમની આંખોમા હર્ષના આસુ આવ્યા ને ગોરબાપાને પગે લાગ્યા. ★

આદર્શ આચાર્ય

યાકુબ પટેલ

વિદ્યાપીઠના ભોજનાલયમાં રીંગણાનું શાક રંધાયું. વિદ્યાર્થીઓના મોટા ભાગને આ શાક ભાવતું નહિ. કચવાતે મને ' ડાઈનિંગ હોલ 'ના ટેબલ પર વિદ્યાર્થીઓ જમવા બેઠા. રીંગણાનું શાક, દાળ તથા રોટલી એ સાદું ભોજન તેમને અપાતું. વિદ્યાપીઠ પણ સાદાઈ અને કરકસરમાં જ ચાલતી. ફંડફાળા ઉઘરાવીને માંડ પૂરું થતું.

નહિ ભાવતું શાક આજે જમણમાં હતું. તેથી વિદ્યાર્થી આલમે ગણગણાટ શરૂ કર્યો. બબડતાં બબડતાં દાળ અને રોટલી ખાવા લાગ્યા. નહિ ખાધેલ રીંગણાના શાકની પ્લેટો આખી ને આખી રસોડામા પાછી કેમ કરી મોકલી શકાય ? ટેબલ પાસે કચરો નાખવાનુ પાત્ર હતું. તેમા વિદ્યાર્થીઓએ રીંગણાના શાકને ઠાલવી દીધુ. આવું અનેક વાર બની ગયું !

એક દિવસ આ વાત આચાર્યને કાને પડી. આચાર્યને દુઃખ થયું. વિદ્વાન આચાર્ય ગાધીજીના મિત્ર હતા. તેમણે તે જ દિવસે રીંગણાનું શાક રંધાવ્યું ! વિદ્યાપીઠનો નિયમ હતો કે જે જમણ વિદ્યાર્થીઓ માટે હોય તે જ વિદ્યાપીઠના અન્ય સર્વ માટે !

જમવાનો વખત થયો. વળી વિદ્યાર્થીઓએ ગણગણાટ શરૂ કર્યો. કચવાત મને વિદ્યાર્થીઓ જમવા બેઠા. થોડી વારે ખબર આવી કે આચાર્ય આજે વિદ્યાર્થીઓ સાથે જમવાના છે.

આચાર્યે વિદ્યાર્થીઓ સાથે બેઠક લીધી. રસોઈયાએ ભોજન પીરસ્યું. કચરો નાખવાનું પાત્ર જ આચાર્યે ઉઠાવીને ટેબલ પર મૂકયું અને રોટલી તોડીને એ પાત્રમાંથી જેમ વિદ્યાર્થીઓએ હાલ જ રીંગણાનું શાક રેડેલુ એ લઈ ખાવા લાગ્યા.

વિદ્યાર્થીઓ સ્તબ્ધ બની ગયા. બધા ઊભા થઈ ગયા. પાત્ર ખેંચતાં ખેંચતાં વીનવવા લાગ્યા 'નહિ, સાહેબ. અમે તમને આ નહિ ખાવા દઈએ.' છતાય આનાકાની કરતાં કરતાં આચાર્યે પોણી રોટલી પૂરી કરી ! આખરે વિદ્યાર્થીઓએ કચરાપાત્ર ખેંચી જ લીધું.

આંખોમાં ઝળઝળિયાં સહિત આચાર્ય બોલ્યા: ' આ દેશમા કેટલાક લોકો એવા છે, જેઓને અન્ન માંડ માંડ મળે છે.'

ગળે ડૂમો ભરાઈ આવ્યો હોવાથી તેઓ થોડી વાર થોભ્યા, પછી બોલ્યા, 'પણ અસંખ્ય માનવો આ ભૂમિ પર એવા પણ છે, જેઓને અન્ન તો શું પણ આવું એંઠું ય ખાવા મળતું નથી. તો એ અસંખ્યોમા મને એક નસીબદાર સમજી લો કે મને એંઠું ખાવાનું તો મળે છે !'

પ્રત્યક્ષ જ્ઞાનની સચોટ અસર થઈ. વિદ્યાર્થીઓએ માફી માગી અને ત્યારપછી એ અણગમતું શાક તેઓનું માનીતું ભોજન બની ગયું. વિદ્યાપીઠમા જ નહિ, પરંતુ આખા જીવનકાળ દરમ્યાન, જ્યારે જ્યારે મારા પોતાના જીવનમાં કયારેય કોઈ પણ અણગમતું ખાણું આવે છે ત્યારે મને આચાર્ય યાદ આવે છે, અને એ ખાણુ ભાવતું ભોજન બની જાય છે !

માનવતાનો પ્રત્યક્ષ પાઠ આપનાર એ ભલા આચાર્ય હતા ભારતના સદ્દગત રાષ્ટ્રપતિ ડો. ઝાકીરહુસેન, અને એ વિદ્યાપીઠ તે ' જામિયા મીલિયા–વિદ્યાપીઠ. '

આ પ્રસંગનુ સમર્થન કરતા જનાબ હસન નિઝામી પોતાના ઉર્દૂ માસિક 'મુનાદી'મા જણાવે છે, કે એ શાક ઢોળી નાખનારા વિદ્યાર્થીઓમાનો હું પણ એક હતો. અને જ્યારે જ્યારે હજુ પણ કોઈ અણગમતી વાનગી મારી સમક્ષ આવે છે ત્યારે ઝાકીરસાહેબ યાદ આવે છે અને મારી તે અણગમતી વાનગી પ્રિય બની જાય છે.



મોચીવાડાની મુલાકાત

અરવિંદ ન. શાસ્ત્રી

મહાન વિક્રમાદિત્યનો પ્રતાપ ચોદિશ ગાજી રહ્યો હતો દેશવિદેશ તમની જ હાક વાગતી હતી. વૈભવ-સમૃદ્ધિની છોળો ઊછળતી પ્રજા વિક્રમાદિત્યના પ્રતાપને પૂજતી તેમને મન એ દેવ હતા

આ બધી સમૃદ્ધિ–વૈભવ અને યશની પ્રાપ્તિ થતા વિક્રમાદિત્યના મનમા અહંકારે છિદ્ર પાડયું. ચોમેરથી જ જ્યાં પ્રશંસા થતી હોય ત્યા માનવીમા અહંકારના બીજ રોપાય જ. વિક્રમાદિત્ય પણ માનવી જ હતા. તેમના હ્રદયમા અહંકાર જાગ્યો. 'હું પ્રજાપાલક છુ. પ્રજાનો સુખપાલ છું. રાજા રામના જેવો જ. રામે અયોધ્યાની પ્રજા માટે જે કર્યું તેવું જ બલ્કે જરા વધુ મેં મારી તમામ પ્રજા માટે કર્યું છે. હુ શુ 'બીજા રામ'ના માન માટે યોગ્ય નથી ?'

'યોગ્ય જ છો.' વિક્રમાદિત્યના મને હુંકારો પૂર્યો

સમ્રાટે હુકમ કર્યો. 'રાજા રામ સમાન મને ગણો'

ડાહ્યા રાજપુરુષો સમ્રાટના આ અભિમાનને પારખી ગયા. બુદ્ધિમાન પ્રધાને પણ સમ્રાટના અહંકારને ઓળખ્યો પણ તેઓ મૌન રહ્યા. સમ્રાટને યોગ્ય દાખલો બતાવી તેમના મદનું મર્દન કરવાનુ તેમણે નક્કી કર્યું

એક દિવસે વિક્રમાદિત્ય પંડિતોની સભા ભરી બેઠા હતા. અનેક પ્રશ્નો ચર્ચાયા. અચાનક જ સમ્રાટે પૂછ્યુ 'રામ પ્રજાપાલક હતા. તેમણે લોકકલ્યાણ માટે જ રાજ્ય કર્યું હતું. આ રામની કોઈ એવી વાર્તા છે, કે જે મેં ક્યાય ન સાંભળી હોય ? એ નવીન હોય અને એમા રામનો પ્રજાવત્સલભાવ પણ હોય ?'

પ્રધાનો – પંડિતો મૌન રહ્યા. તેમણે સમજી લીધું કે સમ્રાટના હ્રદયમાં છુપાયેલા ગર્વનો જ આ પ્રશ્ન છે

એક ખૂણામાંથી કંઈક સળવળાટ થયો. એક પંડિતરાજ ઊઠ્યા 'મહારાજ ! રામ રાજાની નવી વાત તો અમે કોઈ જાણતા નથી પણ સાભળ્યું છે, કે કોશલા ગામમા એક વૃદ્ધ બ્રાહ્મણ રહે છે. એની પાસે રાજા રામની કેટલીક નવી વાતોનો સંગ્રહ છે.'



એવી વાત હોય તો એ વૃદ્ધ બ્રાહ્મણને અહી માનથી બોલાવી મંગાવો.' સમ્રાટે આજ્ઞા કરી

કોશલાથી એ બ્રાહ્મણને માન–મરતબાથી લાવવામા આવ્યો. સમ્રાટે એ બ્રહ્મદેવતાનુ પૂજન–અર્ચન કર્યું અને પછી પૂછ્યુ. 'મહારાજ! રાજા રામ સંબંધી કોઈ વાત આપના સાભળવામા આવી હોય તો તે કહો વાત એવી જોઈએ કે જે અમે ક્યાંય પણ ન સાંભળી હોય. નવી જ હોય'

બ્રાહ્મણે સમ્રાટને આશીર્વાદ આપી કહ્યુ: 'આપની જિજ્ઞાસા જરૂર તૃપ્ત થશે. પણ એક પ્રાર્થના છે. આ માટે આપે કોશલા પધારવુ પડશે'

'મને હરકત નથી' સમ્રાટે તત્કાળ મરજી બતાવી.

વૃદ્ધ બ્રાહ્મણ અને સમ્રાટ કોશલા જવા ઊપડ્યા. લાવલશ્કર પણ સાથે લીધું મોટા રાજવીને

શોભે એવો દમામ અને વૈભવ પણ હતો.

કોશલા નજીક સમ્રાટે એક સુંદર સ્થળે પોતાનો મુકામ કર્યો છાવણીઓ નખાઈ ગઈ. સૈન્ય સાથે સમ્રાટે અહીં આરામ કર્યો.

સવારે પ્રાતઃકર્મથી નિવૃત્ત થઈ સમ્રાટે બ્રાહ્મણને બોલાવી મંગાવ્યો. બ્રાહ્મણ તૈયાર જ હતો. આવતાની સાથે જ સમ્રાટે તેને કહ્યુ · 'મહારાજ! રામચંદ્રજીની કોઈ અદ્ભુત વાત કહો. '

બ્રાહ્મણે સમ્રાટને પોતાની સાથે આવવા કહ્યું. બન્ને થોડેક દૂર ગયા. એક સ્થળ આવતા જ બ્રાહ્મણ અટકી ગયો. સમ્રાટને કહ્યું · 'આ વૃક્ષ જોયું ? એની નીચે ખોદકામ કરો. '

સમ્રાટે પોતાની પાસેના શસ્ત્રથી ભૂમિને ખોદવા માડી. ઠીકઠીક રીતે એ ખોદાઈ એટલે શસ્ત્ર કોઈ નક્કર ચીજ સાથે અથડાયું. 'ખડીંગ' દેતો અવાજ થયો. સમ્રાટ નીચે વળ્યા. વધુ નમીને અંદર હાથ નાખ્યો સુવર્ણનો મોટો કળશ નીકળી આવ્યો.

સમ્રાટના આશ્ચર્યનો પાર ન રહ્યો. બ્રાહ્મણે ઈશારો કર્યો 'હજુ વધુ ખોદો. '

અને પુનઃ ખોદકામ ચાલુ થયું. સમ્રાટ અટકી ગયા અંદર કોઈ ચીજ તેમને જણાઈ ભૂમિ પર બેસીને હાથ નાખી તમણે તે ચીજને ખેંચી કાઢી. એ પાલખી જેવી હતી.

એ પાલખી દ્વારવાળી હતી. સમ્રાટે તેના ઉપરથી ધૂળ-ઢેફા કાઢી નાખ્યા. દ્વાર ઉઘાડયા તો અંદરથી ઝગઝગાટ કરતું સુવર્ણ અને રત્નોથી મઢેલુ, હીરામોતીયુક્ત એક પગરખું નીકળ્યું. એ સુંદર કારીગરીયુક્ત રત્નજડિત મોજડી જ હતી.

સમ્રાટ તો આવી અલૌકિક મોજડી જોઈ વિસ્મય પામી ગયા. તેમના મને નક્કી કર્યું કે આ મોજડી સીતા માતાની જ હોવી જોઈએ અને એમ વિચારી તમણે એને પ્રણામ કરી, આખે અડકાડી અને પછી મસ્તક પર મૂકી.

બ્રાહ્મણે રાજાને કહ્યુ : 'મહારાજ! આ મોજડી કોની હોવાનુ આપ માનો છો ?'

'સીતાજીની જ. '

'ના, આ તો રામના સમયના એક મોચીની પત્નીની મોજડી છે અને એટલે જ આપના જેવા સમ્રાટે તેને મસ્તકે મૂકવી યોગ્ય નથી '

'રામ રાજાના સમયમા મોચણો પણ આવું પગરખું પહેરતી હતી!' રાજાએ નવાઈની સાથે કહ્યું: 'ઠીક, આ મોચણ અંગે કોઈ વાત છે ખરી ?'

'છે, અને એટલા માટે જ હું આપને અહીં લઈ આવ્યો છું. '

બ્રાહ્મણે કથા આરંભી : 'રામના સમયમા આ સ્થળ 'મોચીવાડા' તરીકે જાણીતું હતું. આ વૃક્ષ છે ત્યા એક શ્રમજીવી મોચી પોતાની પત્નીની સાથે રહેતો હતો. મોચી સમૃદ્ધ હતા. કોઈ સંતતિ નહોતી. બન્ને જુવાન હતા. પ્રેમથી રહેતા હતાં. સ્ત્રી રૂપમા સુંદરી જેવી હતી. મોચીની તે લાડીલી પ્રિયતમા હતી.


એક દિવસે વાતવાતમાં આ પત્નીને અભિમાન જાગી ગયું તેણે પતિને નહિ કહેવાના શબ્દો કહ્યા. પતિ ચૂપ રહ્યો પણ પત્નીમા છુપાઈ રહેલો અહમ્ હવે પૂરેપૂરો જાગ્રત થઈ ગયો હતો. તે પતિનુ વારેઘડીએ અપમાન કરવા લાગી

એક દિવસે પતિથી રોજ–બ–રોજનુ આ અપમાન સહન ન થયું તેણે ક્રોધે ભરાઈ સ્ત્રીને મારી અને ઘરબહાર હાકી કાઢી.

સ્ત્રી રડતીકકળતી ઘર બહાર નીકળી ગઈ. રાતનો વખત હતો. સ્ત્રીનો પગ એક શિલા સાથે અથડાયો. ઠોકર વાગી અને એમા એના પગેથી એક મોજડી નીકળીને ક્યાક પડી ગઈ. સ્ત્રી કોઈ અપમાનથી અકળાઈ ગયેલી. એટલે તેણે એની શોધની પરવા જ ન કરી બીજી મોજડીને તે પોતાની સાથે લઈ ગઈ.

રડતી-કકળતી એ પિતાને ત્યા પહોચી પિતાએ તેને આશ્વાસન આપ્યું સ્ત્રીએ પોતાના પતિના શબ્દો તથા મારનું વર્ણન રડતી આખોએ કર્યું.

પિતા ધીર, ગંભીર અને સમજુ હતો. બધી વાત સાભળી તેણે પુત્રીને ઉપદેશ આપ્યો · 'બેટી! સ્ત્રીનુ ઘર સાસરુ જ છે પિતાનું ઘર એ તેને માટે



થજો.....અને ના થજો

(રાગ . ધીરાના પદનો ઢાળ)

તમે નાની વાદળી થાજો રે, સમદર મોટો થાશો નહિ.
તમે ચંદનચોખા થાજો રે, બાવળનો કાંટો થાશો નહિ.
નિત્ય ભરી જાય નીર તમારા, કોઈને નહિ નકાર,
ભરે પાણીડાં તોય ન ખૂટે તળવાણીની ધા... ર;
તમે નાની વીરડી થાજો રે, ઊંડો કૂવો થાશો નહિ.
તપતા બળતા પશુ-પંખીડાં બેસે શીતળ છાં... ય,
મારગ કાંઠે આસન માંડી...ઊભી રહે સદા .. ય;
તમે નાની લીંબડી થાજો રે, તાડ મોટો થાશો નહિ.
કોઈની પાસે કાંઈ ન માગે....સદા કરે ઉપકા.. ર,
થાકયા પગના કાંટા કાઢે.. ધન્ય એનો અવતાર;
તમે નરેણી નાની થાજો રે, તીખી તરવાર થાશો નહિ.
દરદ ટળે ને દવા મળે....કા ભૂખ્યાને ભોજ....ન,
ભય મટે ને ભ્રાંતિ ભાંગે....શાંતિ પામે મ ...ન;
તમે નાની ચિઠ્ઠી થાજો રે, કોરટનો કાગળ થાશો નહિ.
નરનારીને નેહ ઘણેરો....બાળ રમે એ ચા....ર,
'કાગ' ખભામા ભર્યા ખજાના, આવ્યાને સત્કા ર;
તમે નાની ઝૂંપડી થાજો રે, બંગલા મોટા થાશો નહિ.

—કવિ દુલા 'કાગ'

ઘર નથી સ્ત્રી સાસરે જ શોભે માટે ત્યા જા'

પુત્રીએ કહ્યુ 'હું માનભંગ થયેલી છુ મને મારા પતિએ કાઢી મૂકી છે હવે હું ત્યા કેવી રીતે જાઉ ?'

'પતિના શબ્દોની સામે કુલીન સ્ત્રી જોતી જ નથી. તેની આજ્ઞા જ તઉઠાવ છે. તારો પતિ એ તારો દેવ છે. તની સાથે રિસાવાનું હોય નહિ'

પણ સ્ત્રી એકની બે ન જ થઈ. તેણે સ્પષ્ટ કહી દીધું. 'હું હવે મારા પતિના ઘરનો ઉંબરો પણ ચઢવાની નથી.'

પિતા લાચાર બની ગયો. હવે તેણે યુકિત-પ્રયુકિત યોજીને કહ્યું 'કદાચ રામચંદ્રજી અહીં આવે અને તેઓ તને આદેશ આપે તો તું જાય ખરી ?'

સ્ત્રી વિચારમા પડી ગઈ. રામજીબાપા અહીં આવે ખરા...?

થોડીક વાર પછી તે બોલી 'પિતાજી, રામજી સાથે સીતાજી અને લક્ષ્મણ પણ હોય છે ને ..?'

'હા, હા. તેઓ ત્રણે અહીં આવે અને તને આદેશ આપે તો તું તેમની વાત માને ખરી ?'

'શા માટે નહિ માનુ ? માનુ જ.' સ્ત્રીની આંખોમાં પ્રકાશ છવાઈ ગયો. પણ પછી નિરાશાથી બોલી : 'પરન્તુ આવી વાત મારે માટે બને તમ નથી.'

'તો તું સાસરે નહિ જાય ! રામચંદ્રજીનો આદેશ ઉથાપશે ?'

'ના, તેઓ આવશે તો જઈશ. નહિ તો નહિ જાઉ.' સ્ત્રીએ હવે હઠ પકડી.

'ઠીક.' પિતા નિરાશ થઈ ગયો.

બીજા દિવસે તણે પોતાના મોચીભાઈઓને બોલાવ્યા. પંચાયત મળી, સૌએ વિચાર્યું કે, 'આપણા આ ભાઈ માટે આપણે કંઈક કરવુ જોઈએ. પણ શુ કરવું ? રામચંદ્રજીને અહી મોચીવાડામાં કેવી રીતે લાવવા ?'

મોચીઓની પંચાયત મળ્યાના સમાચાર અયોધ્યામા શ્રી રામચંદ્રજીના દરબારમા પહોચ્યા. શ્રી રામજીએ સર્વ વાત જાણી તેમણે નક્કી કર્યું કે લોકો મને પ્રજાપાલક કહે છે હુ પ્રજાવત્સલ તરીકે ઓળખાઉ છુ. મારુ કર્તવ્ય છે કે મારે મોચીની એ પુત્રીની ઇચ્છાને મૂર્ત કરવી અને તેને સાસરે મોકલવી.

રામચંદ્રજીની સાથે સીતાજી અને લક્ષ્મણ પણ તૈયાર થયાં. ત્રણે ચાલ્યા મોચીવાડા તરફ મોચીઓએ સાક્ષાત્ રામચંદ્રજીને પોતાના મુકામે આવ

તાં જોયાં. તેમના વિસ્મયનો પાર ન રહ્યો. આનંદ અને ઉત્સાહથી તેઓ ઘેલાં બની ગયા.

મોચીઓએ પ્રાર્થના કરી : 'દેવ ! અમારા નિવાસસ્થાને પધારી આપે અમને પુણ્ય બક્ષ્યું છે. કહો, આપની શી આજ્ઞા છે ?'

રામચંદ્રજીએ કહ્યું : 'તમારા કુળની એક પુત્રી સાસરેથી ચાલી આવી છે. તેને સાસરે વિદાય કરવી છે. એટલે જ હું અહીં આવ્યો છું.'

મોચીઓ રામચંદ્રજીની આ વાણી સાંભળી ગદ્ગદિત બની ગયા. તેઓ તેમને પેલા મોચીને ઘેર લઈ ગયા. મોચીએ રામચંદ્રજીનું પૂજન કરી આરતી ઉતારી.

છોકરી રામચંદ્રજીને સીતાજી અને લક્ષ્મણની સાથે આવેલા જોઈ હર્ષથી ઘેલી બની ગઈ. તે હાથ જોડી બોલી. 'રામજી બાપા ! આપ કહેશો તે આજ્ઞા હું પાળીશ.'

'તને સાસરે જવાનો આદેશ આપવા જ હું અહીં આવ્યો છું.'

'આપની આજ્ઞા સ્વીકારું છું.'

અને સ્ત્રીએ રામ–સીતાને પ્રણામ કર્યા અને તે સાસરે વિદાય થઈ.

બ્રાહ્મણે કહ્યું : 'આ સ્ત્રીના બીજા પગની મોજડી એના પિતાના ઘરમાં છુપાવેલી છે. ચાલો, એની હવે તપાસ કરીએ.'

અને બંને ફરીથી થોડાક આગળ વધ્યા. એક સ્થળે તેઓ અટકી ગયા. બ્રાહ્મણે આ સ્થળને ખોદવાની રાજાને આજ્ઞા કરી.

મંત્રમુગ્ધ બનેલો રાજા એ સ્થળ ખોદવા લાગ્યો. થોડાક શ્રમ પછી તેણે ભૂગર્ભમા દટાયેલી બીજી મોજડી પણ શોધી કાઢી. એ સ્થળેથી સમ્રાટને પુષ્કળ દ્રવ્ય અને સુવર્ણ પણ મળ્યું.

બ્રાહ્મણે સમ્રાટને કહ્યું : 'રામચંદ્રજીની આ વાર્તા શું અદ્ભુત નથી ?'

'અદ્ભુત જ છે.' સમ્રાટે કહ્યું. અને પછી કહ્યું, 'બ્રહ્મદેવતા ! આપ આ વાત કેવી રીતે જાણો છો ?'

'પૂર્વજોની પરંપરાની વાતોથી, એક કુટુંબથી બીજા કુટુંબમાં, એક પેઢીથી બીજી પેઢી, આમ આ વાતો પ્રસરી અને મેં આપને એ કરી.'

સમ્રાટ મૌન બની ગયા. તેના આત્માને થયું કે હું પ્રજાપાલક ક્યા છું ? મારા લોકોની પુત્રી–વહુઓના સુખને માટે મેં શું કર્યું ? મેં લોકોના સંસારજીવનમા અમૃત આણ્યું છે ખરું ? પ્રજા સુખી અને સમૃદ્ધ ભલે રહી, વૈભવ – લક્ષ્મીમા એ ભલે રાચે. પણ જે સંસારજીવનથી કથળી ગયાં છે તેમના દુઃખને તો મારે પિછાનવું જ જોઈએ. આ કાર્ય મારાથી નથી થયુ તો પછી હું રામના જેવો કેવી રીતે કહેવાઉ ? પ્રજાપાલકનું બિરુદ પણ મને શોભે નહિ !

અને સમ્રાટનું અભિમાન છિન્નભિન્ન થઈ ગયું. સત્યબુદ્ધિનો ઉદય થયો. સમ્રાટ વિક્રમે રાજા રામના અનુચર બનવાનું જ પસંદ કર્યું. ◻

ઝેરનાં પારખાં

મુંબઈના વિકટોરિયા ગાર્ડનના સુપરિન્ટેન્ડેન્ટ શ્રી મહાલક્ષ્મીવાળા સાપનાં વિવિધ ઝેર વિષેના અભ્યાસી હતા. તેમણે એક વખત જાહેર સભામાં કહ્યું : 'સાપનું ઝેર લોહીમાં ભળે તો જ પ્રાણહાનિ થાય. બાકી હોજરીમા જવાથી તેની કશી અસર થતી નથી.'

શ્રી મહાલક્ષ્મીવાળાએ ચેલેન્જ કરીને કહ્યું : 'જેમને ખાતરી કરવી હોય તેમને માટે આ રહ્યું ઝેર. આવો, ચાખો અને ખાતરી કરો.'

પણ આ ઝેરનાં પારખાં કરનાર કોણ માઈનો પૂત નીકળે !

આ સભામાંથી એક યુવાન ઊભો થયો. શ્રી મહાલક્ષ્મીવાળા સામે આવી, સાપનું ઝેર ઉઠાવીને તેણે મોમાં મૂક્યું. યુવાનની નિર્ભયતા જોઈને સભા ચકિત થઈ ગઈ. આ ઝેરનાં પારખા કરનાર યુવાન હતો : ગુજરાતને સ્વર્ગનો ખજાનો આપનાર સર્જક અમૃતલાલ પઢિયાર.

દાર્યચન્દ્ર ર. બુદ્ધ

વૈરાગ્ય અને વાત્સલ્ય



ભાનુપ્રસાદ એમ. પંડ્યા

'ઉઘાડો ' . . . દરવાજો ઉઘાડો ' ' ગામથી દોઢ ગાઉ છેટે આવેલી ગતોડિયા હનુમાનની જગ્યાની તોતિંગ ડેલીની બહારની સાકળ ખખડાવતા કોઈએ હાકલ મારી

' ઉઘાડો ..ઉઘાડો....' મધરાતના સૂમસામ વાતાવરણમા વગડે પડઘા પાડ્યા અદરથી કશો ઉત્તર ન આવ્યો તમરાનો ત્રમઝટ તબૂર બજ્યા કર્યો અને દૂર શિયાળે લાળી કરી

' ડેલીની બારી ઉઘાડો .. બાપુ ઝટ કરો . ટાઢ હાડકા ચાટી જાય મે ' ' ફરીથી ડેલી બહાર ઊભેલા મધરાતના મુસાફરનો થોથરાતો અવાજ સભળાયો

' કોણ છે અટાણે મધરાતની વેળાએ દરવાજો ખટખટાવનાર ?' ડેલીની ભીતરથી તમરાના અવાજને ચીરતો બાવાજી સતોકદાસના ઘોઘરા ગળામાથી ઉતરડાતો સવાલ છૂટયો !

' મુસાફર છુ, બાપુ ' એક રાત દાદાની છાયામા સૂઈ રહેવા ઘો સવારે નીકળી જાવુ છે ' બહારથી થરથરતો આદમી આજીજી કરી રહ્યો

' ઉઘાડુ છુ, ઊભો રહે ભાઈ ' દાદાના દરવાજા દીન-દુખિયા માટે સદાય ખુલ્લા છે '' બાવાજી બોલ્યા અને થોડી વારમા અદરની પદર પદર શેરના વજનની લોખડી સાકળો ખૂલતા ખૂલતા ખખડી. બાપુએ મુસાફરને અદર લીધો અને ડેલી ફરીથી વાસી દીધી.

મુસાફરે હનુમાનની ફરફરતી ધજા સામે જોઈને હાથ જોડ્યા જગ્યામા પ્રવેશતા જ સામે નાનકડુ પણ સુદર રામજી મદિર હતું તેની સામે હાથ જોડીને મુસાફર ઓટલે બેઠો.

' ભાઈ, ઓસરીમા આવ્ય, આ ઓટે તો ટાઢ તારા દાતની ડાકલી વગડાવશે '' કહેતાં બાપુએ ફાનસ પેટાવ્યુ.

ગોખલામાથી બે કેળા ને જામફળ લાવીને પથિકની પાસે મૂકયા . 'લે આ દાદાનો પરસાદ ખા અને ત્યા ખૂણામા કતાનની ગાદી પડી છે. એક ઓઢવાનુ ગોદડુ ય પડ્યુ હશે એ નાગ જેવા મોડા–અસૂરા આવનાર સારુ રોજ ત્યા જ પડ્યા રહે છે... ' બાપુ આગળ બોલતા અટકી ગયા ફાનસ નજીક આવતા મુસાફરનો ચહેરો સ્પષ્ટ દેખાયો બાપુ ચમકી ગયા ઓળખાણના ઉઝરડા આ ચહેરા પરથી ઉકેલતાં એમને વાર ન લાગી : ' કોણ .. કોણ ..ભીકો ? ' મધરાની કાપડ ફાટે તેમ બાપુનો અવાજ ફાટયા નીરવ રાત્રિ કપી ઊઠી.

'બાપુ .. બાપુ....' કરતો આવનાર મુસાફર, સતોકદાસ બાપુના ચરણમા લાકડીની જેમ પડી ગયો બાવાજી પગમા પડેલા કદાવર મુસાફરની અડીખમ પજાદાર કાયાને જોઈ રહ્યા પોતાના લઠુ શરીર સાથે એ કેટલુ મળતુ આવતુ હતુ દીકરા ભીકાને તેઓ ઓળખ્યા વિના ન રહ્યા નાળિયેરના છોતરાની જેમ ઉતરડીને અળગો કરી નાખેલો પૂર્વાશ્રમ શુ હજીય જળોની જેમ વળગી પડ્યો હતો ?

'ઊકા... ઊકા, ઊભો થા આ ફળ ખાઈને પછી અહીથી અટારો જ પોબારા ગણ્ય તારા જેવા માટે આ પવિતર જગ્યામા આશરો નથી '

'બાપુ...બાપુ.. એક રાત્ય પૂરતો ..' ઉકાના સ્વરમા કપ હતો '

'તારા ગોરખધધાની વાતુ અલપઝલપ મારે કાને પડી છે, ઊકા મલકના ઉતાર આદમીનો ઓછાયો મારી જગ્યામા ન હોય.. હાલ્ય બેઠો થા....આ દાદાનો પરસાદ ખાઈ લ્યે અને રસ્તો માપ્ય ' બાપુના ઘાટામા હવે વધુ કર્કશતા પ્રવેશી હતી

'બાપુ... એ બધુ તો ક્યારનુ મેલી દીધુ જુગાર રમતો ચોરી કરતો દારૂ પીતો .. ઈ બધુ ય છાડ્યુ પાયમાલ થયો ! ઘેર ત્રણ છોકરા ને વહુનો રોટલો રળવા હવે તો દાડી કરુ છુ....તમે બાવા થઈને ભાગી ગ્યા પછી એક વાર મળવુ'તુ... આજ મારી એ ઇચ્છા પૂરી થઈ... બાપ થઈને એક રાત્ય પડ્યો નઈ રે'વા ઘો ? ' ઊકો ગોઠણભેર થઈ સત પિતાની પિડી પપાળવા લાગ્યો

'કોણ બાપ અને કોણ દીકરો ? ઊકા.. ઈ બધુ મે તો સાપની કાચળી જેમ ઉતરડી નાખ્યુ છે પણ— ઊકા . ઊકા .. તે મારા લોહીને લજવ્યુ સે મારા ભેખને લજવવા હવે શીદ અહી આવ્યો છે ? હાલ્ય, બેઠો થા અને નીકળ બહાર !' છેલ્લુ વેણ બોલતા બાપુએ સિહની ત્રાડ નાખી !

'બસ અર્ધી રાત્ય... બાપુ.. અર્ધી રાત્ય સવારે મળસ્કે તો જતો રઈશ ... વાછરુ ભાભરતુ આવે ને ગાય એને લાત મારશે ? હવે ફરીથી નઈ આવુ બાપુ !' ઉકાની આખ ભીની થઈ જટાધારી સતોકદાસના ભૂતકાળનુ એક દશ્ય એ આસુમા જાણે તબક્યુ. સૌથી મોટો ઊકો બહુ લાડકો હતો એની મા એને ક્યારેક હાથ અડાડતી તો એ રોઈ પડતો પોતે તેડીને એને છાનો રાખતા વહુને ઠપકો ય દેતા એ જ ઊકો રડી રહ્યો હતો !

'અહીથી તુ હવે ક્યા જવાનો ? ક્યાય હાથ મારવાનો મનસૂબો નથી કર્યો ને ? આ પથકને કોરુ રાખજે !' તે હળવેથી બોલ્યા

'બાપુ, તમે નહિ માનો એ તો ક્યારનુ છોડ્યુ ... એક રાત ગાળીને સીધો ઘેર જવાનો છુ—ગેડીદડ બસ . હવે સૂવા દેશો ?' ઊકો કતાન પર ઝૂક્યો.

'ઠીક,પડ્યો રહે ઓસરીમા !' કહી બાપુ તો મદિરની પાછળની પોતાની ગુફા જેવી ઓરડીમા જતા રહ્યા ઊકો પણ ઓસરીના ખૂણામા કાયમ પડ્યા રહેતા એ પાગરણને ખખેરીને સૂઈ ગયો.

બાપુ સતોકદાસ ઓરડીમા સૂતા તો ખરા, પણ ઊઘ આવી નહિ પડખા બદલ્યા કર્યા કોઈ અતીતનો અજપો ઊપડ્યો હતો બાપુની નજર આગળ વીતેલા દિવસોની વણઝાર ઝડપથી પસાર થઈ ગઈ

પોતે મૂળ તો ગેડીદડ ગામના ચુવાળિયા કોળી નામ વીરમજી દીકરો–દીકરી અને બે માણસ પોતે ચાર જીવનુ સુખી કુટુબ નદીના વાડામા ચીભડા વાવીને, એકાના ભાડા કરીને ગુજરાન ચલાવતા દીકરી સાસરે ગઈ પછી બે વરસે વહુ દેવ થઈ છોકરા ઊકાને પરણાવ્યો પણ એ કુસગે ચડી ગયો હતો ચોરી-જુગારની લતે ચડેલાને પાછો વાળવો મુશ્કેલ થઈ પડ્યો વીરમ પોતે પહેલેથી જ ભગત માણસ કટાળીને ઘર છોડ્યુ ખાખીબાવો થઈ આ સેકડો ગાઉ દૂર વગડાના હનુમાનની જગ્યામા આવીને રહ્યા નામ રાખ્યુ સતોકદાસ. મહત સતોકદાસ સસારને ઉમેટીને મહત થઈને 'સિયારામ' અને હનુમાનની ભક્તિમા લીન થયા પણ આજ ઊકાને રડતો જોઈ, એ સૂકે લાકડે મ્હોર બેઠો ! ઊકો એને કેટલો વહાલો હતો ! એ રૂપાળો પણ કેટલો હતો ! પોતાના ઊકા માટે તો એને કોઈ પરી જેવી વહુ લાવવી હતી ! . વૈરાગ્ય ઉપર વાત્સલ્ય વિજયી બનવા માડ્યુ !

બાપુ ઊઠ્યા ... અકળાયા મદિરમા મધરાત પછી એકાદ લટાર મારવાની એને આદત હતી મદિરના ફળિયાને ચારેય ખૂણે ફરીને ડેલીની સાકળ સુધી ચક્કર માર્યું. ઓસરીમા સૂતેલા ઊકા નજીક આવ્યા તે ખરેખર સૂતેલો લાગ્યો એના અગ પરથી ગોદડુ સરી ગયુ હતુ બાપુએ ઊકાના કપાળ પર વીખરાયેલા વાળને હથેળીથી સરખા કર્યા નાનપણમા પડી જતા કપાળમા જ વાગેલી કોદાળીનો ઊડો વા પાછલી રાતના ચદ્રપ્રકાશમા આછો આછો દેખાયો કેટલા વર્ષે લોહીનો તાતણો આ વેરાગીને ફરી પાછો સસારી બનાવી રહ્યો હતો ! એણે ઊકાના શરીર પર ફરીથી ગોદડુ ઓઢાડ્યુ ઊકો પડખુ ફરવા સળવળ્યો એટલે દબાતે પગલે પાછા ઓરડીમા સરી ગયા ! પછી બાવાજીને

ધસધસાટ ઊઘ આવી ગઈ !

સવારે દરરોજ કરતા બાપુ સતોકરામની ઊઘ મોડી ઊડી આજુબાજુની વાડીઓના એત્રણ વૃદ્ધ ખેડૂતોને સવાર-સાજની આરતીમા હાજર રહેવાનો અફર નિયમ હતો તેઓ ક્યારના આવી ગયા હતા. તેમા વળી આજ શનિવાર હતો એટલે 'રામ-સીતા-લખમણ' માટે ડોલરના ફૂલના ત્રણ હાર તથા 'હડમાનજી' માટે મોટા ફૂલવાળા આકડાનો લાબો હાર લઈને તેઓ ઊભા હતા તેમણે કરેલા ધ ટારવથી બાપુ ઝટપટ જાગ્યા જોયુ તો ઉકો ઓસરીમા નહોતો ! 'વહેલો ઊપડી ગયો હશે !' એવુ અનુમાન કરીને પ્રાત કર્મ પતાવી બાપુએ રામજી મ દિરના બારણા ખોલ્યા. ટેરો દૂર કર્યો દીવા પેટાવ્યા સામેના હનુમાન મ દિરમાય દીવો કરી સિ દૂર ચડાવ્યો

પછી જ્યા રામજી મ દિરના પગથિયા ચડે છે, ત્યા જ મ'દિરમા ઊભેલા કિસાનો બોલ્યા .

'બાપુ, આ શુ ? રામ, લખમણ અને સીતાના મુગટ ક્યા ? એના કુડળ ક્યા જતા રિયા ?'

'અરે, ઓલ્યા રૂપાના ઝુમ્મર પણ દેખાતા નથી !'

પ્રશ્નોનો એકસામટો ધોધ છૂટયો. પૂજામા મોડુ થયુ હોવાથી બહાવરા બનેલા બાપુનુ હજી તો ત્યા ધ્યાન જ નહોતુ ગયુ. સોનાના મુગટ, કુડળ અને ઉપરના નગદ રૂપાના ઝુમ્મરના શણગાર વગરની મૂર્તિઓ અડવી લાગતી હતી. બાપુ તો ધરતી સાથે જડાઈ ગયા ! જાણે તેમને ય કોઈ શિલ્પીએ કાળા આરસમાથી કોતરી ન કાઢ્યા હોય !

'બાપુ, મ દિરમા ચોરી થઈ છે !'

'કોઈ જાણભેદુએ હાથ માર્યો લાગે છે !'

'આજ તમે બાપુ, સૂઈ રહ્યા અને વહેલી સવારે કોઈએ લાગ જોઈને કામ પતાવ્યુ લાગે છે !'

ત્રણે વૃદ્ધ ખેડૂત ભકતો અટકળના ઊ દર દોડાવવા લાગ્યા !

બાપુ સતોકદાસના પગ નીચેની ધરતી ધ્રૂજતી લાગી ઊકાને આપેલો ગતવામો ભારે પડ્યો હતો ! રીઢા ચોરે પાછલી રાતના છેલ્લા પહોરનો લાભ ઉઠાવ્યો હતો ! બાપુ સૂતા રહ્યા અને એ મોનુરપુ સાફ કરીને નાસી ગયો !

'રામજીએ આ શુ કર્યુ ? હુ દસ વરસથી આ જગ્યા-આ રહુ છુ મનમા ન આવે એવુ બની ગયુ !' કહેતા બાપુ હાથ જોડીને ઊભા રહ્યા

ખેડૂતોમાથી એક ગામમા ગયો. સરપચ અને પસાયતાઓ જગ્યામા આવ્યા. પચની હાજરીમાં ચોરાયેલી વસ્તુઓની નોધ થઈ જરૂરી કાગળો થયા ગુનાની નોધ કરાવવા પસાયતો મારતે ઘોડે શહેરમા ગયો.

દસબાર વરસથી મ દિરમા રહેતા નિષ્ઠાવાન હનુમાન-ભક્ત સતોકદાસ બાપુ વિશે કોઈને શકા નહોતી આખા ગામને, વાડીને અને વગડાને પોતાનુ કુટુંબ માનીને બેઠેલો આ પાસઠ-સિત્તેર વરસનો બુઢ્ઢો બાવો આ કામમા સડોવાયો છે, એવુ ખુદ હનુમાનજી આવીને કહે તોય ગામ માને તેમ નહોતુ.

પણ સરપચે પૂછેલા કેટલાક સવાલમાનો એક આ હતો 'રાતના કોઈ મુસાફર તો મ દિરમા નહોતો ને ?'

સાચુ બોલવા નિષ્પાપ બાવાજીની જીભ સળવળી ઊઠી પણ ત્યા જ ઊકાની આખના ઝળઝળિયા બાપુને નજરે તર્યાં ...ત્રણ છોકરા છે....પાયમાલ થઈ ગયો....એ પડઘા સભળાતા બાપુએ જુદો જ ઉત્તર આપ્યો .

'અહી વગડામા શિયાળાની રાત્યે કોણ સૂવા આવે ? હમણા તો કોઈ ખાખી ય દેખાતો નથી !' સતોકદાસે સત્યને ઢાકવા મરણિયો પ્રયાસ કર્યો

'ઠીક...ઠીક.. એ તો પોલીસ આવશે અને બધાય સગડ મેળવશે...ચાલો આપણે..' કહેતા પચના માણસો વેરાયા. મ દિરને ઓટલે બે ચોકિયાત બેસાડ્યા બાપુની આરતી રઝળી ગઈ જેમ તેમ પહેરા હેઠળ આરતી પતાવી. એમની આખમા આજ ભક્તિના અમી ઊભરાયા નહિ. એમના કાળજામા કબૂતર ફફડતા હોય એવો અનુભવ થયો આ કોળી ભગતનુ ભોળુ-આળુ હૃદય આ પાપના ઢાકપિછોડાનો ભાર સહી શકતુ નહોતુ એમનુ આરતિયુ પણ કપતુ હતુ ભક્તિવૈરાગ્ય અને વાત્સલ્ય વચ્ચે એ ભીસાતા હતા.

'બાપુને આજ મઝા નથી !'

'અસુખ લાગે છે, નહિતર તો વહેલા ઊઠ્યા વગર ન જ રહે !'

'ઠીક, હાલો ત્યારે રામજીનો ચોર પકડાયા વિના શેનો રહેશે !'

આવી વાતો કરતા પેલા ખેડૂત ભકતો પણ વીખરાયા. બાપુ સતોકદાસ પણ પૂજાવિધિ પતાવી પોતાની

બેઠકની પાટ પર જઈ બેઠા 'રામચરિત માનસ'મા આખ પરોવી પણ આજ એનુ મન ક્યાય માળે બેસતુ નહોતુ ત્યાં સામે જ બેઠેલા ચોકિયાતોને લાગતુ હતુ કે બાપુ મ દિરની ચોરીથી ખૂબ ખિન્ન થયા લાગે છે પણ બાપુના હૃદયમા તો વલોણુ ઘૂમતુ હતુ પોતાના લોહીના વિસ્તારે જ કેવો દગો કર્યો હતો ! પ ડના છૈયાના પાપે તેમને વિહ્વળ કરી મૂક્યા હતા પોતે સૌની હાજરીમા સાચુ કહેતા પણ અચકાયા હતા 'સરપચે પૂછ્યુ ત્યારે આ હડમાનની હાજરીમા હુ ખોટુ બોલ્યો ? આ ધજાની છાયામા આવુ ભયકર જૂઠાણુ કરતા કાઈ વિચાર ન આવ્યો ? પોલીસ આવશે તેને ય હુ આવો જ જવાબ આપીશ ? તેઓ તપાસ કરશે. ઊકો ક્યાય નહિ જડે. ગામ નવા મુગટ, કુ ડળ ને ઝુમ્મર ચડાવશે . હુ અહી ફરીથી પાપને પેટમા ભ ડારીને 'બાપુ' બનીને આરતી ફેરવ્યા કરીશ ? સૌના દ ડવત્–નમસ્કાર ઝીલ્યા કરીશ ? ' બાપુ પોતાની જાતને સ બોધી રહ્યા હતા : 'સ તોકદાસ, તારા જિગરમા હજીય પેલો વીરમ કોળી કપાક બેઠો છે, ઊકાનો બાપ હજી ય જીવતો છે ! એને ખ ખેરી નાખ. મારી નાખ એ બાપને ! સાધુ થઈ જા....સ તોકદાસ .... ખરેખરો સાધુ થઈ જા તારા વૈરાગ્યમા હજી ઊણપ છે !'

'ઊકો ગરીબ છે ! તેના છોકરા ભૂખે મરે છે, તે તારે લીધે કે ઊકાના ગોરખધધાને કારણે ? તને જો હજીય પેટમા બળતું હોય તો સ સારમા જઈને તેને માટે રોટલો રળવા લાગી જા પણ દેવસ્થાનનો સાધુ થઇ ને દીકરાના ગુનાને ક્યા સુધી છુપાવીશ ?' એક ક્ષણમા તો સે કડો વિચારો કીડાની જેમ એના મનમા ઊભરાયા.

બપોરના બાર થવા આવ્યા હતા. બાપુ સ તોકદાસે છેલ્લા પાચ વર્ષથી અન્નાહાર છોડ્યો હતો ફળ ઉપર જ તેઓ રહેતા ગોખલામા કેળા, જામફળ અને ચીકુ પડ્યા હતા, પણ બાપુની ભૂખ મરી ગઈ હતી

કાગળની એક ચબરખી લઈ એમા બોડિયા વાકાચૂકા અક્ષર આલેખીને બાપુ ઊઠ્યા મ દિર પર હજુ ચોકિયાતોનો પહેરો હતો 'હુ જરા જ ગલ જઈ આવુ !' કહી બાપુ હાથમા લોટી લઈ ઊપડયા

બાપુ તો પછી ગયા તે ગયા બપોરના ત્રણેક વાગે પોલીસ આવી ત્યારે મ દિરમા બે પસાયતા હતા. બાપુ તો જ ગલ ગયા ત્યાથી પાછા આવ્યા નહિ ! પોલીસે તથા પચે ફરીથી મ દિર તપાસ્યુ બાપુ રહેતા હતા તે ઓરડી પણ જોઈ. મ દિરમા રાત્રે આવેલા કોઈ અજાણ્યા આદમીના પગેરુ પણ મળ્યા ! બાપુની બેઠકની પાટલી ઉપરથી ફોજદારને કાગળની ચબરખી મળી આવી એમા અણઘડ પર તુ સુવાચ્ય અક્ષર નીચે પ્રમાણે ઊકલતા હતા :

આ ચોર તમને ગેડીદડ ગામમાથી મળશે. એનું નામ ઊકા વીરમ કોળી મુગટ, કુ ડળ અને ઝુમર મારા પરભુને પેરાવજો. સહુને રામ રામ ભૂલચૂક માફ કરજો.

—બાપુ સ તોકદાસ

પોલીસે ઉપરના સરનામેથી ઊકાને શોધી કાઢ્યા એની પાસેથી બધો મુદ્દામાલ મળી ગયો બાપુ સ તોકદાસ વિશે ઊકાને પૂછવા છતા તેણે કાઈ માહિતી આપી નહિ ! પોતે એને ઓળખતો પણ નથી એમ કહી ઊકાએ સ ત પિતાના ભેખની લાજ રાખી ! ઊલટુ, એણે એમ કહ્યુ, કે 'એ તો મહ ત રહ્યા એટલે ત્રિકાળનુ જાણતા હોય !' બાપુ સ તોકદાસનું એ પ થકમા વિશેષ ગૌરવ થયુ મ દિરમા નવા બાવાજી પણ આવી ગયા છતા લોકોના મનમા બાપુ સ તોકદાસની છાપ એવી ને એવી જ અકિત રહી પેલા ત્રણ કિસાન વૃદ્ધોને એ ન સમજાયુ કે બાપુએ ચોરના સગડ તો આપ્યા, પણ પોતે કેમ જતા રહ્યા ? મ દિરને આવા ભગત ફરીથી નહિ મળે ! એમને એ ક્યાથી સમજાય કે વાત્સલ્યના ડ ખે બાપુને મ દિર છોડાવ્યુ હતુ !

પ્રવાસી

વહેલા પ્રભાતથી ચાલ્યો પ્રવાસી,
ચાલતાં ચાલતાં સાંજ પડી;
નથી લીધો વિસામો બપોરે જરી,
ઘડી-બે-ઘડીમાં જાશે રાત પડી.

પંચવટી

પંચતત્ત્વની પંચવટી આ,
અંતર આત્મરામ;
મન માયાના મૃગલે મોહ્યું,
હરી ન બેઠા ઠામ.

—દીર્ઘચંદ્ર ર. બુદ્ધ

દૃષ્ટિનું દૂરબીન

જી, હા, તમારી માન્યતા સાવ સાચી છે એ એક કાશ્મીરી હોડીવાળાનો જ ફોટો છે એ હોડીવાળો માત્ર હોડી જ હાંકતો નથી, પણ બેપાંચ ટુરીસ્ટોને પોતાના ઘરમાં 'પેઇંગ ગેસ્ટ' તરીકે રાખવાની સગવડ પણ ધરાવે છે કુદરતી જિંદગી ગાળતા એ માનવીની જેવી પડછંદ કાયા છે તેવી જ પ્રચંડ પ્રામાણિકતા એની કાયાના કરંડિયામાં ગૂંચળું વળીને પડી છે

મારા નોકરિયાત જીવનના એક યાત્રી સ્વચ્છભાઈને એનો ભેટો કાશ્મીરમાં થયેલો એનું નામ મહમદભાઈ પૈસા આપો એટલી જ વ્યવસ્થા કરવી એ વર્ગમાં ન માનનારો એ યજમાન હતો ટુરીસ્ટોને પૈસા પડાવવાનું સાધન માનનારામાં તેની ગણના થતી ન હતી

અમારા સ્વચ્છભાઈ ગુલમર્ગ ગયેલા સાથે આ ભોમિયો પણ હતો ગુલમર્ગ ઉપરથી નીચે આવ્યા પછી સ્વચ્છભાઈને ખ્યાલ આવ્યો કે એમનું કિંમતી દૂરબીન તો ઉપર જ રહી ગયું છે લાંબી વાટ કપાઈ ચૂકી હતી આરોહણ–અવરોહણનો શ્રમ પણ લાગ્યો હતો પણ કિંમતી દૂરબીન રહી ગયું તેની તપાસ કરવી એટલી જ જરૂરી હતી

શું કરવું–શું–ના કરવુંના વિચારે સ્વચ્છભાઈ ચક્કરમાં પડી ગયા મહમદે ઇરાદાપૂર્વક તો આ ભુલવાડી દીધું નહીં હોય ને ? કદાચ એકલો મહમદ તપાસ કરવા જાય અને ખાલી તપાસ કરી આવ્યાનો દેખાવ કરી દૂરબીન ગમે તો શું કરવું ? વિચારોમાં સદાય અમીર એવા સ્વચ્છભાઈની આસપાસ વિચારની કંગાલિયતે ભરડો લીધો વિચારની તંદ્રામાંથી બહાર આવીને સ્વચ્છભાઈએ આસપાસ જોયું તો મહમદ નજરે ન પડ્યો હા, મહમદના ઘોડાના દાબડાનો અવાજ વાતાવરણમાં ગુંજતો હતો ! 'નક્કી, મહમદ ભાગી ગયા'નો નબળો ખ્યાલ પણ નાતદુરસ્ત મન ઉપર સવાર બને એવું વાતાવરણ જામી ગયું.

પણ સ્વચ્છભાઈ કલ્પનાની ભોમકામાં યથેચ્છ વિહાર કરે તે પૂર્વે જ મહમદ દૂરબીન સાથે ચડી ગયેલા શ્વાસ સાથે પાછો આવ્યો લેશ પણ વિલંબ કર્યા વગર એણે એ દૂરબીન સ્વચ્છભાઈને આપ્યું અને પછી જ 'હાશ' કહી એ બેઠો.

એની આંખોમાંથી જાણે અવ્યક્ત એવી વાચા ફૂટી રહી હતી !



'રચો, રચો. ખ્યાલોની સૃષ્ટિ રચો વિજ્ઞાનની ઓથે વિકાસના વિરાટ તાજમહાલો રચો પણ પાયામાં વિશ્વાસનું વાવેતર કરવાનું ન ચૂકશો. દૂરની વસ્તુઓ જોવા માટે તમારા વિજ્ઞાને દૂરબીનો બનાવ્યા છે પણ માનવી માનવીને ઓળખે તેવું તમારું આગવું કહી શકાય તેવું દૂરબીન ક્યાં છે ? એ તો રચો નહિ તો વિશ્વાસની ઈંટ વગરની તમારી જીવન–ઇમારત તૂટશે તો તમારા અસ્તિત્વનો એકેય અંશ નહિ રહે '

નિર્વ્યાજ નિખાલસતા

'અને આ ફોટો છે એક મહારાષ્ટ્રીયન અમલદારનો. એમની વ્યવસ્થાના દોરમાં બધા વાદ ભર્યા હતા પગારવધારાની કોઈ વાત કરતું તો એ નોકરિયાત હોવા છતાં મૂડીવાદી બની જતા કામ-વહેંચણીની વાત આવતી તો તેઓ સમાજવાદી સમાજ રચવાના આગ્રહી બની જતા અરાજકતા અને અવ્યવસ્થા મજૂર–પ્રશ્નોના યુદ્ધે ચડતી તો તેઓ સરમુખત્યાર હોવાનું ભાન કરાવી શકતા આમ આ એક જ માનવી અનેક વાદના શંભુમેળા જેવો ઘણી વાર બની જતો

પત્રકારની પ્રતિભા

'શુ બળ્યુ છે એ છબીમા કે તમે વારવાર જોવા છતા થાકતા જ નથી ?'

વાચન અને લેખનમાથી નવરો પડું છુ ત્યારે મારી ટેવ મુજબ જેમાથી મને પ્રેરણા મળ્યા કરે છે એવા મહાપુરુષોની જીવનછબીને હુ જોયા જ કરુ છુ–મનમા વાગોળ્યા જ કરુ છુ મારી વાગોળવાની આ ટેવથી મારી પત્ની પૂર્ણ વાકેફ છે સહજ પ્રશ્નો પૂછવાની એને ટેવ છે.

રોજની જેમ આજે પણ મેં નોંધપોથીમા ટપકાવેલી 'અમૃત – બજાર પત્રિકા'વાળા બાબુ મોતીલાલ ઘોષની જીવનછબી નીરખવા માડી અને બાજુમા બેસી ખાખરા ચોડવતી પત્નીએ મને ઉપર પ્રમાણે પૂછી નાખ્યુ.

પ્રશ્ન ટૂકો છે પણ જવાબ ટૂકો નથી. અશમા અખિલાઈ ભરવાની શક્તિ હોય છે તેમ આ પ્રશ્નની ભીતરમાં મને પત્રકારિત્વની વિકાસશીલ યાત્રાનુ વર્ણન થઈ જાય છે અને ભૂતકાળના એ તદુરસ્ત પત્રકારિત્વના વિરાટ સ્વરૂપ પાસે આજના વામન પત્રકારિત્વનુ વિકૃત-બેડોળ અને બેજવાબદાર સ્વરૂપ દેખાય છે

સ્વપક્ષના પ્રબળ પ્રચાર માટે ગટરના પત્રકારિત્વનો આદર્શ પ્રગટ કરતા આજના વર્તમાનપત્રો આમ જનતાને શુ પીરસે છે ? રાજકારણની રગીન રમત જ તો રાજકારણની વિકૃતિએ પત્રકારિત્વની પવિત્રતાને અભડાવી દીધી છે સત્યનુ કરપીણ ખૂન કરતા પણ આજના તત્રીઓ અચકાતા નથી. પત્રકારિત્વની મા-જણી બેન જેવી તટસ્થતા પણ આજે ક્યા છે ? છાશવારે અગત સબધોની આળપપાળ કરનારા પત્રકારિત્વ પાછળ બેઠેલા પેલા 'બ્યાપારી જીવ' ને હુ જોઉં છુ ત્યારે મારુ મસ્તક મોતીલાલ ઘોષને નમી પડે છે.

સાચા પત્રકારિત્વની સાધના માટે એણે જાહેર જીવનની જ્યોતને બૂઝાવી જ દીધી હતી ગમે તેવા અંગત માણસનું દોષ–દર્શન પણ કદીક પત્રકારિત્વ જીવનના પથ ઉપર કરવુ પડે છે એટલે અગત સબધોની આળપપાળ તેઓ કદી કરતા ન હતા આત્મીયતાનો ઓળીપો પત્રકારિત્વની ઓસરીને ખરબચડી ન કરે તે માટે તેણે ત્યા નિર્લેપતાની ટાઈલ્સ પ્રથમથી જ પાથરી દીધી હતી.

આવા માનવી સાથે મારે કામ કરવાનો વારો આવ્યો ત્યારે સ્વતત્ર વ્યક્તિત્વ ઊભુ કરવામા માનતા મારા માટે પણ એક કોયડો ઊભો થયો સ્વમાન અને સ્વસ્થતા જાળવવા માટે મારે સભાન બનવુ પડ્યુ પણ તોય દલીલની તલવારો સ્વયભુ પ્રગટતી અને ચકમક ઝરી જતી આમ ત્યારે તેમનો ગુસ્સો માઝા મૂકી જતો સામે મારી બેફિકરાઈ પણ મેદાને પડતી

એમના આવા અક્કડ વલણના કારણે એમનુ બાહ્ય રૂપ આકર્ષક ન બન્યુ તેમનુ મનોગાઢય રૂપ પણ આવી વિકૃતિઓથી જ ભર્યુ હશેના ખ્યાલો મને આવવા લાગ્યા આવો માનવી સાહિત્યનો મહાન વાચક હોવા છતા જીવન–સમીક્ષાનો વાચક ન હોવાના કારણે મારો તેમના તરફનો અભાવો વધી ગયો પછી તો કામમા અને નોકરીમા મારુ મન ન લાગે તેવા પ્રયોગો થયા. 'પરચૂરણ રજા શા માટે વધારે લો છો ? થી માડીને 'કેટલી વાર પાણી પીવા જાવ છો'ના પ્રશ્નો વધ્યા સ્વતત્રતાનુ ખૂન કરવા મથતી એ વ્યવસ્થાની કટાર મને ન ગમી મારો રોષ અને કટાળો વધી ગયા

પણ આવા માનવીને જોવાની મારી દૃષ્ટિનુ દૂરબીન વ્યવસ્થિત ન હતુનો ખ્યાલ મને તેઓ ફેક્ટરીમાથી છૂટા થઈને ગયા ત્યારે જ આવ્યો તેઓ સ્થળ છોડીને જવાના હતા તે પૂર્વે જ મને બોલાવીને કહ્યુ. 'માફ કરજો, મે તમને દૂભવ્યા છે પણ તમને દૂભવવાની મારી વૃત્તિ પાછળ પણ તમારા વિકાસની શુભ કામના જ હતી તમારી ભાષાનુ પોત, મતનો તીવ્ર આગ્રહ અને મત પ્રગટ કરવાની તમારી છટા પત્રકારના જીવનના સભારણા બને તેવા છે એટલે મને થયુ કે આવો જીવ ફેક્ટરીના ચક્કરમા શુ કરવાને હેરાન થાય છે ! સીધી રીતે આ બારામા હુ તમને સલાહ આપુ તો કદાચ ન ગમે, એટલે તમને આ નોકરીમા અણગમો ઊભો થાય તેવી રીત મે ઊભી કરી હતી તમને મેમો આપવા પાછળ કે રૂબરૂ દબડાવવા પાછળ મારો હેતુ તમને બેકાર બનાવવાનો નહિ, પણ તમને તમારા લાયક ક્ષેત્રમા ધકેલવાનો હતો, જે પાર પડ્યો નથી પણ જાઉ છુ ત્યારે તમે તે ભવિષ્યમા પાર પાડશો તેવી મનોકામના સેવતો જાઉ છુ'



કદી કોઈ તેમને પૂછી નાખતું કે પ્રતિષ્ઠિત લોકોમાં તમારી અવરજવર કેમ ઓછી છે ? તો પ્રથમ તો તેઓ ચહેરાની કંકાવટીમાં મૌનનું કંકુ જ ઘોળી લેતા પણ પ્રશ્ન પૂછનાર તેમને નાજુક પરિસ્થિતિમાં મૂકી દેતો ત્યારે તેઓ કહેતા, 'ભાઈ, હું તો રહ્યો પત્રકાર. વ્યવસાયને ન્યાય આપવાના કારણે કોઈ પણ પ્રતિષ્ઠિત વ્યક્તિ માટે પણ સારું માઠું લખવાની કડવી જવાબદારી ગમે તે વખતે મારે શિરે આવી પડે એટલે જો મેં એવી વ્યક્તિઓ જોડે અંગત સંબંધોની સૃષ્ટિ રચી હોય તો તેઓ વિશે મારે જે સાચું કહેવું ઘટે તે કદાચ હું ન કહી શકું. આથી પત્રકારિત્વ ધર્મના પાલન માટે પણ અંગત સંબંધોની આળપંપાળ ઓછામાં ઓછી હોય તે જ મારા માટે ઇષ્ટ છે'

પાંચ લીટીના આ જવાબમાં પત્રકારિત્વના ગૌરવભર્યા જીવનનું જે સૌંદર્ય છે તે જ મારે મન આ છબીનું પ્રબળ પ્રસન્નતાનું કેન્દ્ર છે. 

આશ્વાસનનો અમરતંતુ

૧૯૬૭ની સાલમાં અમારામાંથી ઘણાના પગારમાં વધારો થયો ત્યારે તેમનું નામ તેમાં ન હતું છેલ્લાં પાંચ વર્ષથી તેઓ 'સ્ટોપ ગ્રેડ'માં હતા છતાં પૂર્ણ એકનિષ્ઠાથી કામ કર્યે જતા હતા એમના નિષ્કામભર્યા જીવને તેમની તરફ માનની નજરે જોતા માણસોનું વર્તુલ સર્જ્યું હતું.

એટલે જ્યારે પગારવધારામાં એમની ગણત્રી ન થઈ ત્યારે હું તેમની પાસે દોડી ગયો. જે બધાને આશ્વાસન આપતા હતા એને હું શું આશ્વાસન આપું ? છતાંય શબ્દસૃષ્ટિની મદદ વડે મેં મેનેજમેન્ટ સામેનો અણગમો વ્યક્ત કર્યો 'દુનિયામાં સાચા માણસની કદર નથી' એવું ઉચ્ચારણ પણ એક મિત્રે કર્યું ત્યારે તેમણે કહ્યું : 'ના, ભાઈ, ના એવું નથી. ઈશ્વરની મદદ માત્ર પૈસા દ્વારા જ મળે છે તેવું નથી બીજા સાધનો દ્વારા પણ ઘણી વાર આપણે ઈશ્વરી મદદ મેળવતા હોઈએ છીએ દૃષ્ટિનું દૂરબીન તમે એ સાધનો ઉપર ફેરવો એટલે ઈશ્વરની સૃષ્ટિ ઝાકમઝોળ થશે જુઓને મારી જ વાત કરું ૧૯૬૭ની સાલમાં મને પગારમાં જરાય વધારો નથી મળ્યો, પણ બીજું ઘણું મળ્યું છે. ગયા વર્ષે મારો એક છોકરો કોલેજમાં નપાસ થયો હતો આ વર્ષે શાળા – મહાશાળામાં ભણતા મારા બધા છોકરા પાસ થયા છે. ગયા વર્ષે મારા ઘરના બધા સભ્યોની તંદુરસ્તી બરાબર જળવાઈ ન હતી એટલે દવા પાછળ ઠીક કહી શકાય તેવી રકમ ખરચવી પડી હતી. પણ આ વરસે મારે એક પણ પૈસો દવા પાછળ ખરચવો પડ્યો નથી ગયા વરસે સતત પ્રયાસો છતાં મારી ભણેલી પુત્રીને નોકરી નો'તી મળી આ વરસે કેળવણીનો ખર્ચ કાઢતાં વધે તેટલી રકમની મદદ તેણે નોકરી મેળવી આપીને મને કરી છે. આમ આડકતરી રીતે પ્રભુની મદદ મળી છે તો સીધી રીતે પણ કાલે મળશે તેવી મારી શ્રદ્ધા છે. 

સમર્પણનો શિલ્પી

ડૉ. પટ્ટાભીસિતારામૈયા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારે પણ બીજા પાસેથી મેળવીને પુસ્તકો વાંચી લેતા પરીક્ષા વખતે કોઈ વિદ્યાર્થી પુસ્તક ન આપે, એટલે શરૂઆતના દિવસોમાં જ પુસ્તકો વાંચી નોંધ કરી લેતા આમ પરીક્ષા વખતે પુસ્તકોની ગેરહાજરી હોવા છતાં પ્રથમ કક્ષામાં જ પાસ થતા પુસ્તકોની સેવા લેવાની એમની પદ્ધતિની એક બીજી વિશિષ્ટતા હતી. જે વિદ્યાર્થીઓના પુસ્તકો વાચન માટે લેતા તેમને અભ્યાસમાં મદદરૂપ થતા. આ રીતે અન્યને મદદ કરવાની વૃત્તિ એમની પુસ્તકોની આપ-લે પદ્ધતિ સાથે સંકળાયેલી હતી.

એમની સ્વાર્થ રહિત સેવાનો એક પ્રસંગ ખાસ નોંધી લેવા જેવો છે વરસોની મહેનત અને જરૂરી સ્થળોના પ્રવાસ પછી તેમણે કોંગ્રેસનો ઇતિહાસ લખ્યો હતો. આ ગ્રંથના લેખન પાછળ ડૉ. પટ્ટાભીએ ઘણા ઉજાગરાઓ કર્યા હતા એટલે કોંગ્રેસ સંસ્થાએ તેમને તેમના લેખનના મહેનતાણા બદલ પૈસા લેવા જણાવ્યું. પણ તે વેળાએ તેમણે પૈસાની જરાય પરવા કર્યા વગર કોંગ્રેસ સંસ્થાને પત્ર લખી જણાવ્યું. 'એ ગ્રંથ તો હું તમને કોંગ્રેસ સંસ્થાને આપું છું એટલે એનો અર્થ એ થયો કે ભારતમાતાના ચરણકમળમાં મારી સેવાની અંજલિ છે અંજલિનું મૂલ્ય કદીય હોઈ ન શકે. પછી આવી સેવાના આદર્શ પાછળ હું નાણાની અપેક્ષા કેવી રીતે રાખી શકું ?'

આમ ડૉ. પટ્ટાભીએ ગ્રંથ લખવાના પૈસા તો ન લીધા, પણ જ્યારે એ ગ્રંથ પ્રગટ થયો ત્યારે એની ચાર નકલો નાણાં આપીને જ ખરીદી એ એમના ત્યાગનું ઉજ્જવળ પાસું છે. 

સાધુદત્ત

વસંત પટેલ

શ્રીકેદારજી દર્શન કરવા જવાવાળાને વિરાટપટ્ટી પછી જ ખરેખરું ચઢાણ ચઢવું પડે છે. ચારે બાજુ એકબીજાની ડોક દબાવી ડોકાતા-બરફાચ્છાદિત ધવલ પહાડો, સાંકડી કેડી, પાણીના અવરોધો સાથે ગજા ઉપરાંતનું ઓઢવા-પાથરવાનું ને ખોરાક-પાણી અલગ


છૂટા હાથે ચઢવા લોકો અહીંથી જ ખાસ વધારાના મજૂરોની ગોઠવણ કરે છે. આથી અહીં મજૂરી કરવાવાળા નેપાળીઓનું ગામ વસ્યું છે. બરફ પડવો શરૂ થાય ત્યારે તેઓ શાંતિથી બેસી રહે. તમાકુ-સૂકો પીએ, ખાય ને યાત્રાળુઓ શરૂ થતા જ બૈરાંછોકરાં સાથે મજૂરીએ નીકળી પડે. આમ બાર માસનો રોટલો કમાઈ લે.

આ ગામમાં એક તકતબહાદુર ઘણો સેતાન. થોડુંઘણું અંગ્રેજી ભણેલો. આવતા લોકોને પૂછપૂરછ કરી, મજૂરોની ગોઠવણ કરી આપે. વધારે લઈ ને ઓછાં નાણાંએ મજૂરો પાસે વેઠ કરાવે. વ્યાજવાં નાણા ફેરવે. નીચેથી સીધુસામાન લાવી વેચે. ગાંજો, ચરસ ને ભાંગ. તેની સાથે સંતરાંનો ને મહૂડીનો દારૂ તો હોય જ

ગામનાં તમામ માનવો તેનાથી દબાય. ગામ આખું તેને ત્યાં ગીરો હોય તેવો તેનો વર્તાવ. લોકો પણ શું કરે? કમાય તેના કરતાં વ્યસનમાં દોઢા નાણાં ખર્ચ થાય. વ્યાજે લઈ આવે. ત્રણ ગણાં પાછાં વાળવાનાં હોય. ક્યારે મુક્તિ મેળવી શકે?

અહીં થઈને એક બંગાળી સાધુ નીકળ્યા મોડું થઈ જતા રાતવાસો રોકાયા ને રાતના સાધુએ જે જોયું તેનાથી તેમનું હૃદય દ્રવી ગયું.

દારૂ પી પીને છાકટા બનેલા પુરુષો પશુની જેમ ફરી રહ્યા હતા. નાનાં બાળકો પણ દેવતા સળગાવી, કુંડાળું વળી, ગાંજાની ચલમો ઉપર ચલમો ચેતાવે જતાં હતાં. ઇજ્જતનાં માર્યાં કોઈકોઈક બારાં ઘર બંધ કરીને ભરાઈ ગયાં હતાં તોય ઘણા માનવો તેની આગળ બૂમો પાડી ને ગાળો બોલી રહ્યા હતા તો ઘણા બૈરાં જ ગલમાં પુરુષોની સાથે ભાગી રહ્યાં હતાં.



સાધુએ આંખો બંધ કરી. તેમનું હૃદય દ્રવીઊઠ્યું: 'આત્મકલ્યાણ તો સૌ કરે. એ તો સ્વાર્થમાર્ગ છે. પણ હું સાધુ છું, સમાજનું મારા માથે ઋણ છે. માનવોને સુજન ન બનાવું તો મારો ત્યાગ લાજે.'

સાધુએ તો ગામથી દૂર નદીકાંઠે ઝૂંપડી ઊભી કરી દીધી. રોજ સવારે પ્રભુનામ જપતા પ્રભાતફેરીએ નીકળવા માંડ્યા. જંગલમાંથી લાકડાં કાપી લાવી તેની ભારી નાંખીને ભિક્ષા લેવા માંડ્યા. સાંજના કથાકીર્તન કરે. તેમાં વ્યસનનો સેતાન માનવને કેવો દાનવ બનાવે છે તે સમજાવવા માંડ્યું. વ્યસન પાછળ વેડફતાં નાણાં તેઓ પોતાના જીવન માટે ખર્ચે તો જીવન કેવું ઉન્નત બને એ પણ સમજાવવા લાગ્યા. યાત્રાળુઓ આવે ત્યારે વ્યાજબી મજૂરી મળે તે માટે પ્રયત્ન શરૂ કર્યો.

સાધુની આ સેવાથી તકતસિંહ ચોંક્યો. હવે તેના પીઠામાં ઘરાકી ઘટવા માંડી હતી. ગાંજોચરસ ભેજના લીધે બગડી જતા હતા વ્યાજની કમાણી નહીં જેવી જ થઈ ગઈ હતી.

જાવું છે

અમૃત થઈને અંતરે ઘોળાઈ જાવું છે,
કાજળ થઈને આંખમાં રોળાઈ જાવું છે.
બીજ થઈને હૃદયમાં રોપાઈ જાવું છે,
ઐક્ય થઈને આત્મમાં ગોપાઈ જાવું છે.

કાં ?

સેવા પરમ ધર્મ છે તોય માને કાશ કાં?
પારસમણી છે હાથમાં તોય નાખે પાશ કાં?
પોતાની 'બુદ્ધ' છેતરે તો પરાયાની આશ કાં?
કામધેનુ આંગણે છે તોય માગે છાશ કાં?

—દીર્ઘચન્દ્ર બુદ્ધ

બે વર્ષ આમ ને આમ વીતી ગયાં. શિયાળો આવ્યો. તક્તસિંહના મનમાં સાધુને પૂરો કરવાના વિચાર ઘૂમી રહ્યા 'મારીને આવા બરફમાં દાટી દીધા પછી કોણ જોવા આવવાનુ છે?' નિર્ણય કરીને તે સાંજે જ ખાસ પોતાના એક નોકરને લઈ નીકળી પડ્યો.

'મારવો તો આ સાધુને રિબાવી રિબાવીને મારવો મરતા મરતાય તેને ખબર પડે કે તક્તસિંહની સામે પડવાના કેવા ફળ મળે છે?'

ધ્યાનમગ્ન સુકલકડી સાધુને તેણે લાત મારી. તેના સાથીદારે બહારથી બરફ લાવી સાધુના શરીર ઉપર લગાવી દીધો. તક્તસિંહે કપડા ઉતારી લીધા. સાધુ થરથર કંપી રહ્યા પણ ના બોલે કે ચાલે માત્ર હાથમાની માળા ફેરવે જાય. 'જીવતો દાટી દો' તકતસિંહે તેના સાથીદારોને જણાવ્યું સાધુનો પગ પકડી ઘસડી, બહાર કઢ્યા ડુંગરનો રાહ પકડી વેર લેવા બંને તલપી રહ્યા ત્યાં તો વરુઓની ચિચિયારી સંભળાઈ

હિમાલયના વરુ એટલે જંગલના વકરેલા વાઘ. ટોળામાં તૂટી પડે ત્યારે ખેદાનમેદાન કરી મૂકે 'તક્તસિંહ, ભાગો. આજે વરુઓ ઊતરી આવ્યા લાગે છે' સાધુને છોડી સાથીદાર ભાગી છૂટ્યો તક્તસિંહ પણ ભાગ્યો. સાધુએ લંગડાતા પગે ઊભા થઈ જોયું. વરુ નજીક આવી ગયા હતાં. સુકલકડી હતા તોય સંયમી સાધુ હતા. તેમનામાં કોણ જાણે ક્યાંયથી જોમ આવી ગયું તેઓ પણ દોડ્યા. દોડીને પેલા બંને કરતા ય આગળ નીકળી ગયા. તકતસિંહ અટ્ટોકટ્ટો હતો, છતાય તે હાફી ગયો. તેના પગ ધીરા થવા લાગ્યા. વરુઓ હમણાં પકડશે, હમણા પકડશે, તેમ તેને લાગી રહ્યું. દોડતા દોડતા એ તો મોતનો સાક્ષાત્કાર કરી રહ્યો: 'જરૂર, આ મહાદેવજીનો જ કોપ છે નહી તો છેલ્લા દસ વર્ષની નહી ને આજે આ વરુએ આ બાજુ દેખાય જ કેમ. મરાં ભાંડુઓને તો મારું જ છુ. તેમના લોહી પીને જીવુ છુ, ને ઓછું પડતું હોય તમ આ સાધુનેય મારવા ઊભો થયો છુ. આમા પ્રભુ ક્યાંથી રાજી રહે? હે, શંકરદાદા! આટલો વખત બચાવી લે. હવે જીવનમા ક્યારેય અનર્થ નહીં કરુ.'

મનમા વિચાર પૂરો થાય તે પહેલા જ એક મોટા વરુએ છલાગ મારી, પાછળ નજર કરી સાધુએ જોયું તો તકતસિંહ ક્ષણ વારમાં પકડાવાની તૈયારીમા છે. સાધુ પાછા ફરી ગયા.

'તકતસિંહ, તમે ભાગો બાળ-બચ્ચાવાળા છો. મારા વતી ગામની ખબર રાખજો. આ વરુઓ મારી જ્યાફત કરશે ત્યા સુધીમા તો તમે ઘરે પહોચી જશો.' આ દેહ બીજા પ્રાણીના ઉપયોગમા આવે તેનાથી રૂડું શું છે? હું નકામો ભાગ્યો.' વરુએના ટોળામાં જઈ સાધુ ઊભા રહી ગયા.

તકતસિંહે દૂર જઈને સાધુની શહાદત જોઈ. 'કેવા આ સાધુ! જીવન લેવા જનારને જ જીવનદાન દીધું!'

▣

ને બીજા દિવસે તકતસિંહ ઘરે ઘરે ફરી કહી રહ્યો હતો 'જેને પૈસાની જરૂર હોય તે પૈસા. અનાજકપડાની જે કંઈ જરૂર હોય તે લઈ જાય, આ બધું તમારુ જ છે'

ને સાધુનુ અધૂરુ કામ પૂરુ કરવા કમર કસીને લાગી ગયો ▣

દિલાવર દેવાળિયો

ઈશ્વરના સોગન ખાઈ કહું છું, કે હું મરવાનું પસંદ કરીશ, પણ આ અન્યાયી કાયદાને નમતું નહિ આપું.'

પ્રિટોરિયાની ભરી સભામાં ભારતીઓની વચ્ચે આ સ્વાભિમાનપૂર્ણ સોગન લેનાર હતા સુરતના વેપારી શેઠ અહમદ મુહમ્મદ કાછલિયા

દક્ષિણ આફ્રિકાના ગોરા લોકોએ જનરલ સ્મટસના જુલમી તંત્રમા ભારતીઓનું સ્વત્વ હરણ કરનાર એક અન્યાયી કાયદો કાયદાસભામાં આણ્યો હતો. અહમદશેઠ આ સભામાં એ કાયદાનો વિરોધ કરી રહ્યા હતા. તે દક્ષિણ આફ્રિકાના આગળ પડતા વેપારીઓમાંના એક હતા.

ગોરા લોકો અહમદશેઠને નમાવવા માટે બધા



કસનજી દેસાઈ

જ ઉપાયો અજમાવી ચૂક્યા. પણ તે ઝૂક્યા ન હતા આખરે ગોરાઓએ થાકીને છેલ્લું શસ્ત્ર છોડયું.

અહમદ શેઠનો વેપાર ગોરા વેપારીઓ ઉપર અવલંબિત હતો. ગોરાઓએ એમને જમા રકમ લીધા વગર જ ફક્ત એમની શાખ ઉપર બધો માલ આપ્યો હતો. આથી એમણે અહમદ શેઠને કહ્યું : 'શેઠજી ! તમે આ સત્યાગ્રહની લડાઈમાથી ખસી જાઓ. નહિ તો અમારા માલના રૂપિયા પાઈએ-પાઈ ચૂકવી આપો. કારણ કે તમે જો જેલમા જશો, તો અમારી બધી રકમ ડૂબી જશે.'

'આ લડાઈ મારા દેશબંધુઓ માટેની અને સત્યની લડાઈ છે મારા ફાયદા માટે–ભલે મારે દેવાળું કાઢવુ પડે,—હું કોઈને દગો દઈશ નહિ.'

ખરેખર, લેણદારોના દબાણને કારણે શેઠને દેવાળું કાઢવુ પડયું. તે ચાહત, તો લડાઈમાથી ખસી જઈ પોતાનો વેપાર ધમધોકાર ચલાવી શકત. પરંતુ તેમણે પોતાના દેશબંધુઓને છોડી દેવા કરતા પોતાનો વેપાર છોડવાનું વધારે પસંદ કર્યું.

મહાન કોણ ?

એક દિવસ ચીનના સમ્રાટે મહાત્મા કોન્ફ્યુશિયસને કહ્યુ : 'મહાત્મા ! જે દેવ કરતા યે મહાન છે, એવી વ્યક્તિ પાસે મને લઈ જાઓ.'

કોન્ફ્યુશિયસ બોલ્યા : 'એક તો પોતે તમે જ છો. કારણ જે સત્યને જાણવાની જિજ્ઞાસા રાખે છે, તે વ્યક્તિ પોતે મહાન છે.'

સમ્રાટ બોલ્યા . 'જો આમ હોય, તો મારા કરતાં મહાન વ્યક્તિનાં દર્શન કરાવો.'

'તે વ્યક્તિ હું છું. કારણ હું સત્ય ઉપર પ્રેમ કરું છું.'

સમ્રાટે કહ્યું : પણ મહર્ષિ ! મારે તો આપના કરતાં યે મહાન વ્યક્તિનાં દર્શન કરવાં છે. મને ઘણી વાર મહાન માણસો સંબંધી આપે વાત કરી છે. તેમની પાસે લઈ જાઓ.'

કોન્ફ્યુશિયસે પળવાર સમ્રાટ તરફ જોઈ કહ્યું: 'અહીં થી ઊઠીને કયાય જવાની જરૂર નથી આપણી આસપાસ જ મહાન માણસો રહે છે. જુઓ, પેલી ડોસી ! સો વરસ થયા હશે. કહો, તે શું કરી રહી છે ?'

'કોદાળી લઈ કૂવો ખોદે છે'

કોન્ફ્યુશિયસ બોલ્યા · 'એને કૂવો ખોદવાની જરૂર નથી. છતાયે જરૂર હોય તો જ તે કામ કરવું એવું કાંઈ નથી. જે બીજાને માટે આવી રીતે નિર્લિપ્ત બની કામ કરે છે એ વાસ્તવમાં મહાન છે.

આખરી ઠેકું

થાકથી લોથપોથ ને અસફળતાથી હતાશ બની

રેફિલ સોલોની નદીની સૂકી તળેટીમાં એક ટેકરાને અઢેલીને બેસી ગયો. પોતાના બે સાથીઓને કહેવા લાગ્યો : 'હું તો હવે હીરાની શોધ કરતા કંટાળ્યો છું. અત્યાર સુધીમાં કેટલાય ઢેફાં જોઈ વળ્યો. જો હવે એક જ ઢેફું વળી તપાસી જોઉં, તો તેની સંખ્યા પૂરી દશ લાખ થઈ જાય. પરંતુ દુર્ભાગ્યે આ લાખો ઢેફાંમાંથી હીરાનો એક કણ પણ મળ્યો નથી. જ્યારે ભાગ્યમાં રડવાનું જ હોય તો પછી આમ લોહી–પરસેવો વહેવડાવી કામ કરવાથી શો ફાયદો ?'

રેફિલ સોલોની અને તેના બે સાથીઓ કેટલાક મહિનાથી સખત તાપમાં અને આંધી–તોફાનમાં હીરાની ખાણની શોધ કરી રહ્યા હતા. તળેટી આગળના દરેક ઢેફાને હાથમાં લઈ ધ્યાનપૂર્વક જોતા. પછી નિરાશ થઈ એક તરફ ફેંકી દેતા. આમ અસંખ્ય ઢેફાંઓની અંદરથી હીરો શોધી કાઢવાના દૃઢ સંકલ્પે એમની આશા–જ્યોતિને જીવિત રાખી હતી. અપાર પરિશ્રમથી તથા સૂરજના પ્રખર તાપથી એમની આંખો સૂજી ગઈ હતી પરંતુ તેમના નિશ્ચયમાં હજી સુધી કાંઈ શિથિલતા આવી ન હતી

આજ સોલોનીને આમ ડામાડોળ થતો જોઈ તેના એક સાથીએ કહ્યું, 'ભાઈ સોલોની ! તું આટલી કસર શા માટે રહેવા દે છે ? એક બીજું ઢેફું ઉપાડી તું એની સંખ્યા દશ લાખ પૂરી કેમ નથી કરતો ?'

સોલોની બોલ્યો, 'મંજૂર છે તારી વાત. ભાઈ, પણ હવે હું ફક્ત એક જ ઢેફું ઉપાડીશ. ફક્ત એક જ.'

આમ કહી તેણે એક ઢેફું ઉપાડયું. તે તેને વજનદાર લાગ્યું. સાધારણ ઢેફા કરતા વધુ વજનદાર તેણે તે ચમકદાર ઢેફા તરફ ધારીધારીને જોયું. પછી આનંદ પામી બોલી ઊઠયો . 'મિત્રો ! આ તો હીરો છે. ઓહ ! આપણને હીરાની ખાણ મળી ગઈ !'

ત્રીજે દિવસે ન્યુયોર્કની એક ઝવેરીની દૂકાનમાં સોલોનીનું આ આખરી ઢેફું બે લાખ રૂપિયામાં વેચાઈ ગયું. 

મારો એ નિત્યક્રમ હતો રાત્રે વાળુ-પાણી કર્યા પછી ભેગા થવું, એકાદ કલાક ધાર્મિક, જીવનઉપયોગી ને સંસ્કારપ્રદ વાચન કરવું. પછી દસેક મિનિટ રામધૂન લગાવવી અને છૂટા પડવું. આ કાર્યક્રમમાં અમે થોડા મિત્રો તથા બેત્રણ પ્રૌઢ અને વૃદ્ધ પુરુષો પણ આવતા હતા.

એક દિવસે સંત પુનિતના એક પુસ્તકમાંથી વાચન થઈ રહ્યું હતું. તેમાં મોટા દિલની વાત આવી. વાત પૂરી થવા આવી. એક વૃદ્ધ પુરુષ બોલી ઊઠયા : 'અરે ! આ 'પુનિત' મા'ત્મા કહી ગ્યા ઈ સાચું !'

એ વૃદ્ધની ટકોર સાંભળી, અમે સહુ તેમના પ્રતિ જોઈ રહ્યા. પેલા વાચન કરનાર ભાઈ પણ, વાંચન ઘડીભર બંધ રાખી બોલ્યા : 'અરે ! કેવળરામ બાપા ! તમને પણ એ વાતનો અનુભવ છે ને ?'

'હા, ભાઈ અને તેથી જ મારાથી એમ બોલાયું.'

'એમ ?' એક બીજા ભાઈ પૂછી રહ્યા.

'હા. પણ હવે તો સંત પુનિત કહી ગયા તેમ એવા મોટા દિલ અને મોટા દિલના માણસો પણ કેટલા જોવા મળે છે ? હવે તો ફક્ત 'મારું'–તારું' કરતું ટૂંકુ મન, અને ટૂંકા મનના માનવીની જ વાત જ્યાં ત્યાં સાંભળવા મળે છે !'

એક ભાઈ બોલ્યા . 'બાપા, એમ મભમ વાત ન કરો. તમે પોતે કાંઈ એવું અનુભવ્યું છે ?'

'હા, મેં પટ્ટણી સાહેબ જેવા ધણીરણીને પણ ઘડીક ઊભા રાખ્યા હતા !'

'કયાં ?'

'કયાં શું ? તળ ભાવનગરમાં જ !'

'હેં ? શું કહો છો, બાપા ?'

'હા, ભાઈ હા, હું સાચી અને મારા અનુભવની જ વાત કરું છું.'

અમે સહુ કેવળરામ બાપાને સાંભળવા આતુર થઈ રહ્યા

બાપાએ ખોંખારો ખાધો, અને પછી જાણે ભૂતકાળમાં ડોકિયું કરતા હોય તેમ ઘડીક આંખ મીંચી રહ્યા, અને પછી આંખ ઉઘાડી કહેવા માંડયા . 'આ

મનની મોટાઈ

ગિરિજાશંકર કે. વ્યાસ

વાતને લગભગ ત્રીસ-પાંત્રીસ વરસ થઈ ગયાં હશે. એ વખતે હું પોલીસ ખાતામાં હતો. હું પોલીસ જમાદાર હતો ને ટ્રાફિક કન્ટ્રોલ વિભાગમાં નોકરી કરતો હતો. આ વખતે ભાવનગરના દીવાન કહો, કે ધણીરણી જે ગણો તે હતા સર પ્રભાશંકર પટ્ટણી! ભારે કાબેલ અને ચતુર મુત્સદ્દી!

નિયમિતતા અને ચોકસાઈ, એ સર પટ્ટણીના જીવનના મુખ્ય ગુણ. એ રીતે તે કામ કરે, અને બીજા પાસેથી કામ લે.

એક દિવસે મારી ફરજ તખ્તેશ્વર પ્લોટ આગળના મુખ્ય ચોકમાં હતી, પોલીસનો માણસ ટ્રાફિકનુ કન્ટ્રોલ કરતો વચ્ચે ઊભો હતો. હું તેની 'વોચ' માટે ત્યાં હતો. પેલા માણસને પછી કંઈક આરામ આપવા હું કન્ટ્રોલ પોઈન્ટ પર ઊભો રહ્યો, અને જે-તે માર્ગ તરફનાં વાહનોને મારા હાથ વતી આવવા-જવાની પરવાનગી આપી રહ્યો હતો તે વખત ટ્રેઈનનો સમય. અગિયાર થવા આવ્યા હતા. એક બાજુ ટ્રેઈનના પેસેન્જરોનાં વાહન. બીજી બાજુ કોર્ટ-કચેરી પર જનારાં અમલદારો-કર્મચારીઓનાં વાહન-સાયકલો, ને સાથે સાથે શાળા કોલેજે જતાં વિદ્યાર્થીઓ વગેરે. સ્ટેશનના માર્ગ તરફનો વાહનવ્યવહાર ભારે જબરો હતા. તેથી તેને તાત્કાલિક જવા પરવાનગી આપવી પડે તેમ હતી મે તો તરત જ મારો હાથ એ બાજુ ભડાક કરતો અદ્ધર સીધો રાખી લીધો! અને સામેની બાજુ માટે ઊંચો હાથ કરી વાહનવ્યવહાર થંભાવી દીધો! આ વખતે સામેની બાજુએ સર પટ્ટણીની મોટર નીકળી. તે આમ ત્યાં રોકાઈ રહી



પણ સ્ટેશન તરફનો વાહનવ્યવહાર એટલા મોટો હતો કે તેનો નિકાલ થતાં વાર લાગે તેમ હતું. થોડાક સમય પછી મને પોલીસ કૉન્સ્ટેબલે ત્યા આવી કહ્યુ : 'પટ્ટણી સાહેબની મોટર છે!'

પણ હું તો મારી ફરજ બજાવી રહ્યો હતો. તેમની મોટર અંગે પણ મને ખબર ન હતી. તેટલામાં પટ્ટણી સાહેબ સાથે તેમની મોટરમાં જે પટાવાળો બેઠો હતો, તે પણ ત્યાં આવ્યો. અને કહે : 'જમાદાર! ઘડીક સ્ટેશનનો રસ્તો બંધ રાખો. પટ્ટણી સાહેબ ખોટી થાય છે!'

પણ સ્ટેશનનો વાહનવ્યવહાર આજે કંઈક વધારે હતો. તેને તાત્કાલિક રોકવા જતા રોકવો મુશ્કેલ થઈ પડે તેમ હતું! તેમા વળી તે દિવસે લગ્ન દિવસ હોઈ, લગ્નોની જાનો પણ હતી! એટલે એ તરફનાં વાહન થોડાં ઓછાં થાય તે પછી પટ્ટણી સાહેબવાળો માર્ગ ખુલ્લો કરુ એમ હું તને કહી, કન્ટ્રોલ પોઈન્ટ પર જ ઊભો રહ્યા.

પટ્ટણી સાહેબને પણ કોણ જાણે એવું શુ ઉતાવળિયું કામ આવી ગયું હશે, તે તેમણે તરત જ ડ્રાઈવરને મોકલ્યો. ડ્રાઈવરે મને જ્યારે તે માર્ગ ખુલ્લો કરવા જણાવ્યું, ત્યારે મે કહ્યુ : 'આ વાહનો થોડાં ઓછા થાય એટલે તમને માર્ગ મોકળો કરી આપુ.'

ડ્રાઈવર ગયો-ન-ગયો ત્યાં તો પાછો આવ્યો. તેણે મારો બકલ (પટ્ટા) નંબર માગ્યો. મેં મારો બકલ બતાવી નંબર આપ્યો મારી સાથેના પોલીસને નવાઈ લાગી, અને તે આ હિલચાલ જોઈ તરત બોલ્યો 'જમાદાર સાહેબ! બકલ નંબર માગ્યો તે કાઈક લાગે છે ધ્યાન રાખજો.' પણ હુ તો મારી ફરજની ધૂનમા જ હતો.

એટલામા સ્ટેશન તરફનો વાહનવ્યવહાર થોડો

ઓછો થતા, મેં તરત જ સામેનો માર્ગ ખુલ્લો કર્યો, અને સ્ટેશનમાર્ગ બંધ કર્યો. પટ્ટણી સાહેબ ની મોટર પસાર થઈ. મેં ચાલુ કામગીરીએ પણ પછાડી તેમને સલામ કરી. પણ તે તો મારા પ્રતિ જોતા જ ચાલ્યા ગયા !

પટ્ટણી સાહેબની મોટર પસાર થઈ ગઈ. પેલા પોલીસના માણસે મને પાછા બક્કલ નંબર અંગે યાદ કર્યું હું પણ થોડો મૂંઝાયો પણ મેં કાંઈ ખોટું કર્યું ન હતુ, કે કાંઈ નિયમ વિરુદ્ધ વર્ત્યો ન હતો ! તેથી સંતોષ હતો. છતાં પેલો પોલીસનો માણસ તો નક્કી મને કાંઈક શિક્ષા થશે એમ ધારી રહ્યો હું પણ ' જેવી ભગવાનની ઈચ્છા ' ગણી, તે દિવસની નોકરી કરી, મારા ક્વાર્ટર ઉપર આવ્યો.'

અહીં કેવળરામ બાપા થોડો વખત મૌન રહ્યા, ત્યાં પેલા ભાઈ બોલ્યા 'બાપા, તમે પણ બ્રાહ્મણ રહ્યા, તે બ્રાહ્મણ જેમ જ કર્યું ! એ તો વખત જોઈને નોકરી થાય. ઘડીક સ્ટેશનનો રસ્તો બંધ કરી, ભલેને ત્યાં વાહન ઘણા હતા કે જાન ઘણી હતી તો પણ પટ્ટણી સાહેબને જવા દીધા હોત તો શો નિયમ-ભંગ થઈ જવાનો હતો ?'

' કા, કેમ નહિ ? નિયમભંગની વાત તો એક બાજુ રહી, પણ જ્યારે વાહન-ઘોડાગાડી વગેરે પૂર-ઝડપે, રસ્તો ચોકખો હોઈ, ચાલ્યા આવતા હોય ત્યારે એકદમ રોકી રાખતાં પણ કેવી ધમાલ થઈ પડે ? વાહનના પેસેન્જરોને વખતે નુકસાન થાય એનુ શું ? અને ટ્રાફિક કન્ટ્રોલ નિયમ પ્રમાણે ભીડ-વાળો રસ્તો પ્રથમ ચોકખો કરવાનો હોય છે ! ' કેવળરામ બાપાએ કહ્યુ.

' પણ પછી શું થયું તે કહોને બાપા !' એક બીજા ભાઈ બોલી ઊઠ્યા.

'બીજે દિવસે જ્યા હજી હું મારી નોકરી અંગે હાજરી આપી, બહાર નીકળુ છુ ત્યા તો મારા ઉપરી સાહેબ તરફથી મને બોલાવવામા આવ્યો. હું ત્યાં ગયો તો તેમણે પૂછ્યુ 'કાંઈ બન્યું છે, જમાદાર !'

હુ તો હજુ કાંઈ હકીકત ન જાણુ ત્યા સુધી શો જવાબ આપુ ? એ વિચારે મૌન સેવી ઊભો રહ્યો ત્યા ઉપરી બોલ્યા : 'તમને પટ્ટણી સાહેબે આજે અગિયાર વાગ્યે તેમની ઑફિસમાં બોલાવ્યા છે !'

હું તો આ સાંભળી થોડો હેબતાઈ ગયો. મારા ઉપરીને કાને આ બનાવની થોડી હકીકત મળી હશે, તેથી તે બોલ્યા, 'મૂંઝાતા નહિ, જમાદાર ! પટ્ટણી સાહેબ પૂછે તેના યોગ્ય ઉત્તર આપજો.'

મારી સાથેના તે પોલીસ કોન્સ્ટેબલને પણ મને પટ્ટણીસાહેબે રૂબરૂ બોલાવેલ છે, તે જાણી તેઓ હવે નક્કી મને કાં તો ડિસમિસ કરશે અથવા દંડ કરી બદલી નાખશે, એમ કહી જ્યાં ત્યાં પોલીસ હેડકવા-ટર્સમા આ વાત કરવા માંડયો. સહુ આશ્ચર્ય પામી આ સાંભળી રહ્યા.

હુ પણ મનમા થોડો મૂંઝાયો. પણ મારું હૈયું મને કહેતુ હતુ, 'શા માટે મૂંઝાય છે ? તેં કયા કંઈ ગુનો કર્યો છે ? ' આમ ગડમથલમા અગિયાર થતા પટ્ટણી સાહેબની ઑફિસે હું પહોચી ગયો.

થોડા સમય પછી મને પટ્ટણી સાહેબે બોલાવ્યો હુ જઈને સલામ કરી ઊભો પણ ત્યા તો તેમણે તેમની મોટી ચળકતી આંખો વિશાળ કરી, થોડા મોટા અવાજે પૂછ્યુ 'કેટલાં વરસથી નોકરી કરો છો ?'

' પાંચ વરસથી '

'એમ ? તોપણ તમને હજુ ભાન નથી રહેતું કે નોકરી કેમ કરવી ?'

મને પટ્ટણી સાહેબ થોડા રુદ્ર રૂપમાં જણાયા. મને તો મનમા થયું, કે નક્કી તે આજ મને ડિસ-મીસ કરશે છતા હિંમત રાખી હું મૌન સેવી રહ્યો. ' લાવો, તમારો પટ્ટો !' આમ પટ્ટો માગ્યો, એટલે હું સમજી ગયો કે નોકરી ગઈ મે હિંમત રાખી મનમાં જ પ્રભુસ્મરણ કરી તરત જ પટ્ટો કાઢી, તેમનાં ટેબલ ઉપર મૂકી, સલામ કરી ત્યા તો વળી તડૂક્યા 'ગઈ કાલે મેં તમને રસ્તો 'કિલયર' કરવા માણસને મોકલી કહેવરાવ્યું, છતા તમે તો જાણે સાભળતા નથી એમ ટ્રાફિક કન્ટ્રોલ કરતા

હતા! તમને ભાન છે કે ટ્રાફિક કન્ટ્રોલ કેમ થ ય?'

હવે તો આ સાભળી હું પણ સ્પષ્ટ થવા–થોડો બ્રાહ્મણ થવા ઉતાવળો થયો. હિંમત રાખી મેં કહ્યુ. 'જી, હા નામદાર! મારે જ્યારે 'ડયુટી' બજાવવાની હોય છે, ત્યારે હુ એમ સમજુ છુ કે રાજ્યનો હું માણસ છું. રાજય જેમ પ્રજાનુ જતન કરે અને વ્યવસ્થા રાખે, તેમ મારે તે વખતે વર્તવાનુ હોય છે! પછી આમ કરતાં તે વખતે ર ક આવે કે રાજા-મહારાજા આવે તે સહુ સરખા!'

મારો જવાબ સાભળી પટ્ટણીજી મારા પ્રતિ એમની વિશાળ ચમકતી આંખો વડે જોઈ રહ્યા અને બોલ્યા: 'શું કહ્યું? તે વખતે રાજા અને રંક બંને સરખા? વાહ, તો પછી રાજ્યના રાજા કે અમલદાર અને સામાન્ય પ્રજાજન વચ્ચે કંઈ ફેર નહિ?'

'ફેર જણાતો હશે. પણ તે ટ્રાફિક–નિયમન વખતે તો નહિ જ, અથવા ફરજપાલન વખત પણ નહિ! હુ તો એમ સમજું છું કે હું રાજ્યનો વિશ્વાસુ નોકર છુ. અદનામાં અદનો પ્રજાજન જો ત્યાં જતો હોય તો તેના રક્ષણ ને વ્યવસ્થા માટે કદાચ રાજાની ગાડી રોકવી પડે તો રોકવી, એ મારો પોલીસ તરીકેની ફરજનો મંત્ર છે એમ હું સમજું છુ!' પટ્ટણી સાહેબ તો મારા પ્રતિ ટગર ટગર જોતા રહ્યા.

'કેવા છો?'

'બ્રાહ્મણ!'

'ત્યારે બ્રાહ્મણભાઈ! આમ વર્તવાથી કે બોલવાથી વખતે નોકરી જાય તેનો વિચાર થાય છે?'

પ્રામાણિકતા ને નિષ્ઠાપૂર્વક નોકરી કરતા નોકરી જાય તો ભલે જાય હુ ભિક્ષા માગી પૂરું કરીશ. પણ મારાથી અનીતિ-અન્યાય કે નિયમવિરુદ્ધ તો વર્તન નહિ થાય રાજ્યે મને જે ફરજ બજાવવાની સુપ્રત કરેલ છે, તે ફરજપાલનમા નિષ્ઠા, પ્રામાણિકતા ને સચ્ચાઈપૂર્વક હું રાજ્યની નોકરી કરીશ'

આ સાભળી પટ્ટણી સાહેબ હસવા લાગ્યા, હું તો તેમને એમ હસતા જોઈ થોડો મનમા જ ગભરાયો. તેમણે પટ્ટો પોતાના હાથમા લીધો ને મને પૂછ્યુ: 'તમારું નામ?'

'કેવળરામ શિવશંકર ભટ્ટ'

પછી ઘડીક મારા સામે જોઈ પોતે હસતા હસતાં ખુરશી ઉપરથી ઊભા થઈ, મારો હાથ પકડી, તેમની પાસે ખેંચ્યો, ને જેવો હું તેમની પાસે ગયો કે તે મારો વાંસો થાબડી હસતા બોલ્યા: 'શાબાશ છે તમને કેવળરામ જમાદાર! હું તો તમારી પરીક્ષા કરી રહ્યો હતો! પણ ગઈ કાલના તમારા ફરજપાલનના કર્તવ્યમા, તથા આજે અત્યારે મને તમે જે સચ્ચાઈપૂર્વક જવાબો આપ્યા છે, તેથી તો હું ઘણો જ ખુશ થયો છું. જો તમારા જેવા બીજા બધા પોલીસના માણસો હોય તો?' કહી તેમણે ઘ ટડી વગાડી. પટાવાળો આવ્યો ત્યારે તેને તમણે તેમના સેક્રેટરીને મોકલવા કહ્યુ. પટાવાળો ગયો, અને સેક્રેટરી આવ્યા. તેમને પટ્ટણી સાહેબે કહ્યુ 'આ જમાદાર કેવળરામને આજથી બઢતીનો હુકમ આપો તેમને મારા તરફથી અગીઆર રૂપીઆ તથા રાજ્ય તરફથી વીસરૂપીઆ મળી કુલ તેમને એકત્રીસ રૂપીઆ ઈનામ આપો!'

હું તો પટ્ટણી સાહેબને પગે પડવા જતો હતો, પણ તમણે તો મને હસીને તેમ કરતા રોક્યો, અને બોલ્યા 'તમારા જેવા માણસ જ મારે જોઈએ છે!'

પછી તો બઢતી મળતા ફર્સ્ટ ગ્રેઈડ જમાદાર થયો. અને પછી યોગ્ય ટ્રેઈનિંગ લઈ ફોજદારની જગ્યાએ મુકાયો. મને ઇનામ મળ્યા, તથા પ્રમાણપત્ર પણ મળ્યા, આ જાણી મારા ઉપરી તથા સમસ્ત પોલીસ હેડક્વાર્ટર્સમા આ વાત અંગે સારી એવી પ્રશ સા થઈ રહી. મારા ઉપરીએ પછી મારો દાખલો જ્યાંત્યા ટાકી, બીજા પોલીસોને પણ નિષ્ઠાપૂર્વક નોકરી કરવા કહ્યું!

'આવી છે મોટા દિલની, અને મોટા દિલના માનવીની વાત! જો આ જગ્યાએ અત્યારની પરિસ્થિતિ હોત તો મારા જેવાની નોકરી ગઈ હોત, અને બીજુ એવું કેટલુયે થઈ ગયું હોત!'



બ્રહ્મલોકનો પ્યાસી

હરિપ્રસાદ વ્યાસ

આદર્શ સેવાનો ભેખધારી મુદ્દગલ! કુરુક્ષેત્ર એનુ વતન. એણે આખું જીવન જ સેવાને અર્પેલુ ખાસ તો એની ત્યાગવૃત્તિ અજબ જેવી હતી. એ પોતે ભૂખ્યો રહે, પરંતુ આગંતુકોને જમાડે. ધનવાન ન હતો, પરંતુ સમર્પણની ભાવનારૂપી ધન તેની પાસે પાર વિનાનું હતું થોડા થોડા કરીને તે અન્નના દાણા ભેગા કરતો, અને આગંતુકોના ચરણોમા ધરી દેતો.

આવા ત્યાગીની પરીક્ષા એક વાર કરવાની ઇચ્છા દુર્વાસા ઋષિને થઈ આવી.

મુદ્દગલ પાસે ઉપસ્થિતિ થઈને તેઓ બોલ્યા: 'મુદ્દગલ! મારે જમવુ છે.'

મુદ્દગલનો આનંદ તો સમાય નહિ! તેણે માનપૂર્વક ઋષિને બેસાડ્યા ને ભોજન પીરસ્યા. દુર્વાસા તો ભારે ધૂની. લગભગ તમામ રસોઈ ખલાસ કરી ગયા. એટલુ જ નહિ, પરંતુ જે કંઈ વધ્યું હતુ તે પેલા મસ્તાનાઓની પેઠે પોતાને શરીરે ચોળી દીધું.

બીજે દિવસે પણ આવુ જ બન્યું. દુર્વાસા મુદ્દગલને ત્યા ગયા અને તમામ રસોઈ ખલાસ કરી ગયા! છ દિવસ સુધી આવું ચાલ્યું. છતા મુદ્દગલના મો ઉપર અણગમો કે વિષાદના લેશ પણ ચિહ્નો જોવામા આવ્યા નહિ.

દુર્વાસા છક થઈ ગયા તેઓ બોલ્યા. 'મુદ્દગલ! તને ધન્યવાદ ઘટે છે તને તારા ભૌતિક દેહ સાથે લઈ જવા માટે સ્વર્ગમાથી વિમાન આવશે!'

દુર્વાસા મુનિની આશિષ ફળી એક દિવસ સ્વર્ગમાથી ખરેખર વિમાન આવ્યું તેમાથી એક દેવદૂત મુદ્દગલ પાસે આવી કહેવા લાગ્યો. 'હે ત્યાગી બ્રાહ્મણ! તારી સાધના ફળી છે. હું સ્વર્ગમાથી તને તેડવા આવ્યો છુ ચાલ, વિમાનમા બેસી જા!'

'સ્વર્ગ કેવુ હશે!' મુદ્દગલને વિચાર આવ્યો. તેણે પૂછ્યુ 'હે દેવદૂતજી! જરા મને કહેશો કે સ્વર્ગમા સુખ કેવા પ્રકારનુ છે? ત્યા લોકો કેવું તપ કરે છે? કોની સેવા કરે છે?'

'બ્રાહ્મણ, પૃથ્વી ઉપર જેણે અનેક પુણ્ય કર્યાં હોય, તને જ સ્વર્ગ મળે છે. ત્યા સદ્દગુણી આત્માઓ, દાતાઓ, સાચા સેવાભાવીઓ, તપસ્વીઓ વગેરેનો જ વાસ હોય છે. સ્વર્ગમા દરેક ઇચ્છા પૂરી પડે છે. ત્યા વૃદ્ધાવસ્થા કોઈને આવતી નથી. ત્યા ગાંધર્વો અને અપ્સરાઓ પણ નિવાસ કરે છે ત્યાં અસંખ્ય વિમાનો હોય છે. ત્યા કોઈ કોઈની અદેખાઈ કરતું નથી બધાં સુખચેનથી રહે છે. મેં અગાઉ જણાવ્યું તેમ જેણે અનેક પુણ્ય કર્યાં હોય તેને જ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે.'

'હવે કૃપા કરીને હું પૂછુ, તેનો ખુલાસો કરશો? તમે જે જણાવી તે સ્વર્ગની ઊજળી બાજુ જણાવી. પરંતુ તેની કાળી બાજુ ય હશે ને?'

દેવદૂત હસ્યો. તેણે જવાબ આપ્યો. 'હે દ્વિજ! હું તને બીજી બાજુનો પણ ખ્યાલ આપું. સ્વર્ગમા માણસ નવાં કર્તવ્ય બજાવી શકતો નથી આથી તે નવું પુણ્ય હાસલ કરી શકતા નથી. તેણે અગાઉ હાસલ કરેલું પુણ્ય વપરાઈ જાય છે, પછી તેની જમા મૂડી ખલાસ થાય છે તેનું પતન પણ થવા સંભવ છે તેની લાગણીઓ બધી ક્ષુબ્ધ બની જાય છે.'

મુદ્દગલ આ સાભળી ઊંડા વિચારમા પડી ગયો થોડીવારે તે બોલ્યો. 'દેવદૂત! સ્વર્ગનું આ પાસુ કંઈ પસંદ કરવા જેવું નથી આવું પણ જ્યા ના હોય તેવુ કોઈ સ્થાન તમે કહી શકશો?'

દેવદૂતે જવાબ આપ્યો: 'હા! એ છે પરબ્રહ્મ! બ્રહ્માના રહેઠાણ ઉપર પ્રભુ વિષ્ણુનો વાસ છે, તે શાશ્વત, શુદ્ધ અને પ્રકાશમય છે જેઓએ ઇન્દ્રિયો ઉપર કાબૂ મેળવ્યો હોય, જેઓ લાગણીઓના દ્વન્દ્વથી મુક્ત હોય, તેઓ જ ત્યા જઈ શકે છે.'

'ભાઈ દેવદૂત! મને સ્વર્ગ ખપતું નથી! તમે વિમાન પાછું લઈ જાઓ હું પરબ્રહ્મ પામવા જ પ્રયત્નશીલ રહીશ!' ને આશ્ચર્યમાં ડૂબી જતો દેવદૂત સ્વર્ગનુ વિમાન લઈ પાછો ગયો! ▣

આખરી મૂડી

જશવંત મહેતા

'હોય નહીં' .. ' જયેશથી બોલાઈ ગયુ એના આશ્ચર્યનો પાર ન રહ્યો. હૃદય હચમચી ગયુ વેદનાની એક છાટ ચહેરા પર પથરાઈ ગઈ

'ત્રણ મહિનાથી બેકાર છે '

'શું કહો છો ?

'અને વળી પત્ની ટી બી ના છેલ્લા સ્ટેજમા છે મા ની આખે મોતિયો આવ્યો છે. અને આ બધામા બાકી રહ્યુ હોય તેમ ત્રણ ત્રણ બાળકોની લંગાર પાછળ ચોથાની તૈયારી થઈ ચૂકી છે '

'હા પણ તે હમણા કરે છે શુ ? '

' છૂટીછવાઈ વાર્તાઓ લખે છે. છપાય તો એમાથી જે કાઈ પૈસા મળે તો એકાદ–બે દિવસ નીકળી જાય આપણા તત્રીઓ કે પ્રકાશકો આમેય પૈસા આપવાના ક્યા સમજ્યા છે લેખકને નિચોવી જ નાખવો છે . મારા બે !



જયેશ ગમ ખાઈ ગયો સામે બેઠેલી વ્યક્તિએ દાઢમા બોલી એના ઉપર 'ઘા' કર્યો હતો. જયેશ પ્રકાશક હતો સામે બેઠેલી વ્યક્તિ પણ કલાકારોની જમાતની જ એક ઓલાદ હતી કડવી જીભ, પણ કમાલ'કલમ દિલની સચ્ચાઈ. અને સફાઈ પણ એટલી કોઈની શેહમા તણાવું નહીં, કોઈના જૂથમા ભળવું નહી, કોઈની ખોટી આળપંપાળ કરવી નહીં આ બધા એ વ્યક્તિના દુર્ગુણોના પરિણામે એ વ્યક્તિ અપ્રિય પણ ઠીક ઠીક થઈ પડેલી આજે એણે મનીષના પ્રકાશક પર ઘા કર્યો હતો. જોકે એની પણ ઘણી ચોપડીઓ એણે છાપી હતી. સબંધો લાગણીના પાતળા તાતણા પર હજી ટકી રહ્યા હતા.

જયેશે ગુજરાતના એ તીખા કલમવીર સામે આખો માડી એની આખોમા, દિલમા વ્યથા હતી. જયેશ સમજી ગયો હતો એ તીખા આદમીનું દિલ મનીષની પરિસ્થિતિ પર રડતુ હતુ, એનુ આ પરિણામ હતું.

'સતીશભાઈ, પણ તમેય આજે મને વાત કરી.

'તો ક્યારે વાત કરુ' અને સાચું કહું તમને, આજે વાત કરી કે ગઈ કાલે વાત કરી હોત તોપણ કાઈ ફેર નહોતો પડવાનો.'

'કેમ ?'

'તમે થોડુ બિચારા દાળદર ફેડી શકવાન હતા ! મારો ધૂંધવાટ પણ હુ કાઈ નથી કરી શકતો તેનો છે. તમે ખોટું ન લગાડતા.'

સતીશની વાત સાચી હતી મનીષની પરિસ્થિતિમા આર્થિક દૃષ્ટિએ બબ્બે જણા કઈ પણ કરી શકે તેમ નહોતા જયેશને સતીશની વાતમા તથ્ય લાગ્યું. એણે પ્રિન્સેસ સ્ટ્રીટ પાસે આવેલી એક ગલીના પહેલા માળની એની અંધારાથી ભરપૂર એવી ખોખડધજ ઓફિસમા નજર ફેરવી આજુબાજુના ઘોડાઓમા અનેક લેખકોની ચોપડીઓના બંડલોના બંડલો પડયા હતા અંદરના ભાગમા ફર્માઓ પડયા હતા એના લેખકો ઠીક ઠીક જાણીતા હતા. પરંતુ બીજા અનેક, મનીષ જેવા અજાણ્યા પણ પાણી-

ફાગ લેખકોની કૃતિઓ છાપવામા એ ખત્તા ખાઈ ગયો હતો કલાકૃતિને સમજવાવાળી જમાત એનો 'ચોકો' માડીને બેઠી હતી. એના જૂથના લેખકો લખે તે કલાકૃતિ. બીજા લખે તે ચોપડી સાહિત્યની દુનિયામા પણ 'સિન્ડિકેટ-ઇન્ડિકેટ'ની સ્વાર્થી કલુષિત મનોવૃત્તિ ઓછી ફૂલીફાલી નહોતી એમા મોટા મોટા ધરખમ સર્જકો પણ હોમાઈ ગયા હતા.

જયેશ ને રતશે થોડા દિવસ પહેલા કરેલી વાત યાદ આવી ગઈ સતીશ મનીષની તાજી જ લખેલી નવલકથાની 'હસ્તપ્રત લઈને એક અખબારી જૂથ પાસે ચાલુ નવલકથાના સ્વરૂપે પ્રકાશન કરાવવા ગયો હતો. મનીષનુ નામ લોકોમા જાણીતુ હતુ, છતા અખબારના તત્રીએ ઉમળકાભેર સ્વાગત કરી, 'અમ [illegible]' એનેર્ધા અને એને વિદાય કરતા કહ્યુ હતુ · 'આ લેખકની કલમ માટે અમને માન છે પણ અમારે ત્યા તો 'હસ્તપ્રત' નહી, પણ લેખક પહેલા નક્કી થાય છે '

—અને પદર દિવસ પછી જ હાથમા તાજા જ અખબાર સાથે સતીશ એની ઓફિસમા આવ્યો ને ગુસ્સામા બોલી ઊઠેલો 'જોઈ જયેશભાઈ નક્કી થયેલા લેખકની આ કૃતિ ?'

'અરે, આ તો પેલી એક ઠેકાણે.. અધૂરી રહેલી અને જેના ..'

'બસ બસ હવે સમજી જાવને મારા ભૈ .. આ દુનિયામા બધુ એમ જ ચાલે છે'

એ અખબારી જૂથની 'સિન્ડિકેટ'ના જ એક સર્જકની એ કૃતિ હતી, જે એક ઠેકાણે અર્ધે રસ્તે જ કેટલાક કારણોસર રઝળી પડેલી, આ અખબારમા ફરી ચાલુ થઈ ગઈ હતી

આજે પણ સતીશની વાત સાચી હતી મનીષના જીવનની આર્થિક આધી એ લોકો ટાળી શકવાના નહોતા.

સતીશ ચાલ્યો ગયો એના પગલામાથી ઊઠેલી વેદના અને લાચારીના પડઘા હજી જયેશના કાનમા ગુજતા હતા મનીષની ઠીગણી કાયા, હસમુખો ચહેરો એની સાથેની પ્રથમ મુલાકાત યાદ આવી ગઈ ધીમા સ્વરે બોલતા એ આદમીનો અવાજ·

'મારી પાસે તો ભાઈ, ગણીગાઠી વાર્તાઓ છે જો એનો સગ્રહ છાપો તો '

'વાર્તાસગ્રહો ખપતા નથી વળી તમે તો સાવ નવા છો નવલકથા લખો તો આ અનેક નવીનોનુ બહાર પાડ્યુ છે એમ તમારુ ય બહાર પાડીએ'

'નવીનોને આગળ લાવવાની તમારી ખ્યાતિ સાભળીને હું અહી આવ્યો છું.'

'બોલો, પૈસા રોકશો ?'

'પૈસા રોકવા જેટલી તાકાત હોત તો ખુદ હુ જ પ્રકાશન હાથ ન ધરત !'

થોડાઘણા પણ રોકી શકો ખરા ?' જયેશનો 'વેપારી આત્મા' સળવળી ઊઠ્યો.

ચાથી લાવુ ? માથે દેવુ લટકે છે. એક બગલો [illegible]આ પણ વેચી નાખ્યો પડોશમા રહેતી છોકરી સાથે પ્રેમ કરી પરણી બેઠો [illegible] દારી [illegible] માથે [illegible] પ્રેમ કરતા કરતા નાસી છૂટયા, બેગલોરમા જઈને પરણ્યા મદ્રાસમા પાચ વર્ષ કેમ કાઢ્યા છે એ મારુ મન જાણે છે આજે પાછો મુબઈ આવ્યો છુ, થોડીક વાર્તાઓ લખી લઈને છાપશો તો આભારી થઈશ ઘણા મિત્રોએ વખાણી છે.'

'ભાઈ, પણ અહી સગ્રહો ઊપડતા જ નથી એનું શુ ?'

'કાઈક રસ્તો તો કાઢો '

અવાજમા કાકલૂદી હતી પ્રતિષ્ઠા મેળવવાની લાલસા નહી, પણ સારી વાર્તાઓ પ્રકાશિત ન થઈ શકવાની વેદના લેખકના અવાજમા હતી

જયેશને ઓચિતી જ એક યોજના યાદ આવી ગઈ 'તમે એક કામ કરો બારથી સોળ પાનાની જાહેરાતો લઈ આવો પૈસા પહેલા માગી લેજો. ભેગા થાય એટલે અહી લઈ આવજો. એ પૈસામાથી તમારી ચોપડી છાપીશુ '

'હા, પણ મારા પુરસ્કારનુ .. રોયલ્ટીનુ શુ ?'

'તમેય યાર ખરા છો ભાઈ ! એક તો આવી 'કડકી'મા હુ છાપુ છુ ને એમા વળી તમે પુરસ્કાર

માંગો છો !'

'કંઈક તો મળવું જોઈએ ને ?'

'અચ્છા, એમ કરો. તમે જે કાંઈ પૈસા રોકો એ ચોપડી પ્રગટ થઈ ગયા પછી દર મહિને બસો રૂપિયાના હપ્તારૂપે આપું. અને તમારી રકમ પૂરી થાય ત્યાર પછી બીજા દોઢસો રૂપિયા પુરસ્કારના આપીશ. બોલો, છે કબૂલ ?'

—અને મનીષની આંખોમા આનંદની રેખાઓ ચમકી ગઈ. હૈયામા ઉલ્લાસ સાથે એ બહાર નીકળ્યો. પાંચેક વર્ષમા મિત્રો અને સંબંધીઓનુ જૂથ સારું જમાવ્યું હતુ પરંતુ જ્યારે એક એક પાનાની જાહેરાત લેવા ગયો ત્યારે એ બધાનો પૂરો અનુભવ થઈ ગયો. છ મહિનાની રઝળપાટ પછી તો તબિયત પણ લથડી. એક સાંજે હતાશ થઈ ઓરડીમા સૂનમૂન બેઠો હતો ત્યા જ એની પત્ની અમિતાએ પૂછ્યું. 'કેમ, તબિયત સારી નથી ?'

'છે ને.'

'તો આમ કેમ મૂઢની જેમ બેઠા છો ?'

'કશું જ નથી, અમિતા'

'મારા સમ, તમે કાંઈક છુપાવો છો'

અને છ મહિનાની નિષ્ફળ રઝળપાટની એણે અમિતાને વાત કરી.

'તમે ય તે ખરા છો મને વાત કરવી જોઈએ ને ! ઊભા રહો, એક મિનિટ.'

અમિતાએ ઓરડીના અંધારિયા ખૂણામા પડેલી પેટી ખોલી એમાથી એક નાનકડો ડબ્બો કાઢી, હળવેકથી મનીષના ખોળામા મૂકતી બોલી ઊઠી 'લ્યો, હજુ આટલુ બચ્યું છે એક મંગળસૂત્ર, એક વીંટી, સોનાની ચાર બંગડી વેચી આવો બજારમા જઈ ને આપી આવો તમારા પેલા પ્રકાશકને.'

'અરે, અરે, તું તે કાંઈ ગાંડી થઈ છે ! જિંદગી જીવવાનુ હવે તો આ જ એક સાધન રહ્યુ છે હજી બે છોકરીઓ નાની છે ... ચાલ, મૂકી દે બધુ સાચવીને.'

'મનીષ, તમે મનેય ન ઓળખી શકયા કે આપણી પ્રીત પાંગરી હતી, તમારી આ વાર્તાઓના હિસાબે. તમને યાદ છે, તમે વાર્તાઓ લખતા. હું એને સારા અક્ષરે ઉતારી દેતી આપણે ખાલસા કોલેજના ખૂણામા બેઠા બેઠા એની ચર્ચાઓ કરતા. તમે તંત્રીઓને મોકલતા. વાર્તા છપાતી ત્યારે હું તમને અંકો બતાવતી આપણી બંનેની જિંદગી જ આ વાર્તાઓને આભારી છે મનીષ ! મારા સમ છે. અને આમેય હું હવે કેટલા વરસ જીવવાની છું ! પેલો દાક્તર નહોતો કહેતો 'સંભાળજો, ટી. બી ની શરૂઆત છે.' હું મરુ .. એ પહેલાં મારા મનીષનો છપાયેલો વાર્તાસંગ્રહ તો જોતી જાઉં.'

'અ .. મિ . તા' મનીષનો અવાજ ફાટી ગયો.

જયેશને આજે પણ એ બધી વાતો યાદ આવતી હતી મનીષના પેલા શબ્દો 'લ્યો, જયેશભાઈ ! આ અમારી આખરી મૂડી છે. વાર્તાસંગ્રહ એવો છાપો કે ગુજરાતપણ એક વખત જોઈ લે મારી પત્નીના ઘરેણા કરતા પણ એનો પ્યાર .. એની હોંશ... આ મૂડીમા છે એ ભૂલતા નહી !'

અને સંગ્રહ પ્રગટ થયો ત્યારે અમિતા ટી બી.-ના બીજા સ્ટેજમા પ્રવેશી ચૂકી હતી. તો બીજી બાજુ, જયેશની કથળેલી આર્થિક સ્થિતિ પર કુદરતે એક–બે વધુ ફટકા માર્યા હતા.

'જયેશભાઈ, એકલે પંડે આવા સાહસો કરવા રહેવા દયો હો એક તો તમે દમના દર્દી છો ... એમા હવે તમારા 'બ્લડ'મા 'સ્યુગર'નું પ્રમાણ પણ વધી ગયુ છે કયાક વહેલા ઊકલી જશો'

ત્યારે જયેશ હસ્યો હતો. પરંતુ એ પછી એક સવારે વરસતા વરસાદ વચ્ચે જ્યારે એના પડોશીને ત્યા એનો ફોન આવ્યો અને એમા એને ત્યા નોકરી કરતા પાંડુએ સમાચાર આપ્યા કે, 'શેઠ ! આપણી ઑફિસવાળો માળાનો ભાગ રાતના જમીન પર ધરબાઈ ગયો છે,' ત્યારે એની છાતીના પાટિયા બેસી ગયા આંખે અંધારા આવી ગયા માથે પચાસેક હજારનુ દેવું એક લાખનો ન વેચાતો માલ અને કારમી મોંઘવારીમા એની પોતાની લથડેલી તબિયત.

એ ઑફિસે પહોંચ્યો. બધુ જ ધરાશયી થઈને પડયુ હતુ કેટલાય ફર્માઓ વરસાદમા ભીંજાઈને

'લોંદા' થઈ ગયા હતા ફાટી ગયાં હતા.

છ મહિના સુધી ધંધો બંધ રહ્યો માળામા રીપેરીંગના પૈસા ગામમાથી વ્યાજે લાવીને આપવા પડ્યા. એક એક પૈસાની કિંમત એના જીવન-વ્યવહાર માટે આકરી બની ગઈ હતી

મનીષની નોકરી પણ એ જ અરસામા તૂટી ગયેલી બેરોજગારીમા સપડાયેલી સવિશેષ સગર્ભા બની હતી. નોકરીનો પત્તો ખાતો નહોતો. એમા આ સમાચાર મળ્યા એની નજર જે માણસ પર હતી એ પણ પડી ભાગ્યો હતો એ જ્યારે એને મળ્યો ત્યારે ખુદ જયેશના આશ્ચર્ય વચ્ચે બોલી ઊઠ્યો 'જયેશભાઈ, બેકાર છુ માથે દેવુ છે બીજી તો શી મદદ કરુ, પણ મારા હોતા એક વર્ષ સુધી તમારી પાસે નહી માગુ તમે પાછા બેઠા થઈ જાવ અને હા, હમણા જ એક વાર્તાહરીફાઈમા સો રૂપિયાનુ ઇનામ લાગ્યુ છે આવ્યો તો હતો 'અમિતા'ની પેટન્ટ દવાઓ લેવા પણ તમને આપુ છુ '

'અરે ! ના, ના, તમે રાખો મારે કાંઈ એની જરૂર નથી ' જયેશ બોલી ઊઠ્યો ઘરે ત્રણ દિવસથી બધા એમ ને એમ બેઠા હતા,

'તમે ય યાર, ખરા છો લઈ લ્યોને હું આપતો હઈશ એ પણ સમજીને. અમદાવાદમા બે ત્રણ વર્ષ ગાળ્યા છે. સ્વાર્થી માણસ છુ થાય છે કે આ સો રૂપિયા આપીને કાંક તમારુ 'અણી'નુ કામ થઈ જતુ હોય અને એમાથી તમને કશોક આર્થિક લાભ થતો હોય તો મને માગ પૈસા જલદીથી મળેને '

એ પછી બે વર્ષ સુધી એનો પત્તો નહોતો !

એ ઊભો થયો ગજવામા બસો રૂપિયા પડ્યા હતા ડોક્ટરે એની અને એની બીમાર પત્નીની પેટન્ટ દવા લખી આપી હતી એ લાવવાની હતી છેલ્લા એકાદ મહિનાથી એની પાસે પૈસા ન હોવાને કારણે એ દવાઓ ખરીદવાનુ પાછુ ઠેલ્યા કરતો હતો આજે સવારથી જ હાંફ ચડી હતી આગલા દિવસે જ પેશાબમા સાકરનુ પ્રમાણ ભયજનક સપાટી ઓળંગી ચૂક્યુ છે એવા સમાચાર ડોક્ટરે સંભળાવતા કહ્યુ હતુ 'હવે ખરેખર જીવવુ જ હોય તો લખી આપેલી દવાઓ અને ઇન્જેક્શનો કાલથી શરૂ કરી દેજો ' ડોક્ટરે જયેશની તબિયતની વણસેલી પરિસ્થિતિથી વાકેફ કરી દીધા હતા

સવારના ઓફિસમા માંડ માંડ પહોંચી શક્યો હતો એક દાદરો ચડતા હાંફી ગયો હતો. બપોરના ચક્કર આવી ગયા હતા ડોક્ટરને બોલાવવો પડ્યો હતો માંડ માંડ સ્વસ્થતા હજી તો અનુભવતો હતો. દવાના પૈસા ક્યાંથી ઉધાર લેવા એનો વિચાર કરતો હતો ત્યા જ બસો રૂપિયા એક બૂકસેલર, છ મહિના પહેલાનો હિસાબ ચૂકતે કરવા આપી ગયો હતો

એ દવા અને ઇન્જેક્શન લઈ ઘરે જવાનો વિચાર કરતો હતો ત્યા જ સતીશ આવી પહોંચ્યો મનીષની વાત નીકળી અને જયેશના અંતરમા ખળભળાટ મચાવતી વાતો કરી ચાલ્યો ગયો

—અને એ ઊભો થઈ ગયો ત્રણ વર્ષ પહેલાનુ ભાતબજારનુ મનીષે આપેલુ સરનામુ કાગળ પર લખી લીધુ, અને બહાર નીકળ્યો દુકાન બંધ કરતી વખતે નબળાઈના કારણે આંખે અંધારા આવી ગયા છતાય મન મક્કમ કર્યુ ભાતબજારમા એ ખોખડધજ માળાના પાંચ માળ ચડતા તો એના નાકે દમ આવી ગયો માંડ માંડ મનીષની ઓરડી મળી. એક અંધારિયા ખૂણામા તેલનો દીવો બળતો હતો બાકી આખી ઓરડીમા અંધકાર હતો

'મનીષ ભાઈ..' જયેશના મોઢામાથી માંડ માંડ આટલા ઉચ્ચારો નીકળી શક્યા એ ધબ કરતો જમીન પર બેસી પડ્યો અમિતાની પથારી પાસે બેઠેલા મીનેષે ઓચિંતી પાછળ નજર કરી

'ઓહ ! જયેશભાઈ.... તમે. યાર. આવી તબિયતે .. આમ તકલીફ લેવાતી હશે મને સંદેશો મોકલવો હતો ને '

પરંતુ જવાબમા જયેશ પાટલુનના ગજવામાથી બસો રૂપિયા આપી, માંડ માંડ ઊભો થઈ, ઓરડીની બહાર નીકળી ગયો કશુય બોલ્યા વગર .... એની આબરૂ મૂડી આપીને

'અરે પણ જયેશભાઈ... ઊભા તો રહો .. મનીષનો તરડાયેલો અવાજ ઓરડી બહારના અંધકારમા ઓગળી ગયો.



માનવતાના મોતી



જયંતીલાલ પૂજારા

મુંબઈમા મથુરાદાસ ગોકુળદાસ નામના મહાન ઉદ્યોગપતિ થઈ ગયા તેઓ ભારે સેવાભાવી હતા એક સાથે ચૌદ કારખાનાની વ્યવસ્થાનો ભાર ઉપાડતા કારખાનામા કામ કરનાર દરેક માણસનુ અંગત ધ્યાન રાખતા જેટલા કામદારો કામ કરતા એ બધાને તેઓ અંગત રીતે ઓળખતા હતા. દરેકના નામઠામ જાણતા હતા એક દિવસની વાત છે તેમણે એક મુનીમને જોયો દેખાવ પરથી લાગ્યુ કે તબિયત બરાબર નથી એટલે પૂછ્યુ 'મુનીમજી તબિયત બરાબર નથી ?'

'શેઠજી સંગ્રહણી થઈ છે ઝીણાની । । । '

'તો રજા પર ઊતરી આરામ કરો.'

'થોડીક રજાઓ ભોગવી હવે હદ છે કે બધી રજાઓ ખૂટી ગઈ છે નિયમ મુજબ હવે કપાત પગારે જ રજાઓ મળી શકશે કપાત પગારની રજા ઉપર ઊતરું તો કુટુંબ શુ ખાય ?'

તરત તેઓ બોલી ઊઠ્યા 'એવું તે કદી હોતું હશે માનવી મરવા પડે તોય નિયમને જડ રીતે વળગી રહેવાનુ ? તમે ખુશીથી ઘેર જઈ આરામ કરો તબિયત સારી થાય ત્યા સુધી રજા ભોગવજો એક પૈસો પણ કાપવામા નહી આવે અને જુઓ, નબળી તબિયતને કારણે તમારે પગાર લેવા આંટી ધક્કા ખાવાની જરૂર નથી દર પહેલી તારીખે ઘેર બેઠા પગાર મળી જશે '

મુનીમ આ પ્રેમાળ ઉદ્યોગપતિને વંદી રહ્યો ☆

મારે દર અઠવાડિયે દુકાન માટે માલ ખરીદવા સુરેન્દ્રનગર જવુ પડે છે ત્યં ઘણા ગાડાવાળા છે એમાથી એકાદનુ ગાડુ બાંધી લઈ માલ લઈ આવીએ હુ તો બને ત્યા સુધી રેમતનુ ગાડુ જ બાંધુ રેમત આમ તો મીયાણો છે, પણ માલની ભારે જાળવણી કરવાવાળો એના ગાડામા માલ આવે ત્યારે કદી તૂટેફૂટે નહી કે ઓછો થાય નહી ઘણા કહેતા 'મીયાણાનું ગાડુ બાંધવુ સારુ નહી ગમે તેટલો સીધો તોય આપનુ બચ્ચુ '

હુ કહેતો 'બીજા મીયાણા ગમેતેવા હોય. આ તો ખૂબ સુંવાળો છે '

'સાપે ક્યા ઓછો સુંવાળો હોય છે ! પણ દંશ દે તો જીવ લઈને જ જંપે છે '

લોકોની દલીલને વશ હું થતો, પણ એ કોઈ દિવસ હાજર ન હોય ત્યારે મારે બીજા કોઈનુ ગાડું બાંધવુ પડત પણ બીજા ગાડાવાળા તરફથી જોઈ તો સંતોષ મળતો નહોતો બીજા ગાડાવાળા બબ્બીથી ખાંડ, અનાજ કાઢી લેતા ને ખૂબ નુકસાન પહોંચાડતા રેમત એમા અપવાદરૂપ હતો

એક દિવસ મે એનુ ગાડુ બાંધ્યુ બપોરના બાર વાગતા સુધીમા માલ ખરીદી ગાડામા ભરી રવાના કરી દીધુ હુ બસમા ઘેર આવ્યો સામાન્ય રીતે પાંચ વાગતા ગાડુ આવી જાય, પણ તે દિવસે છ વાગ્યા છતા ન આવ્યું. મનમા ચિંતા પેઠી. હું તો દુકાન બહાર નીકળી વારંવાર જોયા કરુ નોકરને ગામ બહાર જોવા મોકલ્યો પણ ગાડુ આવતું દેખાયુ નહી સમય વધવા લાગ્યો એમ મારી ચિંતા ય વધી રહી હતી જે કોઈને વાત કહેતો, તેઓ કહેતા 'તમને ચેતવણી ઘણી વાર આપેલ પણ તમે ક્યા માનતા હતા? ક્યાક આડુઅવળુ કરી નાખશે તો પછી તમે શુ કરી નાખવાના હતા ?'

મને થયુ કે વાત સાચી હતી ગાડામા ત્રણેક હજારનો માલ હતો તે આડેઅવળો થઈ જાય તો ! મનમા પસ્તાવો થવા લાગ્યો

રાહ જોતા જોતા આઠ વાગ્યા રાત્રી પડી ગઈ હતી શિયાળાના દિવસો હોવાથી કાતિલ ઠંડી શરૂ થઈ હતી હવે વધારે બેસવુ નકામુ હતુ સવારે તપાસ કરીને પછી કાંઈ પત્તો નહી મળે તો પોલીસમા ફરિયાદ કરીશ આમ વિચારી દુકાન બંધ કરવાની તૈયારી કરવા લાગ્યો એટલામા એક ખટારાનો

અવાજ આવ્યો અત્યારે ખટારો કોનો હશે એ વિચાર કરી રહ્યો હતો ત્યા તો મારી દુકાને જ આવી ઊભો રહ્યો ને અ દરથી અવાજ આવ્યો 'શેઠ, ભારે થઈ માલ ખટારામા લાવવો પડયો.'

અવાજ ચિરપરિચિત રેમતનો હતો.

'રેમત, આટલુ બધુ મોડુ ! આ બધુ શું થયુ ?'

'શેઠ ફીધાની વાત નથી. બહુ હેરાન થઈ ગયો ને તમારા માલનેય થોડું નુકસાન થયુ છે, પણ મૂંઝાશો નહી નુકસાનીના પૈસા આપીશ.'

રેમત પગે લ ગડાતો હતો. તેને ઠીક ઠીક વાગેલ હતું. તે એક બાજુ બેઠો ને ખટારાવાળા માલ ઉતારવા લાગ્યા તેલના બે ડબા છુદાઈ ગયા હતા ને ઠીક ઠીક તેલ ઢોળાઈ ગયુ હતુ

માલ ઊતરી ગયો મે ચા મ ગાવી સૌને પીવરાવી ચ્હા પીતા પીતા રેમત બોલ્યો 'શેઠ, આજ ભારે થઈ. ગાડુ અધવચ્ચે આવતા ટાયર એકાએક ફાટયુ ને ગાડુ ઊ ધુ પડી ગયું હુ નીચે પછડાયો ને ગાડામાથી ઘણો સામાન નીચે પડયો. આજુબાજુ ખેતરમા કામ કરતા ખેડૂતો મદદે આવ્યા ને મને બહાર કાઢયો મને ઠીક ઠીક વાગ્યુ. બળદ ટુ પાતા હતા એમને છોડી નાખ્યા તેલના ડબા ઊ ધા પડવાથી છૂંદાયા હતા એમને તેલ ન જાય એવી રીતે મૂક્યા હવે ગાડુ આગળ વધી શકે તેમ નહોતું મને વાગવાથી ચાલી શકતો નહોતો કોઈ ખટારો નીકળે તો વહેલી તકે માલ પહોચતો કરી દઉ એમ વિચારતો ત્યા જ બેઠો બે-ત્રણ ખટારાવાળા નીકળ્યા તેમણે મારી મુશ્કેલીનો લાભ લેવા ત્રીસ રૂ ભાડુ કીધુ મે એમને સમજાવ્યા. પણ માન્યા નહી. એમા આ ખટારાવાળો દશમા આવવા તૈયાર થયો એટલે તેમા મહામહેનતે બધો માલ ચઢાવ્યો.

'શેઠ, મારી પાસે અત્યારે તો પૈસા નથી તમે ડ્રાઈવરને દશ રૂપિયા આપો તૂટેલા તેલના ડબાનો તોલ કરી જુઓ જેટલુ ઢોળાયુ હોય એના પૈસા ગણી કાઢો

મે કહ્યુ 'રેમત, પૈસાદાર લાગે છે માલની નુકસાની ભરપાઈ કરવાની તારામા શક્તિ છે ?'

'શેઠ, મારા કપડા તરફ જુઓ. મારી પાસે પૈસાની સગવડ હોય તો આવા ફાટલતૂટલ કપડા પહેરું ખરો ? પણ મારા પગમા જુઓ રૂપાના તોડા પહેરેલ છે. પચાસ તોલાના છે એ આપતો જઈશ, છતાં કાંઈ બાકી રહેશે તો તમારો માલ લાવું છું એની મજૂરીમા વાળી દઈશ અમે તમારો માલ ગાડામા ભર્યો એટલે તમારી દુકાને ઉતારી ન દઈએ ત્યા સુધીની અમારી જવાબદારી ગણાય. એમા નુકસાન થાય તો અમારે આપવુ જોઈએ '

મે જોયુ તો બધુ મળીને સોએક રૂપિયાનું નુકસાન થયુ હતુ. તેણે રૂપાના તોડા કાઢવા માડયા ને કહ્યુ 'શેઠ, આ તોડા વેચીને પૈસા ઊપજે એમાથી તમારા લઈ લેજો ને વધે તો પાછા આપજો. જો ન વેચો તો હુ તમારે ત્યા માલના ફેરા કરી જઈશ સો રૂપિયાના ફેરા થઈ જાય એટલે પાછા આપજો.

મે કહ્યું 'રેમત, મારે તારુ કાંઈ નથી જોઈતું. હુ માનીશ કે ધ ધામા સો રૂપિયાની ખોટ આવી હતી તારા જેવા ગરીબનુ ન લેવાય '

'શેઠ, મારો બાપ ચોરીનો ધ ધો જ કરતો હતો. પણ એથી તેઓ કદી સુખી થયા મે જોયા નથી મે નક્કી કર્યું કે મહેનત– મજૂરી કરી ખાવી ને ખુદાતાલ જે આપે તેમા સ તોષ માનવો. આજે મારી પાસે ભલે મૂડી ન હોય, પણ રોટલે તો સુખી છુને. મે માગ ધ ધામા કદી ચોરી ન કરવાનુ નક્કી કરેલ છે મારા ગાડામા વેપારીના ગોળના રવા ખડકાયેલા હોવા છતા રોટલામા ખાવા હુ ઘેરથી જ ગોળ લેતો આવું છુ હુ મી યાણો હોવા છતા મારુ ગાડુ બાધવાવાળા ખૂબ છે મારે કદી બેસી રહેવુ પડતુ નથી.'

મે કહ્યુ 'પ્રામાણિક માનવી હ મેશ સુખી થાય છે '

તે ખૂબ આગ્રહ કરી તોડા આપવા લાગ્યો તેણે એ ન લેતા કહ્યુ 'તમને આટલી બધી નુકસાનીમા ઉતાર્યા ને હવે કયા મોઢે ભાડાના પૈસા લઉ ? હવે હું જઈશ ગાડુ ને બળદ વગડામા રેઢા છે '

ફરજપાલનની ઉત્કટ ભાવનાવાળા મી યાણાને જતો હુ જોઈ રહ્યો મે ભલે નુકસાનીના પૈસા ન લીધા, પણ ઈશ્વરે એ માલમા ખૂબ નફો આપ્યો.

પરિવર્તન

બાબુલાલ કે જોશી

વાસિલી લિખોવિડોવ ગામનો બાહોશ ખેડૂત હતો પરંતુ ૨૦ જૂન ૧૯૪૧મા જર્મનીએ રશિયા પર અચાનક આક્રમણ કર્યું ત્યારે તે રશિયન ફોજમાં ભરતી થઈ ગયો. સુંદર પત્ની ને બે બાળકીઓને છોડીને ખારકોવ ચાલ્યો ગયો.

થોડા સમયમા જ વાસિલી ઉચ્ચ કક્ષાનો સૈનિક બની ગયો તેનો હોદ્દો વધારી દેવામા આવ્યો તેને ફ્રંટ પર મોકલવામા આવ્યો પૂરા ૨૮ મહિના તે ફ્રંટ પર રહ્યો

ધીમે ધીમે વાસિલીની પ્રતિષ્ઠા વધવા લાગી એનાથી તેને નુકસાન એ થયું કે તેને હવે એક પણ દિવસની રજા મળવી અશક્ય થઈ પડી.



રશિયન ગેરીલાઓ જીતેલી ફોજને એટલી તો પરેશાન કરી મૂકતા કે ક્યારેક ક્યારેક જર્મન સૈનિકો નિરાધાર રશિયન સ્ત્રીઓ, વૃદ્ધો અને બાળકો પર ગુસ્સો ઠાલવતા. પરિણામે રશિયન અને જર્મનો એકબીજાના કટ્ટર દુશ્મનો બની ગયા આમ બંને વચ્ચેની દુશ્મનાવટ સાપ-નોળિયાથી પણ વધી ગઈ રશિયન ખેડૂત પર જૂલમ ગુજારતો જો કોઈ સૈનિક, રશિયન જર્મન સૈનિકના હાથમા આવતો ત્યારે તેની બૂરી વલે કરવામા આવતી. પરંતુ વાસિલી પોતાના સાથીઓને રોકતો કહેતો 'જર્મનોની માફક આપણે પણ જંગલી પશુ બની જઈશુ તો આપણામા ને નાઝીઓમા ફરક શું રહેશે ?'

ક્રમશ જર્મનો આગળ વધતા ગયા. વાસિલીનું ગામ, તાલુકો, જિલ્લો બધુ જ નાઝીઓના કબજામા આવ્યુ વાસિલીને હવે પત્ની અને બાળકીઓના સમાચાર મળતાય બંધ થઈ ગયા. હવે તેના પર એક પ્રકારનુ ઝનૂન સવાર થઈ ગયું હતું અનેક વાર તે મોતના મોમા ફરી પડતો, પણ એમા એ આબાદ રીતે બચી જતો. પણ સ્તાલિનગ્રાદના યુદ્ધમા જ્યારે વાસિલીની અપ્રતિમ બહાદુરી જોઈ ત્યારે તેને બહાદુરીનો ચંદ્રક મળ્યો.

હવે રશિયાની જીત થઈ રહી હતી. તેની ફોજ પાછી ખારકોવ તરફ ફરી ત્યારે ઘેર જવા માટે દસ દિવસની રજા મળી. ને તે શરતે જ કમાંડરનો હુકમ મેળવી એ પોતાના ગામ તરફ રવાના થયો.

લિખોવિડોવ ગામ પાસે એ પહોચ્યો ત્યારે સવાર પડી ગઈ હતી ગામના કેટલાક ભાગોમાથી ધુમાડાના ગોટા અને આગની જ્વાળાઓ નીકળતી દૂરથી દેખાઈ. તે સમજી ગયો કે જર્મનો ભાગતા ભાગતાય ગામને આગ લગાડતા ગયા છે પણ બરફના વરસાદને કારણે આગ વધુ ફેલાવા પામી ન હતી

ગામમા પ્રવેશતા જ નજીકના અર્ધસળગેલ એક મકાનમાથી કોઈ સ્ત્રીના રડવાનો કરુણ સ્વર સંભળાયો ઘણા લાંબા સમયે પત્નીને મળવા એ આવ્યો હતો પોતાની વહાલસોયી બેબીને મળવા મન તલપી રહ્યુ હતું છતા તેનું દયાળુ દિલ તેને એ મકાન તરફ ખેંચી ગયું.

મકાન પાછળના ખુલ્લા મેદાનમા બેઠી બેઠી એક સ્ત્રી રડતી હતી તેને જોઈ તે વધુ રડવા લાગી. વાસિલીએ લડાઈના પૂરા ૨૯ વર્ષો દરમ્યાન પણ નહિ જોયુ હોય તેવું ભયંકર દૃશ્ય જોયુ બરફ છવાયેલા મેદાનમા બે બાળકોની અર્ધી સળગેલી લાશો પડી

હતી. તે સ્ત્રી રડતી રડતી બોલી 'કાલે જર્મનો જતા જતા ઘરને આગ લગાડતા ગયા હતા તે આવ્યા ત્યારે હું ઘર પાછળના ખાડામાં છુપાઈ હતી ને બહાર રમવા ગયેલા મારા બે દીકરા આવ્યા ત્યારે ઘર બળતું હતું હું ખાડામાંથી તેમને લેવા બહાર નીકળી. પણ જર્મનોને જોઈ પાછી વળી ગઈ મને એમ કે તેઓ ફૂલ જેવા બિચારા બાળકોને છોડી દેશે. પણ એ નરાધમોએ તો તેમને પકડીને સળગતા મકાનમાં ફેંકી દીધા '

વાસિલીથી ત્યાં વધુ વખત ઊભા રહી શકાયું નહીં એક પણ શબ્દ બોલ્યા વિના તે તેના ઘર તરફ ભાગ્યો તેને કુટુંબની ચિંતા મનમાં થવા માંડી એક શ્વાસે તે ઘેર આવ્યો જોયું તો મકાન સલામત હતું. બાગ–બગીચા પણ જેમના તેમ જ હતા પણ આ શું ? ચારે તરફ બિલકુલ સ્મશાન–શાંતિ છવાયેલી હતી,

તેણે એકદમ અંદર જઈ બારણું ખખડાવ્યું પણ કંઈ જવાબ ન મળ્યો બીજી વાર, ત્રીજી વાર ખખડાવ્યું પણ જવાબ ન મળ્યો અંતે થાકીને પત્નીને બૂમો પાડવા માંડી એટલામાં પાછળથી એક ચિરપરિચિત સ્વર સંભળાયો 'સાહેબ !'

વાસિલીએ પાછળ જોયું તો તેનો વૃદ્ધ પાડોશી સોબર હતો વાસિલીએ ખૂબ જ ઉત્કંઠાથી પૂછ્યું બોલો સોબર, અન્ના ક્યાં ? લિજા ને માર્યા ક્યાં છે ?'

સોબરે કહ્યું 'ત્યાં બાગ પાછળના ખાડામાં છુપાયા છે તમારા મકાનમાં જર્મન કમાંડરે અડ્ડો બનાવ્યો હતો હમણાં એમને બોલાવી લાવું છું'

વાસિલી ઊંચા મને પત્ની અને દીકરીઓની વાટ જોવા લાગ્યો થોડી વારે એક નારીમૂર્તિ આવતી દેખાઈ ઓહ ! આ અન્ના ! એ તો અન્નાને એક યુવતીના રૂપમાં છોડી ગયો હતો એ જ અન્નાના મો પર કરચલીઓ પડી ગઈ હતી તેનો હાથ પકડીને એક દૂબળી છોકરી ચાલતી હતી તે માર્યા હશે. હવે તો પાંચ વર્ષની થઈ ગઈ છે વાસિલીના મો પર હાસ્ય ફરક્યું, પણ આ શું ? આટલા લાંબા સમયે મળવા છતાં અન્નાના મો પર હાસ્ય કે આનંદની આછી રેખા પણ કેમ દેખાતી નથી ! વાસિલીએ નાની દીકરી માર્યાને ઊંચકી લીધી ને અન્નાને પૂછ્યું 'લિજા ક્યાં છે ? હવે તો એ ઘણી મોટી થઈ ગઈ હશે '

અન્નાની જડવત્ આંખોમાં આંસુ છલકાયાં તેણે બોલવા હોઠ ખોલ્યા, પણ એકે શબ્દ ન બોલી શકી તેણે ફક્ત આંગળીનો ઇશારો બાગ તરફ કર્યો વાસિલી સમજ્યો કે લિજા બીમાર હશે તે અન્નાનો હાથ પકડી તે તરફ ચાલ્યો સોબર પણ પાછળ પાછળ ચૂપચાપ ચાલવા માંડ્યો

બાગનું મેદાન બરફથી છવાયેલું હતું વાસિલીને લાગ્યું કે તે કોઈ સ્વપ્ન જુએ છે આજ સવારે જોયેલું મહાભયંકર હૃદયવિદારક દૃશ્ય જાણે તેનો પીછો છોડવા માગતું ન હતું અહીં પણ બાગના ખૂણામાં એક બાળકીની અર્ધી સળગેલી લાશ પડી હતી

અન્ના મોટેથી રડવા લાગી નાની માર્યા પણ હીબકાં ભરવા લાગી વૃદ્ધ સોબર પણ આંખો લૂછવા લાગ્યો વાસિલીની સમક્ષ તેની પ્યારી દીકરી લિજાનો મૃતદેહ પડ્યો હતો લિજા ખરેખર જુવાન બની ગઈ હતી કાલ સુધી તો જીવતી હતી પૂરા ૨૯ મહિના સુધી બાપના આવવાની વાટ જોતી રહી અને ત્યાર બાદ !

વાસિલી એકદમ ગંભીર બની ગયો એક સૈનિકની પૂર્ણ ચેતના જાગૃત થઈ દિલ પર કાબૂ રાખી, પત્નીના ખભે હાથ મૂકી કહ્યું 'અન્ના, ધીરજ રાખ અને શું બન્યું તે કહે.'

અન્ના ચૂપ રહી વૃદ્ધ સોબરે કહેવા માંડ્યું. 'જર્મન કમાન્ડરે તમારા મકાનમાં અડ્ડો બનાવ્યો હતો અન્ના અને બેય છોકરીઓ પાછળના ખાડામાં છૂપાઈ હતી ગામલોકોએ ખાસ તકેદારી રાખી હતી કે જર્મન કમાન્ડરને એ ન જાણવા મળે કે અન્નાનો પતિ લશ્કરી અફસર છે

'પરમ દિવસે જર્મન કમાન્ડરનો જન્મદિવસ હતો રાતે તેણે અને તેના સાથીદારોએ ખૂબ જ દારૂ પીધો મોડી રાતે બધા જતા રહ્યા ત્યારે જર્મન કમાન્ડરે તેના જર્મન હજૂરિયાને કોઈ છોકરી લાવ-

વા કહ્યુ હજૂરિયાને અન્નાના છુપાવાના સ્થળની જાણ હતી અધીં રાત હોઈ, બધા ઘસઘસાટ ઊંઘતા હતા. તે નીચે ત્યા પહોંચ્યો ને ચૂપચાપ લિઝાને ઉઠાવી લાવ્યો બહારની ઠંડી હવા લાગતા લિઝા જાગી ગઈ પણ એ ચીસ પાડે નહિ એ માટે એનું મો દબાવી દીધુ

'જર્મન કમાન્ડરની ઇચ્છા બળાત્કાર કરવાની હતી લિઝા ઘણી કરગરી પણ કમાન્ડર ન માન્યો અને તે લિઝાએ પોતાનુ શિયળ બચાવવા કમાન્ડરના નાકે બચકુ ભરી. નાક જ તોડી લીધુ આથી કમાન્ડર ખિજાયો ને પિસ્તોલથી લિઝાને

'જ્યારે કમાન્ડર ભાનમા આવ્યો ત્યારે તેણે પોતાનો ગુનો છુપાવવા લિઝાના શરીર ફરતા કામળો વીટાળીને પેટ્રોલ છાટી સળગાવી દીધી.'

એગર આટલુ કહી ચૂપ થઈ ગયો વાસિલી ચૂપચાપ સાભળી રહ્યો તે ચૂપચાપ અપલક દૃષ્ટિએ પોતાની પ્યારી દીકરી લિઝાના દેહ સામે જોઈ રહ્યો તેને લાગ્યુ કે આ લિઝાનુ અર્ધ સળગેલુ શરીર, મસળેલા ફૂલ જેવુ શરીર, તેની લાડલી દીકરી લિઝાનુ જ નહી, પણ તેની મહા મહિમાશીલ માતા—રુસ માતાના હજારો–લાખો માસૂમ બાળકોનુ પ્રતીક છે ને વાસિલી જાણતો હતો કે એવો કયો મહાદાનવ છે, જેણે રુસમાતાના ઘરના વિશાળ આગણાને એક મહાસ્મશાનના રૂપમા ફેરવી નાખ્યુ છે

વાસિલીએ જાણે પોતામા એક નવી જ શક્તિ પ્રવેશી હોય એવુ અનુભવ્યું તેણે પત્નીને કહ્યુ નહિ કે તે રજા લઈને આવ્યો છે માયાને પ્યાર કરી, અન્નાની વિદાય માગી, એ જ વખતે ખારકોવ તરફ એ રવાના થઈ ગયો

વાસિલી રજાના પહેલે જ દિવસે પાછો ફર્યો એ જોઈ કમાન્ડર પણ ખૂબ નવાઈ પામ્યો તેમાયે જ્યારે તેણે તેની રજાઓ રદ કરવાનુ કહ્યુ ત્યારે વધુ નવાઈ લાગી વાસિલીએ એ પણ કહ્યુ કે, 'જ્યા સુધી લડાઈ ચાલુ રહે ત્યાં સુધી તેને એક ક્ષણની પણ રજા ન જોઈએ'

વાસિલી હવે ઘણો જ બદલાઈ ગયો હતો તેની બહાદુરી અને સમજદારી તો પહેલાથી પણ વધી ગઈ હતી હવે તેના ઉપર એક જાતનુ ઝનૂન સવાર થઈ ગયુ હતુ જર્મન નામથી જ તેને ઊંડી ઘૃણા થતી હતી પોતાની ડાયરીમા તેણે આ ત્રણ વાક્યો નોંધ્યા હતા—

'કોઈ પણ જર્મન માટે ક્ષમા નહિ' 'કોઈ પણ જર્મન માટે દયા નહિ!' 'કોઈ પણ જર્મનને મારવો એ એક અનેરો લ્હાવો છે

વાસિલીને હવે જિંદગી ઉપર મોહ થયો હતો પહેલાની જેમ હવે તે આધળુકિયા કરી મોતના મોમા કદી પડતો ન હતો હવે તે જીવતો રહીને વધુ ને વધુ જર્મનોને મોતને ઘાટ ઉતારવા માગતો હતો.

હવે વાસિલીની સેના જર્મનીના ફ્રેંકફર્ટ સુધી પહોંચી હતી હવે જર્મનોની લગાતાર હાર થતી હતી. હવે વાસિલી ઘણા વખતથી ક્રોધ ઠાલવી રહ્યો હતો તેની નજર સામે હજારો જર્મન સૈનિકો ને નાગરિકોની કતલ થતી હતી ફ્રેંકફર્ટ નગરની ભૂંડી દશા કરવામા આવી હતી

સાંજ પડી ગઈ હતી ફ્રેંકફર્ટ શહેરની સળગતી ઇમારતોનુ નિરીક્ષણ કરવા વાસિલી એકલો જ નીકળી પડયો આગની આ ધધકતી જ્વાળાઓ જાણે તેના બદલાની આગથી સળગતા હૃદય પર ચંદનનો લેપ કરતી હતી શહેરની શેરીઓ નિર્જન અને નિસ્તબ્ધ હતી અચાનક નજીકના સળગતા મકાનમાથી દર્દભર્યો કરુણ સ્વર સભળાયો કોઈ રડતુ હતુ અવાજમા વેદના અને ક્ષીણતા હતી.

વાસિલીએ ધ્યાનથી સાભળ્યું ક્ષણવાર તો તેને લાગ્યુ કે શત્રુઓનુ કઈક છટકુ હશે પણ તે પોતાની તાકાતવાન સ્ટેનગન પર હાથ રાખીને સળગતા મકાનમા દાખલ થયો મકાન સળગી ગયું હતુ ક્યાક ક્યાક આગની જ્વાળાઓ નીકળતી હતી તેના આછા પ્રકાશમા વાસિલીએ એક ખૂબ જ કરુણ દૃશ્ય જોયુ એક જર્મન સ્ત્રી મરેલી પડી હતી ને તેની નિર્વસ્ત્ર છાતી પાસે એક ત્રણ વર્ષની છોકરી બેઠી બેઠી રડતી

હતી ક્ષણવાર તો તે તાકી રહ્યો. પછી એ ફૂલ જેવી કોમળ છોકરીને ઉઠાવી લીધી છોકરી ક્યારની રડતી હતી વાસિલીના હાથમા આવતા શાત થઈ ગઈ

ત્યા પણ ધુમાડો હતો તેથી તે બહાર આવ્યો. વાસિલીને ત્યારે જ ભાન આવ્યુ કે તે અત્યારે ફ્રેંકફર્ટમા છે અને તે દુશ્મનનુ પ્રથમ શહેર છે, જેને તેઓએ હજી થોડી વાર પહેલા જ ખેદાનમેદાન કરી નાખ્યુ હતુ આ ટબૂકલી જેવડી છોકરી પણ જર્મનની જ હતી ને !

વાસિલીએ ક્રોધભરી દૃષ્ટિએ છોકરી સામે જોવાનો યત્ન કર્યો પણ તે એટલો ઉત્તેજિત ન થઈ શકયો છોકરીના હીબકા પણ હવે બધ થઈ ગયા હતા. વાસિલીને પોતાની તરફ તાકી રહેલો જોઈ તે ધીરેથી બોલી ' પપ્પા ! ' ને સાથે જ તે નિર્મળ અને અત્યત મધુરભાવે હસી

વાસિલીએ છેલ્લા ૪૪ મહિનામા એક વાર પણ આવુ સ્મિત જોયુ નહી હોય વાસિલીને યાદ આવ્યું કે આજથી પોણા ચાર વર્ષ પહેલા જ્યારે લશ્કરમા ભરતી થવા આવ્યો હતો ત્યારે તેની નાની દીકરી માર્યા પણ આ રીતે જ હસતી હતી પણ તેની સાથે તેને લિજાની યાદ પણ આવી ગઈ એક જર્મન નાઝી પિશાચે કેટલી ક્રૂરતાથી એ પવિત્ર છોકરીનો જીવ લીધો હતો ! ને આ છોકરી પણ કોઈ જર્મનની જ છે ને !

વાસિલી છછેડાયો તેને લાગ્યું કે તે છોકરીના ભલે ટુકડેટુકડા ન કરી શકે. પણ એને સળગતા મકાનમા તો એ જરૂર ફેંકી શકશે

ત્યા જ છોકરી ફરી વાર મધુરતાથી બોલી 'પપ્પા. ' ને થોડી વાર અટકીને તેની કાલીઘેલી ભાષામા બોલી ' મને ભૂખ લાગી છે, પપ્પા !'

વાસિલી અત્યાર સુધીમા થોડી થોડી જર્મની ભાષા સમજવા લાગ્યો હતો એને લાગ્યુ કે તે કોઈ નબળાઈ અનુભવે છે કઈ નહી તો એ એટલો તો કઠોર બનવા માગતો હતો કે તે છોકરીને અહી જ છોડી દે. તેણે જબરદસ્તીથી છોકરીને દૂર હડસેલવાનો પ્રયત્ન કર્યો પણ કદાચ બાળકી તેને ભૂલથી જ પોતાનો પિતા સમજી બેઠી હતી કદાચ તેનો પિતા પણ જર્મન ફોજમા હશે ફરી તે છોકરી વાસિલીને વળગી પડી ને બોલી 'પપ્પા ! પપ્પા !'

વાસિલીએ તેની પરવા ન કરી તે નાનકડી છોકરીને છાતીથી અલગ કરીને, સૂમસામ નિર્જન રસ્તા વચ્ચે એકલી છોડી ચાલવા માડ્યો

છોકરી ક્ષણવાર તો બેબાકળી બની ગઈ ને પછી 'પપ્પા—પપ્પા' કરતી દોડાયું ત્યા સુધી એની પાછળ પાછળ દોડી

થોડેક દૂર વળાક હતો ત્યા એક તૂટેલી દીવાલ પાછળ વાસિલી છુપાઈ ગયો જોયું તો છોકરી થોડે દૂર સુધી દોડી ને પછી નિરાશ થઈ, એ નિર્જન સડક વચ્ચે બેસી ગઈ ભયકર રાતના અધકારમા એ કરુણ સ્વરે રડવા લાગી, 'પપ્પા પપ્પા . પપ્પા.'

આખરે વાસિલી હાર્યો એક અગૂઠા જેવડી છોકરી ભૂલમા તેને પોતાનો બાપ સમજી બેઠી હતી તેની માનો પત્તો નથી બાપનું ઠેકાણુ નથી તેણે કોણ જાણે ક્યારનુ યે ખાધુ નહિ હોય — પીધુ નહી હોય

દીવાલ પાછળથી નીકળીને વાસિલી ઝડપથી પાછો ફર્યો એ નાનકડી છોકરીને પ્રેમથી ઉઠાવીને ચૂમી લીધી જાણે પોતાની જ દીકરી ન હોય ! ને યુદ્ધ પછી જ્યારે વાસિલી ઘેર પાછો ફર્યો ત્યારે પદર વર્ષની લિજાની જગ્યાએ ત્રણ વર્ષની એક બીજી છોકરીને પોતાની સાથે લાવ્યો લોકોને તે કહેતો હતો કે, ' મારી લિજા રૂપ બદલીને પાછી આવી છે. '



ડોકટર નહિ, દેવ

સવિતા રાણપુરા

પ્રિય મેડિકલ ઓફિસર, પુરુષોના મેડિકલ વોર્ડમા રાઉન્ડમા નીકળ્યા હતા રોજ કરતા આજ કાક વધુ નિરાત હતી. રવિવાર હોવાથી આઉટડોર પેશન્ટની ગિરદી નહોતી. એટલે દરેક દરદીના પલગ પાસે ઊભા રહીને તેની તબિયત વિષે, તેની અન્ય મુશ્કેલીઓ વિષે સહાનુભૂતિથી પૂછપરછ કરતા હતા. હસાવતા હતા. દરદીના ચહેરા ઉપર સંતોષની, આનંદની ચમક જોઈ ને ડોકટર ખુશ થતા હતા. બધાયને પૂછપરછ કરવામા, વાતો કરવામા અર્ધા કલાક ઉપરનો સમય પસાર થઈ ગયો હતો તેઓ બીજા બારણા નજીક આવી ગયા હતા. બારણા પાસેના દરદીના પલગ પાસે ઊભા રહેતા પૂછ્યુ

'કેમ છે ભાઈ?'


'સારુ છે.' દરદીનો અવાજ મગ્કાટવાળો હતો ને ચહેરા ઉપર કશાક દુખની, કશીક ચીડની રેખાઓ હતી

'કેમ ભાઈ, આમ બોલો છો?'

'તમારે શું? પડ્યા છીએ જાવ, સાહેબ! જાવ, તમારે મોડુ થતુ હશે.' કહીને દરદી પડખુ ફરી ગયો

ડોકટરને લાગ્યુ કે આને કાક દુખ થાય એવો બનાવ બન્યો લાગ્યો છે એના ખભા પર હાથ મૂકતા પૂછ્યુ 'બોલો, ભાઈ! શું થાય છે તમને? કોઈએ કંઈ....'

'કોઈએ કંઈ નથી કીધુ. પણ તમારે અમારી કયા પડી છે?' અને પછી ડોકટર સામે જોઈને બોલ્યો. 'ત્રણ દિ'થી હુ જોઉ છુ, કે તમે ..' કહેતા દરદીનુ ગળુ ભરાઈ ગયુ તેનો સ્વર રૂંધાવા લાગ્યો ને ડોકટરનો હાથ તેના માથા પર ફરતો રહ્યો દરદી ધ્રુસકે ને ધ્રુસકે રડી પડચો.



ડોકટરે એને રડી લેવા દીધો પછી પાસેના સ્ટૂલ ઉપર બેસીને પૂછ્યુ 'તમને કોઈએ કાંઈ કહ્યુ હોય, કોઈ ગુસ્સે થયુ હોય, તમારી સારવારમા વાધો આવ્યો હોય તો મને કહો. હુ બધી જ વ્યવસ્થા કરાવી દઉ'

'કંઈ જ નથી પણ તમે ત્રણ દિવસથી મારા પલગ પાસેથી પસાર થાઓ છો, પણ કદી મને બોલાવ્યો નથી કદી પૂછ્યુ નથી. સૌને પૂછો ને મને જ નહિ. ? હા હા. સાહેબ, હુ ગરીબ છું ને એટલે ' કહી એ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો

ડોકટરને દુખ થયું પોતે ઉતાવળમા આ દરદીની ખબર પૂછવાની ભૂલી જતા તેનુ ભાન થયુ પોતાની નાનકડી એવી બેદરકારી 'દરદીના હૃદય ઉપર' કેટલો આઘાત લગાડી ગઈ છે તેની પારવાર વેદના તેમને થવા લાગી.

૧૨ × ૩

'ભાઈ, હુ રોજ તમારી પાસે આવીશ મારે તો બધા જ દરદીઓ સરખા અહી કોઈ ગરીબ નથી, કે કોઈ શ્રીમત નથી ' કહી ડોકટરે પોતાની

ઉતાવળને લીધે રહી ગયેલી બેદરકારીની વાત સમજાવીને દિલગીરી વ્યક્ત કરી

દર્દીના ચહેરા ઉપર પ્રસન્નતાની ચમક પથરાઈ ગઈ તેણે ડોક્ટરના બંને હાથ જોરથી પકડીને કહ્યુ 'બસ, મારે આટલુ જ જોઈતુ હતુ તમે બોલાવો, પૂછો સહાનુભૂતિ ને હવે ઘણુ સારુ છે ઘણુ'

ડોક્ટર ગયા પણ તેમના મનમા એક નવો વિચાર દર્દીએ મૂકી દીધો આવડી મોટી હોસ્પિટલમા દર્દી ઘણા, વહીવટ, ઘણુ કામ ને પરિણામે અજાણતા આવી જતી થોડી બેદરકારી

તેમણે તરત જ સ્ટાફની મીટિંગ બોલાવી દરેકને સૂચના આપી કે દર્દીની બરાબર કાળજી લેવાય છે પણ એના વોર્ડ પાસેથી કે પથારી પાસેથી પસાર થતી વખતે એની સામે સ્મિત કરો એને પૂછો. બસ આપણુ કામ ઘણુ સરળ બની જશે મીડવાઈફ નર્સ અને પટાવાળાઓને પણ દર્દી સાથે સહાનુભૂતિભર્યો વર્તાવ રાખવાની સૂચના આપી દીધી

અને ત્યાર પછી ડોક્ટરે દિવસમા બે વખત રાઉન્ડમા નીકળવાને બદલે ચાર વખત નીકળવાનુ રાખ્યુ દર્દીઓમા રાહતની લાગણી પ્રગટી એમના દરદમા પણ ઝડપી સુધારો થતો હોવાનુ જણાયું

કેવળ પોતાની ડયુટીના સમય પૂરતી જ દર્દીની કાળજી નહિ રાખતા, ફરજના સમય બહારની લેવાતી આ કાળજીથી દર્દીઓમા ઘણી પ્રસન્નતા છવાઈ ગઈ.



સવારના સાત વાગ્યા છે ડોક્ટરના ઘરનાં બારણા પાસે એક ગ્રામ્યનારી ઊભી છે ડોક્ટર એને અંદર બોલાવે છે, 'શું છે બહેન ?

'મારે હોસ્પિટલમા દાખલ થવુ છે'

'શુ થાય છે ?'

'તમે તપાસોને. મને નબળાઈ છે કોઈ કે' છે ક્ષય રોગ છે.'

ડૉક્ટર તપાસે છે ક્ષય નથી કેવળ પૌષ્ટિક ખોરાકના અભાવે અશક્તિ આવી ગયેલી છે

'તારી પાસે કેટલા પૈસા છે ?'

બાઈ વિચારમા પડી જાય છે પછી પોતાના પાલવની પોટલી છોડે છે ને કહે છે 'આ છે મારી મૂડી'

ડોક્ટર જુએ છે બારતેર રૂપિયા હતા એમા

'ક્યાથી આવે છે ?'

'બોડિયાથી ત્રણ ગાઉ થાય આંહીથી બે નાના છોકરાને મૂકીને આવી છું. ઘરવાળો કૂવા ગાળવા ગયો છે એ હારે આવત, પણ દા'ડો પડે તો છોકરાને શું ખવરાવે ? બાઈ એકધારુ બોલી ગઈ.

'તને કાંઈ નથી ચાલ, તને દવા અપાવું. કહીને હોસ્પિટલની સામેના મેડિકલ સ્ટોર સુધી એને લઈ ગયા તેને શકિતની દવા અપાવી ને પાચ રૂપિયા આપી કહ્યુ 'લે, જા, છોકરા માટે કંઈક ખાવાનુ લઈ જજે ને દવા ખલાસ થાય ત્યારે ફરી આવજે.'

બાઈ પગે લાગીને ગઈ

ગુજરાત સરકારે હોસ્પિટલોની મફત સારવાર બંધ કરવાનો નિર્ણય લીધો ને એનો અમલ ૧૫મી મે ૧૯૬૮થી કરવાનો હુકમ કર્યો આ સામે જનતામા વિરોધ તો હતો જ ને કાર્યકરો ને જનતા એમની રીતે વિરોધ વ્યક્ત કરતા હતા હોસ્પિટલોમા સારવાર લઈ રહેલા દર્દીઓમા ફફડાટ હતો. '૧૫મીથી ભોજનખર્ચ પડશે, ઈન્જેકશનખર્ચ, પથારીનુ ભાડુ આ બધુ કઈ રીતે દેવાશે ?' દર્દીઓ અધૂરી સારવારે હોસ્પિટલ છોડીને ચાલ્યા જવાના નિર્ણય ઉપર આવતા હતા 'બહાર મરી જઈશુ, પણ આ ખર્ચ આપણાથી નહિ વેઠાય. હોસ્પિટલમા કરુણ વાતાવરણ સર્જાઈ રહ્યુ હતુ કેટલાય નિરાશ, માંદલા ચહેરાઓ ઉપર મૃત્યુની કાળાશ ફરી રહી હતી ટી બી કિલનિકમા મફત સારવાર લઈ રહેલા દર્દીઓ યમદૂતને નજરે જોઈ રહ્યા હતા આખી હોસ્પિટલમા એક જ વાત ચર્ચાતી હતી

ચીફ મેડિકલ ઓફિસરના કાન સુધી આ બધી વાતો આવી હતી કેટલાક દર્દીઓ પૂછી પણ ગયા હતા પણ ડોક્ટરે કોઈને નિરાશ નહોતા કર્યા પણ ડૉક્ટર નિરાશ થઈ ગયા હતા એમના અંતરમા વેદનાનુ વલોણુ ફરતુ હતુ કોઈ નિર્ણય તેઓ લઈ શકતા નહોતા તેરમી તારીખે તેમને ઊંઘ નહોતી

આવી. કેટકેટલા દરદીઓ, આશાભરી જિંદગીની પ્રતીક્ષા કરતા આ હોસ્પિટલમાં આવ્યા હતા ભૂખ્યાં, દુખિયા, ગરીબ, નિરાધાર. જીવનના સંઘર્ષ સામે ટકી રહેવાનુ બળ મેળવવા મથતા ફિલસૂફ પ્રકૃતિના ચીટિયા સ્વભાવના એ બધાયનુ શુ કરવું? અને તેમણે એક નિર્ણય લઈ લીધો

ચૌદમીએ સવારમા તેઓ રાઉન્ડમા નીકળ્યા ત્યારે દરેક દરદીને કહી દીધુ. 'કોઈએ હોસ્પિટલ છોડવાની નથી કોઈનો ચાર્જ થવાનો નથી. ગમે તેવી વાતો થાય, ગમે તેવા સમાચારો આવે, પણ મને પૂછ્યા વગર કોઈએ હોસ્પિટલ છોડવાની નથી'

દરેક દરદીને એમણે આ વાત કરી કેટલાક દરદીઓ એમને શંકાની નજરે જોવા લાગ્યા 'આ આશ્વાસન આપતા હશે કે પછી ખરેખર કહેતા હશે?'

'પણ સરકારનો કાયદો. ? કોઈ પૂછતુ

'આ પ્રશ્ન અંગે હુ સરકાર સાથે લડીશ'

'તમે લડશો? સરકારના નોકર થઈને?' દરદીને નવાઈ લાગી

'હા, હું સરકારી નોકર પછી છુ પહેલા ડોકટર છુ હુ સરકારને એટલું તો કહીશ જ કે ૫ દરમી પહેલા જેઓ ઇન્ડોર પેશન્ટ તરીકે દાખલ થયા છે તેમની સારવાર પૂરી થાય ત્યા સુધી તેની પાસેથી કશું ન લેવું.'

'પણ સરકાર નહિ માને તો.. !'

'તો એ બધા વતી હુ લડીશ હુ ખર્ચ આપી દઈશ'

'પણ સરકાર તમારા ઉપર પગલા લેશે તો?'

'તો .. તો....નોકરી છોડી દઈશ'

દરદીઓ એમને મનોમન વંદી રહ્યા

એક રૂમ પાસે આવીને તેઓ ઊભા રહ્યા. રૂમમાથી બે બહેનો બહાર આવી બંનેએ ડોકટરને નમસ્તે કર્યાં ને કહ્યુ 'અમે કાલ જતા રહેશુ'

'હુ તમને ના કહેવા આવ્યો છુ તમે ન જશો'

'પણ ખર્ચ..'

'હુ આપીશ ચિંતા ન કરો'

એ ગ્રામ્ય બહેનોના ચહેરા ઉપર ખુશી નાચી રહી. ડોકટરની આસપાસ દરદીઓ વીંટળાઈ વળ્યા હતા ડોકટર પેલી બહેનોના બંને બાળકોને બતાવી કહેતા હતા 'આ બંને બાળકો જોયા? પેલો સૂતો એ છોકરાને એની મા લઈને આવી. લીવરનુ દરદ વધી ગયેલુ ને કશુ પેટમા ન રહે .. દાખલ કર્યો. એ બહેનને રાતે કંઈક વિચાર આવ્યો તે રાતના બે વાગે મારું દ્વાર ઉઘડાવ્યુ. મે પૂછ્યુ 'અત્યારે કેમ?'

'માતાજી સપનામા આવ્યા એમની રજા નથી મને રજા આપો. સવારમા હું ચાલી જઈશ'

મને હસવું આવ્યું એમના અજ્ઞાન ઉપર. એ વખતે મેં કડક થઈને કહી દીધુ

'તમારા માતાજી મને સ્વપ્નમા કહે તો સાચુ માનું જાવ, તમારે જવું હોય ત્યા જજો છોકરાને અહી જ રાખવાનો છે'

ને એ પાછી ગઈ ત્રીજે દિવસે આ બહેન એમના છોકરાને લઈને આવ્યા સારુ થઈ ગયુ હતુ. અત્યારે એ બંને છોકરા હરેફરે છે ને આનંદ કરે છે હજુ એમને અઠવાડિયાની સારવારની જરૂર છે. એમને અધૂરી સારવારે જવા કેમ દેવાય? જેને પરાણે આ હોસ્પિટલમા મોતના મુખમાંથી બચાવ્યાં એને મારા હાથે કઈ રીતે મોતને ઘાટ ઊતરવા દેવાય?'

ડોકટરની આ સહાનુભૂતિથી દરદીઓ હિંમતમાં આવી ગયા હતા.

પંદરમી મેનુ પ્રભાત ઊગ્યું. ડોકટર સવારમાં રાઉન્ડમા નીકળ્યા ટી બી કિલનિકમાથી બે, અને જનરલ વોર્ડમાંથી એક દરદી રાતોરાત ચાલ્યા ગયા હતા. ડોકટરને દુઃખ થયુ એમની આખમા આસુ આવું આવું થઈ રહ્યુ હતુ આ બધા જ પ્રસંગ વખતે હું હોસ્પિટલમા ઇન્ડોર પેશન્ટ તરીકે દાખલ થયેલ એ હોસ્પિટલ લીંબડીની રામરાજેન્દ્રસિંહ હોસ્પિટલ. એ વખતે ડોકટર હતા બુચ ઇન્ચાર્જ ચિફ ઓફિસર તરીકે. ગુજરાત સરકારે પાછળથી આ ચાર્જ પાછો ખેંચેલ



સુરાજ્યનો સંરક્ષક

સમસ્ત રાજમહેલ સ્તબ્ધ હતો. વાતાવરણ ગંભીર અને સૂમસામ હતું. થોડી વારે શિવાજી મહારાજ આવ્યા અને આસન ઉપર બેઠા. મંત્રીમંડળ ઉપર વેધક દૃષ્ટિપાત કર્યો.

'યુવરાજને લાવો' શિવાજીએ કડક સ્વરે કહ્યુ.

થોડી વારમા હંબીરરાવ મોહિતે શંભાજીને લઈ દાખલ થયા. તેના મુખ ઉપર ઉદાસીનતા હતી. આંખ જમીન સાથે જડાયેલી હતી

'અનાજી,' શિવાજીએ કહ્યુ 'યુવરાજનો અપરાધ જાહેર કરો.'

અનાજી આગળ આવ્યા. અનાજી પ્રથમ ગભરાયા યુવરાજ બદલ ક્ષમા માગવાની કોશિશ કરી. પણ શિવાજીની રાતી આંખ જોઈ, ધડકતે હૃદયે કહ્યુ ' મહારાજ, એક બ્રાહ્મણ પરિણીત સ્ત્રીને બળજબરીથી ઉઠાવી જવાનો યુવરાજ ઉપર આરોપ છે. ને એ સ્ત્રીને લિંગાણામા રાખી છે એવી પણ ખાત્રીલાયક બાતમી છે'

'તમને ગુનો માન્ય છે?' શિવાજીએ શંભાજી તરફ જોઈ પૂછ્યુ 'બોલો, તમે સ્ત્રીને ઉપાડી ગયા છો?'

'હા' શંભાજીએ ટૂંકાક્ષરી ઉત્તર આપ્યો.

'લિંગાણા પર તેને કેદ રાખી છે?'

'હા' આખા દરબારમાં ટાંકણી પડે તોય સંભળાય એવી શાંતિ પ્રસરી.

'આવા વર્તન માટે આપણા રાજ્યમાં શી શિક્ષા થાય છે એ જાણો છો ને?'

'હા, ડુંગરના માથા ઉપરથી ફેંકી દેવાની કે તોપને ગોળે દેવાની.'

'ને ખબર હોવા છતા તમે ગુનો કર્યો?'

શંભાજીએ ઊંચુ જોયું. તેની આંખમા વ્યગ્રતા હતી. ખુલાસો આપતા હોય એમ તેમણે કહ્યુ ' મહારાજ, પરિણીત સ્ત્રીને લિંગાણા પર રાખી છે એ વાત સાચી. પણ હુ તેને નસાડી ગયો નથી બળજબરીથી લઈ ગયો નથી. તે રાજીખુશીથી મારી સાથે આવી છે'



શશિન ઓઝા

'તેનો પુરાવો?' હંબીરરાવે વચ્ચે પૂછ્યુ.

'તમે એ સ્ત્રીને જ રૂબરૂમા પૂછી શકો છો'

હંબીરરાવ.' શિવાજી ગંભીરતાથી બોલ્યા, 'યુવરાજના સાહસ બદલ હસવુ કે રડવું એ જ સમજાતું નથી ઠીક છે. કાલ તમે લિંગાણા જાઓ તે સ્ત્રીને અહી હાજર કરો પછી યુવરાજ બાબત છેવટનો નિર્ણય કરશુ'

આખા દરબારે છુટકારાનો શ્વાસ છોડયો. પણ શિવાજીની નજર શંભાજી ઉપર જ હતી. તેણે કહ્યુ 'એક પરિણીત સ્ત્રીને લઈ જઈ લિંગાણા પર

રાખી છે, એ આરોપ યુવરાજે માન્ય કર્યો છે આપણી પ્રજાની સ્ત્રીઓ આપણી દીકરીઓ જેવી છે આમ છતાં યુવરાજે આ કામ કર્યું એ ગુનો જ કર્યો છે. આ ગુના માટે તેની ભોસલેકુળની તેણે ગળામા પહેરેલી માળા ને ગરીબો ને અબળાનું રક્ષણ કરવા કમરે બાંધેલી તલવાર એ બ ને ઉતારી લેવા.

'યુવરાજને આજ પૂરતી તો આ શિક્ષા હું કરું છુ અનાજી, તેની માળા ને તલવાર લઈ લ્યો બીજું આ બાબતનો નિર્ણય ન થાય ત્યા સુધી યુવરાજના ગઢના દરવાજા બધ રહેશે' ને સતપ્ત હૃદયે શિવાજી રાજદરબારમાંથી નીકળી ગયા.

◘

ધીમે ધીમે અધારુ જામતું હતું. બહાર જોરશોરથી વરસાદની ઝડીઓ ઝિકાતી હતી શિવાજી મહારાજ મહેલમા વ્યગ્ર ચિત્તે બેઠા હતા ત્યા હબીરરાવ ને અનાજી ઢળેલી નજરે આવ્યા.

'મહારાજ, અનર્થ થયો.' હબીરરાવે આવતા જ કહ્યું. 'આપની આજ્ઞા પ્રમાણે અમે લિગાણા ગયા. પણ અમે આવીએ છીએ એની ખબર પડતાં એ છોકરીના મનમા ગેરસમજ ઉત્પન્ન થઈ ને અમે ઉપર પહોચીએ એ પહેલા જ ગઢ ઉપરથી પડતું મૂક્યું.'

'હર ! હર !' શિવાજીના મુખમાથી વ્યથોદ્ગાર નીકળી ગયા શિવાજીની આખે અધારા આવી ગયા. તે નીચે બેસી ગયા. આસુ ભરેલી આખે તે બોલ્યા. 'ઘણુ જ ખરાબ થયું યુવરાજની નિર્દોષતા સાબિત કરતો એક પુરાવો હતો તે પણ ગયો. હબીરરાવ, યુવરાજ ગઢ પરથી ઊતરે નહિ કે મારી નજરે પડે નહિ, એ મારી આજ્ઞા તેને જણાવી દેજો. અનાજી, જે બન્યુ એ ઘણુ જ વિપરીત થયુ. શરમથી અમારા શિર નીચાં ઢળ્યા છે'

◘

શિવાજી મહારાજની છાવણી ગદગ પ્રાતના સપ ગામ પાસે વિસામો લેતી પડી હતી. ઠડીના દિવસો હતા વાતાવરણ પ્રસન્ન હતુ તબુ બહાર ઊભા ઊભા સૃષ્ટિસૌદર્યનુ નિરીક્ષણ કરતા હતા ત્યા શિવાજીનો એક સરદાર સખુજીરાવ આવ્યો તેણે સમાચાર આપતા કહ્યુ, 'મહારાજ, કાલે બેલવડીના મુખી આપણા બળદ ઉપાડી ગયા'

'કાઈ ગેરસમજ થતી હશે' શિવાજીએ કહ્યું. 'બેલવડી એક ટીનકુ ગામ એ આવી હિમત ન કરે એને સમજાવી બળદ લઈ આવો.'

શિવાજી મહારાજની આજ્ઞા લઈ સખુજીરાવ ગયા. પણ મુખી એમ માને એમ ન હતા એ એના તોરમા હતા અને ગઢ મજબૂત હતો સખુજીરાવના સૈન્યના પ્રયત્નોને સફળતા મળતી ન હતી. છેવટે બ ને પક્ષોએ પરાકાષ્ઠા કરી મુખી પડયા.

મુખી પડયાનું સાભળી સખુજીરાવને આનંદ થયો. હવે ગઢ હાથવેતમા છે એમ તેને લાગ્યું પણ ત્યા તેણે જુદુ જ દશ્ય જોયુ પતિના સૂત્રો હાથમા લઈ તેની પત્ની સાવિત્રી ખડે પગે ગઢ ઉપર રહી, સૌને પ્રેરણા દેતી હતી એકવીસ દિવસ થયા છતાં ગઢ હાથ આવતો ન હતો. શિવાજીના મુખમાંથી પણ આવી શૂરવીર સ્ત્રીના પરાક્રમ બદલ પ્રશસાના ઉદ્ગાર નીકળ્યા.

અચાનક થોડી વારમા રણશિગાનો અવાજ સભળાયો. શિવાજી મહારાજના મુખ ઉપર હાસ્ય ચમક્યુ ગઢ પડયો સખુજીરાવ વિજયી બન્યો હતો.

સખુજીરાવને અભિનદન આપવા શિવાજી મહારાજ પોતાના શમિયાણામા સરદારો સહિત બેઠા હતા બે દિવસ થઈ ગયા છતા હજી સખુજીરાવ પાછો આવ્યો ન હતો. શિવાજી એની જ વાટ જોતા હતા એવામા જ સખુજીરાવ અદર આવ્યો તેની સાથ બધનવશ અવસ્થામા એક સ્ત્રી પણ હતી.

'મહારાજ, આ જ એ સાવિત્રીબાઈ !'

'પણ એને બધનમા રાખવાની જરૂર ક્યાથી લાગી ? બાઈ, ધન્ય છે તારા પરાક્રમને' કહી શિવાજીએ એને બધનમુક્ત કરવાની આજ્ઞા આપી.

'પણ મહારાજ.' સખુજી બોલ્યા.

પણ તેને વચ્ચે જ અટકાવી શિવાજીએ કહ્યું. 'અબળાને બધનમા રાખવી વીરોને શોભાસ્પદ નથી;

એ તો આપણી મા સમાન છે. બાઈ, તમને ત્રાસ દેવાનો અમારો હેતુ નહોતો જ પણ અમારા બળદ લૂંટ્યા. અમારું કહ્યું માન્યું નહિ સ્વરાજસ્થાપના ને ધર્મસ્થાપનાનો પ્રયત્ન કરતા તમારા જેવા ગરીબોના વિરોધ સહન કરવા પડે એનું મને દુઃખ છે

સાવિત્રી પોતાના [illegible] જેવી નજર ઊંચી કરીને બોલી 'તમારા [illegible] રી રાજ્યને સ્વરાજનું નામ શું કામ આપો ' મારું દુર્દૈવ કે મારો પરાભવ થયો

'બોલ બાઈ બોલ તને અન્યાય થયો હોય તો'

'અન્યાય ! તમને ન્યાય માટે પણ પ્રેમ છે?'

'મા આ શિવાજી માટે અનેક વાતો થતી હશે પણ તેના સ્વરાજના હેતુ માટે કોઈએ શંકા નથી કરી અન્યાય થયો હશે તો જરૂર તને ન્યાય મળશે.

'ભર દરબારમાં હું શું બોલું? નીચી નજરે સાવિત્રી બોલી

બધા શિવાજીની આજ્ઞાથી બહાર ગયા સાવિત્રી કંપવા લાગી એના હૃદયમાંથી હીબકા નીકળ્યા.

'બાઈ! જે બન્યું હોય તે કહો સંકોચ ન કરો

સાવિત્રીએ આંસુ લૂછ્યા શિવાજીની સામે નજર માંડી કહ્યું 'તમારો સખુજી ગઢ જીતીને જ અટક્યો નથી ને નીચી નજર ઢાળી કહ્યું, 'મારી આબરૂ લેવાનો પણ પ્રયત્ન કર્યો

'અશક્ય! શિવાજીએ અસ્વસ્થ બની કહ્યું, 'બાઈ, આરોપ ખોટો કરશે તો તારો શિરચ્છેદ થશે તે યાદ રાખજે'

'મહારાજ, હું સુબાની પત્ની કંઈ ખાનદાન સ્ત્રી આવું ખોટું બોલે! તમે સખુજીરાવને જ પૂછો.'

થોડી જ વારમાં બધાને પાછા કચેરીમાં બોલાવ્યા શિવાજીએ પૂછ્યું સખુજી, આ બાઈ શું કહે છે?'

'મહારાજ આ બધું કપટ છે'

'તેં આની સાથે ગેરવર્તન કર્યું હતું?' શિવાજીએ ગર્જના કરી

બધાના હૃદયમાં અરેરાટી વ્યાપી ગઈ.

'મહારાજ, મને માફ કરો.' કહેતા સખુજી શિવાજીના પગે પડ્યો.

શિવાજીની આંખ આંસુથી ઊભરાઈ ગઈ. પગ દૂર લઈ લીધા ને ઉગ્ર અવાજે કહ્યું 'સખુજી, આ તે શું કર્યું? મોગલના દમનમાંથી પ્રજા છૂટે, તેમના ધર્મ ને આબરૂનું રક્ષણ થાય એ માટે સ્વરાજ ઊભું કર્યું ને તે મા ઉપર જ મેલી નજર કરી!

'માફ કરો, એક વખત' સખુજી આગળ આવ્યો.


'તારા કૃત્યથી સ્વરાજને કલંક લાગ્યું તારા ગુના માટે શિવાજીએ પોતાના સૈનિકને આજ્ઞા કરતા કહ્યું 'આ સખુજીના ડોળા તપેલા સાણસાથી ખેંચી કાઢી, જે પાપી હાથે પરસ્ત્રીને સ્પર્શ કર્યો એ હાથ શરીરથી જુદા કરો'

સખુજી આ સાંભળતા જ ધરણી પર ઢળી પડ્યો

'બાઈ, શિવાજી સાવિત્રી તરફ ફરી બોલ્યા. 'આ શિક્ષાથી અપરાધ ભરપાઈ થતો નથી મને ભારે દુઃખ થાય છે તને મુક્ત કરીએ છીએ બેલવડી ગામ તારું જ રહેશે ઉપરાંત, બે ગામ તને આપું છું.'

સાવિત્રી આ નરવીરને જોઈ રહી તે પગે પડવા જતી હતી પણ શિવાજીએ જ તેને રોકીને કહ્યું. 'એક જ આશીર્વાદ આપ કે અમારા સ્વરાજને તારો શાપ ન લાગે. અમારા સુરાજ્યને તારી આશિષ મળે'

સાવિત્રીએ જોયું તો શિવાજીની આંખમાં આંસુ હતા એ આંસુમાં બધા જ પાવન થઈ રહ્યા હતા.



પ્રાયશ્ચિત્તને પંથે

સૂર્યોદય થઈ ચૂકયો હતો. ગેટા સરોવરનું શાંત જળ ઝગારા મારી રહ્યુ હતુ. સરોવરને મળતાં નાનાં નાના ઝરણાનો ધ્વનિ, પક્ષીઓનું મધુર કર્ણપ્રિય સંગીત અને અભયમઠમાથી આવતા પ્રભુ-કીર્તનના સૂરો માનવીને આ દુનિયા ભુલાવીને કોઈ બીજી જ દુનિયાનો ભાસ કરાવી રહ્યા હતા આ આખો પ્રદેશ અભયમઠને સ્વાધીન હતો કાળના ગર્ભમા દટાયેલા અભયનગરોના પ્રતીક સમો આ અભયમઠ એની પ્રણાલિકા જાળવતો અડીખમ જેવો ઊભો હતો

કોઈ પણ રાજયસત્તાનો સીધો અંકુશ અભયમઠની સ્વતંત્રતાને સ્પર્શતો નહિ એના વનપ્રદેશમાં વસતાં પશુપખીઓને માનવી માટે આ સ્થળ નિર્ભયતાના કોલ સમાન હતું રાજ્યનો ગમે તેવો ગુનેગાર, ચોર, ડાકુ કે ખૂની ભલેને હોય, પરંતુ આ અભયમઠમા આશ્રય લીધા પછી એ નિર્ભય અને સુરક્ષિત બની જતો એનામાં રહેલી પિશાચી વૃત્તિ સદંતર નાશ પામતી અને એક સંતપુરુષ બની જતો. એવું હતું આ જગાનુ તપ અભયમઠની દીવાલોની પાછળ વર્ષોથી સ્વેચ્છાએ પુરાઈ ગયેલા સાધુ-સાધ્વીઓ સંસાર સાથેનો સંબંધ સર્વથા તજી વ્રત, તપ, ઉપવાસ અને પ્રભુભક્તિમાં જીવન વ્યતીત કરતા હતા. સુખભોગ અને વિલાસ માનવીને અધોગતિને પથે દોરી સર્વનાશને નોતરે છે એમ માનીને આત્માની એકતા સાધવામા શરીરને એ અનેક કષ્ટો આપતા. અનેક રીતે રિબાતા. એટલે સુધી કે અસ્વચ્છતાને લીધે શરીરમાં ગૂમડા તથા કીડા પડતા અને જૂઓ પડતી એ દુખને એ હસતે મોએ સહી લેતા અને એ ઈશ્વરની વધુ નજદીક જવામાં મદદગાર છે એમ માનતા. એવા હતા એ મઠના સાધુઓ અને સાધ્વીઓ



લે॰ જોન પી. મેક્વાન

આજે વહેલી સવારે પ્રાયશ્ચિત્ત–મંડપના પ્રાગણમાં કોઈ પ્રવેશ્યું હોય એવો પગરવ સેવકને સંભળાયો ને એક ડોકાબારીમાથી બહાર જોયું. નખશીખ કાળા વસ્ત્રોમાં શોભતી એક સ્ત્રીને તેણે ઉબરા ઉપર ઊભેલી જોઈ. એને નવાઈ લાગી. એમ તો આ પવિત્ર દિવસોમા પ્રાયશ્ચિત્ત માટે આવતી અનેક સ્ત્રીઓની લંગાર લાગતી હતી. પણ આ તો કિંમતી છતાય કાળા વસ્ત્રો અને ઉઝરડા પડેલા ગોરા ગોરા ઉઘાડા પગ અને મુખ પર ધારણ કરેલો બુરખો. આ બધું એને એકબીજાથી વિરુદ્ધ ભાસતુ હતું.

એણે કહ્યુ 'પ્રાયશ્ચિત્ત માટેનો આ સમય નથી, બહેન. સમય થાય ત્યારે આવજો !'

'મારો સમય આ જ છે ભાઈ ! સંતને વીનવો.' રૂપાની ઘંટડીમાથી આવતો હોય એવા મધુર છતાય સત્તાવાહી આવાજે તેને સભાન બનાવ્યો જરૂર કોઈ રાજ–આવાસની સ્ત્રી હોવી જોઈએ નહિ તો પ્રભુમંદિરના સેવકને આમ હુકમ કરવાની હિંમત

ના કરે એ મનોમન મૂંઝાવા લાગ્યો, આ બહેનને શું કહેવું ! હજુ પ્રાર્થના ચાલે છે એ રાજરાણી હોય કે ગમે તે હોય, નિયમ તે નિયમ નિયમ બધાને માટે એકસરખો હોવો જોઈએ પ્રભુમંદિરમાં રંક કે રાય, ગરીબ કે અમીર બધા જ સરખા.

એણે કહ્યું : ' અવિનય માફ કરજો બહેન, પણ સંત હજુ પ્રાર્થનામાંથી પરવાર્યા નથી પ્રાર્થના પછી આવો.'

' કોણ છે ફ્રાન્સીસ ?' સંતનો અવાજ પાછળથી સેવકને સંભળાયો. સંત પ્રાર્થનામાંથી પરવારી આ તરફ આવી રહ્યા હતા.

' કોઈ બહેન પ્રાયશ્ચિત્ત માટે આવ્યા છે એ કહે છે કે મને આ જ સમય અનુકૂળ છે.'

'ભલે આવી, પ્રાયશ્ચિત્ત માટે પ્રભુનાં દ્વાર સદાય ખુલ્લા છે. આવવા દે સમય આપણને ગુલામ ન બનાવે એ આપણે જોવાનું રહ્યું '

સ્ત્રીએ પ્રાયશ્ચિત્તમંદિરમાં પ્રવેશ કર્યો ચારે તરફ અગરબત્તી અને ધૂપની સુગંધ વાતાવરણને શુદ્ધ બનાવી રહી હતી એક તરફ ભગવાન ઈસુની પવિત્ર માતા મેરીની પ્રતિમા જાણે સમગ્ર વિશ્વને આશ્વાસન આપતી હોય એમ પ્રેમ દર્શાવતી ઊભી હતી બીજી તરફ ભગવાન ઈસુની ક્રોસ પર ચડેલી રક્ત ટપકતી કાયા જાણે જગતને દેહસ્વાર્પણના બલિદાનથી અભયદાન આપતી હોય એમ અમી વરસાવતી ઊભી હતી. આવા શુદ્ધ વાતાવરણમાં એને ગૂંગળામણ થવા લાગી. આમ કેમ ? એ નિર્ભયતાની સાક્ષાત્ પ્રતિમા. એને કદી ભય લાગ્યો નથી. એ કદી કોઈથી ડરી નથી. પણ આજે કોઈ ખૂનનો ગુનેગાર ન્યાયાધીશની પાસે ઊભો હોય એમ એ અજ્ઞાત ભયથી ધ્રૂજી ઊઠી. એણે પ્રસ્વેદથી ભીંજાયેલા કંપતા શરીરને માતા મેરીની પ્રતિમા સામે સ્થિર કરવા પ્રયત્ન કર્યો

અશ્રુભીની આંખે કરગરીને એ પ્રાર્થના કરવા લાગી : ' હું પાપિણી તારા ચરણે આવી છું, મા મને બચાવી લેજે મારો ઉદ્ધાર કરજે.'

ત્યાં તો જાણે જળ વિના સુકાતું વૃક્ષ અમીવર્ષા પછી નવપલ્લવિત થાય એમ એના શરીરમાં નવું ચેતન વહેવા લાગ્યું એની ગભરામણ શમી ગઈ અને સ્વસ્થ બની જાળીની એક તરફ શ્રદ્ધાપૂર્વક ઊભી રહી. એ જાળી પાસે બેસીને અનેક સ્ત્રી 'રુષો, પોતે કરેલાં અનેક પાપોનો એકરાર કરીને, ફરીથી એવા પાપ ન કરવાની પ્રતિજ્ઞા સહ છુટકારાનો આનંદ લઈ, સંતોષથી ગયા હતાં

જેને મળવા એ ઝંખતી હતી એ સંત પાસે ઊભા હતા એ બે હાથ જોડી એક તરફ ઊભી રહી સંત કહી રહ્યા હતા : 'આવ, દીકરી, બેસ પશ્ચાત્તાપ વિના પ્રાયશ્ચિત્ત અધૂરું ગણાય. પોતાના તમામ ગુનાનો પશ્ચાત્તાપભર્યો એકરાર માનવીને પાપમાંથી મુક્ત કરે છે પ્રભુના ચરણમાં આવનારનું જગતમાં કોઈ બૂરું કરી શક્યું નથી હા, પણ આ મુખ પર વસ્ત્ર શા માટે ? ગુરુ એટલે બાપ બાપથી દીકરીએ શરમાવાનું ન હોય ' અને ધ્રૂજતા હાથે એણે એના મુખ પરનું આચ્છાદાન દૂર કર્યું

સંતે એની સામે જોયું એ જોઈ જ રહ્યા કોઈ અજબ આકર્ષણ એમને ખેંચી રહ્યું હતું, અને એ ખેંચાયે જતા હતા પળ-બે-પળ એ જોઈ જ રહ્યા અને જાણે પોતાનું તમામ અસ્તિત્વ ભૂલી જતા હોય એમ એનું મોહિની સ્વરૂપ એને ખેંચી રહ્યું એમના હાથ વારંવાર છાતી તરફ વળી ક્રોસની સંજ્ઞાઓ કરતા હતા એમના દિલમાં ઘોડાપૂર ઊમટ્યા હતાં જાણે ત્યાગ ને લોલુપતાના યુદ્ધમાં શેતાનનો વિજય થવાનો હોય એમ એ ઊંડા વમળમાં ખેંચાયે જતા હતા ' ઓ પ્રભુ ! ' એમ કહી એમણે આંખો બંધ કરી જીવનની પગથાર પરથી ડગતા પગોને દૃઢ કરવા પ્રભુની મદદ માગી

' મને બચાવ આમ કેમ ? '

વર્ષો પછીથી એના દિલમાં દટાયેલા દૈત્યે તાંડવ આરંભ્યું હતું એના અંતરમાં ઉલ્કાપાત મચાવ્યો હતો એના આટલા વરસનાં તપ અને યાતના પર પાણી ફરી વળ્યું હતું પોતાને સંપૂર્ણ નાનવામાં એણે સખત પછાડ ખાધી. અને એને જવાબદાર સ્ત્રી એની સામે ઊભી હતી. એ સ્ત્રી પર એને ચીડ

ચઢી. એના સંત જીવનમાં પહેલી જ વાર એણે મન ઉપરનો કાબૂ ગુમાવી દીધો એના ક્રોધની જ્વાળા ભભૂકી ઊઠી. ધ્રૂજતા અવાજે એણે કહ્યું. 'કોણ છે તું?'

'હું મેરી રોમની ગણિકા.'

'મેરી ગણિકા!' સંત બરાડી ઊઠ્યા : 'ચાલી જા. આ મઠના પવિત્ર વાતાવરણને કલુષિત ન કર.'

મેરી એક ડગલું પાછળ હઠી ગઈ અને કરગરવા લાગી : 'સંત, મને પાછી ન કાઢો હું મારા પાપના પ્રાયશ્ચિત્ત માટે આવી છું માતા મેરી ને મારા પ્રભુના ચરણોમા મારા પાપના બોજને હલકો કરવા દો. મારા ભયંકર ભૂતકાળને ભૂલવા દો, સંત.' અશ્રુભીની આંખે સંતને એ વીનવી રહી.

'નહિ. કદી જ નહિ તું આદિ પિતા આદમને ભુલાવનારી વિષકન્યા છે તારામા શેતાનનો વાસ છે. તારું પ્રાયશ્ચિત્ત નથી. મેરી, તું જા!'

ડૂબતો માણસ તરણાને પકડે તેમ એણે છેલ્લો પ્રયાસ કરી જોયો. 'સંત, પ્રભુ તો પાપીઓના ઉદ્ધાર માટે આવ્યા હતા એણે તો પાપી સ્ત્રીને પથ્થર મારવાની પણ મના ફરમાવી હતી તો પછી મને શા માટે પાછી કાઢો છો? સંત, મને પ્રાયશ્ચિત્ત આપો.'

એના અંતરના ઊંડાણમાથી આવતો અવાજ સંતના હૈયાને સ્પર્શી ન શક્યો 'તારું પ્રાયશ્ચિત્ત નથી. તું ચાલી જા! આ મઠ અપવિત્ર થાય છે.' એમ કહીને સંત તો પ્રાયશ્ચિત્ત મંડપમાથી ઊઠીને ચાલતા થયા

આ અસહ્ય તિરસ્કાર મેરી સહન ન કરી શકી. જીવનમાં જેણે કદી કોઈનો ઊંચો અવાજ પણ સાંભળ્યો ન હતો એને આ શબ્દો સાંભળવા ઘણા કઠણ હતા. એણે મુખ ઊંચુ કરી માતા મેરીની પ્રતિમા સામે જોયુ 'મા, હું આશાભરી આવી હતી હું આવી હતી મારા પાપનો બોજો હલકો કરવા પણ હું બિલકુલ હતાશ થઈને પાછી ફરુ છું મને માફ કરજે, મા!' અને એ પાછી ફરી ગઈ

એ હતી મેરી, રોમ શહેરની નામચીન ગણિકા. રોમનોની મહાદેવી ઇસસની સંગેમરમરમા કંડારેલી પ્રતિમાને સજીવ કરતી આબેહૂબ તસવીર. એનુ ઘર સ્વાર્થી, લંપટ અને ચરિત્રહીન અમીરોના ભોગવિલાસનો અખાડો રાજ્યના મોટા મોટા અમીરઉમરાવો અને ધનાઢ્યો આ રૂપરાણી મેરીના પગને ચૂમતા એનુ મોઘુ સ્વાગત માણ્યા પછી પોતાનુ સર્વસ્વ હારીને રોમની ગલીઓમા રખડતા ભિખારી બની જતા. એના હાથના ચાબુકના ફટકા ખાવા, એ શ્રીમંતોના સદ્ભાગ્યની નિશાની ગણાતી ખુદ સમ્રાટના દરબારમાય મેરીનાં માન સચવાતા.

એ મેરીને એક દિવસે, એક દિલની દાઝેલી, ઘરબાર અને પતિને ખોઈ બેઠેલી અભાગણી અમીર સ્ત્રીએ સંભળાવી દીધુ : 'મેરી, રૂપનુ અભિમાન ન કર તારા રૂપની તો રોમના રખડતા કૂતરા સિવાય કોઈનેય પડી નથી જરા અભયમઠના સંતને તારું રૂપાળુ મુખ બતાવી આવ. ને પછી જો, એ તને દરવાજે ચઢવા દે તો મને ચાર લાતો મારજે.'

અને જાણે મેરીએ એની ચેલેંજને ઉપાડી લીધી હોય એમ એને કહી દીધુ. 'અભાગણી, એવા તો કંઈક સંત મારા દરવાજેથી પગ ઘસતા પાછા ફર્યા છે અને જો એ તારા કહેવાતા સંતનું ગુમાન ન ઉતારુ તો તારી ગુલામડી થઈને રહીશ, જા'

અને બીજે જ દિવસે એણે અભયમઠના સંત ઉપર કહેણ મોકલ્યું : 'સંત, મેરી આપનો ભાવભીનો સત્કાર કરવા ઇચ્છે છે એનુ આંગણુ પાવન કરવા પધારો.'

પણ સંત તરફથી એને કંઈ જ જવાબ ના મળ્યો એ આખા વર્ષ દરમ્યાન એની છ છ ઘોડાની બગ્ગી અનેક ચક્કર ખાઈને પાછી ફરી ઘણીય કાકલૂદી કરવા છતાય મઠના સેવકોએ એને મચક ન આપી સેવકો કહેતા હતા કે, 'સંત કહેવડાવે છે, કે 'હજુ તમારા પ્રાયશ્ચિત્તનો સમય થયો નથી. હજુ વાર છે પાછા ફરો'

ત્યારે એની આંખ ખૂલી એક સામાન્ય નારીને પણ પ્રાયશ્ચિત્ત કરાવી પાપના ઋણમાથી મુક્ત થવાની તક આપનાર આ મહંતે કરોડોની દોલત ધરા-

વનાર આ રૂપરમણીને અનેક વાર દરવાજેથી પાછી ફેરવી વાત કરવા તો નહિ, પણ એનુ મુખ જોવા પણ તૈયાર ન હતા એનુ એને ભાન થયુ. 'હુ આટલી બધી નીચ, આટલી બધી હલકી કે એક મઠનો સ ત મારું મુખ જોવાય તૈયાર નથી.' એને પોતાની જાત પ્રત્યે ધિક્કાર ઊપજ્યો 'જો આ જગત મારી ઉપર ધિક્કારની નજરે જોતુ હોય તો આ બધી જાહોજલાલી શા કામની !'

પોતાને સ પૂર્ણ માનનારીને પોતાની અપૂર્ણતાનુ ભાન થયું અને રૂપગર્વિતાના ઘવાયેલા હૃદયમા જાણે-અજાણે અમીનું એક બુ દ પડયુ એના સૌ દર્યનુ તમામ અભિમાન ઓગળી ગયુ અને એના અ તરના ખૂણાને અજવાળવા એના દિલના દ્વારે દીવા પ્રગટયા દિવસે દિવસે એનો વિલાસ અને વૈભવ ઓછા થતા ગયા. ને એક પવિત્ર શુક્રવારના પરોઢિયે છ છ ઘોડાની બગીમા બેસનારી એ, ઉઘાડા પગે, કાળા વસ્ત્રમાં સજ્જ થઈ, સ તને મળવા ગઈ

મેરીના ગયા પછી આખો દિવસ સ તે બેચેનીમા ગાળ્યો સાજે ખેપિયાએ સ તના હાથમા એક સીલબ ધ કવર મૂકયુ સ તે કવર ખોલીને વાચ્યું અને સ્તબ્ધ બની ગયા 'આ શુ ! મેરી એની તમામ મિલકતનો સહીસિક્કા સાથેનો કાયદેસરનો દસ્તાવેજ અભયમઠના મહ તને દાનમા આપીને ક્યાક ચાલી ગઈ હતી ! '

હવે જ એમને સમજાયુ કે કરોડોની દોલતનો ત્યાગ કરનાર સ્રીને સમજવામા એમણે ભારે ભૂલ કરી હતી 'ઓ પ્રભુ ! મને માફ કર ' પશ્ચાત્તાપનો કીડો એમના અ તરને કોરવા લાગ્યો એમની ઊંઘ હરામ થઈ ગઈ વાર વાર મેરીની કરુણ મૂર્તિ આખ સમક્ષ દેખાતી, જાણે કરગરતી હતી 'સ ત, મને પ્રાયશ્ચિત્ત આપો ! મને પ્રાયશ્ચિત્ત આપો !'

'ઓ પ્રભુ ! મે આ શું કર્યું ? હુ કોણ બીજાના દોષ જોનાર મારી જ આખમા વિકાર પેદા થયો એમા એનો દોષ કેટલો ?' અને એમણે જીવનના સરવાળા ને બાદબાકી જોઈ લીધા

એ હતા અભયમઠના સ ત વર્ષો પહેલા ચોરી, લૂંટ અને ખૂનના એક ભયંકર ગુનેગારે રાજદંડથી બચવા માટે આ અભયમઠનો આશરો લીધો હતો. ફ્લાત પ્રવાસીને વિશ્રામસ્થાન મળે એમ માત્ર સત્તર વર્ષની વયના, જિંદગીથી હારેલા-થાકેલા એક યુવાનને જીવનની નવી કેડી લાધી હતી અને એ વાતને આજે પૂરા પચ્ચીસ વર્ષના વહાણા વાયા હતા એ પચ્ચીસ વર્ષમાં સાણસ જીર્ણ વસ્ત્રોને ફગાવી દઈ, નવા વસ્ત્ર ધારણ કરે એમ એણે એના દેહ અને આત્માને નવો વળાક આપ્યો હતો, અને જાણે આત્મા-શો-પરમાત્મા એ ઉક્તિને સાબિત કરવી હોય એમ એણે સખત તપશ્ચર્યા આદરી હતી ત્યાગ અને ભક્તિની વેદીમાથી સ ત બનીને બહાર આવ્યો હતો. સ તની ચારિત્ર્યશુદ્ધિ અને એના સ યમી જીવન સ બ ધી કોઈ પણ માણસને શ કા લાવવાનુ કારણ મળ્યુ ન હતુ એની પાસે પ્રાયશ્ચિત્ત પામ્યા પછી ગમે તેવો પાપી માણસ દિલના મેલ ધોઈ સન્માર્ગે પ્રયાણ આદરતો એની ત્યાગ અને ભક્તિની મઘમઘતી સુવાસે તપોવન ધન્ય બની ગયું હતુ. એણે એના ભય કર ભૂતકાળને વર્તમાનકાળની ઉજ્જવળ કારકિર્દી નીચે દફનાવી દીધો હતો પર તુ આજે એમને લાગ્યું કે પોતે ક ઈક ભૂલ કરી છે ભય કર ભૂલ.

એ ઊઠયા પવિત્ર માતા મેરીની પ્રતિમાનાં કદમોમા ઘૂ ટણિયે પડયા 'મા, મા ! માર્ગ ભૂલ્યા માનવીને રાહ બતાવો, મા.'

પણ આ શું ? પવિત્ર માતા મેરીની પ્રતિમાને સ્થાને એમને ગણિકા મેરી દેખાતી હતી એ જ રડતી-કરગરતી, પ્રાયશ્ચિત્ત માગતી મેરી એમણે આખો બ ધ કરી, મસળી, ફરી ઉઘાડી અને ચીસ પાડી ઊઠયા કોઈ ગાડો માનવી દોડે એમ એ મઠ છોડીને નાઠા



થોડા વર્ષો પછી લઘરવઘર કપડા અને વધી ગયેલી દાઢીવાળો એક વૃદ્ધ માણસ એક ગામડામા પ્રવેશ્યો એણે એક જગ્યાએ આખા યે ગામના સ્રી-પુરુષોને છાતીફાટ રુદન કરતા જોયા પાસે ઊભેલી

ને રડી રડીને સૂજી ગયેલી આંખોવાળી વૃદ્ધાને એણે પૂછ્યુ . 'શું થયુ છે ? તમે બધા રડો છો કેમ ?'

વૃદ્ધાએ આંખો ઉપર હાથની છાજલી કરીને પૂછ્યુ 'કોણ છે ભાઈ ? કોઈ પરદેશી છે, ખરુ ? તને ક્યાથી ખબર હોય ! આજે અમારી માને છેલ્લા સસ્કાર આપવા આખા ગામના માણસો ભેગા થયા છે.'


'તમારી મા ? કોણ તમારી મા ?' વૃદ્ધે કહ્યુ

'અમારી મા મેરી થોડા વર્ષો પૂર્વે એક સુખી ઘરની સાધ્વી સ્રી અમારા ગામમા આવી વસેલી એણે એનુ આખુ જીવન પ્રભુ અને લોકસેવામા ગાળ્યું એ માદા બાળકને અડે ને બાળક સાજુ થઈ જાય. એ દુખીને દિલાસો આપે ને પ્રાર્થના કરે ને એનું દુખ દૂર થાય એ રક્તપિત્તિયા ને કોઢિયાની સારવાર કરે એવી ચમત્કારિક હતી અમારી મા એના પ્રતાપે અમારુ ગામ સુખી થયું પરતુ આજે અમને રડતા છોડીને એ પવિત્ર માતા ભવનુ ભાથું બાંધીને અનતની યાત્રાએ ઊપડી ગઈ છે એના છેલ્લા દર્શને ગામલોક એકત્ર થયું છે જા, ભાઈ ! જા તું ય જઈને દર્શન કરી, દેહનુ કલ્યાણ કર.'

વૃદ્ધાના છેલ્લા વાક્યો સાભળ્યા વગર એ વૃદ્ધ દોડીને કોફીનની પાસે પહોચી ગયો એણે શબને ધારી ધારીને જોયુ ને ભયકર ચીસ પાડી 'મા . મા ... હું આવું છું. મને પ્રાયશ્ચિત્ત કરવા દે.'

અને કોઈ એને પકડે કે કઈક કહે તે પહેલા તેણે કોફીન પર માથું પછાડયુ ને ત્યા જ એનો નિર્જીવ દેહ ઢગલો થઈને પડયો. લોકોએ એને ખોવાએલા સત તરીકે ઓળખીને મેરીની સમાધિ પાસે જ તેની સમાધિ રચી.

એ હતા અભયમઠના સત.



આટલી મદદ કરો !

વારાણસીના પ્રસિદ્ધ મહારાષ્ટ્રી વિદ્વાન નાગેશ ભટ્ટની આ વાત છે. સંસ્કૃત સાહિત્ય, વ્યાકરણ, ધર્મ તેમજ તત્ત્વજ્ઞાનના પ્રકાડ પડિત હતા. રાત–દિવસ બસ પઠન–પાઠન અને મનન–ચિંતનમાં જ લીન રહેતા પાછલી ઉમરે પાછળ ખૂધ નીકળી આવી પણ તેથી કાંઈ ખલલ પડી નહીં. ભીંતમાં એક બખોલ બનાવી, તેમા ખૂંધ બેસાડી દઈ, અભ્યાસમ' લીન બની જતા ઊંઘ-આરામ અને ભૂખ–તરસ બિલકુલ ભૂલી જઈ, વિદ્યાભ્યાસમાં જ મન કેન્દ્રિત કરી દેતા. સરસ્વતીના આ પનોતા પુત્રને વેર કેવળ લક્ષ્મીદેવી સાથે.

પેશવા બાજીરાવ કાશી પધાર્યા. તેમણે નાગેશ ભટ્ટજીની વિદ્વત્તા અને નિર્ધનતાની વાતો સાભળી. યોગ્ય વિદ્વાનની કદર થવી જોઈએ તેમને થોડી આર્થિક સહાય આપવી જ જોઈએ. આ હેતુ સાથે તેઓ ભટ્ટજીને ત્યા પધાર્યા

વિચારોમા ખોવાયેલ ભટ્ટજી ઘણી વારે બહાર આવ્યા. પેશવાએ તેમને પ્રણામ કર્યા અને ખૂબ જ નમ્રતાપૂર્વક વિનતિ કરી, 'આપ ફરમાવો, આપને હું કાંઈ મદદ કરી શકીશ, તો મારી જાતને હું ધન્ય માનીશ.'

મૌનનુ સામ્રાજ્ય ફરી વળ્યું. ખૂબ સમય પછી ભટ્ટજી તેમની વિચારતંદ્રામાંથી જાગ્યા. ખૂબ નમ્રતાપૂર્વક તેમણે ઉત્તર આપ્યો . 'હા ...હા, મારે મદદની જરૂર છે છેલ્લા એક માસથી એક વ્યાકરણ-સૂત્ર સિદ્ધ થતું નથી જેમજેમ વિચારતા જાઉં છું, તેમ તેમ તે ગૂઢ થતું જાય છે જો આ સૂત્ર સિદ્ધ કરવામાં મને કાંઈ મદદ કરી શકો તો આપની મહેરબાની'

અને ભટ્ટજીને આર્થિક સહાય આપવા આવેલ બાજીરાવ પેશવા ભટ્ટજીની આવી નિઃસ્પૃહતા તમજ એકાંત સાધના જોઈ દગ જ રહી ગયા. ▣

—નલિન છોટાલાલ પંડયા

ઘૂઘૂલો મારું

છેલ્લા ત્રણેક વરસમાં જીવણની જિંદગીમાં યાદ રહી જાય ને સાથોસાથ ગૌરવ અપાવે તેવા બે પ્રસંગો બની ગયા. એક તો એના દેવુને હાઈસ્કૂલમાં 'ઉત્તમ વિદ્યાર્થી' તરીકેનું મળેલું બિરુદ અને બીજો તે સેકંડ ક્લાસ માર્કસ સાથે મૅટ્રિક પાસ થયો તે.



[illegible]કુમાર એમ. મહેતા

પછાત ગણાતી કોળીની જ્ઞાતિમાં મૅટ્રિક સુધી ભણાવવાની જ કોઈની ઇચ્છા નહીં. એમાંય વળી મેલી મથરાવટીની કોમના વિદ્યાર્થીને શાળાના ઘણા ખાનદાન, સંસ્કારી ને ઉચ્ચ વર્ગના હજારેક બાળકોમાં ઉત્તમ વિદ્યાર્થી તરીકેનું બિરુદ મળે એ તો કલ્પના બહારની વાત.

જીવણે દેવુને હાઈસ્કૂલમાં ભણવાની છૂટ આપેલી ત્યારે પણ જ્ઞાતિમાં ટીકા થવા માંડેલી. 'અલ્યા આપણે કોળાભાઈને વળી ભણવાનું શું! આપણે તો દા'ડીદપાડી કે મજૂરી કરી ખાવાની. બે આંકડા ભણશે તોય આપણી કોમની મથરાવટી જ એવી મેલી છે કે એને નોકરીએ રાખશે કોણ? અને ભણ્યા પછી છોકરો તારા હાથમાં નહીં રહે એનું ધ્યાન રાખજે, હો!'

જ્ઞાતિબંધુની આવી કંઈ કંઈ ટીકાઓએ અને આડકતરી ધમકીઓએ જીવણને ઘડીભર નાહિંમત કરી નાખ્યો હતો. એ ઘણી વાર દેવુને કહેતો પણ ખરો કે, 'હવે બહુ ભણ્યો. મારી સાથે કાલથી દા'ડીએ આવતો થઈ જા.'

નિશાળેથી ઊઠી જવાની વાત સાંભળતાં જ દેવુની આંખમાંથી ટપટપ આંસુ સરી પડતાં ને એ માસૂમ આંખોને રડતી જોઈને જીવણ તરત પોતાનો અભિપ્રાય બદલી નાખતો. એનાં આંસુ લૂછી એ કહેતો, 'ઠીક લે, નિશાળ નથી છોડવી; તારે ભણવું હોય એટલું નિરાંતે ભણ.'

ને બાપના આ હેતાળ શબ્દો સાંભળી દેવુ ખુશખુશાલ થતો, કૂદતો કૂદતો રમવા દોડી જતો. એને જતો જોઈને જીવણ મનમાં ગાંઠ વાળતો, 'ના, ના. તને તાપ-તડકાની કાળી મજૂરીએ નથી નોતરવો. પેટે પાટા બાંધીશું, પણ તને તો જેટલું ભણવું હશે એટલું ભણાવીશું.'

આવા નિર્ણય પછી જીવણે ક્યારેય પોતાના નાતીલાઓની ટીકાઓને મગજમાં ટકવા દીધી નો'તી. એમાંય દેવુ જ્યારે મૅટ્રિક પાસ થયો ત્યારે એ એટલો બધો ખુશ થઈ ગયો કે આખા લત્તામાં પેંડા વહેંચી બધાનાં મોં ગળ્યાં કરાવરાવ્યાં. થોડો વખત અગાઉ ભણતરની ટીકા કરનારા પણ કહેવા લાગ્યા, 'જીવણ, તારા દેવુએ તો આપણી નાતમાં ડંકો વગાડી દીધો. આટલું ભણ્યો છે તે એને ટેબલ-ખુરશીવાળી નોકરી મળશે ને એનો દાખલો જોઈને બીજા છોકરાય ભણવા લાગશે ને સુધરશે.'

આ બધું સાંભળી જીવણની છાતી ગજગજ ફૂલતી હતી. એના આનંદનો પાર રહેતો નહોતો.

પણ ચારપાંચ મહિના થવા છતાં દેવુને ક્યાય નોકરી ન મળી ત્યારે એનો આનંદ દૂધના ઊભરાની જેમ ઓસરવા માંડ્યો એને થયું કે નાહકનો છોકરાને ભણાવીને આટલા વરસ બગાડયા. આ કરતા તો અભણ રાખ્યો હોત તો ય બાપડો દાડીદપાડી તો કરી ખાત '

દેવુએ તો જો કે જીવણને ઘણી વાર કહ્યુ હતું : 'બાપા ! હું તમારી સાથે દાડિયે આવીશ.'

પણ જીવણને જ એ રુચતું નહોતું અંદરખાને બીક પણ હતી કે કદાચ નાતીલા ચૂંટી ખાશે કે જોયું ને, છોકરાએ મેટ્રિક ફાડી તોય અંતે હાથમાં તો કોદાળો ને પાવડો જ રહ્યાં.

બાપાને મનદુઃખ ન થાય એમ સમજીને આ પછી દેવુએ દા'ડીએ જવાનો વધુ આગ્રહ ન કર્યો. નવરા બેઠા સમય પસાર થતો નહિ, એટલે લાયબ્રેરીમાં જવાનુ રાખ્યુ, સારા ને સંસ્કારી સામયિકો એ વાંચતો. એમાથી પ્રેરણા મેળવી નિરાશા દૂર કરવા પ્રયાસ કરતો. છાપાંઓની જાહેરખબર વાંચીને અહીંતહીં અરજી કર્યા કરતો

અંતે એની ધીરજ ફળી. એને શહેરની એક નાનકડી હોસ્પિટલમા પટાવાળાની નોકરી મળી. મેટ્રિક પાસ અને પટાવાળાની નોકરી ? બાપાને કહેતા એની જીભ ઊપડતી નહોતી. પહેલા તો વિચાર્યું કે તાવને કહી દઉં કે કારકુનની નોકરી મળી છે ત્યા કોણ જોવા આવવાનુ છે ? વળી આ અભણ લોકોને એમા શું ખબર પડવાની હતી ?

આવું જૂઠુ બોલતા જીભ ન ઊપડી પણ આવો વિચાર કરવા બદલ મનોમન પસ્તાવો થયો

ઘણા મનોમંથનને અંતે જીવણને કહ્યુ :

'બાપુ, મને નોકરી મળી ગઈ.'

'ક્યા ?' જીવણની ખુશીની સીમા ન રહી

'રામગઢની હોસ્પિટાલમા '

'પગાર કેટલો મળશે ?'

'દોઢસો રૂપિયા '

'વાહ ભાઈ ! વાહ અંતે મેલડી માએ દયા કરી અને તારા ભણતરનુ તપ પણ ફળ્યુ.'

નોકરી મળવાની ખુશીમાં શાની નોકરી મળી છે એ પ્રશ્ન જ ઊભો થયો નહીં. અને દેવુએ આ વાતની સ્પષ્ટતા પણ કરી નહીં.

બેગ-બીસ્તરો અને અન્ય ચીજવસ્તુઓ લઈને દેવુ રામગઢ જવા નીકળ્યો ત્યારે જીવણે એને ઠેરવી ઠેરવીને શિખામણ આપી · 'જોજે દેવુ, હો..! ભગવાનને માથે રાખીને નોકરી કરજે. ભૂલેચૂકે ય કોઈ પાપ ન થઈ જાય એનુ ધ્યાન રાખજે. નીતિનુ રળનારને ભગવાન વળતર આપી રહે છે '

દેવુ નોકરી પર ચઢી ગયો. પહેલા પગારમાથી એણે સૌપ્રથમ કુળદેવીને સવા પાંચનો થાળ ધરાવ્યો. સ્ટાફના સભ્યોને નાનકડી પાર્ટી આપી. સૌનાં મો ગળ્યા કરાવરાવ્યાં, ને પચાસ રૂપિયા ઘેર જીવણને મોકલ્યા.

એને નાનકડી રૂમ મળી ગઈ હતી હાથે રાંધી ખાતો ને કરકસરથી રહેતો હતો દર મહિનાની પહેલી તારીખે પગાર હાથમાં આવે કે તરત પોસ્ટ-ઓફિસે જઈને પચાસ રૂપિયાનો જીવણને મનીઓર્ડર કરી આવતો. આમાં ભૂલેચૂકે ય એ ક્યારેય અનિયમિત બનતો નહી .

જીવણને એના પ્રત્યેનો પૂરો સંતોષ હતો. દેવુ થોડાક વખતમા સ્ટાફના દરેક માણસો સાથે હળીમળી ગયો એને શરૂઆતમા જે અતડુ અતડુ લાગતું હતું તે હવે દૂર થઈ ગયુ છ મહિના ક્યા વીતી ગયા એનો એને ખ્યાલ પણ ન રહ્યો આ સમય દરમ્યાન એને કંઈક કંઈક અવનવા અનુભવ થવા માંડ્યા

હોસ્પિટાલમા દાખલ થતા શ્રીમંત દરદીઓની આજુબાજુ સાકરના ગાંગડાની ફરતી કીડીઓ વીંટળાય તેમ કમ્પાઉન્ડર અને નર્સ વીંટળાઈ વળતા. વાર વાર તેમની ખબરે કાઢી આવતા. ડ્યુટી ન હોય તો પણ વધારાની સેવા બજાવતા, અને ક્યારેક તો ડોક્ટરથી છાનીમાની કિંમતી દવાઓ અને ઇન્જેક્શનો પણ આપતા. જ્યારે ગરીબ દરદીઓનો તો કોઈ ભાવ જ પૂછતું નહીં આટલુ જ નહી , પણ એ બાપડા કોઈ મુશ્કેલીઓની ફરિયાદ કરતાં ત્યારે એમના પર ગુસ્સો કરી એમને હડધૂત કરવામા આવ-

તાં એમના કેઈસમા લખેલા ઇન્જેકશનો કે ટેબ્લેટો એમને નહી આપતા, વચ્ચેથી જ કમ્પાઉન્ડરો—નર્સો ચાઉ કરી જતા ને બજારમા દવાના વેપારીઓને સસ્તામા વેચી દેતા એમને પૂરું દર્દ મટયુ ન હોય તો પણ રજા આપી દઈને એ બેડ પર લાગવગ-વાળાને તરત દાખલ કરી દેવામા આવતા

શરૂઆતમા દેવુને થયું કે ડોકટર સાહેબને અંધારામા રાખીને આ બધી ગોલમાલ થતી હશે. પણ ધીમે ધીમે એ વાતની ય સ્પષ્ટતા થઈ ગઈ નવા દાખલ થનાર દરદી સાપ્રથમ ડોકટર સાહેબને 'નૈવેદ્ય' ધરાવીને જ આવતા અને સારવાર દરમ્યાન પણ એમનુ કમીશન એમને મળી રહેતુ આ દલાલી કોઈ કમ્પાઉન્ડર કે નર્સ કરતા. આ બધુ જોઈને દેવુનો અંતરાત્મા ડંખતો. એને થતું,'હું કયા આવી બદીઓની વચ્ચે ફસાયો ! મે એવા શા પાપ કર્યાં હશે તે મારે ચૂપચાપ આ ચૂસણનીતિ જોવી પડે છે!'

પણ એનો એની પાસે કાંઈ ઉપાય નહોતો. એટલે છાને ખૂણે પ્રભુ પાસે પ્રાર્થના કરતો કે,'ભૂલે-ચૂકે ય મને આ પાપનો ભાગીદાર ન બનાવતો '

પણ જાણે ભગવાને એની આ પ્રાર્થના સાભળી ન હોય તેમ એના પર ધર્મસંકટ આવી પડયુ એની નોકરીનુ એક વરસ પૂરુ થતુ હતું ડોકટરને એના કાર્ય અને વર્તનથી પૂરો સંતોષ હતો એ એને કાયમી કરવાનો ભલામણપત્ર લખવાના હતા ત્યા જ એક પ્રસંગ બન્યો

થોડા વખત પહેલા હોસ્પિટાલના હિસાબનું ઓડિટ થયુ હતુ, એનો રીપોર્ટ આવ્યો હતો તેમા ડોકટરે વગર ટેન્ડરે પચાસ રૂપિયાની દવાઓ ખરીદી હતી,તેના પચાસ રૂપિયા રીકવરીના ભરવાના હતા.

વગર ટેન્ડરે અમુક રકમથી વધુ કિંમતની દવા-ઓ ખરીદી ન શકાય તે ડોકટર જાણતા હતા પણ એ દવાઓની હોસ્પિટાલમા ખાસ જરૂર હતી, ને હોસ્પિટાલ સ્ટોરમા એ દવાઓ હતી પણ નહીં. વળી બે-ત્રણ મહિના સુધી આવે તેમ પણ નહોતી એટલે ડોકટરે ટ્રસ્ટના પ્રમુખને વાત કરી પ્રમુખે એ દવાઓ તાત્કાલિક ખરીદી લેવાની મૌખિક મંજૂરી આપી એટલે ડોકટરે સ્થાનિક દવાવાળા પાસેથી ખરીદી લીધી.

પોતાને રીકવરીના પચાસ રૂપિયા ભરવાના આવ્યા ત્યારે ડોકટરે પ્રમુખની મૌખિક મંજૂરીની વાત કરી. પણ પ્રમુખ સાહેબને એવું કંઈ યાદ હતું નહી . આમ ડોકટરની વાત નકારી કાઢવામા આવી. એટલુ જ નહીં, પણ એક અઠવાડિયામા આ રકમ ભરી દેવાની તાકીદ કરવામા આવી

ડોકટરે કચવાતા મને આ રકમ તાત્કાલિક ભરી તો દીધી પણ એમા એમને હાડોહાડ અપમાન લાગ્યું, ભારે અન્યાય થયાનો ડંખ રહી ગયો વળી ઘરના પૈસા ભરવા તે જરાય ખુશી નહોતા. એટલે એમણે વચલો માર્ગ કાઢયો

દર મહિને ધર્માદા પેટી ખોલવામા આવતી. એમાની રકમ ધર્માદા ચોપડે ચઢાવી, ગરીબ દર્દી-ઓના લાભાર્થે વાપરવામા આવતી ડોકટરે આ રકમમાથી અરધી રકમ વસૂલાત પેટે લેવાનું શરૂ કર્યું .

દેવુ પાસે એ દર મહિને ધર્માદા પેટી ખોલાવતા અને એમાથી અરધી રકમ ખિસ્સામા મૂકી,બાકીની રકમ ધર્માદા ચોપડે જમા કરતા એમના અને દેવુ સિવાય આ વાત કોઈ જાણતુ નહી

આ જોઈને દેવુનો આત્મા કકળી ઊઠયો 'અર-રર .. છસ્સો રૂપિયાનો પગારદાર ધર્માદાફંડમા હાથ નાખે છે ! અને એય પાડાને વાકે પખાલીને ડામ ! ગુનો કોઈનો અને કાપ ગરીબ દરદીઓના ફંડમા ! ન સહન થાય તેવી આ વાત હતી

વધુ દુ:ખ તો દેવુને એ થયું કે આ બધુ એના હાથે જ થઈ રહ્યુ છે પાપના કાર્યમા એ પણ શામેલ છે, ડોકટરને બેધડક કહી દેવું જોઈએ કે, ' સાહેબ, આ કાર્ય સારું નથી, તમારા માટે શોભાસ્પદ નથી, ગરીબોને કંઈ દેવું તો એક બાજુ રહ્યું, પણ એના નિમિત્તના પૈસામા આવી છાની લૂંટ કરવી એ તો ભયંકર ગુનો છે .. ફક્ત પચાસ રૂપરડી માટે થઈને આવું પાપ શું કામ વહોરો છો !'

મનમા એ ઘણી વાર અમુક સંવાદો પણ ગોઠવી રાખતો અને નક્કી કરતો કે આ મહિને સાહેબ

ધર્માદાપેટી ખોલવાનું કહેશે ત્યારે બેધડક સ ભળાવી દઈશ. પણ એ વખતે જીભ જ ઊપડતી નહીં.

આ વખતે એના મનમા બીક પેસી જતી કે જો હું ડૉક્ટર સાહેબને બે આકરા શબ્દો કહીશ તો મારા વિષેનો સારો અભિપ્રાય લખશે નહીં, અને હું કાયમી થઈ શકીશ નહી એ તો ઠીક પણ કદાચ વિરુદ્ધ અભિપ્રાય લખે, કામ અસંતોષકારક લખે કે કામમા બેદરકારી લખે તો પછી નોકરીમાથી પાણીચું જ મળે કે બીજું કંઈ?

તો પછી કરવું શું? મનોમન એ ઘણીવાર મૂઝાતો હતો. કોઈ કોઈ વાર તો એને થઈ આવતું કે લાવને પ્રમુખ સાહેબને જઈને ડૉક્ટરની પાપલીલા કહી આવું એક-બે વાર તો આવેશમા આવી જઈને એ પ્રમુખ પાસે જવા ય ઊપડયો હતો પણ એમના ઘર પાસે આવતાં જ કોઈ છૂપા ભયને કારણે એ નાહિંમત થઈને પાછો વળી જતો.

આવી મૂઝવણમા એણે ત્રણ મહિના પસાર કરી નાખ્યા ડૉક્ટરે ત્રણ વાર ધર્માદાપેટી ખોલાવરાવી અને ત્રીસ રૂપિયા ખિસ્સામા સેરવ્યા.

પહેલા તો કોઈ દરદી જ્યારે સારોસાજો થઈને રજા લેવા આવતો ત્યારે ડૉક્ટર થોડી આડીઅવળી વાતચીત કરીને કેઈસમા સહી કરી આપતા પણ હવે તો દરદીની રજા માગવા આવનાર સગાઓને સમજાવીને કે પછી આગ્રહ કરીને ધર્માદાપેટીમાં વધુ ને વધુ રકમ નખાવરાવતા ડૉક્ટરની આ એકાએક ઊભરાઈ આવેલી ધર્માદા વૃત્તિ પાછળનુ દેવુ કારણ સમજી ગયો હતો.

જ્યારે જ્યારે દેવુની નજર ધર્માદાપેટી તરફ પડતી ત્યારે એમાથી અનેક દીનહીન ને કંગાળ ચહેરાઓ ડોકાતા ને ફિટકાર વરસાવતા દેખાતા

દેવુ તરત નજર ફેરવી જતો ભૂલેચૂકેય એ બાજુ ન જોવાય તેની સરત રાખતો.

છેલ્લા પંદરેક દિવસથી દેવુ ખૂબ જ બેચેન બની ગયો હતો એનાથી આ વસ્તુ સહેજ પણ સહી શકાતી નહોતો. આનો કોઈ ઉપાય કર્યે જ છૂટકો એમ એ વિચારવા લાગ્યો ખૂબ વિચારને અંતે એણે એક વચલો માર્ગ શોધી કાઢયો.

ડૉક્ટર ધર્માદાપેટીમાથી જેટલા રૂપિયા ઉપાડે તેટલા એમા મૂકી દેવા અત્યાર સુધીમા ડૉક્ટરે ત્રીસ રૂપિયા ઉપાડયા છે તે,ને બાકીના વીસ રૂપિયા ઉપાડશે તે, ગમે તેમ કરીને કોઈને ખબર ન પડે તેમ પેટીમા નાખી દેવાનો એણે નિર્ણય કર્યો

એકી સાથે આવડી મોટી રકમનો કાપ પોષાય તેમ ન હોઈને એણે દર મહિને દશ દશ રૂપિયા મૂકવાનુ નક્કી કર્યું. અને જ્યા સુધી પૂરેપૂરી રકમ ભરપાઈ ન થઈ શકે ત્યાં સુધી ચા નહીં પીવાનો નિર્ધાર કર્યો આમ કરવામા એક કાકરે બે પક્ષી મરતા હતા, એક તો પોતાની ફરજ પ્રત્યે સભાન રહેવાય અને ચા–ખાડનો લગભગ દશેક રૂપિયાનો ખર્ચ બચે

મહિનો પૂરો થયો અને ડૉક્ટરે ધર્માદાપેટી ઉઘડાવરાવી અંદરથી દશ ધર્માદા ચોપડે જમા કર્યા અને દશ પોતાના ખિસ્સામા સરકાવ્યા આ વખતે દેવુને કઈ દુઃખ થયું નહી કે ન તો એનો આત્મા ડંખ્યો. ફક્ત મનોમન એણે ડૉક્ટરને ફિટકાર વરસાવ્યો અને પોતાની નૈતિક હિંમતના અભાવ બદલ પોતાની જાતને ધુતકારી.

પહેલી તારીખે જેવો પગાર આવ્યો કે તરત દેવુએ સાજે કોઈ રૂમમા હતું નહી એ વખતે ધર્માદા પેટીમા દશ રૂપિયાની નોટ સરકાવી દીધી. ને પછી મનોમન બબડયો 'આ જમાનામા આડીતેડી પીંજણમા ઊતરવા જેવું નથી એ કરતા તો આ વચલો માર્ગ જ ઉત્તમ છે.'

આજે એનુ હૈયું હળવું ફૂલ થઈ ગયું હતું.



લવજી આ ગામમા આવ્યો ત્યારે એની પાસે રળી ખાવા માટે મૂડીમા ફક્ત કુહાડી, પાવડો અને કોદાળી હતા. ઘરવખરીમા એક પોટલુ ને બે-ચાર ગોદડાના ગાભા. ગાભામા તંબૂરો વીંટાળેલો હતો એટલો એનો અસબાબ લઈને એ નદીને કાંઠે પડ્યો હતો. લીરા થઈ ગયેલા કપડામાથી એની કાળી ડિબાંગ કાયા બિહામણી લાગતી હતી એના હાડકા-પાસળા ગણી શકાતાં હતા. હજામત વધી ગયેલી. પત્નીના પંડ ઉપર પણ પૂરતા કપડા નહોતા. ત્રણ સંતાનમા સૌથી નાનો છોકરો નાગોપૂગો હતો ને વચેટ દીકરીના પંડ ઉપર એક ઘાઘરી હતી ને મોટા દીકરાએ ફાટેલ ચડ્ડી ને એનુ જ કોઈએ આપેલુ પહેરણ પહેર્યું હતુ

આવતા-જતા માણસો એને જોતા ને ઉપેક્ષાથી ચાલ્યા જતા લવજી કોઈને કશું પૂછતો નહિ એના ચહેરા ઉપર નિરાશાની એક પણ રેખા નહોતી એના સુકાયેલા ચહેરામાથી એક પ્રકારનુ જાણે તેજ નીતરી રહ્યુ હતુ કદાચ એ રડ્યો હોય ને સુકાયેલા આસુ સૂરજના કિરણોમા ચમકતા હોય !

સૂરજ ઊંચો ચડ્યા ને બૈરીને લઈને એ વગડામા નીકળી પડ્યો. ત્રણ છોકરા ગેલા અસબાબ આસપાસ રમતા રહ્યા.

બે-ત્રણ કલાકે એ પાછા આવ્યા ફાટેલ પછેડીમા બાવળિયાના મૂળિયા બાંધેલા હતા. એ ગામમા ગયો ને વેચી આવ્યો ગામમા જઈ અનાજ દળવાની ઘંટીએથી લોટ લીધો તેલ વગેરે સામગ્રી લઈને તે પાછો આવ્યો ને મંગાળા ઉપર રસોઈ બનાવી એ કુટુંબ જમ્યું.

આસપાસ ફરતા કૂતરાઓને ટુકડો ટુકડો નાખ્યો તડકો ચડ્યો એટલે વડલા નીચે એમનુ સ્થળાંતર થયુ

સાંજે એ બજારમા ગયો. સારા ગણાતા માણસોને મળ્યો. રહેવા માટે એકાદ ઓરડી ભાડે રાખવાની ઇચ્છા બતાવી. પણ એવી કોઈ ઓરડી મળી નહિ એ પાછો આવ્યો.

રાત ઢળી વડલાની નીચે ગોદડા પથરાયા તંબૂરો બહાર નીકળ્યો. મંજીરા રણઝણ્યા મોડી રાત સુધી પતિ-પત્ની ભજન ગાતા રહ્યા દીકરો ને દીકરી ક્યારેક સાથ પુરાવતાં રહ્યા. ભજન, એ ગાનારની ટેક અને તંબૂરા અને મંજીરાના સૂરથી વાતાવરણ ભર્યું ભર્યું બની ગયુ રાત જાણે આગળ વધતી અટકી ગઈ સૂર એવા મીઠા કે નદીકાંઠેથી પવનની પાંખે ચડીને એ ગામની પુરી પહોંચતા હતા કોઈ કોઈ તો આ અવાજની દિશામા આવવા નીકળી પડતા. પણ લવજી ને એની પત્ની તો એવા લીન થઈ ગયેલા કે એમને ખબર નહોતી કે એમની આજુબાજુ ચાર-પાંચ જણા ઊભા છે

ભજન પૂરા થયા ને એક જણે પૂછ્યુ :

'ભગત, ક્યા રે'વા ?'

'કાઠિયાવાડમા....'


'તે અહીં કેમ રોકાયા ?'

'રળી ખાવા નીકળ્યા છીએ'

'કસબ કઈ આવડે છે ?'

'લાકડા ફાડીએ, કૂવા ગાળીએ, માટીના ઘર ચણીએ ક્યાય કામ મળે તો ઠાર પડીએ'

મન મૂરખ ! ક્યોં દીવાના હૈ ?
આજ રહે, કલ જાના હૈ.



દિલીપ રાણપુરા

'એવું કામ તો અહીં હાલશે.'

'તો અઠે દ્વારકા .... અમારે તો રોટલો ત્યાં ઓટલો'

'તો ગામમા આવોને.'

'ઓરડી નથી મળતી'

'કાલ વાત' કહીને સૌ ગયા.

જોયું...' લવજી પત્નીને કહેતો હતો 'મારો વા'લો કેવો છે ભાવટ ભાગવા દોડી આવ્યો ને !'

પત્ની શ્રદ્ધાભરી નજરે એની સામે જોઈ રહી.

સવારે પેલામાથી એક જણ આવ્યો. બોલ્યો :

'ભગત, હાલો ગામમાં.'

'પણ અટાણે નહિ નીકળાય લાકડાં કાપવા જવું છે. મોડુ થાય તો ખાશુ શું ?'

'આજના રોટલા મળી જશે'

'પણ સાવ મફતમા નહિ ખાઉં. ભગવાને હાથ-પગ આપ્યા છે આજ લગી હરામનુ ખાધુ નથી'

'તમને કામ આપશું.'

'તંઈ હાલો'

લવજી એમની સાથે ગયો. બે–ચાર ઓરડી જોઈ પણ મેળ ન પડચો ઉંચાં ભાડુ એટલુ વધારે હતું કે લવજીને એ પોષાય નહિ. છેવટે એક પડતર મકાન જોયું છાપરુ તૂટી ગયેલ દીવાલો પડી ગયેલી.

'ભગત, અહીં ફાવશે ?'

'હો'વે ..'

'પણ આમા કેમ રહેશો ?'

'હાથ–બાવડા સાબૂત છે'

'તો કરો સમુનમું ને રહો'

'ભાડુ ?'

'તમે ઘરને ગારગોરમટી કરો એ ભાડુ.'

લવજી ગળગળો થઈ ગયો. આવનારને ત્યાથી રોટલા લઈને એ વડલે ગયો. ખાધુ. બપોરે નવા ઘેર આવ્યા. આખુ કુટુંબ કામે લાગી ગયુ સાફ-સૂફી થાય એવું હતુ ત્યા કરી. બપોર પછી લાકડા કાપી લાવ્યા ને થોડા લાકડા જેને ત્યાથી રોટલા લાવ્યા હતા ત્યા આપ્યા બાકીના વેચ્યા. રાતે ભજન.. એક આશરો મળી ગયો હતો. માથે છાપરું હતું ..ઘણું હતું ...ઘણો સંતોષ હતો.

પછી તો એ કામે વળગી ગયા. સવારે લાકડાં કાપવા જાય, વેચે. લોટ વગેરે વેચાતું લાવે ને ખાય. બપોરે માટી ખોદી લઈને દીવાલ ચણે. સતત મહેનત કર્યા કરે કામ કરતી વખતે ભજનની કડીઓ ગણગણ્યા કરે. કદી થાકની ફરિયાદ નહિ. કંટાળો નહિ. ચીડ નહિ. નસીબને દોષ નહિ અસંતોષ નહિ એક પ્રકારનો ઉત્સાહ એમના ખાવડાંમા હતો પ્રભુની કૃપાની અનુભૂતિ પળે પળે થતી હોય એવી ચમક એમની આખમા હતી. રાતે ભજન ગવાય. માણસો ભેગા થાય કોઈ લાંબી લપછપ નહિ....કોઈની પાસે દુઃખ રોવાનુ નહિ હાથ લાંબો કરવાનો નહિ. એક જ ધ્રુવ–પંક્તિમા પૂરી શ્રદ્ધા :

> સુખદુઃખ મનમા ન આણીએ ઘટ સાથે રે, ઘડિયા,
> ટાળ્યા તે કોઈના નવ ટળે, રઘુનાથના જડિયા.

પંદર દિવસમા તો ઘર નવા જેવું બની ગયું. લવજી કહેતો 'ધરતી તો માતા છે એને ઠારીએ તો એ આપણને ઠારે.'

અને ગાડુ ગબડવા લાગ્યુ. માટીકામ મળવા લાગ્યુ કામમા પતિ–પત્ની અને દીકરો–દીકરી સાથે જ.. કોઈ જુદા નહિ થાય એટલુ સૌ કામ કરે. દિલદગડાઈ નહિ કામ સારુ કરવાની કાળજી રાખે. આળસ કરે નહિ બધા માટે નવા કપડા આવ્યા.

થોડા પૈસા ભેગા થયા. પણ પરિગ્રહ વધારવો લવજીને ગમતો નહિ રોજ સવાર-સાંજ કૂતરાને રોટલો નીરે... પારેવાના ચણ માટે કૂંડા બાંધી દીધેલાં આગણામા તુલસીક્યારો બનાવ્યો રોજ દીવો કરે ભક્તિભાવથી એનુ હૈયુ ઊભરાતુ રહેતું ભણ્યો નહોતો, ઉચ્ચ કુટુંબનો નહોતો, પણ એનુ અંતર ચોખ્ખુ હતું ભાવના–શ્રદ્ધા ભણતરથી આગળ હતી.

થોડી સૂડી નહોતી કરવી તોય થઈ ગઈ. પત્નીનો જીવ જરા પૈસા ભેગા કરવામા લલચાયો 'છોકરા છે . કામ હાલે–ન–હાલે તો . .'

'પણ આપણા બાવડા તો હાલેને'

'ક્યારેક એ ય બંધ થઈ જાય ત્યારે ?'

'ત્યારે ઉપરવાળો બેઠો છે ને'

'ના, તમે ન સમજો'

'જો, તુ આટલુ સમજી લે એના ઉપર શ્રદ્ધા રાખ છોકરાને આપણે બાવડાનુ બળ આપ્યુ છે એમનામા નીતિ છે હુન્નર છે બસ, એ જીવી જશે જો, શ્રદ્ધા અને મહેનત મોટી વાત છે .... પૈસો તો '

પણ સ્ત્રીહઠ આગળ એ કશું વધુ કહી શકયા નહિ એનુ હૈયુ ચણચણ્યા કરતું ..એ સોસવાયા કરતો. 'રે ભગવાન ! આટલા વર્ષો આને માયાની માયા લાગી તારી ભકિતમા મે ક્યાક ભૂલ કરી હશે. મારા છોકરામા એવી દાનત ભરાશે તો પૈસો ભલે મહેનતનો રહ્યો—કાળી મજૂરીનો ને કેટલો વહાલો લાગે છે ! પણ પૈસો નખ્ખોદ કાઢી નાખશે.'

એક વખત પત્નીએ પૂછ્યુ

'તમે પૈસા લીધા છે ?'

'ના રે શુ થયુ ?'

'આ ગોખલામા ડબલુ મૂકયુ હતું'

'કેટલા રૂપિયા હતા ?'

'ત્રીસ જેટલા રૂપિયા હતા કોઈ લઈ ગયું'

'ભલું થયુ'

'હાય હાય' કાળી મજૂરી મારી આતરડી કકળે છે છોકરાને સારુ ખવરાવ્યું નહિ ને...' આખમાથી આસુ પડી ગયા તે છાતી ફૂટવા લાગી

લવજી તેની પાસે ગયો બોલ્યો. 'રડ નહિ જે આપણુ ન હોય તે ન રહે આપણે આપણી જરૂરિયાત કરતા વધારે ભેગુ કરેલુ ને'

'તે આ બધા શેઠિયા કેટલુ ભેગુ કરે છે ?

લવજી ચમકી ગયો 'આ. આ આમ કેમ બોલે છે હજુ એ ન સમજી, મારા વા'લા !'

'જે લઈ ગયો હશે એનુ સાતે ય ભવ ..'

'રહેવા દે' લવજીએ તેના મો આડે હાથ દઈ દીધો 'શ્રાપ ન દે નાહક કોઈનુ ભૂડું થઈ જાય આપણે ઘર ચણાએ છીએ લોકો એમા સુખ-શાતિથી રહે છે આપણને આટલો આશરો મળ્યો છે કેટલુ સુખ છે ! તું આવી ક્યા થઈ ગઈ ? આપણે શાની ખોટ છે ? ફરી રળશુ .. એમા શુ ? હતા તો ત્રીસ રૂપિયા જ ને .. ભવ તો નથી હારી ગઈ ને ?' લવજી ક્યાય સુધી મનાવતો રહ્યો આખરે એના મગજમા કાઈક ઊતર્યું શાતિ થઈ ગઈ ▣

રોજના જેમ જ રાતના ભજનમા એ લીન થઈ ગઈ હતી બીજે દિવસે એ બધુ ભૂલી ગઈ હતી જીવન રાબેતા મુજબ ચાલી રહ્યુ હતું એમા એક દિવસ એક ભાઈ, આ મકાન આપનાર ભાઈની સાથે આવ્યા.

'લવજી' આવનાર કહેતો હતો. 'મૂળ તો આ મકાન આ ભાઈનુ '

'ઓહો હો.. પધારો.' કહેતો તે ઓછો ઓછો થઈ ગયો

'આ મકાન એમણે વેચી દીધું છે'

'હા, મારે અહી રહેવું નહિ, પછી જગ્યા રાખીને શુ કામ છે ?' પેલા ભાઈ બોલ્યા.

'સારુ કર્યું'

'તમારે આજે જ મકાન ખાલી કરવું પડશે જેમણે રાખ્યુ છે એ આજે જ કબજો માગે છે'

લવજીએ પેલા ભાઈના સામે જોયું ને પૂછ્યુ

'મને મકાન મળશે ? આ ચણ્યના રૂડા સચવાશે ?'

'અત્યારે તો કેમ કહેવાય ?'

લવજીના ચહેરા ઉપર જરાય ઉદાસી ન આવી. એ તો ઘરમા ગયો ને વાત કરી ઘર ખાલી કરવા જેટલો સામાન જ નહોતો જે રીતે આ ઘરમા આવ્યો હતો એ રીતે કુહાડી, કોદાળી, પાવડો, પોટકુ, ગોદડાના ગાભા–ખાટલા ઉપાડીને કુટુંબ બહાર નીકળ્યું લવજીના આખમા આસુ હતા નિરાધાર થયાના નહિ આ ઘરની દીવાલમા એણે જે પ્રેમ રેડયો હતો, એમાથી એણે જે મેળવ્યું હતુ તેને છોડતા દુ:ખ થતું હતું તેણે આસુ લૂછી નાખ્યાં ને ઘર પર ફરી એક મીઠી નજર નાખી ને નદીકાઠે વડલાની નીચે આવી ગયો

એ રાતે ભજનની મહેફિલ જામી કોઈ સ્થિત પ્રજ્ઞની જેમ લવજી ને એનુ કુટુંબ ભજન ગાતું હતું.

▣

સત્કાર્યનો શિરપાવ

નવલકિશોર ઈ. વ્યાસ

પ્રખ્યાત બેરિસ્ટર ઓમપ્રકાશનું ચિત્ત હમણાંથી છેલ્લા એક વરસથી ઠેકાણે રહેતું ન હતું. હાઈકોર્ટમા કદી નહિ હારનાર તેઓ છેલ્લા બે કેસ હારી ગયા હતા મિત્રો અને કુટુંબીઓને પણ એમની વિહ્વળતાથી આશ્ચર્ય થતુ હતું. કોર્ટમા તેજના તણખા વેરતી એમની દલીલોમાય કોઈને કાંઈ કસ માલૂમ પડતો ન હતો મિત્રો કદીક પૂછી બેસતા

'તમારી વાક્ધારા અગાઉ જેવી ચબરાક કેમ નથી હોતી ? દલીલો કરતા કરતા થાકી જાઓ છો. તમે કાઈ થાક અનુભવો છો ! કે પછી હવે નિવૃત્તિ લેવાનો વિચાર કર્યો છે ?'

કૃત્રિમ હાસ્યથી તે જવાબ ટાળી દેતા. મનમા વિચારી લેતા 'એવી વાત કહી મારી જાતને વહેમીમા ખપાવવા સિવાય મને બીજુ શું મળનાર છે ? આશ્વાસનની વાત દૂર રહી, સ ભવ છે કે પીઠ પાછળ વાત કરવાને બદલે મોઢામોઢ ઝાપટી દે 'તમારા જેવો વિદ્વાન બેરિસ્ટર આટલો બધો વહેમી અને જડસુ ! કોઈ જ્યોતિષી ઈશ્વરના ઘેર જઈ આવ્યો નથી કે એની હરેક ભવિષ્યવાણી સાચી પડે'

વાત એમ બની હતી કે એમનો પુત્ર રશ્મિકાત દિવ્યા સાથે પ્રેમલગ્નથી જોડાવાનો હતો ત્યારે કોણ જાણે ક્યાથી સૂઝી આવ્યું કે તે પોતાના જ્યોતિષી કમલનયન પાસે બ નેની જન્મપત્રિકાઓ લઈને પહોચી ગયા

કમલનયને રશ્મિકાતની પત્રિકા પર નજર કરી. પોતે જ બનાવીને આપી હતી, એ વખતે કાઈ કહ્યું ન હતું. મનમા ગણિત ગણી આગળાના વેઢા પર અ ગૂઠો ફેરવતાં ફેરવતા એના ભવા સ કોચાયા ક્ષણ પછી નેત્રો પહોળા થયા. આમ તેમ માથુ હલાવી તેણે કહ્યુ . 'અત્યારે... રશ્મિકાતને પચ્ચીસમું બેઠું અને હવે ..' કહેતાં કહેતા સહેજ અટકી, ફરી વાર પેલા વેઢા પર અંગૂઠો ફેરવી લઈ, ઝટ કહી નાખ્યું, 'છવીસમા વરસે એના લગ્ન કરજો'



ચબરાક બેરિસ્ટરથી એની વાત કરવાની રબઢબ છાની રહે ખરી ? તેમણે પ્રશ્ન કર્યો 'હાલ શા માટે નહિ ? બ ને લગ્નગ્ર થિથી જોડાવા આતુર છે. મુહૂર્ત જોવડાવી, તિથિ નક્કી કરવાની છે'

'હાલનુ વરસ એના માટે સારુ નથી, બેરિસ્ટર સાહેબ. એમા એનુ અને તમારા બ નેનુ હિત છે'

'ગોળગોળ વાત ન કરો હુ તમારી સલાહ લેવા આવ્યો છુ'

'તો સાહેબ, જાણી લો, કે જેમ આપને ધ ધાકીય મર્યાદા હોય છે, તેમ અમારે પણ મર્યાદાઓ હોય છે હુ એટલુ કહી શકુ કે પચ્ચીસમા વરસે રશ્મિકાતને ઘાતયોગ છે વાહનની ઘાત નડશે'

'કાઈ ભૂલ તો નથી થતી ? બરાબર તપાસો. એક એક ગ્રહ, એની દૃષ્ટિ—દશા—નવમાશ, તમારે જે કાઈ જોવુ હોય તે બરાબર જુઓ'

કમલનયને કાઈ ન સમજી શકાય એવી રીતે

માથું ધુણાવીને કહ્યું 'જ્યોતિષ માત્ર માર્ગદર્શન આપે છે શું બનશે અને શું નહીં', એ સચોટ ન કહી શકાય મારી સલાહ એટલી જ કે પચ્ચીસમું વરસ પૂરું થાય ત્યાં સુધી એણે વાહનોથી સંભાળવું અને બની શકે તો લગ્ન પણ એક વરસ પછી થાય એ ઇચ્છનીય છે.'

ઓમપ્રકાશના હૃદયમાં તરખાટ મચી ગયો એક યા બીજા બહાને પુત્રને લગ્ન માટે થોભી જવા જણાવ્યું ત્યારે એણે જ પ્રશ્ન કર્યો : 'ડે. ડી. તમે ગઈ કાલ સુધી મારા લગ્ન માટે સંમત હતા અને આજે આનાકાની કેમ કરો છો ! દિવ્યા તમારી પુત્રવધૂ બને એ તમને પસંદ નથી ?—જો એમ જ હોય તો મને અગાઉથી શા માટે ના ન પાડી !'

એની સદાય તેજીલી રહેતી જીભ પુત્રના અનિષ્ટ વિષે કાંઈ કહેવા માટે લાખ વાતે ય ઊપડી નહીં કૃત્રિમ હાસ્ય સાથે ભાવિને વશ થતા તેણે કહ્યું 'એવું કાંઈ નથી પરંતુ એકાદ વરસ થોભી ગયો હોત દિવ્યાના અને એના કુટુંબીજનોના સ્વભાવ વગેરેથી સારી રીતે પરિચિત થયો હોત તો ઠીક હતું એવા જ કાંઈક વિચારથી ...' કહી વાક્ય અધૂરું મૂક્યું પરંતુ મનમાં નિર્ણય કરી લીધો કે પુત્રને વાહનની ઘાતમાંથી કોઈ પણ રીતે ઉગારી લેવો જ.

—અને એથી જ પોતે કારને હંમેશ રોકાયેલી રાખવા લાગ્યા રશ્મિકાંતને પિતાનું વર્તન બદલાઈ ગયેલું દેખાવા લાગ્યું અગાઉ કદી કારની ના નહોતા પાડતા હવે શું થઈ ગયું છે કે મારે અને દિવ્યાને બહાર ફરવા જવા માટે કાર જોઈતી હોય તો ના પાડી દે છે. કહે છે : 'કારની શું જરૂર છે ? ફોનથી વાત કરી મુલાકાત પતાવી દે'

રશ્મિકાંતની મૂંઝવણ વધતી હતી પોતે દિવ્યા સાથે લગ્નગ્રંથિથી જોડાયો એથી ડેડી નારાજ થયાનું તે મનમાં વિચારતો હતો. તો બીજી તરફથી પિતાના અખૂટ વાત્સલ્ય અને સ્નેહથી તે પીગળી જતો હતો

દિવસો વીતતા હતા. રશ્મિકાંતને મુંબઈ જવાનું થયું આમ સામાન્ય રીતે ઓમપ્રકાશ એને આંખથી અળગો કરતા નહિ પરંતુ મુંબઈ જવાની ના પાડી શક્યા નહિ કેમકે દિવ્યાનો ભાઈ દિવ્યકર વધુ અભ્યાસ માટે અમેરિકા જતો હતો. ત્યાં રશ્મિકાંત અને દિવ્યા એને મુંબઈ સુધી વિદાય આપવા જવા ઇચ્છતા હતા

એકના એક પુત્રની ઇચ્છાનો અનાદર કરવાની તેમનામાં શક્તિ નહોતી છ મહિના ક્ષેમકુશળ રીતે પસાર થયા હતા, એ એમને મન ઇશ્વરની દયા અને કૃપાનું જ પરિણામ હતું બંને મુંબઈ જવા તૈયાર થયા ત્યારે વારંવાર એમની એક સલાહ આપી. 'વાહનવહેવારથી સંભાળજો. મુંબઈની ગિરદી ન પૂછો વાત. ધ્યાનથી ચડવું. ધ્યાનથી ઊતરવું. ઉતાવળા ન થવું'

રશ્મિકાંતને થયું પોતે એકનો એક પુત્ર હોઈ પિતાને ચિંતા થાય એ સ્વાભાવિક છે તોયે એણે જ સ્નેહપૂર્ણ જવાબ વાળ્યો 'આપ નાહક ચિંતા કરો છો આપ કહો છો એમ જ વર્તીશું ઇશ્વર આપણો છે કે આપણી છે એ વરસોજૂનો અનુભવી છે તમારો જીવ ગાભરો બનો ટકો કેમ બનો જાય છે !'

પુત્રના ભોળા શબ્દોથી એમના વદન ઉપર સ્મિત ફરકી ઊઠ્યું પરંતુ એમને વિદાય આપ્યા પછી અજંપામાં પડી ગયા મનોમન ઇષ્ટદેવતાની બાધા-આખડી રાખી અને તરત યાદ આવી જવાથી બ્રહ્મ-દેવતાને બોલાવી, પ્રેમપૂર્વક સત્કારી, મૃત્યુંજયના જાપ જપવાનું ય કહી દીધું

કૃપાશંકરે પૂછ્યું 'કેટલા જાપ જપવાના છે ?'

'જ્યાં સુધી તમે વ્રત અને નિયમમાં રહી શકો ત્યાં સુધી દાન-દક્ષિણાનો આંકડો ગમે તેટલો માગશો તોય મને નાનો પડશે પૂર્ણ શ્રદ્ધાથી,ભક્તિથી જાપ જપવાના છે હું ખુદ જાપ જપવા બેસી જાઉં એવું મન થઈ આવે છે પરંતુ લાચાર છું, કે ચિત્ત સ્થિર રાખી શકતો નથી'

એક સપ્તાહ પછી પુત્ર અને પુત્રવધૂ ક્ષેમકુશળ પાછા આવ્યા ત્યારે જ એની અજંપા ભરેલી આંખોએ શાંતિ અનુભવી. હૈયામાંય ટાઢક વળી :

'ઈશ્વરે લાજ રાખી. પ્રભુ પરમકૃપાળુ છે'

દિવસો જતા હતા. એમને સમજાતું ન હતું કે ઘાતના દિવસો ઓછા થતા હતા કે પુત્રના આયુષ્યના! એમની ચિંતા વધતી હતી. મનની વ્યગ્રતા વધતી હતી. એકાગ્રતા ઘટતી હતી. ક્યાંય ચેન પડતું નહીં. કોઈ કેસ તેઓ હાથમાં લેતા નહિ. મિત્રોએ જ અનુમાન તારવ્યું: 'કદી નહીં હારનાર સિંહને ઉપરાઉપરી બે કેસોમાં નિષ્ફળ નીવડ્યાથી હૃદય પર જબ્બર અસર થઈ છે. નહિ તો આમ બને જ નહિ. નથી કરતા કાંઈ વાતચીત, નથી આપતા કોઈને સલાહસૂચન કે કાંઈ માર્ગદર્શન. જ્યારે જુઓ ત્યારે સૂનમૂન દેખાય છે. સાવ બદલાઈ ગયા છે. જાણે અગાઉના ઓમપ્રકાશ જ નહિ.

એક મિત્રે પૂંછડે પડેલ બળદને ઊભો કરે તેમ એમને એક કેસ લેવા માટે પરાણે પરાણે સમજાવતા કહ્યું: 'થનાર વસ્તુ થયા કરે છે. કાંઈ આપણા હાથની વાત નથી. દરેક ચુકાદો આપણી તરફેણમાં જ આવે એવું ઓછું છે!' મિત્ર પેલા હારી ગયેલા કેસો બાબત વાત કરી રહ્યો હતો.

ઓમપ્રકાશ મનમાં ચાલતા વિચારો સાથે એનો જાણેઅજાણ્યે મેળ બેસાડી રહ્યા હતા: 'એની વાત નાખી દેવા જેવી નો'તી. થનાર વસ્તુ થયા જ કરે છે. અગાઉથી આટલી બધી ચિંતા! હા, પણ જેમ કોઈ કેસમાં જીત કે હાર અસીલના નસીબની વાત છે, પરંતુ એને માટે, એની જીત માટે ચિંતા કરવી જ પડે છે. પુસ્તકો અને કેટલાક રૂલીંગો તૈયાર રાખવા પડે છે. એમ જ મારે પણ કિસ્મતના ચુકાદા માટે, જીતના ચુકાદા માટે તૈયારી કરવી જોઈએ. એ તૈયારી મેં કરી લીધી છે. છતાંય સાવધાન રહીશ. બીજું શું!'

એ દિવસે તેમણે એક અસીલની બ્રીફ જતી કરી, પરંતુ મનને કોરી ખાતી પેલી ચિંતા કાંઈક હળવી થઈ. કાળજું પ્રમાણમાં કઠણ થયું. રાત્રે 'હવે કેટલા મહિના બાકી રહ્યા?' નો વિચાર કરતા કરતા ઊંઘ આવી ગઈ.

☆

બીજે દિવસે સવારે તે મોડા ઊઠ્યા. પ્રાતઃવિધિથી પરવારી જેવો દીવાનખાનામાં પગ મૂક્યો કે તરત જ એક વકીલ હાથમાં કેટલાક કાગળો સાથે આવી પહોંચ્યા. સાથે એક ગરીબ બાઈને લેતા આવ્યા હતા. આગંતુક વકીલે અંગ્રેજી ભાષામાં કેસની તમામ હકીકત કહી સંભળાવી. પેલી બાઈ ભોંયતળિયા પર બેઠી બેઠી સજળ નેત્રે અજાણી ભાષામાં થતી વાતચીત સાંભળતી હતી. બંનેના ચહેરાના હાવભાવ પરથી એની સમજમાં કાંઈ આવતું ન હતું. પણ એનાથી બોલ્યા વગર રહેવાયું નહીં: 'સાહેબ. વિધવા છું. એકનો એક જુવાનજોધ દીકરો છે. સાવ નિર્દોષ છે. અમે ગરીબ માણસ ગુનો કરીએ નહીં.. કરમની કઠણાઈ કે ખૂની ઠર્યો અને ફાંસીની સજા..' બોલતા બોલતાં આંખની પાંપણો વચ્ચે રહેલા આંસુઓ એના સુકાઈ ગયેલા ચહેરા પર રેલાવા લાગ્યા. પેલા વકીલે આંખ કાઢી આગળ ન બોલવાનું સૂચન કર્યું.

ઓમપ્રકાશે એને વાર્યો. 'એનું હૈયું ભરાઈ આવ્યું છે. બાઈને જે કહેવું હોય તે કહેવા દો.'

'સા'બ, તમે જ મારા ભગવાન છો. સાંભળ્યું છે, કે કંઈકને ફાંસીના માંચડેથી તમે ઉગાર્યા છે. એટલે તો... પૈસા નથી. ગરીબ બાઈમાણસનો કેસ હાથમાં લો. મારી ચામડીના જોડા સીવડાવી દઉં. તોયે તમારો ઉપકાર.' આંસુના આવેગમાં હૈયું ભરાઈ આવ્યાથી તે ત્રુટક ત્રુટક બોલી ગઈ.

દરમ્યાનમાં ઓમપ્રકાશ પેલા કાગળો પર નજર ફેરવતા હતા. વકીલને પૃચ્છા કરતા હતા. બાઈનું બોલવું બંધ થયું. માત્ર આંસુ વહેતા રહ્યા. બેરિસ્ટર ને વકીલ અંદરોઅંદર ધીમે અવાજે વાતો કરતા હતા. એવામાં રશ્મિકાંત અને દિવ્યા બારણે ડોકાયા. રશ્મિકાંતે કહ્યું: 'ડૅ...ડી. અમે માશીને ત્યાં જઈએ છીએ. કાર લેતા જઈએ છીએ.'

કેસની વિગતોમાં ખૂંચેલ હોઈ, ઓમપ્રકાશે માત્ર માથું હલાવ્યું. બંને ત્યાંથી પસાર થઈ ગયા. કેસની રજેરજ વિગત જાણી લીધા પછી સ્વાભાવિક રીતે એમની નજર બાઈ તરફ દોરાઈ. બાઈએ એમના ચહેરા તરફ જોયું. તે ઊંડા વિચારમાં માલૂમ

પડ્યા બાઈ બોલી 'તમારા દીકરા-વહુની જોડી અખંડ રહો એનો ચૂડલો રાતો રહેશે. સાહેબ. સાહેબ એક વાર તમે હા કહી દો ... મારા દીકરાનો કેસ હાથમા ઝાલો—'

પેલા વકીલ ફરીથી આંખ કાઢી, એને વારે એ પહેલા જ ઓમપ્રકાશે કહી નાખ્યુ 'વલોપાત ન કર, બહેન હુ તારો કેસ મફત લડી દઈશ'

'તમારા જેવો ભગવાને ય નહી સાહેબ. અમ ગરીબ પાસે નાણુ નથી. માણસ નથી. કાંઈ નથી. પણ એટલુ તો કહો કે આમા મારા દીકરાને બચવાની કાંઈ બારી છે!'

હકારમા મસ્તક હલાવી તે ચૂપ રહ્યા એમની નજર આગળ રશ્મિકાંત અને દિવ્યાની જોડી વિલસતી હતી પોતે પોતાના પુત્રને બચાવવા કેટલા બધા આતુર હતા અને આ બાઈ પણ એના પુત્ર માટે કરગરતી હતીને?

બાઈએ પેલા મસ્તકને હકારમા હલતુ જોઈને ઉમેર્યુ : 'કાંઈક નહી ને કાંઈક બારી ગોતી કાઢી એને ફાંસીમાંથી બચાવજો .. જેલ પડે તો ભલે પડે મારો દીકરો મોતના મુખમાથી ઊગરે એટલુ કરજો.'

બાઈના શબ્દો એમના હ્રદયમા પડઘા પાડવા લાગ્યા તેઓએ ઘડીઆળ સામે જોયુ સમય થવા આવ્યો હતો જલદીથી તૈયાર થઈ ડ્રાઈવરને હાક લગાવી : 'રા....મ... જી.'

વકીલ મિત્રે કહ્યુ 'એ તો ગાડીમા ભાઈને લઈને ગયો આપણે વાતોમા હતા ત્યારે!'

એકાએક એમના હ્રદયે ભયંકર આચકો અનુભવ્યો. બીજી જ ક્ષણે હિંમત એકઠી કરી, હાથમા લીધેલ કેસ માટે કોર્ટે જવા તત્પર થઈ ગયા ત્યાં વકીલે કહી નાખ્યુ 'સાહેબ, હુ ગાડી લઈને જ આવ્યો છુ માનશો? મારા ખર્ચે જ હુ આ કેસ લડ્યો છુ મને આશા હતી કે આપ મારી વાત માન્ય રાખશો આથી હિંમત કરીને આપની પાસે આવ્યો'


હાઈકોર્ટમા જઈ અપીલ દાખલ કરાવીને તે ભાડૂતી ટેક્ષીમા પાછા ફર્યા ત્યારે દરવાજેથી એક ભાડૂતી ટેક્ષીને તેમણે પાછી ફરતી નિહાળી.

હાફળાફાફળા તે ઉતાવળા કંપાઉન્ડમા દાખલ થયા, કે એ જ ક્ષણે રશ્મિકાંત ને દિવ્યાએ એમના ચરણોમા પડી આશીર્વાદ માગ્યા

તેઓ અવાક્ ઊભા જ રહી ગયા કાંઈ સમજમાં આવતુ ન હતુ. રશ્મિકાંતે કહ્યુ 'માશીને મળવા રાયપુર જતા હતા. રસ્તામા ગાડી એકાએક અટકી કારણ જાણવા રામજી ગાડીમાથી નીચે ઊતર્યો કુતુહલતાથી હું એની પાછળ પાછળ ઊતર્યો અને મારી પાછળ દિવ્યા પણ દોરાઈ જોયું તો પેટ્રોલ ખલાસ સાથે કેન લીધુ ન હતુ અમે એક ઝાડ તળે ઊભા ઊભા પેટ્રોલની વ્યવસ્થા વિચારતા હતા આ બનાવને માંડ ત્રણ મિનિટ પસાર થઈ હશે ત્યા તો પૂરઝડપે ભાગતી એક ટ્રકે કારને અડફેટમા લીધી'

રશ્મિકાંતે બાપની સ્નેહભરી છાતીની હૂંફ માણતા કહ્યુ 'એ ટ્રકવાળો આગળ એક્સીડેન્ટ કરીને પૂરઝડપે ભાગતો હતો એ તો પછીથી જ ખબર પડી જો પેટ્રોલ ખલાસ ન થયુ હોત તો.' બોલતા વાક્ય અધૂરુ રાખી તેણે કહી નાખ્યું : 'આજે અમે ઘાતમાથી બચી ગયા.'

—અને ઓમપ્રકાશ મનમા બોલ્યા 'ઘાતમાંથી નહીં', મોતમાથી પેલી અનાથ અબળાના આશીર્વાદથી' એમની આંખો સજળ બની ગઈ પ્રગટ રીતે એટલુ જ બોલી શક્યા 'સવારના પહોરમા આજે એક સત્કાર્ય કર્યુ બદલામા ઈશ્વરે લાજ રાખી. બ ને સો વરસના થાવ'



છપ્પરપગી કે કંકુપગલી ?

બંસીકુમાર ટી બારોટ


રંભા રાડીને ઘેર આવી હોત તો તો કંઈ દુઃખ નહોતું. પરંતુ છતા ધણીએ, છતા વસ્તારે એને તગડી મૂકી એનો વસવસો રામજી મિસ્ત્રીના હૈયે ઘણના ઘા જેવો રાત–દહાડો ગાજી રહ્યો હતો.

ગામ આખુ મિસ્ત્રીના જમાઈ પર અને તેના સાસરિયા પર ફિટકાર વરસાવી રહ્યું સ્વજનોએ આશ્વાસન આપ્યું રોતીકકળતી રંભા રાકની માફક એકાદ વરસ સૂનમૂન બેસી રહી. 'ભાગ્ય બળવાન છે' એવું કહીને મિસ્ત્રી પોતાના અને પંડની દીકરીના આસુ લૂછતા રહ્યા

રંભાને તેની ભૂલ સમજાઈ હતી પણ એ ભૂલ સુધારવાનું કામ તેના હાથની વાત નહોતી. કુદરત જ એ ભૂલ સુધારી શકે. પણ જાણે કુદરતને તો ભૂલ જ મંજૂર હતી

આરસના પૂતળા જેવી રંભા સારસના સંગે છે એવું પરણ્યા પછી માની બેઠેલી, પણ આ માન્યતા ઠગારી નીવડી રંભાની સાસુને મન રંભા રૂપની રંભા હતી. તેના પતિને મન રંભા ઇન્દ્રની રંભા હતી ને એના સસરા તો રંભાના રોજ છાના દર્શન કરી લેતા. રંભાને છાનીમાની રીતે જોઈને આંખને વાળી લેતા અને એક મલકાટ મૂછમા રમાડી લેતા એ મૂછો એ વખતે વાત્સલ્યભાવના ફણગા જેવી લાગતી. 'લાવો ભા, ને લ્યો ભા' જેવા આદરણીય શબ્દોથી તેની પાસે કામ લેવાતુ કે અપાતુ જો કે શરૂશરૂમા તો વરસદહાડા સુધી તેને કોઈ કામ સોપાયું જ નહોતું રંભા આ રીતે તેમના ઘરમાં નસીબદાર વહુ તરીકે બની બેઠી હતી.

ઘરમા રંભા જેવું કોઈ રૂપાળુ નહોતું. એટલે રંભા તો એ કુટુંબની પ્રદર્શનની ચીજ હોય એ રીતે તેની સજાવટ થતી રહેતી રોજ નવી સાડી તેને આગ્રહથી પહેરાવાતી રોજ નવી ચીજ રંભા માટે ખરીદાતી તેના સસરા શહેરમા 'હટાણુ' કરવા જતા ત્યારે ક્યારેક બંગડીઓ, તો ક્યારેક રંગભરી બોપટ્ટીઓ લાવતા. ક્યારેક ઇંચરીંગ, મેંદી, મેંશ અને ચાલ્લો કરવા નવી ભાતની પેન્સિલો લાવતા. હોશીલા સસરા ચોટલા અને પાવડરનો ડબ્બો પણ ખરીદી લાવતા.



આજુબાજુમાં ખેડૂતોના ઘર આવેલાં હતા તેમની ગંદી સ્ત્રીઓમા રંભા જુદી તરી આવતી રંભાની સાથે ગોઠડી બાંધવામા તે સ્ત્રીઓ ગૌરવ અનુભવવા લાગતી. કૂવે પાણી ભરવા જાય ત્યારે તેને પાણી સીંચવું પડતું નહી. પેલી ખેડૂતોની સ્ત્રીઓ પાણી સીંચી દેતી રંભાને કદીય અભિમાને અભડાવી હોય તેવું બન્યું નથી. આથી દરેકનો પ્રેમ છેક સુધી એ મેળવી શકી હતી.

રંભાના સસરાની ખરીદી ક્યારેક જોરદાર બની જતી એ વખતે રંભાની સાસુનો પુણ્યપ્રકોપ અષાઢી વીજળીની જેમ તેજલિસોટો પાથરીને અલોપ થઈ જતો સાસુ–સસરા વચ્ચે મીઠો કલહ જામતો પણ એ કલહ સૌને ગમતો કલહના મૂળમા પ્રેમનુ ઝરણું

ફૂટતું. એમાં નહાવાની અને નાહીને અરસપરસ છાંટા ઉડાડવાની દરેકને મજા પડતી. કુટુંબને કલહની મીઠી ટેવ પડી ગઈ હતી. આ ટેવ બધાંને માફક પણ આવી ગઈ હતી. ક્યારેક રંભાને પડખે તેની સાસુ હોય તો ક્યારેક સસરા હોય મોટા ભાગે સસરાનો સહારો વધુ રહેતો. સસરા એ રીતે સાસુને રીઝવી લેતા, એ રંભાથી અજાણ્યું તો નહોતું જ.

રંભાના આવ્યા પછી જ આ ઘરમા મોટો આયનો આવેલો. નાનો ચાંલ્લો તેની સાસુને ગમતો નહોતો. એટલે રૂપાળા પૈસા જેવો મોટો ચાંલ્લો રંભાના ગોરા, નમણા તેજે ભર્યા લલાટમા તેની સાસુ ચીવટથી કરતી. પછી કોઈને નજર ના લાગે માટે કાનના આગળના ભાગે મેંશનુ દેખાય એ રીતે ટપકુ કરતી ત્યારે રંભા જરા શરમાતી

પણ વધુપડતા હેત વધુ ટકતાં નથી એવુ જ બન્યુ. દર વરસે રંભાનો ખોળો નિયમિત ભરાતો. બધાને ત્યારે આનંદ થતો. પણ પરિણામ આવ્યા પછી સૌ નિરાશ થતાં.

લાગલાગટ છ સુવાવડમાં રંભાએ છયે પુત્રીઓને જન્મ આપ્યો ત્યારે પુત્રીઓથી ઘરનો ઉંબરો ઘસાયેલા કુટુંબને, રંભા વેર વાળવા આવી હોય એવી જણાઈ. દરેકની આખમા એક પ્રકારની કડવાશનુ અંજન અંજાઈ ગયું ત્રીજી સુવાવડ પછીથી તેની સાસુનુ મન ઊંચુ થઈ ગયુ એ ઊંચુ મન ઊંચે ને ઊંચે જતું રહ્યુ. ઘન પ્રેમ વરાળ બનીને ઊડવા લાગ્યો. હવે તો પ્રેમની વરાળ પણ અસ્તિત્વહીન બની ગઈ હતી

એ જ વહાલ કરતી સાસુએ એક વાર રંભાને સુણાવી દીધુ, 'હાય ... હાય રાંડ કૂતરીને પેટે કૂતરીઓ જ અવતરે છે! હવે તેમને મન રંભા ઘરની વહુ નહોતી, પણ કૂતરી હતી આવું અકારુ વેણબાણ વાગતાં રંભાના રૂંવે રૂંવે અંગારા ચંપાયા રંભા દાઝી ઊઠી, બળીને ખાખ થઈ જવાય એ રીતે. પણ દીકરીઓની નિર્દોષ જ જાળે તેના ખાખ થતા જીવનુ જતન કર્યું. એને તો ખાખ થવું હતું, પણ એ ખાખ થઈ શકતી નહોતી માતૃપ્રેમ તેની વહારે દોડી આવતો.

છઠ્ઠી સુવાવડે ય જ્યારે રંભાને દીકરી અવતરી ત્યારે તો પુત્રદર્શનના ભિખારી કુટુંબના હૈયામાં રંભા માટે શંકા ઘર કરી ગઈ 'આ રાંડ છોડીઓ જ જણશે છપ્પરપગી છે!' એવું સર્વાનુમતે નક્કી થઈ ગયુ. રંભાને ય હવે પોતાની જાત માટે વિશ્વાસ નહોતો રહ્યો. અને સુવાવડ એ ક્યાં વિશ્વાસની વાત છે! થીગડાવાળા સાલ્લામાં રંભાની કાયાને મેણાં-ટોણાનો કીડો રાતદિવસ ખોતરી રહ્યો હતો તેની કંચન જેવી કાયા ચારણી જેવી બની ગઈ હતી.

રંભાના માન અપમાનમા ફેરવાઈ ચૂક્યા હતા, એટલુ જ નહી સાથે સાથે તેના પતિ રામુની પણ એ જ દશા હતી રામુ શરમાળ વધુપડતો હતો. માબાપ આગળ તે શિવજીના પોઠિયાની માફક તાકી રહીને બેસી રહેતો

મા દીકરા સામે રોજ દાતિયા કરતી, 'રોયા, તારામાં જ પાણી નથી મેલી આવને! મલકમાં ક્યા દકાળ પડ્યો છે. સારું તો છતા છોકરે નખ્ખોદ જવા બેઠુ છે.'

ગરમ ભઠ્ઠા જેવા શબ્દઅંગારામાં રામુ પણ શેકાતો હતો તેની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી બની ગઈ હતી. તેનુ જીવન સોપારીની જેમ કતરાઈને ભુક્કો બની રહ્યું હતું શું કરવું તેનો ઉપાય તેને સૂઝતો નહોતો

રંભા પતિના દુ:ખને સમજતી હતી, પણ તે લાચાર હતી તેની લાચારીને કોઈ આધાર કે ટેકો નહોતો. દિનપ્રતિદિન રંભા લાચારમૂર્તિ બની રહી હતી વસંતઋતુ જેવી લલિત રંભા પાનખરના પાન જેવી છ છોકરીઓની સૂકી ભઠ્ઠ ડાળી બની ગઈ હતી. થડ સમા પતિના મૂળમાય હવે રસ સુકાતો હોય એવું તેને સ્પષ્ટ જણાયું હતું રંભાની પડખે પેલી ખેડૂતોની ગંદી સ્ત્રીઓ જ માત્ર હતી એ ગંદકીમાથી માનવતાની મહેક માણી રહી હતી જીવી રહી હતી

રામુ અને રંભાનુ જીવન ગૃહકલેશના ઘૂંટ પી પીને ખારું દવ બની ગયું હતું હવે તો રામુ પણ રંભાને વાતવાતમા વડચકા ભરતો હતો વડચકા-

માથી રામુ મારપીટ પણ કરવા લાગ્યો હતો

આવા પ્રસંગે ખેડૂતોની સ્ત્રીઓ દોડી આવતી અને રામુને વારતી રંભાની તાકાત રામુને ટીપી નાખે તેવી હતી. પરંતુ નારીધર્મની ધરમધજાના નેજા હેઠળ એ તાકાત તેણે માર ઝીલવામા વાપરી.

રંભાને ક્યારેક ખૂબ લાગી આવતું ત્યારે સાંજે વાળુ કરતી નહી. 'મૂઈ! રાંડ ના ખાય તો! આપણુ બધાંને ખાધા જ છે તો !' કહીને તેની સાસુ મોડી રાતે કચકચને ઠારતી હોય એમ દીવો હોલવી નાખતી. રંભા રડી રડીને પથારી પલાળતી. પલટો અણધાર્યો આવતો હશે. રામુએ બાજી પલટી હતી વેરમા આનંદ હોતો હશે ખરો. રંભાની સાસુ વેરનો આનંદ લેતી. તેના સસરાય હવે સાસુની પડખે ચડી ગયા હતા. 'એની માનુ જણતર જ ગાડું છે, નકર માળુ હાળુ, આમ તે ઉતરેવડ હોયે ખરી.' કજિયો વધુ જોર પકડે ત્યારે એમાં ઘાસલેટ છાટવાનુ એ હવે ચૂકતા નહી

રંભા હવે ઘરની સ્ત્રી મટી ગઈ હતી, પણ કૂતરીઓ જણતી કૂતરી હતી. બટકુ રોટલો કૂતરીની ચાટમા પડે એ રીતે તેની થાળીમા પડતો પેલી ખેડૂતોની સ્ત્રીઓએ છાનુમાનુ ખાવાનુ ના આપ્યું હોત તો રંભાનો દેહ પુનર્જન્મ પામ્યો હોત. બટકા રોટલાનો સ્વાદ પણ ખરો હતો ધૂળ જેવા ધાને અને ચોરીછૂપીથી મળેલા અનાજે એની કાયાનો રંગ ઉડાડી દીધો. એની કાયા ડામાડોળ બની ગઈ. રૂપથી માણસ ગમતું હશે હવે રંભા ગમે તેવી તો નહોતી જ રહી. એટલુ ખરુ, માનવતાને રંભા મોહક લાગતી. પેલી ખેડૂતની ગંદી સ્ત્રીઓ એટલે જ રંભાને એ જ પ્રેમથી વળગી રહી હશે.

નિયમિત ખોળો ભરતી રંભાનો ખોળો પછીના વર્ષે ના ભરાયો ત્યારે વસૂકેલું ઢોર પાંજરાપોળમાં મૂકી આવે તે રીતે જાતે આવીને તેના સસરા રંભાને રામજી મિસ્ત્રીને સોપવા આવ્યા સોપવા આવ્યા ત્યારે કહેતા ''એ હવે મિસ્ત્રી, આ તમારી જનમજાનડીને જીવે ત્યાં સુધી રાખજો'

રામજી મિસ્ત્રી પ્રત્યુત્તરમા એક શબ્દેય ના બોલ્યા. તેમણે બોલવું જોઈતું હતું અને બોલ્યા પછી પોતાની લાડકોડની એકનીએક દીકરીને આવી કફોડી સ્થિતિમા મૂકનાર એ મુરબ્બીનો વાહલે વાહલે પીટિયો પણ કરવો જોઈતો હતો એવું ગામ આખાયે તેમને કહ્યુ.

પણ મિસ્ત્રી તો ભગતનુ માણસ જ રહ્યા 'આપણાથી ઈમ નો થાય' એટલુ જ એમણે કહ્યું મનને તેમણે મનાવી લીધું. મન ક્યારેક બળવો પોકારી ઊઠતું, પણ પાછુ એ બધુ ઈશ્વર પર છોડી દઈને બંડખોર મનને દૈવી અંકુશ વડે વશ કરી લેતા. રંભાનો વાક હોત અને તગડી મૂકી હોત તો તો જાણે ઠીક. પણ પોતાના નિર્દોષ છોરુને આ રીતે છેહ દીધો એથી એમનો આત્મા વલોવાઈ રહ્યો હતો.

દેવી જેવી દીકરીને ડાકણ જેવી બનાવીને મૂકી જનારના મૂળ ખોદી નાખવાની ગામને ઇચ્છા થઈ. પણ મિસ્ત્રીએ ગામને વાર્યું. પેલી ખેડૂતની સ્ત્રીઓને રામુનુ ઘર સળગાવી દેવાની વૃત્તિ થઈ, પણ નમાઈ છોકરીઓના નિસાસાની તેમને બીક લાગી. ધર્મે અને કર્મે બંનેને બચાવી લીધાં

નથી હોતું

દિલ વગરનું દૈવત અમૃત નથી હોતું,
જશ વગરનું જીવન ઝકૃત નથી હોતું;
આત્મા વગરનું અર્પણ અંગીકૃત નથી હોતું.
શુદ્ધ વગરનું 'બુદ્ધ' કોઈ સુકૃત નથી હોતું.

સુધી

અમારે ઘૂંટવુ છે ઝેરને અમૃત થતાં સુધી,
જગાવવુ છે જીવન અંગીકૃત થતાં સુધી,

આપનાં

ઘૂંટો અમૃત કે ઝેર,
રાખો વહાલપ કે વેર,
આપનુ છે અંતર ને
આપની છે આંખડી.

ગામમા મિસ્ત્રીનુ એક જ ખોરડુ હતું. મિસ્ત્રીના સાલસ સ્વભાવે સૌનો પ્રેમ સ પાદન કરી લીધો હતો. સરળતાનું આકર્ષણ તેમના ભરણપોષણ માટે કામ કરી જતુ મિસ્ત્રી અજબની આત્મીયતાથી ઘરાકોને બાધી લેતા અડધી રાતે ય કોઈ ને જરૂર પડી હોય તો તેમના મોએથી કદી ના પડતી નહી કામના કામણે તેમનો સ બ ધ ગામમા ને આજુબાજુના પ થકમા ફૂલ્યો રહ્યો હતો

સૌ વાતે સુખી મિસ્ત્રી એક વાતે દુ ખી હતા. તેમને સ તાન નહોતુ સ તાન હોવું કે ના હોવું એ ઈશ્વરના હાથની વાત છે એવું તેઓ બ ને જાણતા, પર તુ સગા-સ બ ધીઓની ટકોર અને ચિ તા તેમને ઘેરી વળતી બ ને જણા બાધા-આખડી કરી કરીને થાકી ગયા હતા પથ્થર એટલા પીર તેમણે કર્યાં. સ ત-મહાત્મા, જ્યોતિષીઓ, ભૂવાના મઠ વગેરે આશાના સ્થાનક પર સ બ ધીઓ તેમને ઘસડીને લઈ ગયા હતા એકાદશીઓ, ચાતુર્માસ અને ચાદ્રાયણ વ્રત જેવા કઠિન વ્રતો કરી કરીને તેમણે કાયાને ક ચન જેવી ચોખ્ખી કરી. આશાના આલ બને શ્રદ્ધાનો છોડવો પાગરી રહ્યો હતો મિસ્ત્રી અ બાજીના પરમ ભક્ત હતા તેમણે અત્યાર સુધી અ બાજી પાસે માગણી મૂકી નહોતી પણ એક દિવસ, કોઈ ના જુવે એ રીતે મિસ્ત્રી અ બાજી માતાના ફોટા આગળ બેસીને રડી પડ્યા ગદ્ગદ ક ઠે પ્રાર્થના કરી કે, 'હે મા, મારી સાસુ હવે જો વાઝિયા-મેણાનુ કલ ક સાડી નથી જીરવાતુ દયા કર, માડી '

અને ચમત્કાર કહો કે દેવીની પ્રસાદી કહો, કે થવા કાળ કહો પણ મિસ્ત્રીને ત્યા એ સ્વય પ્રેરિત પ્રાર્થના પછી પૂરા નવ માસે આ ર ભા અવતરેલી

ર ભા દશેક વર્ષની થઈ હશે ત્યારે એની મા અકાળે ઘરનો કારભાર એને સોપીને મોટે ગામતરે ઊપડી ગઈ ર ભાએ ઘર સ ભાળી લીધુ. મિસ્ત્રીએ માની ખોટ વરતાવા ના દીધી દીકરીને દીકરાના લાડથી ભણાવીગણાવીને એક દિવસ સાસરે વળાવી

પરણાવીને સાસરે દીકરીને વિદાય કરતી વખતે આખુ ગામ વળાવવા આવ્યું હતુ મા વગરની દીકરી સાસરે જાયછે એવું યાદ આવતા વળાવવા આવનારની આખોમાથી રેલા ચાલ્યા હતા ર ભાને રડતી આખે ગામે વિદાય આપી હતી મિસ્ત્રી તો લગભગ બેહોશ જેવા જ ફરી રહ્યા હતા

હવે છ વર્ષ પછી આવું પરિણામ આવેલુ જોઈ ને ગામના હૈયામા કકળાટ થઈ રહ્યો હતો અને રામજી મિસ્ત્રી સમસમી રહ્યા હતા 'ઈજ્જતવાળો આદમી બીજુ કરે ય શું ?' કહીને ગામે મિસ્ત્રીના આસુ લૂછી લીધા બીજે સારે ઠેકાણે નાતરુ કરાવવાની મિસ્ત્રીને મોટેરાઓએ સલાહ આપી

ર ભાને મિસ્ત્રી કઈ ને કઈ કામમા ગૂ થેલી રાખતા પણ કામ પૂરુ થતા ર ભા સૂનમૂન બેસી રહેતી. મિસ્ત્રીને હૈયામા ફાળ પડતી લાબા દિવસો આ રીતે રહેશે તો છોકરીનુ ફટકી જશે, એવી તેમને ભીતિ થવા લાગી છોકરીના ભવિષ્યની ચિ તા તેમને કોરી ખાવા લાગી મોટેરાઓની સલાહ તેમણે માન્ય રાખી રંભાને નેઠે પાડવાનો નિર્ણય કરી લીધો.

એક શુભ દિવસે ર ભાને તેમણે બીજે વળાવી પણ ખરી ર ભા રડતી રડતી વિદાય થઈ તેને તેની દીકરીઓ ખૂબ યાદ આવી ત્યારે જો કે પોતાની દીકરીઓનો દાવો હવે કોઈ જ રહેવા દીધો નહોતો તે નછોરવી ન હતી પણ નછોરવી બનાવી દેવાઈ હતી, માતૃહૈયું ઝૂ ટવી લેવાની તો કોઈની ય ક્યાં તાકાત છે ! જો લૂ ટી શકાતુ હોત તો એ પણ લૂટી લેત તેનું સલામત રહેલુ માતૃહૈયું ચિરાઈ રહ્યું હતું, અને આખો વાટે વહેતુ હતું

બીજે ઘેર ર ભાને આજે પાચ વર્ષ થયા છે અને રંભાને દેવમણિ જેવા ચાર દીકરા છે 'ર ભા ક કુપગલી છે' એમ માની સાસુ ગામ આખામા કહેતી ફરે છે. અને ખૂબીની એક વાત તો કહેવાની રહી જાય છે કે,-તેની સાસુએ બાધા રાખી છે, 'ર ભાને માતાજી એક દીકરી આપશે તો અ બાજી માની પાળે પાંચ બ્રાહ્મણ જમાડીશ. ભાઈને રાખડી બાધનાર એક બહેન તો જોઈએને !'

—પણ હજી બ્રાહ્મણો જમી શક્યા નથી ! !

◘

મરતાંની મા

ભાનુકુમાર નાયક

એક માણસ ફૂટપાથ પર મરવા પડચો હતો. તેને મરતા મરતા વિચાર આવ્યો 'અરે રે, આટલી બધી વસતિમા મારુ કોઈ નથી.'

એવામા ત્યા ફિરસ્તાઓની જેમ બે વ્યકિત આવી, તેને સ્ટ્રેચરમા નાખી લઈ જાય છે તેને એક મકાનમા લઈ જવામા આવે છે ત્યા એક દયાની દેવી જેવી બાઈ માની મમતાથી તેને પૂછે છે . 'આવ્યો, ભાઈ! કેમ છે હવે તને ?'

બસ, આટલેથી મરતા માણસને એ થોડી ક્ષણો જીવ્યાનો સતોષ થાય છે. અને એક માનવી તરીકે મરશે એવી શાતા વળે છે. કારણકે આસપાસ સ્વજનો વી ટળાયેલાં હોય ને જીવ જાય તો મૃત્યુ ગૌરવભર્યું લાગે છે આવી રીતે ઉપેક્ષિતોને ઊચકી લઈ તેમનુ મોત સુધારનાર 'મરતાની મા' છે—મધર થેરીસા.

થોડા વખત અગાઉ જ આ કરુણામૂર્તિનુ પ્રવચન સાભળવાનો અવસર મળ્યો તેમને જોતા જ લાગ્યું કે આ ખરેખર જ કરુણામૂર્તિ છે



તેમણે જિંદગીમા પહેલીવાર જાહેરમા બોલવાની કોશિશ કરી તેમણે છેલ્લી પા સદીથી કેવળ સેવાકાર્ય જ કર્યા કર્યું છે તેમનુ પ્રવચન અતરની અભિવ્યકિત જેવું જ હતુ જાણે કે તેમના હોઠ હાલતા હતા ને હૈયુ બોલતુ હતુ 'પ્રભુ ખ્રિસ્તે કહ્યુ છે કે 'મારા બાધવોની જે સેવા કરે છે, એ મારી જ સેવા કરે છે ' અપગ બાળક એ પ્રભુનુ જ રૂપ છે.

રસ્તા પર મરતો માનવી કોઈની હૂફની અપેક્ષા રાખતો હોય છે કોઢ, રકતપિત્ત કે ક્ષય જેટલા ભયકર રોગ નથી, તેથીય ભયકર રોગ હોય તો માનવીની ઉપેક્ષાથી તેનામા પેદા થતી હતાશા છે. આવા ઉપેક્ષિત માનવીને મરણવેળા સ્વજન જેવી હૂફ આપવાની અમે કોશિશ કરીએ છીએ તેનામાં જીવન જીવવાનો ઉત્સાહ પ્રકટાવીએ છીએ.

'એક માણસ ફૂટપાથ પર મરતો હતો તેને ઊંચકી અમે અમારા 'મરતાના ઘર'મા લાવ્યા. અમારે ત્યા આવીને પહેલો પ્રત્યાઘાત એણે એ પાડચો કે, 'હાશ, હવે હું માનવીની જેમ મરીશ.'

'છેલ્લા સત્તર વર્ષમાં અમે આવા ત્રેવીસ હજાર માનવીઓને ફૂટપાથ પરથી ઊંચક્યા છે તેમાંના દસ હજાર માનવી મરણ પામ્યાં છે મરવા અગાઉ એમને એ વાતનો સતોષ થયો છે, કે આ જગતમા એમનુ ધ્યાન રાખનાર પણ કોઈક છે ખરુ.'

'મરનારાઓની અત્યેષ્ટિ સૌ સૌના ધર્મ અનુસાર થાય છે હિન્દુને અગ્નિદાહ દેવામા આવે છે મુસ્લિમને ભૂમિદાહ દેવામા આવે છે'

મધર થેરીસાએ કહ્યુ કે 'મારે કશુ જોઈતું નથી. મને તમારુ હૈયુ ને હાથ આપો પૈસા તો મળી રહે છે અમને સરકાર ગ્રાટ નથી આપતી પણ પ્રભુના સતાનોની ચિતા ખુદ પ્રભુ જ કરે છે જેમની સેવા કરવી હોય તેને પહેલા ઓળખીએ, તેને પ્રેમ કરીએ એટલા માટે તેના જેવું બનીને રહેવુ પડે છે

અમે જે કાર્યકરોને સેવામા રોકીએ છીએ તેઓ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લે છે, પરણતા નથી. આજ્ઞાપાલન ને નિ સ્વાર્થ સેવાના શપથ લ્યે છે'

મધર ઘેરીસાની આવી પ્રેરક વાણી સાભળી તેમના વિષે વધુ જાણવાની જિજ્ઞાસા થઈ. તેમનુ કાર્ય કેવળ આ દેશ પુરતુ જ નથી પણ દુનિયાના અનેક દેશોમા ફેલાયેલુ છે

મધર ઘેરીસાના માત–પિતા આલ્બેનિયન છે તેમણે લોરેટોની ધાર્મિક શાળામા તાલીમ લીધી છે. ૧૯૨૮મા તેઓ ભારત આવ્યા. તેઓ સેટમેરી સ્કૂલમા શિક્ષિકા હતા એમણે કલકત્તાના પગઓની ગરીબ વસતિની મુલાકાત લીધી ત્યાની ગરીબી જોઈ દ્રવી ગયા. અપગ, તજી દીધેલા બાળકો અને મરવા પડેલા વૃદ્ધોને જોઈ તેમના હ્યાદ્ર દિલે આચકો અનુભવ્યો. તેમની સેવામા જ ખપી જવાનો નિરધાર કર્યો

નોકરી છોડી દીધી પછી કાલીઘાટ નજીકની યાત્રીઓની બિસ્માર ધર્મશાળાને એમણે સેવાકેન્દ્ર બનાવ્યું આવા દર્દીઓને મરતી વેળા લાવવાનો અને શક્ય બને તેટલી સારવાર આપવાનો ત્યા પ્રબધ કર્યો અપગ અને તજાયેલા બાળકો માટે શિશુગૃહ શરૂ કર્યું તેમણે ધાર્મિક પથના વસ્ત્રો છોડી, પવિત્રતાના પ્રતીક સમા સફેદ વસ્ત્રો પહેર્યાં.

તેમણે જાતે જ નાણુ મેળવ્યા અને સેવાભાવી સ્વયસેવિકાઓને તૈયાર કર્યાં તેમના સેવાકાર્યની સુવાસ ધીમે ધીમે બધે ફેલાણી તેમના સતત સેવાકાર્યથી પ્રભાવિત થઈ ના૦ પોપે તેમના જેવી સેવા કરનારી મિશનરીઓને છત્રછાયા આપતા 'મધર ટેરીઝા મિશન' કાયમ કર્યો અત્યારે આ કાર્યમા [illegible] વિદેશની ચારસોથી વધુ સેવિકાઓ છે. [illegible] પડ્યે દર્દીઓને હોસ્પિટલમા સારવાર [illegible] પૂર અને દુષ્કાળ જેવા રાહતકાર્યોમા [illegible] સેવિકાઓ પહોંચી જાય છે.

મધર ટેરીસાના આ મિશન દ્વારા ૧૯૪૮ થી [illegible] કેન્દ્રો ચલાવાય છે. એમા દર વર્ષે ૪૯ હજાર દરદીઓને સારવાર અપાય છે દેશભરમા ૨૩ જેટલાં 'મરતાના ઘર' છે બાળકો માટે શિશુભવનો ચલાવવાં, માદા માટે દવાખાના ચલાવવા ને વિદ્યાર્થીઓ માટે શાળા ચલાવવા ઝૂંપડાં, ખાનગી મકાનો ને પ્રાથમિક શાળાઓનો ઉપયોગ થાય છે અપંગ અને ત્યજાયેલા બાળકોને જીવવાનો ઉત્સાહ પ્રગટે માટે નાતાલમા તેમને રમકડાની ભેટો પણ અપાય છે. એમને માટે મિજબાની પણ ગોઠવાય છે.

આવા બાળકો ઉમરલાયક થાય ત્યારે તેમને હુન્નરી ને વ્યવસાયી તાલીમ આપવા વ્યાપારી ને ટાઈપિંગના, ધાતુકામના, સીવણકામ અને સુતારીકામના વર્ગો ચલાવાય છે. એમને પશુપાલન પણ શીખવાય છે આવી અનાથ કન્યાઓના લગ્ન પણ મિશન કરાવે છે અને શક્તિ અનુસાર એમની પહેરામણી પણ 'મા' ઘેરીસા કરે છે.

મિશન તરફથી ભિખારીઓ માટે 'રૈનબસેરા'-ની પણ જોગવાઈ છે. આ સેવાકાર્યોની વિવિધ પ્રવૃત્તિ ભારતમા કલકત્તા ઉપરાત રાચી, દિલ્હી, ઝાંસી, આગ્રા, અમરાવતી, ભાગલપુર, મદ્રાસ ને મુંબઈ ખાતે ચાલે છે. મુબઈમા જૂહુ, વરલી ને મુલુડમાં રક્તપિત્તની સારવાર માટેના દવાખાના છે. સાતાક્રુઝ, વાકોલા, દાદા. વરલી, વાદરા (પૂર્વ) અને અ ઘેરીમા એમ છ મફત દવાખાના ચાલે છે. જવાહરનગર અને ખાર (પૂર્વ)મા પછાત બાળકો માટેની બે શાળાઓ ચાલે છે.

આ મિશનરીઓનુ સાદુ જીવન અને સેવાનુ ધ્યેય ગરીબો સાથે હૈયાના સંબધો બંધાવે છે

બ ગાળમા આસનસોલ ખાતે એમણે ચારસો ગરીબ કુટુબોના પુનર્વસવાટ માટે 'શાતિનગર' નામની વસાહત બાધી છે.

આ કરુણાની દેવીની સેવાઓની જગતે નોંધ પણ લીધી છે. ૧૯૬૨મા ફિલિપાઈન્સનુ મોટુ પારિતોષિક 'મેગ્સેસે પારિતોષિક' 'પ્રેમ ને સૂઝપૂર્વકની સેવા' માટે મધર ઘેરીસાને અર્પણ થયું હતું. આગ્રા

પાપ કોણ કરે ?

મુકુલભાઈ કલાર્થી

એક ધનવાન જમીનદાર હતો. તેણે એક બાગ બનાવી, એમાં જાતજાતનાં ફળઝાડ રોપ્યાં. એ બધાં ઝાડ મોટા થયાં અને તેને ફળ આવવા લાગ્યા ત્યારે એની સંભાળ રાખવા બે ચોકીદારો રાખ્યા.

એ ચોકીદારો પણ અજબના પસંદ કર્યા હતા. એક હતો આંધળો અને બીજો હતો લંગડો. જમીનદારે એમ વિચાર્યું કે આ બે જણા દરવાજા આગળ બેસીને ચોકી તો બરાબર કરશે અને સાથોસાથ ફળની ચોરી પણ કરી શકશે નહિ.

આમ દિવસો પસાર થવા લાગ્યા. જમીનદારે જોયું તો ફળની ચોકી બરાબર થાય છે. હવે એક દિવસ લંગડાએ ઝાડ પર લચી રહેલા ફળો જોયા એના મોમા પાણી છૂટયું. પણ ફળ તોડવા શી રીતે ? તેને એક યુક્તિ સૂઝી આવી. આંધળાને કહ્યુ, 'અલ્યા સૂરદાસ, ઝાડ પર એવા મઝાના ફળ લાગ્યા છે, કે તોડીને ખાવાનુ મન થઈ જાય છે.'

આંધળો કહે : 'તો પછી શેની રાહ જુએ છે ? ચાલ, આપણે એ તોડીને ખાઈએ'

લંગડો બોલ્યો : 'તારી વાત તો સાચી છે, પણ હું ચાલી શકતો નથી પણ જો તું મને તારા ખભા પર બેસાડે અને હું કહુ ત્યાં તુ મને લઈ જાય તો સહેલાઈથી ફળ તોડી શકાય. બોલ, છે તૈયાર ?'

આંધળાએ હા પાડી. લંગડાને ખભા પર બેસાડયો. લંગડો તેને ઝાડ આગળ દોરી ગયો. લંગડાએ પૂરતાં ફળ તોડી લીધાં. ત્યાર બાદ પોતાની મૂળ જગ્યાએ આવી જઈ, બંનેએ લહેરથી ફળ ખાધા.

બીજે દિવસે જમીનદાર બાગમા આવ્યો. એણે જોયું તો ઝાડ પરથી કેટલાક સારા સારા ફળ કોઈએ તોડયાં છે ! તેણે બેઉ ચોકીદારોને ધમકાવ્યા.

'શેઠજી, બાગમાં તો કોઈ આવ્યું નથી.'

'તો પછી તમે બંનેએ તોડયાં હશે, નહિ તો ફળ જાય કયાં ?'

લંગડાએ બચાવ કરતાં કહ્યું. 'અરે શેઠસાહેબ, એવું બને શી રીતે ? હુ તો લંગડો છું અને આ આંધળો છે. અમે શી રીતે ફળ તોડી શકીએ ?'

જમીનદાર બોલ્યો 'જો તું આંધળાના ખભા પર બેસે ને એ તને તું કહે ત્યાં લઈ જાય તો તું સહેલાઈથી ફળ તોડી શકે, ખરું ને ?'

માણસની વાત પણ આવી જ છે દેહ કહે છે કે, 'હુ જડ છું, માટીનો પિંડ છું, અંધ છું, માટે પેદા કરનારી ચીજ હુ જોઈ શકતો નથી. મારાથી પાપ થાય એ શકય જ નથી. પાપ શી રીતે થાય એ હુ જાણતો જ નથી.'

જીવાત્મા કહે છે કે, 'જ્યારે મારી પાસે પાપ કરવાનું કોઈ સાધન નથી ત્યારે પાપ કેવી રીતે કરી શકું ? શું ઇન્દ્રિયો વિના પાપ થઈ શકે ખરું ?'

શરીર અને જીવાત્માની વાત સાભળીને ભગવાન કહે છે. 'જીવાત્મા શરીરની કાંધ પર બેસે છે અને બંનેના સહકારથી પાપ થાય છે.'

માં મિશનના એક નવા ગૃહના ઉદ્‌ઘાટન વેળા આ પારિતોષિક આપવા શ્રીમતી મેઝ્‌સેસે જાતે ભારત આવ્યા હતા. રાષ્ટ્રપતિ ડો. રાધાકૃષ્ણને મધર થેરીસાને 'પદ્મશ્રી'નો ખિતાબ પણ અર્પણ કર્યો હતો. પં નહેરુએ તેમને 'અપંગોનો આશરો' ગણાવી બિરદાવ્યા હતા. ફ્રેંચ દરિદ્રનારાયણોના પિતા સમાન આબિયા પિયરીએ મધર થેરીસા માટે લખ્યું છે કે : 'માનવજાતના સમાજ પ્રત્યેના કર્તવ્યનો ઉત્તમ નમૂનો એટલે જ મધર થેરીસા.'

આવા સીધા-સાદા છતાયે ભવ્ય કરુણામૂર્તિ, મધર થેરીસાએ ભારત ઉપરાંત વેનેઝુએલા, લંકા, તાન્ઝાનિયા, કેન્યા અને ઑસ્ટ્રેલિયામા પણ તેમના મિશનની પ્રવૃત્તિઓ ફેલાવી છે. અને એ સંતોષની ને આનંદની વાત છે, કે તેમના રંગે રંગાએલ ભારતનાં સેવક – સેવિકાઓ પણ આ મહાન કાર્યમા સાથ આપી માનવજાતનુ ઋણ અદા કરી રહ્યાં છે.

શંકર માછી એટલે ગામ આખાનો ઉતાર. શહેરના જુગારખાનાનો એ દાદો ગણાતો દારૂનો ય અઠંગ ખેલાડી એના નામથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. શહેરમા જ નહિ, પણ જિલ્લામાય નામથી તો સૌ એને ઓળખતા થઈ ગયેલા બાપદાદાનો મૂળ ધંધો માછીમારનો હતો પણ શંકરને કોણ જાણે કેમ તે ફાવ્યો નહિ. કંઈક સોબત પણ આને માટે જવાબદાર હતી એક વાર આડે રસ્તે ઊતરી ગયા પછી પાછા વળવું બહુ મુશ્કેલ બની જાય છે. તેમાયે વળી શંકરને ઓછી મહેનતે સારો એવો માલ મળવા માંડયો. પછી શું કામ એ પાછો ફરે ! હાથમા આવેલો કસબ તે હવે છોડવા રાજી નહોતો એમ ન માનશો કે આ નવા ધંધામા તેને કંઈ મુશ્કેલી નહોતી.

એક-બે વાર નાની સરખી જેલ તેમજ બે-ચાર વખત દંડ પણ આ ધંધામા તેને ભરવો પડેલો છતા એકંદરે જાવક કરતા આવકનુ પ્રમાણ વધુ હતું એટલે મંકોડાનો એકાદ પગ તૂટે અને જેવું દુઃખ થાય એથી વધુ દુઃખ શંકરને નહોતું થયુ થોડો વખત થયો એટલે જુગારખાનુ કાઢી ફક્ત દારૂનો અડ્ડો જ શંકરે સંભાળી રાખ્યો આમ તો જુગાર અને દારૂ બંને તે ચાલુ જ રાખત. પણ એક વાર જુગાર અંગે જબરું ધિંગાણુ મચી ગયું એમા શંકરનો ખાસ જૂનો ભેરુ મરાયો એટલે જુગારખાનુ સમેટી લઈ ફક્ત દારૂના જ ધંધામા શંકરે ધ્યાન કેંદ્રિત કર્યું.

જાદુઈ ઓગઠી



મધુસૂદન પાઠક

એના આ ધંધાની ખૂબીઓ પણ ગજબની હતી· સામાન્ય પોલીસથી માંડી ઠેઠ હેડ કોન્સ્ટેબલ કે સબ ઇન્સ્પેકટર સુધીની હારમાળાના મણકા તેણે લાંચની દોરીમા એવા તો પરોવી દીધા હતા કે કોઈ ચૂ કે ચા કરવાની હિંમત—બધુ જાણવા છતા—કરી શકતું નહિ. બધાનો દરમાયો જાણે નકકી જ થઈ ગયેલો હતો. સૌ સૌના ગજા પ્રમાણે લેતા હતા. આ ચક્ર ચાલ્યા જ કરત, પણ કોણ જાણે કેમ, કયાંથીયે વાત ચોળાતી ચોળાતી રાજ્યના ગૃહપ્રધાન સુધી પહોંચી ગઈ અને મણકા તૂટી પડયા. બે પોલીસ સબ ઇન્સ્પેકટરોની એકાએક બદલી થઈ ગઈ. એની જગ્યા પૂરવા પંચમહાલમાંથી હું અને જૂનાગઢ બાજુથી મિ. શુકલ ગોઠવાઈ ગયા. વફાદારી અને પ્રામાણિકતાનુ બિરુદ પામેલા અમે બંને એકસરખી વિચારસરણી ધરાવતા હોવાથી શહેરની તેમજ જિલ્લાની ફાલેલી દારૂની આ બદી ઓછી થાય એ હેતુથી અમને બન્નેને એક જ જગ્યાએ સરકારે જાણીજોઈને ગોઠવ્યા હતા મિ શુકલ માટે તો કહેવાતુ કે જુગાર અને દારૂના અડ્ડા નામશેષ કરવાની તેમનામા કંઈક અજબ પ્રકારની શક્તિ હતી. નામથી તો અમે બંને એકબીજાને ઓળખતા જ હતા એટલે એકાદ વખત ઔપચારિક રીતે મળ્યા બાદ દારૂની જડ કયા છે એના સક્રિય કામના અમે પરોવાઈ ગયા દારૂની બદી ગુજરાતના દક્ષિણ વિસ્તારમા સારા એવા પ્રમાણમા વિસ્તરેલી હોવાથી આ શહેરમા એની પકડ કેમ લેવી એ અમે વિચારતા

હતા.

એનો મુખ્ય અડ્ડો હતો શંકરના હાથમા. આથી અમે શંકરને ત્યા દરોડો પાડવાનું નક્કી કરી એક દિવસ દરોડો પાડચો. મિ. શુકલે તો લોડેડ રીવોલ્વર પણ સાવચેતી પૂરતી તૈયાર રાખી હતી. દારૂડીઆનો શો ભરોસો ? . અમે ગયા તો ખરા, પણ કોણ જાણે એને ગંધ આવી ગઈ હોય કે પછી ગમે તેમ, પણ શંકર પાસેથી પુરાવારૂપ કશું મળી શક્યુ નહિ. અગાઉથી પગારદાર પોલીસોએ કદાચ તેને ચેતવી દીધો હશે એમ લાગ્યું નિરાશ થયા સિવાય ફરી કોઈ વાર ઘાટ ઘડવાનો વિચાર કરી અમે છૂટા પડચા.

આમ કરતા દિવાળી નજદીક આવી દશેરાના પર્વમા શંકરને ત્યા દારૂની મહેફિલ જામે છે, એમ પાકે પાચે સમાચાર મેળવ્યા પછી અમે તે દિવસે તેને ત્યા દરોડો પાડવાનુ નક્કી કર્યું. પણ શંકર ઉસ્તાદોનો ઉસ્તાદ હતો. તેને ગળા સુધીની ખાત્રી હશે કે દરોડો પડવાનો છે. એટલે શહેરની બહાર સેનીટોરીઅમ જેવા એક ભૂતિયા બંગલામા એણે આવી મહેફિલ ગોઠવી હતી. છતાય અમારે કાને વાત પહોચી ગઈ. જરૂર પૂરતા બહુ જ થોડા પોલીસ સ્ટાફ સાથે અમે એ ભૂતિયા બંગલા પર દરોડો પાડચો. શંકરને ઉઘાડા પુરાવાઓ સાથે અમે ઝડપી લીધો. દારૂની (વિલાયતી) ડઝનેક જેટલી બાટલીઓ કબજે કરી શહેરના પ્રતિષ્ઠિત ગણાતા નાગરિકો(!) ઝડપાઈ ગયા. નિયમ મુજબ પંચકેસ કરી માલ સાથે શંકર ને તેના સાગરીતોને થાણે પહોચાડચા. બે દિવસ બાદ જામીન આપી શંકર છૂટી ગયો સરકાર આવા દારૂડિયાઓને જામીન પર છોડી વધુ પ્રોત્સાહન આપે છે પછીની કાર્યવાહી નિયમ સુજબ થતી રહી દિવાળી પસાર પણ થઈ ગઈ

લાભ પાચમને દિવસે શંકર મારે ત્યા આવ્યો. તેના હાથમા લગભગ પાચશેરેક મીઠાઈનુ બોક્ષ હતું નવા વર્ષની મુબારકબાદી કરવાને બહાને તે મારે ત્યા આવ્યો હતો મે પ્રથમ તો શંકરને મીઠાઈ પાછી જ લઈ જવા કહ્યુ. મારા સિદ્ધાતની વિરુદ્ધની આ વાત હતી. શંકર ન જ માન્યો એટલે શુકન પૂરતી મીઠાઈ લઈ બાકી બધુ પાછું લઈ, જવા કહ્યું. જતા જતા મારી નાની પુત્રીના હાથમા કશુંક કવર જેવું આપતા મેં એને જોયો. મારી ધારણા ખરી હતી આવા માણસો લાચ આપવાની આવી તક જતી નથી કરતા એ હું સારી પેઠે સમજતો હતો. એટલે કવર ખોલ્યા સિવાય જ મારી પુત્રીના હાથમાથી એ ઝૂટવી લઈ એને હાથમા મે પાછું પકડાવી દીધુ 'મારાથી આવું ન લેવાય. મને ઈશ્વર ઘણું આપે છે, સમજ્યો ?'

'પણ હું ક્યા તમને આપુ છું. આ તો બેબીને ભેટ આપુ છું' કહી ફરી તેણે એ કવર આપવા કોશિશ કરી.

મારી આખ લાલ થઈ ગઈ 'શંકર, આને હુ એક પ્રકારની લાચ ગણુ છું શું તારે મનેય અનીતિને માર્ગે ઘસડી જવો છે ?'

'તમને ખબર છે આમા કેટલા રૂપિયા છે ?'

'લાખ કેમ નથી ? હું એવી અનીતિની કમાણીમા નથી માનતો મને સરકાર ઘણુ આપે છે, માટે મહેરબાની કરી આ બધુ પાછુ લઈ જા મને એ ઉઘાડી લાચ ન ખપે, સમજ્યો . ?'

'પણ આ કંઈ લાચ ન કહેવાય . બાકી સારી મરજીથી આપુ એ તો ખુશબખતી જ ગણાય' શંકરે એના ધંધાનુ તત્ત્વજ્ઞાન સમજાવતા મને ફરી પલાળી જોવા કહ્યુ ' શુકલ સાહેબે લીધુ , બીજાઓ પણ લે છે, પછી તમને લેવામા શું વાંધો છે ?'

છતા હું એકનો બે ન જ થયો શંકર ચાલ્યો ગયો, પણ મને એક ભયંકર વિચારમાળામા અટવાતો મૂકી ગયો 'શુ શુકલે ખરેખર લાચ લીધી હશે ? સિદ્ધાન્તની મોટી મોટી વાતો કરનાર શું ચળી ગયા હશે કશું જ સમજમા નહોતું આવતું.

અઠવાડિયા બાદ શુકલ મળ્યા ત્યારે મોઢામોઢ જ ખુલાસો થઈ ગયો શંકરે અમને બન્નેને એકબીજાનુ નામ દઈ ફસાવી જોવાનો એક પ્રયત્ન કર્યો હતો, જેમા તે નિષ્ફળ ગયો. માથાભારે માણસો કેવી તરકીબ રચે છે એનો એક પ્રત્યક્ષ અનુભવ અમને

બન્નેને થઈ ગયો. વાત વિસારે પડી વળી થોડા દિવસો વીત્યા એટલે શંકરને ફરી એકવાર ઝડપી લેવાનો નિર્ધાર કર્યો ઉપરાછાપરી પાચ-પંદર કેસ થઈ જાય તો તડીપાર કરાવી નાખવાની અમારી ઇચ્છા હતી,જેથી શહેર ને જિલ્લામા એના આધારે ચાલતી આ બદી કઈક અ કુશમા આવી જાય

ફરી થોડા દિવસ બાદ અમે શંકરને ત્યા એના રહેઠાણ પર જ દરોડો પાડચો. શ કરના ઘરની બહાર બે-ચાર મોટરો ઊભી હતી ઘરની આજુબાજુ કશીક ધમાલ ચાલી રહી હતી ઘરમા જઈ જોતા એક ખાટલાની આસપાસ કેટલાક વીંટળાઈને ઊભા હતા. બે-ત્રણ ડૅાકટરો શ કરના પુત્રને તપાસી કઈક ચર્ચા કરી રહ્યા હતા. એનો એકનો એક પુત્ર 'મેનીનજાઈટીસ'ના રોગમા ઝડપાયો હતો. ધારવા કરતા પરિસ્થિતિ કઈક જુદી જ નીકળી એટલે શુકલને ઇશારાથી પાછા વળી જવા મે જણાવ્યુ શુકલે થોડી વાર થોભી જવા મને ઇશારાથી જ જણાવી દીધુ.

થોડી વાર થઈ શ કરે શુકલ સામે જોયુ. મારી સામે જોયું. એની આખમા કરુણાનો સાગર વરસ્યો હોય એવી દીન દશામા પહેલી જ વાર અમે એને જોયો. એક જ માનવીનુ બીજુ સ્વરૂપ પરિસ્થિતિને આધીન કેવુ બની જાય છે! શંકરને શુકલ ઇશારાથી બહાર પરસાળમા લઈ ગયા. તેઓ શુ કરવા માગતા હશે તે ક્ષણભર તો હુ કલ્પી જ ન શકચો. પરસાળના એક ખૂણે અમે ત્રણેય આવીને ઊભા રહ્યા

'શંકર, એક વાત કહુ? જો માનવાનો હોય તો જ. સાચું કહે, તને કેટલા દીકરા છે?' જાણવા છતાય શુકલે તેને પૃછ્યુ

'એક,' શ કરે આગળીના ઇશારાથી જણાવ્યુ

'તારે દીકરાને ખરેખર સાજો કરવો જ હોય તો આ દારૂનો ધંધો આજથી છોડી દે આજથી પાણી મૂક, અને પછી અનુભવ કરી જો, તારો દીકરો સાજો થાય છે કે નહિ. આ તારા પાપ આજે એને નડે છે. મારી વાત તારા માન્યામા કદાચ નહિ આવે, પણ અનુભવસિદ્ધ વાત છે એક અખતરા ખાતર પણ મે કહ્યુ તેમ આ અનીતિને બરબાદીને રસ્તેથી પાછો વળી જા.'

છેવટની તત્ત્વજ્ઞાન જેવી વાત શુકલે શંકરને કહી દીધી 'ખરા દિલથી કરેલા પશ્ચાત્તાપ કદી એળે નથી જતો. ભગવાન એને ગો વર્ધનો કરે' કહી અમે તે દિવસે શ કરનો ઓટલો ઊતરી ગયા. દાવ જોઈને સોગઠી મારવાની શુકલની આ કળા મને ગમી ગઈ હૃદયના ઊંડાણુ સુધી પહોંચવાની તેમની શક્તિનો મને સૌપ્રથમ પરિચય થયો. બાકી તો અમારે કાયમ કાયદાની જડ મર્યાદામા રહીને જ જે કઈ કરવાપણું હોય તો કરવાનું હોય છે શુકલ પોતે કર્મકાંડી બ્રાહ્મણ હતા એ હુ જાણતો હતો, પરંતુ કાળમીંઢ પથ્થર જેવા જડ માનવીને પણ સમજાવવાની એમનામા શકિત હશે એનો મને ખ્યાલ નહોતો. દાવ જોઈને સોગઠી મારવાની શક્તિથી હું અનભિજ્ઞ હતો

ઉપરનો પ્રસંગ બન્યા પછી તો સારો એવો સમય વીતી ગયો શંકરની પ્રવૃત્તિ પણ મંદ પડી ગઈ હોય એમ અમને લાગ્યું કોર્ટના કેસ સિવાય તે ખાસ જોવામા પણ નહોતો આવતો. અચાનક એક બપોરે હુ અને મી શુકલ અમારી ઓફિસમા બેઠા હતા ત્યા શંકર તેના દીકરાને લઈને આવ્યો. તેના હાથમા થોડા કાર્ડ હતા અમારા બ નેના હાથમા એક એક કાર્ડ તેણે મૂકી દીધા. બાપદાદાના વખતથી ચાલતો આવેલ વહાણવટાનો અસલ ધંધો તે ફરી ચાલુ કરતો હતો. સાથોસાથ બોટીંગ કલબ શરૂ કરવા માગતો હતો તેની આમ ત્રણપત્રિકા હતી. ક્ષણભર તો અમને આ સાચું ન લાગ્યું ગામ આખાને ઊંધા ચશ્મા પહેરાવનાર માટે ક્ષણભર તો અમે આ વાત સાચી જ ન માની શકચા. આની પાછળ પણ કોઈ છૂપુ રહસ્ય હશે એવો જ અમને આભાસ થયો. પણ તે વધુ ન ટકી શકચો અમારી મનોભાવના તે કળી ગયો હોય કે પછી ગમે તેમ પણ અમારા બેમાથી કોઈપણ કશુંયે બોલીએ ત્યાર પહેલાં એણે પોતાની કથની શરૂ કરી·

'સાહેબ, તે દિવસે દીકરો માંદો હતો અને તમે સલાહ આપેલી,પણ મને ગળે નહોતી ઊતરી. છતા

મારુ મન કોણ જાણે હથોડા મારી તમે કહેલુ તેમ કરવા જાણે મને ફરજ પાડી રહ્યુ હતું. એટલે અખતરા ખાતર મે મનને મનાવવા નક્કી કર્યું કે દીકરો સાજો થાય તો આ ધંધો મૂકી દેવો. દીકરાને જરા વળતાં પાણી થયાં કે પાછી મારી બુદ્ધિ બગડી ગઈ. મન ચગી ગયું, અને અસલ ધંધો ચાલુ કરી દીધો કંઈક ચમત્કાર થયો હોય એમ ફરી માંદગીએ ઊથલો માર્યો. જેમ તેમ કરી ડૉકટરોની સલાહ મુજબ અમે દીકરાને મુંબઈ લઈ ગયા. ડૉકટરોએ બચવાની આશા છોડી દીધી હતી. ઘરમા મને સૌ ધિક્કાર-ફિટકારની નજરે જોવા લાગ્યા હતા. પાણીની જેમ પૈસો ખરચવા છતાય રજમાત્ર ફરક પડતો નહોતો એ દિવસો, રાત્રિઓ મેં ભયંકર યાતનાઓમા વિતાવ્યાં. મારે મારા એકના એક દીકરાને મરવા નહોતો દેવો એટલે ફરી ઈશ્વરની માફી માગી ખરાબ ધંધો છોડવાની મનથી કબૂલાત કરી લીધી. મારે જિંદગીમા સંતાનના ભોગે સંપત્તિ નહોતી જોઈતી કોઈક અજબ શ્રદ્ધા મનને જાણે ફરી ફરીને ધક્કો મારી, આ બરબાદીના રસ્તેથી પાછો વળી જવા સતત અકળાવી રહી હતી. અને આખરે એનો જ વિજય થયો.'

'સાહેબ, તમને આ બધી વાત સિનેમાની ઘટના જેવી રહસ્યપૂર્ણ લાગશે, પણ સાવ ખરી છે હો! અને એટલે જ જે દીકરો તમારી જગાવેલ આસ્થાએ જીવી ગયો છે એને સૌપ્રથમ તમારી પાસે આશીર્વાદ અપાવવા લઈ આવ્યો છું. હવે અમારે નીતિની કમાણી પર જ જીવવું છે' આટલુ કહેતા કહેતા તો શંકરની આંખ અશ્રુભીની થઈ ગઈ જિંદગીમા પહેલી વાર મે આવા ભરાડી માનવીની આંખમા કરુણાના આંસુ જોયા.

શુકલ સાહેબે તો તે દિવસે લાગ્યુ તો તીર નહિ તો તુક્કો! એમ જાણીને જ કહેવા ખાતર શંકરને કહેલુ. પણ એ કર્મકાંડી—શુદ્ધ આચરણવાળા શુકલની આસ્થા જ ખરેખર કામ કરી ગઈ જે કામ વર્ષો સુધી કાયદો ન કરી શક્યો તે શુકલે ફક્ત ઈશ્વરની આસ્થા જગાડી સાક્ષાત્કાર કરી બતાવ્યું +

જીવન સાર્થક કર્યું!

એનુ નામ સ્ટીફન. ખૂનીઓનો સરદાર. આઠ આઠ હત્યાઓ તેના કપાળે ચોટી હતી. ઉમર માત્ર ત્રીસ વરસની એક-બે લૂંટ-ખૂનના કેસ તો ચાલી ગયા. અને સ્ટીફનને જન્મટીપની સજા મળી.

હજુ તો આઠ આઠ ખૂન-કેસો ચાલવાના બાકી હતા.

જેલના એકાત ખૂણામા એનો માંહ્યલો સળવળ્યો: 'અરે! આ તે શું કર્યું? આ મોઘુ માનવ જીવન લૂંટ અને ખૂનોમા ગાળ્યું હતુ આટલી નાની ઉમરમા તેં કેટલાને રંજાડ્યા? કેટલાની સુખી જિંદગીનાં સ્વપ્નોને સળગાવી નાખ્યા? તે જ્યા-ત્યા આગ સળગાવી શાતિથી જીવી શકે એવું કોઈ પણ કાર્ય તે કર્યું છે ખરુ?'

જેલના એકાંતમા તેનુ મનોમંથન ચાલતું જ રહ્યુ કેસ ચાલ્યા પણ બચાવ માટે તેણે એક પણ શબ્દ ન ઉચ્ચાર્યો આઠ આઠ અલગ કોર્ટે તેને ફાંસીની સજા ફટકારી.

'મરવાનુ તો નક્કી છે, તો પછી મરતા મરતા ય લોકકલ્યાણનુ કોઈ કામ મારાથી ન થાય?' સ્ટીફનના મનમાં સ્ફુર્યું.


એ અરસામા એવું સાભળવામા આવ્યું કે પિત્તજ્વરની ચિકિત્સા માટે પોતાનુ જીવન અર્પણ કરી શકે તેવા કોઈ પણ એક વ્યક્તિની જરૂર છે.

આ વાત સાભળતા જ સ્ટીફનનુ અંતર નાચી ઊઠ્યુ. જેલ સુપરિન્ટેન્ડેન્ટને પોતાના મનની વાત જણાવી તે લોકો સહમત થયા.

સ્ટીફનનુ શરીર પ્રયોગ માટે સોપવામા આવ્યું તેના શરીરમા ઇંજેક્શન દ્વારા એક દવા દાખલ કરી. આથી આખુ શરીર સૂઝીને લાલબંબ થઈ ગયું અસહ્ય વેદના થવા લાગી આખરે તેનો પ્રાણાત થઈ ગયો.

પિત્તજ્વરને અટકાવવા માટે એક અમોઘ દવાની શોધ થઈ. ☙

ચૂંટણી



નાનાભાઈ હ જેબલિયા

ઘણા કહેતા હતા કે જમનાદાસને શરમે-ધરમે સમજાવીને પરાણે ફોર્મ ભલે બધાએ ભરાવ્યુ, બાકી એવો હોલદોલ માણસ ચૂંટણી જેવી લપમા ન પડે. અને પડે તો તો તાલુકાના અહોભાગ્ય જ ગણાય ને ?

અરે, ફોર્મ પાછા ખેંચવાના છેલ્લા ટાઈમે જમનાદાસ આવીને હાજર થયા તોય હજી સૌને વહેમ હતો કે આવ્યા તો ભલે આવ્યા, પણ જો હમણા જ ન ફિયે તો કહેજો · 'હુ તાલુકાપચાયતના પ્રમુખ તરીકેની મારી ઉમેદવારી અત્યારે જ પાછી ખેંચી લઉં છુ'

'અને એટલેથી જ અટકશે એમ માનો છો ?' અનુમાનો ફૂદાફૂદ કરવા માડ્યા 'અરે, એ તો કહેવાના કે છોટુભાઈને મારો પૂરે-પૂરો ટેકો છે'

'હા ૯,૮ ભલુ પૂછો જમનાદાસ તો કળિયુગના ધરમરાજા છે, નહી તર છોટુભાઈ આડે આથણે નથી આવ્યા હો ! જમનાદાસને ઓલી પડતર જમીન અપાવવા ઘસીને ના પાડી !'

જમનાદાસ સમયસર આવી ગયા, ઊભા થયા અને ચૂંટણી-અધિકારીના ટેબલ પાસે ગયા તો ય એકસો ને દશ મેમ્બરો ઊંચે કાળજે તાકી રહ્યા મનોમન ભગવાનને વિનતિ કરી રહ્યા 'ભગવાન, જમનાદાસ જેવો અમને જો પ્રમુખ મળે ને—'

'હું તાલુકાના પ્રમુખપદની મારી ઉમેદવારી ચાલુ રાખુ છુ' જમનાદાસ આખરે બોલ્યા

અને એ સાથે જ તાળીઓની ગડગડાટી બોલી. ટેબલો ધણધણી ઊઠ્યા હર્ષના પોકારો થયા : 'જમનાદાસ ઝિંદાબાદ ! આપણા નેતા જમનાદાસ !'

અને જમનાદાસને બિનહરીફ ચૂંટી કાઢવાની યુક્તિથી બે-ત્રણ જણે ફોર્મ ભર્યાં હતા, એ એકી સાથે ઊભા થયા અને ઝડપથી બોલી ઊઠ્યા : 'અમે અમારી ઉમેદવારી પાછી ખેંચીએ છીએ.'

ફરી વાર જોર-શોરથી તાળીઓ પડી. હર્ષની કિલકારીઓ ઊઠી : 'આપણા નેતા જમનાદાસ ! જમનાદાસ ઝિંદાબાદ !'

અરે, સરકારી બંધને બધાયેલા હતા એવા અમલદારો પણ લખતા લખતા કલમો ટેબલ પર મૂકીને બે હાથે તાળીઓ પાડી ઊઠ્યા. 'જમનાદાસ ઝિંદાબાદ !'

માનો-ન-માનો, બાકી આ તાલુકામાં જમનાદાસ માટે ને તે પણ ચૂંટણીમા ઊભેલા જમનાદાસ માટે, આટલો બધો આવકાર મળ્યો હોય એ કદાચ આઝાદી પછી, આ તાલુકામા તો શું, જિલ્લા અને રાજ્યમા પહેલો દાખલો હતો.

જમનાદાસને આ લહાવો મળ્યો એમા મીન-મેખ નહી અને આને 'લહાવો' એવું ભારેખમ નામ તો આપણે જ દઈ શકીએ બાકી જમનાદાસ જે તાલુકાના વતની છે, એ તાલુકાના એકસો દસ ગામ-

માથી ગમે તે ગામમા જઈને તમે 'લહાવો' એવું બોલો તો, ઓરડીના ઝાળા ખોદનારો અભણ એવો કોઈ પણ ગામડિયો તમને ભોઠા પાડે : 'જાવ રે જાવ ! તાલુકાનુ ભૂખલ્યું પ્રમુખપદ મળે એ જમનાદાસ માટે લહાવો કે'વાય ? લહાવો તો મે'રબાન ! તંઈ ગણાય કે જ'ઈ અમારા જમનાદાસ પ્રધાન થાય ! —અને ઈયે ઊંચા માયલા પ્રધાન !'

આપણને એની વાત જરા વધારેપડતી લાગે. પણ જમનાદાસ વિશે જ્યારે આપણે વિગતવાર સાભળીએ ત્યારે આપણેય કાન પકડવો પડે : 'ઓ હો . કળિયુગમા પણ હજી માણસ પાકે છે ખરા !'

જમનાદાસ માત્ર મિલમાલિક હોય, આ તાલુકાના વતની હોય, અંગ્રેજી ભણેલા હોય, એ હિસાબે જ આમ નહી , પણ એમનામા જમના નદીની પવિત્રતા અને નિર્મળતા–શા બેઠેલ આત્મપુરુષથી ... એમના વાણી અને વર્તનથી

જો એ માત્ર મિલમાલિક હોત તો છેલ્લાં વરસોની જિંદગી મુબઈ જેવી અલબેલી નગરીના પોતાના એરકન્ડીશન બગલામા ગાળવી પડતી મૂકીને હોલાભાઈના તરપ ખડા જેવા આ પ્રદેશમા શીદ આવત ? જનમભૂમિ તરીકે ઓળખાતા ત્રણસે ની વસતીવાળા નગરમા ગામના લૂ, તડકા ને ટાઢ શીદ વેઠત ? અને કદીક શાતિ કે હવાફેરને નામે ભલે આવત, પણ તો પછી બાપ વારુકા કોઢિયા જેવા ખોરડામા ? જેના મગજમા મુંબઈના નકશા રમે છે, છતા એક પણ ખપાટ બદલ્યા વિના ?

જમનાદાસ ધારત તો વિશ્વકર્માની વિદ્યા જેવી કરામતે પળભરમા લૂ–તડકાનુ માથુ ભાગે એવો બગલો ન બનાવી કાઢત ?

—પણ ના . ! એણે તો કીધું 'આ તો બધુ ભાઈ, મારે મન મારા વતનનુ અને મારા બાપદાદાનું સ્મારક છે બગલામા ખૂબ રહ્યો, ખૂબ સાહેબી કરી. હવે તો અસ્સલનો જમનિયો થવું છે'

લોકોએ હસી કાઢયું 'બવ બવ તો શેઠ સાજવેરા નેતરનો દડો લઈને ગામના સીમશેઢે રખડી આવશે, એકાદ વાર ડુગરે–નહેરે જઈ આવશે, સીમાડાના દેવદે'રાએ જઈને ધજા–નાળિયેર ચડાવશે. કાં તો લાંબધારને ડુગરે સવારના પહોરમા ગાયોના ધણમાં આટો મારી આવશે અને કહેશે :

'થઈ ગ્યોને પે'લાનો જમનિયો ?'

પણ જમનાદાસે તો સૌને મોંમાં આંગળા નખાવી દીધા ! સવારના પહોરમા ભાતું બાધીને નીકળી પડે... રોજના બે ગામ સર કરે. એકમા દિવસ ને બીજામા રાત ગાળે સાથે પેન–કાગળ રાખે. ગામ આખાની માહિતી મેળવે. શેરીઓ અને બજારો તપાસે, પાદર અને ગોદરા તપાસે, ચબૂતરા, કૂવા, વાવ અને હવાડા તપાસે મદિરો અને મસ્જિદો તપાસે. ઝીણામા ઝીણી વિગત પૂછે, અને તે પણ એવી ચીકાશથી કે એમના ગયા પછી પેલા ગામવાસીઓ નિદારસ લૂટે 'મિલમાલિક છે તે આ બધાં જૂનાપુરાણા ઠેકાણામાથી કા'ક ગણહણ સેળવે છે. આમા ખરો પૈસો પેદા કરવો છે !'

પણ એની જીભ તાળવે ચોટી જતી સૌના આશ્ચર્ય વચ્ચે બીજા દિવસના સવારમા જ સીમેન્ટની થેલીઓ આવે, કડિયા આવે, વિલાયતી નળિયાના ગાડા આવે . વાવ–કૂવા માટે ટેટા સાથે દસવીસ મજૂરો આવે, કયાક વળી નવા કૂવાના ખોદાણ શરૂ થઈ જાય કયાક રસ્તાઓ સપાટ કરવા ત્રિકમ-કોદાળી અને પાવડાની રમઝટ બોલે !

જમનાદાસ ફરતા જાય અને પાછળ વિશ્વકર્માના દૂત જેવા એના ટોળા તરપ ખડા જેવા એ મુલકને રળિયામણો કરે . કૂવા, વાવ, રસ્તા, મદિર કે મસ્જિદો કા સમારે, કા નવા બાધે નિશાળો અને ધર્મશાળાઓ કા સમારે, કા નવા બધાવે

એક શિયાળાથી બીજા શિયાળા લગીમા તો કાગડાના માળા જેવા લાગતા ગામડા ચૂના, સીમેન્ટથી ચમકી ઊઠયા

અને છતાયે કયાય કીર્તિનો અક્ષર કોતરેલો નહિ કે 'મુબઈનિવાસી શેઠ જમનાદાસ સી શાહ'

એક જ વરસમા રાજ્ય આખામાં ડકો વાગી ગયો · 'વતનને જમનાદાસ જેવા રતન મળો, જેણે મડદા બેઠા કર્યા !'

અરે, રાજ્યના મુખ્ય મંત્રીનો જિલ્લાના પ્રમુખ પર ખાસ સંદેશો આવ્યો : 'જમનાદાસ ઇચ્છે તો એમને જિલ્લાકક્ષાએ સારો એવો કોઈ હોદ્દો આપો. ધીમે ધીમે રાજ્યની કોઈ કમિટીમાં એમને લઈને, આખા રાજ્યને એમની સેવાનો લાભ અપાવવા મારી ઇચ્છા છે'

તાલુકામા આ વાતનો ખ્યાલ આવ્યો કે ખુદ પ્રમુખ છોટુભાઈ ઉઘાડે પગે જમનાદાસ પાસે પહોંચી ગયા 'તમે ઇચ્છતા હો તો શાહભાઈ, હું રાજીનામું આપીને મારી સીટ તમારા માટે ખાલી કરુ.'

'ના રે ભાઈ, સત્તા લઈને મોટુ થઈ જવાય, ડુંગરા જેવડું. લોકો પછી પાસે આવતા હાફી જાય.'

છોટુભાઈએ રહસ્ય સમજાવ્યું : 'મહાત્માજી ગયા પછી શાહ ભાઈ, સેવા કરવી હોય તો સત્તા જોઈએ. ભલે આપણે પ્રામાણિક હોઈએ. અત્યારે એ ખૂબ જરૂરી છે.'

જમનાદાસે નમ્રતાથી ઉત્તર દીધો . 'હરેક કામમા તમારો ટેકો મને મળવાનો છે. પછી મારે શા માટે બોજો ઉપાડવો ?'

'તમે લોકહિતના કોઈ પણ કામ માટે મારો પૂરો ઉપયોગ કરી શકો છો,' કહીને છોટુભાઈ ગયા.

કેમ એ તો જમનાદાસ એકલા જ જાણે. પણ બીજે દિવસે એ છોટુભાઈ પાસે ગયા, મોટો એવો એક પ્લાન લઈને. કાગળો છોટુભાઈના ટેબલ પર મૂકયા : 'તમે નોંધ કરો એટલે વિકાસ અધિકારી અભિપ્રાય લખે અને મામલતદાર એ માટે ભલામણ કરે, કે કલેક્ટર સાહેબની ઘડ દઈને મંજૂરી.!'

'નહી બને.' છોટુભાઈએ લાંબોપહોળો વિચાર કર્યા વિના જ કાગળો શાહને આપી દીધા 'તમારી વાત સાચી છે, કે એ જમીન સરકારી પડતર છે અને એમા વ્યાયામમંદિર થઈ શકે પણ ચાલીસ વીઘા જમીન ! અન્ન-ઉત્પાદનની આપણી ઝુંબેશમા કેટલી બધી કામ લાગે ! અને તે પણ ખેતવિહોણા ગરીબોને આપવામા !' અને જમનાદાસને જાણે પોતે ઓળખતા જ ન હોય એમ કાચળી ઉતારી નાખી : 'હુ એવો મોટો અભિપ્રાય ન આપી શકુ.'

'છોટુભાઈ, તમે કડવું સત્ય આચરો છો.'

'મારી એ ફરજ છે, તાલુકાના આગેવાન તરીકે.'

'કોઈ પણ રીતે ?'

'ના....!'

જમનાદાસ મોં ફેરવીને પગથિયા ઊતરી ગયા.

વાત કાંઈ છાની રહે ! થોડા દિવસમાં તો ગામડે ગામડે ફરી વળી . 'છોટુભાઈએ એના ગુંદરિયા સ્વભાવ પ્રમાણે જમનાદાસભાઈનુ કામ કરી ન દીધુ. સરકારી પડતર વાડીમા જમનાદાસભાઈ વ્યાયામમંદિર બાધવા માગે છે.'

ગામડે ગામડેથી છોટુભાઈ માટે તિરસ્કારના ભાલા છૂટવા માડયા · 'ઈ વેદિયો હવે જાવો જોઈ.'

તાલુકાના અને જિલ્લાના અમલદારો પણ જમનાદાસ પાસે જઈ આવ્યા : 'એ તો પ્રમુખ છે કે કાઈ... ! સરેસ છે સરેસ ! એક પણ કામ ન થવા દે. નહી તર આવી મંજૂરીઓ તો અમે ડાબા હાથથી આપી દઈએ.'

ગામેગામના સરપંચોએ મળીને જમનાદાસ ઉપર દબાણ કર્યું 'ચૂંટણી નજીકમાં જ છે, ભલા થઈને ઉમેદવારી નોંધાવો.'

જમનાદાસે તો કહ્યુ : 'જવા દો ને ભાઈ!'

પણ નક્કીને પાયે નિર્ણય કરીને આવેલા બધા જવા શાના દે ? જમનાદાસને બાંધીને ગડ-બેસલ્લાક કરી દીધા : 'તો અમારા એકસો ને દસેચનાં રાજીનામા !'

અને આ હિસાબે અત્યારે જમનાદાસ તાલુકાની કચેરીમા આવવા લાચાર બનેલા. અને છેવટે એમણે પોતાનો નિર્ણય જાહેર કર્યો કે પ્રમુખપદની હુ ઉમેદવારી કરવાનો છુ. પછી હર્ષઉલ્લાસની ખામી જ શાની રહે ?

હર્ષના તાનમાં આવેલા સભ્યોએ ધડાધડ પોતાના ઉમેદવારીપત્રકો પાછા ખેચ્યા. અને પછી રાહ જોઈ રહ્યા કે હમણા જ જમનાદાસ બિનહરીફ ચૂંટાયાની જાહેરાત થશે.

પણ એ બધા દિંગ થઈ ગયા ! છોટુભાઈએ પોતાનો નિર્ણય જણાવ્યો · 'મારી ઉમેદવારી હુ ચાલુ

રાખું છું મતલબ કે હું જમનાદાસ સામે ચૂંટણી લડવાનો છું.'

અને આ સાથે જ ક્રોધનો એક મોટો બધો વંટોળચો કચેરીમા ફરી વળ્યો : 'છોટુભાઈ હટી જાવ...! છોટુભાઈ મુર્દાબાદ !!'

અરે, કેટલાક સભ્યો તો છોટુભાઈના ટેબલ પર વીજળીવેગે ધસી ગયા. કેટલાકે ચંપલ ઉગામ્યાં.

જમનાદાસે ઝડપભેર ઊભા થઈને બીચકતો આમલો સંભાળી લીધો : 'રહો . ફક્ત બે મિનિટ!' અને છોટુભાઈને એ બહાર તેડી ગયા.

એકાંતમા લઈ જઈને છોટુભાઈને બેસાડતા જમનાદાસે ઝડપથી ચારે બાજુ જોઈ લીધું અને આજુબાજુમા કોઈને ન જોતા બંડીના ખિસ્સામાથી નોટોનો મોટો બધો થોકડો કાઢીને છોટુભાઈ સામે ધર્યો : 'ઉમેદવારી પાછી ખેંચવાના દશહજાર ..!'

'જમનાદાસ !' છોટુભાઈ સિસોટી જેવા અવાજે બોલ્યા · 'મે તમને સાવ આવા નો'તા ધાર્યા જમનાદાસ ! તમે . તમે . લોકશાહીનુ, પ્રામાણિકતાનું ગળું ટૂંપી રહ્યા છો !'

જમનાદાસે નાક પર આગળી મૂકી : 'પાચ હજાર હજી વધારે છોટુભાઈ! ખેંચી લ્યો ફોર્મ પાછુ..'

'મારા ટુકડા થઈ જાય તોય હુ તમારી સામે ચૂંટણી લડવાનો છું' કહીને છોટુભાઈ ઝડપથી ઊભા થયા : 'હવે તો અવશ્ય લડીશ !'

છોટુભાઈ ઝડપભેર કચેરીમા આવ્યા એની પાછળ જમનાદાસ સૌને આશા હતી કે છોટુભાઈ આખરે સમજ્યા છે, કેમકે જમનાદાસના મો પર અપાર સંતોષ અને ઉલ્લાસ હતા.

છોટુભાઈએ જોશીલા અવાજે ફરીવાર જાહેરાત કરી . 'હુ જમનાદાસ સામે ચૂંટણી લડવાનો છું'

'કારણ ?' એકી સાથે ઘણા અવાજો આવ્યા.

'કારણ કે હારીને નાક વઢાવવું છે' અંદરથી જ સભ્યો બોલ્યા અને હાસ્યથી હોલ ગાજી ઊઠ્યો.

'જે કાંઈ કહેવું હોય એ કહી નાખો, છોટુભાઈ!' જમનાદાસ હસીને બોલ્યા

પણ છોટુભાઈ મૌન જ રહ્યા. ચૂંટણી અમલદારોએ તાકીદ કરી : 'સમય પૂરો થવા આવ્યો છે.'

'હું ચૂંટણી લડવાનો છું !' છોટુભાઈએ કહ્યું.

અને વળી પાછી 'હોહા' મચી....સૂત્રો પોકારાવા શરૂ થયાં, પણ જમનાદાસે વળી દરમિયાનગીરી કરી. ઊભા થઈને એમણે સૌની સામે હાથ જોડ્યા : 'હુ મારી ઉમેદવારી પાછી ખેંચી લઉ છું, કેમકે છોટુભાઈ બિનહરીફ ચૂંટાઈ આવે એ જ મારો આશય હતો.'

'નહી ...! ન બને ! હરગિજ નહીં !!' સભ્યો ઊભા થઈ ગયા. છોટુભાઈની ખુરશી તરફ દોડ્યા.

જમનાદાસના મોમાંથી મુંબઈ ટાઈપનો શબ્દ નીકળી ગયો. 'સાયલંસ પ્લીઝ.' પછી સુધારીને બોલ્યા : 'શાંતિ જાળવો..'

'નહીં બને!'

'હાથ જોડુ છું, મને સાંભળો!' જમનાદાસે હાથ જોડ્યા અને સભા શાંત થઈ ગઈ.

'મારે આપણા તાલુકાની આગેવાનીની કસોટી કરવી હતી.' જમનાદાસ સ્વસ્થ સ્વરે બોલ્યા : 'નૈતિકતાથી પર ગણાય એવો એક તદ્દન ખોટો પ્લાન લઈને હું છોટુભાઈની પ્રામાણિકતા જોવા એમની પાસે ગયો. ના પાડીને છોટુભાઈ એમા પાસ થયા. હમણા જ એક અતિ ભયંકર બીજી કસોટી મે કરી. છોટુભાઈને મેં ચૂંટણીમાથી હઠી જવા માટે રૂપિયા પંદર હજારની લાચ ઠરાવી. છોટુભાઈએ એને ઠુકરાવીને સત્ય જાળવ્યું અને છેલ્લી અને સૌથી મહાન કસોટી એમની આ પળે જ થઈ'

'કઈ કસોટી એ ? . કઈ ?' સભા ઉત્સુક બની.

જમનાદાસ હસીને બોલ્યા · 'આ બધું છોટુભાઈએ છુપાવી રાખ્યુ એ. એ બિલકુલ મૌન રહ્યા. આજે આવા સત્યપ્રિય આગેવાનોની ખૂબ જરૂર છે. છોટુભાઈ જેવા આગેવાનો આપણને નહીં મળે. મારા જ્ઞાનને આધારે કહુ છુ, કે આપણા નેતા છોટુભાઈ જ હોય અને તે પણ બિનહરીફપણે ..'

કહીને જમનાદાસે બાજુમાં પડેલો ફૂલહાર લઈને છોટુભાઈના કંઠમાં આરોપ્યો તાળીઓના ગડગડાટથી આખોયે હોલ ગાજી ઊઠ્યો.

ઘરનો બોજ

લે. મીરાં સત્યવીર

પરોઢના ઝાકળની કવિતામાં ગૂંથાએલ પ્રેમ-આલાપના દિવસો બહુ જલદી વીતી જશે તેનો ખ્યાલ પ્રાથમિક શાળાના દિવસોમાં તો ક્યાંથી આવે? બધી સામાન્ય છોકરીઓની જેમ હું પણ જીવન વિષે સામાન્ય વિચારો ધરાવતી હતી. પરણવું અને સુખચેનમાં જીવવું એથી વિશેષ કોઈ દિશા નહોતી

બાગનું સૌંદર્ય એના પુષ્પોને લીધે છે. મારા જીવનમાં પણ સૌંદર્ય આવ્યું છે એવી વાત એક દિવસ અચાનક મેં સાંભળી, 'છોકરી જવાન થઈ, એના ભણતરમાં ઝાઝું ધ્યાન આપી શકાયું નહિ હવે એને પરણાવી દઈએ' મારી ઉંમર સત્તર. શું હું હવે પરણવાલાયક બની ગઈ છું? સત્તરમા વર્ષનું આ જગતમાં શું આટલું બધું મહત્ત્વ છે? તે વર્ષ પૂરું થતામાં તો માબાપે મને પરણાવી દીધી

ને હવે આ છે મારું શ્વસુરગૃહ. પતિ એક ઑફિસમાં નોકરીએ હતા વયમાં તફાવત હોવા છતાં અમારો મનમેળ સરસ હતો મારા પતિની હું બીજી વારની પત્ની હતી. મૂળ વતન તો અમારું ગામડા ગામનું, પણ અહીં શહેરમાં સસરાના વખતથી ઘર ખરીદી લીધેલું તેમાં અમે રહીએ છીએ. આ ઘર અને પતિના પગાર સિવાય અમારી બીજી કશી મૂડી નહોતી

તેમની પ્રથમ પત્ની બીજી પ્રસૂતિ વેળા અવસાન પામી હતી. એના ચાર મહિના પહેલાં જ મારા સસરાનું અવસાન થયું હતું, એટલે હવે અમે પતિ-પત્ની, સાસુ અને પ્રથમ પત્નીથી થએલ પુત્ર એટલાં સભ્યો કુટુંબમાં રહ્યા હતાં



બાવીસમે વર્ષે તો હું બે પુત્રી અને બે પુત્રો એમ ચાર બાળકોની માતા બની ગઈ હતી. ચોથું બાળક બે માસનું હતું ત્યાં જ અચાનક હાર્ટફેલથી મારા પતિનું અવસાન થયું. મારે માટે આ કારમો આઘાત હતો. ઘણા સમય સુધી મારી તબિયત અને મન પર એની ગાઢ અસર રહી. ઘણી વાર હીસ્ટીરીઆનું દર્દ ઊપડી આવતું. મેં માનસિક સમતુલા એવી ગુમાવી હતી કે હું મારા બાળકોની સારસંભાળ પણ લઈ શકતી નહિ. પાડોશી પણ ચિંતાતુર બન્યા કે ક્યાંક સુરભી પાગલ ન થઈ જાય

મારું નામ સુરભી. પતિ મને કેવા વહાલથી તે નામે બોલાવતા! એમના વિનાનું જગત તે જાણે જગત જ નથી, એ પ્રકારની લાગણી મને માનસિક તાણ અને ત્રાસ આપ્યા કરતી આ વિકટ પરિસ્થિતિમાં સાસુ જબરો આધારસ્તંભ નીવડયાં. પાંચ બાળકો અને હું–તમામ તેમને માથે હતા. નાણાકીય બાબતમાં હવે કોઈ ચાલુ આવક નહોતી. મેં મનની સમતુલા લગભગ ગુમાવી દીધી હતી

બાળકોને શું ખવડાવીશ, અમે શું ખાઈશું અને કેમ રહીશું, બાળકોને ભણાવવા શી રીતે? એ ખ્યાલોએ હવે મારા મનનો ભરડો લીધો હતો. તેની ભીંસ નાનીસૂની નહોતી પરંતુ સાસુએ મનની

સ્વસ્થતા ગુમાવ્યા વિના આ તૂટેલા ઘરનો કારોબાર સભાળી લીધો મને આશ્વાસન આપતા અને પાચે બાળકોની તમામ ચાકરી ઉઠાવતા સાસુના દિલની શી હાલત હશે તે આજે તો હુ બરોબર સમજી શકી છુ

નિરાશા અને ચિતાની આગ મને ભરખી રહી હતી શરીરનુ વજન ખૂબ ઘટી ગયુ હતુ દુખ સિવાય બીજો કશો વિચાર કરી શકતી નહિ ઘર ઉપર કરજે નાણા લઈ, અમારો જીવનવ્યવહાર સાસુ જ ચલાવતા હતા તેમની જિદગીમા પાછલા વર્ષોમા આવી પડેલુ આ અસહ્ય દુખ તેમને મનથી તથા શરીરથી નબળા પાડી રહ્યું હતુ શકિત ઉપરાતનુ કામ માથે પડ્યુ હતુ, છતાય તેઓ કદી કશો બબડાટ કે વિખવાદ કરતા નહિ હું વારવાર રડતી અને બેસી રહેતી

એક દિવસ મે જ મારી મેળે રસોઈનુ કામ માથે લીધુ પણ અરે ! મારુ દુર્ભાગ્ય તો મારી પાછળ પડ્યુ હતું મને હીસ્ટીરિયા ચાલુ થયો અને હુ અચાનક સગડી પર ગબડી પડી એક હાથનો ઉપરનો ભાગ સખત રીતે દાઝી ગયો, ને છોકરાની રડારોળથી, પડોશમા ગએલા સાસુજી તથા પડોશના બહેન દોડી આવ્યા

મને દવાખાને લઈ જવાઇ કેટલાક દિવસ ત્યા રહ્યા પછી હુ ઘેર આવી ત્યારે સાસુએ કહ્યુ, 'સુરભી, તુ મૅટ્રિક નાપાસ છે તો પાસ થવા ફરીથી અભ્યાસ શરૂ કરી દે ભણવાના પુસ્તકોમા તારુ મન પરોવાશે એટલે જૂના વિચારો આપોઆપ બદલાઈ જશે '

હુ આશ્ચર્યથી તેમની સામે જોઈ રહી પછી મે કહ્યુ કે, ' પુસ્તકો સાથેનો સબધ તો ક્યારનો ય છૂટી ગયો છે '

' એ વાત ખરી, પરતુ મૅટ્રિક પાસ થઈ તુ નોકરી કરે તો બાળકોના ભણતરમા તારો પગાર મદદરૂપ થશે બીજુ કાઈ નહિ તો હવે તારા બાળકોને માટે પણ તારે ભણ્યે જ છૂટકો છે'

સાસુના શબ્દોની મારા પર જાદુઈ અસર થઈ મને નવો પ્રકાશ પ્રાપ્ત થયો અને એસ એસ સી માટેની તૈયારી સર્ટિફિકેટ, ટ્યુશન કલાસ વગેરેની અમે વ્યવસ્થા કરી

હવે મે રાહત અનુભવી મારા પગમા જોમ આવ્યુ જીવનના આ ફેરફાર પહેલા જ્યારે અમે ઘણા દુખી હતા ત્યારે કેટલીક વ્યક્તિઓએ મારા સાસુના કાન ભભેર્યા હતા કે, ' સુરભી નઠારા પગલાની છે તમારા દીકરાનુ અવસાન તેથી જ થયુ '

મારા સાસુએ રોકડુ પરખાવ્યુ, કે, 'જન્મ અને મરણ તો ઈશ્વરાધીન છે સુરભી સારા પગલાની છે. એ ચાર બાળકોની માતા અન્નપૂર્ણા છે, એ તમે જોતા નથી ? શા માટે જખમ ઉપર મીઠુ ભભરાવો છો ? '

ઈર્ષા અને વિધ્નસતોષના એવા રગઢ ગથી પર બની અમે આગેકદમ ઉઠાવ્યા હવે અભ્યાસ એ જ મારુ ધ્યેય બન્યુ બહાર જઈને મે અન્ય પરીક્ષાથીઓ સાથે પરિચય કેળવ્યો તેનાથી મને માનસિક રાહત ઘણી જ પ્રાપ્ત થઈ તેમના કરતા મારી ઉમર વધારે હતી જીવનનો અનુભવ જુદો હતો પરતુ મે સકોચ રાખ્યા વગર મારા ધ્યેય તરફ પ્રયાણ ચાલુ રાખ્યુ

છેવટે 'મનુષ્યયત્ન અને ઈશ્વરકૃપા' તે ન્યાયે હુ મૅટ્રિકની પરીક્ષામા સાઈઠ ટકા ગુણથી ઉત્તીર્ણ થઈ મૅટ્રિક પાસ થવાનો આનદ જેવો તેવો નહોતો એ દિવસોમા બહારગામથી અમારા સ્નેહી એવા એક બહેન શહેરમા આવેલા તેઓ મને મળવા અમારે ત્યા આવી ચડ્યા વાતવાતમા તેમણે પૂછ્યુ ' સુરભી, તારો છોકરો આવડો મોટો થઈ ગયો ?' સ્નેહી બહેને મારી નજીક બેઠેલા મોટા દીકરા તરફ નવાઈથી આગળી ચીધી

' આ કમલેશ મારો સાવકો દીકરો છે મારા પતિની પ્રથમ વારની પત્નીનો પુત્ર '

મારો જવાબ સાભળીને કમલેશ તો ડઘાઇ ગયો હોય તેમ કેટલીક ક્ષણ મારી સામે જોઈ રહ્યો પછી ઘરની બહાર ચાલ્યો ગયો

મળવા આવેલ બહેન પણ થોડીવાર પછી વિદાય થયા મારા સાસુ મદિરે ગયા હતા તેઓ આવ્યા ત્યારે જમવાનો સમય થયો હતો, એટલે તે માટે

અમે તૈયારી કરી જમવા માટે કમલેશની ભાળ કાઢી તો પડોશના છોકરાએ કહ્યું કે તેના ભાઈ સાથે તે ક્યાંક ગયો છે

સાસુએ કહ્યું 'તું અને છોકરા જમી લો કમલેશ આવશે એટલે હું અને કમલેશ સાથે બાઈશું'

મેં ચાર બાળકોને જમાડવાની તૈયારી કરીને કહ્યું, કે 'હું પણ તમારી સાથે જમીશ'

પરંતુ સાસુએ આગ્રહ કર્યો, કે 'બાળકો એકલા જમે તે ઠીક નહિ તું ય સાથે બેસી જા'

એટલે અમે જમવા બેઠા ત્યાર બાદ અર્ધા કલાકે કમલેશ આવ્યો મેં તેને અને મારા સાસુને જમાડવા થાળીઓ પીરસી પરંતુ કમલેશે તો મને સીધો જ પ્રશ્ન પૂછ્યો, 'મા, શું હું તારો દીકરો નથી? તેં એમ કહ્યું જ કેમ કે હું તારો દીકરો નથી!'

તે એકદમ રડી પડ્યો રડતા રડતા કહેવા લાગ્યો 'મારે જમવું નથી શું હું તારો દીકરો નથી મા?'

સાસુ તો આભા બની ગયા. આ બધી શી બાબત છે તેની તેમણે પૃચ્છા કરી મેં પેલા સ્નેહી બહેન સાથે થયેલી વાત કરી

સાસુના સંસ્કારી ઉછેરને લીધે કમલેશને કદી ખ્યાલ સરખો ય આવ્યો નહોતો કે સુરભી તેની સગી મા નથી પણ આજે અજાણતા થએલી મારી ભૂલે તેના મનનું સ્વર્ગ તોડી નાખ્યું મને ઘણો પસ્તાવો થયો પણ હવે શું વળે?

બાર વર્ષનો કમલેશ ઘણો સમજદાર અને લાગણીપ્રધાન છે તે અમે સ્પષ્ટ સમજી ગયા મેં ત્યાર પછી કદી પણ તેને લાગવા દીધું નથી કે હું તેની સગી મા નથી દરેક વખત પહેલો તે અને પછી ચાર છોકરા એ જ રીતે મેં સ્નેહ અને માતૃત્વ ભાવની તકેદારી રાખી લીધી મારી સામે હવે વિશાળ જગતનો રંગમંચ ઊપસતો હતો મારે નોકરીની જરૂર હતી અને તે માટે અમે પ્રયત્નો શરૂ કર્યા

ખાનગી અને સરકારી શિક્ષણક્ષેત્રમાં અરજીઓ કરી સદ્‌નસીબે શહેરના પ્રાથમિક શિક્ષણખાતામાં મારી પસંદગી થઈ

સાસુ ત્રેજ્યુએટ થઈ હતા, પણ બાળકોની સંભાળનું બધાનું અને ઘરનું કામ મારા સાસુ પર પડે તે મને જરા પણ ઠીક લાગતું નહોતું મેં બીજા શિક્ષિકા માગ બી એ થવાના અભ્યાસ માટે વાત ઉપાડી જોઈ જવાબમાં તેમણે કહ્યું. "એ તો સારી વાત છે પણ નોકરી અને અભ્યાસ, બેવડું કામ થશે?"

તેમના જવાબમાં તેમના દિલની ઉદારતા અને કુટુંબ માટેનું આત્મસમર્પણ હતું. મારી આંખોમાં આનંદ અને આભારના આંસુ આવ્યા

મારા વૃદ્ધ નિર્બળ સાસુ રસોઈના અને બાળકોની દેખભાળનો શ્રમ ઉપાડતા રહ્યા તેમને શક્ય એટલી મદદરૂપ બની હું દિલ લગાવીને અભ્યાસમાં એકાગ્ર રહી હું ઉન્નત મસ્તકે ઊભી શકું જાત કમાણી કરી શકું. બાળકોને ભણાવી શકું. તે આશાથી તેઓ, શક્તિ ઉપરાંતનો શ્રમ બોજો ઉપાડી રહ્યા હતા હા, બાળકો એમની શક્તિ પ્રમાણે કામમાં મદદરૂપ થતા ખરા

આખરે દુઃખ તથા શ્રમના ચાર વર્ષ પછી હું બી એ થઈ સફળતાનું મારું આ સોપાન અમને ઉમંગી જીવન અને સરસ રહેણીકરણીથી ભરપૂર કરી ગયું આજે કમલેશ પરિણીત છે એક વિદ્યાપીઠમાં અધ્યાપક તરીકે નોકરી કરે છે. હું પોતે પણ શિક્ષણની એક સંસ્થામાં અધ્યાપિકા છું પરંતુ એ પહેલા બહારગામના ક્ષેત્રે મારી નિમણુક હતી એટલે સવારે નવ વાગે બસ દ્વારા એ સ્થળે જતી અને સાંજે સાત વાગે બસ દ્વારા મારે ઘેર પાછી ફરતી આજે હવે હું વતનમાં નોકરી પર છું પરંતુ દુઃખ એ વાતનું છે કે આ સુખદ પરિસ્થિતિ જોવા તથા અનુભવવા માટે મારા સાસુ આજે જીવ્યા નહિ બે વર્ષ પર તેમનું અવસાન થયું ઘરનો મોભ બની તેમણે મારું સંરક્ષણ કર્યું. મુશ્કેલી વેળા પણ મારા ગરીબ માબાપ પાસેથી પૈસાની મદદ માગવાનો તેમણે કદી કોઈ ઇશારો સરખો કર્યો નહોતો આજે હું જે કાંઈ છું, ઘરમાં જે સુખશાંતિ પેદા થયા છે તેનો તમામ યશ મારા સાસુનો છે

(એક સત્યઘટના) ▣

દુનિયા : જૂની ને નવી



હરિસિંહ ક. દોઢિયા

'રક્તપિત્ત ? શું વાત કરો છો ડૉકટર ?'

'જે હકીકત છે એ જ કહું છું' અને ડૉકટરનું આ કથન સાંભળતા જ સૌના મો ઉપર શ્યામ રાત્રિના અંધારા લીંપાઈ ગયા.

ડૉકટરની શાંત કેબિનમાંની સ્થિર હવામાં ભયની એક લહેર જાણે નાચી રહી. ચાર દીવાલોની વચ્ચે પેલા ડૉકટરના નિદાનના પડઘા પછડાતા હતા.

'રક્તપિત્ત છે... રક્તપિત્ત છે... રક્તપિત્ત છે...'

સગાસ્નેહી સૌ ધ્રૂજી ઊઠયા હતા. શિવલાલને રક્તપિત્તનો રોગ શરૂ થઈ ગયો હતો. ડૉકટરે ચોખ્ખું કહ્યું હતું, સ્પષ્ટ શબ્દોમાં સૂચના આપી હતી, અને ન કહેવા જેવું પણ ઘણું જણાવી દીધું હતું.

'હવે શું ?'

'સૌના મન મૂંઝાતા હતા. હવે શું કરવું તે સમજાતું નહોતું. શિવલાલને તો મોટો કાપ મૂકો તો ય છાંટો લોહી ન નીકળે એવો એ ફિક્કો પડી ગયો હતો. એનો દેહ ધ્રૂજી ઊઠયો હતો. મન માંદલું થઈ ગયું હતું. હિંમત તો કોણ જાણે કયાં ગાયબ થઈ ગઈ હતી. વહેતી હવા જ જાણે ગૂંગળાવી રહી હતી. કંઈ સૂઝતું નહોતું. હવે પછીનો જીવનપંથ બહુ કપરો કળાતો હતો. જિંદગીમાં અંધકાર અંધકાર જ વર્તાતો હતો. શું થશે... શું થશે... ની ચિંતા મનનો કબજો લઈ બેઠી હતી અને ડૉકટરના પેલા અભિપ્રાયથી તો રહીસહી શક્તિ પણ ક્ષીણ થઈ ગઈ હતી.

શિવલાલનો મોટો છોકરો ડૉકટર તરફ દયામણી નજરે જોતો હતો. શિવલાલની પત્નીની આંખમાંથી આંસુઓ ગરીબડાં બની ગાલ ઉપર રેલાઈ રહ્યા હતા. બીજા બે છોકરાઓ તો સૂનમૂન થઈ ગયા હતા ને શિવલાલ તરફ અપલક આંખે જોતા હતા.

શિવલાલ વિચારી પણ નહોતો શકતો કે આ શું થઈ ગયું છે ? એકાએક આ કેવો રોગ પોતાને લાગુ થઈ ગયો છે ?

ડૉકટરે પળ પહેલાં જ કહ્યું હતું કે, 'રક્તપિત્ત છે... ને રક્તપિત્તના રોગવાળો માનવી...'

શિવલાલ ધ્રૂજતા દેહે અશક્ત બની ખુરશી ઉપર ફસડાઈ પડયો. મોટા છોકરાએ નીચા વળી એને સરખો કર્યો. પત્ની નજીક આવી રહી. બીજા બે છોકરાઓ પણ પાસે આવી પહોંચ્યા.

શિવલાલે બધા તરફ એક વખત જોઈ લીધું. ડૉકટર તરફ જોવાની એની હિંમત ચાલી નહિ.

થોડી વારે એણે ડોકું નીચું નમાવી દીધું.

ડૉકટરે શિવલાલના મોટા દીકરાને પડદા પાછળ બોલાવ્યો ને કેટલીક મિનીટો સુધી વાત કરી. કોણ જાણે ધીમે ધીમે શું વાત કરી તે છોકરો પડદા પાછળથી બહાર આવ્યો ત્યારે એના તો જાણે હોશકોશ ઊડી જ ગયેલા જણાતા હતા. એના મો ઉપર પણ પારાવારની નિરાશા ઝળુંબતી હતી.

આમ તો શરીરે શિવલાલ વન વટાવ્યાની આ વયે પણ સશક્ત હતો. પણ એના હાથ, હાથના આંગળા, આંગળાના નખ, અને આખું ય મો, પગના આંગળા... પગ... ને સમગ્ર શરીર જાણે પેલા અસાધ્ય રોગમાં સપડાઈ ગયા હતા. કોઈ ભયંકર ઝેરી સર્પે જાણે શિવલાલની કંચનવર્ણી કાયાને ભરડો લઈ લીધો હતો. કોઈ તીખા તેજીલા સંતે જાણે બળ-

બળતો શાપ વરસાવી દીધો હતો, ને એટલે જ શિવલાલના સારાય શરીરમા જાણે આગ લાગી ગઈ હતી

'સાહેબ ડૉક્ટર સાહેબ, મને બચાવો મારુ શુ થશે આ ઉમરે મારુ શુ થશે હુ ક્યા જઈશ શુ કરીશ ક્યા રહીશ ? મને આવા રક્તપિત્તના રોગીને કોણ સઘરશે કોણ રાખશે ? કોણ પાળશે ? દયા કરો મા-બાપ '

'ડૉક્ટરે એને બોલતો અધવચ અટકાવી દીધો ને પછી શાત મુદ્રાએ કહ્યુ, 'જુઓ એમ હિંમત ન હારશો માનવી ઉપર ભગવાન જ્યારે રૂઠે છે, અને આગળ–પાછળના કોઈક વેરનો બદલો વ્યાજ સાથે વસૂલ લે છે ત્યારે કોઈ ઇલાજ નથી રહેતો કોઈ દવા કે કોઈ કીમિયો કારગત નથી નીવડતો પણ તમે જુઓ છો કે એવા ઘણા માણસો જીવ્યે જાય છે ને તમને તો હજી શરૂઆત છે દવા–ઇન્જેકશન હુ આપુ છુ ગભરાતા નહિ ઉપરવાળો સૌ સારા વાના કરશે ને તમે જ જો હિંમત હારી જશો તો પછી આ પહેલી પચ્ચીસીના છોકરાઓનુ શુ થશે ? માટે હિંમત રાખજો ને ભગવાન ઉપર ભરોસો રાખજો મે બધી સમજ પાડી જ છે '

ડૉક્ટરે આગળ શુ કહ્યુ તે શિવલાલને ખબર ન રહી એના બધા સ્નાયુઓ જાણે શિથિલ થઈ ગયા હતા ડૉક્ટરે એમની મીઠી જબાનમા ઘણુ ઘણુ આશ્વાસન આપ્યુ હતુ પરન્તુ આશ્વાસનના એ શબ્દો થોડી પળમા જ દૂર દૂર અદૃશ્ય થઈ ગયા હતા અને જેની કલ્પના નહોતી તે ભય રક્તપિત્ત બનીને સમગ્ર કાયા ઉપર છવાઈ ગયો હતો

શિવલાલ ઊઠ્યો ને ધીમા ડગ ભરતો કેબિનની બહાર નીકળી ગયો ને દૂર દરવાજા પાસે જઈને ઊભો રહ્યો

ડૉક્ટરે પોતાના હાથ ધોઈને સાફ કર્યા હશે શિવલાલ બેઠો હતો એ ખુરશી પણ સાફ કરાવી હશે શિવલાલ ઊભો હતો એ ફરશ પણ કદાચ જંતુનાશક દવાથી ધોવા જણાવ્યુ હશે

શિવલાલના કાન બહેરા થઈ ગયા હતા આખ ખુલ્લી હતી, પણ જાણે કંઈ જ દેખાતુ નહોતુ મજબૂત પગ ધ્રૂજી રહ્યા હતા ને મન .

સૌ ટાગામા ગોઠવાયા. શિવલાલ પાસે બેસવા મોટો છોકરો જાણે આનાકાની કરતો હોય એમ શિવલાલને લાગ્યુ કદાચ એ એના મનનો વહેમ પણ હોય પરન્તુ હકીકતમા તો બધાના મનમા એક એવી તો ફડક પેસી ગઈ હતી કે સૌ જાણે ડરી જ ગયા હતા, બી ગયા હતા

રાત્રે શિવલાલ સૂતા ત્યારે સૌ એકઠા થઈને જાણે કશીક ગુસપુસ ગુસગુસ કરતા હતા શિવલાલ સૂઈ રહ્યો ને સૂતા સૂતા સાભળતો રહ્યો મોટો દીકરો સૌને કહેતો હતો 'જુઓ, ડૉક્ટરે ચોખ્ખેચોખ્ખુ કહી દીધુ છે કે, આ રોગ બહુ ચેપી છે, ચેપી છે એટલુ જ નહિ, પરન્તુ અસાધ્ય છે ગમે તેવી દવાથી પણ એ રોગ મટી શકે એવો નથી ને એ જ રોગ બાપુને લાગુ થઈ ગયો છે હવે શુ કરવુ એ આપણે બધાએ વિચારવાનુ છે એમનુ ખાવા-પીવાનુ, રહેવા-મૂકવાનુ બધુ સાથે જ રાખીએ તો ' વાક્ય અધૂરુ મૂકીને મોટો છોકરો અટકી ગયો થોડી વાર શાતિ જળવાઈ ! પછી પત્નીનુ ડૂસકુ સભળાયુ

'થોડી હિંમત રાખવી પડશે, પરન્તુ બાપુને બધુ જુદુ કરી આપીએ તો ઠીક એમનેય નિરાત ને આપણનેય નિરાત. આ તો સસાર છે, લોક આમે બોલે, ને તેમે બોલે સાભળવુ બધાનુ, પણ કરવુ મનનુ અને આપણે પણ સમાજમા ને બે માણસની વચમા રહેવાનુ છે,એટલે કહુ છુ પછી તો જેવી બધાની મરજી '

'જુદા રાખીએ તોપણ ઘર તો એકનુ એક જ ને ? ને નાના છોકરાઓ કંઈ આ બધુ સમજે ? એ તો પછી કહેવાનુ જુદુ, બાકી અડક–સડક ચાલ્યા જ કરે ને એમા પછી કંઈ મઝા નહિ ' વચેટ પુત્રે જરા મોટા અવાજથી આવેશમા કહી નાખ્યુ

સૂતો સૂતો શિવલાલ સાભળતો હતો એનુ આખુંય ઊર્મિતંત્ર આચકો ખાઈને જાણે ઊથલી પડ્યુ હતુ મનમા એક એવી તો મૂઝવણ થતી હતી ને હૈયામા એક એવી તો તીરાડ પડી ગઈ હતી કે

આવું બધુ સહેવાતુ પણ નહોત, તો અન્ય કોઈને કહેવાય એવુ ય રહ્યુ નહોતુ અને એટલે જ ઓર ગભરામણ થતી હતી

કોઈક સંત પુરુષે સાચુ જ કહ્યુ હતુ કે, 'સગા સૌ સ્વારથના હોય છે બાકી આવી કસોટીની પળે તો ' શિવલાલથી બળબળતો નિસાસો ન ખાઈ ગયો જે શરીર માટે સૌ કાળજી રાખતા હતા એને માટે જ હવે સૌને મૂઝવણ થઈ રહી હતી કોઈને જાણે કશુ સૂઝતુ નહોતુ, સમજાતુ નહોતુ, અને એટલે જ સૌ સાથે મળીને શિવલાલથી અળગા થવાનો રસ્તો વિચારતા હતા

વિચારતા તો ઘણુ ઘણુ હતા, પરન્તુ કોઈ માર્ગ નીકળતો નહોતો અને એટલે જ અંદરો-અંદર ગુસપુસ ગુસપુસ કરતા હતા વચેટ દીકરો જરા તીખો હતો એને કોઈની પડી નહોતી એ કહેતો હતો, કે ચેપી રોગની ઉપાધિ વહોરી લેવા એ હરગિજ તૈયાર નહોતો જો શિવલાલને અહીંથી દૂર નહિ કરવામા આવે તો એ જાતે જ બીજે ક્યાક ચાલ્યા જવા જણાવતો હતો નાનાને કશુ સમજાતુ નહોતુ પત્ની આ અચાનક આવી પડેલા દુઃખથી જાણે હેબતાઈ ગઈ હતી મોટો દીકરો ' સાપ મરે પણ લાઠી તૂટે નહિ ' એવો રસ્તો વિચારતો હતો

સૌ સૌની રીતે વિચારતા હતા, પરન્તુ કોઈ માર્ગ મળતો નહોતો આખરે સૌકોઈ પણ નિર્ણય ઉપર આવ્યા વગર જ સૂઈ ગયા

વચેટ દીકરો બીજે દિવસે શિવલાલનુ ઘર છોડી અલગ રહેવા ક્યાક ચાલ્યો ગયો પત્ની રડતી બંધ થઈ ગઈ હતી, અને શિવલાલના ચહેરા સામે આંખો તાણી તાણી જોતી હતી મોટો દીકરો કંઈક ભારે વિમાસણમા પડી ગયો હતો

અને શિવલાલ પણ હવે તો અકળાતો હતો આવી પરિસ્થિતિ સહેવાતી નહોતી નાના છોકરાઓ તો 'દાદા દાદા' કરતા શિવલાલ સૂતો હોય ત્યા પથારી ઉપર ચઢી જતા ને શિવલાલને પજવતા વહુ ગણગણાટ કરતી છોકરાઓને મારતી ને તેડી લેતી મોટો દીકરો સાજે કામ ઉપરથી આવતો ત્યારે બધુય કહી દેતી, ને છોકરાઓ કરતા શિવલાલનો જ વાંક કાઢી બતાવતી

ધીમે ધીમે પરિસ્થિતિ એવી ગૂચવાઈ રહી હતી કે જાણે ભવિષ્યમા એનો કોઈ ઉકેલ જડવાનો નહોતો શિવલાલ પણ મનોમન ગૂગળાતો હતો. પણ ક્યા જવું તે સમજાતુ નહોતુ આવી સ્થિતિમા એને સંઘરે પણ કોણ ?

' તો પછી જવું ક્યા ? ભીખ માગવી ? સરિયામ માર્ગ ઉપર રખડવુ ? રક્તપિત્તિયાઓ પડી રહે એવી વસાહતમા પડી રહેવુ ?'

' નહિ નહિ એવું તો પોતાના જેવા ખાનદાન માનવીથી નહિ જ બને . હરગિજ નહિ બને '

' તો શુ આપઘાત કરવો ?'

' આપઘાત કરનાર માનવીનુ મન તો મજબૂત જોઈએ તૃષ્ણા એમ કંઈ સહેલાઈથી થોડી જ છોડે ?' ને ક્યાક વાચ્યુ હતુ કે આ જન્મમા જે આપઘાત કરે એને પછી આવતા સાત જન્મમા પણ આપઘાત જ કરવા પડે

' તો પછી કરવુ શુ ? જવુ ક્યા ? ને હવે તો ઘરસાથી પણ હડધૂત થતી હતી પત્ની પણ બોલતી હતી વહુ-છોકરો બધા જ સંભળાવતા હતા

'ને એક દિવસ મધરાતે શિવલાલ ઘરબહાર ચાલ્યો ગયો '

' ક્યા ?' સૌકોઈ એક સાથે પૂછી બેઠા

' આપણી દુનિયાથી જુદી જ એવી એક નવી દુનિયામા '

' નવી દુનિયામા ?'

' હા નવી જ ને વળી આપણા કરતા ત્યાના માણસો જુદા, ત્યાનો પ્રદેશ જુદો, હવાપાણી જુદા રીતરિવાજ જુદા.. બધુ જ જુદુ એકદમ જુદુ માન્યામા ન આવે એટલું બધુ જુદુ '

'પણ એ નવી દુનિયા કઈ એ કહેશો ને કાકા ?'

ને કાકા હસ્યા સૌ કાકા તરફ જોતા હતા અમે ટ્રેનમા પ્રવાસ કરતા હતા રસ્તો ખૂટતો નહોતો. અધવચથી આ [illegible] મારા ડબ્બામા ચઢી આવ્યા હતા અને [illegible]મને એમને' થોડી જગ્યા કરી આપી

હતી અને 'સૌ સગા સ્વારથના છે' એવી અમારી જોરદાર ચર્ચા સમેટી, કાકાને જ વાતે વળગાડી દીધા હતા અને કાકા એમના કોઈક નજીકના સ્નેહીનો કરુણ કિસ્સો સંભળાવી રહ્યા હતા

કાકા શ્વાસ ખાવા થંભ્યા હતા, ને 'શિવલાલ કોઈક નવી દુનિયામા ઘર છોડી ચાલ્યો ગયો હતો' ત્યા આવી અટકી ગયા હતા. નવી દુનિયાનુ અમને સૌને આશ્ચર્ય હતુ, એટલે સૌએ એક સાથે જ પૂછ્યું, 'પણ એ નવી દુનિયા કઈ એ કહેશો ને કાકા ?'

'નવી દુનિયા એટલે ધરમપુરનો જંગલ પ્રદેશ, જે પ્રદેશ અનેક વનસ્પતિઓ અને અનેક વૃક્ષોથી છવાયેલો છે જ્યા ભલીભોળી ઋષિમુનિ જેવી શાંત પ્રજા વસે છે ત્યા એટલી બધી જાતના વેલાઓ–વનસ્પતિઓ અને જડીબુટ્ટીઓ છે, કે જેનો કોઈ હિસાબ નથી ત્યા ડુંગરોની ધારે ધારે એવા ગીચ જંગલો છે કે, જેમા સૂર્ય ઊગીને આથમી જાય તો ય અણસારો ન આવે જ્યા જુઓ ત્યા વન ને વન . ને એવા જ એકાદ વનમા શિવલાલ ચાલ્યો ગયો એકાદ ઝૂંપડીએથી પાણી માગ્યુ, પીધુ ને બેઠો થોડી વારમાં નાગાપૂગા લોકો એકઠા થઈ ગયા શિવલાલને જોયો, એના શરીરને જોયુ ને એની આખમા ડોકાતા પેલા ભયને પણ નીરખ્યો

'શિવલાલ બોલતો હતો, પરંતુ એની ભાષા કોઈ સમજતુ નહોતું પેલા જંગલના લોકો બોલતા હતા તે શિવલાલ સમજતો નહોતો પણ એ બધા સાચા માનવીઓ હતા સ્વારથના સગા નહોતા એમણે તુરત જ શિવલાલ માટે ઝૂંપડી તૈયાર કરી દીધી ને બીજા જ દિવસથી કોઈક જાણકારે ઇલાજ પણ શરૂ કરી દીધા. જ્યા જ્યા રક્તપિત્તના ચાઠાઓ હતા ત્યા ત્યા પત્થરના હથિયારથી કાપ મૂકવામા આવ્યા, ને કાચી કેરી કાપી જેમ અંદર મસાલો પૂરવામા આવે તેમ જંગલની વનસ્પતિઓ પૂરવામા આવી ને થોડા દિવસમા તો શિવલાલનુ આખુ શરીર પાકી ગયુ' .. ગળતું ગયું

લોહીપરુ થી એની સારીય ત્વચા ખરડાઈ રહી ને શિવલાલ ગભરાઈ ગયો

પણ એનો ગભરાટ ધીમે ધીમે દૂર થતો ગયો. પેલા કાપ રુઝાતા ગયા લોહીપરુ સુકાતા ગયા ને કાયા પાછી કંચનવર્ણી થતી ગઈ

શિવલાલને તો જાણે આ બધુ સ્વપ્નું જ લાગતું હતુ એ જે આશા મૂકી આવ્યો હતો તે આશાનુ નવુ કિરણ આ નવી દુનિયામાથી સાપડી ગયુ હતુ. છએક માસમા તો તદ્દન સાજોસમો થઈ ગયો

ને સાજા થયેલા શિવલાલ પાસે તો આભાર માનવાના શબ્દો પણ નહોતા અહીના લોકોએ એને નભાવ્યો હતો, પેલા જાણકાર કસબીએ એને સાજો કર્યો હતો, કોઈપણ જાતના સ્વાર્થ વિના કે ચેપી રોગના ભય વિના એની સાચી શુશ્રૂષા કરી હતી, અને એ કરવા ઉપરાત પણ સાજા થયેલા શિવલાલને માડ માડ પાછો ઘેર જવા સમજાવ્યો હતો

'સૌને રામ રામ કરી સાજો થયેલો શિવલાલ ફરી પાછો એની જૂની દુનિયામા ચાલ્યો ગયો.'


'ક્યા એના ઘેર ?' સૌથી એકી સાથે પુછાઈ ગયુ.

પણ ત્યા તો સ્ટેશન આવવાની એ ધાણીરૂપા ગાડીને બ્રેક લાગી ને ગાડી અટકી કાકા ઊતરી પડ્યા

'બસ, અહીં જ ઊતરી જવુ છે ?' અમારામાથી કોઈકે પૂછ્યુ

કાકા હસ્યા ને બોલ્યા, 'શિવલાલને પણ એના દીકરાઓને મળવાનુ મન હોય ને '

—અને સૌએ જોયુ તો નવી દુનિયામાથી આવેલા એ કાકા સ્ટેશનની બહાર ચાલ્યા ગયા હતા.



સોનેરી સત્ય ... નમનવાળા નહિ આવે ... જનકલ્યાણ ... વજ્રથી કઠોર છે રે, પુષ્પથી કોમળ કહાવે છે

શહીદની ખુમારી

ક્રાન્તિકારી દામોદર ચાફેકરને યરવડા જેલમા પૂરવામા આવ્યા હતા ફાસીની શિક્ષા થઈ હતી દેશ કાજે ફાસી પર ચડવા માટે એમને ગર્વ થતો હતો. મનમા આનદ હતો ફાસીના દિવસે તેણે ગીતાપાઠ શરૂ કર્યો હતો

ફાસી જેવા થતા, કોઈ લગ્નપ્રસગે વરરાજા વરમાળા પહેરવા હરખથી તૈયાર થાય એમ એ તૈયાર થઈ ગયો ફાસી વેળા આવી પહોચી, પરતુ એ માટે નિયુક્ત થયેલ અગ્રેજ અમલદારને આવવામા થોડોક વિલબ થયો

દામોદરે ટોણો મારતા કહ્યુ ‘સાહેબ, અમે હિંદીઓ તો અગ્રેજ લોકોની સમયપાલનની ટેવ માટે માન ધરાવીએ છીએ પરતુ તમે કેમ મોડા પડયા ? ફાસીના કેદીને તો નિશ્ચિત સમયે જ ફાસી આપવી જોઈએ ને ? ફાસી – કેદીને આ રીતે રાહ જોઈને બેસી રહેવુ પડે એમા અગ્રેજ સરકારની બદનામી છે’

ફાસી જેવી શિક્ષા માટે આ ભારતીય ક્રાતિકારીની અધીરાઈ જોઈ અગ્રેજ અધિકારી મનમા ને મનમા મા ખાઈ ગયો.


પાયાના પથ્થર

આપણા લાડીલા વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીના જીવનની એક ઘટના છે શાસ્ત્રીજી તેમની જાહેર કારકિર્દીની શરૂઆતથી જ, પોતાની પ્રશસાથી હમેશા દૂર રહ્યા કરતા હતા પોતાના સત્કાર-સમાર । જેમ બને તેમ બધ રાખતા તેમના એક મિત્રને આ વાતની નવાઈ લાગતી મિત્રે એક વાર શાસ્ત્રીજીને પૂછ્યુ ‘તમે પ્રશસાથી આમ હમેશા કેમ દૂર રહો છો ?’

શાસ્ત્રીજી સ્મિત કરતા બોલ્યા

‘મારા જાહેર જીવનની કારકિર્દીના ઘડતરમા સ્વ લાલાજી લજપતરાયનો પણ હાથ હતો તે મને હમેશા ટકોરતા ‘લાલબહાદુર, તને ખબર છે ? તાજમહાલના નિર્માણમા બે જાતના પથ્થરોનો ઉપયોગ કરવામા આવ્યો છે એક તો અતિ કિમતી એવો સગેમરમરનો પથ્થર એવા કિમતી આરસપહાણો તાજમહાલના મુખ્ય મુખ્ય ભાગોમા

સ્વસ્તિક



શિવસુંદરમ્

ગુબજ ઇત્યાદિમા વપરાયા છે ને બીજા હતા સીધાસાદા પથ્થરો તેમનો ઉપયોગ તાજમહાલના પાયામા થયો છે પાયાના એ પથ્થરો પ્રત્યે કોઈનુ ધ્યાન જતુ નથી લાલબહાદુર, આપણે આ દેશના નિર્માણમા પાયાના પથ્થરો બનવાનુ છે પ્રસિદ્ધિ, પ્રશસા ને આદર-સત્કારથી હમેશા દૂર રહેવાનુ છે એ રીતે દૂર રહીને આપણાથી બને તે દેશહિતના સત્કાર્યો કરતા રહેવાનુ છે’ બસ, લાલાજીની એ શીખ મે ગાઠે બાધી છે ને એ રીતે જીવવાનો હુ પ્રયત્ન કરતો રહ્યો છુ



સાચો શિષ્ય

શીખોના આદ્યા ગુરુ રામદાસજી માણસપારખુ હતા તેમણે અનેક શિષ્યો કર્યા હતા એ બધા યે આમ તો સદાચારી ને ગુણવાન હતા, પરતુ એક શિષ્ય અર્જુન સાવ જુદો તરી આવતો હતો ઊંડ ... ને ગુરુની આજ્ઞાનુ પાલન કરવામા જ ... માનતો હતો.

ગરીબનો કે ઈશ્વર બેલી, ... દિન રાત ... ૧૯૭ ... ૭૦ ... અખિલસિદ્ધિ છે, ... ધામ

"વનમાન

જીવનના સાથી હોય તેનો કદી ત્યાગ ન કરવો. હાથી તજવો, પણ સાથી ન તજવો. સાથ લીધે તેનો વિશ્વાસ પાળવો, ઘાત ન કરવો. ધર્મરાજાએ શ્વાન જેવા તુચ્છ પ્રાણીનો પણ સાથ નહોતો ત્યાગ્યો.

અર્જુનને ગુરુ રામદાસજી પર અનન્ય શ્રદ્ધા હતી એટલું જ નહિ, અર્જુનને સૌથી વધુ આનંદ આવતો હતો એક બાબતમાં — ગુરુજીનું ચીંધેલું નાનામાં નાનું કાર્ય પણ અનન્ય શ્રદ્ધાથી પાર પાડવામાં.

ગુરુદ્વારના બધા વાસણો માંજવાનું કામ અર્જુનને સોંપવામાં આવ્યું હતું પરંતુ આવું કામ પણ અર્જુન અનન્ય સંનિષ્ઠા ને હૃદયના પરમ આનંદથી કરતો હતો.

બીજા શિષ્યો આવા હલકા કામ પ્રત્યે સો મચકોડતા ને આવા કામના બદલે ભજનસાધન, પૂજાપાઠ કે ધર્મચર્ચામાં ડૂબ્યા રહેતા. જ્યારે ગુરુએ ચીંધેલા વાસણો સાજવાના આ કામમાં અર્જુનને અનેરો આનંદ આવતો હતો. પરિણામે તેનો આખો દિવસ આ કામમાં જ પસાર થઈ જતો.

બીજી બાજુ ગુરુ રામદાસજીની ઉમ્મર થતી ચાલી હતી. તેમના શિષ્યોમાં એક વાત જાણવાનું હૃદયની કુતૂહલ જાગ્યું હતું કે 'ગુરુજી ગાદી કોને સોંપી જાય છે?' વળી એમને ભાળ મળી હતી કે ગુરુએ ગાદીવારસ નક્કી કરી નાખ્યો હતો અને એ માટેનો એક ઘોષણાપત્ર પણ સ્વહસ્તે લખી રાખ્યો હતો. પરંતુ એ પત્ર ગુરુજીના અવસાન પછી જ ખોલવાનો હતો.

કાળે કરીને ગુરુજીનું અવસાન થયું. ગાદીવારસને લગતો ગુરુજીનો ઘોષણાપત્ર યથા સમયે ખોલવામાં આવ્યો.

સૌના આશ્ચર્ય વચ્ચે જાણવા મળ્યું કે અનન્ય સંનિષ્ઠાથી વાસણ માંજનાર પેલા અર્જુનને ગુરુજીએ પોતાના ગાદીવારસ તરીકે પસંદ કર્યા હતા!

સમજદાર ને શાણા ગુરુભક્તોને ગુરુદેવની આ પસંદગી ખૂબ જ યોગ્ય લાગી. તેમણે કહ્યું: 'સાચો શિષ્ય કોણ? ગુરુમાં અખંડ શ્રદ્ધા ને આજ્ઞાંકિતતા ધરાવનાર અર્જુન સર્વોપરી શિષ્ય છે એમાં કોઈનાથી ના પડાય તેમ નથી.'

આ અર્જુન તે જ શીખોના પાંચમા સમર્થ ગુરુ અર્જુનદાસજી.

ત્યાગની ખુમારી

ગાંધીજીએ નમક-સત્યાગ્રહનો દેશભરમાં આદેશ આપ્યો હતો ત્યારની વાત છે.

ગાંધીજીની આગેવાની નીચે એ નમક સત્યાગ્રહના અન્વયે ઐતિહાસિક દાંડીકૂચ શરૂ થઈ હતી.

એ જ અરસામાં મધ્યપ્રદેશમાં પંડિત દ્વારકાપ્રસાદ મિશ્રની આગેવાની નીચે 'જંગલ-સત્યાગ્રહ'નું આંદોલન શરૂ થયું હતું.

આ સત્યાગ્રહના એક અગ્રણી હતા હિંદીના અગ્રગણ્ય જાણીતા લેખક શેઠ ગોવિંદદાસ.


શેઠ ગોવિંદદાસ મૂળ જેસલમેરના વતની. વ્યાપારાર્થે તેમના પૂર્વજોએ જબલપુરમાં વસવાટ કર્યો હતો. પોતાનો એ પૂર્વ ઇતિહાસ સંભારીને એક સાર્વજનિક સભામાં ગોવિંદદાસે નિખાલસ દિલે કહ્યું હતું: 'મારા પ્રપિતામહ સેવારામજી આ શહેરમાં દોરી ને લોટો લઈને આવ્યા હતા. આપના વચ્ચે રહી મારા પૂર્વજે લાખો રૂપિયા કમાયા છે. હવે જો આપ લોકોની સેવા કરવામાં, જનતાની સેવા કરવામાં અમારી બધી મૂડી ખરચાઈ જાય તો પણ શો વાંધો છે? જ્યાં સુધી અમારી પાસે દોરી-લોટો છે ત્યાં સુધી અમારે કશું ગુમાવવાનું નથી.'

એ જમાનામાં દેશભક્તોમાં ત્યાગની આવી ગજબ ખુમારી હતી.

રીઠો જાતર

ઉમીયાશંકર અજાણી

કચ્છના ઉત્તર સીમાડે રણની કાંધી માથે એકલ નામે એક ગામ છે રણની ખારીમા વસેલા એ ગામની લૂણાતી ધરતી માથે ઉનાળે ગરમ અને સૂકી હવા ફુંકાય અને શિયાળે ઉત્તરના વાયરા હાડ ગાળી નાખે એવી ઠંડી વરસાવે નાખી નજર ન પહોંચે એટલી આ વેરાન ભોમમા કાટાળા છોડની ઓથે કો'ક ઠેકાણે હેંદરિયા રંગના સુવાસવિહોણા આવળના ઝરમરિયા નજરે ચડે બાકી તો ફરતા પચ્ચાસ ગાઉના પાચાડામા રણ સિવાય કાંઈ જ નજરે ના ચડે એવી આ ખારાપાટની ધરતી માથેની આ વેરાન ભોમમા આશરા અને આકર્ષણનુ સ્થાન માત્ર એક જ હતુ મા એકલનુ મંદિર



આવતા–જતા વાટાળુને આ ગામમા અમૃત સરખા નીર ચાખવા મળે ગામ આમ તો નાનુ હતુ ને તળિયું એનુ પણ રણની લૂણાતી ધરતીનુ હતુ, પણ ભગવાન નીલકંઠે જેમ ઝેરને પોતાના કંઠમા સંઘરી રાખ્યુ હતુ, તેમ માતા એકલે પણ આ ખોબા જેવડા ગામની ધરતીના તળમાથી સઘળી કડવાશ જાણે શોષી લીધી હતી ને એના તળમા અમૃતનીર વહેતા કરી દીધા હતા રણકાંધીના અને એને છબતા તમામ ગામોમા પાણી ખારા ઝેર જેવા હતા,જ્યારે માત્ર આ એકલ ગામમા જ મીઠા જળ હતા એટલે ગામ નાનુ હોવા છતા વસતી ઠીક ઠીક હતી ગામમા એકલ માતાનુ મંદિર હતુ વાગડ પંથકમા મા એકલનો મહિમા ઘણો મોટો હતો

દર શરદપૂનમે આવા મહિમાવાળા માતા એકલનો મેળો ભરાય મેળા પ્રસંગે પાચ–પચ્ચીસ ગામના લોક ભેળા થાય મંદિરના પ્રાગણમા માતાજીના હોમહવન થાય ગરાસિયા વરણ મોટી જાતર મનાવે મોટી જાતર એટલે માતાને પાડાનો બલિ ચડાવે મોટી જાતર મનાવવાનો ગરાસિયા કોમનો હક્ક આગવો ગરાસિયાઓ દ્વારા થતા અબોલ પશુના વધ થકી કેટલાક જીવદયાવાળા માનવીઓના દિલ દુભાઈ ઊઠતા ને અંતરમા વેદના જાગી ઊઠતી પણ ગરાસિયા કોમ હતી ભારે ઝનૂની હા ના થતામા તો ધારિયાના ઝાટકે વાઢ ચલાવી દે એટલે મને–કમને પણ કોઈ બોલે નહિ ને પાડો વધેરવાનો ગરાસિયાઓનો હક્ક હતો અખિયાતો એટલે કોઈ વચ્ચે આવીને માથુ મારે તો માખે શાના ?

કચ્છ મુલકની ખાગપાટની ભોમકામા મીઠી વીરડી સમા એવા આ એકાદ ગામમા ફરતો ફરતો એક સંન્યાસી આવી ચડ્યો દેખાવે સાઠ–પાસઠનો ભાસે દેહ માથે ભગવો ભેખ, માથા માથે શેષનાગ જેવડી જટા ને સફેદ લાંબી દાઢી ને નીલમણિ જેવી બે આખ્યુ જોતા જ લખમણજતિનો અવતાર ભાસે ફરતો ફરતો આવી આવીને આવ્યો એ આ ખારાપાટની ભૂમિમા ને અહી જ એના આસન સ્થિર કર્યા. આ ધરતી હારે એણે મહોબત બાધી મંદિરની સવારસાંજ પૂજા કરે, રણમાર્ગે આવતા–જતા વાટાળુઓને અમૃતજળ પિવડાવે ને જોગ હોય તો ભૂખ્યા જનની ભાળ પણ લે એના આવા હેતાળ ને મમતાળુ વર્તન થકી ટૂંકા ગાળામા એના નામ સાથે કીર્તિની કમાણી ચઢી બેઠી નાનામોટા સૌના આદરનું એ સ્થાન બની બેઠો નવ માસના ગાળામા તો આજુબાજુના ગામડાઓમા પણ એની સુવાસ

પ્રસરી ઊઠી હતી

મેળામા મોટી જાતરાના નામે ગરાસિયા એક અબોલ પશુનો વધ કરતા એ વાત ઘણાના દિલમા ખૂચતી હતી પણ કહે કોને? આખરે એમની નજર આ બાવા માથે ખૂપી બાવો માતાજીનો પૂજારી હતો અને દયાવાળો જીવ હતો એની વાત ગરાસિયા પણ રાખે એમ હતા અટલે આ વખતે મેળા પહેલા મહાજન બધા ભેળા થયા અને ઘરમેળે મસલત કરી નક્કી કર્યુ કે, આ બાવાને વીનવીએ એ જો ગરાસિયાઓને કહે તો ગરાસિયાઓ એના વેણ માને પણ ખરા

મહાજનના મુખીઓ બાવા પાસે ઊપડ્યા આડીઅવળી થોડી વાતો કર્યા પછી મૂળ વાત માથે આવતા મહાજનના મુખીએ કહ્યુ 'બાવાજી, તમારે તો આ પહેલો મેળો'

'હા, ભાઈ'

'આ મેળામા ગરાસિયાઓ એક અબોલ પશુનો વધ કરે છે'

'એ તો જૂનો રિવાજ હશે અહી નો!' બાવો બધા સામે જોઈને બોલ્યો

'પણ મહારાજ! તમને પણ શુ એ ચીલો ચાલુ રાખવા જેવો લાગે છે? આવા મગળ-આનદને ટાણે લોહીના છાટણા થાય'

'ના. ના'

'તો બાવાજી! તમે એ ગરાસિયાઓને પાડો વધેરતા અટકાવી ન શકો? જો તમે આ મોટી જાતર બધ કરાવી દ્યો, તો ગામ દર વર્ષે મીઠી જાતર કરશે' (શીરો કે લાપસીનુ જમણ)

અહી સુધી હાલી આવેલા મહાજનની વાતમા કોઈ સ્વાર્થ ન હતો મૂગા પશુને માતાના નામે ગૂડી નાખવાનુ કૃત્ય દુઃખ ઉપજાવનારુ હતુ દયાળુ દિલના બાવાને મહાજનની વાત ઠીક લાગી એણે કહ્યુ 'મહાજન કહે છે તો પાડાનો વધ કા ન અટકે? આજુકે પાડાનો વધ નઈ થાય'

ને આસો માસ આવતા એકલ માતાનુ મદિર ધામધૂમથી ગાજી ઊઠ્યુ નોરતાના નવ દિ' માતાજીના ગરબા ગવાયા દશમે દહાડે વિજયા દશમીની ઊજવણી થઈ ને અગિયારસ થતા તો મેળાની તૈયારીઓ થવા માડી ગામેગામથી માતા એકલને મેળે આવવાને માણસો નીકળી પડ્યા આ મેળામા પોતાનો આગવો હક્ક ધરાવતા ગરાસિયાઓ પણ વાજતેગાજતે ભેગા થવા માડ્યા. ને એમ કરતા ચૌદસ થવા આવી

બાવાએ મહાજનને મોટી મોટી આશાઓ તો આપી હતી પણ આ ચઉદસ થવા આવી ત્યા સુધી એણે આ ગરાસિયાઓ પાડાનો વધ કરતા અટકે એવુ કાઈ કર્યુ જાણવામા આવ્યુ ન હતુ મહાજનના મોવડીઓ મોડે મોડે આવીને બે-ત્રણ વખત યાદ અપાવી ગયા હતા ને બાવાએ પણ હસતા હસતા કહ્યુ હતુ 'તમતમારે નિરાંત જોયા કરો ને મીઠી જાતરની તૈયારી કરવા માડો મહાજનના શેઠિયા, આજુકે હવે માતા પાડાનો ભોગ નહિ લે'

બાવો બીકણ ન હતો હતો ભડ બળુકો સાથે બાથ ભીડે એવો ને એટલે જ તો એણે આ કામ પોતા માથે લઈ લીધુ ત્યારે સૌને આશ બધાણી ને માનતા થયા કે આ પરદેશી બાવો અનિષ્ટની આ જડ કાઢે તો કાઢે પણ ખરો પરતુ ચૌદસ ઢળવા આવી ત્યા લગી આ બાવો તો હજી આશ્વાસનના વેણ જ સભળાવતો હતો! મહાજનને થયુ કે ભૂલ કરી હતી એમણે એમના મનની વાત આ પરદેશીને કહીને એ જઈને ગરાસિયાઓને કહી દે કે પોતાને તો મહાજને મોકલાવ્યા છે ને એમ થાય એમ થાય તો મોટી જાતરને પોતાનો હક્ક માનનારા ગરાસિયાઓ એમના હક્ક માથે તરાપ મારવાની પેરવી કરનારને સાખી લે ખરા? સવાલ મહાજનના મુખીઓના અતરમા ઘૂટાવા લાગ્યો ને પછી આગળપાછળનો વિચાર કરવામા પરોવાયેલા એમના મનમા કા'ક કા'ક થવા લાગ્યુ આ ગરાસિયાઓ વીફરે તો પહેલા તો જાણે આપણને જ ભૂડ કરે આ બાવાનો તો જ્યારે વારો આવે ત્યારે. ને આ બાવો [illegible] તો પણ શુ? કોની પાછળ રોના-કૂટનારુ કોણ હતુ? પણ આપણ. આપણા તો છૈયા-છોરા

રખડી પડશે, ભા ! આમ પાછળના વિચારો આવવા માડતા ભીરુ મનવાળા મહાજનના શેઠિયા ગુસપુસ કરીને મોડી રાતને ટાણે બેચાર જણાને મોકલાવ્યા બાવા પાસે. ને હળવે રહીને પોતાના મનની વાત કળાઈ ન જાય તેમ કહ્યુ 'બાવાજી ! થોડાક લોકોના કહેવાથી તમે આ પાડાનો વધ અટકાવવાનું બીડુ તો ઝડપ્યુ છે, પણ આગળપાછળનો વિચાર કરીને ડગ માડજો, ભા ! સામે કઠોર હૈયાવાળા ગરાસિયાઓ છે પાડાનો વધ અટકે એમા અમે સૌ રાજી છીએ પણ ત.. ગ્હ્યા પરદેશી, એટલે . '

મહાજનના ભીરુ મનને પામી ગયેલા બાવાએ હસતા હસતા કહ્યુ 'જીવની દયા ખાનારાઓએ પોતાના જીવ માટે આટલી મમતા રાખવી ન ઘટે!'

મહાજનના મુખીઓ તો અવાક્ બનીને બાવાના મો સામે જોઈ જ રહ્યા એમને થયું કે ગરાસિયાઓ ભેગો આ ભળી જાય તો તો આપણને જ વઢાવી નાખે આ બાવા માથે વિશ્વાસ મૂકીને મનની વાત કહ્યાનો પસ્તાવો થવા લાગ્યો

મુખીઓને આમ પોતાના મો સામે નીરખી રહેલા જોઈ ને બાવાએ કહ્યુ 'પણ તમતમારે જરાય ફિકર ના કરો શેઠિયાઓ ! તમતમારે નિરાત કરીને થાય છે તે જોયા કરો !'

મહાજનના મુખીઓને હવે કાઈ કહેવા જેવું ન હતુ તીર તો વછૂટી ગયુ હતુ હવે તો માથે આવી પડે તો એમાથી કેમ ખસી જવુ એના વિચાર મહાજનના મુખીઓના મનમા ઊઠવા લાગ્યા.

'હા, પણ તોય વિચાર કરીને ડગ માડજો બાવા ! ને પાડો વધેરાય તોય આપણા બાપનુ શુ જવાતું હતુ ?'

મહાજનની ભીરુતા ભાળીને બાવો ધૂધવાઈ ઊઠ્યો મહાજન પાછું વળી નીકળ્યુ ત્યારે કેટલીય વાર સુધી બાવો એમ ને એમ બેઠો રહ્યો

ઊગતી સવારને ટાણે ગરાસિયાઓની છાવણી ભણી બાવો ઊપડ્યો છાવણીમા ડાયરો જામ્યો હતો કસુબા ઘૂટાતા હતા અલકમલકની વાતો થતી હતી એવે ટાણે માતાજીનો આ પૂજારી બાવો રુદ્રભદ્ર 'જય માતાજી જય માતાજી. ' કરતો ડાયરામા આવીને ઊભો

'આવ્યો . ભલો આવ્યો માનો પૂજારી .. ભલો આવ્યો બાપ ! શું આજુકે મુરત વહેલુ છે કે બાવા ? અમેય કરીએ તૈયારી હોમહવન ક્યારે શરૂ થવાનો છે ?'

ઘડીએક હરખાતા ગરાસિયાઓ ભણી નજર માડીને બાવો ઊભો રહ્યો ને પછી કહ્યુ 'હોમહવન, તો શરૂ થાય છે ને નહિ થયા હોય તો હવે થશે. પણ હુ તો મારી એક વાત લઈ ને આવ્યો છુ '

'ત કરને ભા ! તુ માતાનો પૂજારી. તુ વાત નહિ કરે તો કોણ કરશે ? ટેલ નાખવી છે ને તારે ?'

'નાખવી તો ટેલ છે '

'તો કહેને મારા બાપ ! તુ તો માતાનો પૂજારી. તારા વેણ અમારા આખ-માથા ઉપર, બાપ ! કહેને, એમા આમ ખોભરી કા રહ્યો છે ?'

'પણ મારી ટેલ પૈસાની નથી'

'તો સોનારૂપાની હશે ! માતાના પ્રતાપે ઘણું છે, પૂજારી ! તારા મોમાથી ફૂલડા ઝરે એટલી જ વાર ! ગરાસિયાઓ અમે કાઈ દૂબળા નથી, બાપ !'

'પણ મારી ટેલ તો સોનારૂપાની પણ નથી'

'વાહ, એ તો વિચિત્ર ! તો હવે તુ જ કહેને પૂજારી ! તારે જોઈએ છે શુ ?'

'મારે જાણે જોઈતુ કાઈ જ નથી. એક આશા લઈ ને તમારે ડાયરે આવ્યો છુ ને મારે કહેવું છે તો એટલુ જ કે દેવો કદી બલિદાનથી રીઝતા નથી ને મારે તમ સૌ પાસેથી યાચના કરવાની છે તે એટલી જ કે માતા આગળ અબોલ પશુનો વધ થાય છે તે ન થાય '

ગરાસિયા સૌ આખ ફાડીને જોઈ રહ્યા આ તે ભલા માતાજીનો પૂજારી છે કે પછી પાડેયો ? શુ મો લઈ ને આવી વાત કરવા એ અહીં દોડી આવ્યો હતો, ભલા ? કે પછી મોટી જાતરના મહિમાને જ જાણતો ન હતો એ ? કેવી વેળાએ વાત કરવાને એ ઊગતા કસુંબામા અહીં આ ડાયરામા દોડી આવ્યો હતો, ભલા ! માતાજીના પૂજારીના મોઢામાથી નીક-

ળતી આવી અધાર્મિક વાત સાભળીને ડાયરા આખાના ઊકળી ઊઠેલા ગરાસિયાઓએ માડ માડ પોતાની જીભને વશ રાખતા કહ્યુ 'બાવા ! તુ માતાજીનો પૂજારી છે, એટલે બીજુ તો શુ કહીએ તને, ને વળી તુ આ મુલકનો નથી એટલે અહીની રીતિનીતિની પણ તને ખબર ન પડે, ભા ! તારા મનમા આ ભૂસુ કોણે ભરાવ્યુ છે વળી ? તુ જા ભાઈ ! માની પૂજાવિધિની તૈયારી કરવા માડ, ત્યા અમે પાડાનો શણગાર સજી લઈએ '

'પાડાના બલિથી મા રીઝતી નથી દેવી કોઈનો ભોગ નથી માગતી '

'તારે રીઝવા–ખીજવાની વાતમા ઝાઝી માથાકૂટ કરવી સારી નહિ, ભા ! તુ તારે પૂજાનો ધણી પાડા વધેરવાનો અમારો હક્ક તો ખુદ કચ્છના રાએ પણ અબાધિત રાખ્યો છે, ગાડા !'

'પણ આ તો હિંસા '

'મોટી જાતરના મહિમાને તુ માતાનો પૂજારી થઈને જાણતો નથી લાગતો !'

'ના, ના, આ તો હિંસા છે ને એવી હિંસા નહિ થઈ શકે માતાને બલિ નહિ ચડાવી શકાય '

ડાયરો આખો ઊઠી પડ્યો 'હવે જા, જા, જોગટા ! મુલક મુલકના ભમનારા ! પારકી એઠના ખાનારા ! ધર્મની વાતમા અમારા હક્ક માથે તરાપ મારવાની વાત કરનારને અમે આમ તગેડી મૂકીએ છીએ ' ને એમ કહીને બાવાની બાય ઝાલીને બે જણાએ દૂર ધકકેલી દીધો

બાવાની આખમા એક પળ રોષ ઊભરાઈ નીકળ્યો પણ બીજી પળે એ એક અક્ષર પણ બોલ્યા વગર પાછો વળી નીકળ્યો

હક્ક માથે તરાપ મારવાને ગયેલા બાવાને ગરાસિયાઓએ અપમાન કરીને તગેડી મૂક્યો એ વાત નાનકડા ગામમા ફેલાતા વાર ન લાગી ને આવી માઠી હકીકત બન્યાના સમાચાર સાભળીને મહાજનના મોવડીઓના દિલ થથ થથ થવા માડ્યા વીફરેલો ગરાસિયો જેવું પૂછો બાપ ! મોટી જાતર બંધ કરાવવાની મહાજનની હોશ ઊડી ગઈ. ને વળી એમા કોક વાત લઈ આવ્યુ કે, 'બાવો તો કુટાઈ ગયો !' કોઈકે કહ્યુ કે, 'એ તો મારથી બેભાન થઈને ધરતી માથે ઢળી પડ્યો છે' ને કોઈકે કહ્યુ કે, 'એના પ્રાણ તો પરલોકની વાટે સચરતા થઈ ગયા છે ' ઉત્સવના ઉત્સાહના ઠેકાણે ભયનુ સામ્રાજ્ય છવાઈ ગયું

પણ આખરે વાત શી થઈ છે ? પાચ જણા ભેગા થઈને બાવાની ખબર કાઢવા દોડ્યા બાવો ગરાસિયાઓની છાવણી ભણીથી પાછો વળીને મદિર તરફ જઈ રહ્યો હતો એની ચાલમા જરાય મોળપ વર્તાતી ન હતી જાણે એને તો કાઈ જ થયુ હોય એવુ લાગતુ ન હતુ એવા એ આગળ ધપી રહેલા બાવા પાછળ પચ ચાલ્યુ આગળ બાવો, પાછળ પચ ને પાછળ હરખપદૂડા થઈને આ જોણુ જોવાને નીકળેલા ગામલોકો ! લોકોને તો જોણુ થઈ પડ્યુ

'આ બાવો નકામા બણગા ફૂકતો હતો ને ? અમે ના પહેલેથી જ કહેતા હતા આ બાવાના મો ન જોયા હોય તો ભલા, પાડાનો વધ શુ એ અટકાવાનો હતો ? મહાજન એની પીઠમા ભરાઈને પોતે કુટાઈ જશે આ કાઈ કુલડીમા ગોળ નથી ભાગવાનો બળ' એવા ગરાસિયાઓથી પનારો પાડવાની વાત છે, ભા ! '

આગળ વધ્યે જતા બાવાને પચના મોવડીઓ આવ્યા ને સાદ દીધો 'બાવાજી !'

બાવાએ વળીને જોયું એના ચહેરા માથે સૌમ્યતાના રમતી હતી એની આખમાથી હેત નીતરતુ હતુ

'જુઓ તો ખરા કોઈ !' લોકોના ટોળામાથી સાદ ઊઠ્યો 'છે આને કાઈ માન – અપમાનની લાગણી ? મીઠો છે, બાપ, મીઠો !'

'બાવાજી ! અમે તો વાત કાઈક માઠી સાભળીએ છીએ '

'હજી તો બધુ સમેસૂતર છે તમતમારે તૈયારી કરવા માડો આજુકે મોટી જાતર કરવી છે એ વાત નક્કી ' બાવાએ કહ્યુ

'પણ '

‘તમને માગ માથે વિશ્વાસ છે કે નહિ ?’

‘વિશ્વાસ તો છે પણ સાભળ્યું છે, કે ગરાસિયાઓ તો વીફરી બેઠા છે’

‘તેથી શુ ? એ કરે એમનુ કામ ને આપણે કરીએ આપણુ કામ’

‘કેવો નફ્ફરાઈથી બોલે છે ! સાભળો છો ને સૌ ?’ ટોળામાથી વળી કોઈક બોલી ઊઠ્યો ‘ગરાસિયાઓ કાઈ પોતાનો હક્ક ન જતો કરે સૂરજ પચ્છમમા ઊગશે એવી વાતુ માથે મદાર ન રાખો, મહાજનના મોવડીઓ ! નહી તર કૂકડીનુ મોત ઢેફલે થઈ જશે’

‘પણ આ પાડો . ’

‘તમતમારે મીઠી જાતરની તૈયારી કરવા માડો’

‘પણ આ પાડો તો વધેરાશે’

‘કોણે કહ્યુ તમને ?’ બાવાએ પૂછ્યુ

‘આ તો એક ને એક બે જેવી વાત છે આ ગરાસિયાઓ કાઈ પાડો વધેરવાનુ ઓછુ જ છોડવાના છે’

‘તમારા રુદિયામા બેઠેલી મહિમાવતી મહાશક્તિ માથે વિશ્વાસ છે કે નહિ ?’

‘વિશ્વાસ તો છે, ઘણોય વિશ્વાસ છે, પણ તે રાખીએ કેમ કરી ને ? તમે રહ્યા એકલા ને સામે છે ગરાસિયા જેવી કોમ આખી ને પાછા તમે છો પરદેશી એટલે તમને ખબર ન હોય તો અમારો તો કહેવાનો ધર્મ છે, કે બાવા ! ગરાશિયા કોમ હાડબળૂકી છે તમારા રુદિયે ભલે વિશ્વાસના સમદર ભર્યા પડ્યા હોય, પણ અમને તો આશ્વાસનના-આ બધા વેણ હવે ઠાલા ઠાલા ભાસે છે’

બાવો સૌ ભણી નજર નાખતા હસ્યો પછી કહ્યુ ‘નિર્દોષ પશુઓના ભોગ ધરાતા અટકાવવા હોય તો આપણા પડનો–જાતનો પણ ભોગ દેવો પડે, જીવદયાવાળા ભાઈઓ ! છે કોઈ તૈયાર તમારામાથી ? વસે છે કોઈના રુદિયામા રામ ?’

બાવાનો આવો અણધાર્યો સવાલ સુણીને મુખીઓની તો જીભ જ સિવાઈ ગઈ ભેગા થઈ આવેલા ખાટ–સવાદિયાઓ પણ ડાચા વકાસીને તાકી રહ્યા એમને લાગ્યુ કે બાવો આ ટાણુ માથે મરાવીને પોતે ખસી જાય એવો છે ! ને એમને સૌને તો પાડાનો વધ ન થાય એમા રસ હતો જાતનો ભોગ દેવામા નહિ

સૌને મૂગા થઈ ગયેલા જોઈ ને બાવાએ ફરીને હસતા કહ્યુ ‘તો પણ કાઈ હરકત નઈ, મહાજનના મુખીઓ ! તમે સૌ નિરાત કરો જે કાઈ કરવાનુ છે તે હું પોતે કરીશ ને કદાચ મરવાનું ટાણુ આવશે તોપણ અચકાઈશ નહિ મારે તમારા કોઈના ભોગ નથી ધરવા’

સૌને લાગ્યું કે અહી ઊભા રહેવા જેવું ન હતું બાવો હાથોહાથ મરાવવાના ધધા કરતો હતો. મેળાની મજા મરી ગઈ હતી.

ઢળતી બપોરે લોકો હવનની પૂર્ણાહુતિના દર્શન કરવા મદિરના પ્રાગણમા જમા થવા લાગ્યા ગરાસિયાઓ ત્યારે તૈયારીમા લાગી ગયા હતા પાડાની ડોક ભેરવવાનુ ફાસિયુ ખોડાઈ ગયું હતુ શણગારેલો પાડો છાવણીમા તૈયાર ઊભો હતો ને એને હવે વાજતેગાજતે અહી લઈ આવવો હતો પણ ગરાસિયાઓ પાડો લેવાને છાવણી ભણી ઊપડે તે પહેલા તો ગડારાડથી વાતાવરણ ગાજી ઊઠ્યુ બલિ માટે તૈયાર રાખેલો પાડો જ છાવણીમા ન હતો ! પાડો ગયો ક્યા ? ઊકળી ઊઠેલા ગરાસિયાઓ ધારિયા ને કુહાડા લઈને દોડાદોડી કરવા લાગ્યા ને ઉત્સવને ઠેકાણે યુદ્ધની છાવણી જેવો દેખાવ થઈ ગયો ‘કોણ છે એ કાળા માથાનો માનવી, કે જેણે માતાજીના પ્રસાદ માથે કૂડી નજર કરી છે ? કોણ છે પાડાચોર ? એ ચોરની તપાસ કરો ! ઢૂઢી કાઢો એ સવાબના કામમા ખૂટલ નીવડનારને ! સગડ ચૂથો એ પાપીડાના ! પચ્ચાસ ગાઉના પથ ઢૂઢી વળો ! એ ચોરને હાજર કરો !’ મોવડી ગરાસિયાઓ સાદ ફાટી પડે એટલા જોરથી રાડો પાડવા લાગ્યા પાચ–પચ્ચીસ જણા એક દિશામા દોડી ગયા ને પાચ–પચ્ચીસ જણા બીજી દિશામા માતાજીના પ્રસાદ માથે કૂડી નજર કરનારા કપાતરની ગોત કરવાને.

ગરાસિયાઓના માથા ઠેકાણે ન હતા મો વર્ષ-

[illegible]

આશ્ચર્ય આવ્યો ! ને આમ વિચાર કરવાને લાગેલા ગામડિયાઓના હૈયે વાત જડાઈ ગઈ કે આનો—ન— આનો જ પાડાનો ચોર હતો આ પૂજારી ! ને એટલે જ તો લોકો એના ભણી નજર નાખી ગયા હતા ને !

[illegible] બેઠેલા ગામડિયાઓ ઊઠી કાઢીને હવનકુંડ નજીક દોડી ગયા ને એક બાજુ ઊભેલા બાવાની બાથ [illegible] પોતાના સોવટીઓ [illegible] લાવનાં [illegible] માતાજીના પાડાનો ચોર ’

બાવાની બાથ ભાંગી [illegible] ગામડિયાઓએ [illegible] ‘ક્યાં નાખ્યો છે માતાજીનો પ્રસાદ ?’

પણ બાવો તો સાવ શાંત થઈને ઊભો હતો.

‘ક્યાં રાખ્યો છે માતાજીનો ભોગ ?’ ગામડિયાના [illegible] હતા

પણ બાવો તો [illegible] શાંત થઈને ઊભો હતો.

‘ક્યાં છે પાડો, પાડાચોર ?’

‘પાડો ! કયો પાડો ?’ બાવો [illegible] બોલે તેમ કુતૂહલ સવાલ કરતો હતો !

[illegible] આ [illegible] અને લોકડાઈ ?’

‘આ [illegible] પાડાચોર !’

‘મને તો [illegible] આ વાત કાંઈ સમજાતી નથી’

‘[illegible] જૂનો [illegible]

[illegible] તો માતાજીનો પ્રસાદ’

‘મને [illegible] પાડાની શી ખબર ?’

‘[illegible] નહિ [illegible] થઈને આવનારો [illegible]’

[illegible] વાત [illegible] પણ [illegible] વાત [illegible] નહિ. [illegible] ?’

[illegible] નહિ [illegible] ‘ગામડિયાઓ [illegible] આજ તો [illegible]

[illegible]

'બાપુ ! ગજબ થઈ જશે ! અમને તો આ બાવો દોષિત નથી ભાસતો '

'તો પછી કોણ છે પાડાનો ચોર ?'

'તે તમને ખબર મને શી ખબર ! તમારો પાડો મે ચોર્યો હોય તો વાત કરો '

'હવે તારી લવારી બધ કરીશ ! નહિતર આમ .'

પણ 'વાઢી નાખીશુ' એવા વેણ ગરાસિયાઓના મોમા જ સમાઈ ગયા ને એમના હાથ હવામા અદ્ધર તોળાઈ રહ્યા ! ને કો'ક જાણે એમના સૌના કાડાને ભીસ દઈ રહ્યુ હતુ ઊચે તોળાઈ રહેલા એમના હાથમાથી હથિયાર ટપોટપ નીચે પડવા લાગ્યા શુ થયુ ને કેમ થયુ એ કોઈ જ સમજી ના શક્યુ ગરાસિયાઓ ચીસ પાડવા મથ્યા, પણ ગળામાથી ચીસ ન નીકળી શકી

'હુ ચોર હોઉ તો ભલે વાઢી નાખો મને '

'નથી વાઢવો મારા બાપ ! અમારા હાથ છોડાવ '

'મે તમારા હાથ નથી ઝાલી રાખ્યા. તમે સૌ તો શક્તિશાળી છો !'

હજીય ગરાસિયાઓના અદ્ધર તોળાઈ રહેલા હાથને જાણે કોઈક આચકા મારી રહ્યુ હતું એમના મોમાથી ચીસ નીકળી ગઈ દેહ આખામા કાળી બળતરા જાગી ઊઠી હતી

'અમે તારી માફી માગીએ છીએ, પૂજારી અમારી ભૂલ થઈ છે બાપ !'

'માતા એકલને યાદ કરો ગરાસિયાઓ ! માફી માગો માતા એકલની ને પ્રતિજ્ઞા કરો માતા એકલ સમક્ષ કે આજથી પાડાનો વધ નહિ કરીએ '

માનભગ થયેલા ગરાસિયાઓ અવાક થઈને ઊભા રહ્યા પણ હવે એમના દેહ આખામા જે કાળી બળતરા થવા લાગી હતી તે સહી જતી ન હતી દેહ આખાને જાણે કો'ક ભીસી રહ્યુ હતુ ને એમના હાડકા જાણે ભાગી રહ્યા હતા

'ખમૈયા કરો મારી મા, ખમૈયા કરો ! આજથી તારે આગણે નિર્દોષ પશુનો વધ અમે નહિ કરીએ '

ને ચમત્કાર પર ચમત્કાર સર્જાયો હોય તેમ ગરાસિયાઓના અદ્ધર તોળાઈ રહેલા હાથ હેઠા થયા. એમના દેહને કોઈકે નાગચૂડ ભેરવી હતી તે છૂટી ગઈ મોકળા થયેલા ગરાસિયાઓ બસાય એટલા દૂર ખસી ગયા રા'એ પણ અઘાટ રાખેલો એમનો પાડો વધેરવાનો હક્ક આમ ઘડીના છઠ્ઠા ભાગમા છિનવાઈ ગયો હતો ને એ ભાનથી માનભગ બનેલા એમના રુદિયામા મેળો મહાલવાનો ઉમગ ન હતો એમને લાગ્યુ કે આ બાવો ભયકર હતો . ને ધીમે ધીમે ગરાસિયાઓ ત્યાથી ભાગી જવાને માટે પારોઠના પગલા ભરવા માડ્યા !


પણ આમ હાલી નીકળવાને સાબદા થયેલા ગરાસિયાઓને રોકતા બાવાએ કહ્યુ 'એમ ન જવાય બાપ ! ગરાસિયો આમ રિસાઈને હાલી નીકળે તો માતાજી મારા માથે કોપે '

'પણ અમને જવા દે હવે પૂજારી.'

'ન જવાય મુજા ભા ! માતાજીનો પ્રસાદ લીધા સિવાય જવાય કાઈ ! આજના આ મગળ અવસરે મહાજને મીઠી જાતર મનાવી છે ને વર્ષે વર્ષે મીઠી જાતર મનાવશે શુ ગરાસિયા માતાનો પ્રસાદ તરછોડીને હાલી નીકળશે ? ન જવાય મુંજા ભા !'

સવત ૧૯૩૦ના આસો સુદ ૧૫ થી એકલમાત સમક્ષ પાડાનો વધ થતો અટક્યો ને એના બદલે મીઠી જાતર-લાપસીનુ જમણ શરૂ થયું દર વર્ષે મેળામા મહાજન તરફથી મીઠી જાતર થાય છે

આ બધુ કેમ થયુ ને કોણે કર્યું એની કોઈને ખબર ન પડી પણ એક અબોલ પશુના દર વર્ષે થતા વધના આ અનિષ્ટને ટાળી દઈ, બાવા રુદ્રભદ્રે પછી થોડા જ વખતમા સમાધ લીધી એની સમાધિ બાજુના મનફરા ગામમા શકરના મદિર પાસે બતાવવામા આવે છે.



વિદ્યામાહાત્મ્યનાં બે સુભાષિતો



પ્રા જયંત ઠાકર

આપણો સાંસ્કૃતિક વારસો સમગ્ર જગતમાં અજોડ ગણાયો છે આ અમૂલ્ય વારસાનું મુખ્ય અંગ છે આપણું અતિસમૃદ્ધ પ્રાચીન સાહિત્ય આ સાહિત્યના સર્વ સ્તરોમાં એવી કોઈ કૃતિ ભાગ્યે જ મળશે કે જેમાં સુભાષિત ન હોય ! જગતના જૂનામાં જૂના ગ્રન્થ ઋગ્વેદથી માંડીને સકળ સાહિત્યમાં—સાહિત્યના સર્વ પ્રકારોમાં—સુભાષિતો,સૂક્તિરત્નો—જડાયેલા પડ્યા છે સમસ્ત સાહિત્યપટ પર પ્રસરી રહેલ સુભાષિતોની આ વિપુલ સામગ્રી ઉપરાન્ત કેવળ સુભાષિતોના જ કેટલાક સ્વતન્ત્ર ગ્રન્થો પણ રચાયા છે, અને એમાંના કેટલાક તો હજી મુદ્રણની રાહ જોતા હસ્તલિખિત સ્વરૂપમાં જ પડ્યા છે

'સુ-ભાષિત' એટલે સારું વચન અને સારું એટલે માત્ર મીઠું નહિ, પણ હિતકારી આવું વચન હમેશાં હિતકર જ હોય છે, તેનું કારણ એ છે કે જીવનના વિવિધ ક્ષેત્રોના અનુભવજ્ઞાનનો નિચોડ તેમાં ગંઠાયો છે તેમાં કવિના સર્વગ્રાહી અવલોકન તથા ચિન્તનને પરિણામે જીવનના આદર્શોનું અતિસંક્ષિપ્ત છતાં ચમત્કૃતિયુક્ત નિરુપણ થયેલું હોય છે આથી જીવનના સર્વ વળાંકમાં, સુખ-દુઃખની સર્વ પરિસ્થિતિઓમાં, ચમત્કારિક માર્ગદર્શન આપનાર બોધવાણી એ બની જાય છે ને તેથી જ તેનું પરિશીલન સર્વદા ઉત્કર્ષકારક જ નીવડે છે

સુભાષિતો તો દરેક ભાષામાં, દરેક પ્રજામાં હોય છે જ અરે ! આદિવાસીઓની ભાષામાં પણ આવી સૂક્તિઓ મળે છે ને ! પરન્તુ આપણા વિપુલ પ્રાચીન સાહિત્યથી સમૃદ્ધ બનેલી સંસ્કૃત ભાષામાં જે સુભાષિતો છે તેની સામે જગતની બીજી કોઈ પણ ભાષા ન તો તેના હાર્દની દૃષ્ટિએ, ન વૈવિધ્યની દૃષ્ટિએ, ન સંખ્યાની દૃષ્ટિએ કે ન આદર્શની દૃષ્ટિએ ઊભી રહી શકે તેમ છે આનું કારણ એ છે, કે આપણા પૂર્વજો અધિક ચિન્તનપ્રધાન હતા તે મહાનુભાવો પોતાના જીવનઅનુભવોના નિચોડરૂપે જે સૂક્તિઓનો અમૂલ્ય વારસો મૂકતા ગયા છે તે આપણા જીવન-ઘડતર માટે અત્યન્ત ઉપયોગી નીવડે તેમ છે જીવનના સર્વ પાર્શ્વોને આવરી લેતા આ અનુપમ ને અખૂટ ધનમાંથી આપણા આ આર્ય-પૂર્વજોની સુશ્લિષ્ટ પ્રેરણામૂર્તિ ઊપસી આવતી જણાય છે

સુભાષિતો ગદ્યમાં પણ હોય છે જ, પરન્તુ પદ્યમાં ગોઠવાતાં તે અધિક અસરકારક બની જાય છે વળી સંસ્કૃત ભાષામાં સ્વાભાવિક સુમધુરતા છે તેના નાનામાં નાના છન્દમાં પણ જાણે સંગીત ભરેલું છે ભાષા ન સમજનારને પણ તે વાંચવું તથા સાંભળવું ગમે અને પરિણામે તેનું તાત્પર્ય જાણ્યે અજાણ્યે પણ હૃદયમાં ઊતર્યા વિના ન રહે આવા લાલિત્યથી—જાદુથી—સભર સંસ્કૃત સુભાષિત શ્લોકોને તેમના છન્દના સૌષ્ઠવને અનુરૂપ રીતે લલકારવા અને કણ્ઠસ્થ કરવા તે સંસ્કારિતાનું એક ઉત્તમ લક્ષણ છે

દુર્જનોની નિન્દાના તથા સજ્જનોની પ્રશંસાના સુભાષિતો જેમ થોકબંધ મળે છે, તેમ વિદ્યાની ને વિદ્યાદેવી સરસ્વતીની પ્રશસ્તિ ગાતા પણ સંસ્કૃત કવિઓ કદી થાકતા જ નથી આ લઘુલેખમાં એવા બે જ શ્લોકનું અવલોકન કરવાનો નમ્ર પ્રયત્ન છે

માતા ભારતીના ભણ્ડારની અપૂર્વતા નિહાળી કવિ આશ્ચર્ય અનુભવે છે –

'अपूर्वः कोऽपि कोशोऽयं विद्यते तव भारति]।
व्ययतो वृद्धिमायाति क्षयमायाति सञ्चयात् ॥'

અહીં વાપરેલો સરળ અનુષ્ટુપ છંદ ભાવને પ્રવાહિતા અર્પે છે.

આ સુભાષિતનો સરળ સમશ્લોકી અનુવાદ કંઈક આવો થાય :–

'અનેરો કે ખજાનો છે તારો તો આ સરસ્વતી !
ખર્ચાતા વધતો રહે ને સંગ્રહે ક્ષય પામતો !!'

જગતનો આપણો અનુભવ તો કહે છે, કે કોઈ ખજાનામાથી ઉપાડ વધતો જાય તેમ ખજાનો ઘટતો જાય, અને જો એમા સંગ્રહ કર્યા જ કરીએ તથા તેમાથી કોઈ કશું લઈ ન જાય તેની કાળજી રાખીએ તો તે ખજાનો મોટો ને મોટો જ થતો જાય. પરન્તુ હે વિદ્યાદેવી ! તારા ભણ્ડારમા તો કંઈ આથી ઊલટો જ ક્રમ દૃષ્ટિગોચર થાય છે ! તેમાથી જેટલા ઉત્સાહથી બીજાને આપી દેવા લાગીએ, તેટલી જ ઝડપથી તે વૃદ્ધિ પામતો જાય, અને તેમાથી કશું જ ઓછું ન થાય તેની કાળજી રાખીએ તો તે ભંડાર જ ક્ષીણ થઈ જાય આપણે પ્રાપ્ત કરેલી વિદ્યા જેમ જેમ અન્યને શીખવી દઈએ છીએ, તેમ તેમ તેમાંથી નવીન પ્રકાશ લાધે છે જેમ તેનુ વિતરણ વધે છે તેમ તે અધિકાધિક દૃઢતાથી વિકાસ પામતી આપણને વળગી રહે છે આમ વિદ્યા વપરાશથી વધે છે આપણે જાણીએ છીએ કે સમજુ દરદી જેને ત્યા ગિરદી રહેતી હોય તેવા ડોકટરની સલાહ લેવાનુ વધુ પસંદ કરે છે. અનુભવી કસાયેલા વકીલ તરફ જ અસીલોનો ઝોક વિશેષ રહે છે. અનુભવી અધ્યાપકને આચાર્યપદ અપાય છે. વપરાશથી તીવ્રતર બનતાં શસ્ત્રો સંઘરી રાખવાથી કાટથી ખવાઈ જાય છે. બુદ્ધિનુ પણ તેમ જ છે ને ? વપરાશ વિના જ્ઞાન કટાઈ જાય છે, ક્ષીણ થાય છે. આપણે ત્યાં જે એવી રૂઢ માન્યતા છે, કે પોતાનું જ્ઞાન પોતાના મગજમાં જ ભરી રાખનારને મૃત્યુ પછી બ્રમરાક્ષસ મગર થવું પડે છે તે પણ આ વિધાનને પુષ્ટિ અર્પનાર છે 'સિદ્ધાન્ત-કૌમુદી' જેવા વ્યાકરણના પ્રમાણગ્રન્થના રચયિતા મહાપણ્ડિત ભટ્ટોજિદીક્ષિત વિષે કહેવાય છે કે મરણ બાદ અસદ્ગતિ પામીને પોતાના નિવાસમા તે બ્રહ્મરાક્ષસ બનેલા અને જ્યારે એક સુપાત્ર શિષ્ય તેમની પાસેથી બધું શીખી ગયો ત્યારે જ એ પ્રખર પણ્ડિત સદ્ગતિ પામ્યા. આ રીતે ભારતીનો કોશ બીજા કોશો કરતા વિલક્ષણ છે. માટે ઉત્કર્ષ ઇચ્છનારે પોતે જે જ્ઞાન મેળવે તે અન્યને આપવાની ચીવટ રાખવી જોઈએ.

હવે વિદ્યાનો સર્વદેશીય ઉપયોગ નિરૂપતું સહેજ મોટું સુભાષિત જોઈએ : કોઈ વાઘ ગેલ કરતો, ઊછળતો હોય તેવો તાલ ધરાવતા શાર્દૂલવિક્રીડિત છન્દમાં તે મૂકેલું છે :

'विद्या नाम नरस्य रूपमधिकं, प्रच्छन्नगुप्तं धनं,
विद्या भोगकरी यशःसुखकरी, विद्या गुरूणां गुरुः, ।
विद्या बन्धुजनो विदेशगमने, विद्या परा देवता,
विद्या राजसु पूजिता न धनं विद्याविहीनः पशुः ॥

વિદ્યાના વૈભવની આ યશોગાથાનો સરળ સમશ્લોકી અનુવાદ કરીએ તો કંઈક આવો થઈ શકે :

'વિદ્યા માણસનું છે રૂપ અદકું, છૂપું સુરક્ષ્યું ધને,
વિદ્યાથી સુખ-ભોગ-કીર્તિ મળતા, વિદ્યા જ મોટો ગુરુ;
વિદ્યા છે પરદેશમા સ્વજન, ને વિદ્યા પરબ્રહ્મ છે,
વિદ્યાને જ નમે નૃપો, ન ધનને, વિદ્યા વિનાનો પશુ.'

કવિ કહે છે, વિદ્યા માણસનુ 'અધિક રૂપ,' અનેરું સૌંદર્ય છે. કદરૂપા માણસને પણ વિદ્યા અદકુ સૌંદર્ય બક્ષે છે. પેલા અષ્ટાવક્ર ઋષિની વાત અહીં યાદ આવે છે. આઠે વાંકા અંગવાળા એ નાના બાળકની વિદ્યાએ મોટા મોટા વૃદ્ધોને પણ શિષ્યભાવે તેમનાં પ્રવચનો સાભળવા આકર્ષ્યા હતા ને ? તેઓ તેમના બાહ્ય રૂપને નહિ, પણ આન્તર સૌંદર્યને નીરખતા હતા.

બીજા ધનને છૂપું અને સુરક્ષિત રાખવા માટે ખાસ પ્રયત્નો કરવા પડે છે અને છતા તે ચોરાય-લૂંટાય છે, જ્યારે સર્વ ધનમા મુખ્ય એવી વિદ્યા તો તેના પ્રભાવથી જ પ્રચ્છન્ન–અત્યન્ત ગૂઢ–અને ગુપ્ત–સુરક્ષિત–છે નાળિયેરમાં રહેલા કોપરાની જેમ જ તેને ઉપરથી પામી કે માપી શકાય તેમ નથી. સંતાડેલા ધનની માફક આ વિદ્યા–ધન પણ

ખરે વખતે ખપ લાગે છે. એક પ્રસંગે ખૂનના ખોટા આરોપસર બીરબલને પકડવામા આવેલો ત્યારે એક કૃતજ્ઞ નર્તકીએ પોતાની નૃત્યવિદ્યાથી રાજાને ખુશ કરી તેનો જીવ બચાવ્યો હતો.

વળી વિદ્યા સંસારના ઉપભોગો, કીર્તિ તથા સુખ પણ મેળવી આપે છે. બીરબલને બચાવનાર નર્તકીને તેનો સહવાસ સાંપડયો હતો. વિદ્યામત્ત રાજકુમારીએ ઘરમાંથી કાઢી મૂકેલ અશિક્ષિત કાલિદાસ વિદ્યોપાસનાને પરિણામે તે જ પત્નીથી પુજાયો એટલું જ નહિ, પરન્તુ દિગન્તવ્યાપિની કીર્તિનો યે સ્વામી બન્યો. નિષધપતિ નળરાજાને વન વનમા ભટકવું પડયું, પણ ખરે વખતે ખપ લાગી તેમની વિશિષ્ટ વિદ્યાઓ જે વિદ્યાઓ આગળ ઇન્દ્રાદિ દેવોને પણ નમવું પડયું તે વિદ્યાઓના પ્રભાવે જ તે દમયન્તીને પુન પ્રાપ્ત કરી શકયા

કાશીના મહાપણ્ડિત નાગોજી ભટ્ટ દરિદ્રતાથી કંટાળી પત્નીના આગ્રહથી કમાવાના ઉદ્દેશથી એક દિવસ બહાર નીકળી પડયા. ગંગાતટે આવી હોડીવાળાને કહે : 'ભાઈ, સામે પાર જવું છે, પણ પૈસા નથી'

હોડીવાળો તરત જ બોલી ઊઠયો, 'નાગોજી ભટ્ટ વિના બીજા કોઈને અમે મફત બેસાડીએ નહિ !'

–અને હોડીવાળો પણ પોતાનો યશ આ રીતે ગાય છે તે જાણી સાશ્રુ નયને તે પણ્ડિત ઘેર પાછા ફરી ગયા અને કહેવા લાગ્યા : 'જે વિદ્યાએ આટલી કીર્તિ મને આપી છે તેને છોડી શુષ્ક ધન કમાવા મારાથી શી રીતે જવાય ?'

કવિ કહે છે . 'विद्या बन्धुजनो विदेशगमने'— આપણે પરદેશમાં–અજાણ્યા પ્રદેશમા–ગયા હોઈએ ત્યારે સ્વજનોની ગરજ વિદ્યા સારે છે. નળરાજા પાસે અશ્વવિદ્યાનો ચમત્કાર હતો તો ઋતુપર્ણને ત્યા રહી શકયા એટલુ જ નહિ, પણ દમયન્તીના સ્વયંવરમા પણ સમયસર પહોંચી શકયા. વિરાટનગરમાં ગુપ્તવાસ દરમિયાન પાણ્ડવોને તેમની વિદ્યાઓએ જ સહારો આપ્યો હતો અને સ્વામી વિવેકાનન્દે અમેરિકામા ભારતનો વિજયડંકો વગાડયો નિજ વિદ્યાને જ બલે.

આમ, સમગ્ર રીતે જોઈએ તો, વિદ્યા પરમદૈવત છે, શ્રેષ્ઠ દેવતા છે. તેથી તેની ઉપાસનાથી ઉત્તમ ગતિ પામી શકાય છે. 'ઇન્દ્રાસન' યાચતા કુમ્ભકર્ણને વર્ણવ્યત્યય દ્વારા 'નિદ્રાસન' અપાવનાર તેમજ 'ઇન્દ્રશત્રુ' ઇન્દ્રને મારનાર–પુત્રની ઇચ્છા ધરાવનાર દાનવરાજને 'ઇન્દ્રશત્રુ' ઇન્દ્ર છે મારનાર જેનો એવો પુત્ર અપાવનાર અને એ રીતે સર્વ દેવોને બચાવનાર ભગવતી વિદ્યાદેવી ભારતી હતા.

અરે ! શાસકો પાસે પણ સવિશેષ માન મળે છે ધનને નહિ, પણ જ્ઞાનને. તાનસેનને તેની સંગીત વિદ્યાએ જ રાજદરબારમા માન અપાવ્યું. મહાકવિ શ્રીહર્ષને તેની દરિદ્રતાએ કાશ્મીરરાજ પાસે જતો રોકયો, તો તેની વિદ્યા તેને માનપૂર્વક ત્યા લઈ ગઈ. આપણા નિવૃત્ત રાષ્ટ્રપતિ ડૉ રાધાકૃષ્ણન્ ભારતના રાજદૂત તરીકે રશિયા ગયેલા ત્યારે સ્ટેલીનને મળવાનુ અત્યંત દુર્લભ માન અનેક વાર મેળવી શકયા તે તેમની વિદ્યાશક્તિનો જ પ્રભાવ હતો.

—અને વિદ્યાનો આવો પ્રભાવ સમજ્યા પછી પણ જો કોઈ વ્યંજનોની વર્ણમાળાના ૧૪મા અક્ષર 'ઢ' જેવા જ રહેવાનુ પસંદ કરે, તો તેવાને માટે 'પશુ'થી વધારે સારો શબ્દ કવિને જડતો નથી. આહાર, નિદ્રા, ભય અને મૈથુન તો પશુઓ પણ ભોગવે છે, પરન્તુ મનુષ્યને ઉચ્ચ કોટિ અર્પનાર વ્યાવર્ત્તક લક્ષણ તેની વિદ્યા છે. વિદ્યાથી જ બુદ્ધિ ખીલે છે, કેળવણીનો ખરો હેતુ પણ આ જ છે અકબર–બીરબલની અને ભોજ–કાલિદાસની કથાઓ આ બુદ્ધિ–વિજયની જ પ્રશસ્તિઓ છે માટે વિદ્યાની ઉપાસના આપણી સર્વપ્રથમ ફરજ છે તે રખે કદી વીસરતા ! સુખ-ભોગ-કીર્તિ અર્પનાર, સંકટના સાથી, પરમગુરુ ને પરબ્રહ્મરૂપ પ્રચ્છન્ન-ગુપ્ત વિદ્યાધનથી જે ક્ષણે માણસ પરવારી ગયો તે જ ક્ષણે તે પશુકોટિમા જઈ પડશે એ નિશ્ચય માનજો, અને કવિએ ધરેલી આ લાલ બત્તી સામે સદા સાવધાન રહેજો !



નમક નમકમેં ફેર હૈ

માણેકલાલ શ. રાણા

મુગલસમ્રાટ ઔરંગઝેબના શાસનકાળમાં સુરતના ધનાઢ્યોમા શેઠ વીરજી વોરા, શેઠ હાજી જાહિદબેગ ને શેઠ હાજી કાસિમનાં નામ તો જાદુના મંત્ર જેવા હતા. તે સમયે હાજી જાહિદબેગ બહુ મોટા ધનાઢ્ય લેખાતા, પરંતુ એમની મોટાઈને લીધે હૃદયમાં એક પ્રકારનો દ્વેષાગ્નિ પ્રજ્જ્વળી રહ્યો હતો. ઘણી વાર તેઓ વિચારમગ્ન બની બેસી રહેતા. અંતે નિર્ણય પર આવ્યા કે 'કોઈ પણ પ્રકારે એ હિન્દુ દોલતમંદનો નેસ્તોનાબૂદ કરી નાખવામા આવે તો જ આપણી આબરૂમા વધારો થઈ શકે.'

શેઠના હૃદયની એ વ્યથાને મોમીનખાન પઠાણ યથાર્થ કળી ગયો જાહિદબેગ શેઠના મહાલયે પ્રહરી તરીકે નિયત થયેલો પઠાણ દિલ ખોલીને શેઠને કહેવા લાગ્યો 'જાહિદ શેઠ! આપની ઉદાસીનતાનુ કારણ મારા સમજવામા આવી ગયું છે જ્યા સુધી એ હિન્દુ દોલતમંદ હયાત રહેશે ત્યા સુધી આપ કદી શાન્તિથી જીવી શકવાના નથી આપ નાહક સંતાપ કરી રહ્યા છો મને આજ્ઞા આપો એટલી જ વાર છે કોઈ પણ પ્રકારે એ વીરજી શેઠનો નેસ્તોનાબૂદ કરી નાખુ'

પઠાણના એ શબ્દો શ્રવણ કરતા જાહિદ શેઠ સ્વસ્થ થયા અને કહેવા લાગ્યા, 'મોમીનખાન! મારા અંતરની વ્યથાનું કારણ તમે સાચે જ પિછાણી ગયા. જો તમે એ કાર્ય પાર પાડશો તો હું મનમાની બક્ષિસ આપીશ!' આમ કહેતા જાહિદબેગે તે સમયે થોડીક અશરફીઓ મોમીનખાનના હાથમા મૂકી દીધી અને બોલ્યા: 'મોમીનખાન! આ તો હાલ પૂરતું છે. કાર્ય સિદ્ધ કરીને આવશો ત્યારે મનમાની બક્ષિશ માગી લેજો!'

શેઠની ઉદારતાથી પ્રફુલ્લિત થયેલા પઠાણે વાચા ખોલી: 'હજૂર! આપના દિલમાથી બેચેની દૂર કરી નાખો. એ વીરજી શેઠનો આજે અધીરાત્રે અંત લાવી નાખીશ!' પઠાણે આશ્વાસન આપ્યું.



અંધારી રાત્રિએ મોમીનખાન વીરજી શેઠના નિવાસ તરફ ચાલવા લાગ્યો. નિયત સ્થળે આવી પહોચ્યો. આસપાસ ફરીને ગૃહમા પ્રવેશવાનો લાગ શોધવા લાગ્યો. બારીકાઈથી નિરીક્ષણ કરી લીધું. મકાનમા ક્યાથી પ્રવેશ કરવો એ જાણી લીધુ

વીરજીશેઠ દાની પુરુષ હતા. એમના દ્વારેથી કોઈ માગણ ખાલી હાથે પાછો જતો નહિ સાયંકાળ થતા સુધી એ પરમાર્થનો વ્યવસાય ચાલુ રહેતો. ત્યાર પછી એ કાર્ય બંધ થતુ, તંબીજા દિવસનો પ્રાતઃકાળ થતા પુનઃ એ પાવન વ્યવસાય શરૂ હતો.

એક આંધળો અને આંધળી શહેરમા ભીખ

આગતા હતા. નાનો પુત્ર અંધ માતાપિતાનો હાથ ઝાલીને માર્ગે વિચરી રહ્યો હતો. આજે તેઓ ભૂખ્યાં હતા એટલે વીરજી શેઠના દ્વારે જવા નીકળ્યા પરંતુ ખૂબ મોડુ થઈ ગયું. સાયંકાળ થઈ ગયો. શેઠના દ્વારે સદાવ્રત બંધ થઈ ગયુ. હવે અત્યારે ક્યા જાય? આજની રાત્રિ આ સ્થળે જ વિતાવી નાખી, પ્રાતઃકાળે સદાવ્રત મેળવી લેવાના વિચારે એક ખૂણામાં બેસી રહ્યા હતા. કર્મ સંજોગે મોમીનખાન પણ એ જ અંધારા ખૂણામા આવીને બેસી ગયો.

શહેરની ગલી ગલીએ ભટકીને થાકી ગયેલો બાળક તો ઘડીભરમા નિદ્રાધીન થઈ ગયો, પરંતુ અંધ દંપતી સજાગ બેઠું હતું તેઓ વાતો કરી રહ્યા હતા પઠાણ બહુ જ નિકટમા બેઠો હતો. એટલે સરવા કાન કરી સાભળી રહ્યો હતો

ભિખારી પત્નીને કહી રહ્યો હતો : 'આપણા જેવા તો અનેક ભૂખ્યા માનવીઓની વીરજી શેઠ ભૂખ ભાગે છે. ભૂખ્યા માનવીને અન્નદાન આપતા શેઠ ગરીબના હિતચિંતક છે. સવાર પડતા આપણી પણ જરૂર ભૂખ ભાંગશે. માલિક આપણી ગરીબની વિનંતિ શ્રવણ કરીને વીરજી શેઠનુ સર્વદા રક્ષણ કરે. ભગવાન પાસે હાથ જોડીને એટલું માગીએ છીએ કે, હે ભગવાન! વીરજી શેઠને તમે સદાકાળ અહી યા રહેવા દો એમને માટે અમારા પ્રાણની કુરબાની આપવા હરહંમેશ અમે તૈયાર છીએ. અમારી આવરદા લઈને પણ લાખોના તારણહાર શેઠની આવરદા-મા વધારો કરજો, પ્રભુ.'

વાત સાભળતા તો પઠાણ ચકિત થયો શું વાત છે : આવા ભિખારીઓ પણ વીરજી શેઠ પ્રત્યે આટલો બધો આદર અને ઇજ્જત રાખે છે. પોતે જેનો ખાતમો કરવા માટે આવ્યો એ વીરજી શેઠ વિષે આવા રસ્તાના ભિખારીઓ પણ માલિક પાસે કુશળતાની યાચના કરે! દ્રવિત થયેલો પઠાણ વિચારમગ્ન બની ગયો. ઘડી પછી મનને મનાવી લેતા સમાધાન શોધ્યુ : 'ભિખારીઓ તો સ્વાર્થી છે. ભલે તેઓ ગમે તે બોલે તેમા આપણે શુ? પઠાણે પોતાના પિગળેલા હૃદયને પુનઃ સંગદિલ બનાવ્યું

મધ્યરાત્રિનો સમય થતા મોમીનખાન સ્વસ્થ થયો. કાર્ય સિદ્ધ કરવા ધીમેથી ઊભો થયો. પ્રથમથી નક્કી કરેલી છજાની બારીમાથી શેઠના ભવનમા પ્રવેશ કર્યો. અર્ધી રાતે મહાલયમા ફરીને પઠાણ વીરજી શેઠને શોધવા લાગ્યો. એક વિશાળ ખંડમા જઈ જોયું તો તેઓ ધ્યાનમાં એકાગ્ર બન્યા હતા. દીપક-પ્રકાશ ઝળહળી રહ્યો હતો. પઠાણે જોયું કે વીરજી શેઠ ભગવાનની સાથે ઓતપ્રોત બની ગયા હતા.

શેઠના હાથમા માળા ફરી રહી હતી. એમનું મન દુનિયાના માલિકની સાથે લાગી ગયું હતું. એ જોતા પઠાણને ભારે આશ્ચર્ય થયું શું વાત છે? વીરજી શેઠનો ખુદા સાથે આટલો બધો પ્યાર છે! અર્ધી રાત થયા છતા પરવરની પ્યારી બંદગીમા એક દોલતમંદ મશગૂલ બની રહ્યો હોય, એવા સમયે એને મારી કેમ શકાય? માલિકની બંદગીમા ભાન ભૂલેલા ઇન્સાન ઉપર ઘા કેમ કરી શકાય? કદાચ આવે સમયે ઘા કરવાથી શેઠ કાંઈ કહી શકે તેમ નથી. પરંતુ કયામતના દિવસે માલિકને શું જવાબ આપી શકાશે?'

પાષાણહૃદયના પઠાણનુ હૃદય કંપી ઊઠયું. અધમ કાર્ય માટે આવેલા પઠાણના હૃદયમા સુમતિ સૂઝી. જ્યા સુધી તેઓ બંદગીમા ભાન ભૂલેલા છે, તે જાગૃત થાય નહિ, ત્યા સુધી એમના ઉપર પ્રહાર કરી શકાય નહિ!' શેઠને સજાગ બનવાની વાટ જોતો પઠાણ નિકટમા જ શાન્તિથી બેસી ગયો.

ધ્યાનમગ્ન બનેલા વીરજી શેઠ એક ઘટિકા પછી સજાગ બન્યા. આખો ખોલતા જ પોતાની સામે પઠાણને બેઠેલો નિહાળ્યો સાથે તેની આખોમા ખુન્નસ ઉભરાતું જોયું. પોતે વસ્તુસ્થિતિ કળી ગયા હતા. છતા તેમને આશ્ચર્ય થયું નહિ, કેમકે, વિશ્વેશ્વરને ખોળે જેણે મસ્તક મૂકી દીધુ હતું, એ વીરજી શેઠને મૃત્યુનો ડર ક્યાથી હોય?

હાજી શેઠ જાહિદ બેગ સાથે પોતાનો નિકટનો સંબંધ હતો ઘણી વાર એમના મહાલયે ગયા હતા. તે સમયે પ્રહરી બનીને જે પઠાણ દરવાજે ઊભો રહેતો એ જ મોમીનખાનને પિછાણતા શેઠે વાચા

બોલી : 'પ્યારા મોમીનખાન ! અધીઁ રાતે આપનું મિલન થયું. હું ધ્યાનમાં એકાગ્ર બની ગયો હતો, એટલે મારી રાહ જોઈ બેસી રહેવું પડયું, પરંતુ હું શું કરુ ? બિલકુલ અજાણ હતો !' જાણે પોતે ભૂલ કરી હોય તેમ વિનય દાખવતા શેઠે કહ્યું . 'મોમીન-ખાન ! મારા સાલિકથી હું વિખૂટો પડી ગયો છું. મારે એ સાહેબને મળવું છે. પઠાણ ! તું તારું ખંજર ચલાવી દે. હું મારા સાલિકમાં એવી રીતે સમાઈ જાઉ કે ફરીને આ દુનિયાની સામે દૃષ્ટિ ન કરી શકું.'

વીરજી શેઠના આ શબ્દો શ્રવણ કરતા પઠાણના હૃદયમા ભારે કુતૂહલ જાગ્યું. પોતે હાથમાં ખંજર લઈ ને જ બેઠો હતો, છતાં જેના હૃદયમાં લગીરે ભય નથી ! ભલભલા મહારથીઓ મોતના ભયથી ધ્રૂજી ઊઠયા છે ત્યારે વીરજી શેઠ તો બિલકુલ શાંત બનીને જાણે મૃત્યુનો સત્કાર કરી રહ્યા હોય તેમ કાળ-પુરુષને ભેટવા અધીર બન્યા હતા તેમની એ તાલા-વેલી જોતા પઠાણ દ્વિધાસા પડી ગયો.'

ત્યાં વીરજી શેઠનો સાદ પુન શ્રવણે પડયો ·

'પઠાન અવસર પાયકે, અબ મત ચૂકે દાવ,
પ્યારે પિયુસે મિલાઈ દે, ખંજર હિયરા હુલાવ.'

' પઠાણ ! આ મોઘો અવસર ચૂકો નહિ. હાથ-માં આવેલો દાવ હારી જશો તો જીવનભર પસ્તાવો થશે પ્યારા મોમીનખાન ! મારા પિવજીની સાથે મારો મિલાપ કરાવી દો. મારી છાતીમાં જોરથી ખંજર હુલાવી દો, જેથી પિયુજીમા સમાઈ જાઉં !'

વીરજી શેઠના એ શબ્દો શ્રવણ કરતા પત્થરના કલેજાનો પઠાણ સાચે જ કંપી ઊઠયો. હૈયું હચમચી ગયું : 'આવા ખુદાના બંદાની છાતીએ ખંજર હુલા-વી, કયામતના રોજે સાલિકને શું જવાબ આપીશ ?'

પઠાણના નેત્રોમાથી અશ્રુ વહેવા લાગ્યા એ જ ઘડીએ હાથમા ખંજર હતું તે દૂર ફેંકી દઈ, વિહ્વલ બનેલો પઠાણ ત્વરાથી ઊભો થયો. ને વીરજી શેઠને ભેટી પડયો વીરજી શેઠ અને પઠાણ મોમીન-ખાન અનન્ય પ્રેમથી એકબીજાને ભેટચા અને પ્રેમ-નશામા ચકચૂર બની જાણે ભાન ભૂલ્યા

ત્યાર પછી સાથે બેસીને અંતરની વાતો કરવા લાગ્યા. પઠાણ બોલ્યો : ' વીરજી શેઠ ! આજે હું એવું નાપાક કૃત્ય કરવા આવ્યો હતો કે ખુદા મને કદી માફ કરે નહિ. મને પ્રથમથી જ ચેતવણી મળી હતી, છતા હું ચેત્યો નહિ અને મનમાની કરવા તૈયાર થયો !' આમ કહેતાં પઠાણે અંધ દંપતીના મુખથી શ્રવણ કરેલી વિમળ વાતો કહી સંભળાવી. અને બોલ્યો . ' વીરજી શેઠ ! એ અંધ ભિખારીએ આપની કુશળતા માટે માલિક પાસે દીનતાથી યાચ-ના કરી. એટલું જ નહિ, પરંતુ આપના બદલે તેઓ મરવા તૈયાર થયા !' પાક દિલના ભિખારીઓનો પુન એક વાર દીદાર કરવા ચાહું છું. હજી તેઓ આપના મહાલયની ઓથે જ ખૂણામાં સૂતેલા હશે !'

પ્રાતઃકાળ થવા આવ્યો હતો. એટલે પઠાણ મહાલયમાંથી બહાર નીકળ્યો અને જે ખૂણામાં તેઓ સૂતાં હતાં ત્યાં જોયું તો નિંદ્રામાંથી સજાગ થઈ તેઓ શાંતિથી બેઠાં હતાં. તેમની પાસે જઈ પઠાણ વિનયથી કહેવા લાગ્યો : ' બાબા ! રાત્રિએ તમે વીરજી શેઠની કુશળતા માટે માલિકની પાસે દુવા માગતાં અરજ ગુજારી રહ્યા હતા. તમારી એ અરજી મંજૂર થઈ અને માલિકે વીરજી શેઠને કાળના મુખમાંથી બચાવી લીધા. તમે સાચે જ માલિકના બંદા છો !' આમ કહેતાં દીનતાથી એ અંધ દંપતીનાં કદમોમાં ઝૂકી પડયો.

જાહિદબેગ શેઠે પોતાને નવાજેશ કરેલી સોના-મહોરો પાસે જ હતી. એ સોનામહોરો એણે અંધ ભિખારીના ચરણમા ધરી દીધી બિચારા આંખે અપંગ ભિખારી તો કાંઈ સમજી શકયા નહિ. એટલે ચકિત થઈ પ્રશ્ન કર્યો · 'મોટાભાઈ ! તમે કોણ છો ? અમને આટલી બધી સોનામહોરોનુ દાન શા માટે આપો છો ? વીરજી શેઠને પ્રભુએ શી રીતે બચાવી લીધા ? આ બધુ શું બની રહ્યું છે ? અમે અંધ હોવાથી જોઈ શકતા નથી, તેમ જાણી શકતા નથી, માટે કાંઈક ખુલાસો કરો '

પઠાણે પોતાનો પરિચય આપી, બનેલી બધી ઘટના એમની સમક્ષ વ્યકત કરી. તે શ્રવણ કરતાં પ્રેમવિભોર બનેલાં દંપતીએ હાથ જોડીને વહાલા

પ્રભુનો ઉપકાર માન્યો. તે સમયે તેઓ સાચે જ ગળગળા થઈ ગયા હતા એમના હૃદયની વિમળતાએ પઠાણની આંખોમાંથી પણ પ્રેમાશ્રુ ટપકાવ્યાં.

દંપતીને વંદના કરી પઠાણ પુન: મહાલયમાં આવ્યો અને વીરજી શેઠના કદમોમાં ઝૂકી દીનતાથી વાચા ખોલી 'વીરજી શેઠ, હું આપનો ગુલામ છું! આપ જેવા નેકમંદની સોબત થતાં મને હકના અગમ્ય માર્ગની સૂઝ પડી. વીરજી શેઠ! આપનાં કદમોનો ત્યાગ કરી પઠાણ હવે ક્યાંય જવા ઇચ્છતો નથી! મને આપનો બનાવી આપની પાસે રાખો!'

અજ્ઞાત બાળકની જેમ અધીરા બનેલા પઠાણનાં નેત્રોમાંથી અશ્રુ વહેતા હતા. એ જોતા દરિયાવ દિલના વીરજી શેઠના નેત્રોમાંથી પણ જળબિંદુ ટપકવા લાગ્યા તેઓ બોલ્યા : 'મોમીનખાન! આ મહાલય આપનો છે. એટલું જ નહિ, હું પોતે પણ તમારો છું. જીવનમાં તમારા જેવા સાથીની મને વિશેષ જરૂર હતી. માલિકે એ અભિલાષા આજ પરિપૂર્ણ કરી.' આમ કહેતા ગદ્‌ગદિત બનેલા શેઠે મોમીનખાનને હૃદયે લગાડી દીધો.

તે દિવસથી વિરજી શેઠ અને મોમીનખાન આત્મીય સ્વજનથી પણ અધિક નિકટના દિલોજાન સાથી બની ગયા.

બીજા દિવસે જાહિદબેગને ખબર પડી કે, પઠાણ ફૂટી ગયો અને વીરજી શેઠનો બનીને ત્યાં જ રહી ગયો. પ્રથમ તો એ વાત કબૂલ કરવા સંમત થયા નહિ. પણ વિશ્વાસુ માણસોએ દૃઢતાથી કહ્યું ત્યારે તેઓ ચકિત થયા, કેમકે, મોમીનખાન ખાસ વિશ્વાસુ હતો. એ બેવફા શા માટે બની ગયો?' જાહિદબેગના હૃદયમાં આશ્ચર્ય સાથે ઊંડો ખેદ થયો. 'પઠાણે મારી સાથે બેવફાઈ કરી' એવી લોકોને મોઢે બદબોઈ કરતા જાહિદબેગની વાણી મોમીનખાનના કાન સુધી પહોંચી.

'ગમે તેમ થાય પરંતુ જાહિદશેઠને જે કહેવાનું છે તે તો કહીને જ રહીશ!' અટળ નિશ્ચયી પઠાણનો ભેટો એક દિવસ અનાયાસે જાહિદબેગ શેઠની સાથે થઈ ગયો તે સમયે શેઠે એને ખૂબ કહી દીધું

પ્રથમ તો પઠાણે અવાક્ બની સાંભળ્યા કર્યું. પરંતુ પાછળથી એને સ્પષ્ટ અને સત્ય વાતો કહેવા માંડી : 'શેઠ! જરા શાંતિથી સાંભળો! અત્યાર સુધી આપને ત્યાં રહ્યો, પરંતુ નેકીનો રાહ જાણી શક્યો નહિ! શેઠ, એ આપના નિમકનો પ્રભાવ છે; કેમકે, નિમક નિમકમાં ફેર હોય છે. આપનું નિમક ખાઈને જીવનમાં હું એકબીજા પ્રત્યે વેરભાવ રાખતા શીખ્યો. ત્યારે વીરજી શેઠના નિમકમાં તફાવત છે. એમનું નિમક ખાતાં હું સાચે જ નિર્વૈર બની ગયો. આજે તો મને બધાજ મારા સ્નેહી હોય એવું દેખાય છે જાહિદબેગ શેઠ! મને એ સત્ય સમજાયું અને હું વીરજી શેઠનો ગુલામ બની ગયો આપે મને બદકામ કરવા પ્રેર્યો હતો. પરંતુ કુદરતે મને બચાવી લીધો. આપે મને જે બક્ષિસ આપી હતી એ અશરફી તો એક અંધ ભિખારીને આપી દીધી!' આમ કહીને પઠાણે એ અંધ ભિખારી દંપતીનો પ્રસંગ તથા ભવનમાં પ્રવેશ કર્યા પછી વીરજી શેઠની ધ્યાનાવસ્થા જાગૃત થયા પછી પોતાને ખંજર ચલાવવાનું આહ્‌વાન કર્યું, પરંતુ પોતે શેઠની હત્યા કરી શક્યો નહિ એ બધા પ્રસંગો એક પછી એક કહી સંભળાવ્યા. પછી કહ્યું 'જાહિદબેગ શેઠ! તે દિવસે હું 'મારો' બનીને આપને ત્યાંથી વિદાય થયો હતો; પરંતુ આજે તો વીરજી શેઠનો ગુલામ બની ગયો છું એ નેકમંદ ઇન્સાને મને નેકમંદ બનાવ્યો.'

પઠાણના વિમળ હૃદયની વાતો શ્રવણ કરતા શેઠનાં નેત્રોમાંથી પણ અશ્રુબિંદુ ટપકી ગયા તેઓ પણ સાચે જ નિર્વૈર બની ગયા અને પઠાણની સાથે વીરજી શેઠના નિવાસે આવ્યા.

જાહિદબેગને જોતા જ વીરજી શેઠ પ્રેમથી તેમને આદર કરતાં સામા દોડી આવ્યા. તે સમયે વીરજી શેઠ ને જાહિદબેગ એકબીજાને પ્રેમથી ભેટી પડ્યા.

વીરજી શેઠના દ્વારે પહેરેગીર બની પઠાણે જીવનનો શેષ કાળ નિર્ગમન કરી નાખ્યો. પોતે જે વચન આપ્યું હતું તે અંત સુધી નિભાવ્યું. જીવનની અંતિમ ઘડીએ પઠાણ વીરજી શેઠના દ્વારમાં જ ચિરનિદ્રામાં પોઢી ગયો. ▣

સમર્પણ

'સારંગપાણ'

સુદામાપુરી પુરાણપ્રસિદ્ધ યાત્રાધામ છે રેલના પાટા નહોતા કે અવરજવરના બીજા સાધનો નહોતા ત્યારે લોકો પગરસ્તે યાત્રા કરતા, સંઘો કાઢતા અને સાધુ-અભ્યાગત એકલા કે બેચારના સમૂહમા ગામેગામ ફરતા યાત્રાધામે પહોચતા.

આ રસ્તે જ એક નાનુંસરખુ ગ્રામ હતુ સુદામાપુરી ત્યાથી એક કે દોઢ દિવસને અંતરે આવે. સુદામાપુરી જનારા યાત્રાળુઓ સામાન્ય રીતે આ ગામમા રાતવાસો કરતા અને બીજે દિવસે સવારે યાત્રાધામ તરફ વળતા.

આ ગામમા મેપો નામે આયર રહે. મેપાને કરસન નામે એકનો એક પુત્ર આયરનું ખોરડું ગરીબ હતુ. આઠ-દસ વીઘા જમીન હતી, પણ એ જમાનામા ખેતીમા બહુ કસ નહિ. આયર-આયરાણી ઊભુ વરસ મહેનત કરે ત્યારે તાણી-તૂશીને ત્રણ જણાનું પેટિયુ કાઢે ઉનાળાના દહાડામા ક્યાક મહેનતમજૂરીનુ કામ પણ ખોળવુ પડે અને જો વરસ મોળુ હોય તો વરસ આખુ કામ માટે ભટકવુ પડે.



કરસન જુવાન થયો. એ જમાનામા આમે યે ન્યાતમા કન્યાની અછત હતી. મેપાનું તો ખોરડુ યે નબળુ હતું, એટલે ઝટ કન્યા મળવી મુશ્કેલ હતી. રાંડેલી કે છાંડેલી સ્ત્રીની કિંમત પણ ઠીક ઠીક ચૂકવવી પડતી. એટલે કરસનનુ ઘર બાધવાનું કામ મુશ્કેલ હતુ છતા 'એક દિવસ સૌ સારા વાના થશે' એવી ભગવાન પર શ્રદ્ધા રાખી આ દંપતી દિવસો નિર્ગમન કરી રહ્યા છે. ઊજળા દિવસોને ભરોસે આશામા ને આશામા સૌ મહેનત કર્યે જાય છે

કરસન વીસ વર્ષનો થયો, પણ હજુ કશો જોગ ખાધો નહોતો માણસ સદ્‌ગુણી હોય કે ગમે તે હોય, પણ પાસે પૈસા જ નહિ પછી ન્યાતમા તો કોણ ભાવ પૂછે ? પણ અચાનક ઈશ્વરની મહેર ગણો કે ગમે તે, પણ કરસનના મામાના પ્રયત્નથી એક સાધારણ કુટુબ સાથે કરસનનો સંબંધ ગોઠવાયો.

દેશરો આયર આમ તો લોઠકો અને કાઈક કોબાડ માણસ ગણાતો એને ચાર છોકરા ને એક દીકરી દીકરીના સંબંધની વાત ચાલી ત્યારે દેશરાને મેપા આયરનું ખોરડુ ખાસ ગમ્યુ ન હ માણસ પોતે લાખ રૂપયાનો ને કરસન પણ સારો જુવાન, છતાં દીકરીના પૂરા પૈસા ન મળે તો ચાર છોકરાનો વિવાહ કેમ કરવો એ એની મૂઝવણ હતી. દીકરીની માની ઇચ્છા તો આ ઘર સાથે જ નાતો જોડવાની હતી. એક તો દીકરીને કોઈ ભાગિયો-ભાગિયો નહિ અને માણસો સેજાના ગરીબ એટલે હાથમા રહે. આ એક મુખ્ય ગણતરી તેના મનમા હતી ઘર ભલે નબળુ-પાતળુ હોય, પણ દીકરી સુખે રહી શકે. દીકરી પણ માના જેવી જ ગુણવાન હતી એણે જેમ જેમ મેપાના ઘરની વાતો સાભળી તેમ તેમ તેણે પણ પાકે પાયે દૃઢ કરી લીધુ.

મેપાએ ઈશ્વરનો ઉપકાર માન્યો દેશરા જેવાનુ ઘર મળ્યુ એટલે નોધારા કરસનને સબળ પડખુ મળ્યુ એમ માની તેણે ઈશ્વરની કરુણાનો જ અનુભવ કર્યો થોડુ ઘણુ લેવાદેવાનું ય નક્કી થયુ હતું કાઈક મામા મદદ કરવાના

હતા. આમ બધુ સમેસૂતર ઊતરે તેવી ગોઠવણ થઈ.

વળતા શિયાળામા લગન ગોઠવાયા મેપાને કોઈ સલાહ પણ આપતા : 'સંભાળજો, વેવાઈ જરા કાબાડ માણસ છે છોકરીને તો માના જ ગુણ મળ્યા છે. પણ વેવાઈનો સ્વભાવ ધૂળ જેવો છે.'

પણ મેપો તો છોકરીના સદ્ગુણને સંભારી ખુશ થતો.

પાચ–સાત સંબધીઓ, સ્ત્રીઓનો સમૂહ અને ચારેક ગાડા જોડી મેપો કરસનની જાન લઈ નીકળ્યો સાજે બદૂક-ના અવાજો સાથે જાને ગામના ઝાપે પોતાના આગમનની નિશાની આપી આયરાણીઓના મીઠા ગળા ગામને ઝાપે ગહેકી ઊઠયા. ગામના પાદરે જાનનું સ્વાગત થયુ. જાન વેવાઈના ઘર સુધી આવી પહોચી.

ઘર આગળ મોટો ચોક હતો. ચોકની એક બાજુ મોટી ભૂંગણુ (જાજમ) પાથરી હતી. દેશરો આયર અને બેચાર સંબધીઓ ભૂંગણ પર હાથમા હોકો લઈ બેઠા હતા ઘર-મા લગ્ન હતું છતા લગન જેવી કશી ધમાલ દેખાતી ન હતી. એક વિચિત્ર પ્રકારની શાતિ બધે હતી જાનડીઓના ગાણાનો અવાજ સાભળવા છતા એનો પ્રત્યુત્તર આપવા કોઈ સ્ત્રી સામે હાજર નહોતી.

જાનડીઓના ગાણા ગળામા જ રહી ગયા ઘરમા લગ્ન હોય અને બીજી બાજુ આ શાતિ ! વળી ચોકમા ભૂંગણ પાથરવાની આ બાબત. અર્થ સ્પષ્ટ જ હતો જે જાન આવી છે તેની લેવડદેવડની વાત હજુ પતી નથી અને સહેજમા પતે એમ પણ નથી લગ્ન થશે કે કેમ તે બાબત હજુ અચોક્કસ છે લેવડદેવડનું બધુ સમુસૂતર ઊતરે તો લગ્ન થાય એ બાબત આમાથી સ્પષ્ટ રીતે ફલિત થતી હતી.

આ બધુ જોઈ મેપા આયરના મોતિયા મરી ગયા એની નાતમા આ બધુ નવું હતું એમ તો નહોતું. સામા પક્ષને બરાબર મોકે નિચોવવાની આ રીત હતી અને ઘણાં ઘરમા આવું બનતું હતું. પણ મેપા આયરને પોતાનું ગજું જોતાં આ વાત શક્તિ બહાર હતી.

દેશરો આયર હુક્કો એક બાજુ મૂકી આવકાર આપ-વા સામા આવ્યા : 'આવો આવો, મેપા આયર, આજ અમારુ આગણું ભલું પવિત્તર કર્યું !'

મેપા આયરે પણ ઘટતો જવાબ આપ્યો: 'તમ સરખા વેવાઈ મળ્યા બાપ, કોઈક પુણ્યના જોગે જ'

મેપા આયર આજુબાજુ નજર ફેરવતા જાય છે. મનમા કાઈક વિચિત્ર અનુભવ પણ થાય છે. ઘડી ઘડી એમની નજર સાળાની નજર સામે મળે છે. નેત્રપલ્લવી થાય છે પણ વાતાવરણમાથી કશો તાગ મળતો નથી અને એ ગૂગળાય છે.

'પધારો, પધારો, મેપા આયર ! આ જાજમ પર બેસો.'

દેશરાના મોમાથી 'વેવાઈ' શબ્દ હજુ એક વાર પણ નીકળ્યો નથી તેની મેપો આયર નોંધ લેતો જાય છે. પોખ-વાની કશી વાત કર્યા વ ના દેશરો મેપા આયરને જાજમ પર ખેચે છે અર્થ સાવ સ્પષ્ટ છે. આર્થિક લેવડદેવડની વાતો હજુ કરવાની બાકી છે એટલું જ નહિ, પણ ભૂત-કાળમા જે વાત થઈ છે તે દેશરાને કબૂલ નથી

સાળાનો સાથ શોધી મેપા આયર ભૂંગણ પર આવ્યા· મને કે કમને પણ હવે નાકનો આ સવાલ કોઈક રીતે પણ પતાવ્યે છૂટકો હતો.

'આપણે હવે થોડીક વ્યાવહારિક વાત કરી લઈએ.' આખમા લુચ્ચાઈ છે; મો પર પકડાઈનુ સ્મિત છે અને દેશરો મેપાનો હાથ પકડી જાજમ પર બેસાડે છે.

સાવ ભોળા, આદા ખધા લોકો વચ્ચે સાવ ભોટકો દેખાય તેવો મેપો આયર બેઠો તેના મોં પરથી લોહી ઊડી ગયુ હતુ. 'હે દેવ, તુ જ બધુ આબરૂભેર પાર ઉતારજે.' એણે પ્રાર્થના કરી.

'તમે તો ભારે ભાગ્યશાળી છો મેપા આયર.' 'કરી પેલું ખંધુ સ્મિત કરી દેશરો બોલ્યો.

'તમ જેવાનો પરતાપ છે, બાપ.'

'તમારે એકનો એક દીકરો છે આયર, તમારે જીવ મોકળો મૂકવો જોઈએ.'

'જુવો ભા,' મેપાનો સાળો હઠીલો હવે વચ્ચે પુરાયો : 'તમ જેવાને પરતાપે આઠ–દસ વીઘા જમીન છે. એમાં વરસ દી ધૂળ ઉથામે તો વળી પેટિયુ નીકળી રે'. આમ તો ગરીબ ઘર, પણ માણસનું ભૂખ્યું, ભા.'

'તમારે ત્યા આવો પ્રસંગ ફેરફેર થોડો જ આવવાનો છે ! તમે યે જીવ જરા કાઠો કરો.'

'એમ મરમમા નહિ, પણ કાઈ ફોડ પાડીને વાત કરો તો કાંક ગેડ બેસે.'

'તમે એક હજાર આપવાની વાત કરી હતી. ....'

'હા અને એ ત્રેવડ કરીને આવ્યો છુ એમા મને ફરી ફરીને નહિ કહેવુ પડે.'

'પણ તમારે તો એક દીકરો છે, પણ મારે તો ચાર ચાર વરાવવાના છે એટલે મારે યે કાંક વિચાર કરવો પડે ને!'

'દેવના ચક્કર જેવા દીકરા હોય એ તો રૂડી વાત કહેવાય દીકરા હોય એને દળદર શાનુ? ભગવાનનું આપ્યુ આ ગરીબના ઝૂ પડામા એક પૂ ખડું છે મહેનત કરે તો વળી પેટિયુ મળી રહે.'

'પણ મે તો તમારી પાસેથી મોટી આશા રાખી છે.' દેશરાએ મુદ્દાની વાત કરી.

'મારુ' ગરીબનું આનાથી વધારે તો શું ગજું હોય!' મેપાએ ખૂબ ભલામનસાઈથી પેટછૂટી વાત કહી દીધી.

'તમે શુ આ. . રાખો છો એ તો કહો!' હઠીલાએ કહ્યું.

'મને તો ઓછામા ઓછા પાચ હજાર જોઈએ એથી ઓછુ નહિ ચાલે નહિ તો આપણી વાત રહી.' દેશરાએ છેલ્લો જવાબ દઈ દીધો.

બીજા સબધીઓ વચમા પડયા. દેશરો છેલ્લો જવાબ ચાર હજારનો આપે છે. એથી ઓછી એક પાઈ પણ લેવાની કે બીજી વાત સાભળવાની તેણે ધસીને ના પાડી દીધી

મેપાને માથે જાણે આભ તૂટી પડયુ. હજાર રૂપિયા-નો જોગ પણ તેણે હઠીલાની મદદથી જ કર્યો હતો. હવે તો પારકે પાદર પૂરો કરજેતો હતો. એકનો એક દીકરો પરણાવવા નીકળેલો માણસ કેવી કેવી હોશ મનમા લઈને આવ્યો હશે! હવે લીલા તોરણથી જાન પાછી જાય તો પછી ન્યાત-જાત અને ગામમાં આબરૂ શી! મેપાને માટે આપઘાત કરવા સિવાય બીજો રસ્તો ન હતો.

આ બધી વાત મા અને દીકરી બારણા પાછળથી સાભળતા હતા.

'મને એમ જ હતુ કે તારા બાપુ કાંઈક નવાજૂની કરશે જ' માની આખમા આસુ હતા.

'પણ તું મારા બાપુને કેમ સમજાવતી નથી?' દીકરી માના ખોળામા મો છુપાવી બોલી.

'હું શુ કરુ? એ કોઈનું માને એમ નથી તારા મામાએ પણ કયા ઓછુ કહ્યુ છે! એટલે તો આ લગન છોડીને એ જતા રહ્યા છે.'

દીકરી મેપા આયરના મોં સામે જોઈ રહી. એમના મનમા શું શુ ચાલતું હશે? એક ઢોરનો સોદો થતો હોય તેમ પોતાનો સોદો થતો જોઈ દીકરીનું અતર વલોવાઈ ગયુ. મા નિર્બળ હતી એનું બાપ પાસે કશુ ચાલે તેમ નહોતું. બાપે લાજ-શરમ ને લાગણી બધુ નેવે મૂક્યું હતુ.

'મા, હુ આપઘાત કરીને મરી જઈશ કાલ સવારે તું મારુ મો નહિ જોઈ શકે' ધ્રુસકા મૂકતા દીકરી બોલી.

'દીકરી, તારામા હિમત છે?'

'છે. કહે તો અત્યારે પ્રાણ આપી દઉ.'

'ના, કોઈના પ્રાણ બચાવવા છે, કોઈની આબરૂ બચાવવી છે.'

'ભલે, તુ કહે તેમ કરુ' દીકરીના મો પર ચમક આવી

મેપા આયરના પ્રૌઢ થતા મો પર એક એક રેખા ભલમનસાઈની હતી આખમા આસુની ધાર સાથે ધરતી માર્ગ આપે તો સમાઈ જવા જેવી સ્થિતિ લાગતી હતી.

'હે દેવ, તુ જ સમી મત્ય દેજે.' આભ ચિરાઈ જાય તેવો ઘોર નિસાસો મૂકી મેપો ઊભો થયો એક ક્ષણમા જ જાણે જીવનના પચીસેક વર્ષ વટાવી ગયો હોય તેવો વૃદ્ધ બની ગયો ભાગને પગે તેણે ઊભા થવા હઠીલાનો ટેકો લીધો ઘડી પહેલા અને આખી વાટ ઉમગભેર ગાણા ગાતી આયારાણીઓના મો પર શાહી ઢળી ગઈ ઢરમનનો વર-રાજાનો વેશ ઊતરી ગયો ઉતારી નાખ્યો ખેડૂતો ગાડા પાછા વાળવાની મથામણ કરવા લાગ્યા.

દેશરો અને બેત્રણ સાથીદારો અકકડ બની ઊભા છે. મેપો હઠીલાના ટેકે ડેલી તરફ વળતો હતો.

'જરા, ઊભા રહેજો તો.' પાછળથી એક કોમળ અવાજ આવ્યો. મેપાએ ચોકીને પાછા ફરી જોયુ. લગનના અર્ધ શણગારમાં સજ્જ થયેલી કન્યા આખમાં આસુ સાથે બારણા વચ્ચે ઊભી હતી.

હતબુદ્ધિ જેવો મેપો ખેચાઈને ઊભો રહ્યો ત્યા તો 'હા હા' કરતો દેશરો આગળ આવ્યો. પોતાની જ પુત્રી પોતાની ઉપરવટ જઈ આમ બારણા વચ્ચે જતા માણસને હાક મારે તે પહેલા તો તેની સમજમા જ ન આવ્યુ.

'છોકરી, આ શુ માડયું છે?'

'કશુ જ નહિ.' અજબ હિમત અને સ્વસ્થતાથી બોલતા બોલતા તે પગથિયા ઊતરી રહી. 'તમે ભૂલ કરતા હતા, એ હું સુધારી લઉ છું'

'અમારુ નાક કપાવવુ છે ?'

'પણ હવે બાકી યે શુ રહ્યુ છે ?'

'એટલે તુ અમારી ઉપરવટ અહીથી એમની જોડે જવા માગે છે ?'

'ત્યારે બાપા,' છોકરી બોલી, 'મે પહેલેથી જ કહ્યું હતું કે હુ એ ઘેર પરણીશ મારુ અંજળપાણી ત્યા જ જોડાયેલ છે, છતા તમે કેમ હઠ છોડતા નથી ?'

'છોકરી, વ્યવહારની વાતમા તુ શુ સમજે ?'

એક બાજુ મેપો ઊભો ઊભો પિતાપુત્રીનો આ સવાદ સુણી રહ્યો છે વચ્ચે ગુસ્સાથી ભભકતો દેશરો ઊભો છે, બારણા વચ્ચે આસુભરી આખે મા આ તમાશો જુએ છે. અને બે ભાઈઓ જે કાઈક સમજદાર હતા તે એટલે ઊભા રહ્યા છે. દીકરીમા મરણિયા જેવી હિંમત આવી હોય તેમ બિલકુલ સ્વસ્થતાથી પિતાને જવાબ આપે છે. 'વ્યવહાર-ની વાત ? હુ બજારની ચીજ નથી કે તમે મારો સોદો કરવા બેઠા છો ! હુ નથી બળદ કે નથી ભેંશ કે આમ આગણે બેસી મૂલ મુલવાય મારી આડે આવશો તો જીવ દઈ દઈશ, પણ આમને તો આ રીતે પાછા નહિ જવા દઉ

'હુ કોબાડ માણસ છુ, ભૂલીશ નહિ !'

'હુ યે તમારી જ દીકરી છુ'

જીભાજોડી લાબી ચાલે તેમા હવે સાર નહોતો, એટલી વાત તો દેશગો કળી ગયો જાહેરમા આ તમાશો થાય તો એની જ ફજેતી થાય એમ હતી બેચાર માણસો વચ્ચે પડ્યા અને વાત વાળી લીધી દીકરીની એક જ શરત હતી, 'તમે મને કકુકન્યા તરીકે પરણાવો તો હુ એમની જોડે ચાલી નીકળીશ અને જોઉ છુ મને કોણ અટકાવે છે ! મને જીવતા નહિ આવડતું હોય તો કાઈ નહિ, પણ મરતા તો આવડે જ છે'

દેશગએ જોયુ કે એના પક્ષમા કોઈ નહોતુ હવે વધારે તાણવા જતા વધારે મુસીબત થાય તેમ હતી. વાત ત્યાથી જ પતી ગઈ જાનના ગાડા દેશગએ પાછા વાળ્યા લગ્નમા કશો સ્વાદ નહોતો, છતા લગ્ન થયા. શુકન ખાતર પાચ ગાણા પણ ગવાયા. મન વિનાના ભોજન પતી ગયા

બાપના ઘરની એકેએક ચીજનો ત્યાગ કરી જીવી નવવધૂ બની ચાલી નીકળી એણે શુકન ખાતર પણ એક આસુ ન પાડ્યુ એમ ગામલોક કહે છે

જીવી સાસરે ગઈ, પણ પછી એણે કદી પિયરમા પગ મૂકયો નહિ. સાસુ—સસરાને મન જીવી તારણહાર હતી. જીવીએ જ તેમને નવજીવન બક્ષ્યુ હતુ ગામ અને નાત-મા આબરૂ રહી હતી. એમના મો ઊજળા હતા, એ તો જીવીને જ કારણે

જીવી સાસરે આવી, પણ નવવધૂના લાડની એને પડી નહોતી એણે કછોટો વાળી બીજા જ દિવસથી કામ સભાળી લીધુ એની ઉમરને કારણે ભલે એ જુવાનમા ખપે, પણ એનું ડહાપણ તો કો સસારના બધા રગ જોઈ નાખ્યા હોય તેવા માનવીનું હતુ. અને તે કારણે તે વૃદ્ધોમા વૃદ્ધ ગણાતી સાસુસસરાનુ લગભગ બધુ કામ તેણે છોડાવી દીધુ

'બાપા, તમતમારે હાથમા માળા લઈ ભગતિ કરો. તમારુ પુણ્ય અમને સારા રસ્તે વાળશે' એ હમેશા કહેતી. પોતાના ડહાપણથી, આવડતથી અને કુનેહથી ગામમાં પોતાના નામની સુવાસ ફેલાવી દીધી.

મેપા પર ઈશ્વર જાણે પ્રસન્ન હતા ભૂતકાળમા અનેક લીલીસૂકી જોઈ હતી પણ ઘરમા કકુકન્યાને પગલે પગલે સુખની છોળો ઊડતી લાગી મેપાનુ ઘર ગામમા પણ જીવી-ના ઘરથી ઓળખાવા લાગ્યુ સામાન્ય રીતે તો કુટુબના વડીલના નામે જ ઘર ઓળખાય છે.પણ જીવીના સદ્ગુણથી કુટુબ પણ 'જીવીવાળા ઘર'ના નામે ઓળખવા લાગ્યુ

સમય વીતતો ગયો ભૂતકાળના ઘા જેમ જેમ રુઝાતા ગયા, તેમ તેમ ફરી જૂનો સ્નેહ યાદ આવવા લાગ્યો અને પિયરમાથી જીવીને અનેક વાર તેડા આવવા લાગ્યા પણ જીવીએ પિયરમા જવાની ઘસીને ના પાડી દીધી. જાણે કે એ માયા તેણે સમૂળગી ખખેરી નાખી. પિયરની વાત કોઈ પૂર્વભવ કે સ્વપ્નની વાત હોય તેવી સાહજિકતાથી જીવીએ એ માયાને વેગળી કરી દીધી એક વાર ભાઈ પણ ગઈ ગુજરી ભૂલી બેનને તેડવા આવ્યો.

પણ જીવીએ કહી દીધું : 'જે ઘરમાં બેનદીકરીના ઢોરની જેમ ગણીને પૈસા લેવાય એ ઘરના અન્નનો એક દાણો યે મારે પેટમા ના જોઈએ.'

મેપાએ પણ એક વાર આગ્રહપૂર્વક કહ્યુ 'બેટા, માને એકવાર મળી આવ'

'બાપા, આ કળજગમાં માવતર કમાવતર થાય છે. મારે એ ઘરમાં જઈ પાણી નથી પીવુ'

'ભાઈ, મા, એમ એક-પછી-એક બધા કોઈ ને કોઈ બહાને જીવીને મળી ગયા. મા અને દીકરી ગળે વળગી રડ્યા. તેડી જવાનો અતિ આગ્રહ હતો છતા જીવીએ એક જ વાત કહી, 'જેને પ્રેમ છે એ મળ્યા અને મળીએ છીએ. મને અહી કશી ખોટ નથી હવે ઘેર આવુ તો ય શુ અને ન આવુ તો યે શુ ?"

ફક્ત બાપ મળવા ન આવ્યા. અને જીવી પણ વટનો કટકો હતી. તે પણ ન ગઈ તે ન જ ગઈ.

આ વાતને કેટલાક વર્ષ વહી ગયા. આ નાનકડા કુટુબનુ જીવન સુખચેનથી પસાર થતુ હતુ. સંતોષનો રોટલો રળી ખાતા હતા. એ શાત જીવનમા ફરી એક ઝઝાવાત ઊભો થયો કરસન એકાએક માદો પડ્યો. દાક્તરી સારવાર પહોચે કે રોગ કળાય તે પહેલા જ આ જગતમાથી વિદાય લીધી. વૃદ્ધ માતાપિતાનું કલ્પાત, જીવીનું હૈયાફાટ રુદન કે પાચ વર્ષના હીરાનું આક્રદ અટકાવી શક્યા નહિ.

ડોસાની બધી હોશ તૂટી પડી તેના ઘોળા પળિયામા આ આઘાત જીરવવાની હિમત નહોતી. મમત મૂકી દઈ, દસ વર્ષે પુત્રીના શોકમા ભાગ પડાવવા બાપ આવ્યો. એક દસકા પછી બ નેનુ મિલન થયુ. બાપદીકરી પોકે પોકે રડ્યા બાપે હિમત આપતા કહ્યુ : 'જીવી બચ્ચા, ગઈ ગુજરી ભૂલી જા હવે ઘેર ચાલ, વ્યાવહારિક દૃષ્ટિએ પણ તારે ઘેર આવવુ જોઈએ. પછી આગળનો વિચાર કરીશું.'

આટલા શોકની વચ્ચે પણ ફરી 'વ્યાવહારિક' વાતનું નામ સાભળી જીવી મનોમન ફફડી ઊઠી. 'આગળનો વિચાર'મા જે ગર્ભિત ઇશારો હતો તેનો અર્થ સમજતા પણ એ કપી ઊઠી. વૃદ્ધ સાસુસસરા તો દિશાશૂન્ય જતા વહાણની પેઠે શુ કરતા હતા તેનું ભાન નહોતું કેટલાક દુ.ખનો આઘાત જ એવો હોય છે,કે માણસ મૂઢ બની જાય છે. એમને તો પોતાના દેહધર્મોનું પણ ભાન નહોતું રહ્યુ.

જીવીને થયેલા આઘાતની તો કલ્પના પણ થઈ શકે તેમ નહોતી પરતુ નાનો હીરો અને એથીયે વધારે પગુ અવસ્થામા આવી પડેલા સાસુસસરા સામે જોઈ તેણે મન મક્કમ કર્યું. તેણે પિતાને સ્પષ્ટ રીતે કહી દીધુ : 'બાપા, તમારી મમતા હમેશા મારી સાથે છે. એટલે વૈધવ્યના દહાડા ગમે તેવા કપરા હોય તો યે ગાળવામા મુશ્કેલી નહિ પડે હીરો કાલ સવારે મોટો થઈ જશે અને સૌ સારા વાના થઈ રહેશે. પણ મારા સાસુસસરાનું શુ ? એમનું જીવન કે મૃત્યુ હુ નાહ બગાડુ તમે અને એવી સલાહ પણ ન આપશો '

પિતાની સમજાવટની કશી કારી ફાવી નહિ. પિતાએ બધા પ્રયત્નો મૂકી દીધા. જતા જતા તેણે પિતાને કહ્યું : 'તમે હજી બેઠા છો મારે ચાર ભાઈ છે. સુખેદુ:ખે મારા સામે જોતા રહેજો એ હૂફમા જ આ દુખનો દસકો નીકળી જશે અને પછી તો મારે શી કમીના છે ? તમે છો અને કઘોતર દેનારા મારે ચાર ચાર ભાઈ બેઠા છે '

પિતાએ અપાર તેટલી હૂફ આપી અને ગઈ ગુજરી ભૂલી જઈ પુત્રીને સહારો દેવાનું વચન આપ્યુ

જીવીએ પોતાનો કર્તવ્યમાર્ગ નક્કી કરી લીધો. તેણે વૃદ્ધ સસરાને કહ્યુ : 'બાપા, તમને ઝાઝુ દુખ તો નહિ દઉ, પણ તમે થોડી ઉપરની સભાળ રાખજો ખેતીનું બધુ કામ હુ ઉપાડી લઇશ ભગવાન આ દીવાને કાલે સવારે મોટો કરી દેશે. પછી આપણે લીલાલહેર છે શી વાતનું દુ.ખ છે ? તમે બેઠા છો એ જ મને મોટી હૂફ છે '

મેપો તૂટી પડ્યો હતો એણે દિશા ગુમાવી હતી, પણ હવે ધ્રુવતારક સાપડી ગયો હતો. વહુની હિમતે તેનામા હિમત આવી જીવનમા પાપ કરતા ક્યાક પાછુ વાળીને જોયુ છે એની એને પ્રતીતિ થઈ પુત્ર ગયો પણ પુત્રવધૂમા તેને પુત્રના દર્શન થયા.

જીવનનો બધો વિષાદ ખખેરી દઈ વૃદ્ધે ઈશ્વરભજન સાથે ફરી કર્તવ્ય આરભ્યુ બહુ થોડા વખતમા તેને ખાત્રી થઈ ગઈ કે જીવનમા તેણે ભલે પુત્રને ગુમાવ્યો હતો, છતા ઈશ્વરની મહેર તો એવી ને એવી તેના પર વરસી રહી હતી. બાળકને મોટો કરવો, ખેતીવાડીમા પુત્રવધૂને ઓથ દેવી. એ બે કર્તવ્યભાને ડોસામા જાણે નવેસરથી જુવાનીનો સંચાર થયો.

દિવસો વીતતા જાય છે અને ધીરે ધીરે બધુ થાળે પડી ગયુ છે. મોટામા મોટો આઘાત પણ જીવીએ હિમતથી સહી લીધો. જીવન જીવવાનું એક નવું આત્મબળ મળ્યુ અને ઈશ્વર પરની તેની શ્રદ્ધા વધારે દૃઢ થઈ.

દુખનો એ દસકો પણ હવે વીતી ગયો

જીવી જુવાન મટી હવે આધેડ બની છે એ ત્યાગમૂર્તિને સૌ અતરમનથી વંદી રહે છે. એણે નથી કદી કોઈ

જોડે ઝઘડો કર્યો, નથી કોઈની સામે ઊપડતા સાદે કશુ કહ્યુ. હાથમા કામ અને ચિત્તમા રામ, આ સિવાય ત્રીજી કોઈ બાબતમા તેમણે માથુ માર્યુ નથી વૃદ્ધ ડોસાડોશી હવે સીત્તેરેક વર્ષના આરે પહોચવા આવ્યા છે. હીરો પણ હવે કરસનની પ્રતિકૃતિ જેવો જ ફૂટડો જુવાન બનતો જાય છે. એને બીજુ તો શિક્ષણ નથી મળ્યુ, પણ ઘરમાથી જ સસ્કારનો જે વારસો મળ્યો છે તે અપૂર્વ છે. એણે ખેતી-વાડીમા જેમ જેમ ધ્યાન પરોવવા માડ્યુ તેમ તેમ વૃદ્ધ મેપાએ ફરી માળા સભાળી લઈ, ઈશ્વરભજન કરવા માડ્યુ જીવીની કરકસર અને ત્રેવડથી ઘર સુખથી ચાલે છે જીવીના ભાઈઓ પણ હવે બરાબર ધ્યાન રાખે છે.

આમ તો ગામ નાનું હતું, પણ યાત્રાળુઓના માર્ગ-મા આવતુ મહત્ત્વનું ગામ હતું ત્યાથી સુદામાપુરી એક કે દોઢ દિવસની મજલ પર હતું. યાત્રાળુઓ આ રસ્તે આવતા, પડી ગયેલી કોઈ ધર્મશાળામા કે ઝાડ તળે આશ્રય લઈ ચાલતા થતા.

સાધુસતો—અભ્યાગતો રાતવાસો કરતા. કદી કદી કોઈ વિદ્વાન સાધુસતના સમાગમનો પણ લાભ મળતો. વૃદ્ધ મેપાના જીવનમા એમની સેવા કરવાની અંતરતમ લાગણી હતી તે આવી સગત ખોળતો અને પોતાનાથી બનતી તે સેવા કરતો.

એક દિવસ એક વિદ્વાન સાધુનો અનાયાસે મેળાપ થયો સાધુ એક ઝાડ તળે બેઠા હતા મેપાએ તેમને ઘેર આવવા આગ્રહ કર્યો. કશીક બીમારીને કારણે મહાત્મા બીજે દિવસે પણ જઈ શકયા નહિ.

ત્રીજે દિવસે મહાત્મા સધ્યાવદન કરી બેઠા હતા. ધીરે ધીરે જવાની તયારી કરતા હતા મેપો તેમને આજે રોકાઈ જવાનો આગ્રહ કરતો હતો એટલામા જીવી ત્યા આવી. મહાત્માની મર્યાદા જાળવવા તેણે મો પર કપડુ વધારે ઢાક્યુ.

ઘડીભર મહાત્માનું ધ્યાન જીવી પર ગયું. એક પળ, બે પળ અને તરત જ મહાત્માનું શિર જીવીને વદન કરી રહ્યુ તેમની આખમાથી આસુની ધારા વહેતી ચાલી. જીવી નીચુ મો કરી સૌ જોઈ રહ્યા સકોચાઈ ને ઊભી રહી ગઈ. આ ઊભેલ કોઈ કશું ન સમજ્યુ. મેપો પણ આશ્ચર્યથી ઘડીમા જીવી તરફ તો ઘડીમાં મહાત્મા તરફ જોઈ રહ્યો.

'ભગત,' છેવટે મહાત્મા બોલ્યા, 'ધન્ય ભાગ તમારા. તમારા ઘરમા સાક્ષાત્ લક્ષ્મી પધાર્યા છે.'

જીવી હતી ત્યા જ જડાઈ ગઈ

મહાત્મા તે દિવસે રોકાઈ ગયા. રાત્રે સત્સંગ થયો. મહાત્માએ છેવટે બધા પાસે એક વાત મૂકી : 'તમારુ ગામ યાત્રાધામના રસ્તે છે અહી થી કૈક યાત્રાળુઓ નીકળે છે. એમને માટે એક સદાવ્રતની ખાસ જરૂર છે.'

'મહારાજ, આ ગામમા એવા કોઈ શ્રેષ્ઠી કે ધનિક નથી આવુ કામ તો એ કરી શકે અમ ગરીબથી તો શુ થાય?'

'ભગત, તમે ગરીબ નથી.'

ભગતનું મો ખડખડ હસી પડ્યુ. 'અમારી સપત્તિમાં, બાપા, આ હીરો છે.'

'તમારી પાસે એવી સપત્તિ છે, કે એનો તાગ જ મળે તેમ નથી' મહાત્માએ ફરી ભારપૂર્વક કહ્યુ : 'તમને ભગવાન તથાગતની એક વાત કહુ' એમ કહી મહાત્માએ એક કથા કહી.

'ભગવાન બુદ્ધ સદેહે હતા ત્યારે પૂર્વના એક દેશમા દુકાળ પડ્યો.' ડોસો, ડોસી અને જીવી ધ્યાનપૂર્વક સાભળી રહ્યા.

'પછી દુષ્કાળમા અનાજ વિના માણસો તરફડીને મરવા લાગ્યા ત્યારે ભગવાન તથાગત એક દિવસ શ્રાવસ્તી નગરીમા પધાર્યા અનેક શ્રેષ્ઠીઓ, ધનકુબેરો ત્યા એકઠા થયા ભગવાને બધાની વચ્ચે એક વચન નાખ્યુ : 'શ્રેષ્ઠીઓ, હે મહાનુભાવો, મારી એક ટહેલ છે. તમે સાભળો. દુર્ભિક્ષને લીધે હજારો માનવી મરી રહ્યા છે તેમને અનાજ મળે તેવુ કાઈક તમે કરો.'

બધા જ એકબીજાના મો સામે જોઈ રહ્યા લાખો લોકોને નિભાવવા તે નાનીસૂની વાત નહોતી. કુબેરભડારી પણ ભિખારી થઈ જાય

ભગવાને ફરી ટહેલ નાખી, પણ કોઈ બોલ્યુ નહિ. ત્યારે કોઈ આગળ ન આવ્યુ ત્યારે છેવટ દીનહીન વસ્ત્રમા સજ્જ થયેલી એક ભિખારણ પાસે આવી.

'પ્રભુ, આપની ટહેલ પ્રાણાતે પણ હુ પૂર્ણ કરીશ'

બાઈના આ રગઢગ સૌ જોઈ રહ્યા.

'તુ પૂરી કરી શકીશ ?' ફરી તથાગતે પૂછ્યુ.

'હા, પ્રભુ.' પ્રસન્નતાથી બાઈએ જવાબ દીધો.

'શી રીતે ? તારી પાસે શી સંપત્તિ છે ?'

'મારી પાસે આ ભિક્ષાપાત્ર છે. પ્રભુ, આશિષ આપો તો એવી આપો કે તે અક્ષયપાત્ર બની રહે'

'તથાસ્તુ.'

અને માનશો ? એના પાત્રમા નિરવધિ ધન આવી પડ્યુ. એમાથી અનાજ લઈ તેનું તેણે વિતરણ કર્યું. મારે શું કહેવુ છે તે તમે સમજી ગયા હશો.' મહાત્માએ વાત પૂરી કરી.

મહાત્મા વિદાય થયા. પેલી ભિખારણની અને તથાગતની વાત જીવીના મનમા ગુજતી રહી છેવટ એક દિવસ મોકો જોઈ તેણે ડોસા પાસે વાત મૂકી. 'બાપા, આપણે સદાવ્રત ખોલીએ'

'પણ એ શી રીતે બનશે ? એમા તો ધનના ઢગલા યે ખૂટી જાય.'

'શ્રદ્ધા રાખો, સૌ સારા વાના થશે વળી બાને અને તમને તીરથજાત્રા કરવાનો અવસર મળ્યો નથી. અનેક તીરથ ફરી ફરીને આવેલા સતોની સેવા કરવાનો લાભ મળશે, એ કાંઈ જાત્રા કરતા ઓછો લહાવો નથી. આ તો રોજ જાત્રાનો લ્હાવો છે.'

સદાવ્રત ખોલાયુ. સાધુસતો ત્યા ભોજન કરતા અને આશિષ આપતા રોજ રોજ નવી નવી જ્ઞાનવાર્તાઓ થતી. દેશ દેશના અનુભવો સાભળવા મળતા. ગામમા એક નવી હવાનો સચાર થયો.

ડોસાડોસીના અવસાન પછી પણ જીવીએ સદાવ્રત ચાલુ રાખ્યુ અને એ ચાલતું રહ્યુ તાણીતૂશીને ઘર ચલાવનાર સદાવ્રત શી રીતે ચલાવતા હશે એ તો ભગવાન જાણે પણ એ ચાલતુ રહ્યુ અને સાધુસતો પણ આવતા-જતા રહ્યા.

પછી તો જમાનો પલટાયો. સદાવ્રત બંધાવનાર ગયા રેલનો પાટો નખાયો અને સાધુસતો પગપાળા આવતા તે બધ થયા એ સદાવ્રત અને સદાવ્રત સાથે સકળાયેલા જીવનની સુવાસ હજી પણ લોકહૈયે ફોરી રહી છે. ◎

માન્યામાં ના આવે એવી એક વાત છે, છતાંય સાચી છે—કાદવમાથી કમળ જન્મે છે એના જેટલી સાચી.

એક ખાટકીનો દીકરો જગતનો મહાન સંગીતકાર બને છે. બોહેમિયાના એક નાનકડા ગામડામાં મટનની જુદી જુદી વાનગીઓ વેચવાનો ધધો કરતા ખાટકીને ત્યા એનો જન્મ કારમી ગરીબી વચ્ચે થયો.

પિતાની કમાણીમાથી કુટુંબનુ ભરણપોષણ પણ માડ માંડ થતું ત્યા શાળાએ જઈને શિક્ષણ લેવાની તો વાત જ શી કરવી ? એટલે બાળપણથી જ પિતાની દુકાનમા નાનુમોટું કામ કરવા લાગ્યો. પણ એનો જીવ એમા પરોવાતો ન હતો. અને જેમ જેમ એ મોટો થતો ગયો, તેમ તેમ એના મનમા આ ધધા પ્રત્યે અણગમો વધવા માડ્યો.


એના હાથ પિતાની દુકાનમા નાનામોટાં કામ કરતા, જ્યારે મન કોઈ ગીતની પક્તિઓ ગણગણતું. દુકાનના કામમાંથી જ્યારે ફુરસદ મળતી ત્યારે એ એક પુરાણુ વાયોલીન લઈ, ગામની શેરીએ શેરીએ વગાડતો ફરતો. આમ એના વાયોલીનવાદનથી ખુશ થઈને ક્યારેક કોઈ એને એકાદ-બે પેન્સ આપતું. પણ આવી રીતે શેરીએ શેરીએ ફરીને વાયોલીન વગાડવા જેટલી ફુરસદ એને ક્યારેક જ મળતી મોટે ભાગે તો એને પિતાની દુકાનમા મોડી રાત સુધી કામ કરવું પડતું—એ ખૂબ જ થાકી જતો ત્યાં સુધી.

પરંતુ પેલી સંગીત શીખવાની—એક દિવસ નામાંકિત સગીતકાર બનવાની ધૂન એના મગજમા એવી ઘર કરીને બેઠી હતી કે એને ઘડીભર પણ ચેન પડવા દેતી ન હતી મટનની દુકાનમા કામ કરતા કરતાં સગીતકાર ન થવાય એ માટે તો કોઈની પાસેથી શિક્ષણ લેવું પડે. એના ગામમા તો એને સગીત શીખવે એવું કોઈ જ ન હતું. એણે સગીત માટે પ્રેગનુ નામ સાભળ્યું હતું ત્યા સગીતના વિદ્યાલયો હતા. પ્રેગ જાય તો જ એ સગીત શીખી શકે અને તો જ મનની મુરાદ બર લાવી શકે.

પ્રેગ જવા માટે પૈસા જોઈએ. એણે એક દિવસ હિંમત કરીને માતાપિતાને આ વિષે વાત કરી. એમણે તો પુત્રની આ વાત જુવાનીના તરંગ જેવી ગણીને હસી કાઢી.

માતાપિતા પાસેથી સંગીત શીખવા માટે કશી જ સહાય નહિ મળે એ એને સમજાઈ ગયું તોય એ હિંમત ના હાર્યો પાસે થોડીક મૂડી હતી. પોતાના ગામની શેરીઓમાં ફરીફરીને વાયોલીન વગાડીને મેળવેલા પેન્સની મૂડી આ નાનકડી મૂડી લઈને એક દિવસ એ માતાપિતાની મરજી વિરુદ્ધ પ્રેગ જવા ઊપડયો.

કાદવનું કમળ



કાંતિ મેપાણી

પ્રેગ આવ્યો આવતા જ એણે પહેલું કામ સંગીત વિદ્યાલયમાં જઈ ફી ભરી, નામ લખાવવાનું કર્યું. ફી ભરતા જે પૈસા બચ્યા એમાથી એણે સંગીત શીખવા માટે પિયાનો લેવાનો વિચાર કર્યો નવો પિયાનો તો એટલો બધો મોંઘો હતો કે માત્ર શ્રીમંત સિવાય કોઈથી ય લઈ ના શકાય આથી એની પાસે જે થોડાક પૈસા બચ્યા હતા એટલામાથી જૂનો પિયાનો મેળવવા પિયાનાની દુકાને તપાસ કરી, પરંતુ એની કિંમત પણ ઊંચી હતી છેવટે એણે એક જૂનો પિયાનો ભાડે રાખ્યો. એય હતો સાવ તૂટેલો એની કેટલીય ચાવીઓના તો કશાય ઠેકાણા હતા નહિ આવો તો આવો, એ લીધા સિવાય એનો છૂટકો જ ન હતો એ સિવાય એનાથી ઘેર પ્રેકટીસ થઈ શકે એમ ન હતુ આમ, આવા અધૂરા સાધન પર એણે સંગીતની સાધના શરૂ કરી

પણ એની મુસીબતોનો અંત અહીં નહોતો આવતો એના રહેવાના અને ખાવાપીવાના કશાય ઠેકાણા ન હતા શરૂશરૂમા તો એ શેરીના ખૂણે કે ફૂટપાથ પર સૂઈ રહેતો પાછળથી શહેરના એક ગંદા લત્તામાં એના જેવા બીજા ચારેક વિદ્યાર્થીઓની એક નાનકડી ખોલીમા થોડીક જગા મળી. સવાર–સાંજ જે મળે તે ખાઈ લેતો.

ક્યારેક એના મનમા સંગીતની કોઈ નવી તર્જો જન્મતી એ લખવા માટે નહોતી એની પાસે નોંધપોથી, ઘણીવાર એણે રસ્તા પર પડેલા કચરામાથી કાગળની ચબરખીઓ વીણીને સંગીતની આ નવી તર્જો એના પર ટપકાવેલી આવા કાગળના ટુકડા કેવી રીતે સચવાય ? આમ એની કેટલીય મૂલ્યવાન તર્જો ક્યાય ખોવાઈ ગઈ હશે

કથીર અને કંચનના ખરા પારખા તો એને કસોટીએ ચડાવો ત્યારે જ થાય. માનવીમાં રહેલું હીર માનવી જ્યારે આવી આકરી કસોટીએ ચડે ત્યારે જ પ્રગટે છે આવા અધૂરા સાધનો પર કામ કરતા ના એ કંટાળ્યો કે આવી ખાવાપીવા અને રહેવાની મુસીબતોથી ના એ હાર્યો. એ તો મંડયો રહ્યો—પોતાના અંતરની એક આશા પૂરી કરવા પાછળ બધુંય ભૂલી જઈને અને અથાગ પરિશ્રમ પછી એક દિવસ એને હાથ એક અણમોલ મોતી લાધ્યું એને સંગીતની નવી તર્જ મળી જગત આ તર્જને 'હ્યુમરસ્ક'ના નામથી ઓળખે છે આ તર્જ માટે એવું કહેવાય છે કે દુનિયાનો કોઈ ભાગ એવો નથી કે જ્યા દિવસના કોઈ પણ સમયે આ તર્જ એક વખત પણ વગાડાતી ના હોય આટલી તો છે એની લોકપ્રિયતા.

જગતને સંગીતની આવી અણમોલ લ્હાણ કરનાર એ વિખ્યાત સંગીતકારનું નામ હતું એન્ટન ડોરેક

આતિયો જીવ



જોરાવરસિંહ જાદવ

‘આપાને ઘેર ઝડતી ! મારે બેટે ભારે કરી. આપો તો બિચારા ભગવાનનું માણહ છે. ‘ધરમીને ઘેર ધાડ’ ઈ વાળી વાત થઈ આ. આપા હામે તો કઈ આગળી ચીંધવાપણું નો હોય. ઈના ઠેકાણે આજ ઈમના ખોરડા માથે આદુ વવાય છે.’

‘બાપડા આપાના ધોળામા ધૂળ પડી.’ ગામ આખાના મોમાંથી આપા પ્રત્યે સહાનુભૂતિની સરવાણીઓ વહી રહી હતી

ત્રણ દસકા મોર્યની આ કથા છે પાણીના બૂડબૂડિયા શેખા ધંધુકા તાલુકાના અળઉ ગામમાં દાહાભઈ નામના કાઠી દરબાર રહે દાહાભઈના બાપુ પાહે ઘરેણેલૂગડે ભાગી પડતી નવોઢા નારીની માફક એન એન ગામગરાસ હતો, પણ દાહાભઈનો દિ’ પલટચો ને જેમ દમયંતીના હાથમાથી માછલા જીવતા બનીને સરી પડચા એમ દાહાભઈના હાથમાથી જોતજોતામા ગરાસ સરકી ગયો. દાહાભઈના ભર્યાભાદર્યા હાડા શેખા ઘર માથે ગરીબાઈ હડિયાપટી લેવા માડેલી પણ ખાનદાન કુળના દાહાભઈના ઘેર અભિયાગતને ઊજળા મોઢે મીઠો આવકારો મળતો દાહાભઈ સમજણા થયેલા ત્યારથી વેરઝેરને એમણે વળગણીએ વળગાડી દીધા હતા. એટલે ગામના બે ડાહ્યા માણસમા એમની ગણતરી થતી. ગામ આખુ એમને આપાના નામે ઓળખતું

‘અલ્યા, નરસી ! શેઢાના ખેતરમા કડબના પ સોર હંધાય વળાઈ જીયા ?’ ડેલીમા બેઠા બેઠા એક દિવસ દાહાભઈએ સાથીને પૂછ્યુ .

‘હા બાપુ, પ સોર વાળીને ઓઘા ય ખડકી દીધા છે જરાક હુકાય એટલે ભરોટા ભરી લાવીને વાડામાં ગંજી ખડકી દેસુ તમે ઊંસો જીવ શીદ રાખો છો ! નરસી બેઠો છે ન્યાં લગણ કડબનુ રાડું ય નૈ બગડવા દે તમે હચું હેઠું મૂકીને મોજ કરો ને !’ દાહાભઈના રહ્યાસહ્યા ગરાસને જીવની પેઠે જતન કરતા સાથી નરશીએ જવાબ વાળ્યો.

‘તું શેખો ઘરનો આદમી હોય પછી મારે શું જોવા જેવું રે’ ! પણ આ તો જીવ જ એવો છે કે જંપીને બેહતો નથી.’

નરશી બોલ્યો : ‘તમે બાપુ ! ડેલીની રખાવટ હારી પેઠ હાચવો. હુ સીમશેઢો હાચવીશ.’

નરસી-શેખો ભગવાનની બે રાખનારો કામગરો સાથી મળ્યો હોવા બદલ દાહાભઈ મનોમન સૂરજ મહારાજનો પાડ માનતા અને નરશીને સગા પેટના દીકરાની જેમ સાચવતા. કાઠિયાણી પણ કોઈ દી’ વેરો-વંતરો કરતાં નહીં. સીમશેઢાનાં કામ ઉકેલીને આવેલો નરશી શિરાવા બેહે ત્યારે કાઠિયાણી કોઠલામાથી ગઢિયા ગોળની લીલસોઈ ભેલી કાઢીને ઉંબરા માથે ચાર શેરીથી ભડુ લઈને ભાગતા ને દોઢ શેરનુ દડબું નરશીની પાટલી ઉપર મૂકતા. ને પડખે ભૂરી ભેંસના ઘીનુ કડહલુ મૂકતા. આપાના ઘરના ઘીગોળ ઝાપટીને ધડૂસિયા જેવો થયેલો નરશી કાયા તોડીને કામ કરતો, એટલે દાહાભઈ કાયમ કહેતા ય ખરા ‘ભઈલા નરસી ! તારા બંતને લઈને આ ખેડ ટકી રે સે નૈ તો કે દા’ડાની વીખઈ જઈ હોત ને ખોરડુ ભાગી જીયુ હોત ...’

પણ નરશી જશનુ પોટલુ હંમેશા માથેથી આઘું હડસેલતો . ‘અરે બાપુ ! ખેડચ ને ખોરડુ હંધુય આપના પુન (પુણ્ય) પરતાપે ટકી રિયું સે હું ટકાવનાર કોણ ! મનખો તો મે’નતનો ધણી બાકી હજાર હાથવાળો મારો વા’લો ઠાકર મા’રાજ આપાની ખેડચ હલવે છે.’

વરસને જતાં કયા વાર લાગે છે ! આધેડ ઉંમરના દાહાભઈના મો પર અવસ્થાની રીંછડીઓ રમવા માડી. જાહલ થયેલા દાત ટપોટપ ખરી પડયા નેક દિલના દાહાભઈએ પાછલી અવસ્થામા પ્રભુભજનમા ઠીક ઠીક વખત કાઢવા માડ્યો. એવામા એક દિવસ આફતની વાદળી દાહાભઈના ઘર સાથે વરસી. અંગ્રેજ સલ્તનતની સત્તા ડોલવા માડી હતી. આઝાદી અંગેની ચળવળોને કારણે હથિયારબંધીનો કડક અમલ ચાલતો હતો એ સમયે તલવાર માટે પણ પરવાનો લેવો પડતો જેની પાસેથી પરવાના વિનાનુ હથિયાર સાંપડતું તેને સખત નશ્યત થતી એવામા એક દિવસ ગારપાચ પોલીસનુ ઝોલુ દાહાભઈનુ ઘર પૃછતું આવી ચડયું. એ ટાણે દાહાભઈ ડેલીમા બેઠા બેઠા મહેમાનોને સુવાણ કરાવતા હતા. ડેલીએ આવતા વેંત જ ગજવેલ રેખા બરડ સાદે એક પોલીસે પૂછ્યુ ·'દાહાભૈ કુણ સે !'

'આવો ભા !' કહેતા દાહાભઈ ખાટલેથી ઊભા થયા.

'આપા, તમારા ઘરની જડતીનુ વોરંટ છે. નામદાર સરકારને બાતમી મળી છે, કે તમે ઓરડામા હથિયાર છુપાવ્યા છે'

'આ ઓરડા ઉઘાડા પડયા છે. સરકારના હાથ છૂટા છે મનમા આવે ઈ ફ્રેંફોસી લ્યો ને.'

આપા અને પોલીસની વહટીમા ગામના મુખી વચ્ચે પડયા. મુખીએ દાહાભઈને જોડેની નવેળીમા બકોરીને કીધુ ·'આપા ! થોડા ફદિયા જો હી દો ને ! 'અકલીનુ મોઢુ સોખાને દાણે' લઈને વે'તા મૂકે પોલીસવાળા એટલે તમે તો હારીપેઠ જાણો છો કે ખાલી મફતનો આબરૂનો ધજાગરો બાંધશે.'

મુખીની વાત સાભળીને દાહાભઈનો આત્મા કકળી ઊઠ્યો 'કંઈ ખોટુ કર્યું નથી. પોલીસને જે કરવું હોય ઈ કરે પૈસા ખવારીને મારે પાપના કુંડાળામા પગ નથી મૂકવો ભગવાન જેવો ધણી બેઠો સે'

આ સાભળીને મુખીનો મિજાજ ગયો: 'આપા, ભગતડાવેડા છોડો, નૈ તો બે-પાસ વરહ જેલના રોટલા ખાવા પડશે તાંણે આ મુખીના વેંણ હાભરજો, હો.'

'જે થવી હસે ઈ થસે મારુ ઘર ઉઘાડું છે.'

આપાની વાત સાભળી ઉશ્કેરાયેલા પોલીસોએ ઘોઘર બિલાડો જેમ હોલાનો માળો ચૂંથીને રફેદફે કરી નાખે એમ આપાના ઘરને વીંખી નાખ્યું તેના ઘરના પટારામાથી એક જૂનીપુરાણી તલવાર જડી આવી બસ, પોલીસોને જોઈતો હતો ઈ મુદ્દામાલ હાથમાં આવી ગયો.

આપાના માથે કેસ મંડાણો મુદતો ઉપર મુદતો પડી. ઘરડેઘડપણ આપાને કોર્ટના ટાપાટોયા વધ્યા. આપાનો કેસ શરૂ થયો એ વખતે ગોરા ન્યાયાધીશ હતા. પોલીસના કાગળિયા અને પુરાવા જોરદાર હતા. કોર્ટમા હાજર થયેલા ખખડધજ ઓરડા જેવી જર્જરિત કાયાવાળા દાહાભઈના દરહણ અને અવસ્થા જોઈને ગોરા ન્યાયાધીશના અંતરના અગોચર ખૂણે આપા પ્રત્યે લાગણીની ટશર ફૂટી આવી આપાને નિર્દોષ છોડી મૂકવા માટે ન્યાયાધીશે પૂછ્યુ : 'દાહાભઈ, આ તલવાર તમારા વડીલોપાર્જિત છે ને !'

દાહાભઈ ન્યાયાધીશના કહેવાનો મરમ પામી ગયા. પણ સત્યના અડીખમ ટેકેદાર દાહાભઈએ તરત જ વળતો પ્રત્યુત્તર આપ્યો 'ના, બાપ, અસત નઈ બોલુ. આ તલવાર મારા વડીલોપાર્જિત નથી મેં જ પટારામા મૂકી રાખી હતી'

દાહાભઈના જવાબથી ન્યાયાધીશ ઘડીભર તો મૂંઝવણમા મુકાઈ ગયા. પણ આ જવાબ સાભળીને ન્યાયાધીશને સાચાબોલા ભારતીય બૂઝુર્ગ આદમી પ્રત્યે માનની લાગણી પ્રગટી છેવટે ન્યાયાધીશે દાહાભઈને એક મહિનાની સાદી જેલની સજા કરી. દાહાભઈ કોઈ પણ જાતની ઉપાધિ વગર જેલ ભોગવી આવ્યા.

સજા ભોગવીને જ્યારે તેઓ છૂટયા ત્યારે ન્યાયાધીશે પડે જઈને સત્યપ્રેમી બુઢ્ઢા દાહાભઈની સત્ય ટેકને બિરદાવીને ધન્યવાદ આપ્યા. ત્યારે અસતના આવરણને આઘુ હડસેલવા બદલ દાહાભઈના મો પર અકથિત આનંદની લાગણી છવાઈ હતી.

અભિશાપ અને આશીર્વાદ



પુષ્પાબેન ન પંડ્યા

ઘરના પગથિયા ચઢતા જ મનોજના મુખ પર આશ્ચર્ય અને ચિંતામિશ્રિત ભાવો ફરી વળ્યા. મમતા આજે ઘરના દરવાજામાં દેખાતી નો'તી. મનોજ વિચારી રહ્યો, 'રોજ મને આવકારવા સાત કામ પડતાં મૂકીને ય દરવાજા-માં અચૂક ઊભી રહેતી મમતા આજે કેમ દેખાતી નથી ? એને કંઈ થયુ તો નહિ હોય !

શંકા–કુશંકાથી ઘેરાયેલા મનોજે ઉતાવળે પગલે ઘર-મા પ્રવેશ કર્યો ઘરમા સ્મશાનવત્ શાંતિ ફેલાયેલી હતી. 'આ તો રોજના નિયમ મુજબ દેવમંદિરે ગયાં હશે, પણ મમતા કેમ દેખાતી નથી ?' મનોજે પોતાની જાતને જ પ્રશ્ન કર્યો. આગલા રૂમમા પણ મમતા ન દેખાતા મનોજે મેડા પર જવા સીડી ચઢ-વાનું શરૂ કર્યું. ત્યા જ તેણે બંગડીનો રણકાર સાંભળ્યો. મનોજે જોયુ તો સામે જ રસોડામાના દરવાજા આગળ મમતા ઊભી હતી એના રોજના હસમુખા વદન પર આજે ગંભીરતા છવાયેલી હતી હસતી આંખો આજે રાતી દેખાતી હતી મનો-જને જોવા છતા તે કંઈ બોલી નહીં. આખરે મનોજથી ન રહેવાયુ. તે સીધો મમતા પાસે દોડ્યો અને પૂછ્યુ, 'કેમ મમતા, આજે ઉદાસ કેમ છે ? કેમ બોલતી નથી ? તબિયત તો સારી છે ને ?'

મનોજે ઉપરાઉપરી પ્રશ્નો પૂછી નાખ્યા, પણ મનોજ-નો એકેય પ્રશ્નનો ઉત્તર મમતાએ આપ્યો નહીં. વારંવાર પૂછવા છતા પણ જ્યારે મમતા મૌન જ રહી ત્યારે મનોજ અકળાઈ ઊઠ્યો. શું બાબત છે એ જાણવા તે હલબાપડ થઈ ઊઠ્યો તેણે બેઉ ખભા પકડીને મમતાને લગભગ હચમચાવી નાખતા પૂછ્યું, 'મમતા, આખરે વાત શુ છે ?'

હવે મમતાની આંખોના બંધ તુટી ગયા મહામુસીબતે રોકી રાખેલું રુદન છતું થઈ ગયુ. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. ત્રણ વર્ષના લગ્નજીવન દરમ્યાન મનોજે આજે પહેલી જ વાર મમતાને આટલું બધું રડતા જોઈ હતી. તે વિચારવા લાગ્યો કે. એવુ તે શુ બન્યુ હશે કે મમતા આજે નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી રહી છે ! આ ત્રણ વર્ષ દરમ્યાન તેનાં બા કમળાબેને ન તો મમતા વિશે કંઈ અસંતોષ વ્યક્ત કર્યો હતો કે ન તો મમતાએ સાસુ વિશે કંઈ ફરિયાદ કરી હતી. એટલે મમતાનું રુદન ઘરકંકાસને આભારી તો નો'તુ જ. મમતાના રુદનનું અન્ય કોઈ કારણ પણ તેની કલ્પનામા આવતું ન હતુ. તેણે એની પીઠ પર સ્નેહથી હાથ ફેરવી, આશ્વા-સન આપતા કહ્યુ : 'નહીં મમતા, રડ ન હં તુ આમ રડ્યા કરે એમા મને શી ખબર પડે ? તુ વાત કરે તો કંઈક સમજાય ને કેટલીક વાર સહાનુભૂતિથી રુદનનું શમન થવાને દ્વિગુણિત બની જાય છે. તે છેક જ ભાંગી પડી. સમયસૂચકતા વાપરી મનોજે તેને હાથનો સહારો ન આપ્યો હોત તો એ જમીન પર પટકાઈ પડત.

મનોજે મમતાને થોડી વાર રડવા દીધી. પછી કંઈ પણ બોલ્યા વગર પોતાના રૂમાલ વડે તેણે મમતાની આંખો-નાં આંસુ લૂછ્યા : 'આજે કેમ મારી મમતા આટલી બધી રડે છે ?' મનોજની આંખો જાણે પૂછી રહી હતી !

મમતાના ગળામાંથી મહામુસીબતે શબ્દો નીકળ્યા,

રહેજો બહેન ! મારે નથી બોલવુ, પણ મારી કકળતી આતરડી મારી પાસે આ બોલાવે છે '

'બહેનપણુંનુ વર શોકના અકસ્માત એ પરે આવી ચઢી હોઉં એવો દેખાવ કરી મેં માલતીને આશ્વાસન આપ્યુ, અને ત્યાથી વિદાય લીધી પણ એના સંસારમા આગ ચાપનારી સ્ત્રી હુ જ હતી એ મે એને જરાય વર્તાવા દીધુ નહી

'માલતીના ભડકે બળતા હૃદયમાથી નીકળેલો એ અભિશાપ મારા હૃદયને આજે ય ડંખી રહ્યો છે માલતીનુ એ વખતનુ રૌદ્ર સ્વરૂપ હજીય મારી આખો સામે તરવરે છે એનુ મો ક્રોધથી લાલચોળ થઈ ગયુ હતુ અને આખોમા સતી નારીનો પુણ્યપ્રકોપ પ્રજ્વલિત થઈ ઊઠયો હતો. પણ તમારા સમ, સાચુ કહુ છુ માલતીના મળ્યા પછી અને તેની કરુણ કથની સાભળ્યા પછી પ્રબોધ સાથેનો સબધ મે સદતર કાપી નાખ્યો હતો. ત્યાર પછી તો મહિનામા જ આપણા લગ્ન થયા હતા. પણ માલતીનો પેલો અભિશાપ હુ ભૂલી શકતી નથી, મનોજ. માલતીના બળતા હૃદયના એ નિસાસાએ જ મારા માતૃત્વને બાળવા માટે ભસ્મીભૂત કરી દીધુ છે ' કહેતા મમતાની આખોમા આસુનો સાગર ઊમટી પડયો

માલતીની વાત સાભળી મનોજના મુખ પર આનદ અને દુ ખના મિશ્રિત ભાવો ઊપસી આવ્યા તેણે મમતાને આશ્વાસન આપવાનો પ્રયત્ન કરતા કહ્યુ, 'મમતા, એ બધો તારો વહેમ છે કાગનુ બેસવુ અને ડાળનુ પડવુ એ તો કેવળ અકસ્માત છે બાકી આજના જમાનામા અભિશાપ કેવો ને આશીર્વાદ કેવો ! સતીઓના જમાના તો ગયા !'

'ના, મનોજ, તમે ભલે ન માનો પણ મારુ દિલ કહે છે, કે માલતીની કકળતી આતરડીમાથી નીકળેલો એ અભિશાપ જ મને નડી રહ્યો છે બાળક વગર હવે હુ પળભર પણ નહિ જીવી શકુ. ક્યાયથી પણ એક બાળક લાવી મારી સૂની ગોદ ભરી દો, મનોજ નહિ તો નહિ તો હુ ખરેખર ગાડી થઈ જઈશ.'

મમતાનો બાળક માટેનો હૈયાવલોપાત નિહાળી મનોજની આંખો પણ ભીની બની મમતાની નજર ચૂકવી તેણે આંખો લૂછી નાખી અને જ્યારે મનોજે શહેરના અનાથાશ્રમમાથી કોઈ બાળકને દત્તક લેવાનું વચન આપ્યુ ત્યારે જ મમતાના દિલના ડોસવા [illegible]

અનાથાશ્રમમાથી બાળક દત્તક લેવાની વાત [illegible] બેનને ન ગમી, પણ [illegible] મન દુભવવાનુ ય એમને ન ગમ્યુ બાળકના [illegible] અને [illegible] આપી.

અને બીજે દિવસે તો આશરે [illegible] વર્ષનુ [illegible] ઘરમા દોડાદોડી કરી રહ્યુ અનાથાશ્રમમા એનુ નામ [illegible] હતુ, પણ મમતાએ એ નામ બદલીને [illegible] રાખ્યુ [illegible] તો મમતાનુ જીવન [illegible] બની ગયુ. [illegible] વહેવા માટે [illegible] પ્રવાહ મળી ગયો ! [illegible] આજ સુધી [illegible] [illegible] પડી [illegible] હૈયામા [illegible] વાતો કરતા [illegible] [illegible] [illegible] અને [illegible] હતી [illegible] મનોજના દિલને [illegible]

જોતજોતામા [illegible] ના [illegible] પસાર [illegible] વીતી ય ગયા એક સવારે મમતાએ મનોજને કહ્યુ 'મનોજ, બે મહિના થયા, પણ હજી હુ દૂર બેઠી નથી. બે વધારે લબાશે તો વળી દુખાવો ઊપડશે ચાલોને, ડૉક્ટર પાસે જઈ દવા લઈ આવીએ હુ એટલી જ જવાની હતી, પણ કયા ડૉક્ટર પાસે જવુ એની સમજ ન પડી '

મનોજ એને જાણીના ડૉક્ટર જયત દીક્ષિત પાસે લઈ ગયો મમતાને પદર મિનિટ સુધી સારી રીતે તપાસ્યા બાદ ડૉક્ટરે સસ્મિત કહ્યુ : 'બહેન, ગભરાવાનુ કંઈ જ કારણ નથી ખાત્રીપૂર્વક તો હમણા નથી કહી શકતો, પણ પગલીના પાડનારનુ આગમન થવાનુ હોય એવુ લાગે છે તમે એમ કરો, દોઢેક મહિના પછી ફરીથી મને મળો.'

અભિશાપ અને આશીર્વાદ

પુષ્પાબેન ન પંડયા



ઘરના પગથિયા ચઢતા જ મનોજના મુખ પર આશ્ચર્ય અને ચિંતામિશ્રિત ભાવો ફરી વળ્યા મમતા આજે ઘરના દરવાજામા દેખાતી નો'તી. મનોજ વિચારી રહ્યો, 'રોજ મને આવકારવા સાત કામ પડતા મૂકીને ય દરવાજામા અચૂક ઊભી રહેતી મમતા આજે કેમ દેખાતી નથી ? એને કંઈ થયુ તો નહિ હોય !

શંકા-કુશંકાથી ઘેરાયેલા મનોજે ઉતાવળે પગલે ઘરમા પ્રવેશ કર્યો. ઘરમા સ્મશાનવત્ શાંતિ ફેલાયેલી હતી.

'આ તો રોજના નિયમ મુજબ દેવમંદિરે ગયાં હશે, પણ મમતા કેમ દેખાતી નથી ?' મનોજે પોતાની જાતને જ પ્રશ્ન કર્યો આગલા રૂમમા પણ મમતા ન દેખાતા મનોજે માળ પર જવા સીડી ચઢવાનુ શરૂ કર્યું ત્યા જ તેણે બંગડીનો રણકાર સાભળ્યો મનોજે જોયુ તો સામે જ રસોડામાના દરવાજા આગળ મમતા ઊભી હતી એના રોજના હસમુખા વદન પર આજે ગભીરતા છવાયેલી હતી હસતી આખો આજે રાતી દેખાતી હતી મનોજને જોવા છતા તે કંઈ બોલી નહી. આખરે મનોજથી ન રહેવાયુ. તે સીધો મમતા પાસે દોડયો અને પૂછ્યુ, 'કેમ મમતા, આજે ઉદાસ કેમ છે ? કેમ બોલતી નથી ? તબિયત તો સારી છે ને ?'

મનોજે ઉપરાઉપરી પ્રશ્નો પૂછી નાખ્યા, પણ મનોજના એકેય પ્રશ્નનો ઉત્તર મમતાએ આપ્યો નહીં વારંવાર પૂછવા છતા પણ જ્યારે મમતા મૌન જ રહી ત્યારે મનોજ અકળાઈ ઊઠયો શુ બાબત છે એ જાણવા તે તલપાપડ થઈ ઊઠયો. તેણે બેઉ ખભા પકડીને મમતાને લગભગ હચમચાવી નાખતા પૂછ્યુ, 'મમતા, આખરે વાત શુ છે ?'

હવે મમતાની આખોના બધ તૂટી ગયા મહામુસીબતે રોકી રાખેલુ રુદન છતુ થઈ ગયુ. ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. ત્રણ વર્ષના લગ્નજીવન દરમ્યાન મનોજે આજે પહેલી જ વાર મમતાને આટલુ બધું રડતા જોઈ હતી તે વિચારવા લાગ્યો કે એવુ તે શુ બન્યુ હશે કે મમતા આજે નાના બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડી રહી છે ! આ ત્રણ વર્ષ દરમ્યાન તેનાં બા કમળાબેને ન તો મમતા વિશે કંઈ અસંતોષ વ્યકત કર્યો હતો કે ન તો મમતાએ સાસુ વિશે કંઈ ફરિયાદ કરી હતી એટલે મમતાનુ રુદન ઘરકંકાસને આભારી તો નો'તુ જ મમતાના રુદનનું અન્ય કોઈ કારણ પણ તેની કલ્પનામા આવતું ન હતુ તેણે એની પીઠ પર સ્નેહથી હાથ ફેરવી, આશ્વાસન આપતા કહ્યુ : 'નહીં મમતા, રડ નહે તુ આમ રડયા કરે એમા મને શી ખબર પડે ? તુ વાત કરે તો કંઈક સમજાય ને

કેટલીક વાર સહાનુભૂતિથી રુદનનુ શમન થવાને બદલે દ્વિગુણિત બની જાય છે તે છેક જ ભાગી પડી સમયસૂચકતા વાપરી મનોજે તેને હાથનો સહારો ન આપ્યો હોત તો એ જમીન પર પટકાઈ પડત

મનોજે મમતાને થોડી વાર રડવા દીધી. પછી કંઈ પણ બોલ્યા વગર પોતાના રૂમાલ વડે તેણે મમતાની આખોનાં આસુ લૂછ્યા. 'આજે કેમ મારી મમતા આટલી બધી રડે છે ?' મનોજની આંખો જાણે પૂછી રહી હતી !

મમતાના ગળામાથી મહામુસીબતે શબ્દો નીકળ્યા,

રહેજો બહેન ! મારે નથી બોલવું, પણ મારી કકળતી આતરડી મારી પાસે આ બોલાવે છે '

'બહેનપણીનું ઘર શોધતાં અકસ્માત એ ઘરે આવી ચઢી હોઉં એવો દેખાવ કરી મેં માલતીને આશ્વાસન આપ્યું, અને ત્યાંથી વિદાય લીધી પણ એના સંસારમાં આગ ચાંપનારી સ્ત્રી હું જ હતી એ મેં એને જરાય વર્તાવા દીધું નહી.

'માલતીના ભડકે બળતા હૃદયમાંથી નીકળેલો એ અભિશાપ મારા હૃદયને આજે ય કંપાવી રહ્યો છે. માલતીનું એ વખતનું રૌદ્ર સ્વરૂપ હજીય મારી આંખો સામે તરવરે છે. એનું મો ક્રોધથી લાલચોળ થઈ ગયું હતું અને આંખોમાં સતી નારીનો પુણ્યપ્રકોપ પ્રજ્વલિત થઈ ઊઠયો હતો. પણ તમારા સમ, સાચું કહું છું માલતીના મળ્યા પછી અને તેની કરુણ કથની સાંભળ્યા પછી પ્રબોધ સાથેનો સંબંધ મેં સદંતર કાપી નાખ્યો હતો ત્યાર પછી તો મહિનામાં જ આપણા લગ્ન થયાં હતાં. પણ માલતીનો એ અભિશાપ હું ભૂલી શકતી નથી, મનોજ. માલતીના બળતા હૃદયના એ નિસાસાએ જ મારા માતૃત્વને સદાને માટે ભસ્મીભૂત કરી દીધું છે ' કહેતાં મમતાની આંખોમાં આંસુનો સાગર ઊમટી પડયો

માલતીની વાત સાંભળી મનોજના મુખ પર આશ્ચર્ય અને દુઃખના મિશ્રિત ભાવો ઊપસી આવ્યા. તેણે મમતાને આશ્વાસન આપવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'મમતા, એ બધો તારો વહેમ છે કાગનું બેસવું અને ઝાડનું પડવું એ તો કેવળ અકસ્માત છે બાકી આજના જમાનામાં અભિશાપ કેવો ને આશીર્વાદ કેવો ! સતીઓના જમાના તો ગયા !'

'ના, મનોજ, તમે ભલે ન માનો પણ મારું દિલ કહે છે, કે માલતીની કકળતી આતરડીમાંથી નીકળેલો એ અભિશાપ જ મને નડી રહ્યો છે બાળક વગર હવે હું પળભર પણ નહિ જીવી શકું. ક્યાંયથી પણ એક બાળક લાવી મારી સૂની ગોદ ભરી દો, મનોજ નહિ તો...નહિ તો હું ખરેખર ગાંડી થઈ જઈશ.'

મમતાનો બાળક માટેનો હૈયાવલોપાત નિહાળી મનોજની આંખો પણ ભીની બની મમતાની નજર ચૂકવી તેણે આંખો લૂછી નાખી અને જ્યારે મનોજે શહેરના અનાથાશ્રમમાંથી કોઈ બાળકને દત્તક લેવાનું વચન આપ્યું ત્યારે જ મમતાના દિલના કોરાયેલા જખમને કંઈક કળ વળી.

અનાથાશ્રમમાંથી બાળક દત્તક લેવાની વાત કમળાબેનને ન ગમી, પણ દીકરા-વહુના મન દૂભવવાનું ય એમને ન ગમ્યું બાળકના કલબલાટથી ઘરમાં થોડી વસતિ થશે અને જીવ આનંદમાં રહેશે એવા વિચારે એમણે સંમતિ આપી.

અને બીજે દિવસે તો સાડાત્રણ વર્ષનું હૃષ્ટપુષ્ટ ભૂલકું ઘરમાં દોડાદોડી કરી રહ્યું અનાથાશ્રમમાં એનું નામ બંટુક હતું, પણ મમતાએ એ નામ બદલીને કિરણ રાખ્યું પછી તો મમતાનું જીવન કિરણમય જ બની ગયું. જાણે નાવડીને વહેવા માટે મોકળો પ્રવાહ મળી ગયો ! પાત્રના અભાવે આજ સુધી રૂંધાયેલી તેની મમતા કિરણ પર અનરાધારે વરસી પડી. કિરણના કાલાઘેલા વચનો સાંભળી એના હૈયામાં ગલગલિયાં થતાં અને મનોજ આગળ તો કિરણની વાતો કરતાં એ થાકતી નો'તી 'આ જ તો મારા કિરણે આમ તોફાન કર્યું અને તેમ તોફાન કર્યું. લુચ્ચાએ જમીન પર આળોટી આળોટીને ત્રણ વાર કપડાં બગાડયાં. એની સામે તો જુઓ પોતાનું પરાક્રમ બદમાશ કેવો છાનોમાનો સાંભળે છે ! જુઓ તો ખરા, લુચ્ચો પાછો હસે છે કેવો !' અને કિરણની વાતો કરતી વખતે મમતાના મુખ પર ઝલકતી વાત્સલ્યની ચમક અને આનંદની સુરખી નિહાળી મનોજના દિલને ય શાતા વળતી.

જોતજોતામાં કિરણના આગમનને અઢાર મહિના વીતી ય ગયા એક સવારે મમતાએ મનોજને કહ્યું 'મનોજ, બે મહિના થયા, પણ હજી હું દૂર બેઠી નથી જો વધારે લંબાશે તો વળી દુખાવો ઊપડશે ચાલોને, ડૉક્ટર પાસે જઈ દવા લઈ આવીએ હું એકલી જ જવાની હતી, પણ કયા ડૉક્ટર પાસે જવું એની સમજ ન પડી '

મનોજ એને જાણીતા ડૉક્ટર જયંત દીક્ષિત પાસે લઈ ગયો મમતાને પંદર મિનિટ સુધી સારી રીતે તપાસ્યા બાદ ડૉક્ટરે સસ્મિત કહ્યું : 'બહેન, ગભરાવાનું કંઈ જ કારણ નથી ખાત્રીપૂર્વક તો હમણાં નથી કહી શકતો, પણ પગલીના પાડનારનું આગમન થવાનું હોય એવું લાગે છે. તમે એમ કરો, દોઢેક મહિના પછી ફરીથી મને મળો.'

અશક્ય અને ન કલ્પેલી વાત બનતી જોઈ માનવી જેમ ચમકી ઊઠે તેમ ડૉક્ટરની વાત સાંભળી મનોજ અને મમતા ચમકી ઊઠ્યાં.

કોઈ દેવદૂતની વાણી સાંભળી રહી હોય એમ ગાલ પર આંગળી ટેકવી મમતા ડૉક્ટરના શબ્દો સાંભળી રહી હતી. એના નમણા મો પર શરમના શેરડા પડ્યા અને મનમયૂર સોળે કળાએ નાચી ઊઠ્યો. આનંદનો કેફ એના અણુએ અણુમાં એવો વ્યાપી ગયો કે ઘરે આવતા સુધીમાં મનોજે એને ચારપાંચ વખત પોતાની પાસે ખેંચી લીધી ન હોત તો રસ્તે દોડતી મોટરોની અડફેટમાં જ એ આવી જાત.

ઘરે પહોંચતાં જ મમતાએ આંગણામાં રમતા કિરણને ઉમળકાભેર ઊંચકી લીધો. એના ગુલાબી ગાલોને ચુંબનોથી ભીંજવી દેતાં તે બોલી ઊઠી. 'દીકરા, તારા શુકનવંતા પગલે મારું વાંઝિયામેણું ટળ્યું.' પછી મનોજ તરફ જોઈ કહ્યું, 'જુઓ તો ખરા, કેટલો શુકનવંતો છે આપણો કિરણ! એણે તો આપણા જીવનને સુખ અને આનંદની ઊર્મિઓથી ભરી દીધું!'

મનોજને આજે જ ખબર પડી કે માતૃત્વ પામીને સ્ત્રી કેટલી ધન્ય બની જાય છે!

બે મહિના પછી ડૉક્ટરે ખાત્રીપૂર્વક કહ્યું: 'તમારા ઘરે અવશ્ય પારણું બંધાશે.'

મમતાના આનંદની સીમા ન રહી. તે રાતે મમતાને વિચારમાં મગ્ન બેઠેલી જોઈ મનોજે પૂછ્યું, 'શેનો વિચાર કરે છે, મમતા?'

'હું એ વિચારું છું કે આમ બની જ કેવી રીતે શકે!' મમતાએ સામો પ્રશ્ન કર્યો.

મનોજે હસતાં હસતાં કહ્યું: 'મેં તો તને પહેલેથી જ કહ્યું હતું કે, કાગડો બેઠો અને ઝાડ પડ્યું એ તો કેવળ અકસ્માત છે. ક્યાં ગયો હવે માલતીનો પેલો અભિશાપ?'

મમતાએ ગંભીર બની કહ્યું, 'ના મનોજ! તમે એમ હસવામાં વાત ન ઉડાવો. કાલે જ આપણે અનાથાશ્રમમાં જઈ તપાસ કરી આવશું કે આ કિરણના મા–બાપ કોણ હતા?'

મમતાની વાત મનોજને વાહિયાત અને બેહૂદી લાગી, પણ મમતાના અતિશય આગ્રહ અને જીદ જોઈને મનોજે તેના સંતોષ ખાતર પણ મનોજે અનાથાશ્રમમાં તપાસ કરી આવવાનું કબૂલ કર્યું.

બીજે દિવસે અનાથાશ્રમમાં તપાસ કરતાં જણાયું કે એક સવારે આઠ મહિનાનો કિરણ તેની માતાની પથારી આગળ રડી રહ્યો હતો. પડોશીઓએ ભેગા થઈ તપાસ કરી તો માતા મૃત્યુ પામેલી જણાઈ. નિરાધાર બાળકને ઉછેરનાર કોઈ હતું નહીં, એટલે મહોલ્લાના લોકો બાળકને આ આશ્રમમાં મૂકી ગયા હતા અને જણાવ્યું હતું કે બાળકના પિતાનું નામ પ્રમોદ એમ. દેસાઈ છે, પણ તે લાપત્તા છે. માતાનું નામ માલતી હતું.

કિરણ માલતીનો જ પુત્ર છે, એ જાણી મમતાને અત્યંત આનંદ થયો. ભૂતકાળમાં અજાણતાં થયેલી ભૂલ અને પાપનું કાંઈક પ્રાયશ્ચિત્ત થયાનો સંતોષ તેના મુખ પર છવાઈ ગયો. અભિશાપ અને આશીર્વાદમાં ન માનતા મનોજને પણ આખરે મમતાની વાત માનવી પડી કે, 'પિતાના વાત્સલ્યથી વંચિત અને હવે માતાનું સુખ પણ ગુમાવી બેઠેલા પોતાના નમાયા બાળકને અપનાવી, માતાના પ્રેમ અને પિતાના વાત્સલ્યથી તૃપ્ત કરનાર મમતા પર માલતીએ સ્વર્ગમાંથી લાખ લાખ આશીર્વાદ વરસાવ્યા હતા અને એ આશીર્વાદના પ્રતાપે જ મમતાની માતૃત્વ માટેની ઝંખના પૂર્ણ થઈ હતી.'

આમ જે માલતીની કકળતી આંતરડીના અભિશાપે મમતાના નારી જીવન પર વંધ્યત્વનું કારમું કલંક લગાડ્યું હતું, તે જ માલતીની તૃપ્ત આંતરડીના આશીર્વાદે મમતાના એ કલંકને ધોઈ નાખ્યું હતું! મમતાનું ભાવનાશીલ હૃદય પોતાની આ માન્યતા બદલવા જરાય તૈયાર નોતું. પછી ભલેને બુદ્ધિજીવીઓ આ વાતને હાસ્યાસ્પદ ગણે!



પાસે મોકલ્યો છે. ગુપ્તચરોએ સમ્રાટને એવી બાતમી આપી છે, કે શરણાર્થીઓ સાથે કલિંગરાજે પણ અહીં આશ્રય લીધો છે માટે આપ સમ્રાટના શત્રુને અમારા હવાલે કરી દો.'

સેનાનાયકની વાત સાંભળતા જ રક્ષિતનાં અંગેઅંગમાંથી પરસેવો છૂટી ગયો. સત્યદેવ શાંતિથી સાંભળી રહ્યો.

'હું આપની માગણીને સંતોષવા માટે અસમર્થ છું, એટલા માટે કે મેં કદીય કલિંગરાજને જોયા નથી. અને હું ઓળખતો પણ નથી. રાજા-રંકના ભેદભાવ વિના મેં સૌને અહીં આશ્રય આપ્યો છે. હું તો નથી ઓળખતો. આપ કલિંગરાજને ઓળખો છો?'

ઓળખતો' તો નથી, પણ ઓળખી કાઢીશ.'

'એ કેવી રીતે?'

'અમારી પાસે અત્યાચારનું મહાશસ્ત્ર છે. વિહારની શરણાર્થીઓ પર અત્યાચાર આચરીશું એટલે આપોઆપ કલિંગરાજ જુદા પડી જશે.'

'એકને પકડવા માટે અનેક પર અત્યાચાર? તો તો હું આપની માગણી સંતોષવા માટે ખરેખર લાચાર છું.'

'ભિખ્ખુ, ત્યારે સાંભળી લો. વિહારની મર્યાદાનું પાલન કરવાનો મને સમ્રાટે આદેશ આપ્યો છે. એટલે હું બળનો પ્રયોગ કરવા ઇચ્છતો નથી. કલિંગરાજ જેવા કલિંગરાજે અહીં આશ્રય લીધો હોય અને તે આપની જાણ બહાર હોય એ સંભવી શકે નહિ. માટે ભલા થઈને કલિંગરાજને સોંપી દો, નહિતર મારે અત્યાચારનો આશ્રય લેવો પડશે.'

સત્યદેવે નકારમાં મસ્તક ધુણાવ્યું.

'ત્યારે તમે અમને કલિંગરાજ નહિ સોંપો એમ ને?'

'નાયક, કૃપા કરીને વાતનો ઊંધો અર્થ ન કરો. હું તો માત્ર એટલું જ કહું છું, કે કલિંગરાજે સૌની સાથે અહીં આશ્રય લીધો હશે તો બીજાની જેમ વિહાર એમની પણ રક્ષા કરશે. તમે જઈને સમ્રાટને કહેજો કે વિહારના ધર્માચારી કોઈનાય ડરે અને લાલચમાં આવીને ધર્મથી ચ્યુત બનવા માગતા નથી.'

સત્યદેવનો સ્પષ્ટ જવાબ સાંભળીને સેનાનાયક વિચારમાં પડી ગયો. આ સંજોગોમાં બળનો પ્રયોગ કરવો કે નહિ, આ પ્રશ્ન સેનાનાયકને ભારે મૂંઝવી રહ્યો. તેને પોતાને જ પોતાના અધિકાર પર પૂરો ભરોસો હતો નહિ. માની લો કે બળનો પ્રયોગ કરે અને પરિણામે પોતાને જ શિક્ષા થાય તો? એને ખ્યાલમાં આવ્યું કે સ્વયં સમ્રાટ અશોક પણ બૌદ્ધ છે.

સેના-નાયકને ઊંડા વિચારમાં પડેલો જોઈને સત્યદેવે પોતાના એક એક શબ્દ પર ભાર મૂકતા કહ્યું: 'નાયક, મારો એક પ્રસ્તાવ છે. હું કે તમે બન્નેમાંથી કોઈ કલિંગરાજને ઓળખતા નથી. એ અહીં હોય તો તેમને પકડાવી દેવા હું તૈયાર છું. શરત માત્ર એટલી કે કલિંગરાજને પકડવા માટે સ્વયં સમ્રાટ અશોક અહીં આવે અને ઓળખીને લઈ જાય.'

'શું કહ્યું? સ્વયં સમ્રાટ અશોક અહીં આવે, એમ? ભિખ્ખુ, હું તો આપનો પ્રસ્તાવ સમ્રાટ સમક્ષ રજૂ કરીશ. તમારા ધૃષ્ટ પ્રસ્તાવ પર સમ્રાટ ક્રોધિત થયા તો...'

'તો મારે સહન કરવું પડશે એ જ ને. કષ્ટ સહન કરવું એ તો ભિખ્ખુઓનો જીવનધર્મ છે.'

'તમારે તો કષ્ટ સહન કરવું જ પડશે. સાથે સાથે આ આખાય વિહારને જમીનદોસ્ત કરી નખાવશે. વિહારમાં વસનારા ભિખ્ખુઓને મોતને ઘાટ ઉતારશે. સમ્રાટના ક્રોધનો આપને અનુભવ લાગતો નથી.'

'ક્રોધાયમાન મનુષ્ય ક્રોધાવેશમાં શું શું કરે છે એનો મને ખ્યાલ છે. વાસનાઓના દાસ અને માયામાં અંધ બનેલા લોકોને આનાથી પણ અધિક ક્રૂર આજ્ઞા આપતા મેં જોયા છે.'

ક્રોધથી સળગી ઊઠેલા સેનાનાયકે જવા માટે પગ ઉપાડયાં.

'નાયક, સમ્રાટ પાસે મારી એક વધુ ફરિયાદ પહોંચાડજો, કે તમારા સૈનિકોએ અમારી ભોજન-સામગ્રીની ગાડીઓ રોકી છે. કૃપા કરીને તે પાછી મોકલે.'

'એ કદીય નહિ બને.' સમ્રાટને બદલે સેનાનાયકે જ તેનો નિર્ણય આપી દીધો. 'ત્યાંથી પણ ભોજન-સામગ્રી મળે તે બધી જ છીનવી લેવાનો અમને સમ્રાટ તરફથી અધિકાર મળેલો છે.'

'આપની વાત સાચી હશે, પણ ગરીબ લોકોનું પણ કંઈક ધ્યાન તો રાખવું જોઈએ ને! નિરાધાર, લાચાર, નિર્બળ સ્ત્રી-પુરુષો અને નાના નાના બાળકો સર્વે ભૂખે મરે છે.'

અશક્ય અને ન કલ્પેલી વાત બનતી જોઈ માનવી જેમ ચમકી ઊઠે તેમ ડૉક્ટરની વાત સાંભળી મનોજ અને મમતા ચમકી ઊઠયાં.

કોઈ દેવદૂતની વાણી સાંભળી રહી હોય એમ ગાલ પર આંગળી ટેકવી મમતા ડૉક્ટરના શબ્દો સાંભળી રહી હતી. એના નમણા મોં પર શરમના શેરડા પડયા. અને મનમયૂર સોળે કળાએ નાચી ઊઠયો. આનંદનો કેફ એના અણુએ અણુમાં એવો વ્યાપી ગયો કે ઘરે આવતા સુધીમાં મનોજે એને ચારપાંચ વખત પોતાની પાસે ખેંચી લીધી ન હોત તો રસ્તે દોડતી મોટરોની અડફેટમાં જ એ આવી જાત.

ઘરે પહોંચતાં જ મમતાએ આંગણામાં રમતા કિરણને ઉમળકાભેર ઊંચકી લીધો. એના ગુલાબી ગાલોને ચુંબનોથી ભીંજવી દેતાં તે બોલી ઊઠી: 'દીકરા, તારા શુકનવંતા પગલે મારું વાંઝિયામેણું ટળ્યું.' પછી મનોજ તરફ જોઈ કહ્યું, 'જુઓ તો ખરા, કેટલો શુકનવંતો છે આપણો કિરણ! એણે તો આપણા જીવનને સુખ અને આનંદની [illegible]માંથી ભરી દીધું!'

મનોજને આજે જ ખબર પડી કે માતૃત્વ પામીને સ્ત્રી કેટલી ધન્ય બની જાય છે!

બે મહિના પછી ડૉક્ટરે ખાત્રીપૂર્વક કહ્યું: 'તમારા ઘરે અવશ્ય પારણું બંધાશે.'

મમતાના આનંદની સીમા ન રહી. તે રાતે મમતાને વિચારમાં મગ્ન બેઠેલી જોઈ મનોજે પૂછ્યું, 'શેનો વિચાર કરે છે, મમતા?'

'હું એ વિચારું છું કે આમ બની જ કેવી રીતે શકે!' મમતાએ સામો પ્રશ્ન કર્યો.

મનોજે હસતાં હસતાં કહ્યું: 'મેં તો તને પહેલેથી જ કહ્યું હતું કે, કાગડો બેઠો અને ડાળ પડયું એ તો કેવળ અકસ્માત છે. ક્યાં ગયો હવે માલતીનો પેલો અભિશાપ?'

મમતાએ ગંભીર બની કહ્યું, 'ના, મનોજ! તમે એમ હસવામાં વાત ન ઉડાવો. કાલે જ આપણે અનાથાશ્રમમાં જઈ તપાસ કરી આવશું કે આ કિરણના મા-બાપ કોણ હતા?'

મમતાની વાત મનોજને વાહિયાત અને બેહૂદી લાગી, પણ મમતાના અતિશય આગ્રહ અને જીદ જોઈ તેના મનના સંતોષ ખાતર પણ મનોજે અનાથાશ્રમમાં તપાસ કરી આવવાનું કબૂલ કર્યું.

બીજે દિવસે અનાથાશ્રમમાં તપાસ કરતાં જણાયું કે, એક સવારે આઠ મહિનાનો કિરણ તેની માતાની પથારી આગળ રડી રહ્યો હતો. પડોશીઓએ ભેગા થઈ તપાસ કરી તો માતા મૃત્યુ પામેલી જણાઈ. નિરાધાર બાળકને ઉછેરનાર કોઈ હતું નહીં, એટલે મહોલ્લાના લોકો બાળકને આ આશ્રમમાં મૂકી ગયા હતા અને જણાવ્યું હતું કે બાળકના પિતાનું નામ પ્રમોદ એમ. દેસાઈ છે, પણ તે લાપત્તા છે. માતાનું નામ માલતી હતું.

કિરણ માલતીનો જ પુત્ર છે, એ જાણી મમતાને અત્યંત આનંદ થયો. ભૂતકાળમાં અજાણતાં થયેલી ભૂલ અને પાપનું કાંઈક પ્રાયશ્ચિત્ત થયાનો સંતોષ તેના મુખ પર છવાઈ ગયો. અભિશાપ અને આશીર્વાદમાં ન માનતા મનોજને પણ આખરે મમતાની વાત માનવી પડી કે, 'પિતાના વાત્સલ્યથી વંચિત અને હવે માતાનું સુખ પણ ગુમાવી બેઠેલા પોતાના નમાયા બાળકને અપનાવી, માતાના પ્રેમ અને પિતાના વાત્સલ્યથી તૃપ્ત કરનાર મમતા પર માલતીએ સ્વર્ગમાંથી લાખ લાખ આશીર્વાદ વરસાવ્યા હતાં અને એ આશીર્વાદના પ્રતાપે જ મમતાની માતૃત્વ માટેની ઝંખના પૂર્ણ થઈ હતી.'

આમ જે માલતીની કકળતી આંતરડીના અભિશાપે મમતાના નારી જીવન પર વંધ્યત્વનું કારમું કલંક લગાડ્યું હતું, તે જ માલતીની તૃપ્ત આંતરડીના આશીર્વાદે મમતાના એ કલંકને ધોઈ નાખ્યું હતું! મમતાનું ભાવનાશીલ હૃદય પોતાની આ માન્યતા બદલવા જરાય તૈયાર નહોતું. પછી ભલેને બુદ્ધિજીવીઓ આ વાતને હાસ્યાસ્પદ ગણે!



પાસે મોકલ્યો છે ગુપ્તચરોએ સમ્રાટને એવી બાતમી આપી છે, કે શરણાર્થીઓ સાથે કલિંગરાજે પણ અહીં આશ્રય લીધો છે માટે આપ સમ્રાટના શત્રુને અમારો હવાલે કરી દો.'

સેનાનાયકની વાત સાભળતા જ રક્ષિતનાં અંગેઅંગમાંથી પરસેવો છૂટી ગયો. સત્યદેવ શાંતિથી સાંભળી રહ્યા.

'હુ આપની માગણીને સંતોષવા માટે અસમર્થ છુ, એટલા માટે કે મે ક્દીય કલિંગરાજને જોયા નથી અને હુ ઓળખતો પણ નથી. રાજા-રંકના ભેદભાવ વિના મેં સૌને અહી આશ્રય આપ્યો છે. હુ તો નથી ઓળખતો. આપ કલિંગરાજને ઓળખો છો?'

'ઓળખતો' તો નથી, પણ ઓળખી કાઢીશ.'

'એ કેવી રીતે?'

'અમારી પાસે અત્યાચારનું મહાશસ્ત્ર છે. વિહારની શરણાર્થીઓ પર અત્યાચાર આચરીશું એટલે આપોઆપ કલિંગરાજ જુદા પડી જશે.'

'એકને પકડવા માટે અનેક પર અત્યાચાર? તો તો હુ આપની માગણી સંતોષવા માટે ખરેખર લાચાર છું.'

'ભિખ્ખુ, ત્યારે સાભળી લો વિહારની મર્યાદાનું પાલન કરવાનો મને સમ્રાટે આદેશ આપ્યો છે. એટલે હુ બળનો પ્રયોગ કરવા ઇચ્છતો નથી. કલિંગરાજ જેવા કલિંગરાજે અહી આશ્રય લીધો હોય અને તે આપના જાણ બહાર હોય એ સંભવી શકે નહિ. માટે ભલા થઈને કલિંગરાજને સોંપી દો નહિતર મારે અત્યાચારનો આશ્રય લેવો પડશે.'

સત્યદેવે નકારમાં મસ્તક ધુણાવ્યું.

'ત્યારે તમે અમને કલિંગરાજ નહિ સોંપો એમ ને!'

'નાયક, કૃપા કરીને વાતનો ઊંધો અર્થ ન કરો હુ તો માત્ર એટલું જ કહું છું, કે કલિંગરાજે સૌની સાથે અહીં આશ્રય લીધો હશે તો બીજાની જેમ વિહાર એમની પણ રક્ષા કરશે. તમે જઈ ને સમ્રાટને કહેજો કે વિહારના ધર્માચારી કોઈનાય ડર અને લાલચમા આવીને ધર્મથી ચ્યુત થવા માગતા નથી.'

સત્યદેવનો સ્પષ્ટ જવાબ સાભળીને સેનાનાયક વિચારમા પડી ગયો આ સંજોગોમા બળનો-પ્રયોગ કરવો કે નહિ, આ પ્રશ્ન સેનાનાયકને ભારે મૂંઝવી રહ્યો તેને પોતાને જ પોતાના અધિકાર પર પૂરો ભરોસો હતો નહિ. માની લો કે બળનો પ્રયોગ કરે અને પાછળથી પોતાને જ શિક્ષા થાય તો? એને ખ્યાલમા આવ્યુ કે સ્વયં સમ્રાટ અશોક પણ બૌદ્ધ છે.

સેના-નાયકને ઊંડા વિચારમા પડેલો જોઈને સત્યદેવે પોતાના એક એક શબ્દ પર ભાર મૂકતા કહ્યુ. - નાયક, મારો એક પ્રસ્તાવ છે હુ કે અમે બન્નેમાથી કોઈ કલિંગરાજને ઓળખતા નથી. એ અહી હોય તો તેમને પકડાવી દેવા હુ તૈયાર છુ. શરત માત્ર એટલી કે કલિંગરાજને પકડવા માટે સ્વયં સમ્રાટ અશોક અહીં આવે અને ઓળખીને લઈ જાય.'

'શું કહ્યુ? સ્વયં સમ્રાટ અશોક અહી આવે, એમ? ભિખ્ખુ, હુ તો આપનો પ્રસ્તાવ સમ્રાટ સમક્ષ રજૂ કરીશ. તમારા ધૃષ્ટ પ્રસ્તાવ પર સમ્રાટ ક્રોધિત થયા તો...'

'તો મારે સહન કરવુ પડશે એ જ ને કષ્ટ સહન કરવું એ તો ભિખ્ખુઓનો જીવનધર્મ છે.'

'તમારે તો કષ્ટ સહન કરવુ જ પડશે સાથે સાથે આ આખાય વિહારને જમીનદોસ્ત કરી નખાવશે. વિહારમા વસનારા ભિખ્ખુઓને મોતને ઘાટ ઉતારશે સમ્રાટના ક્રોધનો આપને અનુભવ લાગતો નથી.'

'ક્રોધાયમાન મનુષ્ય ક્રોધાવેશમાં શું શું કરે છે એનો મને ખ્યાલ છે. વાસનાઓના દાસ અને માયામાં અંધ બનેલા લોકોને આનાથી પણ અધિક ક્રૂર આજ્ઞા આપતા મે' જોયા છે.'

ક્રોધથી સળગી ઊઠેલા સેનાનાયકે જવા માટે પગ ઉપાડ્યો.

'નાયક, સમ્રાટ પાસે મારી એક વધુ ફરિયાદ પહોંચાડજો, કે તમારા સૈનિકોએ અમારી ભોજન-સામગ્રીની ગાડીઓ રોકી છે. કૃપા કરીને તે પાછી મોકલો!'

'એ કદીય નહિ બને.' સમ્રાટને બદલે સેનાનાયકે જ તેનો નિર્ણય આપી દીધો: 'ક્યાંથી પણ ભોજન-સામગ્રી મળે તે બધી જ છીનવી લેવાનો અમને સમ્રાટ તરફથી અધિકાર મળેલો છે.'

'આપની વાત સાચી હશે, પણ ગરીબ લોકોનું પણ કંઈક ધ્યાન તો રાખવુ જોઈએ ને! નિરાધાર, લાચાર, નિર્બળ સ્ત્રી-પુરુષો અને નાના નાના બાળકો સર્વે ભૂખે મરે છે.'

જનતા શું ખાશે કે શું પાશે એનું ધ્યાન રાખવાનો અમને આદેશ નથી. અમે તો કેવળ સેના અંગે વિચારવા ટેવાયેલા છીએ. સાન્વન આવશ્યકતા મોટા વિશેષ છે પહેલું સૈન્ય, પછી જનતા. આમ કહીને સેનાનાયક ચાલ્યા ગયા.

સેનાનાયકના ગયા પછી ખંડમાં ક્યાંય સુધી શાંત છવાઈ રહી. શાંતિનો ભંગ કરતાં રાક્ષિએ પૂછ્યું : 'ભન્તે, આ બધું સમ્રાટ સાંભળશે ત્યારે એ શું કરશે ?

'ખૂબ નારાજ થશે. બીજું શું ?' સત્યદેવે એટલી જ શાંતિથી કહ્યું.

સેનાનાયકે જે રીતે વાતની રજૂઆત કરી, એ સાંભળીને અશોક ક્રોધથી રાતોપીળો થતાં બોલ્યો : 'ત્યારે એમ છે ! ધોળી વિહારના અધ્યક્ષની આ મજાલ ! જ્યાં સુધી હું જાતે ત્યાં નહિ જાઉં ત્યાં સુધી તે શત્રુને નહિ સોંપે એમ ! હું પણ ભગવાન બુદ્ધના સોગન લઈને કહું છું કે હું જાતે જ ત્યાં જઈશ, અને નાયક ! મારા અશ્વને તૈયાર કરાવો. એક હજાર ઘોડેસવાર અને બે હજારનું પાયદળ મારી પાછળ પાછળ આવે એવો તૈયારી કરો. હું પણ એ જોઉં છું, કે એ ભિખ્ખુ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કેવી રીતે કરે છે !'

એક જ કલાકમાં સમ્રાટ અશોક સેના સહિત વિહાર પર આવી પહોંચ્યો. વિહારના અસંખ્ય ભિખ્ખુઓ શરણાર્થીઓની સેવામાં મગ્ન હતા. દ્વાર પર સમ્રાટ અશોકને આવેલા જોઈ સત્યદેવ દ્વાર પર આવ્યા. અને આશીર્વચન ઉચ્ચાર્યાં. 'ભગવાન બુદ્ધ સમ્રાટ પર કૃપા-વર્ષા કરે.'

સમ્રાટે સત્યદેવ પ્રતિ કરડી નજર નાખી. સત્યદેવની આંખોમાં અવહેલના અને ઉદ્ધતાઈની છાયા સરખી ન જણાઈ. સત્યદેવની નમ્રતામાં મહાનતા હતી. નમનમાં નિર્ભયતાની ખુમારી હતી.

'તમે આ વિહારના અધ્યક્ષ છો ?'

સત્યદેવે હકારમાં સહેજ મસ્તક ઝુકાવ્યું.

અશોકના અંતરનો બધો જ ક્રોધ વાણીમાં ઘોળાઈને બહાર પડ્યો : 'નીચ ભિખ્ખુ, તારી આ મજાલ ! મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું સાહસ તેં કેમ કર્યું ? અત્યારે ને અત્યારે કલિંગરાજને મારી સમક્ષ હાજર કર. દંડ શું કરવો એનો નિર્ણય પછી કરીશ.'

'મહારાજ ! સેના-નાયકને પણ મેં કહ્યું હતું અને આપને પણ એ જ કહું છું, કે મેં કલિંગરાજને ક્યાંય જોયા નથી અને હું એ એમને પણ [illegible] વિહારમાંથી કાઢવાનો ઇનકાર કરું છું એ વાત સત્યથી વેગળી છે. સાધારણ સૈનિકો કલિંગરાજને ઓળખે નહિ ને તેમને ખોળી કાઢવા માટે અત્યાચાર આચરે આવું ન બને ને વિહારના શરણાર્થીઓ આવા અત્યાચારમાંથી ઉગરી જાય એ આશયથી જ મેં આપને અહીં બોલાવેલા. આપ તો કલિંગરાજને સારી રીતે ઓળખતા જ હશો. વિહારમાં આશ્રય લઈ રહેલા સમસ્ત શરણાર્થીઓને આપની સમક્ષ હાજર કરું છું. કલિંગરાજ હોય તો તેમને પકડી લેજો.'

'ભિખ્ખુ, તમે તો ખૂબ મીઠાબોલા છો. શું તમે એમ સમજો છો, કે તમારી મીઠી વાણીથી હું પીગળી જઈશ ?'

'માણસ વાણીથી અજાય છે ખરો, પણ ક્ષણ પૂરતો. શુદ્ધ વ્યવહારથી માનવ સદા માટે અજાય. સમ્રાટ મારી વાત પર વિશ્વાસ રાખે. કલિંગરાજને હું ઓળખતો હોત તો સમ્રાટને અહીં આવવાનું કષ્ટ ન આપત. વેષ બદલીને કલિંગરાજે અહીં આશ્રય લીધો હશે તો સમ્રાટની ચપળ આંખો એમને પકડી પાડશે !'

હવે અશોકનું ધ્યાન વિહારમાં આશ્રય લઈ રહેલા શરણાર્થીઓ પર પડ્યું. વિહારના વિશાળ મેદાનમાં ચીંથરેહાલ અને દુર્બળ સ્ત્રી-પુરુષો અને બાળકોના ટોળાં જામ્યા હતા. કોઈ રોતું હતું, કોઈ વેદનાથી કણાજતું હતું, કોઈ નિરાશ વદને બેઠું હતું. આ બધું જોઈને અશોકનું મુખ ઘૃણાથી કટાણું થઈ ગયું.

સત્યદેવે સંકેત કર્યો. નિર્દોષ બાળકોની એક લાંબી કતાર સમ્રાટની પાસેથી પસાર થવા લાગી. નાના નાનાં નિર્દોષ બાળકો સશસ્ત્ર સૈનિકોને જોઈને કંપી ઊઠ્યાં. કેટલાંક તો રોકકળ કરવા લાગ્યા. કેટલાક તો ચીસ પાડતા જ મોટા બાળકોને વળગી પડ્યા. કેટલાક દૂર દૂર ભાગવા લાગ્યા. એમના નિસ્તેજ ગાલ પરથી આંસુ ચાલ્યાં જતા હતા. હોઠ પર લીંટના થર જામ્યા હતા. શરીર પર મેલના થર જામ્યા હતા. શુષ્ક વાળ હવામાં ફરફરી રહ્યા હતા અને શરીર ચીંથરાઓથી ઢંકાયેલા હતા.

'બેટા, ગભરાઈને કેમ દૂર ભાગે છે ? આમ આવ. આ તો આપણા રાજા સમ્રાટ અશોક છે. અત્યારે તે

મૂક્યા અને 'બુદ્ધં શરણં ગચ્છામિ સંઘં શરણં ગચ્છામિ' કહેતા જ ભગવાન બુદ્ધની વિશાળ મૂર્તિ પાસે પડતું મૂક્યું. હાથમાંનું નાનું બાળક ઊથલીને દૂર પડ્યું અને સદાને માટે બુદ્ધના ચરણમાં સ્થિર થઈ ગયું.

અશોકના હૃદયના કોઈ અગમ્ય ખૂણામાંથી કરુણાનું ઝરણું ફૂટી નીકળ્યું. તલવારને મ્યાન કરી, ઘોડેસ્વાર થયો. લગામ ખેંચતા જ પવનવેગી અશ્વ રાજમહેલ ભણી દોડ્યો. પાછળ સૈન્ય ઊપડ્યું.

અર્ધપાગલ યુવતીની સેવાનો બંદોબસ્ત કરીને રક્ષિત સાથે સત્યદેવ પોતાના બેઠકખંડમાં આવ્યા. રક્ષિતે પૂછ્યું, 'ભન્તે, આપે શા માટે વિહારના શરણાર્થીઓને સમ્રાટની સન્મુખ ઉપસ્થિત કર્યા? શરણાર્થીઓમાં કલિંગરાજ હોત તો વિહારને માથે મોટું કલંક લાગી જાત ને!'

સત્યદેવ મર્માળુ હસ્યા. 'રક્ષિત, રાજતેજ કદી છૂપું રહી શકે ખરું? હું શરણાર્થીઓના સતત સંપર્કમાં રહ્યો છું એટલે હું જાણતો જ હતો કે અહીં કલિંગરાજ નથી જ. અશોકના ગુપ્તચરોએ ખોટા સમાચાર આપ્યા હતા. આમ કરીને મેં એક કાંકરે બે પક્ષી માર્યાં છે. એક તો શરણાર્થીઓને સૈનિકોના અત્યાચારથી ઉગાર્યા. અને બીજું મારે અશોકને એ બતાવવું હતું કે તારી સામ્રાજ્ય વધારનારી મહત્ત્વાકાંક્ષાએ જનતાને કેટલી પીડા પહોંચાડી છે? આ લોકોની જે દીનહીન દશા થઈ છે એના મૂળમાં તારી રાજ્ય વધારવાની મહત્ત્વાકાંક્ષા જ છે.

'ભાન કરાવવામાં કટુતા ન મળે એનું પણ મને પૂરેપૂરું ભાન હતું. કોઈ પણ વ્યક્તિ ભલે તે રાજા હોય કે ન હોય, પોતે આચરેલા અત્યાચાર જાતે જોવા કોઈ ઇચ્છતું નથી. એક ક્ષણ મને પણ એમ થયું હતું કે ક્રોધાવેશમાં અશોક મારા ટુકડેટુકડા કરી નાખશે. સાચી વાત એ હતી કે મેં જે દૃશ્યો એની સામે ખડાં કર્યાં હતાં એનાથી તે પૂરેપૂરો પ્રભાવિત થયો હતો. એનું પરિણામ શું આવશે એ જાણવા માટે હું એના ચહેરાનું ધ્યાનપૂર્વક અવલોકન કરતો હતો. એના અંતરમાં તુમુલ યુદ્ધ જામ્યું હતું, સદાચાર અને દુરાચાર વચ્ચે. બન્નેમાંથી કઈ ભાવના વિજયી થશે એનો ફેંસલો તો સમય આપશે.'

એ જ વખતે એક ભિખ્ખુએ પ્રવેશ કર્યો. 'ભન્તે, પહેલા આવ્યા હતા એ જ સેનાનાયક અનાજ ભરેલી ગાડીઓ લઈને આવ્યો છે. આપને મળવા અંદર આવી રહ્યો છે.'

અંદર આવી સેનાનાયકે ઝૂકીને સત્યદેવને અભિવાદન કરતાં કહ્યું. 'ભન્તે, સૈન્યે લૂંટી લીધેલી ભોજનસામગ્રી સમ્રાટે પાછી મોકલાવી છે એને તપાસીને સ્વીકાર-પત્ર લખી આપો.'

રક્ષિતનું મુખ હર્ષથી ખીલી ઊઠ્યું.

સત્યદેવે ભોજનસામગ્રીનો સ્વીકારપત્ર લખતાં કહ્યું: 'રક્ષિત, આ ધર્મનો વિજય છે.'

વિહારના શરણાર્થીઓમાંથી ઘોષણા ઊઠી

બુદ્ધં શરણં ગચ્છામિ,
સંઘં શરણં ગચ્છામિ;
ધર્મં શરણં ગચ્છામિ

* આધારિત

અશક્તિનું પ્રદર્શન

મિત્ર-મંડળ ચર્ચાએ ચડ્યું હતું. વિષય હતો દેશસેવા. એક મિત્રના હાથમાં રાણી વિક્ટોરિયાનું ચિત્ર આવ્યું. દેશ-ભક્તિના આવેશમાં તેણે તે ચિત્ર ફાડી નાખ્યું.

'અરે ભાઈ, બિચારા આ નિરુપદ્રવી કાગળે તારું શું બગાડ્યું હતું કે તે એના ચૂરેચૂરા કરી નાખ્યા! આપણો રોષ અંગ્રેજો સામે હોઈ શકે. નહિ કે આવાં ચિત્રો સામે. વિદ્રોહ જગવવાની તમારામાં શક્તિ હોય તો આ પ્રમાણે કરીને પોતાની અશક્તિનું પ્રદર્શન ન કરો. કાગળને ફાડી નાખવા એ તો નિર્વીર્ય પુરુષોનું કામ છે. તમારા અંતરમાં જો શક્તિ જ હોય તો અત્યારે જ પ્રતિજ્ઞા કરો કે, 'જ્યાં સુધી મારામાં શ્વાસ છે ત્યાં સુધી હું અંગ્રેજી શાસનને ઉખેડી નાખવા માટે ઝૂઝીશ.'

મિત્રની તેજવાણી સાંભળીને સૌ ઠંડાગાર થઈ ગયા. અગ્નિ સમો તેજસ્વી તે મિત્ર હતો લોકમાન્ય બાળ ગંગાધર ટિળક.'

'જનતા શું ખાશે કે શું પાશે એનું ધ્યાન રાખવાનો અમને આદેશ નથી. અમે તો કેવળ સેના અંગે જ વિચારવા ટેવાયેલા છીએ. સૈન્યની આવશ્યકતા સૌથી વિશેષ છે. પહેલું સૈન્ય, પછી જનતા.' એમ કહીને સેનાનાયક ચાલ્યા ગયા.

સેનાનાયકના ગયા પછી, ખંડમાં ક્યાંય સુધી શાંતિ છવાઈ રહી. શાંતિનો ભંગ કરતાં રાક્ષિતે પૂછ્યું: 'ભન્તે, આ બધું સમ્રાટ સાંભળશે ત્યારે એ શું કરશે?'

'ખૂબ નારાજ થશે. બીજું શું!' સત્યદેવે એટલી જ શાંતિથી કહ્યું.

સેનાનાયકે જે રીતે વાતની રજૂઆત કરી તે સાંભળીને અશોક ક્રોધથી રાતોપીળો થતાં બોલ્યો. 'ત્યારે એમ છે? ધૌલી વિહારના અધ્યક્ષની આ મજાલ, જ્યાં સુધી હું જાતે ત્યાં નહિ જાઉં ત્યાં સુધી તે શત્રુને નહિ સોંપે એમ! હું પણ ભગવાન બુદ્ધના સોગન ખાઈને કહું છું કે હું જાતે જ ત્યાં જઈશ, અને નાયક! મારો અશ્વ તૈયાર કરાવો. એક હજાર ઘોડેસવાર અને બે હજાર પાયદળ મારી પાછળ પાછળ આવે એવી તૈયારી કરો. હું પણ એ જોઉં છું, કે એ ભિખ્ખુ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કેવી રીતે કરે છે!'

એક જ કલાકમાં સમ્રાટ અશોક સેના સહિત વિહાર પર આવી પહોંચ્યો. વિહારના અસંખ્ય ભિખ્ખુઓ શરણાર્થીઓની સેવામાં મગ્ન હતા. દ્વાર પર સમ્રાટ અશોકને આવેલા જોઈ સત્યદેવ દ્વાર પર આવ્યા અને આશીર્વચન ઉચ્ચાર્યાં. 'ભગવાન બુદ્ધ સમ્રાટ પર કૃપા-વર્ષા કરે!'

સમ્રાટે સત્યદેવ પ્રતિ કરડી નજર નાખી. સત્યદેવની આંખોમાં અવહેલના અને ઉદ્ધતાઈની છાયા સરખી ન જણાઈ. સત્યદેવની નમ્રતામાં મહાનતા હતી. મનમાં નિર્ભયતાની ખુમારી હતી.

'તમે આ વિહારના અધ્યક્ષ છો?'

સત્યદેવે હકારમાં સહેજ મસ્તક ઝુકાવ્યું.

અશોકના અંતરનો બધો જ ક્રોધ વાણીમાં ઘોળાઈને બહાર પડ્યો. 'નીચ ભિખ્ખુ, તારી આ મજાલ! મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાનું સાહસ તેં કેમ કર્યું? અત્યારે ને અત્યારે કલિંગરાજને મારી સમક્ષ હાજર કર. દંડ શું કરવો એનો નિર્ણય પછી કરીશ.'

'મહારાજ! સેના-નાયકને જે મેં કહ્યું હતું એ જ આપને પણ એ જ કહું છું, કે મેં કલિંગરાજને કદી જોયા નથી … … … વિહારમાંથી કાઢવાનો ઇનકાર કરું છું એ વાત સત્યથી વેગળી છે. સાધારણ સૈનિકો કલિંગરાજને ઓળખે નહિ ને તેમને ખોળી કાઢવા માટે અત્યાચાર આચરે. આવું ન બને ને વિહારના શરણાર્થીઓ આવા અત્યાચારમાંથી ઊગરી જાય એ આશયથી જ મેં આપને અહીં બોલાવેલા. આપ તો કલિંગરાજને સારી રીતે ઓળખતા જ હશો. વિહારમાં આશ્રય લઈ રહેલા સમસ્ત શરણાર્થીઓને આપની સમક્ષ હાજર કરું છું. કલિંગરાજ હોય તો તેમને પકડી લેજો.'

'ભિખ્ખુ, તમે તો ખૂબ મીઠાબોલા છો. શું તમે એમ સમજો છો, કે તમારી મીઠી વાણીથી હું પીગળી જઈશ?'

'માણસ વાણીથી અંજાય છે ખરો, પણ ક્ષણ પૂરતો. શુદ્ધ વ્યવહારથી માનવ સદા માટે અંજાય છે. સમ્રાટ મારી વાત પર વિશ્વાસ રાખે. કલિંગરાજને હું ઓળખતો હોત તો સમ્રાટને અહીં આવવાનું કષ્ટ ન આપત. વેષ બદલીને કલિંગરાજે અહીં આશ્રય લીધો હશે તો સમ્રાટની ચપળ આંખો એમને પકડી પાડશે!'

હવે અશોકનું ધ્યાન વિહારમાં આશ્રય લઈ રહેલા શરણાર્થીઓ પર પડ્યું. વિહારના વિશાળ મેદાનમાં ચીંથરેહાલ અને દુર્બળ સ્ત્રી-પુરુષો અને બાળકોનાં ટોળાં જામ્યાં હતાં. કોઈ રોતું હતું. કોઈ વેદનાથી કણસતું હતું. કોઈ નિરાશ વદને બેઠું હતું. આ બધું જોઈને અશોકનું મુખ ઘૃણાથી કટાણું થઈ ગયું.

સત્યદેવે સંકેત કર્યો. નિર્દોષ નાગરિકોની એક લાંબી કતાર સમ્રાટની પાસેથી પસાર થવા લાગી. નાનાં નાનાં નિર્દોષ બાળકો સશસ્ત્ર સૈનિકોને જોઈને કંપી ઊઠ્યાં. કેટલાંક તો રોકકળ કરવા લાગ્યાં. કેટલાંક તો ચીસ પાડતાં જ મોટાં બાળકોને વળગી પડ્યાં. કેટલાંક દૂર ભાગવા લાગ્યાં. એમના નિસ્તેજ ગાલ પરથી આંસુ ચાલ્યાં જતાં હતાં. હોઠ પર લીંટના થર જામ્યા હતા. શરીર પર મેલના થર જામ્યા હતા. શુષ્ક વાળ હવામાં ફરફરી રહ્યા હતા અને શરીર ચીંથરાંઓથી ઢંકાયેલાં હતાં.

'બેટા, ગભરાઈને કેમ દૂર ભાગો છો? આમ આવ. આ તો આપણા રાજા સમ્રાટ અશોક છે. અત્યારે તે

મૂકી અને 'બુદ્ધં શરણં ગચ્છામિ સંઘં શરણં ગચ્છામિ' કહેતા જ ભગવાન બુદ્ધની વિશાળ મૂર્તિ પાસે પડતું મૂક્યું. હાથમાંનું નાનું બાળક ઊછળીને દૂર પડ્યું અને સદાને માટે બુદ્ધના ચરણમાં સ્થિર થઈ ગયું.

અશોકના હૃદયના કોઈ અગમ્ય ખૂણામાંથી કરુણાનું ઝરણું ફૂટી ન કળ્યું. તલવારને મ્યાન કરી, ઘોડેસ્વાર થયો. લગામ ખેંચતા જ પવનવેગી અશ્વ રાજમહેલ ભણી દોડ્યો. પાછળ સૈન્ય ઊપડ્યું.

અર્ધપાગલ યુવતીની સેવાનો બંદોબસ્ત કરીને રક્ષિત સાથે સત્યદેવ પોતાના એકકક્ષ ખંડમાં આવ્યા. રક્ષિતે પૂછ્યું, 'ભન્તે, આપે શા માટે વિહારના શરણાર્થીઓને સમ્રાટની સન્મુખ ઉપસ્થિત કર્યા? શરણાર્થીઓમાં કલિંગરાજ હોત તો વિહારને માથે મોટું કલંક લાગી જાત ને!'

સત્યદેવ મર્માળુ હસ્યા. 'રક્ષિત, રાજતેજ કદી છૂપું રહી શકે ખરું? હું શરણાર્થીઓના સતત સંપર્કમાં રહ્યો છું એટલે હું જાણતા જ હતો કે અહીં કલિંગરાજ નથી જ. અશોકના ગુપ્તચરોએ ખોટા સમાચાર આપ્યા હતા. આમ કરીને મેં એક કાંકરે બે પક્ષી માર્યાં છે. એક તો શરણાર્થીઓને સૈનિકોના અત્યાચારથી ઉગાર્યા. અને બીજું તારે અશોકને એ બતાવવું હતું કે તારી સામ્રાજ્ય વધારનારી મહત્ત્વાકાંક્ષાએ જનતાને કેવી પીડા પહોંચાડી છે? આ લોકોની જે દીનહીન દશા થઈ છે એના મૂળમાં તારી રાજ્ય વધારવાની મહત્ત્વાકાંક્ષા જ છે.

'આમ કરવામાં કેટલું જોખમ હતું એનું પણ મને પૂરેપૂરું ભાન હતું. કોઈ પણ વ્યક્તિ ભલે તે રાજા હોય કે ન હોય, પોતે આચરેલા અત્યાચારો જાતે જોવા કોઈ ઇચ્છતું નથી. એક ક્ષણ માટે મને પણ એમ થયું હતું કે ક્રોધાવેશમાં અશોક મારા ટુકડેટુકડા કરી નાખશે. સાચી વાત એ હતી કે મેં જે દૃશ્યો એની સામે રજૂ કર્યાં હતાં એનાથી તે પૂરેપૂરો પ્રભાવિત થયો હતો. એનું પરિણામ શું આવશે એ જાણવા માટે હું એના ચહેરાનું ધ્યાનપૂર્વક અવલોકન કરતો હતો. એના અંતરમાં તુમુલ યુદ્ધ જામ્યું હતું, સદાચાર અને દુરાચાર વચ્ચે. બન્નેમાંથી કઈ ભાવના વિજયી થશે એનો ફેંસલો તો સમય આપશે.'

એ જ વખતે એક ભિખ્ખુએ પ્રવેશ કર્યો. 'ભન્તે, પહેલા આવ્યા હતા એ જ સેનાનાયક અનાજ ભરેલી ગાડીઓ લઈને આવ્યો છે. આપને મળવા અંદર આવી રહ્યો છે.'

અંદર આવી સેનાનાયકે ઝૂકીને સત્યદેવને અભિવાદન કરતાં કહ્યું : 'ભન્તે, સૈન્યે લૂંટી લીધેલી ભોજનસામગ્રી સમ્રાટે પાછી મોકલાવી છે. એનો તપાસીને સ્વીકાર-પત્ર લખી આપો.'

રક્ષિતનું મુખ હર્ષથી ખીલી ઊઠ્યું.

સત્યદેવે ભોજનસામગ્રીનો સ્વીકારપત્ર લખતાં કહ્યું : 'રક્ષિત, આ ધર્મનો વિજય છે.'

વિહારના શરણાર્થીઓમાંથી ઘોષણા ઊઠી :

બુદ્ધં શરણં ગચ્છામિ,
સંઘં શરણં ગચ્છામિ,
ધર્મં શરણં ગચ્છામિ.

* આધારિત

અશક્તિનું પ્રદર્શન

મિત્ર-મંડળ ચર્ચાએ ચડ્યું હતું. વિષય હતો દેશસેવા. એક મિત્રના હાથમાં રાણી વિક્ટોરિયાનું ચિત્ર આવ્યું. દેશ-ભક્તિના આવેશમાં તેણે તે ચિત્ર ફાડી નાખ્યું.

'અરે ભાઈ, બિચારા આ નિરુપદ્રવી કાગળે તારું શું બગાડ્યું હતું કે તેં એના ચૂરેચૂરા કરી નાખ્યા! આપણો રોષ અંગ્રેજો સામે હોઈ શકે. નહિ કે આવાં ચિત્રો સામે. વિદ્રોહ જગવવાની તમારામાં શક્તિ હોય તો આ પ્રમાણે કરીને પોતાની અશક્તિનું પ્રદર્શન ન કરો. કાગળને ફાડી નાખવા એ તો નિર્વીર્ય પુરુષોનું કામ છે. તમારા અંતરમાં જો શક્તિ જ હોય તો અત્યારે જ પ્રતિજ્ઞા કરો કે, 'જ્યાં સુધી મારામાં શ્વાસ છે ત્યાં સુધી હું અંગ્રેજી શાસનને ઉખેડી નાખવા માટે ઝૂઝીશ.'

મિત્રની તેજવાણી સાંભળીને સૌ ઠંડાગાર થઈ ગયા. અગ્નિ સમો તેજસ્વી તે મિત્ર હતો લોકમાન્ય બાળ ગંગાધર ટિળક.'

અધિકારનો સદુપયોગ



શાંતિલાલ બોલે

સને ૧૯૬૫ ના ડીસેમ્બર માસમા સુરતમાં ગુજરાતી સાહિત્ય પરિષદ ભરાઈ ત્યારની આ વાત છે. વિલેપારલે સાહિત્ય સભાના પ્રમુખ ગુલાબદાસ બ્રોકરનો ટેલિફોન–સ દેશો મળ્યો કે, 'શહેરમાથી આ સમયે ઘણા સભ્યો પરિષદમા આવવા તૈયાર થયા છે. અને છેલ્લી ઘડી સુધી 'ફ્લાઇ ગ રાણી'મા રિઝર્વેશન મેળવવા શકય બનેલ નથી. તો આપ તે બાબત તાત્કાલિક હાથમા લઈ એક આખી 'બોગી' મળી જાય તેવી વ્યવસ્થા કરો તો સારુ'.

'વારુ, પ્રયત્ન કરીશ,' એવું આશ્વાસન આપી હું તરત જ તૈયાર થઈ, બોમ્બે સેન્ટ્રલ પર આવેલ કોમરશીઅલ મેનેજરની ઓફિસે પહોચી ગયો.

મીસ 'જગતીઆની' નામના એક સીંધી બહેન આ રિઝર્વેશન ખાતું સ ભાળે. એમની પાસે પહોંચી અમારી વિગત સમજાવી.

ફાઈલના પાનાં ઉઘાડી રિઝર્વેશન માટેની થોકબ ધ અરજીઓ મેને બતાવી, તેઓ બોલ્યા, 'આ ડિસેમ્બર માસમા અને ખાસ કરીને નાતાલની રજાઓમા એકી સાથે અનેક પ્રકારની સરકારી, સામાજિક અને સાસ્કૃતિક સભાઓ અનેક સ્થળે ભરાય છે. આ રીત એક જ સમયે બધી સભાઓ ગોઠવવાનો ક્રમ રાખવાથી રેલ્વે ઉપર બહુ જ દબાણ આવે છે. આથી સામાન્ય લોકોને અવરજવરની સગવડ આપવી મુશ્કેલ બની જાય છે. જાણે ડિસેમ્બર માસ તે પરિષદ કે અધિવેશનનો માસ ન હોય તે પ્રમાણે તે જ માસમા સર્વે સભાઓ ગોઠવાય છે. આટલી બધી અરજીઓ જોતા મને ડર લાગે છે, કે કદાચ આપને હું કશી સગવડતા આપી શકીશ નહિ. તે છતા આપ અરજી આપી જાવ અને આવતી કાલે આવજો. મારાથી બની શકશે તો ગોઠવી આપીશ.'

અરજી આપી, નિરાશ વદને ઓફિસના પગથિયાં ઊતરતાં વિચાર કરતા હતા કે 'આવા ધાંધલના સમયમાં છેક છેલ્લી ઘડીએ આવેલ અરજીનો કંઈ ન બર લાગે નહિ.'

વિચારમાં ને વિચારમા ત્યાથી ચર્ચગેટ ઉપર આવેલ રેલ્વેની વડી કચેરીએ પહોચી ગયો. અને તે ખાતાના અધિકારીનો સ પર્ક સાધ્યો. તેમણે મારી બધી વાત સહાનુભૂતિપૂર્વક સાભળી પણ આ તબકકે કોઈ પણ પ્રકારે મદદગાર થઈ શકવાની લાચારી દર્શાવી. મારી રહીસહી આશા પણ નષ્ટ થઈ.

બીજે દિવસે નિયત સમયે હું મુંબઈ સેન્ટ્રલ પહોચી તો ગયો. પણ મિસ જગતીઆની સામે રિઝર્વેશન લેનારાઓની લાબી કતાર જોઈ, મૂ ઝવણમા પડયો. મારી મૂંઝવણને દૂરથી જ કળી જઈ, વારા માટે કતારમા ઊભા રહેલ મને પોતાની પાસે આવવા સંજ્ઞા કરી.

અમારા રિઝર્વેશનનો કાગળ મારા હાથમાં મૂકતાં તેઓ બોલ્યા : 'જુઓ, 'ફ્રન્ટીઅર મેલ' કે 'ફ્લાઇ ગ રાણી'માં તો નહિ,પણ મહામુશ્કેલીએ સુરત એક્સપ્રેસમાં એક 'બોગી' જોડી આપેલ છે. કારણ મારે મન જેટલી પરિષદો યોજાય છે તે સર્વમાં સાહિત્યની પારષદને અગ્ર સ્થાન આપવું જોઈએ. કારણ દરેક પરિષદનો પાયો ભણતરની પરિષદમાથી જ ઉદ્ભવે છે આ સામે જ ઊભેલ ભાઈને જ્ઞાતિજનો માટે આપેલ 'બોગી' તેમને સમજાવી–મનાવી, કેન્સલ કરી, આપને સાહિત્યના કામ માટે આપેલ છે. તેઓ તો વહેલામોડા, છૂટક છૂટક, એક–પછી–એક જઈ શકશે. પણ આપ સર્વે સાહિત્યકારો એક જ 'ડબ્બા'મા સાથે જ સાહિત્યની ચર્ચાવિચારણા કરતાં કરતાં જશો તો જરૂર તેમાંથી કઈક પાયાનુ (ભણતરનું) નવું સત્ય નીકળી આવશે, જે ભવિષ્યમાં આપણા વિદ્યાર્થીઓને ઘણું ઉપયોગી નીવડશે. આપની ભાષામાથી નીકળેલ તે નવીન શૈલી પછી ધીરે ધીરે ભારતની દરેક ભાષામાં આવી જશે તે નિશ્ચિત છે.'

જંગલમાં જાઉં અને એ લોકો કરે તેમ કરું.

'નાનકડું એવું પ્રાણી, પણ એની રૂંવાટી જ એના કાળનું કારણ ! કુંવરી સાહેબ માટે મેં પણ એક-બે ડઝન ખિસકોલી આવી રીતે હાથ કરી. પણ મારું અંતર વલોવાઈ ગયું. ડંખ દેવા લાગ્યું કે, 'ભૂંડા, આવડા અમથા પ્રાણીએ તારું શું બગાડ્યું હતું ?'

'પછી તો બાપુસાહેબ અને કુંવરી સાહેબ સૌ પાછા ફર્યા. કુંવરી સાહેબે તો પેલું 'પર્સ' બનાવડાવ્યું તે સૌને દેખાડે. જ્યાં જાય ત્યાં સાથે રાખે. સૌ તેના વખાણ પણ એવા જ કરે !'

'પણ આમાં દુઃખની વાત ક્યાંય આવી નહિ !' મેં પ્રશ્ન કર્યો.

શાર્દૂલે ગળું ખંખેર્યું અને કહ્યું : 'ઈ વાત હવે આવે છે. પછી તો રાજબા માંદા પડ્યા. નાના કુંવરી એટલે બાપુને બહુ વહાલા હતા, દવાદારૂ ચાલુ કર્યાં પણ મંદવાડ કમે ઓછો થાય નહિ. પણ ઊલટો વધે. મુંબઈથી મોટા મોટા સર્જન બોલાવ્યા, પણ કોઈની કારી ફાવી નહિ. મને મનમાં અમંગળ શંકા પેસી ગઈ કે હવે રાજબા માંદગીમાંથી ઊઠશે નહિ. વળી ખિસકોલી જેવા પ્રાણીની હત્યાનું પાપ નજર આગળ તરવરે. મનમાં થાય કે કુદરતે તો શિક્ષા કરી નહિ હોય ! રાજબા માંદગીમાં પણ ખિસકોલીની ચામડીનું પાકીટ હાથે જ રાખે. બાળવૃત્તિ ખરીને ! અને એ જોઈ મને મનમાં રોંગટાં પડે ! પછી તો ભગવાનની મરજી અને ઈ ફૂલ અકાળે કરમાઈ ગયું. પણ મને મનમાં ગાંઠ વળી ગઈ કે પાપકર્મની જ આ કુદરતે શિક્ષા કરી છે. જીવને ક્યાંય ગોઠે નહિ. રાજબાનો નિર્દોષ ચહેરો યાદ આવ્યા કરે. મારા હાથે હત્યા પામેલી તરફડતી ખિસકોલીઓ યાદ આવે. દિલમાં એવો ભાર થઈ ગયો કે મનમાં થાય કે હિમાળો ગાળી દેહ પાડું. પછી તો બાપુની નોકરી પણ મૂકી દીધી. ગામ પણ છોડ્યું અને રાજ પણ છોડી દીધું. મલકમાં રખડવા નીકળી પડ્યો. પાપ ધોવા માટે થાય એટલી તીરથની જાત્રા કરી. પછી તો સમય બદલાઈ ગયો. રાજાઓનાં રાજપાટ ગયાં. આઝાદી આવી અને પૈસા ખૂટ્યા એટલે હું પણ વતન તરફ ફર્યો. પણ હવે મને કોણ સંઘરે ?'

'ત્યારે અહીં જ તમારું વતન કે ?'

'ના રે, બાપા ! વતન તો ઘણે દૂર રહી ગયું. દેહના દંડ જેમ આપણે જ ભોગવવાના તેમ આપણાં કર્મ પણ આપણે જ ભોગવ્યે છૂટકો. વતનમાં કુટુમ્બનું કોઈ રહ્યું નહિ. ઉજ્જડ વનમાં જેમ એક ઠૂંઠું ઊભું હોય તેમ મને એકને જ કુદરતે જીવતો રાખ્યો. હવે આ મનખા દેહથી માનવીની સેવા કરું છું !'

'અહીં કેટલા વખતથી છો ?'

'આ સોનાપુર અહીં ન હતું ત્યારનો. માનવીને છેલ્લે વિસામે હું કાયમ બેઠક રાખતો અને નાતજાતના ભેદ વિના દરેકને છેલ્લી ક્રિયામાં મદદ કરું. પછી તો નગરપાલિકાએ આ મકાનું આ તરફ બનાવ્યું અને મને કહે કે ધ્યાન રાખશો ને ? તમને સોનાપુરના પગી બનાવ્યા, જાઓ. હું કાંઈ જ બોલ્યો નહિ. પણ ત્યારથી મારા ભૂતકાળના પાપ ધોવા અહીં રહી ગયો છું !'

'અહીં કઈ કઈ કામગીરી રહે છે ? જો કોઈ મદદમાં છે ?'

'મારે તો રૂદિયાની કામગીરી છે. માનવી ! અંતિમ ક્રિયામાં સાચા હૃદયથી શામિલ થવું. એને છેલ્લું માન આપવું. અહીં આવતી દરેક નનામીને હું મારા વહાલસોયા આપ્તજનની નનામી સમજું છું. અહીં ઘણા દીન ... બાન-વારસી—જાતજાતના લોકો આવે છે. પણ ... બહારી હું લઉં છું ત્યારે હૃદયમાંથી બોજો હળવો થાય છે. ગઈ કાલની જ એક વાત કરું. બહારગામના દરદી અહીં દવાખાને દાખલ થએલા. હારે ફક્ત બાઈમાણસ. એકાદ ચાકર ખરો. કુદરતને કરવું ને દરદીએ તો લાંબી યાત્રા સ્વીકારી. પછી તો શબને લાવ્યા અહીં મોટરમાં. સાથે એક માણસ અને એક ડ્રાઈવર. બહેન તો મૂંઝાય, કાંઈ મૂંઝાય, આંખમાંથી આંસુ હાલ્યા જાય.

'હું સામે ગયો. કીધું : 'બેન, મૂંઝાવ મા, મારે ઘેરે જ મરણ થયું છે અને અહીંના બધા જ મારા માણસો તમારા સગાંવહાલા છે.' પછી તો વિધિપૂર્વક અંત્યેષ્ટિ પતાવી.

'જતી વખતે બેનની આંખમાં આંસુ માય નહિ. મને કહે : 'તમે અહીંના પગી છો ?'

મેં કીધું : 'હા.'

એકસોની નોટ કાઢી મને આપી કે, 'કોઈની—ગરીબની—ક્રિયામાં વાપરજો.'

અધિકારીનો સહયોગ



શાંતિલાલ બોલે

સને ૧૯૬૫ ના ડીસેમ્બર માસમાં સુરતમા ગુજરાતી સાહિત્ય પરિષદ ભરાઈ ત્યારની આ વાત છે. વિલેપારલે સાહિત્ય સભાના પ્રમુખ ગુલાબદાસ બ્રોકરનો ટેલિફોન–સંદેશો મળ્યો કે, 'શહેરમાથી આ સમયે ઘણા સભ્યો પરિષદમા આવવા તૈયાર થયા છે અને છેલ્લી ઘડી સુધી 'ફ્લાઇંગ રાણી'મા રિઝર્વેશન મેળવવા શકય બનેલ નથી તો આપ તે બાબત તાત્કાલિક હાથમા લઈ એક આખી 'બોગી' મળી જાય તેવી વ્યવસ્થા કરો તો સારું'.

'વારુ, પ્રયત્ન કરીશ,' એવું આશ્વાસન આપી હું તરત જ તૈયાર થઈ, બોમ્બે સેન્ટ્રલ પર આવેલ કોમરશીઅલ મેનેજરની ઑફિસે પહોચી ગયો.

મીસ 'જગતીઆની' નામના એક સીંધી બહેન આ રિઝર્વેશન ખાતુ સંભાળે · એમની પાસે પહોચી અમારી વિગત સમજાવી.

ફાઈલના પાના ઉથાંડી રિઝર્વેશન માટે-ની થોકબંધ અરજીઓ મને બતાવી, તેઓ બોલ્યા, 'આ ડિસેમ્બર માસમા અને ખાસ કરીને નાતાલની રજાઓમા એકી સાથે અનેક પ્રકારની સરકારી, સામાજિક અને સાસ્કૃતિક સભાઓ અનેક સ્થળે ભરાય છે. આ રીતે એક જ સમયે બધી સભાઓ ગોઠવવાનો ક્રમ રાખવાથી રેલ્વે ઉપર બહુ જ દબાણ આવે છે. આથી સામાન્ય લોકોને અવરજવરની સગવડ આપવી મુશ્કેલ બની જાય છે જાણે ડિસેમ્બર માસ તે પરિષદ કે અધિવેશનનો માસ ન હોય તે પ્રમાણે તે જ માસમા સર્વે સભાઓ ગોઠવાય છે. આટલી બધી અરજીઓ જોતા મને ડર લાગે છે, કે કદાચ આપને હુ કશી સગવડતા આપી શકીશ નહિ. તે છતાં આપ અરજી આપી જાવ અને આવતી કાલે આવજો. મારાથી બની શકશે તો ગોઠવી આપીશ.'

અરજી આપી, નિરાશ વદને ઑફિસના પગથિયાં ઊતરતા વિચાર કરતા હતા કે 'આવા ધાંધલના સમયમા છેક છેલ્લી ઘડીએ આવેલ અરજીનો કંઈ નંબર લાગે નહિ.'

વિચારમા ને વિચારમાં ત્યાથી ચર્ચગેટ ઉપર આવેલ રેલ્વેની વડી કચેરીએ પહોચી ગયો. અને તે ખાતાના અધિકારીનો સંપર્ક સાધ્યો તેમણે મારી બધી વાત સહાનુભૂતિપૂર્વક સાભળી. પણ આ તબકકે કોઈ પણ પ્રકારે મદદગાર થઈ શકવાની લાચારી દર્શાવી મારી રહીસહી આશા પણ નષ્ટ થઈ.

બીજે દિવસે નિયત સમયે હુ મુંબઈ સેન્ટ્રલ પહોચી તો ગયો. પણ મિસ જગતીઆની સામે રિઝર્વેશન લેનારાઓની લાબી કતાર જોઈ, મૂઝવણમા પડચો. મારી મૂઝવણને દૂરથી જ કળી જઈ, વારા માટે કતારમા ઊભા રહેલ મને પોતાની પાસે આવવા સંજ્ઞા કરી.

અમારા રિઝર્વેશનનો કાગળ મારા હાથમા મૂકતાં તેઓ બોલ્યા: 'જુઓ, 'ફ્રન્ટીઅર મેલ' કે 'ફ્લાઇંગ રાણી'મા તો નહિ, પણ મહામુશ્કેલીએ સુરત એક્સપ્રેસમાં એક 'બોગી' જોડી આપેલ છે. કારણ મારે મન જેટલી પરિષદો યોજાય છે તે સર્વમા સાહિત્યની પારષદને અગ્ર સ્થાન આપવું જોઈએ કારણ દરેક પરિષદનો પાયો ભણતરની પરિષદમાથી જ ઉદ્ભવે છે આ સામે જ ઊભેલ ભાઈને જ્ઞાતિજનો માટે આપેલ 'બોગી' તેમને સમજાવી–મનાવી, કેન્સલ કરી, આપને સાહિત્યના કામ માટે આપેલ છે. તેઓ તો વહેલામોડા, છૂટક છૂટક, એક–પછી–એક જઈ શકશે. પણ આપ સર્વે સાહિત્યકારો એક જ 'ડબ્બા'માં સાથે જ સાહિત્યની ચર્ચાવિચારણા કરતાં કરતાં જાઓ તો જરૂર તેમાથી કંઈક પાયાનું (ભણતરનું) નવું સત્ય નીકળી આવશે, જે ભવિષ્યમા આપણા વિદ્યાર્થીઓને ઘણુ ઉપયોગી નીવડશે. આપની ભાષામાંથી નીકળેલ તે નવીન શૈલી પછી ધીરે ધીરે ભારતની દરેક ભાષામા આવી જશે તે નિશ્ચિત છે.'

જંગલમા જાઉં અને એ લોકો કરે તેમ કરું.

'નાનકડું એવું પ્રાણી, પણ એની રૂવાટી જ એના કાળનું કારણ! કુંવરી સાહેબ માટે મે પણ એક-બે ડઝન ખિસકોલી આવી રીતે હાથ કરી પણ મારું અંતર વલોવાઈ ગયું દુઃખ દેવા લાગ્યું કે, 'ભૂંડા, આવડા અમથા પ્રાણીએ તારું શું બગાડ્યું હતું ?'

'પછી તો બાપુસાહેબ અને કુંવરી સાહેબ સૌ પાછા ફર્યાં. કુંવરી સાહેબે તો પેલું 'પર્સ' બનાવડાવ્યું તે સૌને દેખાડે જ્યાં જાય ત્યાં સાથે રાખે. સૌ તેના વખાણ પણ એવા જ કરે !'

'પણ આમાં દુઃખની વાત ક્યાંય આવી નહિ !' મે પ્રશ્ન કર્યો.

શાર્દૂલે ગળું ખંખેર્યું અને કહ્યું : 'ઈ વાત હવે આવે છે પછી તો રાજબા માંદા પડ્યા. નાના કુંવરી એટલે બાપુને બહુ વહાલા હતા, દવાદારૂ ચાલુ કર્યાં પણ મંદવાડ કેમે ઓછો થાય નહિ પણ ઊલટો વધે. મુંબઈથી મોટા મોટા સર્જન બોલાવ્યા, પણ કોઈની કારી ફાવી નહિ. મને મનમા અમંગળ શંકા પેઠી ગઈ કે હવે રાજબા માંદગીમાથી ઊઠશે નહિ. વળી ખિસકોલી જેવા પ્રાણીની હત્યાનું પાપ નજર આગળ તરવરે મનમાં થાય કે કુદરતે તો શિક્ષા કરી નહિ હોય ! રાજબા માંદગીમા પણ ખિસકોલીની ચામડીનું પાકીટ હારે જ રાખે બાળકવૃત્તિ ખરીને અને એ જોઈ મને મનમા શેરડો પડે ! પછી તો ભગવાનની મરજી અને ઈ ફૂલ અકાળે કરમાઈ ગયું પણ મને મનમા ગાંઠ વળી ગઈ કે પાપકર્મની જ આ કુદરતે શિક્ષા કરી છે જીવને કયાય ગોઠે નહિ રાજબાનો નિર્દોષ ચહેરો યાદ આવ્યા કરે. મારા હાથે હત્યા પામેલી તરફડતી ખિસકોલીઓ યાદ આવે દિલમા એવો ભાર થઈ ગયો કે મનમા થાય કે હિમાળો ગાળી દેહ પાડું પછી તો બાપુની નોકરી પણ મૂકી દીધી. ગામ પણ છોડ્યું. અને રાજ પણ છોડી દીધું મસાણમાં રખવાળા તીરથી પકડ્યો. પાપ ધોવા માટે થાય એટલા તીરથની જાત્રા કરી પછી તો સમય બદલાઈ ગયો રાજાઓના રાજપાટ ગયા આઝાદી આવી અને પૈસા ખૂટ્યા એટલે હું પાછો વતન તરફ ફર્યો. પણ હવે મને કોણ સંઘરે ?'

'ત્યારે અહીં જ તમારું વતન કે ?'

'ના રે, બાપા ! વતન તો ઘણે દૂર રહી ગયું. દેહનાં દંડ જેમ આપણે જ ભોગવવાના તેમ આપણા કર્મ પણ આપણે જ ભોગવ્યે છૂટકો વતનમા કુટુમ્બનું કોઈ રહ્યું નહિ ઉજ્જડ વનમા જેમ એક ઠૂંઠું ઊભું હોય તેમ મને એકને જ કુદરતે જીવતો રાખ્યો હવે આ મનખા દેહથી માનવીની સેવા કરું છું.'

'અહીં કેટલા વખતથી છો ?'

'આ સોનાપુર અહીં ન હતું ત્યારનો. માનવીને છેલ્લે વિસામે હું કાયમ બેઠક રાખતો અને નાતજાતના ભેદ વિના દરેકને છેલ્લી ક્રિયામા મદદ કરું પછી તો નગરપાલિકાએ આ મકાનું આ તરફ બનાવ્યું અને મને કહે કે ધ્યાન રાખશો ને ? તમને સોનાપુરના પગી બનાવ્યા, જાઓ. હું કાંઈ જ બોલ્યો નહિ પણ ત્યારથી મારા ભૂતકાળના પાપ ધોવા અહીં રહી ગયો છું !'

'અહીં કઈ કઈ કામગીરી રહે છે ? ગળું કોઈ મદદમાં છે ?'

'મારે તો રખિયાની કામગીરી છે. માનવીની અંતિમ ક્રિયામા સાચા હૃદયથી શામિલ થવું. એને છેલ્લું માન આપવું. અહીં આવતી દરેક નનામીને હું મારા વહાલમોયા આપ્તજનની નનામી સમજું છું, અહીં ઘણા દીન દુઃખી બિનવારસી-જાતજાતના લોકો આવે છે. પણ જ જવાબદારી હું લઉં છું ત્યારે હૃદયમાથી બોજો હળવો થાય છે. ગઈકાલની જ એક વાત કરું. બહારગામના દરદી અહીં દવાખાને દાખલ થએલા હારે ફક્ત બાઈમાણસ એકાદ ચાકર ખરો કુદરતને કરવું ને દરદીએ તો લાબી યાત્રા સ્વીકારી પછી તો શબને લાવ્યા અહીં મોટરમા સાથે એક માણસ અને એક ડ્રાઈવર, બહેન તો મૂઝાય, કાંઈ મૂઝાય, આંખમાથી આંસુ હાલ્યા જાય.

'હું સામે ગયો કીધું : બેન, મૂંઝાવ માં, મારે ઘરે જ મરણ થયું છે અને અહીં ના બધા જ મારા માણસો તમારા સગાવહાલાં છે ? પછી તો વિધિપૂર્વક અંત્યેષ્ટિ પતાવી.

'જતી વખતે બેનની આંખમા આંસુ માય નહિ. મને કહે : 'તમે અહીં ના પગી છો ?'

મે કીધું : 'હા.'

એકસોની નોટ કાઢી મને આપી કે, 'કોઈની-ગરીબની-ક્રિયામાં વાપરજો.'

પણ હું એક વખતનો અઘોર પાપી–હું લઉં ? મારાથી લેવાય ? મેં કીધું : 'બેન, મારે પૈસા ગૌમેટ બરોબર છે !'

એવડું મોટું માણહ મને પગે પડ્યા અને કે'તા ગ્યા : ' સંધુય ભુલાશે, પણ તમે નહિ ભુલાવ પગી !'

મે એ વાતને ટેકો આપતાં કહ્યુ : ' તેમણે સો ટકા સાચી વાત કરી.'

ફરીથી કરુણામિશ્રિત હાસ્ય વેરતાં વૃદ્ધજન બોલી ઊઠ્યો : ' તમે પણ શુ ભાઈ સાબ, આ શાર્દૂલની ટેકડી માડી છે ! તમે જ કહો, મારા દિલનો બોજો હળવો થામ અને કોઈની આતરડી ઠરે એથી કાઈ વિશેષ છે ? '

' હુ જવાબ આપુ તે પહેલાં સોનાપુરના દરવાજામા 'રામ–શ્રીરામ' બોલતા ડાઘુઓ સાથે એક નનામી દાખલ થઈ. શાર્દૂલ વિદ્યુતવેગે ઊભો થઈ ગયો. અને લાકડી લીધા વિના સામે દોડી તુરત જ નનામીને ખભો આપ્યો. અને ચિનાના પાટડા સુધી આ ઉમરે તેને જતો હુ જોઈ રહ્યો. કોટડી ખોલીને તેણે લાકડા કાઢી આપ્યા. દહન માટેનાં બેત્રણ સાધન આપ્યા. પાણીની ડોલ ને લાબો લોખડનો ચીપિયો કાઢી આપ્યા ચિતા પાસે જઈ, ગોઠવવામાં ડાઘુઓને મદદ કરી અને અગ્નિ પેટાવવામા થોડી વાર રોકાઈ ગયો. ચિતામા જ્વાળા પ્રગટી એટલે ત્યા નત મસ્તકે ઊભો રહ્યો અને નમન કરી, વિષાદયુક્ત ચહેરે ડાઘુઓની સાથે બેઠો. થોડી વાર રહીને તેણે નળમાથી ડોલ ભરી, સૌ ડાઘુઓને પાણી પાયુ. ચિતા બળતી રહી ત્યાં સુધી તે ખડે પગે બધી જરૂરિયાતો પૂરી કરતો રહ્યો.

આ આખી ઘટના ઉપર હુ ઊડા વિચારમા ડૂબી ગયો. સમયનું ભાન રહ્યુ નહિ મને લાગ્યુ કે આ અબૂઝ અણઘડ માનવીની પેઠે હુ પણ કોઈ અનામી મૃતાત્માને અંજલિ આપવા આવી ચડ્યો હતો જીવન ને મૃત્યુ વચ્ચેનું આ પ્રવેશદ્વાર હતું સોનાપુરમાં થઈને પેલી પાર જવાતુ હતું. મનુષ્યની આખરી મંજિલનો આ વિસામો હતો.

અને આ શાર્દૂલ ? એને શુ કહીશુ ? નગરપાલિકાએ તેને ચોકિયાત – પગી તરીકે અહીં રાખ્યો હશે. પણ પોતાની ફરજના વિસ્તારને તેણે કેટલો વધારી દીધો હતો ! એની પાસે કોઈ મહાશાળાની પદવી ન હતી, છતા તેણે જે રીતે પોતાના જીવનનું ઘડતર કરી, પૂર્વ જીવનની અપૂર્ણતા અને ભાવિ જીવનની અભીપ્સા–એનો સુમેળ સાધવા જે ભગીરથ પુરુષાર્થ અને પ્રાયશ્ચિત્ત આદર્યા હતા તેને કઈ વ્યાખ્યામા બાધીશુ ? પોતાનો ન્યાયાધીશ પોતે બનીને પોતાના કર્મોની આકણી તેણે કરી હતી. અને જે શિક્ષાત્મક દડ તે જાતને આપી રહ્યો હતો અને માનવતાની મહેક પ્રસરાવી રહ્યો હતો તે નિહાળીને તેને સોનાપુરનો પગી કહેવો કે પૂજારી તરીકે સન્માનવો ?

શાર્દૂલે ચોક્કસ એક દૃષ્ટિ મને આપી હતી, અને તે અવારનવાર સોનાપુરની મુલાકાતે આવવાની. માનવી હમેશા મૃત્યુથી ડરતો રહ્યો છે. પણ હવે જ એ વાતની પ્રતીતિ તેણે વગર બોલ્યે મને કરાવી દીધી કે મૃત્યુમા જે પવિત્રતા જુએ છે, અને જીવનના અતને જે કોઈ નમ્ર ભાવે અર્ઘ્ય આપવા તયાર બને છે તેને માટે સોનાપુર પણ અન્ય કોઈ તીર્થધામ જેવુ ઉપાસ્ય મદિર જ છે !

અનોખું દૃષ્ટાંત

ટૉમસ કાર્લાઈલે 'ફ્રાંસની રાજ્યક્રાંતિ' અંગે અભ્યાસપૂર્ણ પુસ્તક લખ્યું તે હસ્તલિખિત પુસ્તક પ્રખ્યાત દાર્શનિક જોન સ્ટુઅર્ટને અવલોકન અર્થે આપ્યુ.

એક દિવસ જોન સ્ટુઅર્ટે આવીને કહ્યું : ' મિત્ર ! વાત કરતાં ખૂબ ખેદ થાય છે. આપે અવલોકનાર્થે આપેલું પુસ્તક મારી નોકરાણીએ અજાણતામાં બાળી નાખ્યું છે.

આ વાત સાભળીને કાર્લાઈલ પણ ઘડીભર માટે સ્તબ્ધ બની ગયા. વર્ષોની મહેનત આમ પાણીમા જાય એ કેમ ખમાય ?

એમનુ ધ્યાન સામે કામ કરી રહેલા કડિયા–મજૂરો પર પડ્યું. આખા મકાનની ભીંત બેસી ગઈ હતી. કડિયાઓ એક એક ઈંટ બેસાડીને તેને નવેસરથી ચણતા હતા. આ જોઈને કાર્લાઈલના દિલમા પ્રકાશનો ઝબકારો થયો : ' આ કડિયા મજૂરો એક એક ઈંટ આપીને આખી ભીંત ફરી ચણી શકે તો હું ફરીથી એ પુસ્તક ઊભું કેમ ન કરી શકુ ?'

કાર્લાઈલે ફરીથી પોતાની યાદશક્તિના આધારે પુસ્તક લખી નાખ્યું.

સ્વાશ્રયની સુવાસ

દેવેન્દ્રકુમાર પંડિત

વીરપુર ગામના ખેડૂતો તો અચબામા પડી જતા કે આ જલારામ તે શી વાત કરી રહ્યા છે ને એ અચબાને શમાવવા કોઈક ખેડૂત પૂછી પણ નાખતો 'જલારામ બાપા! તમે પડચે ઊઠી ખેતર પર મજૂરીએ આવશો?'

'હા, હા, ભાઈ. હુ તો ઠીક, પણ મારા ઘરવાળાય ભેળા આવશે.'

'હે, કોણ વીરબાઈમા પણ સાથે આવશે? આ તમે શી વાત બોલો છો?'

'સાચી વાત કરુ છુ, ભા! કામ કરવામા વળી શરમ શી? શાસ્ત્રો-પુરાણોમા તો શ્રમ કરીને જ અન્ન ખાવા માણસને હકદાર ગણ્યો છે શ્રમ એ જ સાચો યજ્ઞ છે.'

'પણ બાપા! તમારે ક્યા કમાઈને ભેગુ કરવુ છે! સાધુઓને ખવડાવી દેવુ છે ને અમે તમને એમ ને એમ દાણા આપીશુ.'

'ના, ઈ અણહકકના વદે. મારે ને માગ રસોઈભિ ડારીને જે ખાવુ છે એ અન્ન તો કાયા ઘગી, કમાઈ ને જ ખાવુ છે ને મૂડિયાઓને ખવડાવવુ છે. કાયા નહિ હાલે તે દિ' વળી જોયુ જાગે.'

'ઠીક બાપા, આવજો દાડીએ ખેતર ઉપર. જેવી તમારી મરજી, બાકી અમને તો આ સારુ નથી લાગતુ'

જલારામ નામના એ વીરપુરના લોહાણા અને વીરબાઈ તેના ધર્મપત્ની હાથમા દાતરડા પકડી ખેતરે ડૂંડા વાઢવા ઊપડયા. એમના હૈયામા સરખો ઉલ્લાસ હતો, કારણ કે આ મહેનતના પૈસાથી તેઓ ભૂખ્યાઓને, આજારીને અને તજાએલાઓને અન્ન આપવાનો નિષ્કામ કર્મયોગ આચરવાના હતા મોક્ષ કે પ્રભુપદ પામવાની લાલચ સુદ્ધા તજી તેઓને અન્નદાનનો કેવળ એક જ યોગ આચરવાની મહેચ્છા હતી

દંપતીએ આભમા રાશવા દિ' ચડયો ત્યા સુધી ખેતરમા ડૂંડા વાઢયા ત્યા તો ખેતરનો માલિક બોલ્યો · 'બાપા! હવે હાઉ કરો તમારુ કામ પૂરુ થઈ ગયુ હવે પછેડી પાથરો ને ડૂંડા લઈ જાઓ.'



'ના, ભા! ના એમ અણહક્કનુ લેવાય નહિ સાજ સુધી સૌની સંગાથે કામ કર્યા પછી જ મૂલના ડૂંડા લઈશુ વધારેય નહિ ને ઓછાય નહિ' આમ કહી બેઉ માણસ ડૂંડા કાપી કાપી ખભે ભગવેલ પાણકોરાની પછેડીની ખોઈમા નાખવા માડયા

મધ્યાહ્ન થયા સૂરજદેવ રથ હાંકી આભના પટાગણમા આવી ઊભા. ખેતરમાલિક ભાત છોડતા બોલ્યો 'હાલો, બાપા! બપોરા કરવા'

'ના, ભા. અમારે ખપે નહિ'

'પણ કા?'

'અમારે નીમ છે મઢૂલીએ અભ્યાગતોને—અતિથિઓને અમારા હાથથી જ રસોઈ કરી જમાડયા પછી જ જમાય. આજ અમને એ ભાગ્ય ન સાપડયુ એટલે નહિ જમાય'

'ભારે કરી તમે તો બાપા'

અન્ય ખેડૂતો મધ્યાહ્ન ભોજન લેવા બેઠા દંપતી દૂર દૂર ઝાડને છાયે થોડો થાક ખાઈ, પાછા કાર્યરત બની,

માંડ્યા ડૂંડાં વાઢવા.

મધ્યાહ્ન ઢળ્યા. સાંજ પડી. ગામનું ગૌધન ગામમાં વળ્યું. સૂરજદાદા રજની રાણીને આ નિષ્કામ કર્મયોગની કહાણી કહેવા ક્ષિતિજ ભણી હાલ્યા. ધરતી પર સંધ્યાની સુવર્ણરજ ઢોળાઈ ને બાપા એના મહેનતાણારૂપે મળેલ ડૂંડાનું પોટલું માથે લઈ વીરબાઈ સાથે પાછા વળ્યા.

વાટમાં ગાડાં ખખડાવતા કેક ખેડૂતો નીકળ્યા ને જલારામના માથા પર બોજો જોઈ બોલ્યા : 'બાપા ! ગાડા સાથે ભાર મેલી દ્યો. અમે તમારે ત્યાં નાખી આવશું.'

'ના, ભાઈ ! ના. ઢાંઢાને મારા સારુ ભારે નથી મારવા. મારા નિમિત્તે કોઈને કષ્ટ નથી પહોંચાડવું.'

ગાડાવાળા ગાડાને આગળ ચલાવતા નીકળી જતા.

'શું જલારામ બાપાએ તો સદાવ્રત દેવા માંડ્યું છે, ભાઈ! વીરપુરનું નામ હવે તો નવે ખંડમાં ગાજતું થઈ જાશે.'

'વીરબાઈ તો સવારથી સાંજ સુધી સ્વામીની આજ્ઞા પાળી રોટલા ટીપતા જ હોય.'

'ને જુઓ તો ખરા, આપણા ગામમાં કોઈ સાધુ-બામણ ઢૂંકતા નઈ ન્યાં તો દાઢીવાળા ને જટાવાળા, ભગવા લૂગડાંવાળાને ધોળા ધોતિયાવાળા, તિલકવાળા ને ત્રિપુંડ્રવાળાના ટોળેટોળા હાલ્યા આવે છે જલારામ બાપા તો કેડે ફાળિયું વીંટી માંડે સૌને ગળે હાથ દઈ દઈ જમાડવા.'

'કઉં છું, કાલ્ય તો મેં રાજકોટ એજંસીની કોઠીવાળા રતુંબડા મોંવાળા અંગ્રેજને બાપાને રસોડે જમતા દીઠા.'

'ભાઈ, જલારામ બાપાને ત્યાં ન જાય ઈ થોડા કોણ જાણે, ભૂખ્યારૂપે ભગવાનેય ભોજન લેવા નહિ જતા હોય !'

'અરે, જલારામ બાપા તે દિ' નહોતા કે'તા, કે ભૂખ્યાઓમાં ભગવાન વસે છે. એવા માણસનો આત્મા એ પરમાત્મસ્વરૂપ છે ને અન્ન ખાધા પછી માનવનો આત્મા એવો પ્રસન્ન થાય છે, કે પરમાત્મા નક્કી પ્રસન્ન થાય.'

'રંગ છે એના માતાપિતાને.'

'હા, પણ ઈ જો એના મોઢે કહીએ તો આપણને બે હાથ જોડી વંદે છે, કે ભાઈ ! કોઈ દિ' મારા વખાણ ના કરશો. વખાણ ઈ ઝેર છે. ઈ ઝેરે માણસ માણસાઈ વિનાનો બને બાકી અન્નદાન એ તો મનેખનો સાચો ધર્મ છે. મોટો યજ્ઞ છે અને એ મોટો દેવ છે અને દાન કરવું એ માણસનો સૌપહેલો ધર્મ છે એના વખાણ ન હોય !'

સાજના હૈયા પર આ શીળા બોલના પડઘા છેક ગિરનારની ગાળીઓમાંથી ઊઠતા હતા ત્યારે આ લોહાણા દંપતી ડૂંડાના પોટલા સાથે આશ્રમે ગયા. આશ્રમ સાધુસંતો ને આવેતુઓથી ઊભરાતો હતો. રજનીરાણીએ એનો પાલવ ધરતી પર પસારી દીધો હતો.

સૌને દંપતીએ બે હાથ જોડી વંદના કરી ત્યાં એક આદમી ઊઠી તેની સમીપ આવતા બોલ્યો : 'જલારામ બાપા ! અમરેલીથી આવું છું.'

'ઓહોહો હો ! મારા ગુરુ ભોજલરામનું ગામ. તમે અમરેલીના ગુરુ તો મારું તીર્થ. ભા, તમારી ચરણરજ લેવા દ્યો,' કહી જલારામે ચરણસ્પર્શ કર્યો.

'ભોજલરામે એક સમાચાર કહાવ્યા છે.'

'કહો, કહો ગુરુ કાજે આ કાયા ઓળઘોળ છે જેણે મને અન્નદાનની અમર વાટ સુઝાડી, ગંધારી કાયાનો સદુપયોગ શિખવાડ્યો.'

'કહેવડાવ્યું છે, કે જલારામ કાલે ફત્તેપુર આવે. ઓરડા ચણવા છે.'

'વાહ રે, વાહ ! ગુરુના કામમાં આ કાયા ખપ આવે એવા મારા ભાગ્ય ક્યાંથી ? તમે આરામ કરો આપણે બેય સવારમાં સાથે હાલશું. હું રાતોરાત જાગી મારા ભંડારીને મૂંડિયાના ભોજનની ભાળ કરી દઉં.'

પછી તમામ અભ્યાગતોને પ્રેમથી રાત્રીભોજન આ દંપતીએ લેવડાવ્યું.

રાત આખી જલારામે વીરબાઈને પોતે આવે ત્યાં સુધી ભુખ્યાં-દુખિયાંને અન્નદાન જારી રાખવાની અને સન્માન સહિત અન્ન આપવાની વાત સમજાવી.

'હું એમાં લગીરે ઊણપ આવવા નહિ દઉં.' જલારામના ચરણની રજ મસ્તક પર ચડાવી વીરબાઈ બોલ્યાં.

બીજે દિવસ જલારામ વીરપુરથી અમરેલી પંથકમાં ગુરુના ગામ ફત્તેપુર પહોંચ્યા ગુરુદેવને પગે લાગ્યા. ચરણરજ માથે ચડાવી.

'જલારામ ! કાલથી ઓરડા ચણવા હાલતા કરવા છે. આપણે સોરઠવાસી તો રહ્યા દૂબળા માણસ ગાંઠે ગરથ નથી, ગોપીચંદન છે એટલે જાતમહેનત કરી ચણશું.'

'ભલે ગુરુ ઈ તો મારું અહોભાગ્ય ગણાશે.'

'તમને શું કામ ફાવશે ?'

'જે કામ કરનાર ખૂટતું હોય તે કામ'

'ગારના તબડકા–છાલિયા ભરી ભરી, માથા પર ઉપાડી, ચણનારા કડિયાને આપવાના છે. બનશે ?'

'અરે, એમાં તે શું ? એમાં તે કયો કસબ છે ગુરુ ? ખુશીથી બજાવીશ.'

સવારથી કામ શરૂ થયું કડિયાઓ ચણે જલારામ તે કડિયાઓને ગારાના મોટા મોટા બે બે મણ વજનના છાલા ઉપાડી આપતા જાય ક્દીક ઈંટો–પાણા આપતા જાય.

પૂરા બે મહિના ફત્તેપુર રોકાઈ, ગુરુના રહેવાના મકાન ચણાવ્યા. પછી વીરપુર આવ્યા.

'પૂરું પુણ્ય કમાઈને આવ્યો, ભંડારી ગુરુસેવારૂપી સાચી જાત્રા કરી આવ્યો'

'એ પુણ્યમાં અનેય ભાગી બનાવો,' કહી ગુરુસેવાથી પાવન બનેલા સ્વામી જલારામની પગરજ લઈ, વીરબાઈએ મસ્તકે ચડાવી. ને દંપતી અતિથિઓને અન્નદાન આપવાના નિષ્કામ કર્મયોગમાં રત બન્યા. આભમાથી ગાંડો બની મેઘ વરસ્યા કરે છે નદીનાળા બેપૂર ઊમટયા જાય છે. આભમાથી અંધારું મટતું નથી આઠ આઠ દિવસ થયા હેલી મટતી નથી લોકો ને જાનવર ધ્રૂજી રહ્યાં છે. એ ટાણે સહેજ ઉઘાડ થતા ખભે કોથળો ઉપાડી, વીરપુર ગામ મોસરવુ પાદરે કોણ જઈ રહ્યુ છે ?

ગામવાસીઓ માહોમાંહ આંગળી ચીંધી વદી રહ્યા છે : 'ઓ જાય જલારામ બાપા આ વગસના વરસાદમાય. ક્યાં જતા હશે ?'

'ક્યા શું, પાદર. ઓલ્યા ચામઠા× બાઈ છિયુ–છોકરા પડ્યા છે એને સીધું દેવા સાંભર્યું હશે બાપાએ કે ઈ ભૂખ્યા પડ્યા છે. પછી કાંઈ એનો જીવ ઝાલ્યો રે !'

'કોથળામાં શું હશે ?'

'લોટ, દાળ ને કાં રોટલા !'

'એવા હલકા ચામઠા પાસે જતાય એનો જીવ કેમ હાલ્યો હશે !'

'અરે, ભાઈ ! એની નજરે તો હરેક માનવ ઈશ્વર-સ્વરૂપ જ છે એની જીવતરની તો દૃષ્ટિ જ બદલાઈ ગઈ છે. કોઈને ભૂખ્યા તો એ જોઈ શકતા જ નથી'

'પણ આ પાછા વળ્યા'

'હવે જાશે મઢૂલીએ'

વળી આભમાં મેઘ ગાજ્યો. કડાકો થયો, 'કડડડડ.'

જરા વાર ઉઘાડ થતા ખભે કોથળો ઉપાડી નીકળેલા જલારામને ગામવાસીઓએ જોયા ને વળી વાતે વળગ્યા :

'આ વેળા તો કોથળામાં છાણા ભર્યાં છે. ક્યાં જતા હશે ?'

'કહું, જો, પેલા ચામઠાઓએ લોટ–દાળ લીધાં હશે, તેને રસોઈ કરવા બળતણ તો જોવે ને ? જલારામ બાપા છાણા દેવા પાછા જાય છે.'

'આવું બધાય અનેખના હૈયામા કેમ ઊગે !'

'પ્રભુની મહેર ઊતરે ને પરભવનું જો પુણ્યનું ભાથું હોય તો જ, નીકર મોજમજાહ, ખાવુપીવુ, ગાડી–મોટરમાં ફરવુ ને 'વાહવાહ'ની ઇચ્છા રાખવી એવું જ ઊગે.'

જલારામ નામે એ સંત આવા પ્રશંસાના બોલ કાનમા પેસવા દેતા જ નથી. ▣

સમાચાર મળ્યા ત્યારે હાથમા માળા પકડી જે હાલતમા બેઠા હતા એ જ હાલતમા એક દિ' વીરપુરના ઠાકોર પાસે આવ્યા.

'આવો, ભગત ! આવો. આજ તો તમે આવ્યા !' ઠાકોરે આવકાર આપતા કહ્યુ.

'બાપુ, એક અરજ કરવી છે મને જેલમા નાખો'

'અરે, અરે, આ તમે શું બોલ્યા ! તમને જેલમા શા સારુ નાખું ?'

'એક કારણ છે. તમારી જેલમા એક કોળીને તમે કાલ પૂર્યો છે, એને સાટે મને પૂરો'

'ઓલ્યો ફત્તેપરવાળો ચૂંવાળિયો કોળી ! ઈ તો ચોરી કરતા પકડાયો છે.'

'હા, બાપુ પણ ઈ મારા ગુરુ ભોજલરામના ગામનો. મારા ગુરુના ગામનો જેલમા હોય ને હું એમ ને એમ બેસી રહું એમા મારી નાનમ છે, બાપુ ! એને છોડો ને મને પૂરો'

'અરે, જલારામ ! ધન્ય છે તમારી ગુરુભક્તિને. જાઓ, પાછા આશ્રમે જાઓ. હું હમણા જ તેનો ગુનો માફ કરી છોડી મૂકું છું'

જલારામ ગયા ને ઠાકોરે કોળીને છોડી મૂક્યો. જલારામ એને જગ્યામા તેડી લાવ્યા ને પ્રેમથી જમાડ્યો. ▣

× દેહવિક્રય કરનાર નારીસમુદાય

સાચી સખાવત

વિજયશંકર દવે

સરપ્રાઈઝ વિઝીટના શોખીન બીટ–અધિકારીએ ફરી એ ગામની ઓચિંતી મુલાકાત લીધી. સાહેબે ગામમાં પ્રવેશ કર્યો ત્યારે બાર વાગ્યા હતા. શાળામાં બાળકો આવી ગયા હતા ઉપશિક્ષક એમના વર્ગમા બેસીને કંઈક દફતરી કામ કરી રહ્યા હતા.

પરસેવે પલળી ગયેલા બીટ અધિકારીએ આવીને તરત જ હેડમાસ્તરની તપાસ કરી. હજુ હેડમાસ્તર આવ્યા ન હતા. ઉપશિક્ષકને પૂછતા જણાયુ કે, 'તેઓ હજુ આવ્યા નથી.'



ગામચોરે સાંજ માટે શાક ખરીદતા ચતુરભાઈને ખબર પડી કે દેસાઈ સાહેબ વિઝીટે આવ્યા છે એ બિચારા હાંફ-ળાંફળા થઈ ગયા. પડોશી સાથે શાક મોકલાવીને એ સીધા શાળામા ગયા. શાળામા બધું મ ત્રવત્ હતું. વર્ગોમા બાળકો શાંત હતા. ઉપશિક્ષક બળદેવભાઈ ગભરાયેલા જણાતા હતા.

સત્તાવાહી સ્વરે સાહેબે પૂછ્યુ : 'ઘડિયાળમા કેટલા વાગ્યા છે ?'

બીતા બીતા તેણે જવાબ આપ્યો. 'સાહેબ, સાડા બાર !'

'શાળાનો સમય શું છે ?'

'અગિયાર'

દેસાઈ સાહેબની આંખોમાથી દુર્વાસા જેવો ક્રોધ ટપ-કતો હતો ચતુરભાઈ શક્ય શિષ્ટાચાર, શક્ય નમ્રતા, શક્ય કરુણા ને શક્ય મજબૂરીના તમામ ભાવો લાવવા યથોચિત પ્રયત્ન કરતા હતા.

'ખરેખર, તમારે કેટલા વાગે આવવુ જોઈએ ?'

'પોણાઅગિયાર વાગે'

થોડી વાર અટકીને દેસાઈ સાહેબ તડૂક્યા 'તમારા મગજમા ભમરી ભરાઈ ગઈ હોય તો કાઢી નાખજો. આ તમારો બીજો કેસ છે. તમારું દુર્લક્ષ હું ચલાવી નહિ લઉં. હું તમને ડીસ્ચાર્જ કરીશ, સમજ્યા ! વિઝીટ–બૂક લાવો. ઉમ્મરવારી પત્રકમા પણ તમે અસહ્ય બેદરકારી બતાવી છે. તમે વધુપડતા સ્વૈચ્છિક બનતા જાઓ છો. ઝટ વિઝીટ–બૂક લાવો.'

મુખ્ય શિક્ષકે ધ્રૂજતા હાથે સાહેબના હાથમા વિઝીટ–બૂક આપી. દેસાઈ સાહેબ શું લખવાના હતા તે ચતુરભાઈ કળી ગયા હતા. છતા સત્તાવાહીઓની સાન ક્યારેક પ્રશંસાથી પીગળી જાય છે, એમ સમજી કહ્યુ :

'સાહેબ, આપ તો દયાળુ છો. હું દિલગીર છું. પત્નીની તબિયત જરા અસ્વસ્થ છે. એટલે આટલી વખત....'

ચતુરભાઈ આગળ બોલી ન શક્યા.

'માફ કરું, એમને ? જવાબદારીસાથી છટકી તમારો બચાવ કરુ એમ ને ? તમે નોકરી માટે લાયક નથી.' ને ગામડા ખૂંદીખૂંદીને પાવરધા બનેલા પાવરફુલ દેસાઈ સાહેબે તેમના હાથે જ મસ્ટરમા ૧૨–૩૦નો ટાઈમ મુકાવ્યો ને નોંધ કરી.

બિચારા ચતુરભાઈ, સાહેબનો કોપ જોઈને સ્વાગત માટેનું કંઈ પણ કરી શક્યા નહિ છતા બીતા બીતા કહ્યુ : 'સાહેબ, જમવાનું..'

કરડી નજરે ડારતા સાહેબે કહી નાખ્યુ : 'જમાડી મને શરમમા નાખવા માગો છો ? તમારા માટે હવે બિસ્તરા જ સંભાળવાના છે.'

દેસાઈ સાહેબ આવ્યા એવા જતા રહ્યા વિઝીટ જાણે શિક્ષકને તતડાવવા પૂરતી જ હતી. કોઈ શૈક્ષણિક પાસું એમને સ્પર્શ્યું નહિ દેસાઈ સાહેબ જતા રહ્યા વિઝીટબૂકની રિમાર્ક ખૂબ ખરાબ હતી ચતુરભાઈને ચોકક્સ લાગ્યુ કે

'મારે નસીબે હવે અનિષ્ટ થવા જ સર્જાયુ છે ' ને જાળ-મા વી ટળાગેલા તે દેવાદાર શિક્ષકની આખમાથી કરુણાના આસુ ચળકી ગયા ત્યારે અબુધ બાળકોય, પિતા જેવા વહાલસોયા વડા શિક્ષકનુ એ દુ:ખ ન જોઈ શકવાથી રડવા લાગ્યા



ગામ આખુ જાણતુ હતુ કે ચતુરભાઈ ખૂબ વફાદાર નોકર હતા મળતાવડા પણ તેટલા જ. તેમના આવ્યા પછી જ શાળામા ખૂબ ચેતન્ય આવ્યુ હતુ શાળાના મકાનમા પણ સારો એવો ફેરફાર થયો હતો. ગામના લોકોએ ફંડ કરીને શાળાને સ્વતંત્ર હેન્ડપપ આપ્યો હતો. પ્રાર્થના માટે હારમોનિયમ, તબલા અને ખજરી આપ્યા હતા શાળાનુ રિઝલ્ટ પણ સુધર્યું હતુ છતા કોણ જાણે કેમ, જ્યારે જ્યારે દેસાઈ સાહેબ આવ્યા ત્યારે મુખ્ય શિક્ષક સંજોગો-વશાત્ મોડા જ પડતા એ પૂર્વગ્રહની ગ્રંથિથી એવી તો મજબૂત થઈ કે એમનુ કરેલુ સઘળુ કાર્ય ધોવાઈ ગયુ.

દેસાઈ સાહેબ તો એમ જ માનતા હતા કે પોતે આવી-ને કરેલ પ્રવચનથી જ ગામલોકોએ ફંડ એકઠું કર્યું હતુ. હમેશા અનિયમિતતા દાખવતા ઉપશિક્ષક પર તેઓ ફીદા હતા કોણ જાણે કેમ ? દેસાઈ સાહેબ આવે ત્યારે ઉપ-શિક્ષક હાજર હોય ! વર્ગ બરાબર ચાલતો હોય. ને શાળા-ના મુખ્ય શિક્ષકનુ જ ઠેકાણુ ન હોય આ વાત કડક શિસ્તમા માનતા ખીટ–અધિકારીને મન અસહ્ય હતી.

ચતુરભાઈની નિષ્ઠા સાચી હતી એક સ્વમાની શિક્ષક તરીકેના ગુણ તેમનામા હતા સ્વમાનને ભોગે એ ગુલામી પસદ કરતા ન હતા. હા, એક વાત ચોકકસ હતી, કે આખા વર્ષમા માત્ર બે જ વાર તેઓ સમય ચૂકી ગયા હતા અને તે પણ એવે ટાણે કે જ્યારે દેસાઈ સાહેબની વિઝીટ હોય ! આ જ એમની ભૂલ ચાર દિવસ પછી ખાતા તરફથી કડક હુકમ આવી ગયો, કે 'તમારી બેપરવાઈ, અનિયમિ-તતા અને ઉદ્ધતાઈ બદલ તમને છૂટા કરવામા આવે છે '

ગામલોકોના ખૂબ પ્રયત્નો છતા પણ શાસનાધિકારી-ના કાન ખૂલ્યા નહિ. લોકોની વિનતિનો અર્થ શિક્ષકની ખોટી લાગવગ ઘટાવાયો ને ગામલોકોનુ ડેપ્યુટેશન હતાશ બનીને પાછુ વળ્યુ ત્યારે ચતુરભાઈ બિસ્તર લપેટીને સામા મળ્યા. પાછળ એમની રોગિષ્ટ પત્ની આવતી હતી ને એમની આગળીએ ચાર વર્ષનો પ્રફુલ્લ વીટાયો હતો.

ચતુરભાઈની પત્નીનુ શરીર સાવ પીળુ થઈ ગયુ હતું. આખો ઊંડી ઊતરી ગઈ હતી. પ્રફુલ્લના જન્મ પછી કાયા લેવાઈ ગઈ હતી ગામલોકોને વંદન કરી, અગ્રજનોનો આભાર માની, ચતુરભાઈએ રડતે હૈયે વિદાય લીધી. ગામ લોકો પણ ગળગળા થઈ ગયા

ચતુરભાઈને એ સ્થળ છોડતા ખૂબ જ દુ:ખ થયું. એ શાળામા જ શિક્ષક બનીને નવસર્જન કરવા હૃદયથી ઝંખ-તા હતા નસીબને કોપિત કેરવી વતન જવા માટે એકો કર્યો ભાગેલા હૈયે ચતુરભાઈએ ગામમાં પગ મૂક્યો. તેમને કોઈ આધાર ન હતો ખેતીવાડી ન હતી. કોઈ હુન્નર–ઉદ્યોગ ન હતો મા–બાપ ને ભાઈઓ ભાગે ખેતી કરીને પેટિયુ કાઢતા હતા. ચતુરભાઈ શુ કરે ? ભાવિની વિકટ પરિસ્થિતિનો કાળમીઢ પત્થર જાણે છાતી-સવાર થઈને બેસી ગયો.

અનુભવી વૃદ્ધો સમજાવતા હતા : ' નોકરી તો કાચનું વાસણ...વેળાવેળાની છાયડી...એમ હતાશ થયે પાલવે ! હજુ તો તુ જુવાન છે, બેટા ! શિર સલામત તો પઘડી બહોત....' એવો વિશ્વાસ આપતા વૃદ્ધોની સાત્ત્વિક વાણી-મા તથ્ય જરૂર હતુ. પણ ચતુરભાઈને એ તથ્યમા માત્ર શબ્દોની મીઠી સહાનુભૂતિ સિવાય કઈ જ દેખાતું ન હતુ.

થોડો સમય તો ખેતીકાર્યમા મન પરોવ્યુ પણ શિક્ષણ–માનસમા ખેતી કાર્ય બરોબર ઊપસતું ન હતુ તેમની નજર સમક્ષ જીવન જીવવાના કેટલાય માર્ગો પસાર થયા . ખેડૂત, વેપારી કોન્ટ્રાક્ટર, મુનીમ.. .દળવાની ઘંટી નાખવી...કોલસાની વખાર....પાન–બીડીનો સ્ટોલ .... ને છેવટે તેમણે નક્કી કર્યું કે, મદિરમા તેમણે નાણામંત્રી તરીકે ઠીક કામ કર્યું હતુ એક વર્ષની સતત લખવાની ઢબથી તેમને નામુ લખવાની સુદર ગોઠ બેસી ગઈ હતી. શુદ્ધ નિષ્ઠાથી કામ કરે તો મુનીમ થઈ શકવાની શક્તિમા તેમને આત્મશ્રદ્ધા ઊપજી ને કોઈ બે–ચાર લાગવગવાળા માધ્યમો દ્વારા એક કાપડની પેઢીમા પાસેના શહેરમા નોકરી મેળવી મહિને માત્ર રૂ ૬૦ની નોકરી સ્વીકારતા એ સિનિયર ટ્રેન્ડ શિક્ષકને ખૂબ દુખ થયુ પણ દુખ કર્યે પાલવે એમ નહોતુ

છએક માસની નિષ્ઠાપૂર્વકની નોકરી પછી રૂ બસોનો પગાર કરી મુખ્ય મુનીમ બનાવવામા આવ્યા સુદર મરો-

ઠદાર અક્ષરો, હિસાબની ચીવટ અને રોજમેળ યાદ રાખવાની વિશિષ્ટ શક્તિએ તેમને આદર્શ મુનીમ બનાવ્યા. પણ આ નિષ્ઠાવાન શિક્ષકને આ નોકરીમા એક કડવો અનુભવ થયો. વેચાણવેરા અધિકારીની વિઝીટ થવાના સમાચાર સાભળી શેઠે મુનીમને ખાનગીમાં બોલાવી અમુક ચાવીઓ બતાવી. શેઠને શ્રદ્ધા હતી કે કુશળ મુનીમ આમાં મને ખાસ મદદરૂપ થશે. તેમને ૧૫૦ રૂા. પગાર–વધારાનુ પ્રલોભન પણ આપવામાં આવ્યુ.

ચતુરભાઈએ ધાર્યુ હોત તો શેઠને એ રીતે ખુશ કરી આકડાની ઇન્દ્રજાળમા શેઠનો ડાબો હાથ બની શકત. પણ 'સત્ય, અહિંસા, ચોરી ન કરવી, વણજોઈતુ નવ સઘરવુ, એ બાપુજીના અગિયાર વ્રતોએ એમના હૈયાને હલમલાવી નાખ્યુ એવી અનૈતિક આવડતથી માલદાર થઈ લક્ષ્મી મેળવવાની વાત એમના ગળે ઊતરી નહિ. ખૂબ વિચાર કરીને શેઠને ચટ સભળાવી દીધુ 'જોઈએ તો મારો પગાર ઓછો કરી નાખો, પણ મારાથી એવી કરચોરી કરવાનુ કાર્ય તો નહિ જ થાય ગાધીજીના ફોટા નીચે બેસીને હાટની પવિત્ર ગાદી પર હુ એવા કાળા અક્ષર નહિ પાડુ ...એ ધર્મદ્રોહ છે, રાષ્ટ્રનો દ્રોહ છે.'

શેઠે ખિજાઈ ને કહ્યુ · 'તમારા કરમમા જ કોદરી લખેલી છે ઘઉ નુ નસીબ નથી. આ પહેલી તારીખથી તમે તમારો માર્ગ ગોતી લેજો'

શેઠના વજ્રઘાત જેવા શબ્દોની મુનીમ પર કઈ અસર ન થઈ. પ્રારબ્ધ કઈક અવળા પાસા પાડતુ હતુ ખૂબ ગડમથલ અતે ચતુરભાઈએ કબૂલ કર્યુ . 'જો આપની એમજ મરજી હોય તો હુ લાચાર છુ ત્રણ માસ મને આશરો આપ્યો તે બદલ આપનો ઋણી છુ. પ્રભુ આપનુ કલ્યાણ કરે.'

તે રાતે ચતુરભાઈની નીદર વેરણ થઈ માનવીના મોટાં દેખાતા મન એમને છીછરા લાગ્યા એમા નરી પોકળતા હતી. શિક્ષણમા પ્રામાણિકતા રાખી, ઢોગ ન કર્યો, નકાબ ન ઓઢ્યો ત્યારે નોકરી છોડવી પડી. શેઠને ત્યા ખોટુ કરવા તૈયાર ન થયો ત્યારે નોકરી ગઈ. તો શુ આ જગતમા ફરજિયાત આવા જ ધોરણો સ્વીકારવા પડે છે !'

સવાર સુધી ફાટી આખે જાગેલા ચતુરભાઈએ સવારમા ઘરમા વાત કરી ત્યારે ઘરવાળાને પણ ચતુરભાઈની ઓછપ જણાઈ ચતુરભાઈ પર તમામે દોષારોપણ કર્યુ :

'તમારામા કામ કરવાની વેતરણ જરાય નથી. ભણતર છે, પણ ગણતર નથી.' ચતુરભાઈ શું જવાબ આપે ?

પલટાતા જતા ભાગ્યના ભેરુ બનેલા ચતુરભાઈને પદરેક દિવસ માડ રખડવુ પડયુ ને એ જ ગામના તમાકુના પેઢીવાળા ગોપાળભાઈની પેઢીમાં નોકરી મળી ગઈ. રોજ સાજસવારે માત્ર બે કલાક જવાનુ . તમાકુની કેટલીય ખળીઓનો ધીકતો ધંધો હતો વેપાર હતો. એ બધું હિસાબનું કામ ચતુરભાઈએ ઉપાડી લીધુ ગોપાળભાઈ સાથે એમણે પહેલી જ એ શરત મૂકી કે, 'તમાકુમા એક્સાઈઝ ખાતાનાં લફરા હોય છે. હુ નોકરી કરવા તૈયાર છું પણ સરકારી વેરા વગેરેમાથી છોડાવવાનો હુ સહેજે પ્રયત્ન નહિ કરુ . હુ સાચુ નામુ જ લખીશ. ચોપડા ચોકૂખા રાખીશ મારે મન પગાર કરતા નીતિનુ મહત્ત્વ વધારે છે'

પાચ વર્ષમા માલેતુજાર બનેલા ગોપાળભાઈમાં સાત્ત્વિકતા જરૂર હતી એમનો હિસાબ ચોકૂખો હતો. આબકારી ખાતાને કયારેય દરોડો પાડવો પડયો હોય એવુ એમની અર્ધી જિંદગીમા કયારેય નહોતુ બન્યુ તેમણે કરચોરીની છટકબારી કયારેય શોધી ન હતી કેટલીયે વાર ઉદાર સખાવતોમા તેમણે ધનેય સારુ એવુ વાપર્યુ હતુ .

ચતુરભાઈને ગોપાળભાઈની નોકરી ગમી ગઈ હતી.

છએક મહિનામા તો ચતુરભાઈની આખી કાયાપલટ થઈ ગઈ. જાણે તેમને આવા ચોકૂખા વેપારમા શ્રદ્ધા બેઠી. એમના હૈયામા સચવાઈને પડેલી ઊડી ઊડી સૂઝ જાગ્રત થઈ નવા વિચારો ને નવી યોજનાઓએ વિચિત્ર આકારો લેવા માડયા ખૂબ ચિંતન, મનન અને પરિણામનો વિચાર કરીને તેમણે તેમના ભલા શેઠ પાસે પ્રસ્તાવ મૂકયો. શેઠની નિખાલસતા અને શુદ્ધતાએ જ જાણે ચતુરભાઈને આ પ્રેરણા આપી હતી

'આપને વાધો ના હોય તો આપની જ પેઢીમા મને કલકત્તા મોકલો તો ? . દેશાટન થશે અને મારી આજીવિકામાય રૂડપ આવશે.'

સાકરના ગાગડા જેવી મીઠાશ ચતુરભાઈના આ કથનમા હતી. શેઠે તરત જ 'હા' ભણી દીધી એટલુ જ નહિ, પણ ચતુરભાઈની એક દશાશ ભાગીદારીની વાત પણ કરી. ચતુરભાઈ કલકત્તા જવા રવાના થયા ★

આજે નવી શાળાનું ઉદ્ઘાટન હતુ. ગામલોકો ઉમં-

ત્યારે ચેન પડ્યું

એ હતો નાનકડો દુકાનદાર. સાંજે દુકાન બંધ કરી હિસાબ કરવા બેઠો. હિસાબમાં માત્ર ત્રણ સેન્ટ વધે.

'આ ત્રણ સેન્ટ કોના રહી ગયા ?' ખૂબ વિચાર કરતાં જણાયું કે એક ઓળખીતી વૃદ્ધાના ત્રણ સેન્ટ રહી ગયા છે.

એનું મન બેચેન થઈ ગયું. કકડીને ભૂખ લાગી હતી. પણ ઘેર જવું ગમતું ન હતું. દૂર એનું ઘર હતું. છતાંય ભૂખનું દુઃખ અને કંટાળાને અવગણીને તે તેને ઘેર પહોંચ્યો અને ત્રણ સેન્ટ પાછા આપ્યા ત્યારે જ એને ચેન પડ્યું. એ નાનકડો ઇમાનદાર દુકાનદાર હતો અબ્રાહમ લિંકન.

ગમા હતા. જર્જરિત બની ગયેલા નળિયાવાળી શાળાની દીવાલોમાં ચિરાડો પડી ગઈ હતી. બારીબારણાના ઠેકાણા ન હતા. બાળકોને બેસવા કોઈ સાધન ન હતું. પડતર ખેતર જેવા કાંટાળા મેદાનમાં બાળકોની કોઈ વિકાસક્રિયાને અવકાશ ન હતો.

ત્યાં આજે ખૂબ જ સગવડતાવાળી નવી નિશાળ બંધાઈને તૈયાર થઈ ગઈ હતી. ચારેય બાજુ ઉમંગ ઉમંગ વર્તાતો હતો. જિલ્લા શાસનાધિકારી દેસાઈ સાહેબ, શિક્ષણ સમિતિના સભ્યો અને ગામના તેમજ આજુબાજુના અગ્રગણ્ય કાર્યકર્તાઓથી એ નાનકડું ગામ ધમધમી ઊઠ્યું હતું. બાળકો પણ મસ્તીમાં આવી ગયા હતા. શાળામાં ભણવાનો ઉમંગ ક્યાંય માતો ન હતો. હવે તો શાળાની જમીન પણ વધારાઈ હતી. તેની ચારે બાજુ નાનો બગીચો બનાવવાની શરૂઆત પણ થઈ ગઈ હતી. થોડે દૂર સુતરડી, જાજરૂ ને અલાયદો ચિત્રખંડ તથા ઉદ્યોગરૂમની ખાસ વ્યવસ્થા થઈ હતી અને ૧ થી ૪ ને બદલે સાત ધોરણની શાળા થવાની હતી.

ખાસ કરીને દેસાઈ સાહેબને ખૂબ આનંદ હતો. તેઓ માનતા હતા કે આ શાળાના નવા ઉત્થાનમાં એમનો હિસ્સો ઓછો નથી. ગામલોકો સાથેના એમના સંબંધમાં ખાસ સુધારો થયો ન હતો. છતાંય તેઓ એમ માનતા હતા કે ગામ-શાળામાં જે કોઈ નવીનતા આવતી જતી હતી તેમાં તેમના પ્રવચનનો મુખ્ય ભાગ ભજવ્યો હતો.

સવારના સાડા આઠ વાગે ઉદ્‌ઘાટન-સમારંભ હતો. ઉદ્‌ઘાટનવિધિ નિષ્ઠાવાન કાર્યકર્તા અને તાલુકા પંચાયતના પ્રમુખના હાથે થવાની હતી.

ઉદ્‌ઘાટનપ્રવચનમાં એમણે આ શાળાના મકાનમાં દાનની સૌથી મોટી માતબર રકમ આપનાર એક નૈષ્ઠિક શિક્ષકના ગુણગાન ગાયા ત્યારે બધા વિચારમાં પડી ગયા. ૭ વર્ષના ટૂંકા ગાળામાં આવડી મોટી સખાવતથી ગામમાં એક શાળાને નવો આકાર મળ્યો હતો. એમણે શાળાના નવા મકાનનો તમામ યશ એ દાતાને આપતા કહ્યું કે, 'સામાન્ય રીતે એવું જોવા મળે છે, કે પોતે પોતાની જરૂરિયાતો પૂરી કરીને જ દાતાઓ મદદ કરે છે. પણ આપણને આજે એક એવા દાતાર મળ્યા છે, કે જેમના ઘરમાં હજુ ચિરાડો છે. એમના કુટુમ્બીઓ હજુ ખેતરમાં ગારો ખૂંદે છે.. ને એમની પોતાની એક વીઘું પણ જમીન નથી. છતાં એંશી હજાર જેવી માતબર રકમ આપનાર એ સાચા અર્થમાં દાતા મારી પાસે બેઠેલા આ જ શાળાના ભૂતપૂર્વ આચાર્ય શ્રી ચતુરભાઈ છે.'

શ્રોતાઓએ તાળીઓના ગડગડાટથી વક્તાને વધાવી લીધા.

શ્રોતાઓના આગ્રહથી ચતુરભાઈને વક્તવ્ય માટે ઊભા કરવામાં આવ્યા. તેમણે એટલું જ કહ્યું કે, 'આજે આપણે જે કાર્ય માટે એકત્રિત થયા છીએ એનો સઘળો યશ હું માનનીય શ્રી દેસાઈસાહેબને આપું છું .... મારા પ્રેરણાદાતા તેઓ છે. હું તેમને વંદન કરું છું. ને બીજી એક જાહેરાત કરતા આનંદ અનુભવું છું, કે મારી પાસે બેઠેલા શેઠ ગોપાળભાઈએ આપણા ગામમાં હાઈસ્કૂલ માટે રૂપિયા એક લાખની ઉદાર સખાવત કરી છે.'

તાળીઓના ગડગડાટથી વાતાવરણ ગુંજી ઊઠ્યું....ગામમાં થનારી અને થયેલી કાયાપલટ માટે સૌ આનંદવિભોર થઈ ગયા ... ત્યારે શાસનાધિકારી પાસે બેઠેલા દેસાઈ સાહેબના મુખ પર ન વર્તાય એવો વિષાદ અને હર્ષ આકાર લઈ રહ્યા હતા. પણ હર્ષ કરતાં વિષાદ વિશેષ હતો, એ લોકોથી અજાણ્યું ન રહ્યું.

બિંબ-પ્રતિબિંબ

જ. ગ. અશર

આપણા પ્રધાનો મોટા મોટા ભાષણો કરીને લોકોને ખાતરી આપ્યે રાખે છે, કે તેઓ લોકોનું ભલું કરવા હંમેશા તત્પર હોય છે. પ્રધાનોએ અમલદારોને લોકોના પ્રશ્નોનો તુરત નિકાલ કરવાનો આદેશ આપ્યાની વાત છાપાઓમા અવારનવાર પ્રકટ થતી રહે છે. 'લોકશાહી એટલે લોકોના હિત માટે ચાલતુ લોકોનું જ રાજ્ય' એ સૂત્ર વિદ્યાર્થીઓને વરસો થયા ગોખાવનાર વયોવૃદ્ધ શિક્ષક મનુભાઈને છાપાઓમા આવતા પ્રધાનોના ભાષણો અને આદેશોની વાતો વારંવાર વાચીને ખાતરી થઈ ગઈ હતી કે ભારતમા આવી સફળ લોકશાહી આવી ગઈ છે. ભારતમા મહેમાન તરીકે આવેલ બીજા દેશોના રાજપુરુષો પણ ભારતની લોકશાહીનાં વખાણ કરે છે તે જાણીને તેમની ખાતરી વધારે દૃઢ થઈ હતી. આવા દેશમા જીવવા માટે તેઓ ગૌરવ અનુભવતા હતા અને કોઈ લોકપ્રિય પ્રધાન કે અમલદારની ટીકા કરે તો તેને તેઓ લોકશાહીના ગુણગાન ગાઈને, ચૂપ કરી દેવાનો પ્રયત્ન કરતા 'માસ્તર સાથે નકામી માથાકૂટ કરવી નહિ,' એ વિચારે લોકો તેમની સાથે બહુ ચર્ચામા ઊતર્યા વિના ચૂપ થઈ જતા, એટલે માસ્તર સહેજે માની લેતા કે તેઓએ સામાને બરાબર સમજાવી દીધુ છે.



સદ્‌ભાગ્યે મનુભાઈ માસ્તરને ન હતો વેપાર કે ન હતી સારી આવક. એટલે તેમને લોકશાહીના અમલદારો સાથે કામ પાડવાનું આવ્યુ ન હતુ. વેપારીઓ લાઇસન્સ અંગે, આવકવેરા અંગે, જાતજાતની તકલીફોની વાતો કરતા ને અમલદારો કેવી રીતે ઘર ભરે છે તેની રસમય માહિતીઓ આપતા. આ બધુ તેમને પરીકથા જેવુ જ લાગતુ લોકશાહીમા લોકોને તકલીફ હોય જ નહિ, આ અચળ માન્યતામાથી તેઓ જરા પણ ચલિત થવા માગતા ન હતા!

આ મનુભાઈને પોતાના નાનાશા કળિયામા ઊગેલ એક મોટા લીલા ઝાડને કાપવાનો પ્રસંગ આવ્યો. 'લીલુ ઝાડ કાપવુ હોય તો તે માટે મામલતદાર સાહેબની પરવાનગી લેવી જોઈએ, એવુ છાપામા વાચ્યાનું તેમને એકદમ યાદ આવી ગયુ ને 'કાયદાને માન આપવુ જોઈએ,' એ વિચારે મામલતદાર સાહેબની પરવાનગી લઈ આવવાનું એમણે નક્કી કર્યું. પાડોશીને વાત કરતા અનુભવી પાડોશીએ કહી દીધુ, 'માસ્તર સાહેબ, પરવાનગી લેવાના લફરામા પડશો નહિ છ મહિનેય પરવાનગી નહિ મળે. તમતમારે ઝાડ કપાવી નાખો કોઈ પૂછવાનુ નથી ને પૂછે તોયે ઝાડ કપાઈ ગયા પછી ઝાડ હોવાનો કોઈ પુરાવો રહેવાનો નહિ, એટલે કાયદો કાંઈ કરી શકવાનો નહિ'

પણ મનુભાઈ માસ્તરના ગળે આવી વાત કેવી રીતે

ઊતરે ? 'લોકશાહીમા આવી પરવાનગી મળતા શી વાર? કાચી મિનિટે પરવાનગી મળી જાય,' એમ વિચારી સાજે પાચ વાગ્યે મામલતદાર સાહેબની ઑફિસે એ ઊપડયા. સાથે અરજી પણ લેતા ગયા

મામલતદાર સાહેબ તેમના રૂમમા કોઈ સાથે મોટેથી હસીને વાતો કરતા હતા. તેમના દેખતા જ પટાવાળો ચાની ટ્રે અ દર લઈ ગયો. પોતે મામલતદાર સાહેબને મળવા આવેલ છે એમ પટાવાળાને કહેતા, પટાવાળાએ તેમને દીવાલ પર લટકાવેલ મોટુ બૉર્ડ વાચવાનું કહ્યુ બૉર્ડમા લખ્યુ હતુ 'મુલાકાતીઓને મળવાનો સમય. ૧૨-૩૦ થી ૧-૩૦.'

બૉર્ડ વાચીને મનુભાઈએ પૂછ્યુ, 'તો અત્યારે સાહેબ નહિ મળે ?'

પટાવાળાએ કડકાઈથી જવાબ આપ્યો, 'ના, ભણેલા થઈને આવુ પૂછો છો ?'

'પણ સાહેબ તો નવરા હોય તેમ લાગે છે તો કેમ ન મળે ?' માસ્તરે કહ્યુ 'તમે તેમને પૂછી આવો. મને જરૂર મળશે '

'એક વાર કહ્યુ નહિ કે નહિ મળે !' પટાવાળાએ તોછડાઈથી કહ્યુ 'સાહેબ ગમે ત્યારે મળતા હોય તો આ બૉર્ડ ચીતરવાની શી જરૂર છે ?'

'પણ સાહેબનુ કામ લોકોનું કામ કરી આપવાનુ છે, સમય હોય તો ગમે ત્યારે મળવામા શો વાધો ? તમે સાહેબને કહો કે મનુભાઈ માસ્તર મળવા આવ્યા છે.' મનુભાઈએ સમજાવટથી કહ્યુ.

'મનુભાઈ માસ્તર !' પટાવાળાએ ખ ધુ હસતા કહ્યુ, 'માગવી એમ કહેવા જવાય નહિ. તમે કાલે સાડાબાર વાગે આવજો '

પટાવાળા સાથે રકઝક કરવી નકામી છે એની ખાતરી થતા માસ્તર વીલે મોઢે પાછા ફર્યા રાત્રે પાડોશીને વાત કરતા પાડોશીએ હસીને કહ્યુ. 'મનુભાઈ, તમને આવા કામ કરતા ન આવડે. બિચારો પટાવાળો થાકી ગયો હોય, તેને ચાપાણી મળે તો તેનામા ચેતન આવે, ને તે ઊભો થઈ શકે ! એક પાવલી ધરી દીધી હોય તો તે ટપ ઊઠીને અ દર જવાની રજા લઈ આવ્યો હોત !'

બીજે દિવસે મનુભાઈ સવાબાર વાગે ઑફિસે પહોચી ગયા, એવી ગણતરીએ કે સાડાબાર વાગતા જ મામલતદાર સાહેબને મળી શકાય પણ તેમની પહેલા તો કેટલાયે માણસો આવી ગયા હતા. બધા ટોળટપ્પા કરતા બેઠા હતા. મામલતદાર સાહેબ હજુ આવ્યા ન હતા રૂમના બારણે લટકતા બૉર્ડમા સ્પષ્ટ લખ્યુ હતુ કે. 'ઑફિસનો સમય. ૧૧-૦૦ થી ૬-૦૦ અગિયારથી ૭' છતા સાહેબ હજુ કેમ આવ્યા નહિ હોય તે મનુભાઈથી સમજી શકાયુ નહિ.

એક વાગે સાહેબની સવારી આવી તેમની સાથે ખાદીના શ્વેત કપડામા સજ્જ થયેલ બીજી વ્યક્તિ પણ હતી આ વ્યક્તિ તેમની સાથે અ દર પહોચી ને તેમની વાતો ને ચા-પાણી ચ ાલ્યા દોઢ થઈ ગયો ને પટાવાળાએ બહાર ભેગા થયેલ બિચારા અરજદારોને જણાવી દીધુ. 'મુલાકાતનો સમય પૂરો થયો. કાલે આવજો' માસ્તરના મગજમા લોકશાહીની વ્યાખ્યા ઘૂમરી ખાવા લાગી, પણ તેમના પગ તેમને ઘર તરફ દોરી ગયા.

રાત્રે પાડોશીએ કહ્યુ. 'મનુભાઈ, મારુ માનો લાવો તમારી અરજી મારો મહેતો પરવાનગી લઈ આવશે પણ..'

'પણ શુ ?' મનુભાઈથી બોલી જવાયુ

'દશેક રૂપિયા ખર્ચ થશે.'

'હે ?' મનુભાઈથી સહેજે ઉદ્ગાર નીકળી ગયો

'મનુભાઈ, મોટા માણસ પાસે ખાલી હાથે ન જવાય'

'પણ લોકશાહીમા તો અમલદાર-લોકોનો સેવક કહેવાય, લોકોનુ કામ તુરત કરી આપવાની તો તેની ફરજ ગણાય.'

'તેની કોણ ના પાડે છે ?' પાડોશીએ કહ્યુ, 'પણ આ સેવકો મોટા માણસો કહેવાય દેવ પાસે કામ કરાવવુ હોય તો યે નૈવેદ્ય ધરવો પડે છે, તો આ તો મોટા તો યે માણસો છે નૈવેદ્ય લીધા વિના તેમનાથી કામ કેમ થાય ?'

'પણ તેમને પગાર તો મળે છે' મનુભાઈએ જણાવ્યુ.

'એ પગાર તો ઑફિસમા આવવાનો, કામ કરવાનો નહિ ! કામ કરવા માટે તો નૈવેદ્ય !' વેપારી પાડોશીએ અનુભવવાણી ઉચ્ચારી

મનુભાઈ બાઘાની જેમ સાભળી રહ્યા. પાડોશીએ આગળ ચલાવ્યુ, 'પટાવાળાને ચાર આના આપો એટલે તે તમને સાહેબ પાસે લઈ જાય સાહેબ તમને અવલ

કારકુન પાસે મોકલે તેને રૂપિયો–બે–રૂપિયા આપો એટલે તે ધોરણસર તમારી અરજી લે, ને સાહેબને ખુશ કરવાની તૈયારી બતાવો એટલે તમારુ કામ થઈ જાય. નહિતર તે બિચારાઓને બીજા કામોમાથી ફુરસદ ક્યાથી મળે? કામનો બોજો ઓછો છે? સ્ટાફ ઓછો ને કામનો કોઈ પાર નહિ !'

બીજા બે દિવસ ફોગટ ફેરા ખાધા પછી પાચમે દિવસે મનુભાઈને મામલતદાર સાહેબને મળવાનુ સદ્ભાગ્ય સાપડ્યુ. પણ અરજી હાથમા લેતા જ સાહેબે કહી દીધુ. 'આમા સ્ટામ્પ ચોડવો પડશે સ્ટામ્પ ચોડીને લાવો.'

'સ્ટામ્પ? શાનો સ્ટામ્પ?' મનુભાઈ નવાઈ પામીને બોલ્યા.

'અવલ કારકુનને મળો. તે બધી સમજ પાડશે.' કહીને સાહેબે બીજા અરજદારને બોલાવ્યો

મનુભાઈએ અવલકારકુનના બોર્ડવાળા ટેબલ પાસે જઈને કહ્યુ, 'સાહેબે તમને મળવાનુ કહ્યુ છે. આ જુઓ, આમા કયો સ્ટામ્પ ચોડવાનો છે?'

'જરા બેસો' કારકુને કહ્યુ, 'આ સાહેબનુ કામ પતાવી દઉ.' એમ કહી કારકુન બીજી ખુરશી પર બેઠેલ વેપારી જેવા લાગતા માણસ સાથે બજારના ભાવતાલ અંગેની વાતચીતમા મશગૂલ બની ગયો. મનુભાઈએ જોયુ તો બીજા ટેબલ પર બીજો કારકુન કોઈ પાસે તેજ તમાકુ પાન મગાવવાની વાત કરતો હતો, તો ત્રીજા ટેબલ પર બેત્રણ કારકુનો ભેગા મળીને ઇન્ડીકેટ–સિન્ડીકેટના બલાબલની ચર્ચા કરતા હતા!

દસેક મિનિટ પછી અવલ કારકુન સાહેબે મનુભાઈને કહ્યુ, 'આમા પાસઠ પૈસાનો રેવન્યુ સ્ટામ્પ ચોડવો પડશે'

'તો લાવો સ્ટામ્પ' મનુભાઈએ કહ્યુ.

'સ્ટામ્પ બહાર મળશે' કારકુને સભળાવ્યુ

મનુભાઈ બહાર જવા નીકળ્યા ત્યારે અવલ કારકુન સામે બેઠેલ વેપારીએ તેમને કહ્યુ, 'જુઓ, સામી બાજુએ ખૂણામા ઢાળિયા મેજ પર સ્ટામ્પ વેન્ડર બેઠો છે તેની પાસેથી સ્ટામ્પ મળશે'

મનુભાઈએ સ્ટામ્પ વેન્ડર પાસે જઈને પાસઠ પૈસાનો સ્ટામ્પ માગ્યો સ્ટામ્પ વેન્ડરે છીકણીનો સડાકો મારતા કહ્યુ, 'પાસઠ પૈસાના સ્ટામ્પ ખલાસ થઈ ગયા છે.'

આ સાભળીને મનુભાઈ સડક થઈ ગયા. તે જોઈને પાસે બેઠેલ એક કારીગર જેવા લાગતા માણસે કહ્યુ, 'સાવ અજાણ્યા લાગો છો આમની પાસે અરજી લખાવો તો જ સ્ટામ્પ મળે સ્ટામ્પના પાસઠ પૈસા ને અરજી લખવાના ફક્ત પચાસ પૈસા. ખરુ ને જુગતરામભાઈ!' એમ કહી તે હસવા લાગ્યો.

ક્ષણે ક્ષણે થતા નવા અનુભવો પચાવી નહિ શકવાથી મનુભાઈ, 'મારે ઝાડ કાપવુ નથી,' એવો દૃઢ નિશ્ચય કરી ઑફિસ છોડીને ચાલ્યા ગયા ને મનમા ગાઠ વાળી કે કોઈ દિવસ સરકારી ઑફિસમા પગ મૂકવો નહિ

બીજે દિવસે તેમણે વિદ્યાર્થીઓને લોકશાહીની નવી વ્યાખ્યા લખાવી. 'જેમા લોકો પર અનેક શાહો (બાદશાહો) હોય તે લોકશાહી' વિદ્યાર્થીઓ તેમના સામે જોઈ રહ્યા. એક વિદ્યાર્થીથી બોલ્યા વિના ન રહેવાયુ· 'પણ સાહેબ, ચોપડીમા તો જુદી જ વ્યાખ્યા આપી છે.'

'તે મને ખબર છે,' મનુભાઈ ઘૂરક્યા, 'ચોપડીમા લખ્યુ હોય તે બધુ સાચુ હોતુ નથી'

દુર્ભાગ્યે કહો કે સદ્ભાગ્યે, મનુભાઈને સરકારી ઑફિસમા જવાનો બીજો પ્રસગ ટૂક સમયમા જ આવ્યો. એક સવારે અનાજનુ કાર્ડ લઈને દુકાને અનાજ લેવા ગયા ત્યારે દુકાનદારે તેમને કહ્યુ, 'સાહેબ, આ કાર્ડ તદ્દન ફાટી ગયુ છે ઑફિસમા જઈને નવુ કાર્ડ કઢાવવુ પડશે.'

ઓફિસમા જવાનુ નામ સાભળીને, મનુભાઈની સ્થિતિ વાઘને જોઈને બકરીની થાય તેવી થઈ ગઈ. જરા વાર પછી સાવધ થઈને તેમણે કહ્યુ. 'અત્યારે તો અનાજ આપી દો ઓફિસમાથી નવુ કાર્ડ છ મહિને ય નહિ આવવાનુ'

'એમ તે હોય, સાહેબ! તમે અનાજનિયામકની ઑફિસમા બરાબર અગિયાર વાગે પહોચી જાઓ. પદર મિનિટમા નવુ કાર્ડ મળી જશે.' દુકાનદારે કહ્યુ.

દુકાનદાર કોઈ અલૌકિક વાત કરતો હોય તેમ, મનુભાઈ તેની સામુ જોઈ રહ્યા દુકાનદારે આગળ ચલાવ્યુ: 'સાહેબ, માન્યામા નથી આવતું? હુ સાચુ કહુ છુ'

મનુભાઈએ તેને મામલતદારની ઑફિસના અનુભવની વાત ટૂકમા કહી ને છેલ્લે જણાવ્યુ. 'આવી છે સરકારી ઑફિસની વાત તમે મને ટલ્લે શા માટે ચડાવો છો?'

'સાહેબ, હું તમારો વિદ્યાર્થી' તમને—ગુરુને—ટલ્લે ચડાવીને પાપમા શા માટે પડુ ?' દુકાનદારે કહ્યુ. 'બધા ઓફિસરો સરખા નથી હોતા તમે અગિયાર વાગે જાઓ. સીધા અનાજનિયામક સાહેબને મળજો, કારકુનને મળશો નહિ કહો તો હુ તમારી સાથે આવુ'

મનુભાઈ પર દુકાનદારના મક્કમ શબ્દોની ધારી અસર થઈ તેમણે કહ્યુ : 'તેની કાંઈ જરૂર નથી હુ જઈ આવીશ'

બરાબર અગિયાર વાગે અનાજનિયામકની ઓફિસે એ પહોચી ગયા. સીધા સાહેબની રૂમ પાસે જઈને ઊભા રહ્યા, સાહેબ આવી ગયા હતા ને અદર કોઈ સાથે વાત કરતા હતા પટાવાળાએ મનુભાઈને જોતા જ સામેથી કહ્યુ 'પધારો, સાહેબને મળવુ છે ને ?'

'હા, પણ સાહેબ કામમા લાગે છે.' મનુભાઈએ ધીમેથી કહ્યુ.

'કામ તો ચાલ્યા જ કરે.' પટાવાળાએ વિવેકથી કહ્યુ. 'પણ સાહેબનો હુકમ છે કે કોઈ પણ માણસ મળવા આવે તો તેને વગર વિલબે અદર મોકલી આપવા આપ પધારો' એમ કહી તેણે બારણુ ખોલી, મનુભાઈને અદર જવાની સગવડ કરી આપી

મનુભાઈએ અદર જઈને જોયુ તો પચીસેક વર્ષનો એક યુવાન મામલતદાર સાહેબ સાથે વાત કરી રહ્યો હતો. ગામલતદારને જોતા જ તેમના મોતિયા મરી ગયા પણ યુવાને તેમને કહ્યુ 'પધારો, સાહેબ આ ખુરશી પર બેસો ફરમાવો, શુ કામ છે ?' ને પટાવાળાને બોલાવી ઠંડુ પાણી મગાવ્યુ.

મનુભાઈ સ્વસ્થ થયા ને બોલ્યા, 'મારે અનાજ-નિયામક સાહેબને મળવુ છે.'

'સેવક હાજર છે જે કામ હોય તે તુરત કહો' એમ કહી યુવાને મામલતદાર સાહેબને કહ્યુ, 'સાહેબ, આમનુ કામ જરા પતાવી દઉ'

યુવાન કોઈ પ્રાણીબાગનુ વિચિત્રપ્રાણી હોય તે રીતે મામલતદાર સાહેબ તેમના સામે જોઈ રહ્યા. આ યુવાન જ નયામક સાહેબ છે તેની ખાતરી થતા મનુભાઈએ કહ્યુ, 'સાહેબ, મારુ અનાજનુ કાર્ડ ફાટી ગયુ છે, તે બદલીને નવુ લેવાનુ છે,' એમ કહી તેમણે સાહેબને અનાજનુ કાર્ડ આપ્યુ

સાહેબે કાર્ડ હાથમા લઈ, તુરત ઘટડી વગાડી, પટાવાળાને બોલાવી કહ્યુ : 'માધુભાઈને બોલાવો' ને માધુભાઈ આવ્યા તે દરમ્યાન કાર્ડમા લખેલ વિગતો વાચી ગયા. કારકુન માધુભાઈ આવ્યા એટલે તેમને કહ્યુ, 'માધુભાઈ, આ કાર્ડ બદલીને નવુ કાર્ડ કાઢી આપવાનુ છે. આ મનુભાઈ સાહેબ અહી બેઠા છે, પાચ મિનિટમા બધુ પતાવીને નવુ કાર્ડ લઈ આવો'

નવા અનાજ—નિયામક સાહેબની નવી રીતરસમથી કટાળી ગયેલ, જમાનાના ખાધેલ માધુભાઈએ મામલદાર સાહેબ હાજર હોવાથી નિયામક સાહેબને બે બોલ સભળાવવાની યોગ્ય તક છે એમ માની, નિયામક સાહેબને કહ્યુ 'પણ સાહેબ, આમા નિયમ મુજબ ફોર્મ ભરવુ પડશે, પછી ઇન્સ્પેકટર સાહેબને તપાસ કરવા મોકલવા પડશે; દસ ઠેકાણે નોધ કરવી પડશે.... આ બધુ થતા સહેજે બે દિવસ નીકળી જાય, ત્યારે આપ....'

નિયામક સાહેબે તેમને બોલતા અટકાવી કહ્યુ : 'એ બધુ મને સમજાવવાની જરૂર નથી. તમને કહ્યુ તેમ પાચ મિનિટમા નવુ કાર્ડ લઈ આવો આ કાર્ડમા બધી વિગતો છે તે પરથી ફોર્મ ભરી લાવો, તેમા મનુભાઈ સાહેબની સહી લઈ લો, ને નવુ કાર્ડ તૈયાર કરી, જ્યા જ્યા નોધ કરવાની જરૂર હોય ત્યા ત્યા નોધ કરી, સાહેબની વાત ખોટી નીકળે તો તેમને યોગ્ય સજા કરાવજો. બરાબર સમજી લો કે આપણે અહી લોકોનુ કામ કરવા આવ્યા છીએ, તેમને હેરાન કરવા નહિ હજારમાથી એક માણસ ખોટો નીકળવાનો સભવ હોય તેટલા માટે બાકીના નવસો નવાણુ માણસોને હેરાન કરી શકાય નહિ જાઓ, તુરત કાર્ડ લઈ આવો !'

માધુભાઈ ગયા એટલે સાહેબે મનુભાઈ સામે જોઈને કહ્યુ 'આ ઓફિસમા કોઈ મારી વાત સમજતુ નથી. બધાને જાણે હુ ચન્દ્રલોકમાથી ઊતરી આવ્યો હોઉ તેમ લાગે છે પણ આપ શિક્ષક છો મુરબ્બી છો એટલે મારી વાત સમજી શકશો ઓફિસના નિયમો કામની સરળતા ખાતર બનાવેલા છે, નહિ કે કામને ગૂંચવવા કે લોકોને ટલ્લે ચડાવવા એક દાખલો આપુ. નિયમ મુજબ, મારે એક કલાક મુલાકાતીઓને મળવા માટે રાખવાનો છે, પણ આનો અર્થ એવો નથી થતો કે મારે અમુક એક કલાક

સિવાય મુલાકાતીઓને મળવુ જ નહિ હુ તો મુલાકાતીઓને ગમે ત્યારે તુરત મળુ છુ પરિણામે, લોકોનું કામ તુરત પતી જાય છે ને માણસોનો જરાય ધસારો રહેતો નથી.'

આ વાત સાંભળતા, મનુભાઈ ગાસ્તરના મન સામે, મામલતદાર સાહેબની ઓફિસના સંસ્મરણો, ભૂતાવળની જેમ, ધમાચકડી મચાવવા લાગ્યા હતા તેઓ મામલતદાર સાહેબ સામે જ જોઈ રહ્યા હતા. તે જોઈને નિયામક સાહેબે કહ્યુ : 'આ મુરબ્બી મામલતદાર સાહેબ પણ જરૂર મારી વાતને ટેકો આપશે.' પણ મામલતદાર સાહેબની સ્થિતિ તો કાપો તો લોહી ન નીકળે તેવી હતી. તેઓ કાંઈ બોલ્યા નહિ એટલે નિયામક સાહેબે જ આગળ ચલાવ્યું : 'મનુભાઈ સાહેબ, હુ તો મક્કમપણે માનું છુ, કે ઓફિસમા કામ કરનારે માનવતાનો નિયમ સતત નજર સામે રાખવો જોઈએ. હજારો નિયમો ભલે રહ્યા. પણ તે બધાનો અમલ માનવતાના નિયમને કેન્દ્રમા રાખીને કરવાનો છે.'

મનુભાઈના મો પર પ્રકાશ પથરાતો જોઈને નિયામક સાહેબે આગળ ચલાવ્યુ : 'ને સાહેબ, માનવતાનો નિયમ શુ કહે છે ? દરેકને માનવ માનો, સજ્જન માનો, સાચો માનો. તમારી પાસે જે કોઈ આવે તેને સાચો માની તેનુ કાર્ય કરી આપો. ઓફિસનું કામ પ્રજાની સેવા કરવાનું છે.'

તેવામાં સાધુભાઈ એક ફોર્મ ને નવુ કાર્ડ લઈને આવી પહોચ્યા ને સાહેબ સામે ધર્યાં. સાહેબે બ ને મનુભાઈને આપતા કહ્યુ : 'લો સાહેબ, આ આપનું કાર્ડ; ફોર્મમા સહી કરી, લઈ જાઓ. તકલીફ માફ કરશો.'

'તકલીફ ! મને શી તકલીફ પડી છે ?' મનુભાઈએ આશ્ચર્યચકિત થઈને કહ્યુ : 'આપનો જેટલો આભાર માનું તેટલો ઓછો આપે મારા હૃદયમા નવો પ્રકાશ પાડ્યો છે. વરસો થયા હુ વિદ્યાર્થીઓને લોકશાહીની સમજૂતી આપતો આવ્યો છુ પણ તેનો સાચો અર્થ મને આજે જ સમજાયો. આપનો ફરી ફરી આભાર' એમ કહી મામલતદાર સાહેબ સામે સૂચક નજર કરી, મનુભાઈ ત્યાથી વિદાય થયા.

મનુભાઈ સીધા જ નિશાળે પહોચી ગયા ને વિદ્યાર્થીઓને લોકશાહીની નવી વ્યાખ્યા લખાવી : 'લોકશાહી એટલે લોકોને જેમા શાહ (સાચા સજ્જન) માનવામા આવી છે તેવી રાજ્યપદ્ધતિ.' ✲

ભલામણ

ડૉ. કૈલાસનાથ કાત્જુએ એક જગ્યા માટે કેટલાક યુવાનોને 'ઇન્ટરવ્યૂ' માટે બોલાવ્યા. ઇન્ટરવ્યૂ લેતાં એક યુવકને પૂછ્યુ : 'આપે નોકરી માટે અરજી તો આપી છે. પણ કોઈનો ભલામણપત્ર લાવ્યા છો ?'

યુવકે તરત જ પોતાના હાથ અને શરીર પર એક નજર ફેરવતાં કહ્યું : 'મારી ભલામણ કરનારા આ બે છે. હું મારી શક્તિ પર વિશ્વાસ ધરાવું છું. આપને મારી આ ભલામણ મંજૂર હોય તો મને કામ પર રાખી શકો છો.'

ડૉ. કાત્જુએ તે યુવકને કામ પર રાખી લીધો. આજના યુવકોમાં એ નવયુવક જેવો આત્મવિશ્વાસ છે ખરો ? ☆

અંતરનો અરીસો

પં. બનારસીદાસ ચતુર્વેદીને પોતાના માસિકમાં છપાવવા માટે પુરુષોત્તમદાસ ટંડનના એક ફોટાની જરૂર પડી, એટલે પત્ર લખીને મંગાવ્યો.

ટંડનજીએ જવાબમાં લખ્યું કે, 'આપની માગણી પ્રમાણે ફોટો નથી મોકલી શકતો, એ માટે મને ખેદ થાય છે, કારણ કે, હુ મારો ફોટો રાખતો જ નથી. ઘરમાં જ્યાર સુધી તો બધા જ મારુ શરીર જોઈ શકે છે. પછી ફોટાની જરૂર શી ? અને મિત્રોને પણ મારા ફોટાની શી જરૂર ? મને તો એ વાતથી જ સંતોષ થાય છે, કે એમના હૃદયમા હું એવો વસી જાઉ કે તેઓ કહી શકે કે :—

દિલકે આઈનેમેં હૈ તસ્વીર યાર,
જબ જરા ગરદન ઝુકાઈ દેખ લી.

અપરાધી કોણ ?

ડી. આર. વારા



તુલસીદાસ શેઠની દેવપુરમા તો ઠીક, પણ આજુ-બાજુના પચ્ચીસ ગામોમા પણ આબરૂ ભારે. કોઈ પણ માણસ તુલસીદાસ શેઠને નામે માગે તે મળે. બાળકથી માડી-ને બુઢ્ઢા સુધીના સૌ એને માનની નજરે જુએ. શેઠની વાણી પણ એવી જ નિર્મળ અને મીઠી. બોલે ત્યારે એવુ મીઠુ મીઠુ બોલે કે, જાણે અમૃત વરસે. કોઈનુ દિલ દુભાય એવા કુવેણ તો એ જાણે શીખ્યા જ ન હતા. ગામમા અને આજુબાજુના ગામડામા એની સેવા અને ભક્તિ વખણાય. રોજ સવારે પ્રાતઃકર્મથી પરવારી મંદિરે જતા. ત્યા ભક્તિ-ભાવથી માથુ નમાવીને ચબૂતરે ચણ નાખી, પછી જ બીજુ કામ કરતા. ત્રીસ વરસની નાની વયમા એની સમજશક્તિ અને આદર્શ વખણાતા હતા. સ્વભાવ એવો મળતાવડો કે, ભલ-ભલા દુશ્મનો પણ દોસ્ત બની જતા. અને એવી જ હતી એની પરમાર્થવૃત્તિ. ઘણા ગરીબોને એણે અનાજ આપ્યુ હતુ. કેટલાય દુખિયાઓને દવાદારૂ-ના પૈસા આપ્યા હતા. ભૂખ્યો-દુઃખ્યો કોઈ પણ માણસ એને આંગણેથી ખાલી હાથે પાછો જતો નહિ. આમ છતા જરા જેટલુ અભિમાન નહિ.

શેઠનો વેપાર સાધારણ ઠીક કહી શકાય એવો હતો. પણ વહેવાર મોટો હતો. સારમાઠા પ્રસંગે ગામ આખુ એનું કુટુંબ બની જતુ. કોઈ નવુ કામ કરવુ હોય તો સૌ તુલસીદાસની સલાહ લેવા આવે. તુલસીદાસ પણ એવા સત્યવક્તા કે, સૌને સાચી સલાહ આપતા. કોઈનો ઝઘડો હોય તો એવી મીઠાશથી સમજાવતા કે, બંને પક્ષ રાજી થઈ જતા. માયાળુ પણ એવા જ. સૌને એની સાથે બેસવુ ગમે. એની વાતો સાભળવી ગમે. આમ છતા અહંકારનું નામ-નિશાન નહી. વિવેકી અને નમ્ર પણ એવા જ. નાના બાળકને પણ પ્રેમથી સમજાવે.

તુલસીદાસશેઠની પત્નીનું નામ માયાદેવી. જેવા તુલસી-દાસ પરગજુ, એવી જ માયાદેવી માયાળુ અને ધર્મ-નિષ્ઠ. ભગવાને રૂપ પણ છૂટે હાથે આપ્યુ હતુ. આખા ગામમા એના રૂપ અને ગુણના વખાણ થતા. પતિના દરેક કાર્યમા એ ઉત્સાહભેર સાથ આપતી.

બંને પતિ–પત્ની સુખી હતા. આનંદી હતા.

એમને બંગલે શિવ-રામ નામનો એક નોકર વરસોથી નોકરી કરતો હતો. જ્યારે તે નોકરીએ રહ્યો ત્યારે તુલસીદાસ તો માડ આઠ વરસના હતા. એ વખતે એની ઉમર ત્રીસ વરસની માડ હશે. ત્યારે તુલસીદાસને આંગ-ળીએ વળગાડીને એણે ખૂબ રમાડેલ. માણેકચંદ શેઠ પણ ભારે માયાળુ અને દયાળુ હતા. શિવરામને એણે ઘણી મદદ કરેલી. ઘરે થોડું ભણાવ્યો પણ ખરો. એ વખતે એ તાજો જ પરણ્યો હતો. એટલે ગામમા મકાન પણ માણેકચંદ શેઠે અપાવ્યુ હતુ. થોડી મદદ પણ આપેલી. પણ આ વાતને તો વરસો થઈ ગયા. આજે તો શિવરામની ઉમર પણ લગભગ પચાસે પહોચવા આવી હતી.

પછી તો શિવરામને અહી ખૂબ ફાવી ગયુ. તુલસી-દાસના લગ્ન થયા. રૂપરૂપના અંબાર જેવી માયાદેવી પતિગૃહે

આવી ત્યારે એને જોઈને વૃદ્ધ શિવરામ ઘેલો ઘેલો થઈ ગયો તુલસીદાસને એણે બચપણથી જ રમાડયા હતા. અનેક લાડ લડાવ્યા હતા માદેસાજે સેવાચાકરી પણ કરી હતી માણેકચદ ન રાખે એથી વિશેષ દરકાર એણે રાખી હતી એટલે નાના શેઠની ગૃહિણીને જોઈને હૈયુ આનદથી નાચી ઊઠયુ હતુ જ્યારે એણે અનુભવ્યુ કે, માયાદેવીનો સ્વભાવ પણ ખૂબ જ માયાળુ અને ધર્મનિષ્ઠ છે ત્યારે એ આનદના સાગરમા ડૂબી ગયો હતો

પછી તો સમયના વહેવા સાથે માણેકચંદ શેઠનું મૃત્યુ થયુ પેઢીનો વ્યવહાર નાના શેઠના હાથમા આવ્યો. એણે પણ પિતાના ચીલે ચાલીને વ્યવહાર ચલાવ્યો મોટા શેઠના મૃત્યુ પછી શિવરામને લાગ્યુ હતુ કે, નાના શેઠ કદાચ પિતાના જેટલુ સમત્વ દાખવી શકશે નહિ. કદાચ પોતાને થોડુ શોષવુ પડશે. પણ એવુ કાઈ બન્યુ નહિ. આથી શિવરામની સલાહ લેતા ત્યારે ભોળા ભાવે એ કહેતો 'છોટે બાબુ, હુ તો નોકર છુ, મારામા શી ગતાગમ હોય ! હવે તો વહુબેટી પણ ઘરમા છે. એ પણ ખૂબ સમજુ અને આદર્શ ગૃહિણી છે હવે તો આપ એની જ સલાહ લો '

આમ છતા તુલસીદાસ એની વાતને હસવામા કાઢી નાખતા અને એની સલાહ લઈને જ છોડતા માયાદેવી શેઠનોકરની આ મીઠી ગોષ્ઠિ નિહાળીને મીઠુ મીઠુ હસતી. શિવરામની નિખાલસતાથી એ ખૂબ પ્રભાવિત થઈ હતી. શિવરામને એ પિતા સમાન ગણતી હતી. એની તકલીફોને નજર સમક્ષ રાખીને કામ ચીધતી વાર–તહેવારે એના બાળકો માટે મીઠાઈ પણ મોકલતી. આથી જ એણે શિવરામનું દિલ જીતી લીધુ હતુ શિવરામ એને ' વહુબેટી 'ના લાડીલા નામથી બોલાવતો. માયાદેવી પણ એને ' બાબા' ના નામથી બોલાવતી.

પણ હમણા હમણા છેલ્લા એકાદ મહિનાથી શિવરામ કાઈક ઘેરી ચિતાથી પીડાતો હતો. મુખ પર રમતુ મીઠુ હાસ્ય એકાદ મહિનાથી વિલીન થઈ ગયુ હતુ કામ કરતો એ પણ યત્રવત. આમ છતા એણે માયાદેવી કે તુલસીદાસને કળાવા દીધુ ન હતુ.

હકીકત આમ હતી શિવરામના ઘરમા પાચ માણસો હતા એની પત્ની રાધાગૌરી, બે પુત્રીઓ અને એક પુત્ર મોટી પુત્રી રમા હવે ઉમરલાયક થઈ હતી હમણા એક મહિના પહેલા જ અઢારમુ વરસ બેસી ગયુ હતું. આજ દિવસ સુધી તો એણે રમાના વિવાહ સબધી કદી વિચાર્યુ ન હતુ. પણ રાધાગૌરીએ જ્યારે એને આ બાબતની વાત કરી ત્યારે એને લાગ્યુ કે રમાને યોગ્ય વર શોધીને પરણાવી દેવી જોઈએ આમ તો રમા ઘણી સમજુ અને સુશીલ કન્યા હતી. છેલ્લાં બે વરસથી એ સીવણકલાસમા જતી હતી અને હવે થોડુ થોડુ સીવીને પિતાને મદદ કરતી હતી. પરતુ મોઘવારી એવી સખ્ત હતી કે, કોઈ પણ સજોગોમા પૂરુ થતુ ન હતુ. તેમા વળી રાધાગૌરી માદીસાજી રહેતી. એના દવાદારૂમા પણ થોડી રકમ દર મહિને ખર્ચાતી. આવક ઓછી અને ખરચનું પ્રમાણ વધારે જેમ તેમ કરીને આજ દિવસ સુધી ગાડુ ચલાવ્યુ. પણ હવે આગળ ચાલી શકે એમ ન હતુ તેમા વળી દુકાળમા અધિક માસની જેમ રમાના વિવાહનો ખરચો આવીને ઊભો આથી શિવરામ સાવ ભાગી પડયો સાવ સાદાઈથી લગ્ન પતાવે તોપણ હજારેક રૂપિયા જેટલુ ખર્ચ થાય એમ હતુ. અને વરને પાચસો રૂપિયા પહેરામણીના આપવાના હતા. આવડી મોટી રકમ એ કયાયથી મેળવી શકે એમ ન હતો. ઘરમા જે કાઈ હતુ એ તો રફતે રફતે ચવાઈ ગયુ હતું. આવડી મોટી રકમ શેઠ પાસે પણ શી રીતે મગાય ? કદાચ ના પણ પાડી દે અને માગ્યા પછી ના પાડે તો શિવરામને મરવા જેવુ થાય. અને રમાના વિવાહ કરવા હતા એ પણ નક્કી જ હતુ. ખેચી ખેચીને બહુ તો વરસેક ખેચી શકાય બાકી વહેલા કે મોડા વિવાહ કર્યા વગર છૂટકો ન હતો બસ, આ ચિન્તા એને દિવસ-રાત સતાવતી હતી.

એક દિવસ શિવરામ બેઠકખડની સફાઈ કરતો હતો. તુલસીદાસ કામ પ્રસગે બહાર ગયા હતા. માયાદેવી અદરના રૂમમા કઈક કામ કરતી હતી કપડાના કકડા વડે તિજોરી ઉપરની ધૂળ લૂછી અને પછી એ જ કકડા વડે પિત્તળનુ હેન્ડલ ધરયુ સામાન્ય રીતે રોજની જેમ એણે હેન્ડલ ઊચુનીચુ કરવાનો પ્રયત્ન કર્યો. એના આશ્ચર્ય વચ્ચે હેન્ડલ નીચુ સરકી ગયુ ! એણે જોયુ તો તિજોરી સાવ ખુલ્લી હતી ! શેઠ ચાવી દેવાનુ જ ભૂલી ગયા હતા ક્ષણવાર તો એ પૂતળાની જેમ થીજી ગયો નોટોના થોકડા જોઈને ડઘાઈ ગયો ઝટ ઝટ એણે બારણુ બધ કરી દીધું અને ફરીથી સફાઈના કામમા લાગી ગયો. જેમ જેમ આવ-

ગણી ફરતી ગઈ, તેમ તેમ મગજમા વિચારોનો વ ટોળ ઊઠયો એની નજર સમક્ષ રમાનો રૂપાળો ચહેરો ખડો થયો. એના લગ્ન કરવા હતા, પણ રૂપયા ન હતા. રૂપિયા મળી જાય તો પોતે એ જ ઘડીએ વરની શોધમા નીકળી જવાનો હતો એણે વિચાર્યુ . ' લાવ, એક થોકડી ઉપાડી લઉં. આટલી બધી થપ્પીઓમાથી એક ઓછી થશે તોપણ શેઠને ખબર પડવાની નથી અને ફરી આવો મોકો મળવાનો નથી. જિંદગી આખી ઢસરડો કરીશ તોપણ દોઢ હજારની રકમ એકઠી કરી શકવાનો નથી. ઈશ્વરે આજે જાણે પોતાને માટે જ બારણુ ખુલ્લુ રખાવ્યુ હતુ. આસાનીથી એક થોકડી લઈને ઝટ ઝટ ઊ ચે ટિંગાતી બાપુની છબિ પાછળ સંતાડી દીધી. અને પછી જાણે કાંઈ બન્યુ ન હોય એમ તિજોરી બંધ કરીને કામમા લાગી ગયો.

એ આખો દિવસ એણે ઊચક મને કામ કર્યુ . સાંજ વેળાએ તુલસીદાસ પણ બહારથી આવી ગયા. મોડી રાતે કામકાજથી પરવારી શિવરામે કોઈને ખબર ન પડે એમ છબિ પાછળથી પેલી નોટો લઈ લીધી અને બંડીના અંદરના ગજવામા સરકાવી દીધી પછી શેઠની રજા લઈને ઘરે ગયો. આજે એના મન ઉપરથી એક ચિન્તા ઓછી થઈ હતી. મન અનેક ગૂંઝવણોથી ફફડતુ હતુ. શેઠને ખબર પડી ગઈ હશે તો ! કદાચ થોકડીઓ એની ગણેલી હશે તો ! શેઠ અહી તપાસ કરવા તો નહી આવે ને ! આવી અનેક ચિન્તાઓથી એનું મન વિહ્વળ થઈ ગયુ હતુ. જમવા બેઠો ત્યારે પણ બે-ચાર કોળિયા જમીને ઊઠી ગયો.

રાત ઠીક ઠીક વધી હતી જમ્યા પછી ઓશરીમા ઢાળેલા ખાટલા ઉપર પડયો બરાબર સામેની ભીંત ઉપર બાપુની છબિ લટકતી હતી. જે છબિની પાછળ એણે રૂપિયા સંતાડયા હતા એવી જ છબિ હતી. બાપુ હાથ જોડી ઊભા હતા એના મુખ પર પરમ શાંતિ છવાએલી હતી. હોઠો ઉપર મધુર સ્મિત ફરકતુ હતુ આખોમાથી વાત્સલ્ય નીતરતુ હતું ક્ષણવાર એ બાપુના ચહેરા સામે તાકી રહ્યો એની ભવ્ય મુખાકૃતિ એના હૃદયમા જડાઈ ગઈ. પણ એ સાથે જ જાણે એને ડંખ લાગ્યો ! મન વિહ્વળ થઈ ગયુ. એને લાગ્યુ કે સત્ય અને અહિંસાના આ પરમ ઉપાસક પોતા તરફ જાણે ઠપકાભરી નજરે તાકી રહ્યા હતા

રાત ઠીક ઠીક પસાર થઈ ગઈ હતી સર્વત્ર શૂનકાર વ્યાપી ગયો હતો. આખુ ગામ મીઠી ઉંઘમાં લપેટાઈ ગયું હતું. દૂરના ટાવરમા દોઢનો ટકોરો પડયો વિચારોના વમળમા અટવાતા અટવાતા એણે ઊંઘવાનો પ્રયત્ન કર્યો. આખો મીચી પણ મનમા આજે વિચારોના વાદળ ઊમટયા હતા પેલા ડંખની વેદના ધીમે ધીમે વધતી જતી હતી. મન વિહ્વળ બની ગયુ હતુ. બાપુની પેલી છબિએ એના મનમા એવો ઝંઝાવાત જગાવી દીધો હતો કે, કેમેય કર્યો એ શમતો ન હતો.

ટાવરમા અઢી વાગવાનો ટકોરો પડયો. એને લાગ્યું કે, પોતે આજે ભયંકર અપરાધ કરી બેઠો છે આજે ત્રીસ વરસની નોકરીમા કદી અપ્રામાણિક થયો નથી. દેવ જેવા શેઠને કદી છેતર્યા નથી એવો વિચાર સુદ્ધા આવ્યો નથી પરંતુ આજે જીવનભરની પ્રામાણિક્તા ઉપર પાણી ફરી વળ્યુ હતુ. પોતાને વિશ્વાસે તુલસીદાસ નિર્ભયતાથી પોતાનો વ્યવહાર ચલાવતા હતા. આજે પોતે એના વિશ્વાસનો ઘાત કર્યો હતો આ ભયંકર અપરાધ ઈશ્વર પણ માફ નહિ કરે આજે તો માત્ર નોટોની એક જ થોકડી ઉઠાવી છે, પણ ભવિષ્યમા પાચદશ ઉઠાવવાની વૃત્તિ પણ થઈ આવે અને આમ એક વાર પતનના માર્ગે પગ મૂકયા પછી એ આગળ ને આગળ વધતા જ જવાના. અને એક દિવસ પોતે ભયંકર ગર્તામા ધકેલાઈ જવાનો. અને આમ વિચારમા ને વિચારમા એ આખી રાત ઊંઘી શકયો નહિ. આ ભયંકર અપરાધ બદલ એને ખૂબ પશ્ચાત્તાપ થયો આખોમાથી આસુની ધારા વહી ગઈ. જાણે હૃદયનું ઝેર નીકળી ગયુ પેલા ડંખની વેદના પણ હવે ઓછી થઈ ગઈ હતી.



પૂર્વ બાજુએ ઉષાનો ગુલાલ છવાઈ ગયો. ઝાડની ડાળીએ પક્ષીઓ મીઠા ગીતડા ગાવા લાગ્યા. એ સાથે જ શિવરામ ખાટલામાથી ઊભો થઈ ગયો પોતાના આત્માને ઢંઢોળનાર બાપુની છબિને એણે પ્રણામ કર્યા અને ચંપલ પહેરીને ઝડપથી એ શેઠને બંગલે પહોચી ગયો માગાદેવી અને શેઠ જાગી ગયા હતા. નાહી-પરવારીને શેઠ મંદિરે જવાની તૈયારી કરતા હતા. શિવરામને આટલો વહેલો આવેલો જોઈને બંનેને આશ્ચર્ય થયુ શેઠે પૂછ્યુ . 'શિવાકાકા, આજે આટલા વહેલા કેમ ?'

શિવરામે શેઠના પગ પકડી લીધા. અને રડતા રડતાં

કહ્યું. 'માલિક, મને માફ કરો. મે આપનો ભયંકર અપરાધ કર્યો છે.'

તુલસીદાસ કશું સમજી શક્યા નહિ. જેને પોતે પિતા સમાન ગણે છે એ શિવરામ આજે આમ વિહ્વળ કેમ બની ગયો છે, એ એની સમજમા આવ્યુ નહિ. એને બેઠો કરતાં કહ્યું : 'કાકા, વાત કરો તો સમજાય !'

'છોટે સરકાર, મે આપની તિજોરીમાથી ચોરી કરી છે સ્વાર્થમા અંધ બનીને મેં આપનો મહાન્ અપરાધ કર્યો છે પૈસાના મોહમા મને સારાસારનુ ભાન ન રહ્યું લ્યો, આ મે ચોરેલી નોટો. આપને યોગ્ય લાગે તે મને સજા કરો બાકી હુ હવે આપની નોકરીને લાયક રહ્યો નથી' આમ કહી શિવરામે ગજવામાથી રૂપિયાની થોકડી કાઢીને શેઠના પગમા મૂકી

માયાદેવી અને શેઠ એકબીજા સામુ આશ્ચર્યથી જોઈ રહ્યા તુલસીદાસ પણ વિચારમા ખોવાઈ ગયા માયાદેવી મનોમન એની પ્રામાણિકતાને વદી રહી શિવરામ હજુ પણ શેઠના ચરણમા બેસીને રડી રહ્યો હતો. તુલસીદાસે એના બાહુ પકડીને ઊભો કર્યો. તેણે જોયુ તો શેઠની આંખોમા પણ આસુ હતા એણે શિવરામના હાથ પકડતા કહ્યુ. 'કાકા, માફી તો મારે માગવાની છે. ખરો અપરાધી હુ છુ, તમે નહિ'

શિવરામ કહે. 'નહીં માલિક, એવુ ના બોલો. અપરાધી હુ છુ તમે તો મારા માલિક છો'

'શિવરામ, હુ તમારો શેઠ છુ એટલે જ અપરાધી હું છુ. તમે મારા પિતાજીના વખતથી અમારે ત્યા નોકરી કરો છો તમારી આટલી લાબી કારકિર્દીમા આની અગાઉ ક્યારેય અપ્રામાણિકતા નથી આચરી. વળી તમારું જીવન પણ સાદાઈને વરેલુ છે. આટલા ટૂંકા પગારમા, આ વધેલી મોઘવારીમા તમારા જીવનની જરૂરિયાતો સંતોષાય છે કે નહિ એ જાણવાની જવાબદારી મારી છે. એનો હુ ખ્યાલ રાખી શક્યો નહિ એનો મને અફસોસ થાય છે. જ્યારે તમે ખૂબ મુશ્કેલીમાં હશો, તમારે પૈસાની સખત જરૂરત હશે, ત્યારે તમે ચોરી કરવા પ્રેરાયા હશો. પરતુ મારી ફરજ હતી કે, તમે ચોરી કરો એ પહેલા જ સારિ તમારી મુશ્કેલી ટાળવી જોઈતી હતી. તમે મને રમાડીને મોટો કર્યો. પિતાથી પણ વિશેષ લાડ લડાવ્યા. એટલે તમે મારા કુટુંબના જ સભ્ય છો. આપના દુઃખમા ભાગીદાર થવાનો મને પણ અધિકાર છે. ખોટુ ન લગાડજો કાકા, એક વાત પૂછુ છુ. માયાદેવી અને હુ તો તમારાં બાળકો જેવા છીએ. તમે પણ અમને તમારા જ સતાનની જેમ રાખો છો છતા તમે આટલો અંતરાય કેમ રાખ્યો, કાકા ? તમારે પૈસાની જરૂર હતી તો મને પહેલેથી કહેવું હતું ને ? કે પછી તમને અમારામા વિશ્વાસ ન હતો ! મને ઘણી શરમ થાય છે કે મારા પિતા સમાન એક સજ્જનને આજે પોતાના જ ઘરમા ચોરી કરવી પડી કાકા ! હુ, માયાદેવી અને આ ઘર બધુ તમારુ જ છે.'

'બસ.. બસ. .માલિક મારાથી આ સાંભળી શકાતુ નથી આપની પાસે હુ સાવ વામણો લાગુ છુ આપની મહાનતા દેવને પણ શરમાવે એવી છે....'

તુલસીદાસે એને અટકાવીને કહ્યુ ' બસ, કાકા ! વખાણ કરીને મને શરમાવો નહિ પણ હવે એ જણાવો કે આપને પૈસાની આટલી શી જરૂરત હતી ? સકોચ વગર કહેજો.'

'માલિક, હુ તો આપને મોઢુ બતાવવાને લાયક રહ્યો નથી. ઘરમા મ દગીનો ખાટલો પડ્યો છે રમા વિવાહ યોગ્ય થઈ અમારી જ્ઞાતિમા પાચથી રૂપિયા પહેરામણીના ભરવા પડે. તો જ વર પરણવા આવે હજારેક રૂપિયો લગ્નનુ ખરચ થાય આ કારણે રમાના લગ્ન થઈ શકતા ન હતા. આ પ્રસગ ઉકેલવા માટે મારાથી પાપ થઈ ગયુ... માલિક, જુવાન દીકરી ઘરમા કયા સુધી રહે !'

લગભગ પદર દિવસ પછી શિવરામના આંગણામાં શરણાઈના સૂર ગુજી ઊઠયા. જન છેક મુબઈથી આવી હતી તુલસીદાસ શેઠે પોતે વર શોધી આપ્યો હતો. રમાના હર્ષનો પાર ન હતો. નવવધૂને અનુરૂપ શણગાર સજીને એ સાહેલીઓથી વીંટળાઈ હતી આગણામા ભવ્ય મડપ બાધવામા આવ્યો હતો રસોઈયા મીઠાઈ રાંધવામાં મશગૂલ હતા. માયાદેવી પધારેલી સ્ત્રીઓનું સ્વાગત કરવામા મશગૂલ હતી. બેન્ડવાળા જાત જાતની તર્જો બજાવી સૌનુ મનોરજન કરતા હતા. શેઠ સૌને યોગ્ય સૂચનાઓ આપે જતા હતા રાજસૂય યજ્ઞ વખતે કૃષ્ણે જેમ જાતે એંઠા પતરાળા ઉપાડી હતી, એમ તુલસીદાસ શેઠ એંઠા વાસણો ઉપાડી રહ્યા હતા ત્યારે શિવરામની આખોમાં હર્ષના આસુ સમાતાં ન હતાં. ■

લીમડાની એક ડાળ

રામજીભાઈ કડિયા



[અ]ણે આવીને મને કહ્યું : 'મારું કામ પતી ગયું છે. પાંચ હજાર રૂપિયાની લોન મળી ગઈ છે. કેટલાય મહિનાથી અટવાતું કામ તમારી ચિઠ્ઠીથી સહેજમાં પતી ગયું છે. બહુ ભલો માણસ લાગ્યો. એ પ્રસન્ન એમના ઘેર જઈ મેં તો સાહેબને રાજીપા પેટે પાંચ નોટો ધરી તો એ મારા ઉપર બગડી ગયા, અને કહેવા લાગ્યા, 'તમે મને ઓળખતા નથી, એટલે આ રાજીપો ગણી આવી મોટી લાંચ આપો છો. કામ કરવાની મારી ફરજ છે ને મેં એ બજાવી છે. એમાં વિશેષ કશું કર્યું નથી.'

સંબંધીએ જિલ્લાની ઓફિસે જઈ આવ્યા પછી આ વાત કરી ત્યારે મેં એમને કહ્યું : 'સાચી વાત છે કે તમે એને ઓળખતા નથી. એ કોનો દીકરો છે એ જાણો છો?'

'ના'

'સુણસરના મોતીજીનો'

'મોતીજી બહારવટિયા-નો!' સંબંધીનું મોં આશ્ચર્યથી પહોળું થઈ ગયું.

'હા...એ' મુગ્ધભાવે મારા સામે એ તાકી રહ્યા.

ત્રીસેક વરસ પહેલાની સ્મૃતિ ઢંઢોળતા મોટી મૂછાળો, લીંબુના ફાડ જેવી કરડી આંખોવાળો, ઘોડી ઉપર ઘૂમતો હથિયારધારી એક બહારવટિયો નજરમાં તરવરી રહ્યો. નાના નાના ગામડાં મોતીજીની ઘોડીના ડાબલાથી થરથરી ઊઠતાં. તાલુકાની અને આ આખા જિલ્લાની વસતિમાં મોતીજીનું બહારવટું આ ... ચઢ્યું હતું. પોલીસ મોતીજીને જેર કરવા રાત-દિ' મથતી હતી. પણ મોતીજી અને એના સાગરિતો 'આ દેખાય, આ દેખાય,' કરતાં પોલીસો ઊભા રહી જાય અને થાપ આપી ક્યાંય દૂર નીકળી જાય. મોટી મોટી ... ને લૂંટફાટોમાં મોતીજીનું નામ લેવાતું. રસ્તે જતા એકલદોકલ વટેમાર્ગુઓ એનું નામ પડતાં કંપી ઊઠતા. આથી ભયની મારી વસતિ તો નીકળી શકે જ નહિ. સર્વત્ર એના નામનો કાળો કેર વરસતો હતો. મહેસાણા જિલ્લાનું સુણસર ગામ આવા તો કૈંક મોતીજીઓથી ભરેલું હતું. મેવાસી ઠાકરડાઓથી વસેલું આ ગામ ગાયકવાડી રાજ્યમાં ચોરી, લૂંટફાટો માટે જાણીતું બન્યું હતું. ચોરી, ખૂન અને લૂંટ કરવી એ એમના રોજના ધંધા થઈ પડ્યા હતા. દારૂ-અફીણના કેફ અને જુગાર એ એમનું જીવન બની ગયું હતું. ગામની બાજુમાં થઈને કોઈ નીકળી ન શકે એવો ફફડાટ આ ઠાકરડાઓએ ફેલાવ્યો હતો. પુરુષો ચોરે અને સ્ત્રીઓ સંઘરે એવી છાપ આ ગામની હતી. કોઈના ખેતરના ઊભા પાક કાપી લેવા, ચરતાં ઢોર હાંકી જવાં, જાન – જાનૈયા લૂંટવા, અડધી રાતે મોટા ગામના બજારની દુકાનો તોડવી, અને નાનાંમોટા ઘરની પછીતો કોચી જે હાથ આવે તે ચોરી જવું.

પણ મોતીજી વિશે એક શાખ બંધાયેલી કે એ ગરીબગુરબા કે સ્ત્રી–બાળકોને પજવતો નથી. એની લૂંટ કે ધાડ હજારો રૂપિયાની થતી. ગાયકવાડી પોલીસ ત્રાસી ગઈ હતી. એ અરસામાં એક દિવસ સુણસરને અડીને વહેતી નદી ઊતરી એક વ્યક્તિ આવી. ધોળાં બાસ્તા જેવા લુગડા પહેરેલી એ ઊંચી અને એકવડી કાયા ગામમાં આવી ઊભી. ગામના

તળાવકાંઠેના આંબાવાડિયામાં એણે મુકામ કર્યો. ગામનાં નાગાંપૂગાં છોકરાં ભેગાં થઈ ગયાં. આગંતુકને નવાઈથી નીરખી રહ્યા. સ્ત્રીઓ માથે પાણીની હેલ્ય ભરીને જતાં દૂરથી જોઈ રહી જુવાનો મૂછોને વળ દેતા એક બાજુ ઊભા રહ્યા. કરડી નજરે સૌ તાકી રહ્યું હતું.

એ બધા માંહેમાંહે ગુસપુસ કરતા હતા 'અલ્યા, છે કો'ક ભેદી માણસ'

તો કોઈક કહેતું. 'આપણા ઉપર સરકારે નજર રાખવા મોકલ્યા લાગે છે'

'ના, ના, આ તો છે ગાંધીજીવાળો કો'ક માણસ. તે રેંટિયો ફેરવે છે એ જોતા નથી?' અને એ-ચાર જણા પાસે જઈ ઊભા રહ્યા.

'કુણ છો?' એકે પૂછ્યુ.

બીજાએ કહ્યું: 'શું કામ આયા છો આંહી?' જવાનોની તોછડી બોલીમા હુંકારનો રણકો હતો.

હાથમાની પૂણીનો તાર ખેંચતા મરક મરક હસતાં એમણે ઉત્તર વાળ્યો: 'બ્રાહ્મણ છું. ચોરી કરવા આવ્યો છું તમારા ગામમાં.'

ઊભેલા જવાનો એકબીજાનાં મોં જોવા લાગ્યા.

'સીધેસીધું કહોને .. સરકારના માણસ છો કે બીજા કોઈ?'

'જુઓ ભાઈ, તમારા ગામની ગરીબાઈ, અજ્ઞાનતા, વેરઝેર અને તમારા વ્યસનોની ચોરી કરવા આવ્યો છું. હું સરકારનોય નથી અને પોલીસખાતાનોય માણસ નથી. હું તો તમારો છું. તમારા ભેગું અહીં થોડુ રહેવું છે રહેવા દેશોને?'

'હોવે....' જવાનો એક-પછી-એક નીચે બેઠા એ બધાને આ માણસની વાતોમા રસ પડયો. કોઈ પૂજ્યભાવ પેદા થયો. એટલામાં એક ઘરડો ઠાકોર આવ્યો. આવતાં જ બોલી ઊઠયો: 'આવો, મહારાજ.' રવિશંકર મહારાજના પગમાં એ પડી ગયો.

તે દિવસથી એ ગામમાં મહારાજે સેવાની ધૂણી ધખાવી ગામના નાકામાં, તળાવકાંઠે એમને રહેવાની ઓરડી બની ગઈ. ધીમે ધીમે ગામના લોકને મહારાજનો વિશ્વાસ પડવા માંડયો. એમનું કામ અને વાતો સાંભળી સૌ ખેંચાવા લાગ્યું મહારાજે ગામના ધરખમ ઠાકરડાઓને વિશ્વાસમા લઈ, તાલુકાની કચેરીએ આટાફેરા કરી, એમની રોજની હાજરી કઢાવી. ગામમાં નિશાળ શરૂ કરાવી. બે આંકડા એમના છોકરાં ભણતાં થયાં. એમને ધંધે વાળવા ખેતી માટે અને શાકભાજીની વાડીઓ માટે જમીન અપાવી. ઉજ્જડ રહેતી જમીનનો ઉપયોગ શિખવાડયો તળાવ ખોદવાના, રસ્તા બાંધવાના મહેનતમજૂરીનાં કામો કરવા તરફ એ બધાને દોર્યા. ચોરીલૂંટફાટનો ધંધો મુકાવી, ઊજળા ધંધા કરવા મહારાજે એમને સમજાવ્યા. એ માટે એમણે તનતોડ મહેનત આરંભી.

મોતીજીની ધાક હજી ઓછી થઈ નહોતી મહારાજ એને બોલાવતા, પણ એ ફરકતો નહિ આજ અહીં તો કાલ ક્યાંય પહોંચી જતો. એની ભાળ મળતાં મહારાજ એને શોધવા ફરતા. નદીના ભાઠામા કે કોતરોમા એના અડ્ડા રહેતા પણ એ હાથમાં આવે નહિ. રાતવરત મહારાજ એની રાહ જોતા; અને આ બહારવટિયો હતો ય પંડે એકલો જીવ. બૈરુ એક નાના છોકરાને મૂકી મરી ગયેલુ. એટલે એ નફકરો થઈ રખડતો. નમાયો છોકરો સગાવહાલા ભેગો ઊછરતો. બાપની નિષ્કાળજીથી છોકરો પણ નાસભાગ કરતા શીખેલો. મહારાજે છોકરાને પોતાની પાસે હેતથી બોલાવ્યો, પંપાળ્યો, અને પોતાની સાથે ઓરડીમાં રાખ્યો. એને નિશાળમા ભણવા મૂક્યો. એને રેંટિયો શિખવાડયો. મહારાજની સાથે રહેતો આ નાનો બહારવટિયો ભણવામા ઝળકી ઊઠયો. એનામા મહારાજનું અમીસિંચન થયું 'દાદા' કહી એ મહારાજને વળગી પડતો.

એક દિવસની વાત છે. મહારાજ ઓરડીમા બેઠા હતા. મોડી રાતનુ અંધારુ જામ્યું હતું. તેલનુ કોડિયું બળતું હતું. ઓરડીનુ આગણું સળવળ્યું. કોઈ આવ્યું મહારાજે અંધારામા નજર ફેંકી: 'કોણ એ?'

'એ તો હું મોતીજી.' કહેતો એ મહારાજના પગે પડી ગયો 'દાદા, આજથી હુ તમારો છું.' એણે હથિયાર મહારાજના ચરણોમા ધરી દીધાં.

મહારાજે દીવાની વાટ સ કોરી. ઝાખા અજવાળામા ઝળકતી જ્યોતના તેજમા મોતીજીની આખમા બે તગતગતા આસુ જોયા 'ભાઈ મોતી! મહારાજની પ્રેમભરી વાણી મોતીના દિલમા ઊતરી ગઈ

'જો, તારુ આયખુ તો ગમે તેમ ગયુ પણ હવે આ છોકરા સામે જો. તારા કડવા વેલાનુ આ મીઠું ફળ પકવ.'

'હા, મહારાજ' કહેતો મોતીજી નમી પડ્યો.

બસ એ દિવસથી મોતીજી બહારવટિયો મટી મહારાજના દોરેલા રસ્તે ચાલ્યો. ખેતરમા મજૂરી કરવા માંડી પછી તો એણે એક નાનકડી પરચુરણ વસ્તુઓની હાટડી માડી. છોકરાને ભણાવવાની એનામા ઉમેદ જાગી મહેનત અને નીતિનો રોટલો રળવાના એણે ગામ વચ્ચે સોગદ લીધા પોતાની પાછલી એબ છોકરામા ન આવે એની એણે સતત તકેદારી રાખી. એણે છોકરાને બાજુના શહેરની શાળામા ભણવા મૂક્યો. ☆

૧૯૪૨ની ક્રાન્તિ આવી ગાધીજીની હાકલ પડી એ પહેલા મહારાજે સુણસર છોડ્યુ એમની શિખામણે મોતીજીએ બાકીનુ જીવન સુધાર્યુ છોકરાને હાઈસ્કૂલ ને કૉલેજ સુધી ભણાવવા તનતોડ મજૂરી કરી. પોતાનો પડછાયો ન પડે એ માટે એણે છોકરાને શહેરની બોર્ડિંગ ને હોસ્ટેલમા રાખી ભારે ખરચો વેઠ્યો એક વેળાના ઘાતકી બહારવટિયાની છાપ એણે છોકરામા શિક્ષણના સસ્કારો રેડી ભૂસવા પ્રયત્ન કર્યો. એમ કરતા એની કદાવર કાયા ઓગળી ગઈ. એ ખખડી ગયો. આકરી મજૂરીએ એની કાયા તૂટી ગઈ છોકરાને તૈયાર કરવામા એની આખરી વેળા આવી પહોચી મરતી વખતે 'રામનો આપેલો રોટલો' ખાવાની ટેક લેવડાવી

એ મોતીજી આજે નથી, પણ મારી સાથે ભણતો એ છોકરો વીરજી આજે જિલ્લાની એક મોટી ઑફિસમા એક મોટુ દફતર સભાળે છે આજે એ વીરજીમાથી વિજય બન્યો છે ઉચ્ચ વરણની કન્યા પરણ્યો છે સુખચેનથી રહે છે રામનો આપ્યો પ્રામાણિક રોટલો ખાવાની ટેક જાળવી રાખી છે. ◻

બ્રહ્મદેશને સ્વતંત્રતા મળી. અંગ્રેજ ગવર્નર જનરલે પ્રજાના ચૂંટાયેલા પ્રધાનમંડળને સત્તા સોંપી દીધી અને બ્રહ્મદેશનો કિનારો છોડ્યો

એક દિવસ નવા બનેલા આરોગ્ય-પ્રધાન મિ પો-ગિની કાર રંગૂન બહાર નદીકિનારે આવેલી રક્તપિત્તિયાની હૉસ્પિટલ પાસે જઈને અટકી. ભયંકર ચેપી રોગની હૉસ્પિટલ ફ્રેન્ચ મિશન તરફથી ચાલતી હતી કોઈ પણ જાતની ફી વગર તદ્દન સેવા ભાવે આ હૉસ્પિટલમા દર્દીઓની સારવાર થતી હતી એમા સેવા આપનાર લેડી ડૉક્ટર અને બીજી નર્સો પણ બધી ફ્રેન્ચ જ હતી

આરોગ્ય-પ્રધાન પો-ગિને કારમાંથી ઊતરીને પગથિયા ચડતો જોઈ, લેડી ડૉક્ટર અને નર્સો તેનુ સ્વાગત કરવા એકદમ બહાર દોડી આવ્યા લેડી ડૉક્ટર ઇલેક્ટ્રાર્બન પર આરોગ્ય-પ્રધાનની દૃષ્ટિ પડતા જ આખનાં ભવા એકદમ ઊંચા ચડી ગયા કરડાકીથી એ બોલ્યા 'જુઓ સાહેબો! અમારો દેશ હવે સ્વતંત્ર થયો છે. એટલે બ્રહ્મદેશમા આવેલી બધી પરદેશી સંસ્થાઓનુ અમે રાષ્ટ્રીયકરણ કરવા માડ્યુ છે તે મુજબ આ હૉસ્પિટલનુ પણ રાષ્ટ્રીયકરણ કરીને તમારી જગ્યાએ અમારા બર્મી લોકોની નિમણૂક કરવાનો અમે વિચાર કર્યો છે તે મુજબ આજથી એક અઠવાડિયા બાદ તમારે બધાએ તમારો સર-સામાન લઈ, તમારા દેશ ચાલી જવાનું છે તૈયારી કરવા માટે તમને આઠ દિવસનો સમય આપવામા આવે છે' એમ કહી આરોગ્યપ્રધાન એકદમ ત્યાથી ચાલતો થયો. ફ્રેન્ચ મિશનરી સ્ત્રીઓ આશ્ચર્યમા તેને જતો જોઈ રહી!

આરોગ્યપ્રધાન ત્યાથી સીધો ઑફિસમાં ગયો. અને તેના ખાતાના સેક્રેટરી ડૉ. હુડાવને આ બધી વાત કરી. ડૉ. હુડાવ બ્રહ્મદેશનો પ્રખ્યાત ડૉક્ટર હતો. શરૂઆતમા બધી નવી વ્યવસ્થા ગોઠવવાની હોવાથી ડૉ હુડાવ જેવા બાહોશ ડૉક્ટરનું જ્ઞાન કામ લાગશે એમ વિચારી આરોગ્યપ્રધાને તેને આરોગ્યખાતું સંભાળવા વિનતિ કરી હતી.

ચોડેકે ડૉ લુડાવે તેનુ દવાખાનું બંધ કર્યું અને સેક્રેટરી તરીકે જોડાયો હતો.

આરોગ્યપ્રધાને રાષ્ટ્રીયકરણને નામે ફ્રેન્ચ મિશનરી પાસેથી રક્તપિત્તિયા હોસ્પિટલનો ચાર્જ લઈ લેવા ડૉ લુડાવને સલાહ આપી ત્યારે તેને ઘણું આશ્ચર્ય થયુ. એમ ન કરવા આરોગ્યપ્રધાનને સમજાવતા એણે કહ્યું 'આ બધી બાહોશ સેવા-ભાવી નર્સો અને લેડી ડૉક્ટરને તમના દેશ મોકલી દઈને તમે શું ધાર્યું છે ? એ હોસ્પિટલ પછી કોણ ચલાવશે ? આ ભયંકર રોગના નિષ્ણાત ડૉક્ટરો આપણી પાસે નથી અંદર સારવાર લઈ રહેલા દર્દીઓનું શું થશે ?'

'તેનુ થઈ રહેશે બીજી કોઈ વ્યવસ્થા કરીશું પરંતુ ગમે તેમ કરીને આ પરદેશીઓને તો આ દેશમાંથી કાઢવા જ રહ્યા !' આરોગ્ય-પ્રધાને કહ્યું.

'પણ આ લોકો તો નિસ્વાર્થભાવે સેવા કરી રહ્યા છે વળી રાજકારણમા બિલકુલ ભાગ લેતા નથી આવા નિરુપદ્રવી માણસો દેશમા રહે તેમા શો વાંધો છે ?'


'ના, રાષ્ટ્રીયકરણ એટલે રાષ્ટ્રીયકરણ ! દરેક પરદેશીઓને બ્રહ્મદેશ છોડીને અહીં થી ચાલી જવું જોઈએ '

એ સાભળી ડૉ લુડાવને ઘણુ આશ્ચર્ય થયું, કારણ કે જે પરદેશી સસ્થા દેશીઓનુ લોહી ચૂસીને પૈસા એકઠા કરતી હોય અને તે બધુ ધન દેશભેગુ કરતી હોય એવી સસ્થાઓનુ રાષ્ટ્રીયકરણ સમજી શકાય. પર તુ હોસ્પિટલમા તો ઊલટો ફ્રેન્ચ મિશનરીને ખ[illegible] કરવો પડે છે

પર તુ [illegible] ની પાછળની હકીકત [illegible] જુદી જ હતી આરોગ્ય-પ્રધાન ફ્રેન્ચ મિશનરીઓ પર આ રીતે તેનુ અંગત જૂનુ વેર લઈ રહ્યો હતો એની સેક્રેટરીને ખબર ન હતી. અઢાર વરસ પહેલા આ આરોગ્યપ્રધાન પો–ગિ આ હોસ્પિટલમા હિસાબી કારકુન હતો એક વાર એણે પૈસાનો ગોટાળો કર્યો હતો અને લેડી ડૉક્ટર ઇ'ગ્લેન્ટાઇને તેનુ અપમાન કરીને હોસ્પિટલમાથી કાઢી મૂક્યો હતો

ત્યાર પછી તે બીજી જગ્યાએ નોકરીએ રહ્યો અને ધીરે ધીરે રાજકીય પક્ષના જોડાયો. આમ ધીરે ધીરે આગળ વધતાં બ્રહ્મદેશને સ્વતંત્રતા મળી ત્યારે તે નસીબ જોગે બ્રહ્મદેશનો આરોગ્ય-પ્રધાન બની ગયો ! લેડી ડૉક્ટરે તેને કાઢી મૂક્યો હતો તે ભૂલી શક્યો ન હતો એ જૂનુ વેર વાળવાના ઇરાદામાત્રથી આખા બ્રહ્મદેશમા ખ્યાતિ પામેલી રક્તપિત્તિયાની હોસ્પિટલની પરદેશી નર્સોને રાષ્ટ્રીયકરણના ઓઠા હેઠળ તેમને દેશ મોકલી દેવાનુ તદ્દન અવિચારી પગલુ ભરી રહ્યો હતો

'હાથનાં કર્યા.....'



હરિભાઈ દેસાઈ

આરોગ્ય-પ્રધાને એ હોસ્પિટલનો ચાર્જ સંભાળી લેવા ઘણા ડૉક્ટરો અને નર્સોને વિનંતી કરી જોઈ. પરંતુ એ ચેપી રોગની હોસ્પિટલનો ચાર્જ લેવા કોઈ

તૈયાર ન થયું. એટલે ફ્રેન્ચ મિશનરીઓને આઠ દિવસની જે મહેતલ આપી હતી તે પૂરી થઈ ગઈ ત્યારે નાસીપાસ થઈને તે એકલો જ હૉસ્પિટલનો ચાર્જ લેવા ગયો ! તેને એકલો જ આવેલો જોઈ લેડી ડૉક્ટર બોલી ઊઠી 'તમારા હુકમથી અમે તો જવાની તૈયારી કરીને હૉસ્પિટલનો ચાર્જ લેનાર તમારા સ્ટાફની ક્યારની રાહ જોઈને બેઠા છીએ. તમારો સ્ટાફ ક્યા છે ?'

એ સાભળીને આરોગ્ય-પ્રધાનનું મોં પડી ગયું. છતાં હિંમત રાખી બોલ્યો · 'હાલ તુરત તો બીજા ડૉક્ટર અને નર્સો આવ્યા નથી, એટલે આ આખી હૉસ્પિટલનો ચાર્જ હુ પોતે જ લઈશ. પાછળથી બધુ ગોઠવી દઈશ '

'પણ હૉસ્પિટલમા અત્યારે ઘણા દરદીઓ છે. તેમને કેવી જાતની દવા અને કેવી રીતે સારવાર આપવાની છે તેની સૂચના કોઈ ડૉક્ટર કે નર્સ હોત તો અમે એમને આપતા જાતને !'

'તે બધુ પાછળથી થઈ રહેશે બહાર ટ્રકો ઊભી છે તેમા તમારો સામાન મુકાવી દો અને બંદર પર સ્ટીમર ઊભી છે તેમા બેસી જાવ.'

એ સાભળીને લેડી ડૉક્ટરની આખમાં આંસુ આવી ગયા 'પરંતુ આ મારા બધા દરદીઓનુ શુ ? એમની સારવાર કોણ કરશે ? તમારો સ્ટાફ આવે ત્યાં સુધી તો અમને દરદીઓની સારવાર કરવા દો. એ લોકો આવે એટલે તેમને જરૂરી સૂચના આપી અમે ચાલ્યા જઈશું.'

'ના, બધી ગોઠવણ થઈ ચૂકી છે. સ્ટીમરમા તમારા માટે જગ્યા પણ રિઝર્વ કરાવી દીધી છે તમારે જવું જ પડશે !'

આરોગ્ય-પ્રધાનની આ વાત સાભળીને બધી નર્સોની આખમા આસુ આવી ગયા વાતાવરણ ગમગીન થઈ ગયું થોડી વારે મેરીઆ નામની એક નર્સ બોલી 'હા, આટલા વરસ સુધી આપણી સેવાની જરૂર હતી હવે એમને આપણી સેવાની જરૂર નહી હોય, એટલે જ આપણને આપણા દેશ મોકલી દે છે ને ! માટે હવે આપણે આ દેશ છોડીને ચાલી જવું જોઈએ. આપણા દરદીઓને પ્રભુને આશરે છોડીને પણ આપણે અહીંથી જતા રહેવું જોઈએ અરે રે ! સ્વતંત્રતા અને રાષ્ટ્રીયકરણ ! એના નામે કેવું કરુણ નાટક અહીં ભજવાઈ રહ્યું છે !' એમ કહી નર્સ રડી પડી.

તરત જ લેડી ડૉક્ટરે ઇશારત કરી એટલે બધી નર્સો બહાર ટ્રક ઊભી હતી તેમાં તેમનો સામાન ગોઠવવા લાગી. આરોગ્ય-પ્રધાન વીલે મોએ આ બધુ જોઈ રહ્યો. બધો સામાન નર્સોએ ગોઠવી દીધો. એટલે બધા ચુપચુપ ટ્રકમા બેસી ગયા. લેડી ડૉક્ટરે ટ્રક-ડ્રાઈવરને ટ્રક બંદર તરફ હંકારી મૂકવાની સૂચના આપી.

ટ્રક ઊપડી ગઈ,એટલે આરોગ્ય-પ્રધાન હારેલા યોદ્ધાની માફક હૉસ્પિટલમાં ફરીને બધુ તપાસવા લાગ્યો હૉસ્પિટલમા હવે ફક્ત બ્રહ્મદેશના વોર્ડ-બૉય અને પટાવાળા જ રહ્યા હતા તેમને દરદીઓની સંભાળ રાખવા સૂચના આપી, પછી તે સીધો ઑપરેશન થિયેટરમા ગયો. ત્યા રક્તપિત્તથી પીડાતા દરદીઓના હાથ-પગના આંગળા કાપી કાપીને કાચની બરણીની અંદર દવામા રાખેલા હતા તે જોઈને તેના આખા શરીરે કંપારી આવી ગઈ દવાની બાટલીઓ, વાઢ-કાપના સાધનો કબાટમા ગોઠવેલા હતા તે બહાર કાઢીને તે કુતૂહલપૂર્વક જોવા લાગ્યો. એવામા ટેબલ પર પ્રવાહી પદાર્થ ભરેલી કેટલીક બાટલીઓ ગોઠવેલી હતી તેમાની એકને તેના કોટની બાય અડવાથી નીચે પડી ગઈ અને ફૂટી ગઈ એટલે નીચે નમીને તે બાટલીના કાચ એકઠા કરીને ટોપલીમાં નાખવા લાગ્યો આમ કરતા કાચની એક કરચ તેના હાથની આગળીને વાગી ગઈ અને તેમાથી લોહી નીકળવા લાગ્યુ અજાણતાં જ લોહી બંધ કરવાને ઇરાદે તેણે આગળી મોમા નાખી, દાંત વચ્ચે થોડી વાર દબાવી રાખી લોહી નીકળતું બંધ થઈ ગયુ, એટલે ફરી પાછુ તેણે બંધ કબાટમા ગોઠવી દીધુ બધી વોર્ડબૉય અને પટાવાળાને કેટલીક સૂચના આપીને તે થોડીવારે ત્યાથી વિદાય થયો.

ફ્રેન્ચ મિશનરીઓની વિદાય પછી શરૂઆતમાં

તો હોસ્પિટલમાં જે દરદીઓ રોગમુક્ત થઈ ગયા હતા તેમણે વધારે માંદા રોગીઓની સારવાર કરવા માંડી. નર્સો તેમને જે દવા આપતી હતી અને સારવાર કરતી હતી તેનાથી એ દરદીઓ પરિચિત થઈ ગયા હતા. એટલે તેવી જાતની દવાની બાટલીઓ કબાટમાંથી શોધી લાવીને આપવા લાગ્યા. પરંતુ આ રોગના નિષ્ણાત માણસોની હાજરી વગર ધીરે ધીરે એ બધું મુશ્કેલ થઈ ગયું. બ્રહ્મદેશનો કોઈ ડૉક્ટર આ હોસ્પિટલ ચલાવવા તૈયાર ન થયો, એટલે હોસ્પિટલનુ બધું તંત્ર પડી ભાગ્યું. હોસ્પિટલમાં જે ખોરાકનો જથ્થો હતો તે ધીરે ધીરે ખૂટવા લાગ્યો. જ્યાં સુધી અનાજ પહોચ્યું ત્યાં સુધી તો રસોઈયાએ રાધી રાધીને દરદીઓને આપ્યું. પરંતુ જ્યારે અનાજ તદ્દન ખૂટી ગયું ત્યારે રસોઈયાઓ હોસ્પિટલ છોડીને ચાલ્યા ગયા આ રીતે હોસ્પિટલનુ રસોડું બંધ થઈ ગયું,એટલે દરદીઓ પેગોડાના પગથિયા પાસે બીજા ભિખારીઓ ભીખ માગતા હતા તેમની સાથે ભળી ગયા અને ભીખ માગીને તેમનું ગુજરાન કરવા લાગ્યા. આમ દરદીઓ એક–પછી–એક જતા રહ્યા. એટલે બીજા નોકરો પણ હોસ્પિટલ છોડીને જતા રહ્યા ધીરે ધીરે હોસ્પિટલ ઉજ્જડ થઈ ગઈ ! અ દર કબૂતર અને ચકલીઓ માળા બાધવા લાગ્યા. ઠેરઠેર ધૂળના થર પથરાવા લાગ્યા.

આરોગ્ય–પ્રધાન હોસ્પિટલને તદ્દન ભૂલી ગયા હતા એમ તો ન હતું ફ્રેન્ચ મિશનરીઓએ બ્રહ્મદેશનો કિનારો છોડયો ત્યાર પછી હોસ્પિટલની નવી વ્યવસ્થા ગોઠવવા તો તેણે ઘણા ઘણા પ્રયત્નો કર્યા. પર તુ આવા ભયંકર ચેપી રોગના નિષ્ણાત ડૉક્ટરો અને નર્સો તેને ન મળ્યા. વળી સામાન્ય રીતે આવી હોસ્પિટલો ધર્માદા ફંડમાથી ચલાવવામાં આવે છે. એટલે થોડો પગાર લેનાર સેવાભાવી ડૉક્ટરો પણ મળવા મુશ્કેલ હતા. આમ ડૉક્ટરો વગર હોસ્પિટલ ઉજ્જડ થઈ ગઈ અને તે રખડતી ગાયો, બકરાં અને કૂતરાંનું આશ્રયસ્થાન બની ગઈ! વળી હોસ્પિટલમાં દેખરેખ રાખનાર કોઈ રહ્યું નહીં. એટલે જે સારી સારી વસ્તુઓ હતી તે લોકો ચોરી જવા લાગ્યા.

આ બનાવને પાંચ–છ મહિના પસાર થઈ ગયા ત્યારે બ્રહ્મદેશનો પ્રખ્યાત 'દીપક મહોત્સવ' આવ્યો. આ મહોત્સવમા લોકો અસંખ્ય દીવાઓ પ્રગટાવે છે. એ મહોત્સવ દરમ્યાન એક દિવસ આરોગ્ય–પ્રધાન પો–ગિ સચિવાલયથી સાંજે ઘેર આવ્યો. મોટરકારમાંથી ઊતરી તે ઘરમા પ્રવેશતો હતો ત્યારે તેની ચાલ જોઈ એની પત્નીએ પૂછ્યું : 'કેમ, આજે તમને પગમા કંઈ વાગ્યું છે ? સહેજ લંગડાતા હો એમ લાગો છો.'

'હા, બે–ત્રણ દિવસથી આ એક પગ જરા ભારે લાગે છે. શુ થયું છે તેની કાઈ સમજ પડતી નથી. થોડી થોડી વારે પગમાં ખાલી ભરાઈ આવે છે.'

'તો ડૉકટરને બતાવી જુઓ ને'

'હા, મે પણ એવો જ વિચાર કર્યો છે. પણ 'દીપક મહોત્સવ'ના દિવસો પૂરા થાય ત્યાર પછી ડૉકટરને બતાવવાનુ મેં નક્કી કર્યું છે.'

મહોત્સવના દિવસો પુરા થઈ ગયા આરોગ્ય–પ્રધાન પો–ગિના પગનો દુખાવો પહેલાના કરતાં પણ વધી ગયો, અને પગની પાટલીમા પણ બળતરા થવા લાગી એટલે એક દિવસ તેના જ ખાતાના સેક્રેટરી અને બ્રહ્મદેશના બાહોશ ડૉક્ટર લુડાવને તેણે પગના દુખાવાની ફરિયાદ કરી

ડૉ લુડાવે પગ તપાસી [illegible] પર તુ તેને દુખાવાનુ કંઈ કારણ જણાયું નહીં. એટલે વધારે તપાસ કરવાને ઈરાદે આરોગ્ય–પ્રધાનને તેના દવાખાને લઈ ગયો. ત્યાં ડૉ લુડાવે આરોગ્ય–પ્રધાનના પેશાબની અને લોહીની ઝીણવટપૂર્વક તપાસ કરી. ડૉક્ટર તપાસતાં તપાસતા એક વાર તેની આંખનાં ભવાં ચડી ગયા અને તેને કંઈક આશ્ચર્ય થતું હોય એવું તેના મોં પરના ભાવો પરથી લાગતું હતું થોડી વાર તે કંઈક ગંભીર વિચારમાં પડી ગયો. પછી તે એકદમ ઊભો થઈ ગયો અને બીજા રૂમમા ટેલીફોન હતો ત્યાં જઈ તેણે આરોગ્ય–પ્રધાનના બંગલાનો ફોન નંબર જોડયો. પછી આરોગ્ય–પ્રધાનની પત્ની સાથે કંઈક ખાનગી વાતચીત પૂરી કરી એટલે પાછો તે

પો-ગિ પાસે ગયો. ડોક્ટરને જોઈ પો-ગિ બોલી ઊઠ્યા કેમ ડોક્ટર ! પગના દુખાવાનુ કઈ કારણ જણાયુ ? કઈ ચિતાજનક તો નથી ને ?'

'ના, ના ખાસ કંઈ ગભરાવા જેવું નથી તમને શું થયું છે એ વિષે બધી વિગતવાર માહિતી અત્યારે ફોન પર તમારી પત્નીને મે આપી છે'

'એવું તે મને શું થયું છે, કે મારી પત્નીને પ્રથમ જ જણાવવાની તમને ફરજ પડી ?'

'જુઓ, ખાસ કઈ નથી. હજુ કંઈ બગડી નથી ગયું. ગભરાવાની બિલકુલ જરૂર નથી. તપાસ પરથી મને માલૂમ પડ્યુ છે, કે તમારા હાથપગના આગળામા સહેજ રક્તપિત્તની અસર માલૂમ પડે છે હજુ શરૂઆત છે, એટલે કંઈ વાધો '

'પણ મને આ રોગની અસર કેમ થઈ હશે ? ડોક્ટર એ રોગ તો ચેપી કહેવાય. એવા કોઈ રોગીના સપર્કમા તો હુ આવ્યો નથી ' આરોગ્ય-પ્રધાને ફરીને ગળગળા સાદે કહ્યુ.

'ના, કોઈ દર્દીના સપર્કમા આવવાથી જ આ રોગ થાય છે એમ નથી. કોઈક વાર આપણી જાણ બહાર પણ એ રોગના જંતુઓના ભોગ બનવું પડે છે ! તમારે બીવાની બિલકુલ જરૂર નથી હજુ તો શરૂઆત માત્ર છે પૂરતી સભાળ અને યોગ્ય સારવારથી એ મટી જશે.

તરત જ આરોગ્ય-પ્રધાન હાફળોફાફળો તેના બંગલે ગયો. બગલાના બારણા બહારથી બંધ કરેલાં હતાં એ જોઈ તેને જરા નવાઈ લાગી. બંગલાના બગીચામા માળી કામ કરી રહ્યો હતો. તરત જ બારણુ ખોલી તે અંદર દાખલ થયો. અંદર રૂમમાં ટેબલ પર એક ચિઠ્ઠી દબાવીને મૂકેલી હતી તે કુતૂહલથી તેણે ઉઠાવી ચિઠ્ઠી એની પત્નીની હતી.

'ડોક્ટરે ફોન કરીને મને તમારા રોગની બધી હકીકત જણાવી છે. આ રોગ ભયંકર ચેપી કહેવાય છે, એટલે તરત જ રક્તપિત્તિયાની હોસ્પિટલમા દાખલ થઈ જાવ હુ અત્યારે જ મારી માતાને ત્યાં ચાલી જાઉ છુ. કારણ કે જો હુ અહીં રહું તો તમે પણ મારી પાસે જ રહેવાનો આગ્રહ રાખો. ને અહીં રહો તો હોસ્પિટલ જેવી સાર[illegible] ઘેર નહીં થાય વળી તમારી સાથે રહેવાથી મને અને મારા ગર્ભમાં રહેલા બાળકને પણ ચેપ લાગવાની દહેશત રહે છે. તો થોડે થોડે દિવસે મને પત્ર લખીને રોગની હકીકત જણાવતા રહેજો. તમે તદ્દન રોગમુક્ત થઈ જાવ એટલે હું તરત જ ચાલી આવીશ.'

ચિઠ્ઠી વાચી રહ્યા પછી આરોગ્ય-પ્રધાનને ધરતી ગોળ ગોળ ફરતી લાગી અને ધરતી જો માર્ગ આપે તો અદર સમાઈ જવાનું મન થયું.

રાત્રી પડવા આવી હતી. ચંદ્રના પ્રકાશમાં દૂર પેગોડાનો સોનાનો ઘૂમટ પ્રકાશી રહ્યો હતો. પેગોડાને જોઈ તેના મગજમાથી એક નવો જ વિચાર પસાર થઈ ગયો. એ પેગોડામા એક મહાન ત્રિકાળજ્ઞાની અને ચમત્કારી સાધુ રહેતો હતો. લોકવાયકા એવી હતી કે એ સાધુ મંત્રબળે ગમે તેવા ભયંકર રોગને પણ મટાડી દેતો. એના હૃદયમા આશાનો સચાર થયો તેણે પેગોડા તરફ પગ ઉપાડ્યો.

સાધુ બેસતો હતો ત્યા તે ગયો. વ્યાઘ્રચર્મ પર ધ્યાનાવસ્થામા એ બેઠો હતો આરોગ્ય-પ્રધાન પો-ગિ સાધુથી થોડે દૂર ચુપચુપ બેસી ગયો. થોડી વારે સાધુએ આખ ખોલી અને ગંભીર સ્વરે બોલ્યો:

'બેટા ! તું શું કામ અહીં આવ્યો છે તે બધુ મેં ધ્યાનાવસ્થામા જાણી લીધુ છે તું એક ભયકર રોગનો ભોગ બન્યો છે એના ઇલાજ માટે તુ મારી પાસે આવ્યો છે પણ બેટા ! એ રોગને મટાડવાની દવા મારી પાસે નથી એ માટે તારે શું કરવુ જોઈએ તે કહુ. બેટા ! નદીને સામે કિનારે આ રોગની એક હોસ્પિટલ આવેલી છે ત્યા આ ભયકર ગણાતા રોગને જડમૂળથી મટાડવામા આવે છે ઈસુ ખ્રિસ્તનુ પવિત્ર નામ હૈયે રાખીને ફ્રેન્ચ મિશનરી બાઈઓ તદ્દન નિઃસ્વાર્થ ભાવે આ રોગના દર્દીઓની સારવાર કરે છે તારો રોગ પણ એ ભલી બાઈઓ થોડા વખતમા મટાડી દેશે એમા જરાયે શંકા નથી. માટે બેટા ! તું એ હોસ્પિટલમા દાખલ થઈ જા. મારી પાસે એ રોગ મટાડવાની જડીબુટ્ટી નથી '

(એક અગ્રેજી વાર્તા પરથી)

ગુરુદૃષ્ટિ !

ગુરુનું નામ આત્મબોધ. તેમની ધ્યાનશિબિરમાં વિદ્યાર્થીઓ રહીને વિદ્યાભ્યાસ કરે. સાથે સાથે જીવનનું સામાન્ય જ્ઞાન પ્રાપ્ત કરે. એ શિબિરમાંથી એક વાર એક વિદ્યાર્થી ચોરી કરતા પકડાઈ ગયો. બીજા વિદ્યાર્થીઓએ તેની ફરિયાદ કરી. ગુરુજીએ કહ્યું : 'હું એ બાબતમાં ઘટતું કરીશ.'

ત્યારબાદ ફરીથી એ જ વિદ્યાર્થી ચોરી કરતા પકડાયો અને ત્યાર બાદ બીજી એક વાર પણ પકડાયો. ત્યારે વિદ્યાર્થીઓ એવી વાત લઈને આવ્યા કે : 'એ વિદ્યાર્થીને શિબિરમાંથી દૂર કરો !'

ગુરુજીએ કહ્યું : 'એ વિષે પણ હું વિચાર કરીશ.'

પણ જોતજોતામાં મામલો છેક પર પહોંચી ગયો. વિદ્યાર્થીઓ એટલી હદ સુધી આગળ વધી ગયા કે તેમણે ગુરુજીને કહી જ દીધું : 'જો એને દૂર નહિ કરો તો અમે જ દૂર થઈ જઈશું.'

જ્યારે છેવટનો જવાબ આપવાનો હતો ત્યારે ગુરુજીએ કહી દીધું : 'ભાઈઓ, હું મારી રીતે તેનો ઉપાય કરી જ રહ્યો છું. આ વાત મારા ધ્યાનમાં જ છે. તે છતાં તમે જવા ધારો તો જઈ શકો છો.'

ગુરુજીની આવી વાત સાંભળી વિદ્યાર્થીઓ આશ્ચર્ય પામ્યા.


એક વિદ્યાર્થીએ શાંતિથી પૂછ્યું : 'ગુરુજી, જે ચોર છે એને તમે દૂર કરવા માગતા નથી અને અમને બધાને તમે દૂર કરી દેવા માગો છો ?'

ગુરુજીએ કહ્યું : 'હા, તેનું કારણ એ છે કે, ભાઈઓ, તમે બધા સમજુ છો અને ઉચિત-અનુચિતનો ભેદ સમજવા લાગ્યા છો. તમે તો કોઈ પણ જગાએ જઈને ધ્યાન કેન્દ્રિત કરી શકો છો.' જે છોકરો ઉચિત જગાએ રહીને પણ અનુચિત વાતો કરતો રહે છે તેની તો બીજી જગાએ શી દશા થશે ? જો હું ગુરુ થઈને પણ તેને સીધે રસ્તે ન લાવી શકું અને અહીંથી કાઢી મૂકું તો પછી દુનિયામાં બીજું એને આ વાત કેવી રીતે શિખવાડવાનું છે ! માટે તમે ભલે જાવ. હું એને તો મારી રીતે યોગ્ય માર્ગ ઉપર લાવીને જ વિદાય કરીશ.'

ગુરુજીની વાત સાંભળી બીજા વિદ્યાર્થીઓ થોભી ગયા. પણ પેલો ચોર વિદ્યાર્થી પણ તરત જ ગુરુજીને પગે પડ્યો અને કહેવા લાગ્યો : 'હવે કદી ચોરી નહિ કરું.'

એની એ પ્રતિજ્ઞાએ શિબિરમાં ફરીથી શાંતિ સ્થાપી દીધી.

પંચામૃત



હરીશ નાયક

વાઘો બદલ્યાં

જવાનાં [illegible] !

ઈંગ્લૅન્ડના એક વિદ્વાન [illegible] ભારે જ્ઞાની અને વિદ્વાન [illegible] સુધીની કક્ષાએ પહોંચી ગયેલા અભ્યાસુ પણ ભારે. દરેક વાતનો સારાખોટાનો વિચાર તટસ્થતાથી કરી શકે. પણ તે છતાં તેમના સંસારનો વિવાદ તેઓ દૂર કરી શકતા ન હતા. તેમની હવે તો ઉંમર પણ સારી એવી થઈ હતી પણ તે છતાં એ ઉંમરેય ગુસ્સાને કાબૂમાં રાખવાનું સામર્થ્ય આવ્યું ન હતું.

બહાર તો લોકો સાથે હસી-ખુશીથી [illegible], પણ ઘરમાં પત્ની સાથે ઝઘડો થાય.

આપણા વિખ્યાત નવલકથાકાર શ્રી [illegible] દેસાઈને તેમને ઘેર જવાનું [illegible] જતાંની સાથે જ તેમણે પૂછ્યું : 'સુખમાં છો ને ?'

'અરે, [illegible]' [illegible] સાહિત્યકારનીએ સ્વાગત કરતાં કહ્યું. '[illegible]

તો આજકાલમાં આવે તેવી શક્યતા નથી. બહાર-ગામ ગયા છે. પણ તું આવ્યો છે તો એમને વિશે મારે એક-બે વાત કરવી છે.'

રમણલાલે કહ્યું : 'ખુશીથી કહો,બા. મારું એવું ભાગ્ય ક્યાંથી કે મને તમારી વાતો સાંભળવા મળે !'

પણ બાએ જે વાત કહી તે ફરિયાદની જ હતી તેમણે કહી દીધું કે, 'આ તારા સાહેબનો સ્વભાવ આ ઉંમરે પણ હજુ એવો ને એવો જ નાદાન છે. આખી દુનિયા સાથે સારા, પણ મારી સાથે વાત-વાતમા લડી પડવાની તેમની ટેવ હજુ જતી નથી કોણ જાણે, એમની સાથે કેવી રીતે વર્તવું એ જ મને તો સમજાતું નથી. હુ જે કંઈ કહુ તેમાં ગુસ્સે થઈ જશે અને મારી સાથે લડી પડ્યા વગર રહેશે નહિ. હવે તો તું જ કંઈ બે શબ્દ કહે તો સારું.'

રમણભાઈએ બધી જ વાતો ધ્યાનથી સાંભળી. તેમની પાસે સમય ન હતો, છતાં તેમણે અંગ્રેજીમા એક ચિઠ્ઠી લખી. એ ચિઠ્ઠી ફૂલદાની નીચે દબાવી, વિદાય લીધી.

જ્યારે સાહેબ ઘેર પાછા આવ્યા ત્યારે ચિઠ્ઠી-માનુ પેલુ અંગ્રેજી વાક્ય વાચ્યું :

'There is nothing in this world worth quarreling.'

('આ દુનિયામાં લડવા જેવું કંઈ છે જ નહિ ')

રમણલાલના અક્ષર સાહેબ ઓળખતા હતા. પોતાની ગેરહાજરીમાં રમણલાલ અહીં આવી ગયા છે અને પોતાના કુસંપભર્યા સંસાર વિષે ઘરમા વાટાઘાટો પણ થઈ ગઈ છે, એ વાત જાણી ગયા.

પણ પેલું વાક્ય તેમના મનમાથી ખસતું ન હતું. આમેય ચિંતન-મનના અભ્યાસી તો હતા જ. એટલે ફરીફરીને તેઓ એ વાક્ય ઉપર વિચાર કરવા લાગ્યા.

કેટલીક વાર આચારનો મેળ વિચાર સાથે ખાતો નથી એટલે વિચારમાં શાંતિ હોવા છતા આચારમાં ગુસ્સે થઈ જવાય છે સાક્ષર પણ વૈચા-રિક-શાંતિ ધરાવતા હતા. છતા આચારમા પત્ની સાથે ગુસ્સે થઈ જ જતા પણ બીજી જ ઘડીએ તેમને રમણલાલનુ વાક્ય યાદ આવતું : 'આ દુનિયામાં લડવા જેવું કંઈ છે જ નહિ'

એ વાક્ય યાદ આવતા જ ક્રોધ શાંત થઈ જતો અને ફરી પાછા સદ્ભાવપૂર્વક વર્તવા લાગતા. પાછળથી તો એ વાક્ય તેમનો પીછો જ કરવા લાગ્યું. જાણે તેમની ચોકી કરતું હોય એ રીતે એ વાક્ય તેમની માનસિક સૃષ્ટિ પર સવાર જ રહેતું. અને જ્યારે જ્યારે ગુસ્સે થવાનો પ્રસંગ ઉપસ્થિત થતો ત્યારે ત્યારે તરત જ પેલું વાક્ય સામુ આવીને ઊભું રહેતું 'આ દુનિયામા લડવા જેવું કંઈ છે જ નહિ.' બીજી જ ઘડીએ આક્રમક સ્વભાવ શાંત થઈ જતો.

આગળ ઉપર તો એ વાક્ય એમની હૈયાતખ્તી પર કંડારાઈ ગયું અને તેનું પરિણામ શુભ આવ્યું.

એટલા એક જ વાક્યે એ વયોવૃદ્ધ વિવેચકનું જીવન જ બદલી નાખ્યું તેમણે ધન્યવાદ આપતો પત્ર પણ રમણલાલને લખ્યો કે, 'આ દુનિયામા લડવા જેવું કંઈ છે જ નહિ, એ વાત સમજાવવા બદલ આભાર આટલી ઉંમરે એ વાત હવે હું દૃઢ-પણે સમજી શક્યો છુ મારા સંસારમા હવે પૂર્ણ શાંતિ સ્થપાઈ ગઈ છે. કોઈક વાર એ વાતની ખાતરી કરવા પણ મારી ગેરહાજરીમા ઘરની મુલાકાત લઈ જજે.'

વિવેચકશ્રી પાછળથી ખૂબ જ શાંત, સ્વસ્થ અને ખુશખુશાલ રહેવા લાગ્યા. તેમનુ તો આ ઉંમરે જીવન જ નવું બની ગયુ.

નાનાઓ પણ મોટાઓને ક્યારેક જ્ઞાન આપી જતા હોય છે !'

નુકસાન કે નફો ?

રાહુલ સાંકૃત્યાયન હિન્દીના જાણીતા લેખક. ઘણા જ મોટા પર્યટક અને સાધુમાથી સંસારી બનનાર એક મોટા અનુભવી.

તેમની પત્ની કમલાદેવી પાસે એક યાદગાર ઘડિયાળ હતી કમલાદેવી એ ખૂબ જ સાચવીને રાખતા. તે છતા સાચવેલી વસ્તુ પણ ક્યારેક ખોવાઈ જાય છે. અને ત્યારે વધારે અફસોસ થાય છે.

કમલાદેવી દિવસો સુધી એ ઘડિયાળને યાદ

કરી કરીને 'હાય હાય' કરતાં રહ્યાં. ત્યારે એક દિવસ રાહુલજીએ કહી દીધું: 'જે વસ્તુની કોઈ કિંમત જ ન હતી એના જવાનો આટલો રંજ શા માટે કરે છે?'

પત્નીએ નારાજ થઈને કહ્યું: 'કિંમત ન હતી એમ કેમ કહો છો? તે પૂરી સો રૂપિયાની હતી અને સતત ત્રણ વર્ષથી મારી પાસે હતી.'

પતિએ કહ્યું: 'કોઈ ચીજ તમે ખરીદી લો એટલે જ તેની કિંમત અડધી થઈ જાય છે. ઘડિયાળ સોમાથી પચાસની તો એ જ વખતે થઈ ગઈ. ઘડિયાળ જ્યારે ખરીદી ત્યારે ઘડિયાળીએ એક વર્ષની ગેરંટી આપી હતી એક વર્ષ બરાબર ચાલ્યા બાદ બાકીના પચાસ રૂપિયા પણ વસૂલ થઈ ગયા. એટલે ત્યાર બાદ બે વર્ષ ઘડિયાળ વધારે ચાલી એ તો નફો જ કહેવાય. બધુ જોતાં તને નફામા ખોટ ગઈ છે, મુદ્દલમાં નહિ. પછી હવે નાહક અફસોસ શેની કરે છે?'

આવી તર્કપૂર્ણ દલીલનો પત્ની શો જવાબ આપે?

જ્ઞાનનો પ્રકાશ

એક રાજાએ પોતાના પુત્રને આશ્રમમાં ભણવા મોકલતાં કહ્યું. 'કુમાર, આશ્રમના એ ગુરુજન પાસે જ અમે બધા ભણ્યા છીએ. ખૂબ જ ઉમદા ગુરુ છે. એમની પાસે ભણીને તું ય હોશિયાર થઈશ.'

રાજકુમાર આશ્રમમાં પહોંચ્યો ત્યારે ગુરુજીએ કહ્યું 'તારે શકિતશાળી થવું છે કે વીર થવું છે?'

કુમાર મૂંઝાયો તેણે કહ્યું 'એ બેનો તફાવત હું કંઈ સમજ્યો નહિ, ગુરુદેવ!'

ગુરુજી કહે 'તારે જો શકિતશાળી બનવું હશે તો હું તને ઘોડેસવારી, તીરંદાજી ને તલવારબાજી શિખવાડીશ. ને વીર બનવું હોય તો તારે વિનમ્ર, સહનશીલ અને અહિંસક બનવું પડશે.'

કુમાર આ વાતમા ઝાઝો તફાવત સમજતો ન હતો. તેણે વીરત્વ વિશે ઘણુ સાંભળ્યું હતું તે કહે 'મને વીર બનાવો, ગુરુદેવ!'

બસ, ગુરુદેવે તો કુમારના પાઠો શરૂ કરી દીધા મોટે ભાગે જે કોઈ આવતું તે બધાંની સેવા કરવાનું કામ કુમારને જ સોંપવામાં આવતું.

કુમારને આથી ઘણું ખોટું લાગતું ને મનમાં વિચારતો, કે, 'હું આવડો મોટો રાજકુમાર, અને મારે બધાની સેવા જ કરવાની! એમા શીખવાનું શું છે? એનાના કેટલાય માણસો તો એટલા સામાન્ય છે, કે ઉંમર સિવાય ભાગ્યે જ એમને બીજું મહત્ત્વ આપી શકાય.'

આથી રાજકુમાર એક દિવસ નારાજ થઈને પિતા પાસે જઈ કહેવા લાગ્યો: 'ગુરુજી, મને વીરત્વનું શિક્ષણ આપે છે. પણ તેમા આખો વખત બધા સાથે માયા–પ્રીતિ રાખવાનું કહે છે અને મારી પાસે બધાની સેવા કરાવ્યા કરે છે. એમા વળી વીરત્વ ક્યા આવ્યું?'

રાજાએ એક કિંમતી હાર આપીને પુત્રને કહ્યું: 'આ હાર તું તારા ગુરુજીને ભેટ આપજે'

કુમાર આથી વળી વધુ આશ્ચર્ય પામ્યો તેને થયું કે 'પિતા પાસે ફરિયાદ કરવા આવ્યો તો પિતાએ પણ ફરિયાદ સાંભળી નહિ. ઉપરથી ગુરુજીનું બહુમાન કરી, ઇનામ આપ્યું'

કુમાર એ હાર લઈ ગુરુજી પાસે ગયો કંઈ પણ બોલ્યા વિના ગુરુજીને એ હાર અર્પણ કર્યો.

ત્યારબાદ વનસ્પતિઓના [illegible] માટે ગુરુ-ચેલા જંગલમા ગયા ત્યાં સંશોધનમા મોડું થઈ ગયુ સાંજના અંધારા ઊતરી આવ્યા ત્યારે ગુરુજી બોલી ઊઠ્યા 'અરે, આ હારમાનો એક મણિ આટલામા જ પડી ગયો લાગે છે'

કુમાર પણ એટલી જગામા મણિ [illegible] ન [illegible]. ત્યા સંજોગવશાત ચળકતા પથ્થરના [illegible] [illegible]ઓ હતા. કુમારે પોતાના ફેંટાને ફેલાવીને [illegible] જ ચળકતા પથ્થરો તેમાં બાંધવા [illegible] નાના-મોટા કંઈ કેટલીય જાતના પથ્થરો હતા!

ગુરુજીએ પૂછ્યું 'મારે તો એક જ મણિની જરૂર હતી તું આટલા બધા પથ્થર [illegible] કરે છે?'

રાજકુમાર [illegible] [illegible]

મણિ છે એ તારવવું મુશ્કેલ છે એટલે હુ આ બધા જ પથ્થરો પ્રકાશમા લઈ જઈશ અને તેમાથી તારવીને આપણો મણિ કયો તેની શોધ કરીશ.'

ગુરુજીએ કહ્યુ 'ભાઈ, આજે તને તારા એક સવાલનો જવાબ મળી ગયો છે તુ બધા જ માનવીઓ સાથે પ્રીતિ સબધ રાખતા અચકાય છે. તને એમા નાનમ દેખાય છે પણ જ્યા સુધી આપણે જ્ઞાનના પ્રકાશમા જઈ જોઈએ નહિ ત્યા સુધી આપણને કેવી રીતે ખબર પડે કે સામા માનવીનું મૂલ્ય કેટલુ કિમતી છે! વીરતાનો અર્થ સહનશીલતા અને યોગ્ય તારવણી છે. સામાની કદર કરવી એમા પણ ખરુ જ્ઞાન રહેલુ છે જેમ તુ સેકડો ખોટા પથ્થરોનુ અવલોકન કરશે ત્યારે જ તને તેમાથી સાચો મણિ પ્રાપ્ત થશે, એ જ રીતે તારે નાના-મોટા, [illegible] નીઓનો [illegible] છે એ સેવાના [illegible] મણિ જેવા કોઈક સાચો માનવી આવી શકશે આપણે જ ત્યારે [illegible] હોઈ [illegible] કહી શકીએ [illegible] છે [illegible] અરે! [illegible] તેને [illegible] રીતે [illegible] વીર બની શકાતુ [illegible] પ્રાપ્ત થતી નથી!'

[illegible] એક [illegible]

[illegible] મિત્ર હમેશા એક જ લોન્ડ્રીમા કપડાં ધોવા માટે આપે [illegible] હવે તો લોન્ડ્રીઓ ઘણી આગળ વધી ગઈ છે ને નવી નવી એટલી લોન્ડ્રીઓ નીકળી છે કે કોઈક જો આવી જૂની અને એકની એક લોન્ડ્રીને વળગી રહેવાનો આગ્રહ રાખે તો જરૂર નવાઈ જ લાગે

મેં એક વાર તો કુતૂહલ ખાતર પૂછ્યું પણ ખરું : 'અરે ભાઈ! આજે આનાથીય શાનદાર લોન્ડ્રીઓ ઊઘડેલી છે. તેઓ આજનાં વસ્ત્ર કાલે જ આપી દે છે અને તમની ધોલાઈ પણ ...'

મિત્રે કહ્યું : હું આ જ લોન્ડ્રીમા કપડાં આપું છુ તેનું એક કારણ છે પ્રસંગ બહુ જ નાનકડો છે.'

એમ કહી તેણે વાત કહી .

એક વાર તે એ ધોબીને ત્યા કપડાં આપવા ગયો ત્યારે એક પુસ્તક ત્યા ભૂલી આવ્યો

એ મિત્રને ચાલતા ચાલતા વાચવાની આદત છે અને પુસ્તક હાથમા હોય છે ત્યારે ચાલવાનો તે નવો જ આનદ માણી શકે છે ઉપરથી તેનો સમય પણ કોઈ સારા એવા કામમા પસાર થતો હોય એવુ તેને લાગે છે

તે છતા જ્યારે એ પુસ્તક લઈને તે લોન્ડ્રીમાં પહોચ્યો ત્યારે ત્યા જ તેને કોઈક પરિચિત વ્યક્તિની મુલાકાત થઈ ગઈ. વાતોમા અને વાતોમા બન્ને ત્યાથી બહાર નીકળી ગયા. પેલું પુસ્તક ત્યા જ રહ્યું.

મેં મિત્રને પૂછ્યું 'પછી શુ? એ પુસ્તક પાછુ મળ્યું?'


અરે, શું વાત કરું, દોસ્ત!' મિત્રે કહ્યુ : પુસ્તક તો પાછુ મળ્યુ જ પણ એવી સરસ તે પાછુ મળ્યુ કે [illegible] થઈ ગયો જૂના એવા એ પુસ્તકને જૂના વસ્ત્રની જેમ જ ઠીકઠાક કરવામા આવ્યું હતુ ઉપર ઇસ્ત્રી કરી દેવામ આવી હોય તે રીતે નવુનકોર પૂઠુ પણ ચડાવી દેવામા આવ્યુ હતું હું જ્યારે કપડા લેવા ગયો ત્યારે [illegible] નવા થઈ ગયેલાં કપડાની સાથે જ નવું થઈ ગયેલુ એ પુસ્તક પણ મને મળી ગયું.'

વાતનુ સમાપન કરતા મિત્ર કહે 'હવે જે લોન્ડ્રી આપણી ભુલાઈ ગયેલી ચીજ–વસ્તુની પણ આટલી કાળજી લેતી હોય એ લોન્ડ્રી કપડાની તો કેવીય કાળજી લેતી હશે, એ વાત સમજી શકાય તેવી છે બસ, ત્યારથી હું તો મારા કપડા એ જ લોન્ડ્રીમા આપું છું દુનિયા ભલે વિકસે, પણ આટલી આત્મીયતા મળવી દુર્લભ છે.'

પ્રસંગ ઘણો નાનો સરખો છે,છતા જીવનની એક મોટી વાત શિખવાડી જાય છે ગ્રાહકની આવી ઝીણવટભરી કાળજી પર જ વેપાર નભતો હોય છે ને!

સંસ્કારની સુવાસ

શાસ્ત્રી હરિકેશવદાસ



રસ્તામાં પડેલો અણઘડ પથ્થર માણસને આકર્ષી શકતો નથી, પણ એ જ પથ્થર કુશળ કારીગરના હાથે સુસંસ્કાર પામ્યા પછી એને જોવા માટે હજારો માણસો હજારો માઈલ દૂરથી આવે છે. સંસ્કાર સર્વોત્તમ ઘડતર છે.

સંસ્કાર સિવાયનું માણસનું જીવન અને પશુનું જીવન લગભગ સરખું છે. સેવા, સાદાઈ, સંયમ, સત્સંગ, પરોપકાર જેવા સંસ્કારો વડે માણસનું જીવન અત્યંત શોભી ઊઠે છે. એવો સદ્‌ગુણી માણસ દેવ સમાન બને છે. પ્રભુનો પ્યારો બની શકે છે.

સહજાનંદ સ્વામી પોતાના ગઢપુર (કાઠિયાવાડ)-ના રોકાણ દરમ્યાન દાદા ખાચર નામના એક કાઠી ભાઈને ત્યાં જ ઊતરતા. ક્યારેક તો એમની પ્રશંસા પણ ખૂબ કરતા. આ વાત જીવા ખાચર નામના એક કાઠીને જરા ખૂચતી, કે પ્રભુના સત્કાર્યમાં અમારા બધાનો સહકાર હોવા છતાં એકલા દાદા ખાચરની જ પ્રશંસા શા માટે? અને એક વખત તક જોઈને એ વાત પ્રભુને પૂછી.

સ્વામીએ કહ્યું : 'આનો જવાબ પછી આપીશું.'

ધોમધખતા ઉનાળાના બે મહિના વીતી ગયા. ચોમાસું બેસી ગયું. સૌરાષ્ટ્રની પથરાળ ધરતી પર મૂશળધાર વરસાદ વરસી ગયો. નદીનાળાં પ્રવૃત્તિમય બની ગયાં. ધરતી રસબસ બની ગઈ. ગઢડાની ભાગોળે વહેતી ઘેલા નદી બન્ને કાંઠે હિલોળા દેતી હતી.

એ વખતે સહજાનંદ સ્વામી સાથે દાદા ખાચર, જીવા ખાચર ને બીજા પંદરથી વીસ જણા નદીના કાંઠે આવીને બેઠા હતા. ઝરમર વરસાદ વરસતો હતો. ધસમસતાં નદીનીર જોઈને ગાઢ ખુશી અનુભવી રહ્યા હતા. સ્વામીના મનમાં ત્યાં કંઈક અસંતોષ એકદમ પ્રવેશ્યો. નદીકિનારાથી થોડે દૂર એક વટેમાર્ગુ હેરાનપરેશાન થઈ રહ્યો હતો. એમનું ધ્યાન ત્યાં હતું. પેલો વટેમાર્ગુ ભૂખ્યો હોય તેમ દેખાતું હતું. તે રસોઈ કરવા માટે અગ્નિ સળગાવતો હતો. પણ લાકડાં ભીનાં હતાં. વરસાદ ચાલુ હોવાથી અગ્નિ સળગતો ન હતો.

પેલા વટેમાર્ગુની મુશ્કેલી જોઈ એકદમ ઉતાવળથી સહજાનંદ સ્વામીએ જીવા ખાચરને કહ્યું, 'જુઓ પેલો માણસ કેવો હેરાન થાય છે! એવા પ્રવાસીઓના આશ્રય માટે અહીં એક ધર્મશાળા બંધાવો.'

જીવા ખાચરે તરત જ ઉત્તર આપ્યો કે, 'મહારાજ, એવા તો કેટલાય આવે છે. એવા બધાને માટે કેટલી ધર્મશાળાઓ બાંધવી!'

સ્વામીએ તરત જ દાદા ખાચરને એ વાત કરી.


દાદા ખાચરે કહ્યું : 'મહારાજ, આપની આજ્ઞા શિરોમાન્ય છે. એ પ્રવાસીને મારે ઘેર લઈ જાઉં. ચોમાસા પૂરતા બે ઓરડા ખાલી કરી આપું. બીજા કોઈ પ્રવાસીઓ પણ એમાં ઊતરી શકશે. ચોમાસું પૂરું થયે આપ કહેશો તેવી ધર્મશાળા બંધાવીશ.'

સહજાનંદ સ્વામીએ જીવા ખાચરને કહ્યું : 'અમે દાદા ખાચરનાં વખાણ કરીએ છીએ એનું કારણ આટલું જ છે. તમારા અને એમના જવાબમાં કેટલો તફાવત છે! એકમાં તુચ્છકાર છે, બીજામાં સંપૂર્ણ આજ્ઞાપાલન છે. દુખિયાં પ્રત્યેની ઊંડી સહાનુભૂતિ છે. દાદા ખાચર એમને પ્રિય છે તેનું કારણ પણ આ જ છે.' ▣

ડોસો

ઇન્દ્રા ધી. ચીનીવાલા

તે દિવસે શનિવાર હતો. જાન્યુઆરીની શરૂઆત હતી. કાઠિયાવાડનું ગામડું હોવાથી ઠંડી સારા પ્રમાણમાં હતી. સવારના લગભગ નવનો સુમાર હતો. રાતની કંપાવતી ઠંડી પછી આવેલો પ્રભાતનો કૂણો તડકો ઘણો પ્રિય લાગતો હતો. હોસ્પિટલના મારા બંગલામાં વરંડામાં બેસીને હું હોસ્પિટલના કેટલાક જરૂરી કાગળો તપાસી રહ્યો હતો. ત્યાં તો અચાનક મારા નામની બૂમો પાડતો મેલાંઘેલા વસ્ત્રોવાળો ભિખારી જેવો ડોસો બંગલા પાસે આવીને ઊભો. ડોસાને જોઈને એમ જ લાગે કે પાગલખાનામાંથી કોઈ પાગલ નાસી આવ્યો ન હોય! ચહેરા પર એટલી કરુણા હતી, ગરીબાઈ હતી, કે એને જોઈને જ દયા આવી ગઈ.



મેં કહ્યું : 'હા, હું જ ડૉક્ટર મહેશ. બોલો, શું કામ છે?'

'ડૉક્ટર સા'બ, મારો રામુ કશું બોલતો નથી. ખાતો નથી પીતો નથી. એને સાજો કરી આપશોને? આખો મુલક કહે છે કે તમારા હાથમાં જશરેખા છે. તમે મડદાં પણ બેઠાં કરી જાણો છો. મારો એકનો એક રામુ! મારા ઘડપણની લાકડી! મેં ગામના વૈદ પાસે ઘણાં ઓસડ કરાવ્યાં પણ કંઈ જ ફેર ના થયો. ગામવાળાએ તમારું નામ દીધું, કે મહેશભાઈ પાંહે તેડી જા બીજું બચાવી નહીં શકે તારા રામુને બાર ગાઉથી રામુને તેડીને લઈ આવ્યો છું. તમે જ મારા ગરીબના બેલી છો, ડૉક્ટર સા'બ.'

મેં એને આશ્વાસન આપતાં કહ્યું : 'મારાથી બનતા બધા જ પ્રયાસો કરીશ. તમે પ્રભુ પર શ્રદ્ધા રાખો!'

'ડૉક્ટર સાબ, મારાં ઘર અને ખેતર વેચીને પણ તમારા પૈસા આલી દઈશ. રામુને બચાવજો.'

મેં વધુ આશ્વાસન આપતા સમજાવ્યો કે પૈસાનો કોઈ સવાલ ન હતો. મારે ઘણા ધનિક દરદીઓ હતા. પ્રભુકૃપાથી પૈસાની ખોટ ન હતી!

હોસ્પિટલના કમ્પાઉન્ડમાં પીપળાના ઝાડ નીચે રામુ સૂતો હતો. અર્ધ બેહોશીમા એ પડયો હતો. એને ટી. બી. થઈ ગયો હતો. મને આ રીતે, આવા ભિખારી જેવા ડોસા સાથે આ રીતે આવેલો જોઈ મદદનીશ ડૉક્ટર અને બે–ત્રણ નર્સો પણ બહાર દોડી આવ્યાં. આ હોસ્પિટલની વ્યવસ્થા મુજબ હું અગિયાર વાગે બધાને કન્સલ્ટિંગ રૂમમાં તપાસતો. અત્યારે તો હજી દસ વાગ્યા હતા.

મેં રામુને જોયો તો મુખમાંથી એક ધીમી ચીસ નીકળી ગઈ! નર્સો પણ ધ્રૂજી ઊઠી. રામુ જાણે જીવતું હાડપિંજર હતું. મને લાગ્યું કે આ ડોસો ભૂલથી અહીંયાં આવી ચડ્યો છે. આ છોકરાને સ્મશાને જ લઈ જવો જોઈતો હતો. ડોસાને મારે શું કહેવું એ જ મને સમજાયું નહીં.

ડોસો મારા પગ પકડી અશ્રુભરી આંખોથી મને

જાણે ઘણું ઘણું કહી રહ્યો : 'મારા રામુને બચાવજો.'

પણ હું લાચાર હતો. રામુ પર હવે કોઈ જ દવા અસર કરી શકે એમ ન હતી. અરે, ઇજેકશન આપી શકાય એટલું માંસ પણ ક્યાં હતું રામુના શરીરમાં ! મારા મદદનીશ ડૉક્ટરે ઇંગ્લીશમાં કહ્યું, કે 'હોપલેસ કેસ છે ! હૉસ્પિટલમાં રાખીને શું કરી શકીશું આપણે ? આટલી હદ સુધી દરદ વધી જાય પછી અહીં લઈ આવે ત્યારે શું થઈ શકે !

મારો પોતાનો પણ આ જ અભિપ્રાય હતો. પણ ડોસાની દયામણી મુખમુદ્રા જોઈ દયા આવી જતી. મેં મારા મદદનીશ ડૉક્ટર સુધાકરને સૂચના આપી, રામુને હૉસ્પિટલના પાછળના ભાગમાં ખાલી રૂમ હતી ત્યાં સગવડ કરી રાખી લેવા જણાવ્યું. મારો આ નિર્ણય એને ગમ્યો તો નો'તો જ, પણ લાચારીથી એને મારું સૂચન સ્વીકારવું પડયું.

મારી પત્ની સ્નેહલતાને મેં આ વિષે વાત કરી ત્યારે એ પણ ખૂબ જ દુખી થઈ. મારાથી બનતા બધા જ પ્રયાસો કરી રામુને બચાવી લેવા એણે મને ખૂબ આગ્રહપૂર્વક જણાવ્યું.

સ્નેહલતા ખૂબ પ્રેમાળ અને સુશીલ હતી. હું એને ખૂબ ચાહતો, છતાં એ ઘણી સારી રીતે સમજતી કે એના કરતા મને મારા દરદીઓ પર વધુ પ્યાર હતો. સાત વર્ષના અમારાં પરિણીત જીવનમાં હું હૉસ્પિટલમાં જ ખોવાયેલો રહેતો. આવા જીવન વિશે એણે કદી ફરિયાદ કરી નો'તી. મને એ સર્વ રીતે અનુકૂળ બનવા પ્રયત્ન કરતી. એ બી. એ. થઈ હતી. ગામની હાઈસ્કૂલમા તે પ્રિન્સિપાલ હતી એ રીતે એ પોતાના કાર્યમા ખોવાયેલી રહેતી. અમારી ચાર વર્ષની સંધ્યા પણ બધુ સમજતી હોય એમ હુ કામમા હોઉં ત્યારે મૌન રાખતી ઘણી વાર સંધ્યા હૉસ્પિટલમાં દરદીઓ પાસે પણ પહોંચી જતી. સ્નેહલતા પણ દર્દીઓને ઘણું આશ્વાસન આપતી

રામુને હૉસ્પિટલમાં આવ્યે પંદર દિવસ થઈ ગયા હતા. આ દરમિયાન એની હાલતમા કશો જ ફેર પડયો ન હતો. એ તદ્દન જ બેહોશ રહેતો હતો દવાઓ કે ઇંજેક્શનોની કશી જ અસર થતી નહીં.

[illegible] કશી જ અસર નહીં થાય છતાં ડોસાના સંતોષ ખાતર દવા આપ્યા કરતો

આ પંદર દિવસોમાં ડોસો દિવસમા વીસેક વાર મારી પાસે આવતો. રામુને તપાસી નવી દવા આપવા વીનવતો. રાતના બે વાગે, ત્રણ વાગે, ગમે તે સમયે, 'તમે જરા જોઈ જાવને ડૉક્ટર સાબ !' એમ કહી ઊભો રહેતો અને એના આત્મસંતોષ માટે હુ જઈ આવતો, અને સામાન્ય ગોળી કે એવી કોઈ દવા આપી આવતો. મારે જવાથી નર્સોને પણ આવવું પડતું. એમનો અણગમો હુ સ્પષ્ટ રીતે જોઈ શકતો હતો.

ડોસો હવે ઘણી વાર સ્નેહલતા પાસે પણ આવતો. લતા અને સંધ્યા તો હવે ડોસાને 'દાદા'ના પ્રેમાળ નામથી સંબોધતા હતાં. સંધ્યાને આ દાદા સાથે ખૂબ ફાવતું ડોસો ઘડી – બે – ઘડી સંધ્યાને રમાડતો. પણ એનો જીવ તો રામુમા જ રહેતો

દિવસો પર દિવસો વીતતા જતા હતા. રામુ માટે હુ કશું જ કરી શકતો નો'તો. કેવળ પરમાત્મા જ રામુને બચાવી શકે એમ હતું. અમારે ઘણી વાર આ રીતે ઘણા કેસો પરમાત્માને સોંપવા પડતા.

એ દયાળુ પરમાત્માને પણ આ ડોસાની દયા ન આવી, અને રામુ આ દુનિયા છોડી એક કાળી રાતે ચાલી નીકળ્યો

અને જગતમા મેં ક્યાંય નો'તો સાંભળ્યો એવો કરુણ, દર્દીલો સ્વર ડોસાનો સંભળાયો : 'ડૉક્ટર સાબ, મારો રામુ ચાલ્યો ગયો '

એ વેળા એને આશ્વાસન આપવા મને શબ્દો પણ જડયા નહીં.

બે દિવસ [illegible]

[illegible] ન જાય '

ત્રીજે સવારે [illegible]

[illegible]

કવિની ખુમારી

સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ ડૉ રાજેન્દ્રપ્રસાદ અલ્હાબાદ પધાર્યાં હતા 'અહી સુધી આવ્યો છુ તો મહાકવિ નિરાલાજીને પણ મળવા બોલાવું,' એમ વિચારી રાજેન્દ્રપ્રસાદે પોતાના મુખ્ય મંત્રીને કાર લઈને નિરાલાજીને ત્યા મોકલ્યો તેણે જઈને નિરાલાજીને કહ્યુ 'રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ આપને મળવા આતુર છે. કાર પણ મોકલી છે ચાલો

નિરાલાજી તો ઘડીભર તેમના મુખ્ય મંત્રી સામુ જોઈ રહ્યા. પછી કહ્યુ 'તેઓ રાષ્ટ્રપતિ છે તો હું મહાકવિ છુ જો તેઓ રાજેન્દ્રપ્રસાદ હોય તો અહી વિના સંકોચે આવી શકે છે હુ ખુશીથી મળીશ. જો તેઓ રાષ્ટ્રપતિની હેસિયતથી મને બોલાવતા હોય તો મારે રાષ્ટ્રપતિની સાથે કાંઈ જ લેવા-દેવા નથી'

અને નિરાલાજીને લીધા વિના મુખ્ય મંત્રીને પાછા ફરવું પડયુ.

ઘણી તપાસ કરી. ડોસાને ગામ મણિપુર પણ તપાસ કરાવી. પણ ડોસો ત્યા ગયો નો તો. આ રીતે આઘાતમાં એ જતો રહ્યો, એટલે લતા ખૂબ દુ:ખી થઈ. અને ઘણી વાર એની તપાસ કરી એને સર્વ રીતે સહાય કરવા કહેતી. પણ એનો કશો પત્તો નો'તો. બિચારાનું શું થયું હશે એ વિચારે અમે ખૂબ ચિંતિત રહેતાં.

રામુના મૃત્યુને બરાબર ત્રણ મહિના થયા હતા. પહેલી વાર રામુને લઈને આવ્યો હતો એ જ સમયે ડોસો મારી પાસે આવ્યો. મને સત્તાવીસ હજાર રૂપિયાની થેલી આપતાં ડોસાએ ઢીલા સૂરે કહ્યું, 'ડૉક્ટર સાબ, મારા રામુના નામથી ઇસ્પિતાલ બંધાવી આપો આ પૈસામાંથી. મારું ઘર ને ખેતર વેચી દીધાં છે! મારા રામુ જેવા અનેક લોકો માટે આ ધરમનુ કામ થશે મારા રામુની આતરડી ઠરશે.'

મેં અચંબો પામતા કહ્યુ 'કાકા, તમે ઘર અને ખેતર વેચી નાખ્યા તો હવે કયા રહેશો? શુ ખાશો? એમ કરો, તમારા માટે રૂ. પાચ હજાર રહેવા દો, બાકીનામાથી રામુના નામથી રૂમો બંધાવીશું હોસ્પિટલમા!'

રડતા રડતા ડોસાએ કહ્યુ: 'સાબ, હવે મારે કોના માટે આ બધુ રાખવું? હવે મારે કેટલુ જીવવું છે? આ બધા જ પૈસાની ઇસ્પિતાલ બંધાવી આપો.'

મે ઘણુ સમજાવ્યો, પણ ડોસો એકનો બે ન થયો છેવટે રામુના નામની રૂમો હોસ્પિટલમા બાધવાનુ નક્કી થયું.

મને પૈસા આપીને ડોસો તો જવા લાગ્યો.

મેં કહ્યુ: 'કાકા, તમે અહીંયા રહો તમારી હાજરીમા જ બધુ થાય.'

ડોસો કહે: 'તમારી પર મને પૂરો ભરોસો છે. મારુ તમે ફૂટી નહીં જાવ. મને જવા દો!'

'કયા જશો, દાદા?' સ્નેહલતાએ ચિંતિત સ્વરે પૂછ્યુ.

'જયા ભગવાન લઈ જાય એ ઠેકાણે જાવું!' એમ કહી ડોસો જવા લાગ્યો.

હોસ્પિટલના દરવાજા બહાર એ પગ મૂકતો હતો ત્યા જ લતાએ મારી સંમતિ લીધા વગર જ બૂમ મારી: 'દાદા, હવે અહીંયા જ રહેજો અમારી સાથે અમારી સંધ્યાને રમાડજો, કોઈ વાતે તમે ઓછું લાવશો નહીં. તમારું ઘર સમજીને જ રહો.'


લતાએ મારી સામે સંમતિ માંગતી નજરે જોયું! મેં હા પાડી દીધી. આ રીતે ડોસો અમારા ઘરનું માણસ બની ગયો. લતા ઘણું ના પાડતી, છતાં ડોસો બેસી રહેતો નહીં. ઘરનાં નાનાંમોટાં અનેક કામો લતાને કરી આપતો.

હોસ્પિટલમાં રૂમો તૈયાર થઈ ગયા પછી ડોસો એ રૂમોના દરદીઓમાં રામુને જોતો. એ એમની સેવા કરતો. એ રીતે રામુની યાદને જીવંત રાખી, પોતાનું આયખું પૂરું કરી રહ્યો હતો. ◻

એોકલાહોમા જેલમાં મોતની સજા પામેલો એક કેદી ફાંસીખોલીમાં જતા જેલના વિશાળ ઘુમ્મટ તળેથી નીચી નજરે પસાર થઈ રહ્યો છે. અચાનક એ થોભી જાય છે. માથું ઊંચું કરીને ઊંચા ઘુમ્મટને જુએ છે ને એક મોટા ચિત્ર પર તેની નજર ઠરે છે.

કેટલીયે પળો સુધી એ ચિત્રનું દર્શન કરે છે. બેડીમાં જકડાયેલા બન્ને હાથ ઊંચા કરે છે અને છાતી પર ક્રોસની નિશાની કરી, નીચી નજરે પાછો એ કાળ–કોટડી તરફ ડગ ભરવા માડે છે.

પ્રાયશ્ચિત્તનાં પ્રતીક



[illegible]

અગાઉ મોતની સજા પામેલા અન્ય કેદીઓની જેમ આ કેદી પણ જોસેફ, મેરી અને બાળ ક્રાઇસ્ટના ચિત્રનુ આખરી વાર દર્શન કરે છે.

એક જેલ માટે આ ચિત્ર જો કે 'વિચિત્ર' કહેવાય, પણ જેલવાસીઓએ એનો ગારવપૂર્વક સ્વીકાર કર્યો છે, કારણ કે એમના માહાલા જ એક જન્મટીપની સજા પામેલા કોનાર્ડ માસ નામના કેદીએ સર્જેલુ આ ચિત્ર છે. ભયાનક ખૂન માટે દોષિત ઠરેલા આ કેદીએ સાડત્રીસ વર્ષના કારાવાસ દરમ્યાન પચાસ કરતાં વધુ ચિત્રો સર્જ્યાં હતાં.

કોનાર્ડ માસ વિચિત્ર આદમી હતો. ખૂની તરીકેનું લાંછન એના લલાટે લાગેલુ હતું, છતાં સ્વભાવે એ શીજો હતો. જર્મનીના બર્લિનમા એનો જન્મ થયેલો. નાનપણથી કલા પ્રત્યે રસ જાગેલો. પણ એનો [illegible] અભ્યાસ ક્યારેય કરેલો નહિ.

શાળામા [illegible] પૂરો કરી [illegible] અમેરિકા જઈ વસેલો અને દરિયા તરીકે [illegible] માંડેલી. પોતે અંગ્રેજી બરાબર બોલી શકતો નહિ, એટલે એના મિત્રો પણ ઘણા ઓછા હતા. કામ પર હોય ત્યારે બીજાઓથી દૂર એકાંતમાં એકલો બેસી જમે. એની ઊંડી આસ્માની આંખો [illegible] ચિંતનમાં [illegible] રહેતી. રાત્રે ઘણી વાર એ [illegible] હાલતમા એકલો રસ્તા પર આંટા માર્યા કરતો.

આખરમાં માસે લગ્ન કર્યાં અને ખાટકી તરીકે ધંધો શરૂ કર્યો. પણ લગ્નજીવન શરૂઆતથી જ કલેશ–કંકાસભર્યું બની ગયું. ધાર્મિક માન્યતાઓ અંગે પતિ–પત્ની વચ્ચેનો કલહ એટલો બધો વધી જવા લાગ્યો, કે એક દિવસ માસે રોષમાં ને રોષમાં પત્નીનું ખૂન કરી નાખ્યું. શબનો નિકાલ કરવા માટે જે માર્ગ લીધો તે અતિ ભયાનક હતો. વહેલી સવારના અંધકારમાં શબને એ પોતાની દુકાને લઈ ગયો. પ્રભાત થતા સુધીમા શબને ઠેકાણે પાડવાના કાર્યમા ઝનૂનપૂર્વક લાગી ગયો.

બે દિવસ થયા [illegible] માસની પત્નીની [illegible] ની બધાને [illegible] થઈ ગઈ. પૂછપરછ [illegible] કરી અને નાણાની [illegible] ના કારણે માસ બરાબર ખુલાસો કરી શક્યો નહિ. તે પત્નીના અચાનક [illegible] કોઈ બહાનુ શોધી શક્યો નહિ.

પોલીસે ઊંડા ઊતરીને [illegible] પત્નીનું એને ખૂન કર્યું છે [illegible] [illegible] શબને કેવી રીતે [illegible] [illegible] [illegible]

કર્યો. દુકાનમા તપાસ કરતાં હાડકાં મળી આવ્યાં. માસે પ્રાણીઓના માસ ભેગું શબનુ માસ પણ વેચવાનો પ્રયત્ન કરેલો !

લોકોએ આ વાત જાણી ત્યારે હાહાકાર મચી ગયો. ૧૮૯૯માં તેત્રાસ વર્ષની વયે કોનાર્ડ માસને ખૂનના ગુનાસર જન્મટીપની સજા થઈ ૧૭૭૦ નંબરના કેદી તરીકે એણે કારાવાસ વેઠવા માંડયો.

થોડા સમય બાદ માસને જેલના મકાનો રંગવાનું કામ સોપવામાં આવ્યું. એક દિવસ ચોરીછૂપીથી એક મોટી પીછી પોતાની કોટડીમાં એ લઈ આવ્યો. એમાથી એણે ત્રણ નાની પીછીઓ બનાવી. અને ભંગારમા ફેંકી દીધેલા બારીના પતરાના વાછોટિયા પર પહેલુ ચિત્ર દોર્યું. રાતના છાનોમાનો કામ કરે, અને જેલના ચોરી લાવેલા રંગોથી જુદા જુદા પ્રયોગો કરે.

માસનુ પહેલુ જ ચિત્ર એટલુ બધુ સુંદર હતું કે જ્યારે એ પકડાયું ત્યારે વોર્ડને માસને બોલાવીને બારીક પૂછપરછ કરી :

'આ ચિત્ર તેં તારી કોટડીમા દોર્યું '

'હા.' માસે ભય પામીને કબૂલ કર્યું.

'રગ કયાથી લાવ્યો ? જેલના સ્ટોરમાંથી લાવ્યો હતો ?'

માસે હકારમાં માથું ધુણાવ્યું.

'અને પીંછીઓ ?'

માસે હાથે બનાવેલી પીંછીઓ બતાવી. વોર્ડનને ભારે આશ્ચર્ય થયું.

સજા કરવાને બદલે માસને રાત્રે ચીતરવાની પરવાનગી આપી. માસે પોતાનુ પ્રથમ ચિત્ર એક કેદીને પાચ ડોલરમા વેચ્યું, અને એ પૈસાથી એણે રંગ, નવી પીછીઓ અને અસલ કેન્વાસ ખરીદ્યા. પ્રયોગો માટે પાટિયાના ટુકડાઓ વાપરતો અને જ્યારે ચિત્ર એના મગજમા બરાબર આકાર લેતું ત્યારે જ એ કેન્વાસ પર ઉતારતો.

એક કલાકાર તરીકે જેમ જેમ એની નામના ફેલાતી ગઈ તેમ તેમ સારી રકમ આપીને એનાં ચિત્રો ખરીદવાની માગ પણ વધતી ગઈ. પણ માસને ચિત્રોમાથી કમાણી કરવાનો રસ ન હતો.

કેદીઓ, પહેરગીરો, જેલના સત્તાવાળાઓ ને જેલની મુલાકાતે આવનાર વ્યકિતઓને એ ચિત્રો વેચતો, પણ ફકત પાચ ડોલર લઈને. એક પાઈ પણ વધારે નહિ.

પણ માસ મોટા ભાગનાં પોતાનાં ચિત્રો દેવળોને ભેટ આપી દેતો. પોતાની ટલીક ઉત્તમ કૃતિઓ એણે જેલને ભેટ આપેલી. સત્તાવાળાઓએ મઢાવીને ડાઈનીંગ હોલમાં એ બધી ટાગેલી

માસે કલાનુ આપમેળે શિક્ષણ લીધેલુ, છતાં એની કલાનો અભ્યાસ કરવા માટે જેલમા આવતા કલાના વિદ્યાર્થીઓને એ સલાહ અને દોરવણી પણ આપતો.

માસની કલાનો વિકાસ જેલમા થયેલો. એક રીતે એ કલાની સાધના દ્વારા પોતાના પાપનુ પ્રાયશ્ચિત્ત કરી રહ્યો હતો આ સ્થિતિમા જ્યારે એને પેરોલ પર ! રવાની વાત થઈ ત્યારે એણે જેલ છોડવાની સાફ ના પાડી દીધેલ.-વોર્ડને જ્યારે એને સમજાવવા માડયા ત્યારે એ અખંડ મૌન જાળવીને બેસી રહ્યો.

કદાચ પેરોલની દરખાસ્ત માસ બરાબર સમજ્યો નહિ હોય એમ માનીને વોર્ડને ફરીથી વિગતવાર દરખાસ્ત સમજાવવા માડી. પણ માસે ફરીથી જેલ છોડવાની ના પાડતા અધૂરા ચિત્ર તરફ આગળી ચીંધી કહ્યુ . 'બહાર નીકળી હુ કદી ચીતરી શકીશ નહિ મારા માટે કલા જીવનનું સર્વસ્વ બન્યું છે.'

માસ એમ માનતો કે કલા દ્વારા એ દુનિયાને કાંઈક પાછુ વાળી રહ્યો છે. પોતે જે પાપ કર્યું છે એનુ કાંઈક પ્રાયશ્ચિત્ત કરી રહ્યો છે. કેદીઓએ જ્યારે આ વાત જાણી ત્યારે માસ પ્રત્યેના માનમા ઓર વધારો થયો. સૌ એની અદબ જાળવતા

માસને પેરોલ પર છોડવા માટે ખુદ ગવર્નર તરફથી બીજી વાર કહેણ આવ્યું .. પણ બીજી વાર એણે ના પાડી દીધી, અને ત્રીજી વખત પણ એણે જેલ બહાર જવાનો ઇનકાર કર્યો. ⊡

માસ હવે વૃદ્ધ વયે પહોચી ગયો હતો. એણે પોતાનું સમગ્ર ધ્યાન 'વધસ્થંભ'ના ચિત્ર પર અને

અન્ય ધાર્મિક ચિત્રો પર કેંદ્રિત કર્યું. આ પછી એણે જેલના ઘુમ્મટની ઊંચી છત માટે ચાર ભીંત-ચિત્રો તૈયાર કર્યાં. આ ચાર ચિત્રોમાં જોસેફ, મેરી અને બાળ ક્રાઈસ્ટ મિસરમા ભાગી છૂટે છે એ પ્રસંગનું દૃશ્ય, 'ધ ફર્સ્ટ થેંક્સ ગીવીંગ,' નેપોલિયન એટ વોટર્લૂ' અને 'કલ્ચર' ચિત્રોનો સમાવેશ થાય છે. 'કલ્ચર' ચિત્રમાં એક અમેરિકન ઇન્ડિયનને મૂળાક્ષરોનો અભ્યાસ કરતો દર્શાવવામાં આવ્યો છે.

આ ચિત્રો તૈયાર કર્યા પછી જેલના કેદીઓ માસને પૂજ્યભાવની નજરે જોવા લાગેલા. માસ હંમેશાં એકાંતમાં ચિંતનમાં ગરકાવ રહેતો.

એક વાર પ્રમુખ હાર્ડિંગે મોતની સજા પામેલા એક કેદીને માફી આપી. પ્રમુખ હાર્ડિંગ સબંધમાં માસ કાંઈ જાણતો ન હતો, સિવાય કે એમણે એક કેદીને માફી આપી છે. માસે હાર્ડિંગને અંજલિ અર્પવા એમનું એક ચિત્ર દોર્યું. આભારની લાગણી વ્યક્ત કરવાની માસની આ રીત હતી.

તા. ૫ મી એપ્રિલ ૧૯૩૬ના રોજ એ બીમાર પડ્યા. એને હૉસ્પિટલમા લઈ જવામાં આવ્યો. હવે એનો અંતકાળ નજીક હતો. જેલના કેદીઓ એના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી રહ્યા હતા. માસે મૃત્યુ સમયે પણ એકે શબ્દ નહીં ઉચ્ચારેલો. જેવી રીતે એ મૌન સેવીને એકલો એકાતમા જીવ્યો એ રીતે મૌન સેવીને મૃત્યુને પણ ભેટયો અવસાન સમયે એની ઉંમર ૭૦ વર્ષની હતી.

માસનાં સગાંસંબંધીઓને ગોતવા માટે દફન-ક્રિયા રોકી રાખવામા આવેલી. પણ ૬૭૭૦ નંબરના આ કેદીનો ભૂતકાળ પછી રહસ્યમય રહેલો. આખરે માસના શબ માટે જ્યારે કોઈએ દાવો ન કર્યો ત્યારે જેલના કબ્રસ્તાનમાં એની દફનક્રિયા કરવામાં આવી.

માસના અવસાન બાદ કેટલાક સમય પછી જેલના ડાયનિંગ હૉલની પુનર્રચના કરવામાં આવતા માસનાં ચિત્રો દૂર કરવામાં આવેલા. આ પછી આ ચિત્રો ક્યાંક અદૃશ્ય થઈ ગયા. કેટલાક ચિત્રો છુટકારા સમયે કેદીઓ પોતાની સાથે લઈ ગયેલા. કેટલાંક ચિત્રો જેલના ભોંયરામા પડી રહેલા. આજે ગુમ થયેલા આ બધાં ચિત્રો ક્યા છે એની કોઈને માહિતી નથી પણ કલાકાર માસનાં ચાર ઉત્તમ ચિત્રો હજુ આજે પણ જેલના ઘુમ્મટમાં ટાંગેલા છે.

જેલના કેદીઓ કલાકાર માસની કરુણ કહાણીને આજે પણ જીવંત રાખી રહ્યા છે અને ઘણુ ઘણુ ચાર જેલમાથી છૂટવાની ઓફરનો અસ્વીકાર કર્યાની વાત જાણીને આશ્ચર્ય પામે છે.

....પણ સાચી વાત એ હતી કે માસે એક કેદી તરીકે મરવાનું એટલા માટે પસંદ કર્યું કે જેલમા રહીને કેદીઓ માટે ધાર્મિક ચિત્રો દોરી શકે અને એ રીતે પોતે કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત કરી શકે

દી., બલા ચેમ્બર, લાલાજીરોડ
રમણલાલ એલ પટેલ
૬/૧૬૨૨, ગુંદીગેરી, લાલદરવાજા
રમેશ દામોદરભાઈ દેસાઈ
૮-૧૯૯૫, સેતાનફળિયા, ગોપીપુરા
હરિકાન્ત આર દલાલ
૧૨/૯૫, રાણીતળાવ, મેઈનરોડ
રાજાભાઈ મોતીભાઈ પટેલ
પટેલવાડી નં-૧, લાલદરવાજા [illegible]
સુરત વિઠ્ઠલદાસ પરષોત્તમદાસ પટેલ
૧૮, [illegible], લાલદરવાજા [illegible]
[illegible] ભગવાનદાસ નવચારવાળા,
[illegible], હેડ પોસ્ટ ઓફિસ
હસમુખલાલ [illegible] રાવલ
[illegible], વાડી ફળિયા,
હીરાલાલ ના. દેસાઈ, મોતી શેરી, ગલેમંડી
સુરત [illegible] નેહાલાલ [illegible]
સુરેન્દ્રનગર પ્રભુદાસ સોમાભાઈ પટેલ
સેવાલિયા ગોવિંદલાલ મં, બારસાર
,, [illegible] ગુપ્તા, સીમેન્ટ[illegible]

સોજપુર બોઘા નલિનીબેન દાવી,
ઠે ડૉ શશીકાન્ત દાવી એ-૨૨-૨૫૪
કૃષ્ણનગર હાઉ સોસાયટી
સોખડા ભાઈલાલભાઈ ન[illegible]ભાઈ પટેલ
સોજિત્રા ચ[illegible]કાન્ત તળશીભાઈ પટેલ
સોજિત્રા [illegible]
સોનગઢ બનુભાઈ ગોહિલ [illegible]
હનુમાનભાગડા [illegible]ભાઈ [illegible]ભાઈ
હળવદ [illegible]
હારીજ [illegible]
હાલોલ ચ[illegible]કાન્ત [illegible] પરીખ
હાલોલ [illegible] પટેલ
" [illegible]
[illegible]
[illegible]
હૈદ્રાબાદ [illegible]
૪-૨-૨૫૩, [illegible],
હૈદ્રાબાદ પી. [illegible]
૨-૨-૧૧, [illegible]
હૈદ્રાબાદ [illegible]

૪-૪-૭૫, [illegible]
[illegible]

પરદેશના [illegible]
[illegible]

માદળિયું



'અઝીઝ' ટંકારવી

પંદરમી ઓગસ્ટ હોવાથી, વેળાસર ચા-નાસ્તાને ન્યાય આપી, હું શાળાએ પહોંચ્યો. અગાઉથી ઘડી કાઢેલ આયોજન મુજબ ધ્વજવંદન, પ્રાસંગિક પ્રવચન વગેરે વિધિ પૂરી થઈ, એટલે ગ્રામ-પંચાયત તરફથી આપવામાં આવેલ જલેબી બાળકોને વહેંચવામાં આવી. જલેબી લઈને બાળકો હારબંધ શાળાનું કમ્પાઉન્ડ છોડી બહાર જતાં હતાં તે જ વખતે એક દાઢીવાળા ચાચા નાનાં બાળકોને એક-એક માદળિયું અને મીઠાઈ વહેંચતા હતા તે મેં જોયા. એટલે મેં મારા મિત્ર કિરીટનું ધ્યાન એ તરફ ખેંચ્યું.

'એનો લાંબો ઇતિહાસ છે. તમે અહીં નવા જ આવ્યા છો, એટલે તમને શું ખબર પડે! ચાલો, આપણે નિરાંતે બેસીને વાત કરીએ.' કિરીટે કહ્યું.

અમે એક ઓરડામાં જઈ બેઠા. 'હા, કહો હવે.' મેં જિજ્ઞાસા બતાવતાં કહ્યું.

'એ વાતને તો આજે આઠ વરસ વીતી ગયાં. એ આમદચાચાને ખૂબ જ સ્વરૂપવાન હાજરા નામની ઓરત હતી. આમદચાચા પરણ્યા ત્યારે ખાધેપીધે ખૂબ જ સુખી હતા. પરંતુ ખરાબ મિત્રોની સોબતે જુગાર તેમજ દારૂની લતે ચઢી ગયા. એક દિવસ એવો પણ આવ્યો કે, એમને ખાવાનાં પણ સાંસાં પડવા લાગ્યા. હાજરા લોકોનાં વાસીદા-પાણી કરી કુટુંબનું ભરણપોષણ કરવા લાગી. આવી કપરી પરિસ્થિતિમાં પણ ચાચાની કુટેવો ન છૂટી. હાજરાને મારી-ફોસલાવી, બધી ઘરવખરી વેચવા લાગ્યા.

ઘર પાયમાલ થઈ ગયું. હાજરાનું શરીર દિવસે દિવસે સુકાવા લાગ્યું. પરદેશ રહેતો હાજરાનો ભાઈ કદીક થોડીઘણી રકમ મોકલતો તે પણ ચાચા મારી-ઝૂડીને લઈ લેતા.

પંદરમી ઓગસ્ટનો દિવસ હતો. આવી જ એક વહેલી સવારે હું ધ્વજવિધિનો કાર્યક્રમ પૂરો કરી ઘેર ગયો ત્યારે મેં જે સમાચાર સાંભળ્યા તેનાથી આજે મારું હૈયું દ્રવી ઊઠે છે. જુગાર તેમજ દારૂને માટે એણે હાજરા પાસે નાના બાળકના ગળામાં પહેરેલું સોનાનું માદળિયું માંગ્યું. હાજરાએ કુટુંબની એક છેલ્લી નિશાની આપવાની ના પાડી. આમદે મારવાની ધમકી આપી. હાજરા આવા બનાવોથી ટેવાઈ ગઈ હતી. એટલે એણે સૂતેલા બાળકના ગળામાંથી માદળિયું કાઢી લઈ લીધું. આમદે એક ઘણો જ ક્રૂર રસ્તો અપનાવ્યો. એણે બે-વરસના માસૂમ બાળકના ગળા પર બંને હાથના પંજા મૂક્યા અને કહ્યું: 'આપી દે! નહિ તો આનું ગળું દૂંપી દઈશ.'

'તમારે મને મારી નાખવી હોય તો મારી નાખો, પરંતુ એને ન મારશો. હું નહિ આપું એ માદળિયું.'

ને બસ, થોડી જ ક્ષણોમાં ન બનવાનું બની ગયું. આમદના ક્રૂર હાથોએ એક માસૂમ બાળકનું ગળું રહેંસી નાખ્યું. હાજરા બેહોશ થઈ ગઈ. આમદે માદળિયું લઈ લીધું. હાજરા હોશમાં આવતાં જ ગાંડી થઈ ગઈ. એ ભાગી ગઈ. ત્યારબાદ ચારેક વર્ષ પર જ સમાચાર મળ્યા કે તે એના દૂરના કોઈ સગાને ત્યાં મરી ગઈ. આમદને દસ વર્ષની સખ્ત કેદની સજા થઈ. આમદના મન ચક્ષુ સમક્ષ એ જ બનાવ આળોટ્યા કરતો. એનું મન એ પાપનું પ્રાયશ્ચિત્ત કરવા ખૂબ ઝૂરતું. મુક્ત થયા પછી એણે આ રીતે પ્રાયશ્ચિત્તનો રસ્તો અપનાવ્યો છે.'

પહેલો રાષ્ટ્ર, પછી સ્વહિત

કાંતિશંકર પંડ્યા

એશિયાનાં સ્વતંત્ર રાષ્ટ્રોમાં જાપાન અનોખી ભાત પાડનાર દેશ છે. ત્યાંની પ્રજા પોતાના ગૌરવ કરતાં પણ રાષ્ટ્રના ગૌરવને જીવનમાં મુખ્ય સ્થાન આપે છે એની પ્રતીતિ કરાવતું જ્વલંત દૃષ્ટાંત અહીં આપું છું.

વર્ષો પહેલાં ભારતની વહાણવટાની એક નામી પેઢીએ પોતાના માટે એક વ્યાપારી વહાણ બાંધી આપવાના જાપાનની કોઈ એક વિખ્યાત પેઢી સાથે કોલકરાર કર્યા હતા. આ કરારની રૂએ એમ ઠરાવવામાં આવ્યું હતું કે જાપાનની પેઢીએ મુકરર તારીખે હિન્દની પેઢીને વહાણ બનાવી તૈયાર કરી આપવું.

સંજોગવશાત જાપાનની જે પેઢીએ આ કાર્ય હાથ પર લીધું હતું, એ પેઢીના માલિકો ને કામદારો વચ્ચે સંઘર્ષ થતા કામદારો હડતાલ પર ઊતર્યા. ધાર્યા કરતા હડતાલ વધુ લંબાઈ. આથી પેઢીના માલિકો વધુ મૂંઝવણમાં મુકાઈ ગયા.

હિન્દની પેઢીને વહાણ તૈયાર કરીને સોંપવાનો દિવસ નજીક આવતો હતો, વળી જો મુકરર તારીખે વહાણ તૈયાર કરી ન શકે તો પોતાના દેશની પ્રતિષ્ઠા વિદેશોમાં હલકી પડવાનો પણ પૂરતો સંભવ હતો. આથી ભારતમાંથી વહાણ માટેના ઓર્ડરો પણ દેશની અને પેઢીની પ્રતિષ્ઠા ઘટતાં રદ થવાનો પૂરતો સંભવ હતો.

ખૂબ મનોમંથન બાદ પેઢીના માલિકે હડતાલ પર ઊતરેલ કારખાનાના તમામ કારીગરોને એકત્ર કરી, પોતાની મનોવ્યથા ખુલ્લા દિલે સમજાવતાં કહ્યું : 'જો આ કરાર આપણે પૂરો નહિ કરી શકીએ તો રાષ્ટ્રની આબરૂને પણ ઠીક હાનિ પહોંચશે.' આ વાત તેણે ભારપૂર્વક સૌના મનમાં ઠસાવી દીધી.

જે દેશની પ્રજામાં આટલું ખમીર હોય ત્યાં નિરાશાને સ્થાન હોય ખરું ? અને સૌના આશ્ચર્ય વચ્ચે તે પેઢીના તમામ કારીગરોએ સર્વાનુમતે નિર્ણય કરી, માલિકોને જણાવ્યું કે, તે પોતાની વ્યક્તિગત મુશ્કેલીઓનો અનાદર કરીને પણ, હડતાલ ચાલુ રાખવાની શરતે, માત્ર ભારતની પેઢી માટે જે વહાણ તૈયાર કરી આપવાનું હતું તેટલું જ કાર્ય પોતાના હાથ ઉપર લઈ, તે કાર્યનું કશું પણ મહેનતાણું લીધા સિવાય નિયત તારીખે વહાણ તૈયાર કરી આપ્યું.

આ ઉદાહરણ એ વાતની સ્પષ્ટ પ્રતીતિ આપી જાય છે, કે દેશદાઝ એ જાપાનીઓની પોતાની ચીજ છે.

આ ખમીરવંતી પ્રજા [illegible] વેદનાઓ વેઠી આજના મહાન [illegible] પદે પ્રતિષ્ઠિત થઈ છે. માત્ર [illegible] દુનિયાના મહાન રાષ્ટ્રોમાં [illegible] અગ્ર સ્થાન પ્રાપ્ત કરી [illegible] [illegible] ★

૫૦ કે વધુ ગ્રા૦ કરનાર સેવાભાવી પ્રતિનિધિઓની યાદી

◘ સ્થળસંકોચને કારણે ૫૦થી ઓછા ગ્રા કરનાર પ્રતિનિધિનું નામ જ્ઞાનગંગામાં હવે છપાતું નથી
◘ આ યાદીમાં નામ ન હોવા છતાં, ચાલુ વર્ષ માટેની સંસ્થાની સનાવાર પાવતી ધરાવનાર પણ એજંટ છે જ. ◘ ૧૫૦ કે વધુ ગ્રા. કરનાર પ્રતિનિધિનું નામ, દર મહિને, ટાઈટલ પર છપાય છે.
◘ ચાલુ વર્ષ સિવાયની, અગાઉના વર્ષોની પાવતી રદબાતલ ગણાય છે. માટે, ચાલુ વર્ષની પાવતીવાળા જ એજંટ પાસે આગ્રહ રાખવો. ◘ ચાલુ વર્ષે કુલ ૪૫૦૦થી વધુ એજંટો સેવા આપે છે

અંબાલાલ ફૂલાભાઈ પટેલ ફોન ૨૫૮૧૦
૧, સરદારકુંજ, બહાઈ સેન્ટર, અમદાવાદ
ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ(પર૨૯૭)
બસ સ્ટેન્ડ પાસે, ચાર રસ્તા, ખાડિયા
નટવરલાલ રણછોડદાસ ઠક્કર, વસ્તારી
બિલ્ડિંગ,ચોખાબજાર, ઢાળનુંપુરઅમદાવાદ
ભીખુભાઈ શાંતલાલ ચૌહાણ,લક્ષ્મીટોકીઝ
સામે, રોહિણી હોટલના મેડે, ધીકાંટા
ભૂપેન્દ્ર મ શાહ (ફોન ૧૭૧) કે મહેન્દ્ર
કુમારરતનલાલ શા ચૌટાબજાર,અંકલેશ્વર
(મેદભાઈ હરિભાઈ પટેલ (ફોન ૧૫૭)
કપાસિયાનાવેપારી,સરદારગંજ,આણંદ
અંબાલાલ છોટાલાલ શાહ
કાગળના વેપારી, વહાણબજાર, ઉમરેઠ
સ્વામીનારાયણ કાપડભંડાર, ઓલપાડ
હરકિશન સુ. મહેતા, ફોન ૪૭૯૧૯૬,
૬૩ ઈ, ગડીયારિયા રોડ (નોર્થ)
મે. મહેતા ટ્રેડિંગ એજન્સી, પી. ૩૬
રાધાબજાર સ્ટ્રીટ, ૧લે માળે, કલકત્તા. ૧
ઠાકોરલાલ ગાંધી, અવારાબજાર ખંભાત
જયંતીલાલ વકીલ, લાંબીશેરી ખેડા
કાંતિલાલ પટેલ, બંગડીના વેપારી, મોતી-
વાડા,મભાકુ બજાર.પટેલ નિવાસગોધરા
ગોદાવરીબેન ભાઈશંકર, ઠે.ભાઈશંકર
જટાશંકર ઠાકર,સીતળાફળી,જામનગર
જૂનાગઢ ગિરજાશંકર ભટ્ટ, જૂનાગઢ
ડિસ્ટ્રીક્ટ કો. ઓ. બેન્ક, વણઝારી ચોક
વિપિનચંદ્ર વસાઈવાળા (ફોન ૬૩)ડભોઈ
જસવંત કે૦ ઠક્કર, નથુ શિવજી
બિલ્ડિંગ, પહેલે માળે, બજાર, થાણા
ઠાકોરલાલ નાથાલાલ ઠક્કર
(ફોન ૧૬) સુથારવાડા પાસે દહેગામ

સંસ્થાનું તમામ કામ કરનાર
પ્રાન્ત્ય ઓફિસોની યાદી

નારણભાઈ ત બજાજ, (ફોન ૭૧)ધોળકા
ચંપકલાલ શાહ(ફોન ૩૪૨૭)હોમગાર્ડઝ
ઓફિસ, દામજીવાડી બજાર નડિયાદ
મગનલાલ ગોકળદાસ પારેખ, કિરાના
મર્ચંટ, મસ્કાતી સ્ટ્રીટ, નાગપુરસિટી
જયંત શાહ, ઠે. જૈન. ૯૨ ભવાનીપેઠ
ફોન - ૨૭૭૨૨-૨૪૮૮૧ ગાંધીરોડ,પૂના
મે૦ નટવર બીડી વર્કસ (ફોન ૩૪૪)
માર્કેટ યાર્ડ, પોરબંદર
કૌસ્તુભ પ્રિન્ટરી(ફોન ૪૪)બજાર,બોરસદ
રસિકલાલ મોગેશ્વર ભટ્ટ (I C વાળા)
શુક્રવારી, નવાડેરા, ભરૂચ
ભાવનગર સુનીલાલ મોહનલાલગજ્જર
મેડી ઉપર, ત્રીજે માળે નાણાવટીબજાર
છગનલાલ ચ શાહ ઠે ઉમિયાશંકર
વકીલ, ખત્રીચકલા, રામેશ્વર સ્ટ્રીટ ભુજ
કાંતિલાલ મહેતા (ફોન ૬૪૨૩૦)મહેતા
ફિનાન્સ, ૩, નવરોજીરોડ, મદ્રાસ-૩૧
ગોવિંદભાઈ બી. પટેલ અંબિકા એન્જિ-
નિયરીંગ વર્કસ,રાજમહેલરોડ,મહેસાણા
ચન્દ્રકાન્ત અ. અમીન, પોસ્ટ ઓફિસ
પાસે, નવાબજાર, મિયાગામકરજણ
પ્રાણજીવનદાસ મી ઉદ્દેશી,૧૧,લક્ષ્મીપ્રભા
દાઉદબાગરોડ ઓફ વરસોવારોડ, અંધેરી
શાંતિલાલ સી મહેતા, શાંતિસદન
પારેખલેન, ૭ બી રોડ કાંદીવલી
ઠાકોરલાલ મણિલાલ છત્રપતિ
[illegible] બી. રોડ, ગોરેગાંવ

ડા નવનીતરાય મ બારોટ(ફોન ૨૫૩૩૭૬
ઝંડુ ફાર્મસી, [illegible]રોડ,માટુંગા,દાદર
[illegible]
છેડાસદન [illegible]રોડ, [illegible]
[illegible] નડિયાદવાળા
માર્કેટ, [illegible] રોડ, મલાડ
ગોવિંદજી ઉદ્દેશી, ત્રીજે માળે, ૧૧,
[illegible]
વિઠ્ઠલ [illegible]
૬, [illegible]
[illegible] (ફોન [illegible])
[illegible] (પૂર્વ)
[illegible] શાહ
૪૬-૪૮ વિઠ્ઠલવાડી, ૧લે માળે,મુંબઈ ૨
વાસુદેવ હરીભ(ફોન:૩૧૪૯૪૪-૨૯૧૯૮-
ગોમાનાચાવ, કોલભાટલેન, મુંબઈ-૨
[illegible] (ફોન [illegible])
૪૮,વિઠ્ઠલભાઈ પટેલરોડ,ત્રીજેમાળેમુંબઈ
નિપુણાબેન C/o નલીકાન્ત રેશમવાળા
લાખાજીરાજ ૧લેમાળે,સદરબજાર,રાજકોટ
સૌરાષ્ટ્ર ટી ડીપો,ધર્મેન્દ્રરોડ, રાજકોટ
જયંતીલાલશ્રોફ શાકમાર્કેટ, રાજપીપળા
ડીસ્ટ્રીબ્યુટર્સ, ન્યુઝએજંટ,રાવપુરા વડોદરા
મહેશ ર. દેસાઈ ગામજીદરો, વલસા
વ્યાસ બધર્સ, અંબાજી પાસે, વિરમગામ
સ્ટાર ટ્રેડિંગ કું સ્ટેશનરોડ, વેરાવળ
જયહિંદ ટ્રેડિંગ કું (ફોન - ૨૩૩૫૭)
ઝાંપા બજાર, ચાર રસ્તા, સુરત
ગનલાલ બુકસેલર,ટાવરચોક,સુરેન્દ્રનગર
શ [illegible]લાલશેઠ,પ્રસૂતિગૃહ પાછળ,હાલોલ
દયાશંકર સી. ઉપાધ્યાય I.C. ડેવલપમેન્ટ
ઓફિસર, જૂનાદરબારરોડ, હિંમતનગર

અજરપુરા રમણલાલ પ્રભુદાસ પટેલ
અડાજણ રણછોડજી માધવલાલ
અડાસ પ્રવીણચંદ્ર મણિલાલ વ્યાસ
અણિયાદરા ગંગારામ ગેમાનભાઈ
અતુલ સી એમ. દેસાઈ, જે-૪૨

અમદાવાદ અનિલ ચંદુલાલ પટેલ
૭૩૩, કુવાવાળો ખાંચો, છીપાપોળ
અરવિંદ રતિલાલ ઠગટ
૭, કામનાથ સોસાયટી, મણિનગર -
અરુણકુમાર રતિલાલ પટેલ

૩૭૫, ભદવ પોળ, કાચવાડા, રાયપુર
અશ્વિનકુમાર હિંમતલાલ ત્રિવેદી
૬૩, મોટીઝડિયાવાડ, વાડીગામ
ચંપાલાલ ભોગીલાલ ગાંધી
કૃષ્ણબાગ,સરયૂઘર,ગોપકરપાસે,મણિન

અંબાલાલ શંકરલાલ પટેલ
૩૩૨૧, બંગલાની પોળ, રાયપુર
આનંદભાઈ વી પટેલ
૩૭, સ્વામિ સોસાયટી, નવરંગપુરા
આનંદ ઇલેકટ્રીક કું.
૫૧૩૦, ગાંધીરોડ, 'કલ્પના'ની સામે
આશારામ માધવલાલ ઠક્કર
પખાલીની પોળ, મહાદેવનાજો ખાંચો
ઇન્દુભાઈ [illegible]લાલ ચતુર્વેદી
નાની વાસણશેરી, સરસપુર
ઇન્દ્રવદન બી ત્રિવેદી
૨૫,વિશ્રામ બુ સો૦ ભટ્ટાસાયે; સરખેજરોડ
ઈશ્વરલાલ અમીચંદ પટેલ, રુકમણી
નિવાસ, સી. એન. પારી, આંબાવાડી
ઇશ્વરભાઈ [illegible]રામ પટેલ
માળીવાડાની પોળ,ચોથે ખાંચે, શાહપુર
કરસનદાસ [illegible] જોગનપુરા
૯૮, ધર્મનગર, સાબરમતી
કાન્તિલાલ ચુનીલાલ શાહ
સોનીનો ખાંચો, પખાલીની પોળ
કાન્તિલાલ નાથાલાલ મોદી
નાગોરીશાળા, [illegible] પાસે, રતનપોળ
કાનિલાલ હરિલાલ પરીખ, પંચભાઈની
પોળ, પ્રાણલાલનુ ડહેલું, ધીકાંટા
કિરીટકુમાર c/o માણેકલાલ બ્રધર્સ
પારસી ચાલ, પ્રેમદરવાજાની અંદર
કિરીટકુમાર વાડીલાલ શાહ
૧૪, શ્રીરંગ સોસાયટી, કાંકરિયા
કિશોરકુમાર રામચંદ્ર મહેતા
૮૭૮-૧ ફતાસાની પોળ, ખાડિયા
કૃષ્ણચંદ્ર મધુસૂદન પરીખ
૩૨—એ, ચૈતન્ય સો૦, ઉસ્માનપુરા
કેશવલાલ મોહનલાલ ભટ્ટ (ભગત)
૯૮, મોટી સાળવીવાડ, સરસપુર
ખડાયતા બૂક ડીપો, આલાહનુમાન
ખોડાભાઈ ડાહ્યાભાઈ પટેલ
[illegible] ની ગલી, [illegible]
[illegible] પટેલ, [illegible]
[illegible]
૬૬૬, [illegible]ની પોળ, ધીકાંટા
[illegible] શાહ
[illegible]
[illegible]
[illegible] ની પોળ
[illegible]
[illegible]

ગોવિંદલાલ રતિલાલ શાહ
૫ મહાદેવનગર, બ્લોક ૧૧, સરસપુર
ઘનશ્યામ બદ્રીનાથ પંડ્યા
૨૧૦૮, મોટાવાડા, દોલતખાના,સારંગપુર
ઘનશ્યામ સાકળચંદ [illegible]
૨૪૧૫, વડી કોટડીની પોળ, શાહપુર
ચંદુલાલ પ્રહ્લાદભાઈ પટેલ
કાપડની દુકાને, ગોમતીપુર ગેટ
[illegible]લાલ માધવલાલ સોની
[illegible]સિયા માતાનો ચોક, અસારવા
[illegible]નુભાઈ શાંતિલાલ પટેલ
વીજળીઘર, એકાઉન્ટ સ્ટોર વિભાગ
વિશ્વકુંજ કાલોની, ઢોરબજાર સામે
ચીમનલાલ પાનાચંદ દેસાઈ
હનુમાનનો ખાંચો,બંગલાની પોળ, રાયપુર
ચીમનલાલ રણછોડદાસ બારોટ
[illegible], [illegible] સોસાયટી, મણિનગર
ચુનીલાલ ગોરધનદાસ, નવા શાહપુરા
ચુનીલાલ [illegible]ભાઈ પટેલ (કલિકોકન્ટીન)
દાદુપીઠ, નવોવાસ, વચલીપોળ
છગનલાલ મનજીભાઈ ગજ્જર
૧૧, [illegible] સોસાયટી, કાંકરિયા
છોટુભાઈ ચંદુલાલ, દેસાઈની પોળ,
c/o ગદાધરાનંદ કેશવલાલ મોદી,૨૬૩૨/૧
પારસી અગિયારી સામે, ખમાસાગેટ
જગદીશ સેન શાહ
૮૬૦,પીપળાવાળોખાંચો,પંચભાઈનીપોળ
જગદીશચંદ્ર બાપુભાઈ પટેલ
ગિરધર નિવાસ, [illegible], મણિનગર
જનરલ બૂક ડીપો, પુલ નીચે, રીલીફરોડ
જયદેવ સીતારામ ઠાકર
૫૦૭૭મી, ન્યુ રેલ્વે કોલોની, સાબરમતી
જર્મન સ્ટોર્સ, કાપડબજાર, રતનપોળ
જયંતીલાલ કરુણાશંકર વ્યાસ
૯૭૭, કામેશ્વરની પોળ, રાયપુર
[illegible]નીલાલ ડી. ઓઝા
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
જેઠાલાલ ચુનીલાલ દેસાઈ
[illegible]
[illegible]
[illegible]
[illegible]
૬૩—૨૪૭, [illegible], સરસપુર
[illegible]
પટેલભુવન, [illegible], મણિનગર
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
પીપળાપોળ, [illegible]
દેવેન્દ્ર ત્રિવેદી, [illegible]
૪૦૨૦/૧૪, [illegible]
[illegible]
[illegible]
૨૭, નાનાનગર, [illegible]
[illegible]
[illegible]
[illegible] ત્રિવેદી
૩૬૯, [illegible], રાયપુર
[illegible]
૨૩૫૭, [illegible], કાલુપુર
[illegible]
[illegible]
[illegible] પટેલ
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

૬૦, ધનલક્ષ્મી સો૦ મણિનગર
બચુભાઈ મણિલાલ મોદી
૨૯૦૧, ગલાગાંધીની પોળ, શાહપુર
બંસીલાલ રણછોડલાલ શાહ
કમાનવાળી પોળ, ઢાળની પોળ
બાબુલાલ મગનલાલ પંચાલ
લાલાભાઈની પોળ, કૂવાવાળો ખાંચો
બાબુલાલ મગનલાલ શાહ
ક્વા. ૭૦૯/ H, ન્યુ રેલ્વે કોલોની
બાલકૃષ્ણ જેસીંગભાઈ ચોકસી
નાગદા જીવનની પોળ, સાકટીશેરી
બુધાલાલ જ [illegible]રામ પટેલ
રાયપુર દરવાજા, ન્યુકોટન મિલ પાસે
ભરત બી વ્યાસ, 'એ' ટાઈપ, બ્લોક ૪૩
ફ્લેટ ૬૪૪, કૃષ્ણનગર, સૈજપુરબોઘા
ભાલચંદ્ર હિંમતલાલ દેસાઈ
રાણી મંઝીલ, ગોલવાડ, સારંગપુર
ભોગીલાલ પ્રભુદાસ વાળંદ
૪૬૨, દૂધવાળી પોળ, ઘીકાંટા
એમ. એલ. વ્યાસ
૮/૪૮, પ્રભુનગર સો૦, અસારવા
મણિલાલ ગોકળદાસ પટેલ, (ટોપીવાળા)
મોટી સાલેપરીને નાકે, દરિયાપુર
મણિલાલ મોહનલાલ પટેલ
૩, પટેલ સોસાયટી, રામબાગ
મધુકર ગોરધનદાસ શાહ,
૧૮૯૭, ધોબીનો ખાંચો, ઢાળની પોળ
માણેકલાલ ગટોરદાસ પટેલ
૬, પટેલ સોસાયટી, રામબાગ, મણિનગર,
મધુ ટી ડીપો, દિલ્હીચકલા
મનુભગત, ૨૩, નટેરપા કાંકરિયા
માણેકલાલ નારણદાસ પટે
ઘીકાંટા, ગોટી હમામ, અને અજિતમિલ્સ
માણેકલાલ તરશોવિંદદાસ શેઠ
'દિવ્ય જ્યોત', સ્વસ્તિક સોસાયટી
મીઠાલાલ કે. પટેલ, મોનોગ્રામ મિલ
મુકુંદરાય જાની, પાવરહાઉસ, સાબરમતી
મોતીલાલ ધરમદાસ પટેલ
૩૬૪, લાખિયાની પોળ, ખાડિયા
મોહનલાલ પરાગજી નાયક
સી કોલોની, અશોક મીલ, નરોડારોડ
રજનીકાન્ત મોહનલાલ ગજ્જર, ૧૩૬૫,
અંબામાતાનો ખાંચો, ધનાસુથારની પોળ
રજનીકાંત ચુનીલાલ પટેલ
નવીપોળ, સારંગપુર; ભારત સૂર્યોદય મિલ

રમણલાલ ઈશ્વરલાલ શાહ, ૧૦૫૫,
તોનળાજીની પોળ, રાજામહેતાની પોળ
રમણલાલ પુરુષોત્તમદાસ ભટ્ટ
૯૫, રાધનપુર ચોક, ભૈરવનાથ રોડ
રમણલાલ પાનાચંદ મોદી
પીળા હનુમાન, મોદીનો ખાંચો, રાયપુર
રમણલાલ મો. દૂધારા, પુનિતાશ્રમ પાસે,
રામજી વાલજી બ્લોક, મણિનગર
રમણલાલ ધનાભાઈ પટેલ
૧૩૦, બાલાભાઈ ચાલ, જહાંગીરપુરા
રમેશચન્દ્ર નાગરદાસ પટેલ, એડવોકેટ
મૂલાભાઈ કોલોની, નવરંગપુરા
ચોકસી રમેશચંદ્ર નાનાલાલની કું.
ચોકસીબજાર, માણેકચોક
રમેશચન્દ્ર રેવાશંકર દવે, પરબડી
પાસે, દરવાજાનો ખાંચો, શાહપુર
શંકરલાલ વ્યાસ [ગોવિંદ સદાશિવ]
બ્લોક, ૩૬, રૂમ ૧૭૬, બાપુનગર
રાવજીભાઈ બાબરભાઈ પટેલ
૮૨૦, ખારાકૂવા રોડ, જૂના અસારવા
રિલાયેબલ કેમિસ્ટ, ૧૮૨૩/૧,
પી છોટાલાલ સામે, મેઈન, ત્રણ દરવાજા
લક્ષ્મણદાસ પટેલ ૧૧, દેવાશિષ કો ઓ હા.
સોસાયટી, રામબાગ, મણિનગર
લક્ષ્મીશંકર આશારામ દવે
૭, ગિરિવર વિહાર નવરંગપુરા
વનમાળીદાસ વ્યાસ, ૧૮, હરિવલ્લભ
સોસાયટી, બેંક સામે, નરોડા
ગજાનન એન્જિ વર્કસ, દરિયાપુર ચકલા
વસંતલાલ કસારા કે બેંક ઓફ ઇન્ડિયા,
ન્યુ ક્લોથમાર્કેટ, રાયપુર
વાડીલાલ કપાસી, છીપાપોળ, કાળુપુર
વાલજીભાઈ દલપતરામ ઠક્કર
૩-એ, કલાબાગ સોસાયટી, કૃષ્ણબાગ
વિદ્યાર્થી ખુરદીપો, રીચીરોડ, પુલનીચે
વિનોદચંદ્ર એન પટેલ, કિરીટકુંજ
ઓપકર્સ સ્ટુડિયો પાસે, વટવારોડ
વિનોદચન્દ્ર પાનાચંદ શેઠ ભાવસાર
પ્રભુગોકલની ખડકી, કાપડવાડો, રાયપુર
શાન્તિલાલ જેસીંગભાઈ ભગત
૭૧૮, નાગરબોડીની પોળ, રાયપુર
શાંતિલાલ ડાહ્યાભાઈ શાહ
૫૮, શ્રીમાળી સોસાયટી, નવરંગપુરા
શાંતિલાલ મણિલાલ મહેતા, ૧૧ (પાસે),
પ્રભુકુંજ, આરાધના સ્કૂલ, મણિનગર

લક્ષ્મીનારાયણ પોળ, [illegible]ની પોળ
સુરેન્દ્રભાઈ વિક્રમભાઈ ભાવનાર
વચલી શેરી, કોઠની પોળ, રાયપુર
એચ. બી વકીલ, 'નીલમ'
પંચવટી સોસાયટી, આંબાવાડી
[illegible]
[illegible]
હરિવદન એસ. ભટ્ટ [illegible], ખોખરા
હરેશ ધીરજલાલ કાનુગા
૩૬, મહાલક્ષ્મી, [illegible]
હર્ષદરાય શંકરલાલ શુક્લ, ૧૫-૧૨૨,
ગવર્નમેન્ટ ક્વાર્ટર્સ, [illegible]
હસમુખલાલ નટવરલાલ [illegible]
[illegible]નગર, [illegible], કાંકરિયા
હીરાજી કુલાબજી મોદી
૫, તાતાનગર, ટાંકી પાસે, [illegible]

અમરાવતી નાનાલાલ પંડયા લાલાચાલ
આસ્ટરોડી કાન્તિલાલ ઠ પગી,
[illegible] નગીનદાસ, [illegible]
અમરેલી ભોગીલાલ કે. પટેલ
અમલનેર [illegible]
[illegible]
અરણેજ ભાઈલાલ છગનલાલ પૂજારી
અલિન્દ્રા ડાહ્યાભાઈ મોમાભાઈ વાળંદ
અંકલેશ્વર ચંદુલાલ પી મારવાડી
ઓપરેટર, ટેલિફોન ઓફિસ
અંકલેશ્વર [illegible]
" બી. આર. શુક્લ, પંગાટી બજાર
અંત્રોલી ગોવિંદભાઈ ત્રિભોવનદાસ
અબરનાથ મૂળશંકર દેવજી ઠક્કર
અંભેટા બહેચરસિંહ મૂળજીભાવા
આકોલા મેસર્સ નવીનચંદ્ર જમનાદાસ
આણંદ ઉમિયાશંકર ઠાકર, ધોરી કૂળિયું
આણંદ ગોપાલ ટી ડેપો, [illegible]
છોટાભાઈ પ્રભુદાસ પટેલ
ચોખીદાસની ખડકી, નાનુ અડધ
આણંદ નટવરલાલ કેશવલાલ વડનગરા
કે૦ એકાઉન્ટન્ટ, અમૂલ ડેરી
આંકલાવ રણછોડભાઈ અંબાલાલ
ઈડર કે. વી. અડાલજ, ટાવર સામે
ઇન્દોર શાન્તિલાલ વી. યાદવ
૧૮૭, તિલકપેઠ
ઇન્દોર ડો. બી. જી પટેલ મહારાણીરોડ
ઉકાઈ ડેમ વિઠ્ઠલભાઈ ભીખાભાઈ પા.
૩-એ/૨૫, ભુરીવેલ કોલોની

ઉજ્જૈન ભીખુભાઈ પટેલ, બિનોદમિલ્સ
ઉત્તરસંડા ડૉ. પ્રફુલ્લવદન બી. પટેલ
ઉતરાજ દલસુખરામ ભીખાભાઈ
ઉત્રાણ સુરેન્દ્ર ડી. પારડીવાલા, સબ
પોસ્ટ માસ્તર, પાવર હાઉસ કોલોની
એચ. આર. મહેતા, ઈલે૦ સુપરવાઈઝર
જી. ૩૧, પાવરહાઉસ કોલોની
ઉદવાડા ઈશ્વરલાલ જે. ભટ્ટ
ઉધના રતિલાલ ડી. પટેલ ઠે. સુધીર હૉ.
ઉપલેટા ગિ...દાસ કર ઠ૦ મહેતા
અંબિકાનિવાસ, કુલારા મીલ સામે
ઉમતા પુનિત રામજી ભજનમંડળ
ઉમલ્લા સોમાભાઈ રણછોડભાઈ પટેલ
...ડા નટવરલાલ ઠક્કર ઠે. નટવરલાલ
રમણલાલ શ્રોફ, ફાર્મસી બિલ્ડિંગ
ઉ... વાડીલાલ કાળિદાસ શાહ
એલેપ્પી દેવશંકર ...
ઓખા ચુનીલાલ ગિરધરલાલ, બજાર
ઓડ રાજેન્દ્રકુમાર ચીમનલાલ વ્યાસ
ઓડ શાંતિલાલ સો. શાહ, ...
... આ...દજી પ્રેમજી આશર
૧૦–સી, માનવિલાસ, કૉલેજ સ્ક્વેર
કઠલાલ રસિકલાલ રાવળ, મોટી ખડકી
કડી કૃષ્ણવિજય વી. શાહ, પટવાપોળ
કઠોદ વિઠ્ઠલભાઈ આર ટેલર, ન્યૂઝએજન્ટ
કપુરાઈ કાન્તિલાલ ... વ્યાસ
કતારગામ નારાયણદાસ ગ. રાવળ
કપડવંજ નરહરિ ... (...)
''મહેરાનંદ મ. પુરાણી સુથારવાડા
કપડવંજ રસિકલાલપાનવાળા, ટેટવાડો
કરાડી વલ્લભભાઈ માણેકલાલ શાહ

કલકત્તા ...દાસ..., ઈન્ટરનેશનલ
...
...લાલ ..., ૩૪, ડૉ. રાજેન્દ્ર રોડ
બી. એ. ...
..., ૧૫૪, ...
...
...

કપોળ ...લાલ ...
ભાઈ ગિ...દાસ, ... પાસે
કંડારી ... ગિરધરભાઈ પટેલ
કાછિયાવાડી છગનલાલ કુંવરજી પટેલ
કાનપુર રમણલાલ ...
૭૯, મોતી બિલ્ડિંગ, પો. બો. ...
કારવણ નવયુગ સ્ટોર્સ, બજાર
કાલીકટ ...
કાલોલ ...
કાલોલ બાબુલાલ એચ. શાહ
કાવી માસ્તર ... પટેલ
કાળી નટવરલાલ વિઠ્ઠલભાઈ પટેલ
કિમામલી પ્રભાતસિંહ ...
કિલ્લાપારડી વિનોદ ...
કિસનાડ ...
કુકરવાડા દેવીલાલ વિઠ્ઠલભાઈ ...
કુકરવાડા જગદીશ કિરાના સ્ટોર્સ
કુંડાલ કરસનદાસ જીવનભાઈ
... દેવરામ ...
કેલોદ ચીમનલાલ ગિરધરલાલ ...
કેશોદ જમનાદાસ ...
કેશોદ બાબુલાલ ...
કોઈમ્બતુર ... દલાલ, દીપક
ટેક્ષટાઈલ્સ, ૮૮૩, ...
કોચીન ત્રિકમલાલ ... પટેલ, ...
કો... ...
કોલ્હાપુર માણેકલાલ ..., ...
કોસંબા ...
કોસંબા ... ગાંધી
ખંડવા શાંતિલાલ પી. શાહ ...
ખંભાત ... સાબરીપોળ
'' ...
...
...
ખેડા ...
ખેતીવાડી ...
...
...

... ડિક્શનરી ...
(... નવો) ...
ગોધરા ... પટેલ
ગોઆરિયા ...
ગોધરા ...
...
ચલથાણ ...
...
ચોપડા ...
છોટાઉદેપુર ...
છોટાઉદેપુર ...
જબલપુર ...
જમશેદપુર ...
જયપુર ...
...

છોટાભાઇ પટેલ,૪૩/બી,રેલ્વેવર્કશોપપાસે
જામનગર રમણીકલાલ ચુનીલાલ બુચ
જે. બી. પાઠકની શેરી, નાગરચકલા
જામસલાયા જેઠાલાલ રણછોડદાસ
જૂનાગઢ દિનેશકુમાર એમ. વ્યાસ
રૂમ નં ૩, ત્રીજે માળે, સરદારપરા પ્લોટ
જૂનાગઢ મનુભાઇ રાણા, એડવોકેટ
ઘેડિયા એન્ડ કું; સાલીવાડારોડ
જૂનાગઢ લક્ષ્મણ વડિયાળી, દીવાન ચોક
લીલાધર પરમાણંદ ઢીંગળાજ કાળવા
જૂનાગઢ H. H. ચાંદાણી, દેના બેંક
શાહપુર ગેટ, ન્યુ નાગર રોડ
જૂનાગઢ હરિદાસ પ્રભુદાસ ખડિયાવાળા
પોલિસ ચોકી સામે, કડિયાવાડ
જૂનાગઢ રતનજી ગગાગમ
જેતપુર સી ટી. આનંદપુરા
મકવાણા નિવાસ, ખોડપરા
જેતપુર લાવજી અરજણ પટેલ
જેતલસર ઘનશ્યામ જોષી, હેડમાસ્ટર
ઝઘડિયા ચન્દ્રશંકર મણિશંકર ગવળ
ઝરિયા સનરાઇઝ લક્ષ્મીચંદ મહેતા
ડે. વોરાહ કું. ગ્રા.લિ.પો.બો.નં. ૪૫
જ ખવાવ ભુવેશભાઈ દોલતભાઇ
ડાકોરજી શશીકાન્ત દાજીભાઇ પટેલ
ડાકોર ગિરધરલાઈ બાપજીભાઇ પટેલ
ટાટીસિલ્વાઈ અરુણ કન્સ્ટ્રક્શન કું.
ડીસા રતિલાલ જેઠાલાલ પડસા,બજાર
ટીંબારોડ પુષ્પાબેન જે.વુ ત્રિવેદી
ડાસરા ડો નટવરલાલ બી. શાહ
ડભોઈ જેસંગભાઈ ડી પટેલ પોસ્ટ
ઓફિસપાસે,વસુશક્તિબિ.,વડોદરીભાગોળ
ડભોઈ નાનાલાલ સુરતી, ટાવર પાસે
ઠાકોર રામચરણદાસજી મહારાજ
ઠાકોર સૌભાગ્ય કુમકુમ સ્ટોર્સ
ચોરારભવન પાસે
ડેસાઈ જયંતીલાલ સોમેશ્વર પંડ્યા
ડેરોલ રમણલાલ ગોરધનદાસ શાહ
ડેસર હીરાલાલ ટોડરલાલ શાહ
તણખલા કૃષ્ણલાલ મણિલાલ લલ્લુભાઈ
દાહોદ લક્ષ્મીશંકર દવે, દેસાઇ શેરીના
તારાપુર શાન્તિલાલ અમીન,ટાંકી પાસે
તિલકવાડા રસિકલાલ મોહનલાલ
તેનતલાવ ચતુરભાઈ આશાભાઈ પટેલ
દમણનાની મગનલાલ દામોદર રાણા
દહેગામ નરસિંહલાલ જોશી બાગેટવાડા
દહેગામ પ્રહ્લાદભાઈ અ. ઠક્કર,બજાર
દહેગામ બુદ્ધિલાલભાઈ આ બાલાલઅમીન
એસ. ટી. સ્ટેન્ડ સામે, ઓક્ટ્રોય નાકા
દહેગામ રમેશચંદ ઠક્કર, લોહાણાવાસ
દાહોદ ડોહજીભાઈ બી. પંચાલ
૧૩૨૬-૭, સનાતની મંદિર પાસે
દાહોદ પરસોતમદાસ શાહ, ગાંધીરોડ
દાતેજ નારણદાસ કાલિદાસ પટેલ
દિલ્હી-૬ પી વી શાહ. ૩૯૭,નયાબાસ
દેલાલ જેઠાભાઈ ભોગીલાલ ભટ્ટ
દેવગઢબારિયા ભોગીલાલ મોતીલાલઠક્કર
મણિલાલ કેશવલાલ(જૂનાબારિયાવાળા)
દેવગઢબારિયા શશીકાન્ત, દીપક પ્રેસ
દોરા આઈલાલભાઈ કેશુરભાઈ પટેલ
દ્વારકા જમનાદાસ મેવજી ભાયાણી
ધનસુરા ભોગીલાલ વી ખુટલા
ધનોરા દેવીસિંહ મેતિયા, ઈરીંગમિસ્ત્રી
ધમડાછા રતનજી કલ્યાણજી પટેલ
ધરમપુર ગુલાબભાઈ ઠા. ભાવસાર
ધર્મજ ઈન્દુવદન હરગોવિંદ શાસ્ત્રી
ધર્મજ રતિલાલ વલ્લભભાઈ પટેલ
સાત ઓરડા, ભોઈવાળા કૂવા પાસે
ધંધુકા દશરથલાલ હ દીક્ષિત, ભીમડીકુઇ
ધંધુકા નટવરલાલ રણછોડભાઈ ધંધુકિયા
ધંધુકા સુતારવાડા કૃષ્ણભજનસંડળી
ધંધુકા હીરાલાલ પૂરણદાસ કાપડિયા
ધાતલા ડાહ્યાભાઈ કાલિદાસ પટેલ
ધોરાજી ગોકળદાસ ગોવિંદજી એન્ડ કું.
ધોરાજી રમેશ ભ. ત્રિવેદી, ગુજરાત
ફર્ટીલાઈઝર્સ, ૨૦૩, પાટણવાવરોડ
ધોલેરા ગોપાળજી વિઠ્ઠલદાસ ઠક્કર
ધ્રાંગધ્રા હિંમતલાલ જગજીવનદાસ ઠા.
લોખંડના વેપારી, શક્તિ રોડ
નખત્રાણા થાનકીઓવરસીયર,પંચાયત
નખત્રાણા સુમનભાઈ એચ. દવે, કચેરી
નડા પૂર્ણલાલ ઈશ્વરભાઈ અમીન
નડિયાદ અંબાલાલ પુરુષોત્તમદાસ
મણિલાલજગન્નાથદાસગાંધી,સલુણબજાર
નડિયાદ ઇન્દ્રવદન ગો. શાહ
ગાંધીપોળ, અમદાવાદી બજાર,
નડિયાદ કાન્તાબેન ભગવતપ્રસાદ દેસાઈ
દેસાઈવગો, રબારીવાડ
નંદુવાડ ઉમિયાશંકર પુરોહિત
ચંદનપોળ પાસે, ઠાકરવાડ
નંદુવાડ ઠાકોરલાલ ચોકસી
ફૂલનાવજીની પોળ, અમદાવાદી બજાર
દિલીપકુમાર એન્ડકું. મધુસૂદનશાહ
સ્વામીનારાયણ મંદિર પાસે
નટુભાઈ શિવલાલભાવસાર, ભાવસારવાડ
નાડિયાદ નવીનચન્દ્ર ઇન્દુલાલ શાહ
દેસાઈ પોળ, અમદાવાદી બજાર
પરસદરાય પી ભટ્ટ ખારી પોળ
પરમાનન્દદાસ જેઠાલાલ શાહ
ગોરધન પારેખનો ખાંચો, મઢી ગલ્લા
નડિયાદ રવિરામ બાપુજીભાઈ ઠક્કર
બેંક ઓફ ઇન્ડિયા પાસે, સ્ટેશનરોડ
રસિકલાલ ડાહ્યાભાઈ પંચાલ
સાર્વજનિક દવાખાના પાસે,ભાવસારવાડ
નવસારી ખુશાલસિંહ રામસિંહ
ડાકોર, મોટા બજાર
નવસારી જેકીશનદાસ નરસીદાસ,ટાવર
નવસારી ધનજીભાઈ કાલિદાસ
મસ્તાકિયા, રણછોડરાયસત્સંગમંડળ
પોલીસગેટ સામે, મોટા બજાર
ભીખુભાઈ છીબાભાઈ દેસાઈ
પુનિત સેવાશ્રમ, કોટવાળ ગલ્લી
નવસારી મનહરલાલ જગજીવનદાસ
કંસારા ૧-૭૭૧, સોચીવાડ ગેટ,
રતિલાલ પારેખ,મોટા ફળિયા, લંગડાવાડ
નવાગામ રામભાઈ હીરાભાઈ પટેલ
નવાડીસા ઇન્દુમતી કતુભાઈ પટેલ
કૃષિનીલા, રસાલા લાઈન
નવા ડીસા સુરેશચન્દ્ર મણિલાલ દવે
ડીસા નૂતન કો ઓપરેટિવ સોસાયટી
નવાપુર લાહોરીમલ જૂહાલાલ અગ્રવાલ
નંદરબાર ગુજરાતી સમાજમહિલા મંડળ
નંદરબાર મેજીમગનલાલ નાનચંદદાસ
નાગપુર કરસન માવજી પટેલ કું.
જવાહરપાર્ક પાસે, ભંડારા ક્રોસ રોડ
નાગપુર હરેશ હરકિશનદાસ, સહકાર
૧૫૦, ન્યુ દત્ત મંદિર લેન, ઇતવારી
નાયકા લક્ષ્મીચંદ લવજીભાઈ ઠક્કર
નાવલી ભગવાનદાસ રતિલાલ શા સે.
નાસિક-૩ બાબુભાઇ ભિટરીવાળા
પંચવટી,ડાકબંગ્લા સામે,સેવાધર બિ૦
પંચવટી જનરલ સ્ટોર્સ' સાબ્રિયાસાવ
(નાગાસાબાહર)ચંદુલાલ,સ્થાનિકએજન્ટ
નેત્રંગ રસિકલાલ હિંમતલાલ શાસ્ત્રી
પટના મણિભાઇ ઝવેરભાઈ પટેલ
c/o આર નરસિંહભાઈ પટેલની કું૦
બીડી તમાકુના વેપારી, ન્યુ રોડ (ચોક)
પનાર રમણલાલ મણિશંકર વૈદ્ય

પનવેલ મહારાષ્ટ્ર ફરસાણ માર્ટ
પરવટ ખુશાલભાઈ ડાહ્યાભાઈ પ્રજાપતિ
પલાણા મોહનભાઈ અંબાલાલ પટેલ
પંડોળી શાન્તિલાલ છોટાભાઈ પટેલ
અંબામાતા પાસે, વચલી શેરી
પંડોળી ડૉ. ખંડુભાઈ પી. જોશી
પાટડી મનસુખલાલ જે શુક્લ
પાટણ બાબુપ્રેમશંકર ત્રિવેદી,ગંજબજાર
પાદરા કલ્યાણદાસ પુરુષોત્તમદાસ
સુખડિયા, મોટા બજાર
પાનેલીમોટી ગોવિંદજી વીરજી ઠક્કર
પારડીઇદ્રીસ હરિભાઈ મોતીભાઈ બચિયા
પાલનપુર બાબુલાલ ચમનલાલ મોદી
બહાદુરગંજ, ટાવર પાસે
પાલનપુર ચંદુલાલ એમ. સોની
ભારત ફોટો એન્જિ.કંપની, એસ ટી રોડ
રમણલાલ પ્રે. ઠાકર, સ્ટાફ ક્વાર્ટર્સ
પાવર હાઉસ સામે
પાલેજ મધુસૂદન ભોગીલાલ શાહ
ધનજીશાના જીનમાં
પાવી જેતપુર પરસોત્તમદાસ હિં. પંચાલ
પુણાકુંભારિયા નાગરસિંહ [illegible]
પૂના મણિશંકર કલ્યાણદાસ પંડિત
પુણાકુંભારિયા મણિલાલ કા. દુકાનવાળા
પૂના-૨ ચંપકલાલ, વિનોદ મેન્યુ-
ફેક્ચર્સ ૨૦૭, મંગળવાર પેઠ, વેલેસ્લીરોડ
પૂના-૫ ડી. એ. પટેલ, પટેલ
સિમેન્ટ કોન્ક્રીટ વર્ક્સ શિવાજીનગર
પૂના-૨ બળવંતરાય દેવશંકર જાની
૪૭૮, રવિવાર પેઠ
પુનાસણ ડાહ્યાભાઈ મોતીરામ પંડ્યા
પુનિતનગર ડાહ્યાભાઈ લલ્લુભાઈ પટેલ
પેટલાદ ગીતાપુસ્તક ભંડાર, વડફૂવા
પોર ડાહ્યાભાઈ રણછોડભાઈ પટેલ
પોરબંદર ગોપાલજી જીવનજી જોશી
હરિનિવાસ, ખીજડા ચોક, ભોજેશ્વરપ્લોટ
પોરબંદર મનસુખલાલ પરસોત્તમદાસ
કાપડિયા, [illegible] ગાંધીરોડ
પ્રાંતિજ રતિલાલ [illegible] સોની, નવાબજાર
ફોર્ટ સોનગઢ કાંતિલાલ ચુનીલાલ
ફોર્ટ સોનગઢ વસંતલાલ [illegible]
ફ્લેન્ડરડ [illegible] કાંતિરભાઈ મિસ્ત્રી,
પુનિતભજનમંડળ [illegible]
બરવાળાઘેલાશા વૃજલાલ ગો. સોની
બહાદરપુર દેવાસિંહ મોહનસિંહ મેતિયા
બહાદરપુર બાબુભાઈ કશીભાઈ

બહુચરાજી રમણલાલ નર્મદાશંકર રાવલ
બાજવા રમેશચન્દ્ર નાગરભાઈ પટેલ
બાજીપુરા ભીખાભાઈ ખુશાલભાઈ
બાબરા નવીનચંદ્ર એન આચાર્ય
બામણા અમીચંદ મયાચંદ શાહ
બારડોલી કાન્તિલાલ જોષી, કાનફળિયા
બારડોલી-૨ કૃષ્ણકાન્ત નાનુભાઈ દેસાઈ
૧૦૧, સુગર કોલોની
બારડોલી મગનભાઈ પ્રભુભાઈ પટેલ
બારડોલી આર કે ચાહવાળા, બજાર
બાલીસણા મફતલાલ [illegible] પટેલ
બાવળા જગજીવન ભુવનદાસ દરજી
બાંધણી રાવજીભાઈ મુળાભાઈ પટેલ
બીરપુર ડૉ. પુરુષોત્તમ સી. પટેલ
બીલખા ભગવાનદાસ ઓ. ગોંડલિયા
બીલાસપુર આસામ ટી. કંપની
બીલીમોરા દેવેન્દ્રસિંહ સુ. પાંજરોલિયા
વણકર ટેકરો, બીલી
બીલીમોરા ભગવાનદાસ [illegible]
વ્યાયામ મંદિરની પાસે, કૃષ્ણ નિવાસ
બુરહાનપુર વિઠ્ઠલદાસ નેમીદાસ
બુહારી રામુભાઈ મોરારજી ઠીમર
બોટ [illegible]
[illegible]-૨ [illegible] કે. ભટ્ટ
[illegible]
[illegible]
બોટાદ નરેન્દ્ર ગિરધરલાલ જાની
શિવાલય પાસે, બજારમાં
બોડેલી અમૃતલાલ બાપાલાલ સ્વામી
બોડેલી આવજીભાઈ હરજીવનઠક્કર, બજાર
બોડેલી શિવલાલ હિંમતલાલ, બજાર
બોરસદ ચીમનલાલ મ સુખડિયા, બજાર
બોરસદ જયંતીલાલ નાથાલાલ ઠક્કર
ઠે. ચંપકલાલ ચંદુલાલ, બજાર,
બોરસદ રણછોડભાઈ રઈજીભા પટેલ
વીસા [illegible], કાશીપુરા
બોરીઆવી કનુપ્રસાદ જટાશંકર ઠાકર
બાધાન [illegible] હેમંતકુમાર બ. દ્વિવેદી
[illegible]
ભરૂચ કુસુમબેન સેવકલાલ પિસ્તોલવાળા
એસ એચ. પીસ્તોલવાળા, ગાંધીબજાર
ભરૂચ [illegible], જૂનાબજાર
ભરૂચ [illegible]
[illegible], દવા દેરા [illegible]
ભરૂચ મહેન્દ્ર [illegible] ઠાકર, [illegible]
ભરૂચ વિનોદકુમાર અંબાલાલ મોદી

બાબુભાઈની સામે, કોટ પારસીવાડ
ભરોડા [illegible] ત્રિવેદી
ભાણવાડ ડાહ્યાલાલ વીરજી ઘેલાણી
ભાદરણ જશભાઈ મિસ્ત્રી, વાડીફળિયુ-૧
ભાદરવા મહીજીભાઈ રઈજીભાઈ ટેલર
ભાભર ફતેરામ ટોકરશી ઠક્કર
ભાલોદ રમેશચંદુલાલ તેવાર, બજાર
ભાવનગર કાન્તિલાલ માધાણી, દેનાબેંક
ભાવનગર કૃષ્ણકુમારસિંહજી મેડિકલ
સ્ટોર્સ, મહિલા બાગ, ઘોઘા ગેટ
ભાવનગર ઠાકરશી બેચરદાસ કંસારા
સવાઈગરની શેરી,
ભાવનગર [illegible]
[illegible]
ભાવનગર નરોત્તમ દયાળજી, દયાળભાઈ
એન્ડ કું., પાલિતાણાર, વડવા
ભાવનગર સુરેશચંદ્ર આર ભટ્ટ
ઠાકોર દ્વારાની શેરી, કણબીવાડ
ભાવનગર હરિલાલ નથુભાઈ વોરા
શેરડીપીઠનો ડેલો, અપાસરાનો ખાંચો
ભુજ જી. મી. કોટેચા, લોહાણા મહિલા
વિકાસગૃહ સામે, ઘોળકિયા સ્ટ્રીટ
ભુજ પ્રાણલાલ ઠક્કર, હેડપોસ્ટઓફિસ
[illegible]
[illegible]
મદુરા [illegible] સ્ટોર્સ, [illegible] સ્ટ્રીટ
મદ્રાસ-૨ નટવરલાલ એન્ડ કું.,
૨/૩, શંભુદાસ સ્ટ્રીટ
મદ્રાસ રમણલાલ જે. પરીખ,
૪, અન્નાસ્વામી નાઈકિન સ્ટ્રીટ, કૉલેજરોડ
મદ્રાસ વિષ્ણુપ્રસાદ ચુનીલાલ વ્યાસ
૮, એકામ્બરેશ્વરમ્ અગ્રહારમ્
મરોલીબજાર શશીકાન્ત નાથુભાઈ
મહીજ કાન્તિલાલ અંબાલાલ પટેલ
મહુવા પ્રવીણચન્દ્ર ઈ ગાંધી, નાણાવટ
મહેમદાવાદ અરવિંદકુમાર ચી ઠક્કર,
મહેમદાવાદ પ્રવીણચંદ્ર ગોકળદાસ
મહેલોલ મૂળજીભાઈ મહીજીભાઈ પટેલ
મહેસાણા નવીનકાંત ત્રિવેદી, [illegible]
મહેલોલ મૂળજીભાઈ મહીજીભાઈ પટેલ
મંઢાળા અંબાલાલ રણછોડભાઈ પટેલ
મંઢાળા બાબુભાઈ [illegible]
માતર જશવંતલાલ એ બ્રહ્મભટ્ટ
માધાપર વેલજી કરસન ચૌહાણ
માસરરોડ જયંતીલાલ વિઠ્ઠલદાસ ગાંધી
માંકણા જયંતીલાલ મગનલાલ પટેલ

માંડવી(કચ્છ) ડી આર.વેદ એન્ડ સન્સ
માંડવી[કચ્છ] નારાણજી પીમજી ઠક્કર
માંડવી [સુરત] ગાંધી બુક સ્ટોર્સ
મોઠાપુર માધવજી વાલજી એન્ડ કો
મિત્રાલ ભાઈલાલ પ્રભુદાસ પટેલ
મીઠાપુર માધવભાઈ વલ્લભભાઈ
મિયાસરભાણ ચુનીલાલ લેહાલાલ પટેલ
મોડાસી વૈદ્ય અમુભાઈ એલ. પંડયા,
મુજપુર પ્રભુલાલ દેવચંદ સોની
મુનસાડ જમનાબેન મોહનભાઈ પટેલ
મૂળી બાવ કીર્તિસિંહજી પરમાર

મુંબાઈ (પરાં)

અંધેરી લાઈલાલભાઈ પ્રભુદાસ ધીવાળા
માતાદિન બિલ્ડિંગ, જૂના નાગરદાસ રોડ
[illegible] મણિલાલ દ્વારકાદાસ શાહ
૬૭, કેદિલ મેન્શન, ઘાતાવાડી, વરસોવા રોડ
રતિલાલ રતનાથજી કડેયા
કાશીબાઈ ચાલ, પારસી પંચાયત રોડ
લાભુભાઈ પ્રાણજીવનદાસ મહેતા
[illegible] નં. ૫, જૂના નાગરદાસ રો.
અંધેરી વિનોદચંદ્ર ચંપકલાલ શાહ
૧૧, નીલશોભા, મથુરાદાસ રોડ
કલ્યાણ ચુનીલાલ પુરુષોત્તમદાસ, કમલ
સ્ટોર્સ, આંબેડકર રોડ, ઠાનાણી ચાલ
[illegible] શાવળ
શિવાજી ચોક પાસે, આગ્રા રોડ
કાંદીવલી કાન્તિલાલ એન શેઠ
કલાપી સ્ટોર્સ, ભાનુપાર્ક, એ-૫
કાંદીવલી ટાકુભાઈ દેવજીભાઈ બખાઈ
કાંદીવલી કાંતિલાલ હ સાગર ૬-બી
ઈરાની વાડી, વીર હેમુકલાની રોડ
કાંદીવલી જશવંતલાલ મણિલાલ દેવી
મહાત્માગાંધી રોડ, ૩, આધા ભવન
કાંદીવલી દાદાજી મુનશી [illegible]
ભારતીનિવાસ, મહાત્મા ગાંધી રોડ
નૂતનકુમાર, બળવંતરાય વ્યાસ
૬૫, ભગવતીકુટીર, શંકર લેન
[illegible] વૈદ્ય, બી, ચાર્ડનગર, [illegible]
કાંદીવલી મનહરલાલ એન પટેલ
૩૭, પારેખ નગર, ધોડબંદર રોડ
કાંદીવલી રણજીત મુરલીદાસ [illegible]
શ્યામકુંજ, દેબી. લેન, મથુરાદાસ રોડ
કાંદીવલી રસિકલાલ મોહનલાલ શાહ
ઈરાની વાડી, હેમુ કલાણી રોડ
કાંદીવલી એચ. આર. બુદ્ધદેવ

પીસ નં.૧, શાંતિલાલ મોદી રોડ
કાંદીવલી હર્ષવદન જે. દલાલ
સદેશભવન, બજાજ ક્રોસલેન
કુર્લા સી એન રાવલ, કસાઈ ગેટ
[illegible], લાલબહાદુર શાસ્ત્રી માર્ગ
કુર્લા સુરેશ નટવરલાલ પારેખ
૩૬/૫૮૭, નહેરુ નગર, મહારાષ્ટ્ર હા. બોર્ડ
ગોરેગાંવ અરવિંદ વલ્લભદાસ પરીખ
૬, 'કૈલાસ', પ્લોટ ૧૪૪, જવાહરનગર
ગોરેગાંવ નટવરલાલ મોહનલાલ ઠક્કર
૧૭/૧૩૨, શાસ્ત્રીનગર
મણિલાલ મહેતા ૨૭૨, જવાહરનગર
ગોરેગાવ મોહનલાલ ધીરજલાલ વશી
૭, ઝાઝરિયા કોલોની, આરે રોડ
[illegible] ચાલ
ઘાટકોપર ગોવિંદજી લાલજી શાહ
૧૮, ભરતકુંજ, તિલકરોડ
જશવંતરાય જે. ગોરડિયા બ્લોક ૧,
પ્લોટ ૧૦૭, અલકા, તિલકરોડ
ઘાટકોપર જશવંતલાલ સ. પરીખ
ભરતકુંજ, વલ્લભબાગ ક્રોસ લેન, તિલકરોડ
ઘાટકોપર પુરુષોત્તમદાસ [illegible] પાર્ક
૬, [illegible], ૯ મો રસ્તો. [illegible]
ઘાટકોપર પ્રતાપરાય [illegible]
૬, પરમાનંદ ગાળો, નવરોજ લેન
ઘાટકોપર [illegible] પટેલ
બીડીકુંજ, [illegible]
ઘાટકોપર મનોરદાસ વિઠ્ઠલદાસ દોશી
પાર્વતીસદન, પ્લોટ ૪૧, તિલકરોડ
[illegible] પી. પરીખ, [illegible]
બિલ્ડિંગ, સાંઘાણી એસ્ટેટ, આગ્રારોડ
ઘાટકોપર [illegible] શાહ
[illegible]
[illegible] નારાયણભુવન
ઘાટકોપર ગોમેયા બુક ડીપો,
જલારામ નગર, વલ્લભબાગ લેન
ડૉ. હરિલાલ ભગીરથ કાચગણી
[illegible] મંડળ, પાટીદાર [illegible]
હીરજી કેશવજી આશર
કામજી બિ. સાંઘાણી એસ્ટેટ, આગ્રારોડ
જોગેશ્વરી ડૉ. ગુણવંતરાય લીલાધર ભટ્ટ
P. & T. ઓફિસ પાસે, ૬૧, જી. બી. રોડ
જોગેશ્વરી [illegible] ૫ ઠવા, ઉપાડું [illegible]
એમ્પાયર કેમિકલ સામે, [illegible] રોડ
[illegible] [illegible] પી. પંચાલ

[illegible], [illegible], [illegible] નં. ૨૧, [illegible] રોડ
થાણા દિનેશચંદ્ર ચંદુલાલ મોદી
મણિભાગ, રૂમ ૨૦, આગ્રારોડ નૌપાડા
દહાણુ મોતીલાલ [illegible]
[illegible] [illegible]
૧, [illegible], ટિળક રોડ
[illegible] પ્રવીણભાઈ એમ. દવે
[illegible], ૧, પટેલ કોલોની, [illegible]
[illegible] ચંદુલાલ મણિલાલ [illegible]
[illegible], [illegible], [illegible] રોડ
એન. એલ. પટેલ, ભંડારવાડા, કેડલ રોડ
દાદર ભાનુપ્રસાદ [illegible]
[illegible], તુલસી [illegible] રોડ
પરેલ [illegible] મોહનલાલ, ગોવિંદજી
કેની રોડ, [illegible] ચાલ
પરેલ પરસોત્તમદાસ [illegible] મિસ્ત્રી
[illegible], વિશ્વાસનિવાસ, [illegible] રોડ
[illegible] પટેલ [illegible] ૪૪,
[illegible] માળે, બેસ્ટ સ્ટાફ ક્વાર્ટર્સ,
બોરીવલી કાંતિલાલ રતનલાલ મહેતા
૫૫, [illegible] ભુવન, [illegible] રોડ
[illegible] [illegible] છિવલાલ [illegible]
૧૨, [illegible]
[illegible]
[illegible] કાર્ટર રોડ
[illegible]
[illegible], કાર્ટર રોડ, નં. [illegible]
[illegible] મહેતા
[illegible], [illegible] રોડ
બોરીવલી [illegible] શાહ
૧૨, જ્ઞાનનગર, તિલકરોડ,
પ્રાણલાલ ગંગાદાસ મહેતા
જવાહરનગર, બ્લોક સી/એસ, બીજે માળે
બોરીવલી પ્રાણલાલ વાલજી મહેતા
૧૫, પારસીચાલ, કાર્ટર રોડ નં. ૨
[illegible] ટિળકરોડ
બોરીવલી મનસુખલાલ ભૂપનરાય પારેખ
૭, [illegible] ભવન, ગોરાઈ રોડ
મૂળજીભાઈ [illegible] ગાંધી, કિરીટ [illegible],
જેનુદ્દીન કમ્પાઉન્ડ, કાર્ટર રોડ [illegible]
વલ્લભદાસ છગનલાલ મહેતા, પુનિત
ભજનમંડળ, ૩૦, અશોકનગર, ટિળકરોડ
બોરીવલી વલ્લભદાસ શિવલાલ શાહ
[illegible], કાર્ટર રોડ નં. [illegible]
ભાંડુપ ઉમરશી શિવજી શાહ, વિમલ

દેવીદ, ... દરાજ શિવજીલાલ, ... ૩૧૯ જે,ભાલચંદ્રરોડ,લક્ષ્મીસદન,બ્લો.૭

ભાંડુપ ચંપકલાલ ડી. ઠક્કર
ભરાવી ... ચાલ ૨, જંગલમંગલરોડ
ભાંડુપ કાન્તિલાલ કે. ...
ભાંડુપ હનુમાન વિજય સો મીલ
મઝગાંવ કરશનદાસ નાનજી મીઠીવાલા
કચ્છી લોહાણા નિવાસગૃહ
... શાહ
... ઈન્ડસ્ટ્રીઝ, માઉન્ટ રોડ
મઝગાંવ દામોદર નરોત્તમદાસ પારાલ
પ્રેમીલાભુવન,લવલેન, હાથીબાગ,રૂમ ૨
મઝગાંવ ધરમશી એમ. રૂપારેલ
કચ્છી લોહાણા જૂની ચાલ, ત્રીજે માળે
મલાડ ઈશ્વરલાલ એમ શાહ
૧૪, ઈશ્વરભુવન, દફતરી રોડ
મલાડ કનૈયાલાલ સુંદરલાલ શાહ
મોદી ચાલ, ગોરસવાડી, જી. બી રોડ
મલાડ ચંપકલાલ અંબાલાલ શાહ
પુષ્પાપાર્ક, પ્લોટ ૨૫, દફતરીરોડ
ચીનુભાઈ અમૃતલાલ શાહ
કાન્તિલાલ વ્રજલાલ, હાજી બાપુ રોડ
મલાડ જયઅંબે ફ્રેમ મેકર્સ
૪, સોમૈયા શોપિંગ સેન્ટર, સાંઈનાથ રોડ
મલાડ હાકમશી ...
મલાડ ગુજરાત ટ્રાન્સપોર્ટ, વિવેકાનંદ રોડ
દામોદરદાસ પરીખ,કાશીકુંજ, જી બી.રોડ
મલાડ દિલીપકુમાર ગુલાબદાસ શાહ
૧૪, કમળાબાઈ વાડી, રામચંદ્રલેન
દુર્લભદાસ ગિરધરલાલ વડેરા
કસ્તુરીરોડ, ...નિવાસ
પ્રેમજી પાસુ શાહ
વેલાણી કન્સ્ટ્રકશન, ક્વારીરોડ
મલાડ(પૂર્વ) બિહારીલાલ સી. શાહ
સવિતા સદન, પોદ્દાર ચાલ,
મલાડ શ્રીહરિ શર્મા,૮૧, પુષ્પાપાર્ક
મલાડ હરજીવનદાસ પટેલ, પટેલ ...
..., ..., ૭૭/૩, ... રોડ
મલાડ હર્ષદરાય પુરુષોત્તમદાસ પાઠક
આડવાળાનો ખાંચો, દફતરી રોડ
માટુંગા કુસુમબેન લક્ષ્મીચંદ ...
૬૨, અમીનકુંજ, ... રોડ
માટુંગા ... ઝવેરી
૩/૪૯, ...નિવાસ, ...
માટુંગા જે. ડી. ત્રિવેદી
...ક્વાર્ટર્સ,સ્કૂલ ...
...લાલ અમૃતલાલ શેઠ

દયનકુમાર વાડીલાલ મહેતા
ભારતી ભવન, ૭૩, ર. અ. કિડવાઈ રોડ
માટુંગા મહેન્દ્રકુમાર ...
નરસાણા સ્ટોર્સ, ભાંડારકરરોડ
મહેશકુમાર શાંતિલાલ દેસાઈ
૧૮, ... ચેમ્બર્સ, ... લેન
માધવજી કલ્યાણજી ઠે. નરસાણા સ્ટોર્સ,
મહાવીર બિલ્ડિંગ, ભાંડારકર રોડ
માટુંગા વસંત પી કાણકિયા, ૫૪-૫૭
કિડવાઈરોડ, બી-૩૪, ન્યુ કપોળનિવાસ
માટુંગા ઠે: ... બક્ષી
જીવન..., તુલસી પાઈપ રોડ
મુલુંડ ચીમનલાલ નાથાલાલ શાહ
બ્લોક ૭૫, મુનશી એસ્ટેટ, ગાંધીરોડ
નવનીતલાલ મહેતા,ગીતાસદન, સુભાષરોડ
મુલુંડ નાગજી પ્રાગજી ઠક્કર
...નિવાસ, નેતાજીરોડ
મણિલાલ વેલજી ... ભલાવત
પાંચ રસ્તા, લક્ષ્મીનિવાસ, ગાંધીરોડ
મુલુંડ લક્ષ્મીદાસ માધવજી ઠક્કર
મુરજી ખેરાજ બ્લૉ, મહાત્માગાંધીરોડ
લક્ષ્મીદાસ માધવજી સોની
...વાલા મેન્શન,પરસોત્તમ ખેરાજ રોડ
મુલુંડ વાલજી ટોપણદાસ ... રામજી
ખેરાજ બિલ્ડિંગ, પાંચરસ્તા, મ. ગાંધીરોડ
વાસુદેવ આર. વ્યાસ
કૈલાસકુંજ, રૂમ ૨૦, રામરતન ત્રિવેદીરોડ
વેલજી એમ ટાંક, ...રોડ,...
શિવજી ભવાનજી ઠક્કર
૫, સુખસાગર, પુરુષોત્તમ ખેરાજ રોડ
મોહોને હીરાલાલ કે પટેલ
જી એન. ૧-૨૩,એન. આર સી. કોલોની
લોઅરપરેલપ્રેમજી નીસર,ભીમશી ગોપાળ
૯૩/૯૫, સનમીલ રોડ
લોઅરપરેલ રવજી રામશી દેઢિયા
૧૩૧, હબીબ બિલ્ડિંગ, ડિલાઈલરોડ
વડાલા ભોગીલાલ દેવચંદ શાહ
૨૧૬, બ્લોક. એ-૨૧,જ્ઞાનેશ્વર,શિવરી
વરલી છગનલાલ નથુભાઈ મિસ્ત્રી
મરચંટ ચેમ્બર, વરલીનાકા
વાદરા દેવશંકર નિ ઉપાધ્યાય,મહારાષ્ટ્ર
કોલોની, ૧૪/૭૧૫, ખેરનગર,
વિક્રોલી લીલાચંદ ગુલાબચંદ ૫ ચાલ
વિલેપારલે ગુણવંતલાલ બાપુભાઈપારેખ

દાદીહાઉસ; સોસાયટી રોડ, ઈરલા
ગુણવંતલાલ લાખાભાઈ મહેતા
૬, બલસારા કોટેજ, માલવિયા રોડ
નટવરલાલ પી જાની
દાદી હાઉસ, સોસાયટી રોડ, ઈરલા
વિલેપારલે નરોત્તમ ...,'...'
પ્લોટ ૨૦,... ડેવલપમેન્ટ સ્કીમ
વિલેપારલે પી. જગદીશ કલોથ સ્ટોર્સ
સ્ટેશન સામે, વલ્લભભાઈ રોડ
પ્રાગજીભાઈ ગોકળદાસ
સીતાનિવાસ, વલ્લભભાઈ રોડ
વિલેપારલે ... શાહ
ગોકુળનિવાસ, બજાજરોડ
વિલેપારલે લલ્લુભાઈ અમીદાસ મોદી
૧૬, કપોલનિવાસ, બાપુ વશી રોડ
વંડાટી ... ભુવન, ...રોડ
વિલેપારલે ... ગોકળદાસ શાહ
૧૧, ...નિવાસ, નહેરુરોડ
વિલેપારલે સનત પરીખ ઠે ...
પરીખ, ઈશ્વરભવન. માલવિયારોડ
વિલેપારલે ... જોશી
...નિવાસ, નહેરુરોડ
...ચંદ ગોહિલ (ભગત)
ગોહિલસ્ટોર્સ, શ્રદ્ધાનંદ રોડ
સાંતાક્રુઝ જયંતીલાલએમ.ખાટીવાલા
૧૫, આનંદકુંજ, લિંકિંગરોડ
સાંતાક્રુઝ વ્રજલાલ અંબાલાલ પરમાર
હરજી ચાલ, ...
...લાલ ... ચંદ્ર ...
૩૫-ડી, વાકોલા પાઈપ લાઈન

મુંબઈ-૧ કનૈયાલાલ સુંદરલાલ શાહ
c/o કાન્તિલાલ ચં.પરીખ ૧૧૩, સ્ટોક
એક્ષચેન્જ, ન્યુ બિલ્ડિંગ, એપોલો સ્ટ્રીટ
બી. જે રાઠોડ એસ્સો સ્ટાન્ડર્ડ ઈસ્ટર્ન
ઈન્કોર્પોરેટેડ,એસ્સો બિલ્ડિંગ, ચર્ચગેટ
મુંબઈ-૧ બી. ... ચેમ્બર્સ
..., ૪૭, હેમરિન્ડ લેન, ફોર્ટ
મુંબઈ-૧ મણિલાલ સોમેશ્વર દવે
૬૭, બોરાબજાર, ત્રીજે માળે, ફોર્ટ
મુંબઈ-૧ ...
... ફોર્ટ, ..., ... રોડ
... ...
..., ૪૩ ...
શંકરલાલ પુરુષોત્તમદાસ ...
લક્ષ્મી બિલ્ડિંગ, ...
મુંબઈ-૨ ઈશ્વરલાલ નટવરલાલ શાહ

૧૩૨, ભગતવાડી, ત્રીજે માળે, ભૂલેશ્વર
મુંબઈ—૨ [illegible] ગોકળદાસ [illegible] વાલા
[illegible] નિવાસ
[illegible] પહેલે માળે, [illegible]
ગોરધનદાસ ડી રાજકોટિયા ૧૯૪/૯૬
સરસ્વતી નિવાસ, ઠાકુરદ્વાર
સી સી અનાજવાલા
૩/૩૬, ડી બ્લોક, ભાગવાડી
[illegible] બી જોશી, મહેન્દ્ર મેન્સન
૨૮, બાબુગેનુ રોડ, નવીહનુમાન ગલી,
ચન્દ્રવદન [illegible] ઠે. એન. ચીમનલાલ કું.
૧૯૦, પ્રિન્સેસસ્ટ્રીટ, ચીખલ હાઉસ
છગનલાલ નરોત્તમદાસ શેઠ,
૧૯૧, આર. માધવજી ઠાકરશીબિલ્ડિંગ
૪થેમાળે, ૯મીકાવેલક્રોસલેન, ચીરાબજાર
નવીનદાસ નારણજી શાહ
૩, નવી વાડી, દાદીશેઠ અગિયારી લેન
નાગરદાસ ત્રિકમલાલ માણેક
મોરારજી વેલજી માળો, ૭ A, કોલભાટલેન
ભગવાનદાસ માધવજી મજીઠિયા
૫૮, દા [illegible] નિવાસ, [illegible] લેન
વાયાણી બુક ડીપો, ૧૫૦, પ્રિન્સેસસ્ટ્રીટ
મુંબઈ-૨ ભીખાલાલ મોહનલાલ પરમાર
નારાયણનિવાસ, દાદીશેઠ અગિયારી લેન
મથુરાદાસ વાલજી નન્દા
૨૧, [illegible] મેન્શન, ચીરાબજાર [illegible]
મધુસૂદન શાહ ઠે.જી કમળચંદ એન્ડ કું.
કરસનદાસ મૂળજી બિલ્ડિંગ
જૂની હનુમાન ગલી, પહેલી ક્રોસલેન
મુકુન્દચંદ નાથુભાઈ જરીવાળા
ઠે. અરવિંદકુમાર નાથુભાઈ જરીવાળા
૬/૮, ત્રીજે ભોઈવાડો ભૂલેશ્વર
રમણલાલ કસ્તુરચંદ ભસાવત
૨૨—૨૪, ત્રીજે માળે, અનંતવાડી, ભૂલેશ્વર
રમેશચન્દ્ર વલ્લભજી, દુકાન નં. ૩૬૬, છઠ્ઠી
ગલી, મંગળદાસ માર્કેટ, વાવડી પાસે
રસિકલાલ કરવલાલ, ૧૫૭—૯, પાંચમી
કાવલ ક્રોસ લેન; ૫, ડૉ. વિગાસસ્ટ્રીટ
વિસનજી રતનભુજ ગોકાણી
જૂની હનુમાનગલી, આંગડીઆની ચાલ
[illegible] લાલ છગનલાલ વૈદ્યા
'રૂપદર્શન', વરીન મેન્સન, મરીનલાઈન્સ
મુંબઈ—૨ સુરેશચંદ્ર તુલસીદાસ શાહ
૪૨, પારેખનિવાસ, બઝાર સ્ટ્રીટ
હરિવલ્લભ મથુરદાસ શાહ
ભૂલેશ્વર, અનંતવાડી, નાગર નિવાસ

ગુજરાત મસાલા સપ્લાય કંપની
૧૬૦/૧૬, બારા ઈમામ રોડ, નળબજાર
મુંબઈ-૩ નારાયણદાસ [illegible] દેવજી નારાયણ [illegible]
૪૦, [illegible] રોડ, માંડવી
નાગણજી પ્રેમજી ચંદન
દેવજી પ્રેમજી કોઠારીની કંપની
૧૬, ગરીબદાસ સ્ટ્રીટ, વડગાદી
ભોગીલાલ મોહનલાલ શાહ
૬૬/૭, હુસેનભાઈ સેન્ટર, નળબજાર
એમ. પી. મહેશકુમાર એન્ડ કું.
૨૧૫, મેમ્યુઅલ સ્ટ્રીટ
આર. ભગવાનદાસ એન્ડ કું.
૫૮, ગરીબદાસ સ્ટ્રીટ વડગાદી
રમેશચંદ્ર દેસાઈ, ઠે. ઇમ્પેક્ષ એન્જિ.
૬૧, નાગદેવી સ્ટ્રીટ, ત્રીજે માળે
શંભુલાલ ભાનુશાળી, પટેલ ઓઈલ
ટ્રેડર્સ, ૯૭, કાઝી સૈયદ સ્ટ્રીટ
મુંબઈ—૪ અજીત દ્વારકાદાસ દીવાન
નાયેરમોઢ મંડળ, ૧૨૭, ગુલાલવાડી
અમૃતલાલ [illegible] એન્ડ કું.
૧૪૩, [illegible], ગુલાલવાડી
મુંબઈ—૪ અશોક બુક સેન્ટર,
૧૫૭, સી.પી.ટેન્કરોડ માધવબાગ [illegible]
ચંદુલાલ ટી. પરીખ
૨૯૯, સરદાર વી પી રોડ, કાનજીભુવન
છબીલદાસ દામોદરદાસ મહેતા, ૧૧૮
ખરદેશર દાદીસ્ટ્રીટ, મોહન પરભુવાળો
મુંબઈ—૪ [illegible] તીલાલ [illegible] કડકિયા
૧૬૧, કાંદાવાડી, ખાડીલકર રોડ
દિનકર એમ મહેતા
રૂમ ૧૮, [illegible] લેન
મુંબઈ—૪ નરેન્દ્રકુમાર ડી હિંગોલ
૮, લહેરી મેન્શન, ખેતવાડી બીજી ગલી
પ્રવીણ વી લાખાણી
૧૨૨, ગુલાલવાડી, ઘાટની ચાલ
બાબુલાલ છો. આમોદવાળા
૩૨, બીજી સુતારગલી, ત્રીજે માળે
ભગવાનજી [illegible] ભજનપુરા
ન્યુ ચની રોડ, તારાબાગ, ડી—૧૭
મુંબઈ—૪ મણિકાન્ત એચ. રાઠોડ
૫, વનમાળીબિલ્ડિંગ ખેતવાડી ૧૦મીગલી
મહેતા [illegible]
ગીરગામ ટેરેસ, ૧૦૧—એ, [illegible]
રતિલાલ કરમચંદ ખંડોર
રૂ.૧૧૭, સી.પી.ટેન્ક, [illegible] જૈન ચાલ
રતિલાલ પ્રેમજી અગરબત્તીવાળા

પાંજરાપોળ કંપાઉન્ડ, માધવબાગ
રમણીકલાલ સી. કાચરિયા ૯૯, બાલકૃષ્ણ
નિવાસ, પાંજરાપોળ, બીજી ગલી
વિનયચન્દ્ર ખાતુરામ ત્રિવેદી
૯૪, જૂની હનુમાનગલી, ૨ જે માળે
મુંબઈ—૪ શાંતિદેવી રતનજી દેસાઈ
શાંતિભુવન, ૧૮, પાકવાલાસ્ટ્રીટ, ગીરગામ
મુંબઈ-૧ ચન્દ્રસેન [illegible]
નિવાસ, ૪૫, [illegible]
રૂ. ૦૬ મોહનલાલ મહેતા, [illegible]
કમલાનિકેતન [illegible] નારાયણ દાભોલકર રોડ
મુંબઈ—૮ [illegible]
૩૮—જી, પટેલ કમ્પાઉન્ડ, [illegible]
મુંબઈ—૯
શાંતિ [illegible] મોનજી પલાણ,
કિરણ ટ્રેડિંગ ડેપો. ૧—૩, [illegible] સ્ટ્રીટ
મુંબઈ ૯ નરેન્દ્રકુમાર દયાળજી ઠક્કર
૨૩, ચંદારામજી બિલ્ડિંગ, ચીંચબંદર
વિઠ્ઠલદાસ ઠક્કર ઠે કિરીટકુમાર બ્રધર્સ
[illegible] સેન્ટર, [illegible] સ્ટ્રીટ, [illegible]
[illegible] કંપની
[illegible] હાઉસ, [illegible] નાયક રોડ
મુંબઈ—૨૬ અંબાલાલ મણિલાલ જોશી
આનંદનગર બી બ્લોક, [illegible] સ્ટ્રીટ
મુંબઈ—૩૪ નવીન શાહ
૨૫ એ. આર. પી. બિલ્ડિંગ ૩, [illegible] રોડ
મેનપુરા ડૉ. જયંતરામ બી વ્યાસ
મોટાવરાછા મગનલાલ રતનજી પટેલ
મોઢાસા [illegible] ખાલાલ જયન્તદાસ ગાંધી
મોલાશેઠ રતિલાલ લલ્લુભાઈ ઠક્કર
મોરબી ચીમનલાલ છગનલાલ દવે
કલ્યાણદાસ, સોકડીશેરી, [illegible]
યવતમાલ વૃન્દાવનદાસ લાવાભાઈ
રણુંજ શાંતિલાલ વલ્લભદાસ દોશી
રમાસ હીરાલાલ જયચંદ શાહ
રાજકોટ કિશોરચંદ્ર મૂ. દોશી
ત્રિનેત્રભવન, વિદ્યાનગર, શેરી-૨
[illegible]
દીપક ઈન્ડસ્ટ્રીઝ, ૨૬—બી, ઉદ્યોગનગર
રાજનંદગાવ ઠા. વીરચંદ રવજી, [illegible]
રાજપીપળા શાંતિલાલ ચંદુલાલ ગાંધી
કોહીનુર હોટલ સામે
રાજુલા રમણીકલાલ મગનભાઈ ઠક્કર
રાણાવાવ સૂર્યકાન્ત હરિદાસ
રાયચુર રોયલ મશીનરીસ્ટોર્સ સ્ટેશનરોડ
રારોદ કાન્તલાલ અંબાલાલ માસ્તર

શંકેર કરસનભાઈ ભીખાભાઈ પટેલ
શંકેર નટવરલાલ ડાહ્યાભાઈ પિઠીવાળા
શંખેડા રમેન્દ્ર દુલાલ રાવલ
રૂદેલ અંબાલાલ રણછોડભાઈ પટેલ
કૃપાલ રતિલાલ કાંતિલાલ શાહ
છાછરસ કાન્તિલાલ ર. વૈદ્ય
હાંસોટ .... કણભાઈ .... ત્રિવેદી
હુણાવાડા વાડીલાલ .... દોશી
.... ગોકળદાસ, ...
વડતાલ ગોવિંદલાલ ....
વડનગર બેચરદાસ વિઠ્ઠલદાસ પટેલ
રૂશીપોળ નાકા, વડનગર
વહાદરી ડાહ્યાલાલ ભીખાભાઈ વાલસાર
વડોદરા અરવિંદ એમ પટેલ
૩૫, અરુણોદય સોસાયટી, અલકાપુરી
અવધૂત ટ્રાન્સપોર્ટ કં. જ્યુબિલિ બાગ
અંબાલાલ પટેલ એજેન્સિસ, ...
અંબાલાલ એમ. શાહ
જીવનજ્યોત, લાલબાગ, મકરપુરા રોડ
(અંબિકા પાનહાઉસ) દાસ ....
મહાવીર સ્વામી પોળના નાકે, રાવપુરા
એ. જી. વોરા, રાવપુરા, ન્યુઝએજન્ટ
કનુભાઈ મનુભાઈ પટેલ આનંદપુરા,
સરકારી પ્રેસ પાસે, સોદાગર બિલ્ડિંગ
કનુભાઈ શંકરલાલ શાહ
વાડી, રંગમહાલ, પ્રેમકુંજની સામે
કાલિદાસ ત્રિભોવનદાસ ઠક્કર
ફતેહપુરા, સદાશિવ પુલ ગેટ આગે
વડોદરા ગંગાબેન ભોગીલાલ પટેલ
ગુંદા ફળિયા રાજમહેલ રોડ
ગોવિંદલાલ ભાઈલાલભાઈ ભટ્ટ, ભદ્રકાળી
માતાની પોળ હરપલેનો વાડો, રાવપુરા
ચન્દ્રશંકર પ્રેમાનંદ ....
સરકારી છાપખાના પાસે, આનંદપુરા
ચીમનલાલ ભગત, ..., મેઈનરોડ
જગદંબા રબર સ્ટેમ્પ વર્કસ, ચાઉડીરોડ
જટાશંકર વિશ્વનાથ ભટ્ટ ૯૮,
સયાજીરાવ ક્લાર્ક સોસાયટી, કારેલીબાગ
જમનાદાસ છોટાલાલ દૂધવાળા
શેઠ પોળ, સુલતાનપુરા
વડોદરા જયંતીલાલ ગોકળદાસ મહેતા
૩૧૬૭/૫, જગદીશ મોદીખાના
ટી આર રાઠોડ, વિદ્યાવિકાસ સ્કૂલ
પાસે, રેસકોર્સ, સુલતાનપુરા
દિનકરલાલ પ્રાગજીભાઈ, નિઝામપુરાકે પ
દિનકર ભાઈશંકર ત્રિવેદી, હાથીપોળ
નટવરલાલ બળદેવરામ પંડ્યા
ગોલવાડ, સુલતાનપુરા
નર્મદાશંકર ઈશ્વરલાલ પાઠક
જ્યુબીલી બાગ, વાઈજી દારોગાની પોળ
નાથાલાલ ફૂલચંદ ઝવેરિયા, માંડવીરોડ
નિર્મળા જોશી C/o. પ્રધુમ્નરાય મણિલાલ
જોશી, લાડવાડા, મહાદેવવાળો ખાંચો,
ન્યુ શારદા સોપ વર્કસ, બરાનપુરા
પીયુષકાંત રસિકલાલ પટવા
પટવાની ખડકી સામે, મહેતા પોળ
પૂર્ણાનંદ ડાહ્યાભાઈ ભટ્ટ, સયાજીગંજ
પ્રફુલ્લચન્દ્ર ઠાકોરલાલ ઉપાધ્યાય
૩-૫૭, ધોબીનાળી પોળ, પડીપોળ,
પ્રવીણચન્દ્ર મણિશંકર પંડ્યા
રાઈસ મીલ પાસે, ભાટવાડા,
પ્રીતમલાલ વલ્લભજી ઠાકર
હનુમાનપોળ, બાજવાડા
બુધ્ધિસાગર જે. શાહ
પાગેદારવાડો, ભૂતડી ઝાંપા
ભાઈલાલ દામોદર જોષી, ઊંસ્કાપોળ, વાડી
ભાઈલાલભાઈ શિવાભાઈ પટેલ
મુનશીનો ખાંચો, લહેરીપુરા
ભૂપેન્દ્ર હસમુખભાઈ પટેલ
લેઉઆશેરી, અમદાવાદી પોળ
મંગુલાલ માણેકલાલ શાહ
૭, ચન્દ્રનગર સોસા. નજરબાગ પાછળ
મણિલાલ સોમાભાઈ વરિયા
સી-૨૧, ગવર્નમેન્ટ કોલોની, સલાટવાડા
વડોદરા મહાવીર સ્ટોર્સ
ગર્લ્સ હાઈસ્કૂલ સામે, દાંડિયા બજાર
મહેન્દ્ર ઈ શાહ C/o. આઈ. એસ શાહ
ચમડી પોળ, બાજવાડા.
મોનામન નટવરલાલ શાહ
જ્ઞાનવ .... પાસે, સુલતાનપુરા
રજનીકાંત રાવજીભાઈ પટેલ
ગુજરાત હા. કોલોની, પાદરા રોડ
રમણલાલ નંદશંકર પંડિત
પરશુનિવાસ સામે, ભાટવાડા, વાડી
રમણલાલ મગનલાલ પંડ્યા
ક્લાર્ક, સ્ટેશનમાસ્તરની ઓફિસ
રવીન્દ્ર બુક હાઉસ ભાટિયાશેરી, બાજવાડા
રાજેન્દ્ર રતિલાલ પટેલ
મુનશીનો ખાંચો, લહેરીપુરા
રામભાઈ એન્ડ શિવાભાઈ, બારબ
લીલીઝવરશેઠ, ...
લાભશંકર રણછોડલાલ પંડ્યા, કાલે-
નિવાસ, ભારતીવિદ્યાપીઠપાસે, બરાનપુરી
વણારસીભાઈ હરિલાલ દલવાડી
વિશ્વકર્મા મંદિર પાસે, ભાટવાડા, વાડી
લમાઈ પરસોતમદાસ પટેલ
વડીવાડી, ...
વિષ્ણુપ્રસાદ સોમેશ્વર ત્રિવેદી
બ્રાહ્મણ ફળિયા, કાલુપુરા
હરદ ભટ્ટ, મગનલાલ પી. એન્ડ સન્સ,
ફોટો સ્ટુડિયો, નગરગૃહ પાસે, ગાંધીરોડ,
શ્રીવાસ્તવ સાવરસિંહ ....
ઇશ્વર કોટેજ સામે, હાથીપોળ
સૂર્યકાંત નટવરલાલ શાહ
ઘડિયાળી પોળ, મહાદેવ સામે, કોલાખાડી
સોમાભાઈ અંબાલાલ શાહ
૧, સાધના કોલોની. પંઢેરાવ મંદિર પાસે
હરેશકુમાર જયશંકર જોશી
મીરાદાતારટેકરી, નવાબજાર, પોલિસગેટ
હસમુખભાઈ લ. પટેલ, હાજિવાપોળ, વાડી
હીરાલાલ હ. પાદરાવાળા
શેતી પોળ નં. ૪, વાડી
વઢવાણસીટી મુક્તાગૌરી ચન્દ્રશંકર
ઠાકર, મહાલક્ષ્મીનો પા
વઢવાણસીટી રસિકલાલ દાનજીભાઈ
એરીઘ, હરિજન રોડ
વઘવાણ પ્રાણશંકર દમારામ પટેલ
વરસડા કનૈયાલાલ દુર્ગાશંકર, પંડિતશેરી
વલસાડ ગુલાબદાસ હરિભાઈ ....
બીકાપના દેપાર્ટ, મોટાબજાર
ચંપકલાલ છોટાલાલ વ્યાસ (ગાર્ડ),
૪૫૧/એ, ન્યુઝ ઈસ્ટ યાર્ડ
ચીમનલાલ રણછોડદાસ મોદી
ડિસ્પેન્સરી રોડ
લક્ષ્મીદાસ ના. નસાણી, ...
,, શાન્તિલાલ હરગોવનદાસ મિસ્ત્રી
સુથારચાલ, ડોસલેન, હાલરરોડ
વલસાડ હરગોવિંદ વખારિયા ગાંધીરોડ,
વ.વિદ્યાનગર ચીમનલાલ મી. ગજ્જર
ડ્રોઈંગ સેક્શન, ચારુતર વિદ્યામંડળ
વસઈ મગનલાલ પ્રભુદાસ નાયી
વસો પરેશ ચીમનલાલ શાહ, બજાર
વાઘોડિયા રમણલાલ મોતીલાલ શાહ
વાડાસીનોર જશોદાબેન, મહિલામંડળ
વાનગાસ જમનાદાસ છગનલાલ શાહ

વાપી હાલાભાઈ પુરોહિત, [illegible]
વારાણસી અશોકકુમાર એન્ડકંપની. ૨૫/૧, [illegible]
વાવ વિઠ્ઠલદાસ દુલ્લભભાઈ પટેલ
વાવોલ બળદેવભાઈ કેશવલાલ સુથાર
વાસદ જયકૃષ્ણ શંકરલાલ, બજાર
વાગણી વિઠ્ઠલદાસ અંબાલાલ શાહ
વિરમગામ જશવંતલાલ ઠાકોરલાલ ભાગી,
મોટા બજાર
વીરચંદ ચીમનલાલ શાહ, બુકસેલર
વિસનગર રામજીભાઈ રણછોડભાઈ [illegible] બજાર
વિસનગર [illegible]લાલ [illegible] ભગત
વિસનગર સીતારામ સત્સંગમંડળ
ચંદ્ર જનરલ સ્ટોર્સ, મંડીબજાર
વિસાવદર સવજીભાઈ કુંવરજી રાઠોડ
હાકલ [illegible], સ્ટેશન, [illegible]ભુવન
વેજલપુર જશવંતલાલ વાડીલાલ
વેરાવળ છગનલાલ [illegible]
વેરાવળ નારણદાસ દેવીદાસ C/O
મનસુખલાલ કેશવલાલ [illegible]. ૧૨
વેગવળ મગનલાલ [illegible], [illegible]
એજન્સી, કૃષ્ણનગર, ગરણી ચોક
વેલાભાઈ [illegible] પ્રતાપસિંહ [illegible]
વ્યારા કાંતિલાલ નગીનદાસ શાહ
શીકા [illegible]ભાઈ નટવરલાલ [illegible]
શિવરાજપુર નટવરલાલ રણછોડદાસ
શેરા મધુસિંહ ભગુભાવા
સચીન દેવજીભાઈ નાથુભાઈ [illegible]
સનેહ [illegible] રણછોડભાઈ પ્રજાપતિ
સણમોલી અરવિંદ મૂળજીભાઈ પંડ્યા
સણિયા–હેમાદ રતિભાઈ એન. ભટ્ટ
સરપદડ અભુદાસ મહેતા, [illegible]
[illegible] સ્વામી નિવાન [illegible] મહારાજ
[illegible] [illegible]લાલદાસ વૃંદાવનદાસ
સંતરામપુર [illegible]તિલાલ કે દેસાઈ
સ્ટેમ્પ વેન્ડર, [illegible] બજાર
સંદેસર [illegible]ભાઈ અંબાલાલ પટેલ
સંખેડા [illegible] [illegible]ભાઈ [illegible]
સાઠંબા રસિકલાલ [illegible] શાહ
સરસ્વતી [illegible]
[illegible] (સાબરકાંઠા),
[illegible] [illegible]લાલ [illegible]લાલ [illegible]
[illegible] [illegible]
[illegible], [illegible]
સાવલી ચંદુલાલ પટેલ, ન્યુઝ એજન્ટ
સાવલી [illegible]

અંકલેશ્વર ગમાભાઈ ભાઈલાલભાઈ
સાંગલી હીરાલાલ, ગુજરાતી સમાજ
સીદકા દેવેન્દ્ર ચંદુલાલ ત્રિવેદી
સિદ્ધપુર ગૌરીશંકર દલાલ મોતીલાલ દરજી
સિદ્ધપુર શાન્તિલાલ હિંમતલાલ ભટ્ટ
સુરત અમૃતલાલ ગોપાળદાસ ખત્રી
બદરીરોડ, ઇંદરપુરા
અરવિંદ પટેલ, સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા
ઈશ્વરલાલ છોટાલાલ નાણાવટી ૯/૨૧૦૦
ચારખાના ચકલો, દેના બેંક પાસે
કિશોરચંદ્ર મોહનલાલ ગાંધી
ધોબીશેરી, હનુમાનપોળ સગરામપુરા
કેશવલાલ મોહનલાલ લીંબચિયા
બરોડા હેરકટિંગ સલૂન, બદરીરોડ
કૃષ્ણકાંત [illegible], શ્રાવકશેરી, સૈયદપુરા
ગણપતભાઈ ભગવાનદાસ દલાલ રટોલ ૧૫
સરદાર [illegible], નવાબવાડી, બેગમપુરા
ગુલાબદાસ ચુનીલાલ દડાવાળા
માર્કેટ સામે, સૈયદપુરા
ઘનશ્યામ છબીલદાસ માખણિયા
નાળી ફળિયા, હરિપુરા
ચન્દ્રવદન જગજીવનદાસ એન્જિનિયર
૮–૨૨૬૭, પારસીવાડ, ગોપીપુરા
ચંપકલાલ દામોદરદાસ પારેખ
ગુર્જર કુળી, ભવાનીવડ, હરિપુરા
છોટાભાઈ ચતુરભાઈ પટેલ
અમીરવાડી, લાલદરવાજા
જગમોહન છગનલાલ અછોડાવાળા
૫–૯૧૭, ચંદાખાડી, મહીધરપુરા
જશવંતલાલ પરસોતમદાસ કાપડિયા
૪/૩૭૩૭, હાથીફળિયા, બેગમપુરા
જિતેન્દ્ર રંગીલદાસ વાંકાવાળા
૯ સારાશેરી, મહીધરપુરા
જિતેન્દ્ર રંગીલદાસ ભગતજી
ખત્રીવાડ, ઇંદરપુરા
ઠાકોરભાઈ ગુલાબભાઈ નાયક
૧૮૩૫, મોતી ફળિયા, મેઈન રોડ
દયાળજી આર. દેસાઈ ૧૦/૧૧૮૮,
કાયસ્થવાડી સામે, ગોપીપુરા ગેટ પાસે
ધીરજલાલ હિંમતલાલ ભટ્ટ
૯–૧૩૩૯, બાલાજીનો ખાંચો, બાલાજીરોડ
નવીનચંદ્ર [illegible]ભાઈ [illegible]
કોટનજેટ મર્ચન્ટ, [illegible] ટેકરો
નટવરલાલ ધીરજલાલ જરીવાળા
૪૯૫, દેસાઈ મહોલ્લો, રૂસ્તમપુરા
નટવરલાલ એમ ગાંધી

ગોપીશેરી, બરાનપુરી ભાગોળ
નવીનચંદ્ર નગીનદાસ મશરૂવાળા
૩/૧૯૨૭, સીધીશેરી, સગ્રામપુરા
બદરીનાથ ભીખાભાઈ રાવલ
૬૦, સાધના સોસાયટી, વરાછારોડ
બળવંતરાય અંબારામ લુંગીવાળા
શેરી નં. ૨, ધામલાવાડ
બળવંતરાય વી. પાઠક
૪–૪૪૪, વડવાળી શેરી, સૈયદપુરા
બારડોલીવાલા બ્રધર્સ [illegible]
ભાજીવાળી પોળ, બરાનપુરી ભાગોળ
બાલકૃષ્ણ રંગીલદાસ અગ્રેસરિયા
વાણિયાશેરી, મહીધરપુરા
બાલુભાઈ શંકરલાલ વાકાવાળા
૧-૨૬૩૧, બડેખાંનો ચકલો
ભગવાનદાસ નગીનદાસ દાળવાળા
સલાબતશેરી, સૈયદપુરા
ભારતીબેન હર્ષદરાય દેસાઈ
૪૩૬૫, છાપગર શેરી, સગરામપુરા
ભીખુભાઈ કેશવભાઈ પટેલ
૪/૩૮૯, છાપરિયા શેરી ગલેમંડી
ભીખુભાઈ મગનલાલ નાયક
[illegible]–૧૧૦૩ છીવાળાની શેરી, સગરામપુરા
ભૂખણદાસ ગિરધરલાલ ઘીવાળા
૫-૪૭૪, ભવાનીવડ, હરિપુરા
મગનલાલ ચુનીલાલ મટીવાળા
૧૨-૩૭૦, મેઈનરોડ, રાણીતળાવ
મણિલાલ પૂનમચંદ ઠક્કર (મનુભગત)
બાલાજીરોડ, હવાડિયા ચકલે
મનોજકુમાર નાનાલાલ પંડ્યા
૬–૭૩૦, મોટીશેરી, [illegible]
મંગુભાઈ મગનભાઈ ઘીવાળા
૫-૧૩૪૧, કબજાર મહોલ્લો, હરિપુરા
મોહનલાલ છગનલાલ પરમેશ્વરવાળા
૪-૨૧૮૯, સાગર મહોલ્લો, બેગમપુરા
મોહનલાલ પરાગજી દેસાઈ
છાપરિયા શેરી, ગલેમંડી
મોહનલાલ બીજલાલ જરીવાળા
૪/૮૩૮૫, ચોપરાશેરી, બેગમપુરા
ડૉ. ઘેલાભાઈ તાપીદાસ, ડબગરવાડ
રતિલાલ [illegible]ભાઈ [illegible]
ઢાલીવાળા, [illegible], [illegible]
રતિલાલ મકનજી દેસાઈ, ગાવાળા,
ચકાવાળાની શેરી, વાડી ફળિ
રમણલાલ વાળંદ, આઈ. જે. દેસાઈ રો

અનુ૦ પૃષ્ઠ ૨૪૩ પર)